


2815

જાન કે જીગર?

(એક વાર્તા)

લખનાર

ડોસાભાઇ ફરામજી લંગરાના

'રફીક.'

પ્રગટ કરનાર

એરવદ દોરાબ રૂ. જા. દસ્તુર-મેહેરજીરાણા.

આ ચોપડી મુંબાઈ નં. ૯૩, ચીંચપોકલી પરેલ રોડ પર લેડી નોર્થકોટ હિન્દુ
ઓરફનેજ કે. એન. સેલર પ્રેસમાં ઘોંડીબા નારાયણ વનારસે
એ છાપી છે; અને નં. ૫૦-૬૨ કોન્ટ્રેકટર બિલ્ડીંગ,
બારવાર સ્ટ્રીટ. ફ્રીયર રોડ કોટ—મુંબાઈમાં
મેરવાનજી રૂસ્તમજી દસ્તુરે
પ્રગટ કરી છે.

મુંબાઈ.

૧૯૧૬

મી. 'રફીક' ની બીજી વાર્તાઓ.

બહુરા....................	(પુસ્તક રૂપે બાહાર પડી છે.)
ગમગીન ગુલાં..............	(,,)
ગુલજાર	(,,)
એલમ ચોર.................	(,,)
નિતા.........................	(,,)
મોબતની મોહીની...........	(,,)
મોબતની મકતબ...........	(,,)
ઇચ્છાનો પીર..............	(,,)
ત્રાંડો સાપ ...	... ...
કુદરતની સાંકળ ...	... ...
સરોવરની સુંદરી	(પુસ્તક રૂપે બહાર પડી છે.)
એશિયા અને યુરોપની પતિવ્રતા બાનુઓ......	(,,)
કાળું વ્હેલ્યું...................	(,,)
ખુબસુરત મક્કાર !............	(,,)
મોરનાં પીછમાં કાગ........	(ફિરદોસમાં ચાલુ)
બિલોરનો બુચ..............	(,,)
ઘેરનો ગોધો..................	(તૈયાર થાય છે.)





શેઠ સોરાબજી નવરોજી નભોલી.

નવસારીનાં પ્રખ્યાત તંબોલી ખાનદાનના અગ્રેસરો

બેહેસ્તનશીન ફરામજી અને નવરોજી તંબોલીએ

નવસારીનાં દરેક પરમાર્થી કાર્યોમાં આગેવાન ભાગ લઈ,

જે નાદર ફાળો આપ્યો છે,

તે વડીલોને પગલે ચાલી,

મ્હારા અને મ્હારા મરહુમ પિતાજી

રૂસ્તમજી જામાસ્પજી દસ્તુરના

અંગીક ખેરખાહ,

ભાઈ સાહેબ સોરાબજી નવરોજી તંબોલી

જેઓએ

નવસારી દુકાળ ફંડના, મરકી નિવારણ ફંડના,

જેનરલ ફંડના, ધી ડાબુ પારસી જેનરલ હોસ્પીટલ

ફંડ વિગેરે બીજાં ધાર્મીક ફંડના

માનન્ય મુનશી લેખે

નવસારીની પારસી તેમજ સમસ્ત પ્રજાના કલ્યાણ અર્થે

જે કિંમતી સેવાઓ બજાવી છે,

એવા એક બટકબોલા, વિનોદી, આનંદી અને સાચ્ચા

"શોલી ભાઇ"

તરફની મ્હારી મોહબતની લાગણીથી

આ પુસ્તક

એ ભાઇને અર્પણ કરૂં છું.

દીબાચો.

"જો ખુદાની મરજી હશે તો વળી પાછી એકાદ બીજી વાર્તા મારફતે આપણે બે એકમેકને મળ્યે, તેટલાં—**સાહેબજી!**"

સેવટના આ શબ્દો સાથે મારા ગયે સાલ બહાર પડેલી વાર્તા '**ખુબસુરત મક્કાર**' પુરી કરી મેં મારાં વ્હાલાં વાંચનારાઓથી રૂખસદ ચાહી હતી, અને મારા એ સેવટના શબ્દોમાં મેં ચાહેલી મારી મુરાદ બર આવેલી જોઇ મને ખચીતજ પરમ સંતોષ ઉપજે છે, જે માટે તે મોહનામી બાપની મેહેરની શુકર-ગુજારીમાં હું મારૂં સર નમાવું છું, અને જે વિશ્વાસથી મારી બધી વાર્તાઓ મારાં વાંચનારાઓને હસ્તક આજ તુલીક હું સોંપતો આવ્યો છું, તેજ—બલ્કે હવે તે કરતાં પણ વધુ—વિશ્વાસ અને વ્હાલથી મારી આ વાર્તા તેઓના કદરદાન હાથમાં મુકું છું.

આ વાર્તા કોઇબી પેપરમાં કે ચોપાન્યાંમાં 'સીરીયલ' રૂપે આવી ગઇ નથી, પણ તે તદન નવીજ છે અને મેં તે મારા ભલા મિત્ર ભાઇ દોરાબ રૂ. જા. દસ્તુર-મેહેરજીરાણાની ફરમાશથી લખી છે, જે મારી આગળી બીજી વાર્તાઓની હરોલ અને તોરની તમામ નિષ્કલંક અને નીતિમાન છે, એમ હું મારી પ્રમાણિક ખાતરી—જો તેવી કોઇ ખાતરીની તમોને જરૂરજ હોય તો તે—આપું છું. એ વાર્તા પણ '**ખુઅસુરત મક્કાર**'ની માફકજ ઇંગ્રેજી સંસાર રજુ કરે છે, અને એ કીસમની વાર્તાઓ જે સરલ અને સમજ પડતી રવેશે લખાવી જોઇયે તેવીજ રીતે લખવાની મેં કોશેશ કીધેલી હોવાથી મારાં વાંચનારાંઓને તે ખચ્ચીતજ ગમશે તે વિષે મને કશોજ શક નથી.

સેવટે, તમો, મારાં વ્હાલાં વાંચનારાંઓ જે ધીરજ અને સબુરીથી મારી અદના કલમનું નાચીઝ પરિણામ વાંચતાં રહ્યાં છો તો જો કે તેવી તકલીફ તમો મેહેરબાનોને હું કાંઇ ઘડી ઘડી આપતો નથી છતાં-તે માટે તમારો ઉપકાર માની રૂખસદ લઇશ.

લી. દુઆગીર સેવક '**રફીક**'.

પ્રગટ કરનાર તરફનો ખુલાસો.

'ફિરદોસ' વાર્તામાળાનું આ બીજું પુસ્તક તમો મેહેરબાનો સનમુખ રજુ કરતાં મને ખુશાલી ઉપજે છે. 'ફિરદોસ' જેમ એક પરોપકારી કામના લાભ માટે મારી તરફથી અત્યાર સુધી પ્રગટ કરવામાં આવે છે, તેમ, ગયે સાલ '**ખુબસુરત મક્કાર**' અને આ સાલ આ '**જાન કે જીગર?**' ફિરદોસના લાભ માટે—અસલમાં મારી તેવી કશી નેમ નહીં હોવા છતાં—પ્રગટ કરવાનો મને જે શુભ જોગ થયો છે, તે ફિરદોસને તમે નિભાવનારાંઓનાંજ રૂડાં વાણાં સમજવાં.

આ કીસમનું સાહિત્ય પ્રગટ કર્યા જવું એ કાંઇ એવું મહત્વનું કામ નથી કે જે કામને આપણે મોટો વાઘ મારેલો લેખી શકયે, અને જેમ કરવા માટે મોટા ફડાકા મારવાની જરૂર હોય! કેમકે જેને રોટી જમવાની જરૂર હોય છે તેણે તેને માટેનો આટો મસલીને તૈયાર કરવોજ જોઇયે અને ચુહુલા આગળ બેસીને તે ચેરવવીજ જોઇયે: એમ તે કરે નહીં ત્યાં સુધી તે રોટલીથી તે પોતાના પેટના ખાડો કમ પુરી શકે? ત્યારે પછી એમ ફડાકા મારવા કેગ વાજબી ગણાય કે 'મેં આટો મસળ્યો! અરે! હું ચુહુલા આગળ બેઠો!! ને મેંજ એ રોટલી ચેરવી!!!' માટે આ વાર્તાનું પુસ્તક પ્રગટ કરવા માટે જો એવું ફાટું ફાટું હું બકું તો તેને વાહીયાત બકવા સમજી હસી કાઢવા જેટલી અક્કલ તો વાંચનારી આલમમાં હોય છેજ, અને તેમ નહીંજ હશે એમ જો હું ઘડીભર માનવાને

લલચાઉં તો જે વાંચક વર્ગને માટે હું આ કીસમનું સાહિત્ય પ્રગટ કરૂં છું તે વર્ગનું મેં સર્ટીમ લાયબલ કીધેલું કહેવાય—અને તે લાયબલથી કોણનું? જેઓથી મારી મતલબ હું પાર પાડેલી જોઉં તેઓનુંજ!

આ પુસ્તક મેં મારા એક મિત્ર મી૦ સોરાબ એન. તંબોલીને અર્પણ કર્યું છે કે જે ભાઇએ નવસારી પારસી જેનરલ હોસ્પીટલના સેક્રેટરી તરીકે હમણાજ રાજીનામું આપ્યું છે. મજકુર હોસ્પીટલની સ્થાપના કરવામાં, તેને હાર પાડવામાં, તેને માટે ફંડ ભેગું કરવામાં અને તેને તેની ઉંચી અને જાહોજલાલી ભરેલી સ્થીતીએ પુગાડવામાં—એ હોસ્પીટલના માજી ભલા અને લોકપ્રીય તબીબ પરહુ:ખભંજન ડા. સોરાબજી આદરજી પાત્રાવાળાની સાથ—એ ભાઇએ જેવો તેવો હીસ્સો આપ્યો નથી, અને હોસ્પીટલને તેના છેલ્લા કમનસીબ વાતાવરણમાંથી સહીસલામત તેરવી લેઇ જવાને ભાઇ સોરાબ તંબોલીએ જે કોશેશ કીધી હતી તેમાં તેઓ ફાવ્યા નથી એ નોશાકરી પારસી કોમની કમનસીબીજ હું તો સમજું છું.

ભાઇ સોરાબ નવસારીના એક જાણીતા વેપારી અને આગેવાન શરાફ છે, મુંબઇની જાણીની કરોડપતી પેહડી મેશર્સ તાતા સન્સ એન્ડ કું૦ના તેવણ નવસારી ખાતેના એજંટ છે, નવસારી પારસી જરથોસ્તી જેનરલ ફંડનાં તેવણ એક જોડયા સેક્રેટરી છે, નવસારી મ્યુનીસીપાલીટીના પ્રજા તરફથી ચુંટાયલા એક સભાસદ છે. નવસારી 'યુગલ બેંચ' જે મુંબઇના એ૦ મેજીસ્ટ્રેટની બેંચના જેવી એક કોર્ટ છે

તેના તેવણુ એક મેમ્બર છે અને તે ઉપરાંત નવસારીની દરેક જાહેર હીલચાલોના તેત્રણુ એક આગેવાન છે. એ સઘળાં ઉપરાંત ભાઈ સોરાબ તંબોલી એક ખરેખરો યારબાજ દોસ્ત છે, આ દુન્યાંમાં દોસ્તો તો ઘણા હોય છે અને આપ મતલબી અને ગરજ સરી કે વૈદ વેરી જેવા મિત્રોનો આ દુન્યામાં કાંઇ તોટો નથી, પણ ભાઇ સોરાબ તંબોલી સાથના દોસ્તીમાં તેના મિત્રોએ તેનામાં પોતાને એક ખરેખરો યારબાજ મિત્ર મળેલો અનુભવ્યો છે. તે પોતાના મિત્રોને જાન અને જીગરથી ચહાનારો છે અને મારૂં પ્રગટ કીધેલું આ "**જાન કે જીગર?**"નું પુસ્તક એવાજ એક મિત્રને અર્પણ કરતાં ખરેજ મને ખુશાલી ઉપજે છે, કે જેમ કરવા માટે મારા ભલા મિત્ર ભાઇ 'રફીકે' પોતે તૈયાર કરેલું એક અર્પણ પત્ર બાજુ મૂકી મને પોતાની બાહાલી આપી છે તે માટે એ બાઇનો હું ઉપકાર માનું છું.

લી. દુઆગીર સેવક,

દોરાબજી ફ. જા. દસ્તુર મેહેરજીરાણા.

જાન કે જીગર?

(એક ઉડતી તપાસ.)

લેનાર—**મી૦ પેરેતનજી ફિરોઝશા કાપડયા,**
બી. એ. બી. ઇ. (સીવીલ)

જબરા બા! મી૦ રફિક ગલે પડુ તો જબરા! જુવો—

એક વખત એક દોસ્ત મારફતે એવણ સાથે ઇન્ટ્રોડયુસ થયા પછી, માત્ર એકાદ બે વખતની એ ભાઇ સાથ થયલી સલાંમ અલેકના વ્યવહાર છતાં, એ ભાઇ તરફના આ ધડાકાથી હું ચોંકીને મારી ખુરસીપર ખડો થઇ બેસી મારી સામે પડેલા પલાન તરફ પાએક કલાક સુધી એકી ટગરે ટીકતો રહ્યો હોઉં તો તેમાં કાંઇ નવાઇ છે? નહીંજ કેની?

વાંચનાર પુછશે કે એક વારતા લખનારે પોતાની વારતાની તપાસ કરવા એ પેસી કાપડયાને કહ્યું તેમાં એ એટલો 'હયરત' કાંય થઇ ગયો હશે? એમાં તે ધડાકો શું ને વાત શું?

ધડાકો નહીં? હા, વાંચનાર, તારે મનસે તેમ નહીં હોય પણ મારે મનસે તો હું ફરીથી કેહુંછ કે તે ધડાકોજ પુરવાર થયો.

જાણીતાં અને પરોપકારી કામાર્થે પ્રગટ થતાં માસીક ફીરદોસનાં ઘરાકોને ઇ. સ. ૧૯૧૭ નાં સાલની ભેટ આપવા માટે તૈયાર થતી એ ભાઇની નોવેલ "જાન કે જીગર?"નો રીવ્યુ લેવાની તેઓ સાહેબની ફરમાશ મારે મનથી ખરેખર એક ધડાકોજ હતો! જરા મારો જીવ ડડયો કે હું મુછમાં હસ્યો! કયાં ગંગા શાહ ને કયાં ગંગા તેલી!! કયાં એ ભાઇની વર્ષોના એક ફત્તેહમંદ લેખક તરીકેની પાકટ લાયકાત, ને કયાં એ ભાઇનાં લખાણનો રીવ્યુ લેવાની મારી કાયનાત! મગર, મેં ઉપર કહ્યું તેમ જરા જીવ ડડતાંની સાથેજ સંતોષ ભેગો ખુશાલીનો ઝણ ઝણાત મારાં દીલમાં વ્યાપી રહ્યો.

જયારથી આ અદના લખનારને તેનાં મોટાં માય કહે તેમ "ચોપડી ચોપાંન્યાંનું અસ્તક" લાગ્યું હતું, એટલે જ્યારથી સેવક એ

કીસમનું ગુજરાતી સાહિત્ય વાંચવા અને પછીથી તેનાં રણક્ષેત્રમાં કલમનો ઘોડો દપટાવવા લાગ્યો, ત્યારથી મી૦ 'રફીક'ને જુદાં જુદાં ચોપાન્યાં અને પેપરોમાં આવતી તેમની ચાલુ અને ટુંકી વારતાઓ અને કવીતાઓથી ઓળખતો આવ્યો છું, અને જયારથી જરથોસ્તી નવાં સાલના કાર્ડો—જરથોસ્તી નવાં સાલના કાર્ડો જયારે હું કહું છું ત્યારે તે કરાંણીનાંજ જાણીતા કાર્ડો સમજવા તે—માંની ભલી દુવાની સુંદર કવીતાઓની નીચે એ મારૂં માનીતું ત્રણ અક્ષરી નામ મેં વાંચવા માંડયું ત્યારથી એ ભાઇની લખાણ શકતી માટે મને ખરેખર ઘણુંજ માન બરપા થયું. સાધારણ મન તરંગને આધિન થઇ કવિતા લખવી એ એક કામ છે—તો જો કે તે કુદરતી શકિત પામેલા એક કવીનુંજ કામ છે, પણ ચોક્કસ સંજોગને માટે, ચોક્કસ બનાવને પેશ આવતી સુંદર લીટીઓ દર સાલ તેના નવા લેબાસમાં જુદો જુદો તેસ્ટ ધરાવનારને બરની કાંઇક વર્ષો સુધી રજુ કર્યા જવું એ એક નિરાળુંજ કામ છે, અને એ તો ખરૂંજ છે કે એ કીસમનાં કાર્ડોની સુંદરતા કે જેવી સુંદરતા કરાંણીના કાર્ડોમાં અંહીં તહીં નહીં પણ ઢગલા બંધ જોવામાં આવે છે તે—તે કાર્ડોપરની કવીતાઓ સાથે હાથમાં હાથ મેળવીનેજ ચાલતી હાલતી હોવીજ જોઇયે. ત્યારે એબી વગર શકે ખરૂંજ છે કે એ કાર્ડો, જેઓએ આજ સુધી હરીફાઇની કશીબી બીહીક વગર પોતાનો ટેક જાળવી રાખ્યો છે તેમાં ભાઇ રફીકની કવિતાઓ ખરેખર અગત્યનો ભાગ ભજી બતાવતી હોવીજ જોઇયે એમ હું નહીં ધારતો કે કોઇથીબી ના પાડી શકાશે.

તમો મને પુછશો કે ભાઇ તું મી૦ 'રફીક'ની નવી નોવેલનો રીવ્યુ લેવા બેઠો છે કે તેમની સામાન્ય લખાણની નોંધ લેય છે? તો તેના જવાબમાં હું જણાવીશ કે મેં ઉપર જયારે મારો 'જીવ ઠડવાની' અને સાથે સાથે સંતોષ ભેગી ખુશાલીનો ઝણઝણાત મારાં દીલમાં વ્યાપી રહેવાની જે વાત કીધી તેનો સબબજ એકે મને મારા એ માનીતા લખનારની એક લખનાર તરીકેની પીછાંણ કરવાની મને આ તક મળી છે. હવે ત્યારે મુળ બાબદથી આટલો વેગળો જવા માટે તમારી દરગુજર ચાહી હું મુળ બાબદપર આવીશ.

ગુજરાતી સાહીત્યમાં નોવેલો ઢગલા બંધ ઉભાઇ જાય છે. સ્કુલે જતા બુચાજીઓ અને બુચી માયોબી

"The room was wrapped in silent darkness" એટલે—

"તે ઓરડો અંધારાંમાં ચુપ વિંટલાયલો હતો" ના તરજુમાં સાથે પોતાની વારતાઓ રજુ કરતાં જણાય છે. ચોપાન્યાંના અધિપતીઓ પણ "એકસરસાઇઝનાં પાનાં ના બગાડો" એમ ફફડતા જણાય છે, અને વળી નવી નીકળતી નોવેલોની જાહેર ખબરોપરથી સઘળીજ સારી, સુંદર અને સંગીન બોધકારક વાંચણ પુરૂં પાડનારી નોવેલોજ બાહાર પડતી લાગે છે; મગર, હા, બેઅદબી માફ છે, તેઓમાંની માત્ર ગણત્રીના આપવાદ સિવાય કેટલીક તો તાણી તોડીને મરડી મોચડીને પારસી સંસારને લાગુ પાડેલી હોય છે, કે જેમ કરવા કરતાં જો એકાદ ઇંગ્રેજી કકડધસ વળાંની નોવેલ, પારસી સંસારમાં તે સંસારને મોટે ભાગે પેશ આવતી રવેશે જો નહીં ઉતારી શકાય તો, તેના અસલ રંગરૂપ અને લેબાસમાંજ રાખી બાહાર પાડવી એ ખચીતજ આવકારદાયક લેખી શકાય! જુવો—

"અને સર સોરાબજીના વારલેટે મળવા આવેલા શેઠ મેરવાનજીને લાઇબ્રેરી રૂમમાં બેસાડયા!"

લાઇબ્રેરી રૂમ! યા પરવરદેગાર! લે ચાલો હશે, એમાં આપણને શું?

અને હું જોઇને ખુશી થતો આવ્યો છું કે જેમ બીજા સારા લખનારાઓ તેમ મી૦ 'રફીક' પણ ઇંગ્રેજી નોવેલો પસંદ કરી, જ્યાં ઓ પારસી સંસારને બરાબર, એ કોમની રાહ રીતી અને રહેણી કહેણીને બંધ બેસતાં નથી માલમ પડતાં તેમને એમનાં એમજ ગુજરાતી ઝબાનમાં રજુ કરવાની સારી સમજદારી ધરાવે છે.

અને તેમાં અડચણ કે વાંધો શું છે? શોખીન વાંચનારાંઓને શું જોઇયે છે? એક સારી વારતાજ કેની? તો તે વારતાઓ ગમે પારસી સંસારમાં હોય, ગમે ઇંગ્રેજી સંસાર રજુ કરતી હોય, યા ગમે ચીનાઇ કે જાપાનીસ સંસાર રજુ કરતી હોય તેમાં વાંધો શું છે? ઉલ્ટું તે પારકા સંસારોનો વાંચનારાંઓને અનુભવ મળે છે અને તેમાંથી ઘણુંક નવું જાણવાનું મળે છે—બાકી તે વારતા વાંચી જે તેમાંથી બોધ ખેંચવાનો

છે તેમાં તો ફરક કશોજ પડતો નથીની?

હા, જે જરૂરનું છે–ઘણુંજ જરૂરનું છે તે એટલુંજ કે તે વારતા એવી સરલ અને સમજ પડતી ભાષામાં લખાવી જોઇએ કે ગુજરાતી વાંચનારાંઓને તેનું વળું ગળે ઉતારવું મુસ્કેલ ન પડે. ભાઇ '**રફીક**'ની ઝબાન ઉપર ખરેખર હું મોહીત થયો છું એમ કહીશ તો મેહેરબાન વાંચનારાંઓ તેમાં કશીબી સહરાઘાટ માનશો ના; તેને બદલે જો તમારે હું કહું છું તે વાતની સાબેતી જોઇતી હોય તો વાંચો તેમની આ વારતાનાં ૪ થાં અને ૫ માં પ્રકરણમાં મી૰ રફીકે વર્ણવેલી ડેસમન્ડ અને મેજર મેડીસનની પ્હેલી મુલાકાત. તમે જુવો તેમાં કે એ એનાં મોંહમાંથી જે વચનો અને વાકયો પડે છે તે કેવાં કુદરતી, કેવાં જોશદાર અને તોબી કેવી સ્હેલ અને સરલ ઇબારતમાં ગુંહાયલાં છે! વાંચો પ્રકરણો ૩૫ અને ૩૬ માં લૉર્ડ કારલ્યન અને કેટ વચ્ચેનો તર્યાપાવ–તે વાંચો અને તમોને હું ચેલન્જ કરૂંછું કે તે વાંચી ગરીબડી કેટ તરફથી તમારૂં હૈયું એવું ભેદાશે કે તમે લૉર્ડ કારલ્યનને ખરેખર તમારી સનમુખ ઉભેલો સમજી તેનું કદાચ ખુન કરવાજ તમો ઉશ્કેરાઇને ઉઠશો! એ ભાઇએ એ અને ગરીબ બીચારી નેલીનાં દુઃખદાયક મોત, લૉર્ડ કારલ્યન અને જેસ વચ્ચેની હોજાતોજી ઇત્યાદી દેખાવો એવાં તો શુદ્ધ ખરાંપણાથી દોર્યાં છે, તે દોરતી વખતે કલમ પોતાના જમણા હાથમાં તેવણે એવી તો જોશબંધ દાબેલી દીસે છે કે તે દેખાવો, વાંચતી વખતે તે વાંચનારની નજર સામે એમના એમ તેનાં ખરાંપણાંમાં રજુ થાય છે–**અરેરે**! ગરીબ બીચારી નેલીનું જે ગમખાર સંજોગ વચ્ચે મરણ નીપજે છે–જે **જાલેમ** મોતને તેની સરજત તાબે થાય છે તેનો મી૰ રફીકે આપેલો કલમ ચીતાર હું જાણવા માંગુંછ કે કયા વાંચનારની આંખોમાંથી આંસું નહીં ખેંચાવશે?

મને ઘણીવાર અનુભવ થયો છે, અને મારી સાથે વાંચનારાંઓનો મોટો ભાગ મળતો થશે કે કેટલીક વારતાઓ–ઘણી પ્રત્તેહમંદ તરીકે વાજબી નામના મેળવી ચુકેલી વારતાઓ--શુરૂઆતમાં રસીક હોઇ વચમાં મંદ પડી સેવટે પાછી રસીકતામાં ખતમગી પામે છે; કેટલીક શુરૂઆતમાં લુખ્ખી રહી પછીથી જોર પકડી તે જોર સેવટ સુધી સાચવી

રાખે છે, જ્યારે ખોટો પડવાની જરાબી બીહીક વગર કહી શકું કે મી૦ રશીકની આ વારતા તેનાં પ્હેલાં પ્રકરણના પ્હેલા બોલથી સેવટના પ્રકરણના આખેરી બોલ સુધી વાંચનારનો ઉમંગ અને ઉત્સાહ જેમનો તેમ ઉશ્કેરેલો રાખે છે. એ વારતાનું વણું ઘણુંજ મોહક અને પેચ-દાર છે, જે રશીકની કલમથી ખરેજ જોઇતો ઇનસાફ પામીનેજ વાંચક સનમુખ રજુ થાય છે, અને એ ૩૮૫ પાણાંની દલદાર વારતામાં પાત્રો કેટલાં? કેસમેલી આંઠ!

હવે, કર્તાએ પોતાનાં પાત્રોને શી રીતે રજુ કર્યાં છે તે જોઇયે.

ડેસમન્ડ કાર્લયન જેવા માતબર જીગરો ધરાવનાર ઉમરાવ દિલનાં માણસો આ જીવતી જીંદગીમાં કેટલા જુજ મળે છે, તેનો અચ્છો ચીતાર કર્તાએ પોતાની કાબેલ કલમથી આપેલો જણાય છે; જ્યારે જેસ જેવી સુંદરીઓને "કલૉડ હેમીલટન"ને છુપે નામે ફસાવનાર આરથર કાર્લયન ઉર્ફે ધાઇપકુ લૉર્ડ કાર્લયન જેવાં કાળાં મોઢાંઓ, સંસારના શતરૂઓ—આપણા સંસાર વચ્ચે કેવા, કેમ અને કેટલા કકડી જાય છે તે પણ કર્તાએ પોતાની ફકડધસ પેનથી અચ્છી રીતે ચીતારેલું જણાય છે.

જ્યારે મેજર મેડીસન જેવા કંગાલ પીતાઓ, કે જેઓ પૈસા માટે પોતાની બેટીઓના સંસારનું નખોદ વાળી નાખે છે, તેવાઓનો આ જીવતી જીંદગીમાં શું ટોટો છે?

અને કેટી તથા નેલી જેવી પવીત્ર મોહબત કાજ તડફડતી ખુબ-સુરતીઓ માટે બોલવાની કંઇ જરૂર છે?

અને હવે જેસ જેવી બદમાશોના હાથમાં ફસી પડતી કોમલાંગીનો ચીતાર શું ઓછો ધડો લેવા લાયક રજુ થાય છે? તથા એ ઉપરાંત, અદેખાઇના અંગારમાં જલતા ફ્રેંચી વાઇઝ જેવા અક્કલહીણો પણ આ સંસારમાં કેવા ઉભાઇ જઇ પોતાની ખરાબી કરી બીજાની કેમ ખરાબી કરે છે તે કર્તાએ પોતાની કાબેલ કલમકશીથી અચ્છી રીતે દર્શાવેલું નજર પડે છે.

જુવો—ચાપલુસીખોર જગતની ચાપલુસીભરી રીત માટે કર્તા પોતાનાં દિલનો ઉભરો કેવી રીતે બાહેર પાડે છે!

............અને જ્યારે 'લીડકોટ'ને નામે ત્યાં ઓળખાતું એકનું એક

મકાન તે જવાન અર્લે ખરીદવાની વાત સૌને કાને આવી ત્યારે ત્યાંનાં લોક એવાં તો અજાયબીમાં ગરકાવ થઈ ગયાં કે તેઓએ ચાહ્યું કે થોડોક વારબી પગને બદલે માથાંએ ચાલવાનો ઈલમ તેઓને માલમ હતે, તો અર્લે તે મકાન ખરીદી સેન્ડફર્ડને પોતાનું કાયમનું મથક બનાવવાની ખુશાલીમાં એક આખો દહાડો નક્કી કરી તેઓ પગ ઉપર કરી માથાંએ ચાલતે!! (પાનું ૧૯).

આહ! અય દોસ્ત, ચાપલુસીખોરોની ચાપલુસી માટે આ શું કાંઈબી રીતે સહરાઘાટભર્યું છે?—વૅલ આગળ તો ચાલો!

"કેપીટલ અને લેબર" વચ્ચેની ફર્યાદ તો જગ જાણીતી છે! શેઠો અને ઉપરીઓ તરફની કહેવાતી જુલમગારીમાં આજનાં મજુરોનો વાંક છે કે નહીં તે કર્તાએ જે રીતે વર્ણવ્યું છે, તે ખચ્ચીતજ વાંચવા લાયક જણાય છે:

..........એ કામ કરતા મજુરોને હંમેશા વરદાન હોય છે, કે તેઓ પર નવો મેનેજર નેમાયો, કે તેઓના બાપનું કેલુએક નખોદ વળી ગયું હોય, તેમ તેની સાથે મીજાસ કરવો, તરકરું થવું, તેના હુકમને મચક નહીં આપવી, તેને ગણકારવો નહીં, અને બને તો ઉલટો તેને હર બાહણે સતાવવો. કોઇબી કામ કે કોઈબી જાતના એ મજુરોમાં આ ધીક્કારવા જોગ અવગુણ "પહેલે નંબરે" હોય છે (પાનુ ૧૧૯).

ચાલો, ચાલો, જરા આગળ તો ચાલો! શું મી૦ રશીક એક બે ને ત્રણજ બાબદપર ટીકકા કરીને મુગા બેઠા છે?—નાજી નહીં! લેવ, આ બીજો નમુનો!—

નોકરી મળતી નથી—પંદર પચીસની કોણ નોકરી કરે એવા બુમાટા પાડનારા, બાટ બેઠાં—ખુ બેઠાં કરી વખત પસાર કરનારા હરામખોર ઉજબ-ખોએ મી૦ રશીકની આ નીચલી લાઇનો જરૂરજ હૈયે નોંધી રાખવી જોઇયે એવું મારું માનવું છે.

........કામ એક મરદને માટે એવું "ટૉનીક" છે-એવી શક્તી આપ-નારી દવા છે કે જેનું નામ નીશાણ કોઈબી 'કેમીસ્ટ'ની દુકાને તમોને નથી જડવાનું. કામ એક માણસને તંદરોસ્ત બનાવે છે-કામજ તેનું જીવણ છે-કામ તેનાં આંગનો બાંધો છે-અને કામજ તેનાં મગજનું સમતોલપણું છે. (પાનુ ૧૩૩).

આહા! મી૦ રશીક, એ તો બધું બરાબર છે, મગર, હરામખોર

ઉજબખોને એ બાબદની શુદ્ધીજ કયાં છે?–વલ, આગળ તો ચાલો!

આજે તવંગરોની તકોબરી અને ટુંક ભંડોલ્યા મીજાજથી કોણ અંજાણ છે?–પૈસાની ગરૂરીમાં મરી રહેલાં આ ખાનદાની ખચ્ચરો માટેના મી૰ રફીકના ઉદગારો ખરેખર નોંધી લેવા લાયક રજુ થાય છે. પોતાને ત્યાં નોતરેલા ગરીબ મેહમાનો આગળ ભાષણ કરવાને ધાઇપકુ અર્લ કાર્લયનને ફરમાસ થતાં, જુવો તે મીજાજી ખોર્યું શું કહે છે?

..........એંહ! શુ ભાષણ કરવા તેઓ સામે હું ઉભો રહું! એમ કરવું જરૂરનું છે? નથી કેની? એ હલકા ગામડયાઓને વળી ભાષણ તે કેવું જોઇયે? તે લોકને આય મુફત ખાધા પીધાનું મલ્યું તે બસ નથી?–હવે વધારે તેઓને શું જોઇયે?"

આહા! વીસરી જાયછ–ભુલી જાયછ એ બાપદાદાની દોલતપર નાચતા તવંગરો કે ગરીબોથી તેઓની તવંગરી છે–તેઓને માન મરતબો અને આબરૂ ઇજત છે!

મોહબત! આહ! આ ખુદાઇ દાવા માટે 'પ્યાર મોહબત ફુજુલ છે–હબંગ છે'–એમ બોલનારાઓ ખરેખર જખ મારે છે! ખરેખર મોહબત એક ખુદાઇ દાવો છે–અને પોતાના બદમાશ બાપના હાથપર ફસી ગયલી, અને પોતાનાં જીગર ઉપરાંત ધાઇપકુ લૉર્ડ કાર્લયનની સાથ પરણેલી કેટનો–પોતાના ચાહેલા જવાન ડેસમન્ડ આગળ મોહબત માટેનો ખરાં જીગરનો ટવળાટ! જો–પ્યય દોસ્ત જો!

"..........આ દેખાવ કેટથી ખમી શકાય તે કરતાં ઘણો વધારે થઈ પડયો, અને દુઃખની એક ચીચારી પાડી તે તેના ખાવીની પાસે ઢગલો પુંજો થઈ પડી.

અરે, અરે તે બીચારી રડી પડીને બોલી–"આય મેં શું કીધુ. જરા થોભી હોતે–હું જરા થોભી હોતે! ઓ, મારીપર દયા કર–ડેસમન્ડ, મારીપર દયા કર! ઓ મારાં જીગર, મારા જાન, હું ખરેખર તે વખતે મેડજ હતી!" (પાનુ ૩૦૨).

અને હવે સેવટે–બદમાશોની બદમાશીનો ભોગ થઇ પડતી નીરદોશ જનીનો માહેલી એક જેસનો આ બાબદનો ટવળાટ! ઓ–જોવ. તે રતી સંભળાય છે કે—

..........એ કીસમની કાંહણી કંઇ જમાનેથી ચાલતી આવીછ!

પછી તેમાં મરદનો વાંક હોય કે ઓરતનો—પણ દુઃખ તો ખમવું પડેછ ઓરતનેજ. હા, દુઃખબી ખમયેછ આપણે ને દુન્યા ધીક્કારેછબી આપણનેજ!" (પાનુ ૩૨૮).

આહા! કેવા કકળતી કાંહણીના કવડા સુખનો!

વધુ લખવાનું તો મને ઘણું છે, પણ મારે કાંઇ તો હદ રાખવી જોઇયે કેની? માટે, સેવટે, આવું એક સારૂં, સુંદર અને જોશદાર વળાંની વારતાનું પુસ્તક પોતાનાં વાંચનારાંઓ સનમુખ રજુ કરવા માટે મી૦ 'રફીક'ને, તે પ્રગટ કરવા માટે "ફિરદોસ"ના માલેક મી૦ દસ્તુરને, તેને એક ભેટ દાખલ મેળવી શકવાને માટે, ફીરદોસનાં ઘરાકોને મુબારકબાદી આપી હું ખતમ કરીશ. તા૦ ૨૫-૧૧-૧૬.

"હયરત."

નોંધઃ—ભાઈ કાપડયા પોતાની તપાસની શુરૂઆતમાં લખે છે તેમ એવણ સાથની મારી ઘણીજ થોડી ઓળખાણનો મેં ખરેખર જોઇયે તે કરતાં વધારે લાભ લીધો છે, પણ જયારે મારી આ વારતાની 'તપાસ'જ કરાવવાને મારૂં દીલ લલચાયું, ત્યારે મારો વિચાર તે માટે એવા એકને પસંદ કરવાનો થયો કે જે પોતે એક ઘણો સારો વાંચનાર હોય, પોતે એક ઘણો સારો લખનાર હોય, તે પોતે ઉંચી કેળવણી પામેલો હોય, અને વધારે અગત્યનું એ કે તેનો અને મારો સંબંધ એવો હોય કે જેની આંખ આડે શરમા શરમીના પડદાને ફરી વળવાનું કશુંજ કારણ ન હોય; એ ત્રણે અતી જરૂરની લાયકાતો મારા બધા મેહેરબાન [illegible]સ્તામાથી ભાઈ કાપડયામાંજ [illegible] આમેજ થયલી જોઈ અને મ[illegible] એક મિત્ર મારફતેજ તેઓની આગળ મારી એ મર મેં રજુ [illegible]ને સારે નસીબે તેવણે તે ના મંજુર નહી કીધી, જે માં હું ઘણો આભારી થયો છું.

ફકત મારી દલગીરી એટલીજ છે કે એક ન્હેલે વાંધેની સીવીલ એન્જ ન્યરોની પેહેડી જયાં ભાઈ કાપડયા જોડાયલા છે તેમાં ચાલી રહેલાં બોહોળ કામોને લીધે (અને સીવીલ એન્જીન્યરોને આજે કેવાં છક્કાં છે તે તો તમે જાણો છોજ!) મી૦ કાપડયા પોતાની તપાસમાં ઘણાજ લેટ થયા છે, અને તેથી પ્રેસને માટે જે કેટલીક એડવાન્સ કાપીઓ ખાસ તૈયાર કરવામાં આવ હતી તેમાં એ ભાઇની એ તપાસ રજુ થઈ શકી નથી એ મારી દલગીરી છે.

'રફીક.'

જાન કે જીગર?

પ્રકરણ ૧ લું.

સેન્ડફર્ડ હવા ફેરબદલ કરવાનું બંદરખાંઓનું એક ધામ છે; તેમાં અહીં તહીં વેર વિખેર પડેલાં થોડાંક ઘરો છે, એક નાનું દેવળ છે, અને એક વળી હોટેલ છે, જેનાં કંપાઉન્ડમાં કુતરાં બીલાડાં આળોટ્યાં મારતાં જ્યાર ત્યાર નજર આવે છે. એક બીચારો ઉત્સાહી ઘણેતર એવાજ કોઈ ધખારાને વશ થયો કે સેન્ડફર્ડને તેણે એવું બનાવવું કે લંડનવાલાંઓ પોતાનાં કામકાજથી ફારેગ થઈ ત્યાં હવા ખાવા તણાઈ ખેંચાઈ આવે; અને તેણે તેમ કીધુંબી. તેણે દર્યા કીનારે એક ડક્કો બંધાવ્યો, એક નાનો રેસકોર્સ તૈયાર કરાવ્યો, બગીચો સજાવી તેની વચ્ચોવચ એક બેન્ડસ્ટેન્ડ ઉભું કરાવ્યું અને એ મુજબનાં તરેહવાર ફાંફાં મારી પોતાનો પૈસો બરબાદ કીધો. ત્યારે વાંચનાર પુછશે કે તે બધું તેણે ફકત એજ કારણે કીધું કે લોક ત્યાં હવા ખાવા આવે? ત્યારે તેમાં તેને પોતાને હાંસલ શું?

હતી, તેને પોતાને તેથી હાંસલ ઘણી હતી. તેને હાંસલ એ હતી કે તેણે ત્યાંના સત્તાવાલાઓ પાસે એક ચોકકસ તરફની માઇલોની માઇલિ જમીન ઘણેજ સસ્તે—હસ્વા સરખે સસ્તે ભાવે ખરીદી લીધી હતી અને તેણે એવીજ ગણત્રીથી તે લીધી હતી કે સેન્ડફર્ડનું જો કોઈ વખત નસીબ ફેરવાય અને વખત જતાં જો તે વેલાતનું બીજું

બ્રાઇટન થઇ પડે તો લોકોને રહેવાનાં મકાનોની તાણુ પડતાં, ત્યાં સારાં સગવડ ભર્યાં મકાનો બાંધવાની જરૂર પડે—અને તેવી જો જરૂર પડી તો મકાનો બંધાય શા ઉપર? હવા પર? નહીંજ, તે બાંધવાને માટે જમીન તો જોઇયે અને તેણે જે ઉપલી બધી રચના કીધી હતી તે તેની જમીનની આગળજ હતી એટલે ખરૂં સેન્ડફર્ડ—વસ્તીવાલું સેન્ડપર્ડ તો તેની જમીન આગળનોજ ભાગ કહેવાવા અને ઓળખાવા લાગ્યો. તેના હાથમાં તેમ કાંઇક બોચ્યાંઓ સપડાયાંબી ખરાં, અને પોતાના ખરીદ ભાવ ઉપર બસો ટકા ચઢાવ્યા છતાં તે ભોળા ભટાકોને તે જમીનની વેચાણુ કીંમત એટલી સસ્તી લાગી કે તેઓ તે પાખંડીના હાથમાં વ્હેલા સપડાયા. નવી નવાઇના બાબમાં હંમેશ બને છે તેમ થોડીકવાર તો ગાડું ગબડયું, પાગુ હવા ખાઈ અને પાણી પીને તે કાંઈ લાંબો વખત જીવાય? ત્યાં હવા ફેરબદલીને માટે આવનારાં મોટે ખાંચરેનાંઓની દરેક જરૂરને પુગીવળે તેવાં કશાં સાંધનો ત્યાં હતાં નહીં અને લંડનની રેલવેઓ કલાકના સાહાઠ માઇલે દોડતી હોવા છતાં લંડનથી સેન્ડફર્ડ જતાં છ કલાકનો જે લાંબો અંતર નીકળી જતો હતો તેબી ત્યાંનાં—વખતની કીંમત કરનારાં—લોકોને લાંબો વખત પાળવે તેમ હતું નહીં, તેમાં વળી અધુરાંમાં પુરૂં દર્યા આગળ બાંધેલો પેલો ડકકો એક દીવસ મોટાં તુફાનમાં ઘસડાઈ ગયો—એન્ડસ્ટેન્ડનું છાપડું ઉડી ગયું—એટલે નવ દહાડાની તે નવાઈ પુરી થઇ અને સેન્ડફર્ડનોબી વખત પુરો થયો. બંગલા બંગલાને ઠેકાણે રહી ગયા અને પેલા ચાંચડની ચરબી ધરાવનારા જેઓને પેલા ઉત્સાહી સેન્ડફર્ડવાસીએ પોતાના લોભ અને લાભને ખાતર શીશામાં ઉતાર્યા હતા તેને નામે માથે હાથ દઇને રડતા બેઠા.

પણુ, તેટલાં નસીબ સંજોગે વળી એવું બન્યું કે કામ ધંધા અને નોકરી ચાકરીથી પરવારી ગયલાઓનું તે તરફ ધ્યાન ખેંચાયું અને પોતાનો બાકી રહેલો વખત એ કીસમની આળસુ નચીંતાઇમાં

પુરો કરવાની ધારણા રાખનારા પરવારતાઓ અને ઐયાસીઓથી રફ્તે રફ્તે દર્યાને કીનારે આવેલું એ એકાંત ગામ વસાવા લાગ્યું અને તેઓને તે ગામની મોહીની એવી લાગી કે જાણે બાપદાદાથી તેઓને વારસામાં મળ્યું હોય તેમ તેઓ તેને પોતાનુંજ કરી બેઠા! તે એટલે સુધી કે ત્રામ અને ત્રેનમાં પોહોળા ચોહોળા થઇને બેઠેલા સાહેબોને જેમ તેમાં નવો આવનાર ગમે નહીં તેમ સેન્ડફર્ડમાંબી કોઈ નવો સવો આવે તે ગોયા તેમને મનસે અકારૂં ઝેર થઈ પડવા લાગ્યું.

જે ગામમાં મારી આ વારતાનો પાયો પડે છે તે ગામનું એ રીતે મારી યથાશક્તી મુજબ વર્ણન આપ્યા પછી આપણે હવે રીતસર આગળ ચાલી વારતાનાં વળાંમાં ઉતરીશું.

અકટોબર મહીનાની એક સાંજે પાંચ વાગે કે જ્યારે ત્યાંના વસનારા કેટલાક શોખીન મરદો કલબમાં બીલ્યર્ડ રમતા હતા અને ઔરતો પોતપોતા વચ્ચે ટી પારટીનું ધતીંગ લઈ બેઠી હતી તે વખતે એક જવાન ત્યાંનાં પેલાં મેં ઉપર કહેલાં હોટલ સામેની ટેકડી ઉતરી આવી તેનું ઢળાણ પુરૂં થતાં આસપાસ બધે નજર ફેરવતો ઉભો રહયો, અને સાચી વાત રજુ કરનાર એક તરીકે મારે કહેવું જોઇયે કે તે જવાનની નજરે પડેલો દેખાવ કાંઈ નાખી દેવા જેવો નહીં હતો.

"છે, ગામ મજેહનું ને બંગલાઓબી છે રમકડાં જેવા. બચ્ચા જો હમણાં કકડીને મને ભુખ નહીં લાગેલી હોતે ને પેટમાં લાંબા વખતનો પડેલો ખાદો પુરવાની મને ઉતાવળ નહીં હોતે તો જાણે કલાકેક સુધી ઉભો રહીને આય દેખાવ જોયા કરતે" તે બડબડયો અને તેજ વખતે તેની નજર પેલાં હોટલ ઉપર પડી અને ત્યાં તે મકાનને હોટલ દાખલ ઓળખાવવા મારેલાં પાટયાં ઉપર પોતાની ચશમ ઠેડવી તેણે ગજવાંમાં હાથ નાખ્યો. "હું નહીં ધારતો કે આટલા પૈસામાં મને કોઈ સોજું ડીનર આપે! નહીં, તાંહાંતો ઇલેકટ્રો પ્લેટેડ રકાબીઓ તેબલ પર તેબલ કલૉથ—ક્રેઅેટ સ્ટાંન્ડ અને

ચકચક કરતા છરી કાંટા એટલે પછી એડાં ઉપર એકું ચઢે તે કોણને ભારી ? પણ્યારણનેજ તો ! જોઇયે કાંઇ તેથી ઉતરતી પંકતીનું ભથ્થારખાનું અહીં છે ?"

હવે, મેં તમને ઉપર કહ્યું તેમ નવા આવનારાઓની ત્યાં નવાઈ હતી અને પેલો જવાન જે રીતે ત્યાં ઉભો રહીને બધે નજર ફેરવતો તે ઉપરથી ત્યાંથી તે વખતે પસાર થઈ ગયલા એએક જનને જાણી લેતાં કશીજ વાર ન લાગી કે તે ત્યાં કોઈ નવો આવનારજ હતો, અને તેની તરફ એકાદ નજર નાંખી નહીં નાંખી કરીને તેઓ ત્યાંથી ચાલતી પકડતે પણ તે નવો આવનાર હતોજ એવો કે તેને તેઓએ ફરી ફરીને જોયાજ કીધો. અને તેમ તેઓએ કીધું તેમાં નવાઈ કશીજ નહીં હતી, કેમકે, પ્હેલાં તો તે જવાન ઉંચો અને કદાવર બાંધાનો હતો અને જો કે તેનાં કપડાંનો કશોજ સકાર ન હતો છતાં તે ઇંચેઇંચ એક ગ્રહસ્થજ દેખાતો હતો. તે જવાન હતો, ખુબસુરત હતો અને—અને—જે અગત્યનું હતું તે એ હતું કે તેના ચ્હેરા અને તમામ દેખાવ પરથી કોઇનેબી જોતાં અને જાણી લેતાં વાર ન લાગતી કે ૨૮ વર્ષની જે ઉંમર તેણે પસાર કીધી હતી તે બધી તેણે સખ્ત અને કોઈ જાતની દલદેશરીમાં ગુજારી હોવી જોઇયે. તેણે ફ્રેન્ચ બીયર્ડ ઉગાડેલી હોવાથી તે ઉંમરે હતો તે કરતાં વધુ લાગતો હતો.

આખરે તે એક ભથ્થારાની દુકાન આગળ આવી લાગ્યો, જ્યાંથી આવતો તાજાં પાંઉ અને કેક ભુંજાવાનો સોડમ ત્યાંથી જતાં આવતાંઓનાં દેમાગને તર કરી રહયો હતો, અને તે જવાન તે દુકાનમાં રચી મુકેલાં સઘળાં મીષ્ટાન તરફ મુછમાં હસીને નજર ફેરવતો તે દુકાનની આગળ ઉભો.

"હવે મારી પાસે જે છે તેમાંથી શું શું આવશે ?" તે વળી પાછો ગજવાંમાં હાથ નાંખી અંદરના અંદરજ પૈસા ગણતો બોલ્યો

"એક આખું પાંઉ લેઉં, યા અડધીક ડઝન બન લેઉં કે એ સ્લાઈસ કેક લેઉં? નહીં તો ત્રણેક ખીમાના પાટીસ લેઉં? યા ખુદા! જો આવી ભુખ લાગવાની ખાતરી મળતી હોય તો ભુખા રહેવામાંબી મજાહ છે!" એટલું બોલી તેણે પોતાનો ચ્હેરો વધુ મળકાવ્યો અને તે દુકાનની વધુ નજીક તે આવ્યો.

તેટલાં, લગભગ તેજ વખતે એક ચીંઠડેહાલ અબલા તે દુકાન આગળ આવી અને તે જ્યાં ઉભો હતો તેનીથી દુર પેલી તરફ ઉભી. તેણીની સાથે બે બચ્ચાં હતાં જેઓ તેણીનાં ફાટીને છીણ છીણ થયલાં સ્કર્ટને વળગીને ખેંચતાણ કરી રહ્યાં. તેઓનાં આંગ ઉપર જે અને જેવાં કપડાં હતાં તે ઉપરથી જો હું તેમને માટે લખું કે તેઓ નગ્ન હાલતમાં હતાં તોજ તેનું ખરૂં વર્ણન આપેલું કહેવાય! અને જો તે ત્રણે દુ:ખ અને દળીદ્રના અવતારો ભુખે મરી જતાં ન હોય તો જે રીતે તેઓ તે દુકાનમાં રચી મુકેલાં તરેહવાર મિષ્ટાન તરપ જે રીતે નજર ફેરવતાં હતાં તે ઉપરથી તેઓ ઢોંગી લેખી શકાય! અને તોબી અજબ જેવું કે ત્રણેમાંનાં કોઇયેબી તે તેઓની આગળજ ઉભેલા જવાન પાસે કે તે દુકાનમાં બેઠેલા ભથ્યારા પાસે ભીખ માંગવાની કશીબી હીલચાલ કરી નહીં, પણ થોડોકવાર ત્યાં થોબી તે બેઉ બચ્ચાંઓની પાંખડી પકડી નીસોસ જીવે તે અબલાએ ત્યાંથી ચાલવા માંડયું. પેલો જવાન જે આ બધું જોતો ઉભો હતો તે વ્હેલો તેઓની પાછળ ધસ્યો અને એક બચ્ચાંનાં ખભાં પર હાથ મુકી તેણે તેને થોભાવ્યું એટલે તેની સાથવાળી તે અબલા અને પેલું બીજું બાળક પણ ઉભાં રહી ગયાં.

"કેમ? તુંને ભુખ લાગીછ? તુંને બન પાંઉ ગમેછ?" તેણે અવારનવાર બેઉ બચ્ચાંઓ ગમ જોઈ હસીને તેઓને પુછયું. બચ્ચાં-ઓની બુદ્ધિ કેટલીક બાબદમાં મોટાંઓ કરતાં વધુ તિક્ષણ રહે છે, તેમાં અકસર કરીને પોતાની સામે રજુ થતું ઈનિશાન ભલું છે કે

ભુકું તે પારખી લેતાં તેઓને વાર લાગતી નથી. આ કેસમાંબી તેઓને થોબાવીને ઉપલો સવાલ પુછનાર–તેના હાલહવાલ પોષાક અને લેવાયલા લુટાયલા દેખાવ છતાં, તેઓને લાગેલી તિક્ષણ ભુખ મટાડવાને પોતાનું બનતું કરશે એવી તે પશુ બચ્ચાંઓની ખાતરી થઈ હોવી જોઇયે, કેમકે તેઓ બન્ને તેની તરફ હસીને જોતાં ઉભાં, અને તેવી ખાતરી ન થઈ હતે તો તે બન્ને તેની આગળથી હટી જઈ તે અબલા જે તે કમનસીબોની તેઓથી વધુ કમનસીબ મા હોવી જોઇયે તેની આગળ જઈ તેને વળગી પડતે!

"ચાલો આવો ત્યારે ને" પછી તે અબલા તરફ જોઈ બોલ્યો "તમેબી આવો" એમ કહી તે તે ત્રણેને પાછો પેલીજ દુકાન આગળ લઈ ગયો.

"ભાઇ" તે દુકાનદાર તરફ હસીને જોઇને બોલ્યો "આય બચ્ચાંઓને એકેક–પણ કાંઇ નહીં, હું હાથે પસંદ કરી લેઉં તો કાંઇ અડચણ છે? નહીં કેની?" અને તે દુકાનદાર તરફથી તેને તે બાબદનો સખ્યારો મળતાંજ તેણે એકેક કેક અને એકેક બન તે છોકરાંઓનાં હાથમાં મુકયાં અને બે ખીમાના પાટીસ તે અબલા આગળ ધર્યા જેણીએ તેની ઘણી ઘણી માફ માંગી તે લીધા, અને તે પછી તે બધું ખાતાં તેઓને ત્યાં છોડી રખે તેઓ તેને જોઇને શરમાય કરી તે દુકાનની એણીગમ પેલીગમ ફર્યા કીધો.

તે બીચારા ભુખ્યા જીવડાઓએ ખુદાના શુક્રાના કરી તે બધું ખાધું અને એકવાર ફરીથી તે અબલાએ બે હાથ જોડી તેની માફ માંગી કે જે વખતે તે જવાનનું જોઇને જીગર જખમાયું કે બીચારીની આંખોમાં આંસુ ચળકી રહ્યાં હતાં. અને હજીબી તેનું પરોપકારી કામ પુરૂં ન થયું હોય તેમ ચાર બન પોતાનેજ હાથે ઉંચકી તે બાઇનાં હાથમાં જોર જુલમથી ઠેસવ્યાં અને તે બાઇ અને બચ્ચાંઓ તેને હજારો હજાર દુવાઓ માંગતાં ત્યાંથી વિદાય થયાં.

ગરીબની હાયના કરતાં ગરીબોની દુવા તે પાક પરવરદેગારની દરબારે વધુ જલ્દી કબુલ મંજુર રહે છે એવો ચાલતો આવેલો વિચાર જો ખરોજ હોય તો તે આ જવાનના સંબંધમાં તે પુરવાર થયલોજ આગળ ચાલતાં જોવામાં આવશે.

"કેમ ભાઇ, તારૂં બીલ શું થયું?" તે ત્રણે વિદાય થતાં તે જવાને પોતાનાં ગજવામાં હાથ નાંખી પેલા ભથ્થારાને પુછ્યું, અને તેના સવાલનો તેને હજી તો જવાબ મળે તેટલાં તેની પાસે જે કાંઇ તેની માયાપુંજી હતી તે પેલા આગળ મુકી, જેમાંથી તે ભથ્થારે પોતાના પૈસા લઇ પાંચ પેન્સ તેને પાછી આપી તે પાંચ પેન્સ તેણે લીધી અને પછી એક બન પાંઉં તેણે પોતાને માટે લઇ તેની કીંમતની બે પેન્સ તેણે તે ભથ્થારાને આપી અને બાકીની ત્રણ પેન્સની દોલત સાથે તે તે દુકાનપરથી ઉતર્યો.

પેલાં બીચારાં ત્રણ દુકાળ્યાંઓને મોટે મોટે બુકે ખાતાં જોઇ જો કે તેની ભુખ વધુ તેજ બની રહી હતી તે છતાં તે ત્રણની માફક તેનાથી કાંઇ રસ્તાપર ઉભા રહીને ખવાય? તેણે પોતેબી તેમ કરવાનું નામુનાસેબ ધાર્યું અને તેવું ખુણું ખંટોળું શોધવા તે ત્યાંથી ચાલતો થયો.

"આય ગામમાં હું નહીં ધારતો કે કેઠે બેસ્વાની ફી આપવી પડતી હોય ને તેથી કેઠે જરા બરડો ટેકીને ખાઉં તો કોણ પુછવાનું છે?"

તેટલાં તેને એક મોટું ઝાડ દેખાયું તે તરફ તે ગયો અને તેના શીતળ છાંયડા તળે મજેહથી તે દરખ્તનાં થડને ટેકીને ફુસડાઇને બેઠો અને પોતાનું 'ડીનર' તેણે શુરૂ કીધું અને જરાવારમાં પુરૂંબી કીધું અને પછી તમાકુ પીવાની પાઇપ તેણે કાઢી પણ મોંહ કુમળાવી તેણે તે પાછી ગજવામાં મુકી, કેમકે, તેને યાદ આવી કે તેની પાસનો તમાકુ થઇ રહયો હતો. તેની એ મજાહ એ રીતે જતી રહેવાને માટે અને તે મજાહ પાછી કયારે તે ભોગવતો થશે તેના વિચારમાં ત્યાંજ તે દલગીર બેસી રહયો.

તેટલાં સાંજ રાતનાં અંધારાંમાં સરતી સરતી રાત થવા આવી હતી અને તેની શીતલ શાંતીમાં કોઇનાં પગલાંનો ત્યાં અવાજ આવ્યો. તે અવાજ ઘણો મક્કમ અને પ્રગટ સંભળાતો હતો, પણ તે પોતે પોતાના વિચારમાંજ એટલો લીન્ન થઇ ગયો હતો કે તે અવાજ તેને કાને નહીં આવ્યો હોય તો તે બનવા જોગ હતું, અને તેથી જ્યારે બરાબર તેની સામે એકાયક એક જવાન છોકરી રજુ થઇને ઉભી ત્યારેજ તે તેણીની હાજરીથી વાકેફ થઇ શકયો. તે અચાનક દેખાવ જોઇ તે ચોંકયો. તે પોતે એ કીસમે અચબુચ પોતાના વિચારોમાં અટકી પડયો હતો અને તેની સામે ઉભેલી છોકરીબી હતી એવી પરીસુરત કે તેણે તેનેજ જોયા કરવી કે કુદરતના તે નાંદર હુન્નરની તારીફમાં તેણે મશગુલ થવું તેના વિચારમાં તે સરબસર ઉતરી ગયો. બાદ, તેણે જાણે કાંઇ બોલવુંજ જોઇયે તેથી તે તુરત ઉઠીને ઉભો થયો અને પોતાને માથેની ટોપી હાથમાં લઇ તેણે તેણીને પુછ્યું.

“મને કહેશો કે અહીંથી થર્લ કેટલું દુર છે?”

અંધારૂં હતું અને તે રસ્તો એકાંત હતો એટલે પેલી છોકરી તેને જોઇને પ્હેલી હરોલમાં બીધી હોય તેમાં નવાઇ ન હતી, પણ પછી તેના બોલવાના સાદ કે તેણીની તેની ઉપર નજર ફરતાં તેણીની નજરે પડેલા તેના દેખાવપરથી તેણીને તુરત ખાતરી મળી કે તેવી બીહીકની કશીજ જરૂર ન હતી, અને તેથી તેણીનો ગોરો ઘટમદાર ચ્હેરો, આપણે કોઇ બીચારા વાખાના મારેલા ફકીરને જોઇને આપણો ચ્હેરો કુમળાવ્યે, તેમ કુમળાયો.

“થર્લ? તે તો અહીંથી ત્રણ માઇલ છે.”

“થેંકયુ” એટલું બોલી તેણે પોતાના હાથમાંની ટોપી કપાળે લગાડી તેણીને સલામ કીધી કે જે સલામ કરવાની રીતથી તેણી તેને કોઇ રસ્તેનો રખડતો ભીખારી સમજી કે શું તે એકાદ પલ તેની

તરફ નજર ટીકેલી રાખી તેણીએ પોતાના હાથમાંની પાકેટ ઉઘાડી અને તેમાંથી શીલીંગનો એક સીક્કો કાઢી તેની આગળ ધર્યો.

નહીં તેણી તરફની આ ભીખ જોઇ તે જવાન ચોંકયો કે ના તેનો ચ્હેરો શરમથી લાલ બની ગયો, પણ તુરત તેણે લાંબો હાથ કીધો અને તે હાથની હથેલીમાં તેણીએ તે સીક્કો મુકયો.

"થેંકયુ" તે બોલ્યો.

તે છોકરી ત્યાંથી હવે ચાલી ગઇ અને તે સીક્કો પોતાની હથેલીમાં રહેવા દઇ તે જતા આકારને જોતો જવાન ત્યાંજ ઉભો.

"આહ! તે બીચારી મને કોઇ ભીખ માંગતો ભીખારી સમજી" તે બડબડયો, અને તે ખ્યાલે તેને કેટલું દુઃખ ઉપજ્યું હશે તે તેના ચ્હેરાપરથી ખુલ્લું દેખાઇ આવતું હતું. "ભીખારી! યા ખુદા હું એક ભીખારી!" એટલું બોલી તેણે પેલી સીલીંગ તરફ જોયું. "ત્યારે જો હું ભીખારી નહીં હોઉં, તો હાલ તુરત છેઉં કોણ? દીકરા ડેસમન્ડ, તારી મગરૂરીને તારી ઉપર ફાવવા દેવાનો આય વખતજ નથી. હમણાં તું તે છોકરીની પુઠે દોડી તેને તે શીલીંગ પાછી આપવા જતો હતો, નહીં? ને તારી મગરૂરી સાચવવા તું બીચારીનું અપમાન કરવાને તૈયાર હતો? નહીં, તેવું કાંઇ કરતો ના. તારી મગરૂરીને ને આય શીલીંગને તારાં ગજવામાં મુક" અને એમ બડબડી તેણે તે શીલીંગ ગજવાંમાં મુકી "પણ, એવી એક સારાં નસીબનીજ વાત કેની? એ રીતે મારી તીજોરીનું તળ્યું આજે તાજું નહીં થયું હોતે તો આખી રાત મને આય કોરી જમીનપર સુવું પડતે નહીં તો રખડ–રખડ કર્યા કરવું પડતે. હવે આય શીલીંગના જોરે કોઇ દારૂનાં પીઠાંમાં એકાદ બાંકરો તો મેળવી શકસ!"

આ વિચારથી જાણે તેને કેવોએક સંતોષ ઉપજ્યો હોય તેમ તેનો ચ્હેરો ખુશાલીથી ખીલી નીકળ્યો.

"'થર્લ'? તે તો અંહીંથી ત્રણ માઇલ છે' એમ તે છોકરી

બોલી હતી અને તેના બોલવાનો કેવો મીઠો અને મધુર અવાજ? ખરેખર, એક ઉંચ તોખમની નેકબખ્ત બાનુનોજ અવાજ તે હતો! ત્રણ માઇલ! બાપરે, કોણ ચાલે? મારા તો ટાંટયામાં ટાટયો ભેરવાઇ જાયછ! અહીં કાંઇ નાનાં ભથ્થારખાણાં નથી? ત્યારે આગળ ચાલુ મુકું કે જરા પાછો ફેરો ખાઇને તેવી એકાદ સુવાની જગ્યા શોધી કાઢું? મારા તે ફરેસ્તાની શીલીંગને એ નક્કી કરવાનું સોંપું તો કેમ? જો 'છાપ' પડે તો પાછળ હઠું ને 'કાંટો' પડે તો આગળ ચાલું" એમ બોલી તે શીલીંગના સીક્કાને તેણે હવામાં ઉછાળ્યો. "આહ! છાપ! ચાલ, દીકરા, પાછળજ હઠ!"

પ્રકરણ ૨ જું.

તેટલાં, તે છોકરી તે જવાન આગળથી ચાલી જઇ જમણા હાથપરની એક આખી ગલી વટાવી સામેનેજ મુખડે આવેલાં એક સમકલાં નાનાં મકાનમાં દાખલ થઇ. તે બંગલારોકું મકાન જો કે નાનું હતું, મગર, તેનો માલેક માતબર હતો, જે તેમાંનાં રાચરચીલાં અને શોભીતાં નવાં ફરફરનીચર પરથી ખુલ્લું દેખાઇ આવતું હતું. ઘરમાં દાખલ થઇ વરંડાપરની જમની બાજુના ઓરડાનું અળગું બંધ કીધેલું બારણું હળવેથી તેણીએ ઉંઘાડયું અને મીઠાં ગાયણના સરોદે તેણીએ અંદર ડોકાવી પુછયું.

"પપા, છેવો કે?"

અને જવાબમાં ઠીંગણાં કદનો અને ચબરાક ચ્હેરાનો એક મર્દ જે ત્યાંની એક તેબલપર કાંઇ કાગળ્યાં તપાસતો બેઠો હતો તેણે ચોંકીને બારણાં તરફ જોયું.

"હું અહીં છેઉં, કેટ" તે બોલ્યો "કેમ કાંઇ કહેછ, દીકરા? તું એટલી અચબુચ બોલી કે હું તો ગભરાઇને મરીજ ગીયો." તેણીનો

સાદ સાંભળી જે તે ચોંકયો હતો તેને નિરદોષ રૂપ આપી તે બોલ્યો.

"હું દલગીર છેઉં પપા, કે મેં તમુને ગભરાવ્યા, પણ હું હમણાં એમ કહેવા આવી કે વોરનરવાલાંઓ મને પોતાને ત્યાં હમણાં રાત્રે સાથે જમવા બોલાવેછ—મેં તો પપા ના કહ્યું કે તમો મારા વગર એકલા જમશો નહીં—પણ જ્યારે મેં જાણ્યું કે તમેબી કલબમાં જમવા—"

ત્યાં વળી પાછો મેજર મેડીસન—જે તેનું નામ હતું તે—ચોંકયો અને કાંઇક વ્હેમથી તેણે પોતાની દીકરી ગમ જોયું.

"તે તેં કેમ જાણ્યું? હું હમણાં કલબમાંજ જવાનો છેઉં તે તુંને કોણે કહ્યું?"

"લૅાર્ડ કારલ્યને, પપા, તેવણ મને પરેડપર મળ્યા'તા."

આ સાંભળતાં મેજર સાહેબના ચ્હેરાએ કાંઇક નરમાશ પકડી અને તેની આંખોમાં શીયાળના જેવી છુપી લુચ્ચાઇનો કાંઇક ભાસ પ્રગટી નીકળ્યો, જે કાંઇ તે નિરદોષ બાળાના જોવામાં આવ્યો નહીં અને જોતે તો પણ તે પ્રકાશ ત્યાં શા કારણે હતો તે તે સકુમારી કોમળાંગી સમજી શકતે નહીં.

"અં: ત્યારે લૅાર્ડ કારલ્યન તુંને મળ્યા, દીકરી? ને—ને તેવણેજ તુંને કેહ્યું કે અમો બેઉ આજે રાત્રે કલબમાંજ ડીનર લઇશું? મારો તો વિચાર નહીં હતો દીકરી, પણ હવે, જ્યારે હું આવસજ એવો વિચાર તેવણે બાંધીજ લીધોછ, તો શું કરૂં? જવસ."

"ત્યારે તમારો વાગો તૈયાર કરૂં?" એટલું પુછી, પોતાના બાપના જવાબની રાહ જોયા વગર, બારણું પાછું બંધ કરી તે છોકરી જવા કરતી હતી તેટલાં તેણીને અટકાવી તે મેજર સાહેબે પુછ્યું—

"જરા, થોબ, દીકરી, લૅાર્ડ કારલ્યને તારી સાથે બરાબર વાત કીધી કેની?"

"બરાબર? વળી બરાબર વાત નહીં કરે તો કેમ કરે? તમે

પુછોછ કાંય?"

"નહીં, અમથો; એમ પુછીને કાંઇ હું એમ કહેવા માંગતો નથી કે લૉર્ડ કારલ્યન કોઇ સાથે સભ્યતાથી વાત કરતોજ નથી—પણ—પણ, તારી આગળ તેવણ ઘણોવાર થોભ્યા કેની."

"નહીં, અમથી ખબરઅંતર પુછીને ચાલતા થયા. સાંજે જરા સરદીબી હતી કેની?"

"હા, હા, બરાબર" પોતાની સામે મુકેલી બતી તરફ જોઇ મેજર બડબડયો "ઘણો મજેહનો જવાન છે! ને એનામાં જરાબી મગરૂરી કે મોટાઇ નથી! ને તું માનશે—"

"પણ, પપા, લૉર્ડ કારલ્યનમાં મગરૂરી ને મોટાઇ હોવીજ જોઇયે? કાંય હોય?"

"તું હજુર નાદાન છે, દીકરી, અમીરના ખેતાબવાલાઓ મોટે ભાગે મગરૂર અને તુંદ હોય છે—અને તેવણ તેમ નથી એ સારી વાત છે અને વધારે સારી વાત તો એમ કે પોતાની ગરીબી હાલતમાંથી હમણાંજ આય માતબર અને માલેતુજાર હાલતમાં એવણ આયાછ, તે છતાં તકોબરી એવણમાં જરાબી નથી. ઘણા પૈસાવાલા છે જો? પચીસેક હજાર પાંઉન્ડ તો તેવણનું વરસ દહાડે ભાડું આવતું હોસે—કદાચ વધારે હોસે પણ ઓછું નહીં, ને એવણે જો અહીં આપણાં સેન્ડફર્ડમાં જો બેઠક મારી તો સેન્ડફર્ડનું નસીબ ખુલી જવાનું. મેં સાંભળ્યુંછ કે એવણ અહીં પેલું 'લીડકોટ' વાલું મકાન ખરીદવાની તજવીજ કરેછ."

"મનેબી કાંઇક એવણે તે બાબે કેહ્યું ખરૂં, પણ અમે દર્યાની છેક નજીક ઉભેલાં હતાં ને મોજા એવા જોરથી કીનારે અફળાતા'તા કે મને તેવણ શું બોલ્યા તે કાંઇ બરાબર સંભળાયું નહીં, પપા, ને એવણ બીચારાની જરા જબાં અચકેછ, નહી વારૂ?"

અહીં જરા મેજરનાં ભવાંનો ચીલ્લો ચઢયો.

"એવણની જામાં અચકેછ? નહીં, મારી સાથે એવણ આટલી વાતો કરેછ, પણ મેં તો એ ખામી કોઇ દહાડે માર્ક નથી કીધી! દીકરી કેટ, તુંને એમ કાંઇ લાગ્યું હોસે યાતો તારા જેવી એક જવાન અને ખુબસુરત છોકરી સાથે વાત કરતાં તેવણ કાંઇક શરમાયા હોસે તેથી એમ હોસે."

તે 'જવાન અને ખુબસુરત છોકરી'એ આનો કશોજ જવાબ કર્યો નહીં, પણ મુંગી મુંગી પોતાનાં 'ગ્લવ્ઝ' કાઢતી બારણાંમાં ઉભી.

"ત્હારે, હું પપા વોરનરવાલાંઓને ત્હાં જાઉં કેની?"

"અલબત, કાંય નહીં? ને હા, હું કહેતાં તુંને ભુલી ગીયો દીકરી કે આય અઠવાડયાંમાં એકું દાહાડે મને લૉર્ડ કારલ્યનને અહીં જમવા તેડવાના છે."

"જમવા—અહીં?"

"હા, અહીં; કાંય નહીં?"

"પણ આપણે, લૉર્ડ કારલ્યન જેવાં આસામીની મેનીજજ કેમ કરી શકશું?"

"નોનસેન્સ—બીચારો એ એવો છે કે એને કાંઇ ભપકો સપકો જોઇતો નથી. એણે જેટલું ખાધુંછ ને મજાહ કીધીછ તેટલું આપણે જોયુંબી નહીં હોસે."

"આપણે મેરીને કેહીશું તે બીચારી પોતાની શક્તિ માફક તૈયાર કરશે."

"મેરી! હા, તેબી કરશે, પણ તુંબી જરા હાથ લાગવા લાગશે ત્યારેજ બધું પાર ઉતરશે, દીકરી, ને લૉર્ડ કારલ્યન જ્યારે આપણાં જેવાંને ત્હાં આવેછ તો તેની બનતાં સુધી કયા રીતે મેનીજ કરી તેને ખુશી રાખવો તે મેરી કરતાં તારે તેની વધારે કાળજી કરવી ઘટેછ, ખરૂં કેની?" એમ બોલી તે પોતાની જમણી આંખ ચુંચી કરીને હસ્યો.

"હા, પપા, તેવણુને સોહોવાય તેવું આપણે બનતાં સુધી કરશું" તે બોલી.

"ઠીક છે, જા, ત્હારે સીધાર."

અને તે ઓરડાનું બારણું પાછું બંધ થતાંજ જે એક ચીઠી કેટે તે બારણું ઉંઘાડયું તે વખતે મેજરે વાંચવા હાથમાં લીધી હતી અને જે તે બારણું ઉંઘડતાં તેણે એક બાજુએ ઠેસવી દીધી હતી તે પાછી લઇ તે ધ્યાનથી વાંચવા બેઠો. તે ચીઠી આ રહી:

"**વ્હાલા મેજર**-આપણા વચ્ચે થયલી ગોઠવણની આથી
"યાદ આપું છું. હું પોતે તો ખુશી છેઉં; પણ મીસ કેટનું મીજાન
"મને બરાબર નથી લાગતું. તમે તેથી જરા કેઠેનું ઢીલું ઇસ્કોરૂં
"તાઇટ કરો તો સારૂં અને કેવાં ઈસ્કોરૂં કેમ અને કેટલાં તાઈટ
"કરવાં તે તમો સારી પેઠે સમજતા હોવાથા, એ કામ તમારે માટે
"તો ઘણું સ્હેલ છે. આજે આપણે કલબમાં સાથેજ જમસું એવી
"મારી મરજી છે.

"**કારલ્યન.**"

"ઇસ્કોરૂં તાઇટ કરૂં! બેવ્યા, બેશરમ! પણ એ કહેઇ તેબી ખરૂં છે. કેટ હાલ તેને ધિક્કારતી નથી તો સ્હેજ વખતમાં ધિક્કારતાં શીખસે. ઇસ્કોરૂં તાઇટ કરૂં—મુરખા! જાણે ઇસ્કોરૂં તાઇટ કીધાથી એનો રસ્તો મોકળો થઇ જવાનો ને કેટ એની થઇ જવાની! નહીં, મારા વ્હાલા કારલ્યન, કેટને હળવેથી પસવારીને—પટાવીને ચલાવવી પડશે; તેને જો પરાણી ભોકીને હાંકવા ગીયા તો તમે તેને સીધે રસ્તે ચલાવી રેવ્યા." તે ઉપલી ચીઠી વાંચી રહી બડબડયો.

એ કોણ હતો?—એ મેજર મેડીસન?

તે સેન્ડફર્ડમાં અતી જાણીતો આદમી હતો. પોતાનાં એક પુરાં બાળક કેટને લઇને ત્યાં આવી વસ્યાને દશ વર્ષ થઇ ગયાં હતાં. તે આગળ કોણ હતો અને શું કરતો હતો તે બાબે કશું ખુલાસા-વાર જણાયું નથી. ફકત જે તેના બાબમાં જણાયલું હતું તે એટલુંજ

કે તેણે ઘણી જવાન વયે લશ્કરની નોકરી તજી દીધી હતી, પણ ત્યારે, સેન્ડફર્ડ ખાતે આવી વસ્યા અગાઉની તેણે પોતાની રીટાયર્ડ જીંદગી ક્યાં અને કેવી રીતે ગુજારી હતી તેની કશીબી નોંધ નથી. એક બે વાર વ્હીસ્કીના ત્રણેક પેગ પછી તેના મોંહમાંથી નીકળેલા બોલથી તેની સાથે બેસનારાઓને જાણવાને બની આવ્યું હતું કે તે અમેરીકામાંબી વસી આવ્યો હતો અને નિવેડાબી જઇ આવ્યો હતો, પણ વ્હીસ્કીનાં ગ્લાસની ગેરહાજરીમાં એ બે નામો વિશે કોઇબી દીવસ મેજરે ઇશારો વટીક નહીં કરેલો હોવાને લીધે એ બે નામો સાથનો તેનો સંબંધ અંધારાંમાંજ રહયો હતો. વળી સેન્ડફર્ડ ખાતે જે વખતે તે આવ્યો હતો તે વખતે તેની હાલત ઘણી ગરીબ હતી, અને હાલ તે ઘણી સારી હાલતમાં હતો એબી ખરૂં હતું, પણ તેની એ હાલત શાને આભારી હતી તે વિશે તેણે ખુલાસો કરવાના અખાડાજ કીધા હતા, અને જ્યારે બે ત્રણ તેના ખાસ દોસ્તોના એ બાબેના સીધા સવાલોના પાધરા જવાબો આપ્યા સિવાય તેનો છુટક નહીંજ રહયો ત્યારે "એક માતબર સગો" પોતાનાં વિલમાં તેનું નામ પાડી ગયો હતો એમ તેણે ટીંગડું માર્યું હતું!

એ ઉપરથી ત્યારે તેના દોસ્ત આશનાઓ અને તેનાં ઓળખીતાં પાંળખીતાંઓ એમજ લઇ દોડયાં કે મેજરને વારસો મળ્યો હતો. અને સેન્ડફર્ડવાલાંઓને હાલ તુરત એવા મેજર, કરનલ કે જેનરલોની કનવાર કરવાની ફુરસદજ ન હતી, કેમકે, તેઓનું બધું ધ્યાન હાલ તુરત તેઓ વચ્ચે આસ્માનપરના તારાની માફક ઉડી આવેલા લૉર્ડ કારલ્યન તરફ લાગી રહ્યું હતું. જેનરલો, કરનલો, મેજરો અને કેપટનો તો ત્યાં એટલા ઉભાઇ જતા હતા કે તે ગામની વચ્ચોવચમાં ઉભા રહી એકાદ પથરો અટકળે ધુમાવે તો તેઓમાંના કોઇને ને કોઇને પણ લાગ્યા વગર રહે નહીં, પણ તેઓ વચ્ચે એક અર્લ એટલુંજ નહીં પણ જવાન, કુંવારો વર્ષ દાહડે લગભગ પચીસ હજાર

પાઉન્ડની આવકવાલો, બીજે ગર ગામડે બે ચાર ધણ્યાતા મોટા બંગલા, અને લંડનનાં પાર્ક લેનમાંના મેહેલનો ધણી જેવો એક અર્લ કોઇ દાહાડે આવી ચઢશે એવું તેઓને સ્વપ્નેબી ન હતું. એટલું ખરૂં કે લૉર્ડ કારલ્યન બુબખ જેવો હતો અને તેનામાં-ઉપર કહેલાં સિવાય-એવું બીજું કશું ન હતું કે તે ડાહ્યા પકકાઓનું ધ્યાન અને વાખ-વાખી પોતા તરફ ખેંચી શકે, પણ તે એક અર્લ હતો તેજ માત્ર સેન્ડફર્ડવાસીઓને માટે બસ હતું, અને જ્યારે 'લીડકોટ' ને નામે ત્યાં ઓળખાતું એકનું એક મકાન તે જવાન અર્લે ખરીદવાની વાત સૌને કાને આવી ત્યારે તેઓ તો એવાં અજાયબીમાં ગરકાવ થઇ ગયાં કે તેઓએ ચાહ્યું કે થોડીકવારબી પગને બદલે માથાંએ ચાલવાનો ઇલમ તેઓને માલમ હતે તો અર્લે તે મકાન ખરીદી સેન્ડફર્ડને પોતાનું કાયમનું મથક બનાવાની ખુશાલીમાં એક આખો દાહાડો નકકી કરી તેઓ પગ ઉપર કરીને માથાંએ ચાલતે?

તેટલું બધું તો કરવાની તેઓમાં શકતી ન હતી, મગર, કરનલો અને જેનરલોએ તેને પોતાને જમવા બોલાવ્યો અને તેવાં ડીનરોની તેની ઉપર એટલી તુટાતુટ પડી કે જેટલા દીવસ તે ત્યાં રહયો તેટલા-માંના એક દીવસે પોતાને મકાને પોતાના પૈસાનું ડીનર તેણે નહી ખાધું હશે, એમ જો હું કહીશ તો તે મેહેરબાની કરી સરાધાત તરીકે તમો હસી કાઢશો નહી, અને પરણવા લાયક છોકરીઓની માયો! તેઓને તો તમે ઓળખોછો કેની? તેઓ તો તેની ઉપરથી ઓઢઇ પંથરાઇ ગઇ અને જ્યાં તે મળે ત્યાં હસીહસીને 'વ્હાલા લૉર્ડ કારલ્યન' કહી તેને વ્હાલથી બોલાવ્યા વગર ચુકતીઓ નહીં. અને ત્યારે કુંવારી છોક-રીઓ? તેઓનેબી તમે જાણોછો કેની? નહીં? ત્યારે તમારા સંસારમાં તમારી આસપાસ શું બનેછ? તેઓને આજ કાલ પોતપોતા વચ્ચે વાત કરવાની બાબદ-લૉર્ડ કારલ્યન સિવાય-બીજી હતીજ કયી? હા, પણ, હું ભુલ્યો! એ કુંવારી છોકરીઓમાં માત્ર એક, આટલાં ભરચક

વસાયલાં ગામમાં માત્ર એકજ અપવાદ હતી જેની ઝુંટીનેબી લૉર્ડ કારલ્યનની પરવાહ કે દરકાર હતી નહીં અને તેબી વળી કોણ? એ લૉર્ડ સાહેબના ઘણાજ અતલગના અને માનીતા દોસ્ત મેજર મેડીસનનીજ દીકરી કેટ!

પ્રકરણ ૩ જું.

મેજર સાહેબ ફુલ ઇવનીંગ ડ્રેસમાં કલબમાં જઇ પ્હોંચ્યા કે ત્યાંનીજ એક તેબલ આગલ મોંહમાં શીગાર અને હાથમાં શેરી અને બીટરનું ગ્લાસ લઈ અરડાઇને બેઠેલો એક જવાન ઝટ ઉઠીને તેની આગળ હસતે ચ્હેરે ધસી આવ્યો. તે દેખાવમાં ખભાં આગળથી વાંકો વળેલો, કાંઇક કઠોર ચ્હેરાનો અને ચાલતી વખતે જાણે તેને પોતાના પગના ગુરાપર વિશ્વાસ નહીં હોય યાતો ચાલતાં તેનાં પગનાં ગુંથણ ફરી જવાની તેને ધાસ્તી હોય તેમ તે ચાલતો હતો.

"ઓહો, કારલ્યન! તમને મેં ઝાઝા ખોટી તો નથી કીધાની?"

"જરાબી નહીં, શેરી ને બીટર લેશો, મેજર?"

"નહીં, દોસ્ત, થેંક યુ" મેજર બોલ્યો "જયારની મને લીવર કમ્પલેન્ટ છે ત્યારથી હું દારૂની અડાસે જતો નથી ને હવે—"

"તો ચાલો હવે જમવા બેસ્યે, જોઇયે ત્યાં તે લોકે શું તઇયાર કીધું છ" લૉર્ડ સાહેબ મેજરનાં પીંજણને ટુકડેથીજ ડાહામી તેને અંદર લઇ ગયા અને મુગા બેહેરાના ફાર્સની માફક 'ડીનર' ચાલ્યું, પણ પછી તેજ ઓરડામાંથી બીજા જમવાવાલાઓ ઉઠીને ચાલતા થયા કે મેજરે લૉર્ડ કારલ્યન આગળ પોતાની ખુરસી ખેંચી અને તેને કાને લાગી તે બોલ્યો.

"પેલી ચીઠીને વાસ્તે, કારલ્યન, હું કંઈ તમોને પુછવા માંગું છ."

"ચીઠી! હા, પેલી મેં તમુને લખેલી તે?" જાણે તે વાત પોતાનાં ધયાનમાંથી ઉતરી ગઇ હોય તેમ તે ઉમરાવ ઢોંગ કરીને

બોલ્યો "તમુને તેમાંની બાબદ બરાબર સમજ પડી કેની?"

"અરે તેતો સમજ પડી, પણ-પણ—"

"જોવની મેજર, મારે જે જણાવવું હોય તે લખીને કેમ જણાવવું તે મને બરાબર આવડેછ" તે ઉમરાવજાદો હવે કાંઈ ભવાં ચઢાવીને બોલ્યો. "આય તમારી છોકરી મને જયાર ત્યાર નો કોહાં કરેછ ને 'ચાલો હઠો-બાજુ જાવ' એવી ઢપે મારી સાથે વરતેછ તે મને બીલકુલ પસંદ નથી. તેનું શું કારણ વારૂં?" તેણે ચમ્પીનની બાતલી લઇ પોતાના ગ્લાસમાં તેમાંથી ઘર ઘર નાંમીને પુછ્યું.

"મારા વ્હાલા કારલ્યન, એવો કાંઈ તમુને વ્હેમ હોસે વ્હેમ."

"વ્હેમ? ત્યારે શું હું વ્હેમમાં અટવાઉં એવો અનાડી કે એ વકુફ છેઉં? નહીં, તે-એ ભરોસે તમે રહેતા ના, મેજર, જયારે બી તે મને મલેછ તો જરા મારી આગળ ઉભી નથી રહેતી તો નહીં, સેકીન બી કરવા હાથ નહીં લાંબો કરતી કે માત્ર ડોકીબી મને નથી કરતી. હું જાણે પ્લેગ કે શીતલાનો રોગ હોઉં તેમ મારી આગળથી તે નાહસેછ! આજેજ સાંજે મને પરેડ પર એ છોકરી મલી તો નહીં જરા મારી આગળ થોભી કે નહીં મને—"

"આજે સાંજે! જરા થોભો, હું યાદ કરૂં-હા, બરાબર, જુવો-ની મેં એને મારાં કાંઈ કામે મોકલી'તી ને મેં તેને ઝટ દોડતી આવ-વાની ખાસ ચાંપીને તાકીદ કીધી'તી, બાકી, 'મારી એ દીકરી એવી ગરીબ, ગરવી અને કહ્યાગરી —"

"મેજર, તમારી ઉલગબરડી અહીં નહીં ચાલશે, કેમકે, એવી હીંગડ-હાંગડથી હું છેતરાવાનો નથી, નહીંજ! લેવો, હવે ચંપીનની બા-ટલી આય ભુખરીબારસ કલબમાં નથી-આપણે વ્હીસ્કી સોડા લઇયે તો કેમ?"

"વ્હાલા લૉર્ડ કારલ્યન, એ શું ડોહોચાણુ? શેરી ને બીટર,

પછી ચંપીન, ને વળી વ્હીસ્કી સોડા! એ બધું આબર ગુચર કાંઈ ઈનિસાનને જરે?"

"ત્યારે, પાધરૂં પાધરૂં એમ બોલોની કે તમો મુરંબીને ચંપીન-નોજ ચષ્ટો છે!"

"નહીં, નહીં, મને માફ કરો, મારે વાસ્તે હું કહેતોજ નથી. મને તો—"

"ખરેખર! ત્યારે મને તો વ્હીસ્કી સોડા ચાલશે." તે બોલ્યો, અને મેજર સમજતો હતો કે આય બધાં એનાં ટાહેલાં તે ઉમરાવ કરતો હતો. "હવે હું જે જાણવા માંગુંછ તે એજ છે કે આપણા વચ્ચેની ગોઠવણ હજી અમલમાં છે કે તે ફાસફુસ થઇ ગેઇછ? જુવો, જેમ ખુલ્લાં દીલથી હું આય બધું બોલુંછ, તેમ આપણા વચ્ચેની તે ગોહવણ ભાંગી પડી હોય તો દાઢમાં વાગોળ્યા કરવાને બદલે મને સાફ સાફ કેહી દેજો! પ્હેલાં તો તમારે જાણવું જોઇયે કે એ ગોઠવણ કરવા માંગનાર હું નહીં, પણ, તમે પોતેજ હતા. તમે પોતેજ મને કહ્યું'તુની કે તમારી દીકરી કેવી ગરીબ ને મજાહની છે ને તેનું મારી સાથે ગોહવાઈ જાય તો તમે કેવા સદાના નચીંત અને ન જોખવા પડી જાવો, ને તે વિચારો તમારા જો આજે નહીં હોય—"

"પણ તમુને ના કયો નાપાક સેતાન કહેછ? હા, એટલું છે, મારા વ્હાલા લૉર્ડ કારલ્યન કે કેટ બીજી સાધારણ છોકરીઓના જેવી તો નથીજ. તે જરા વધુ ધરખમ, વધુ શરમાળ અને વધુ ઓસકવાલી છે, કે જે ગુણો એની ઉંમરની દરેક છોકરીમાં અવસ્ય હોવાજ જોઇયે! ને તે ગુણોનો તમુને આજ સુધી જો અનુભવ નહીં થયો હોય તેથી તેને તમારે બદનામ કરવી જોઇતી નથી. નહીં, મારા વ્હાલા લૉર્ડ, તેથી તમારે એમ નહીં ભુલવું કે તે મગરૂર છે, મીજાસી છે યા લાગણી રહીત છે. તેને બાપ તરીકે હું જાણુંછ કે તે તેવી નથી તેમ વળી પોતાની લાગ-ણીને ધડાક દેતી રસ્તો આપી ભર રસ્તામાં ટાંઉં ટાંઉં કરવા જેવીબા

નથી ને વળી એ કાંઇ—"

"જો, મેજર, ફરીથી તુંને કેહુંછ કે એ બધી સીફારસ ને તારો સીપલાત તારી પાસે રહેવા દે. તું ગજના ગજ ભરશે પણ તેને હું એક તસુબી ગણવાનો નથી. મારે ફકત એટલુંજ જોઇયેછ કે મારી સાથે સાફ સાફ વરતજે. બોલ એ મારી સાથે પરણવાની છે કે?"

"એમાં સવાલ શું? પ્હેલી એ વાત તો મેંજ તમો લૉર્ડ સાહેબ આગળ છેડી'તી. તમેતો મને પ્હેલે નાનું નાજ કેહ્યું, પણ, મેં તકરાર લીધી કે એ સગાઈ આપણા વચ્ચેનો સંબંધ મજબુત કરશે ત્યારે જેમ તેમ તમે હા કેહી."

"બરાબર છે, ને તે સગઇ થશે તો 'જેસે કુ મીલે તેસે'ની કેહવત ખરી પડશે, કેમકે, તમે કાંઇ પછી તમારા પોતાના જમાઇનેજ તેનેથી થઈ ગયલી કોઇ ભુલને માટે ફસાવવાના હતા?"

"મારા વ્હાલા લૉર્ડ, તમે જરા આજુબાજુ જોઇ તપાસી ને બોલો" મેજરે એમ તેમ નજર ફેરવી તેને ચેતવણી આપી "તમે બરાબર મારા વિચારોનોજ પડઘા મારોછ."

"અરે તેથી કાંઈ હું બીહુછ કે? ને મને તેની પરવાહબી નથી. વાત એમ છે મેજર, કે પ્હેલે તમારી દીકરી તરફ હુંબી જરા બેદરકાર હતો, પણ જેમ જેમ તેને હું વધારે ને વધારે જોતો ગીયો તેમ તેમ તેની તરફ હું ખેંચાતોજ ગીયોછ ને તેથી હું જાણે કોઇ વટાવમાંજ હોઉં તેમ તમો મારી સાથે વરતો તે મને પસંદ નથી."

"બરાબર છે, ને આય બાબદમાં તમારી લાગણી કેવી છે તે હું સમજુંછ ને તેથી તેની હું બરાબર કદર કરૂંછ, મારા લૉર્ડ, પણ આપણી બેઉની ધારેલી મુરાદે પુંગવા સારૂં આપણે બહુજ હુસ્યારીથી અને ધીરજથી કામ લેવું જોઇયે છે. એક જવાન છોકરી—ખાસ કરીને કેટની દપની છોકરીના ફાંટા તરહેવાર હોય છે અને તેને પુગી વળવાને વખત જોઇયે. મારા વ્હાલા દોસ્ત તું એ બધું મારી ઉપર છોડ—મારી ઉપર

તું વિશ્વાસ રાખ ને જો હું બધું કેવું રામબાણ પાર ઉતારૂંછ! આજ સુધી તેં મારી ઉપર મુકેલા વિશ્વાસનો કોઇબી દાહડે ભંગ કીધોછ?"

"નહી, પણ મારી સાથે તેમ તમો ચાલ્યાછ તો તેની તમુને કીંમતબી મોહ માંગતી મળીછ કેની?"

"ત્યારે મારી દીકરી કાઉન્ટેસ ઓફ કારલ્યન થાય તેથી મને કેટલો ફાયદો છે તે હું નથી સમજતો?" મેજર બોલ્યો "ચાલ, દોસ્ત, હવે ઉઠયે ને મેં કેહ્યું તેમ તું બધું મારી ઉપર છોડ-ખરૂં કેની? તારાં ધયાનમાં વાત ઉતરેછ કેની? લે, ચાલ બાહાર જઇને જરા શીગારની મોજ ચાખ્યે."

પાંચ મીનીટ બાદ, જોડીની ગાડીમાં લૉર્ડ કારલ્યન પોતે પોતાના હોટલમાં ગયો અને મેજરે પોતાનાં ઘર તરફનો રસ્તો લીધો.

"મુરખો તો તે છે, પણ, જયારે એકાદ પેગ કે ગ્લાસ વધારે થાયછ ત્યારે તો તે કડિયત એવો બનેછ કે પુછોના." રસ્તે ચાલતાં તે બડબડયો "મેં જે તેની સાથે સાટું ઠોકયુંછ તેમાં હું ફાવસ કે? ને-ને એ સદા એમજ રહેશે કે? કે વળી કોઇ મુવો જીવતો-પણ છટ, એ ગધેડા સાથની વાતચીતે મને બીહીકણ બાયલો બનાવી મુંકયોછ. બધું સલામત છે-એને ફકત હીલાવનાર એકજ છે ને તે તો—"

એમ બોલતો તે પોતાનાં મકાન આગળ આવી પુગ્યો અને જેવો તેણે તેનો બહારનો દરવાજો ઉઘાડવા તે ઉપર હાથ મુકયો કે કોઇયે વળતો પોતાનો હાથ તેનાં ખભાંપર મુકયો. મેજરે પાછું ફરીને જોયું અને તે ચોંકયો. ફ્રેન્ચ બીયર્ડવાળો એક ઉંચો ખુબસુરત જવાન તેની સામો ઉભો હતો, અને તે જીવતા જાગતા જવાનને બદલે હાલ મેજરની સામે ઉભેલો તેનો ભુતબી હોતે તો મેજરનો ચ્હેરો જે રીતે હાલ-ફીકકો ફચ મારી ગયો હતો તે કરતાં વધુ ફીકકો નહીં મારી જતે, એટલુંજ નહીં પણ ઝાડનાં એક પાંડદાની માફક તે ધ્રુજવા પડયો.

"યા ખુદા!" તે બોલી ઉઠ્યો "એ કોણ? ડેસમન્ડ!"

"તારી જીંદગીમાં જો તું કદી સાચું બોલ્યો હોય, મેજર, તો તે હમણાંજ તું બોલ્યો." તે જવાને તેને કહ્યું "હા, મારૂંજ નામ ડેસમન્ડ! તું કેમ છે?"

———:૦:———

પ્રકરણ ૪ થું.

"ડેસમન્ડ!" તે મેજર ફરીથી બોલ્યો અને જાણે પોતાને તુટી પડતો અટકાવવા તે દરવાજાને પકડી હરણફાળ ચ્હેરે-પંજો ઉંચકી ઉભેલા વાઘ સામે તેનો ભોગ જેમ ઉભો રહે તેવી અદાથી-તે જવાનને જોતો ઉભો.

તે જવાન પોતાની કદાવર ઉંચાઇયેથી એક સાધારણ કદનો છો-કરવાદી જવાન જમીનપર સરવર સરવર કરતા કીડાને જે તોરથી નીહાળે તેજ તોરથી તે કંગાળ કમીના ઇનસાનને જોતો તેની સામે ઉભો રહ્યો.

"તમે મેજર ખરેખર અજબ થયા, ખરૂં કેની?" તે બોલ્યો "કેમકે તમે મને ફરી આ ધરતીપર જોવાની આશાજ નહીં રાખેલી, કેમ?"

"હા, હા, હું અજબ તો થયોછ ખરો, પણ ડેસમન્ડ, હું તુંને ખાતરી આપુંછ કે તુંને જોઇને હું ખુશી તો ઘણોજ થયોછ."

"હા, તે વિશે તો મારી ખુદાનાં ઘેર સુધીની ખાતરી છે-તારાં મોંહપરજ ખુશાલી પ્રગટી રહીછ તે જોવાને મને આંખ નથી?" તે હસીને બોલ્યો, અને તેનું તે હસવું એવું કઠોર હતું કે તેનાં તે હસવાનાં કરતાં તે જવાને તેને એકાદ થોબરાક ખેંચી કાઢી હતે તો મેજરને તે વધારે ગમતે. "તમે, મેજર, ત્યારે અહીં રેહોછ કે?"

"હા હા, થોડા વારને વાસ્તે હાલ તુરત તો હું અંહીંજ આવીને

રેહયોછ."

"ઓહ! ને આય બંગલામાંજ કે?"

"હા."

"ઠીક, ત્યારે તો આપણે અંદર જઇને બેસ્યે તો કાંઇ અડચણ છે?"

"જરાબી નહીં, હું હમણાં તમુને તેજ અરજ કરવા જતો'તો, મારા વ્હાલા ડેસમન્ડ, પણ ખરી વાત એમ છે કે તમોને એકાયક જોવાની પ્હેલી હુરોલની અજ્નયબીને લીધે મારી તે ફરજમાં હું ભુલ્યો હોઉં તો મને માફ કરજો." એટલું બોલી શેકહેન્ડને માટે તેણે પોતાનો હાથ લાંબો કીધો, પણ ડેસમન્ડની કોણ જાણે શૉર્ટ શાઇટ હોસે કે શું તે તેને તે હાથ જાણે દેખાયો નહીં હોય તેમ તે ઉભોજ રહયો અને ઘર તરફ ડોકી હીલવી તે બોલ્યો—

"ચાલો અંદર જઇયે, કેમકે, હું ઠંડીએ અકડી ગીયોછ."

મેજર આ ઉપરથી પ્હેલો અંદર ચાલ્યો અને તેને લઇને ડાઇનીંગ રૂમમાં તે દાખલ થયો.

મેજરે પોતાની ટોપી કાઢી અને કપાળપર ફુટી નીકળેલાં ઝરાં નુછ્યાં. તે જવાન તો ત્યાં મુકેલી એક સાઇડ બોર્ડને ટેકી ઉભોજ રહયો.

"મારા વ્હાલા દોસ્ત, તેં તો મને બીધરાવીને મારીજ નાંખ્યો, હો! પણ, ચાલ કાંઇ નહીં, તુંને જોઇને હું ઘણો ખુશી છેઉં—વારૂ મારૂં ઠેકાણું તુંને કેમ મળ્યું? મારૂં સરનામું તુંને કોણે આપ્યું?"

"તે મને કોઇયે આપ્યું નથી. તમુને અહીં, આય બંગલાના દરવાજા આગળ મેં જોયા ત્હાં સુધી મને ખ્યાલબી નહીં કે તમે અહીં હોસો. એબી એક નસીબજ કેની, મેજર?"

"અરે બયું એ નસીબ ને મુવો તુંબી સાથે." મેજરે મનમાં ધાર્યું પણ બોલ્યો જુદુંજ:

"ખરેઅર, કેવો શુભ સંજોગ! ને, દીકરા તું અહીં શું કરેછ?

દોસ્તોની સાથે ઉતરી પડયોછ કે?"

"નહીં, બાપુ, મારા કોઇ અહીં દોસ્તોબી નથી ને અહીં હું રહેતોબી નથી. એતો જરા અહીં હું આપણે નીવેડામાં કહેતા હતા તેમ હવા ધોરવા આયોછ."

"ચાલ, ડેસ ત્યારે મને તારી બધી હકીકત કહે, દોસ્ત, તે સાંભળવાને વાસ્તે મારો જીવ તડપી રહયોછ."

"હા, બેરાદર મેજર, મારે કહાં ના છે?"

"પ્હેલે બોલ તું શું લેશે?"

"મને જરા કાંઇ પ્હેલે ખાધાનું આપ."

"ખાધાનું? હા, પણ રાંધનારી તો હવે સુઇ ગેઇ હોસે, તોબી—"

"અરે કાંઇ નહીરે, હું પોતેજ લેવસ, મને બતાવની રાંધણી કહાં છે ને બધું તાજુ તફડતું સલામત મુકી રાખવાનું પીજરૂં કહાં છે ને--"

"અરે, એમ કાંઇ હોય? મને કાંઇ તદન નગુણો તું માનેછ કે? જરા થોબ, હું હમણાં આઉંછ."

એમ કહી તે ગયો અને દશ મીનીટમાં તે પાછો ફર્યો.

"લે દોસ્ત આય ઠંડુ મટન છે ને કોઇ શીકારનું પઇ બનાવેલું છે–માફ કરજે, હું ચાહુંછ કે એથી વધુ સારી રવેશે તારી પરોણાગત કરૂં પણ—"

"અરે દોસ્ત એટલાં પરજ મારે શુક્રાના કરવા સજાવાર છે, મેજર." તે બોલ્યો અને મેજર જે લાવ્યો હતો તે ટેબલ ઉપર મુકતી વખતે જે રીતે તેના હાથ ધ્રુજતા હતા તે તરફ જોઇ તે મુછમાં હસ્યો, કેમકે તે કાંય એટલો ગભરાતો હતો તેની તે જવાનને ખબર હતી.

"ચાલ દોસ્ત, હવે પીવાનું શું લેશે?"

"ગમે તે જેવી હોસે તે ચાલશે." તે બોલ્યો અને પેલાં શીકારનાં

પઇ ઉપર એવો તો હાથ ચલાવ્યો કે જે રીતે તે બાપડાએ એક બન પાઉં ઉપર ગુજારો કીધો હતો તે જાણનારને માટે તેમાં અજબ થવા જેવું કશુંજ હતું નહીં.

"હું બીડી પીઉં તેમાં તુંને તો અડચણ નથીની?" મેજરે એક શીગાર કાઢી તેને પુછ્યું.

"તમે, મેજર, ગમે તે કરો તેમાં મને જરાબી અડચણ નથી. આમાં તમે ભાગ નહીં પાડો એટલે બસ." પેલું પઇ બતાવી તે બોલ્યો.

તેણે પેલું પઇ એવું ચુંથી પીખી નાંખ્યું કે મેજરને ખરેખરજ ફાળ પડી કે રખે તેના પોતાના હાલ આજે તેવા થાય!

"બીજું કાંઇ જોઇયેછ, ડેસ?" મેજરે તેને પુછ્યું.

અને ખાવા બેઠો ત્યારથી હમણાં પ્હેલીજવાર તે એકવારના ભુખ્યા ડાંસ પણ હાલ ખાઇને તૃપ્ત થયલા જવાને પોતાની ડોક ઉંચકી મેજર તરફ જોયું અને 'ના'નું માથું હીલવી ટેબલપર લાંબા ટાંટયા કરી ખુરસીને અઢેલી મેજરનાજ શીગાર બૉકસમાંથી એક શીગાર લઇ તે મજેહ તરેથી ફુંકતો બેઠો.

"ચાલ, ડેસ, હવે મને તારી ખબર કહે" મેજર જાણે કે જે કીસમે તેણે તે જવાનની પરોણાગત કીધી હતી તેથી તે જવાન રાજી થઇ ગયો હોવોજ જોઇયે, એટલે હવે તેની કાસલ બે પાંચ મીનીટમાં પટાવ્યે તો ઠીક! "તું કેટલો વખત થયો ઇંગ્લાંડમાં છે? તું દોસ્ત શું કરેછ? ને હવે અહીંથી કયારે ને કહાં જવાનો વિચાર છે?"

ડેસમન્ડે આ સવાલોના સામટા ધસારાનો કશોજ ઉતર કર્યો નહીં, પણ, બીડીમાંથી ધુમાડાના ગોટેગોટા કાઢતો સામેની દેવાલ તરફ ટીકતો બેસીજ રહયો. પછી, ઘણે વારે તેણે પોતાની નજર મેજર તરફ ફેરવી અને તેને જાણે આખો ગળીજ જવાનો વિચાર તે કરતો હોય તેમ હવે તેનેજ ડોળા ધુરકીને જોતો તે બેઠો.

"તું કેટલો વખત થયો ઇંગ્લાંડમાં છે? તું મેજર શું કરેછ?

ને હવે અહીંથી કયારે ને કહાં ઉઠાંગરી કરવાનો તારો વિચાર છે?"

પોતાનાજ સવાલોનાં આ 'રેપીટીશને' મેજરને વધુ તડખાવ્યો ને તે અકરવકરમાં પડ્યો, તે એટલે સુધી કે આ બંગલો તેનો નહીં ને ડેસમન્ડનો હોતે ને તે અચાનક તેના હાથમાં હાલ સપડાયોછ તેમ પોતે સપડાયો હોતે તો ઉડીને ઉભી પુછડીએ જીવને જોખમેબી તે નાહાસી જતે!

"વ્હાલા દોસ્ત, હું ઇંગ્લાંડમાં તો કાંઇ વર્ષો થયાં છેઉં, મારૂં તો દીકરા, પેનશન આવેછ કેની? ને-ને-મને હમણાં એક નાનો જેવો વારસો મળ્યો, એટલે આપણું કુર-કુર-કુર પુરૂં થાયછ."

"અંહઃ વારસો મળ્યો. તમે મેજર હંમેશ નસીબવાલાજ હતાની?"

મેજરે આનો કશોજ જવાબ કર્યો નહીં.

"હા, તમે હંમેશ નસીબ દેવીના લાડકાજ હતા, અને તે બીચારી હંમેશ મારી સામે રૂઠેલીજ હતી તે આજની ઘડી સુધી તેમ છે. પણ, તમે જાણવા માંગોછની કે હું ઇંગ્લાંડ કયારે આવી પુગો? મને આયાને સવાએક મહીનો થયો હોસે. હું શું કરૂંછ? જવાબ-કાંઇજ નહીં. કહાં જવાનો? જવાબ,-હાલ તુરત તો કેકે નહીં. કયારે જવાનો? જવાબ,-કોણ જાણે; બસ?"

ડેસમન્ડના આ જવાબોમાં કોણ જાણે એવું તે શું હતું કે તે સાંભળતાંજ મેજરનાં આખાં આંગ ઉપર ઝરાં ફુટી નીકળ્યાં, અને તે પોતાની સામે બેઠેલા શખ્સને ધિક્કાર અને દહેશતની ભેગી લાગણીથી ટીકતો બેઠો.

"કેટલાંક વરસ અગાઉ તમે ને મેં એક સાટું કીધું હતું તે મેજર તમુને યાદ છે? જો મને મારી યાદદાસ્ત ભુલાવો નહીં ખવાડતી હોય તો કેહુંકે આપણે બેઉ ભાગીદારીમાં સામેલ થયા હતા. નીવેડા ખાતે, નહીં? તે કેતરમું વરસ હતું?"

"મ-મ-મને ખબર નથી" મેજર ટ-ટ-પ-પ થઇ બોલ્યો

"મારી યાદદાસ્ત શક્તિ હવે આગળના જેવી નથી, ડેસ."

"નહીં? ખરેખર ત્યારે નહીંજ હોસે. ને જ્યારે આપણા વચ્ચે પસાર થયલો તે રસીક વખત તમો ભુલી ગયલા લાગોછ, તો લાવો, તે સંબંધી તમારી યાદ પાછી તાજી કરવા હું તમુને બધું કેહી—"

"શું કરવા એટલી તજદી, ડેસ?"

"અરે, એમાં શાની તજદી? હું બેઠોછ એવું જોઇ કે ઉઠાડે નહીં કોઇ—બે ઘડી આગલા વખતની યાદ કરીને મજાહ ભોગવ્યે, તેમાં કોઇના બાપનું કાંઇ જાયછ? ત્યારે, તમુને મેજર, ખુદા સલામત રાખે ("ને તારીપર હમણા વીજલી પડી તુંને બાળીને ખાખ રાખ કરી નાંખે!" મેજર બડબડયો) તે એક દીવસ એકાએક ઓચીંતો એક જવાન નીવેડા ખાતેની ત્રોટર્સફલાટ નામની જગ્યામાં આવી ચઢયો, જેને આજે દશ કરતાં વધુ વર્ષ થયાં હોસે. તે, જવાનોના તે વર્ગનો હતો કે જેઓ ઇંગ્લાંડમાં તરેહવાર ઢીંગા મસ્તી કરી, તરેહવાર જોખમો માંથે બેઠી, તરેહવાર જંજાલોમાં ફસી તે બધાંથી બચવા દુર દેશાવર નીકળી જાય છે. તેજ રીતે પેલો મેં કહેલો જવાન ચાંદીની ઉત્પત્તીના તે દેશમાં દોલતમંદ થવાની હોંસે ત્રોટર્સફલાટમાં આવી લાગ્યો. એ ફલાટને નામે જણાયલો નિવેડાનો ભાગ ઘણો કંગાળ છે અને તેથી વધુ કંગાળ અને કમીની ત્હાંની વસ્તી છે, અને તે બીચારાને તુરત માલમ પડયું કે ચાંદી ખોદી કાઢવાની મોનોપોલી ત્યાં ઘેરફાડુઓ, થુંક ચાટુઓ, શરત્યા, દારૂડયા, જુગાર્યા અને એવાજ બીજા સોસાયટીના ગંધાતા કીડાઓના હાથમાં લગભગ હતી."

"મારા વ્હાલા ડેસમન્ડ, એ બધી યાદ કરી જીવ કચવાવાનું આજે કાંઇ કામ છે?" મેજરે તેને પુછયું.

"ત્યારે આપણે પેલા વારતા લખનારાઓની ઢપે બોલ્યે તો આપણો પેલો નાયક ત્યાં આવો મામલો જોઇ ત્યાંથી જરૂર પોબારા ગણી જતે, પણ, ફુટેલાં કરમ તે બીચારાનાં કે તેજ વખતે તેને

ઇન્શાનના એક દુશ્મન સાથે ત્યાં ઓળખાણ પડી. તે આગળ લશ્કરમાં હોસે એટલે તે ઇનશાનનો દુશ્મન 'મેજર' તરીકે ત્યાં બધે ઓળખાતો હતો. ખાણ ખોદનાર તરીકેનાં તેણે સજેલાં કપડાંમાંથી તેનો ચાલાક અને ચબરાક ચ્હેરો પ્રગટી નીકળતો હતો. પાણાં રમવામાં તે એકકો હતો. વાત કરતો તે જાણે ૩૬૫ દીવસની ચાવીના ઘડયાલનું પેન્ડયુલમ—અને એકટર તો એવો કે તેની સાથે વર્ષો સુધી વસો તો તે બંદો જે જાહેરમાં ફીરેસ્તોજ હતો તે બાતેનમાં સેતાનનેબી શરમાવે તેવો ઇનશાન હતો તેનો તમુને ખ્યાલ વટીક ન થાય! પેલો જવાન તેના બસમાં ફસ્યો, તેણે તેની આગળ ભાગીદારીમાં કામ કરવાની યોજના રજુ કીધી. તેઓએ સાથે મળીને એક ચોક્કસ જમીનના કકડાપર કામ કરવાનું હતું અને નફો સરખે હીસ્સે વ્હેંચી લેવાનો—"

"મારા વ્હાલા ડેસમન્ડ, આય બધી વાતને તેની ગઇ ગુજરીમાંથી ઉખેડી કાઢવાની કાંઇ જરૂર છે?"

"કેમ? આટલે સુધી વારતા તમુને લુખ્ખી સુક્કી લાગી કે? જરા થોઓ, જરા વારમાં એ એવી રસીલી બનશે કે તમે મોંહ મટ મટાવીને સાંભળ્યાજ કરશો. તેઓએ કામ શુરૂ કીધું અને ઘણી હેજગારી કીધી. ખરૂંજ જો કેહું તો કોદાળી અને પાવડાનો ઉપ્યોગ તે જવાને કીધો અને મેજરે મોટે ભાગે પોતાની આંખોનો કીધો. તેવણ સાહેબનું કામ થોડું અને ધાંધલ ઘણી એવો બધો હીસાબ હતો. તેઓ ઉપર હજી નસીબ દેવી પ્રસન્ન થઇ ન હતી, છતાં, જે કકડો રોટી જોગું તેઓને મળતું ગયું તે ઉપર તેઓ બન્ને શુક્રગુજાર થયા હતા. મેજર વાતો કરવામાં એકકો હતો અને તેની પાસે વાતનો ભંડારથી અજબ હતો, એટલે સાંજને છેડે કામથી પરવારી જે ખુદાએ આપ્યું હોય તે જમી, મોંહમાં ચીરૂટ ખોસી અમે અમારાં ઝુપડાંમાં જાણે અમો બન્ને તે તરફના રાજા હોઇયે તેમ બેસતા અને ટાહેલું કરતાં થાકતા કે ગોટું મારી જતા. ટાહેલાંમાં ટાહેલું તો મુખ્ય તેજ બાબદનું હતું કે જે

આખદપર ત્યાં ચાંદીની હોંસમાં આવનારાઓ સદા ચુંથણાં પાડતા રહેછ. અમેબી તેથી અમારી ઉમેદ બર આવશે તો અમે શું કરશું તેની તરેહવાર અટકળો કરતા હતા. મેજર કહેતો કે તેની બૈરી તો છેજ નહીં અટલે તે તેની એક પુરી દીકરી આગળ ઇંગ્લાંડ જઇ ત્યાં છકકાં ઉડાવશે; ને તેનો ભાગ્યોબી ઇંગ્લાંડજ જવાની વાતો કરતો હતો, પણ તે બીચારાની બૈરી તો હતીજ નહીં અને બૈરીજ નહીં હતી તો છોકરીબી કે છોકરોબી કેમ હોય? એટલુંજ નહીં પણ તેના કોઇ દર દોસ્તદારોબી હતા નહીં અને તેનું જે કુટુંબ હતું તેની સાથે તેને બારમા ચંદ્રમાં હતા અને તેઓએ તેને ઓવાર નીવાર કીધો હતો. તે પોતે પાધરો હોતે ને તેઓનાં પાંખ પેટમાં ભરાઇને રહયોજ હોતે તો તે ત્યાં નિવેડાવેર ધકેલા ખાતો જતેજ શું કરવા? તેણે પોતાનાં કુટુંબ સાથે તેને પડેલાં વેરની વાત મેજર આગળ કહી અને મેજરે તેને ખાતરી આપી નચીંત રહેવા કહ્યું કે તે જો એક વખત કરોડપતી યા કમમાંકમ લખપતી થઇને ઇંગ્લાંડ જશે તો તેનાં તેજ કુટુંબીઓ આગળી પાછળી પોતાની મેળે ભુલી જઇ તેના પગપર સર ઝુંકાવતા દોડી આવશે—કેમ, મેજર થાક લાગેછ કે? ઠીક છે, લે જરા બ્રાંન્ડી સોડા લે—હું મીકસ કરી આપું? 'તારૂંજ ભોજણ ને તારોજ દારૂ, તું જમ મારા મેજબાન' તેમ લે તારીજ બધી જણસ ને તારી પરોણાગત હું કરૂં. તારા જેવાની પરોણાગત કરવાનું કોણનાં નસીબમાં સરજેલું હોય!"

એમ કહી તે જવાને બ્રાંન્ડી સોડા મીક્ષ કરી તે ગ્લાસ મેજર આગળ મુકયું અને પોતે થોડો સોડા પી ગળું ભીંજવ્યું. મેજરના તો હોસકોસ એવા ઉડી ગયા હતા કે તેને બોલવાનીબી શુધ્ધી નહીં હતી.

પ્રકરણ ૫ મું.

"કેમ, થાક ખાઇ રહયા? ચાલો, હવે કાંઇ વાત ઝાઝી લાંબી

રેહી નથી. એક દાહાડે એકાયક 'મેજરની કુ.' ને મોટા જથ્થામાં ચાંદી હાથ લાગી—ખરૂં કહું તો તે કુ. ના નાના ભાગ્યાએ તે શોધી કાઢી કે જે વખતે મેજર કોઇ પોતાના જેવા દોસ્તો સાથે પાણાંનો હારજીતનો દાવ રમવા બેઠો હતો. આખરે તેઓએ પોતાનો સ્વપ્નો ખરો પડેલો જોયો; તે અને મેજર કરોડપતી કે લખપતી તો નહીં પણ એક તડાકે દોલતમંદ થવા પામ્યા હતા. મેજરને માટે પોતાને વતન જઇ પોતાની બુચીને મળવાનો અને પેલા જવાન માટે પોતાને વતન જઇ આબરૂ ઇજતથી પોતાનું ગુજરાણ કરવાનો વખત આવી પુગેલો તેઓએ જોયો. તે રાત્રે તેઓને ઉંઘ આવી નહીં અને પોતાના ભવિષ્યનો વિચાર કરતા તેઓ આખી રાત જાગતા બેઠા. કોણ જાણે તે ઉજાગરાથી કે કોણ જાણે ચાલુ હેજગારીની થાકથી તેજ રાત પછીની સહવારે પેલો નાનો ભાગ્યો—નાનો એટલે ઉંમરે નાનો હં કે મેજર! બાકી બન્નેના ભાગ તો સરખાજ હતા તે—સીક પડી ગયો અને તેને તાવ લાગુ પડયો. તે ઘણો વાર એમ સીક રહયો જે દરમ્યાન તે લવારો બકારોબી ઘણો કરવા લાગ્યો અને આપણે ધારી શકયે કે તે મેજર—તે દોસ્ત—તે ભાગ્યો કે જેને તે બીમારે પોતાનાં ખભાં અને પાસળાંનાં ભોગે આજે દોલતમંદ બનાવ્યો હતો તેણે તેની એક મમતાળુ માવતરની રવેશે બીમારીમાં માવજત કીધી હોવી જોઇયે!"

ત્યાં તે જવાન થોભ્યો અને મેજરની આંખો સામે પોતાની આંખો ટીકલી રાખી તેને જોતો તે ઉભો, અને મેજર તેથી પોતે જ્યાં બેઠેલો હતો ત્યાંથી ઉઠી એમ તેમ ફેરા ખાવા પડયો.

"તમેબી એમજ ધારો કેની મેજર? એકતો તેઓ વચ્ચે ધાડી મિત્રાચારી હતી; વળી તે જવાનનીજ મેહેનતથી તે બેઉને તે દોલત હાથ લાગી હતી—એટલુંજ નહીં, પણ ત્યાં આવી લાગતાં શુરૂઆતમાં મેજરને ત્યાંની તાપ લાગુ પડી હતી ત્યારે તે જવાને તેની ઘણીજ કાળજીથી માવજત કીધી હતી; પણ તેથી તમે એમ ધારો કે તે મેજરબી તે

જવાન તરફ એજ રીતે વરતયો હોસે તો તેમાં તમારી મોટી ભુલ છે. જેવો તે જવાન શુદ્ધીમાં આયો અને તેણે મેજરને નામના પુકારો કીધા અને તેને જયારે કશોજ જવાબ ન મળ્યો, ત્યારેજ તેણે જાણ્યું કે તેને પોતાને ત્યાંની હવાને આધારે છોડી મેજર સાહેબ તો વંજો માપી ગીયા હતા. તે જવાન પટકાયા પછી ત્રીજે દાહાડે તે નેક-જાદ ફરેસ્તો ત્યાંથી પોબારા ગણી ગયો હતો અને વળી જતાં જતાં સારી સમજ વાપડી તે એઉની ભેગી દોલતબી પોતેજ લઇ ગયો હતો. તે મેજર ને તે જવાનનાં નામો કહું કે?

"તે મેજરનું નામ મેજર મેડીસન હતું અને તે જવાન ડેસમન્ડ કારલ્યન તરીકે ઓળખાતો હતો. જેવો તે જરા ટગુમગુ સારો થયો કે તે મનમાં પક્કો ઠેરાવ કરીનેજ ઉઠયો કે મેજર મેડીસનની પુઠ તેણે પકડવી, પછી ભલે તેમ કરવા માટે તેને દુન્યાને એક છેડેથી બીજે છેડેબી જવું પડે તો શું થયું? મેજર પોતાનું સરનામું પોતાની પાછળ મુકી જવા જેવો ભોટ કે ભોળો નહીં હતો, પણ, અજબ કે પોતાની પાછળ તે એક ચીઠી મુકી ગીયો હતો! ફીલસુફો કહેછ કે ચોર અને ગળાંફાસુંઓપર તેવી ઘડીએ એક કીસમની નબળાઇ ગાલેબ થાય છે, અને તેવી કોઇ નબળાઇને આધિન થઇ તે પોતાના મુદ્દઇના હાથમાં પોતાનો પત્તો સામો જોર જુલમથી મુકે છે. એ જો ખરૂં હોય તો મે-જર તેવી કાંઇ નબળાઇનો ભોગ થઇ પડયો હોવો જોઇયે. પણ, તે નેક ખસલત ફીરેસ્તાએ કદાચ એમ ધાર્યું હોય કે તેના જીવ કરતાં વ્હાલા સાથીને તે એમ સેવટની સલામ કીધા વગર કેમ છોડી જાય? તે ચીઠી જરા વાંચતો ખરો, કેવી રસીલી, મધુર અને મીઠી જબાનમાં તે રચાયલી છે!" એમ કેહી તેણે પોતાની ઘસાઇ પીસાઇ ગયલી 'જાકીટ' નાં અંદરનાં ગજવાંમાંથી તે 'જાકીટ'નીજ હાલતને સરોબર જવાબ કરતી એક પાકેટ બુક કાઢી અને તેમાંથી ખરડાઇ લચડાઇને પીળું મારી ગયલું એક કાગળ ખેંચી કાઢયું. "જો, તે આય રહયું તુંને તે

વાંચી સંભળાઉં!

"**વ્હાલા ડેસમન્ડ**- હું મારી બુચીને મળવા પાછો જાઉં છ-મારે
"માટે કાંઇ બુરૂં ધારતો ના કોઈ દાહાડે હું તારી પૈએ પૈ પાછી ભરી
"આપસ. ખુદા કરશે તો તુંને તો વળી બીજો ખજાનોબી હાથ લાગસે.

"લી. તારો સદાનો

"**અરનેસ્ટ મેડીસન.**"

"કેવો નેક, કેવો ભલો ને કેવો માયાળુ ગ્રહસ્થ આય મેજર? પેલો જવાન તો ઝટ તાજો તફડતો થયો કે તેની પુઠે દોડયો. પણ તે મેજર કાંઇ કાચો નહીં હતો. તે ગયો હતો દખ્ખણ તો જેઓ તેને રસ્તે મળતાં તેમને કહેતો ગયો હતો ઉત્તર, એવી રીતે પોતાની પાછળ પોતાના રસ્તાની ખોટી નોંધ તે મુકતો ગયલો હોવાથી તે જવાનને તેની કશીજ ધન નસલ જડી નહીં. ઉપરાંત વળી તેણે એમબી ધાર્યું કે એક બારગી તે મળ્યો, તોબી તેની પાસેથી વળવાનું શું હતું? વળી તેને એક્ક બીજો વિચાર આયો તે એ હતો કે તે મેજર હતો હડહડતો જુગારી એટલે કદાચ તે હરામ મેળવેલી દોલત, તે તેને પકડીબી પાડવા પ્તેહમંદ ઉતર્યો તો, તેટલા વખતમાં હરામમાં ગુમાવી પરવારીબી ગયો હોય તેમાં નવાઇ ન હતી, અને તે છતાં તે જવાનમાં જ્યાં સુધી ચેતન શક્તિ અને જોર હતાં, ત્યાં સુધી તો તેને મળતા પત્તા મુજબ તે ફર્યો, પણ પછી તેને ઘર તરફ ફરવાની કુદરતી બીમારી લાગુ પડી કે તે મેજરને મેજરને ઠેકાણે છોડી તે ઇંગ્લાંડ આવ્યો. તેટલાં તો તે મેજરને મોટે ભાગે ભુલીબી ગયો હતો, અને તે કદીબી તેને મળશે એમ તેને સ્વપ્નેબી ન હતું, પણ સંજોગનો હાથ ઘણો લાંબો હોય છે, અને તેથીજ જોઇ લે સામ સામે, આ મેજરને અને આ પેલા જવાનને!

"જ્યારે તેણે મેજરને પકડવાનાં જીવતોડ તરફડયાં માર્યાં ત્યારે મેજરનો ઓળો વટીક તેની નજરે નહીં આવ્યો પણ જ્યારે તે જવાન તેની આશાજ મુકી બેઠો, કે તેવો અકસ્માત મેજર, ક્રીકેટની ગ્રાઉન્ડપરના

એક કેચની માફક તે જવાનના હાથમાં ઝીપલાઇ ગીયો–ને તેબી કહાં? મેજર સાહેબનાં ધનેતર મકાનના દરવાજાની આગળજ!

"ને તે મકાનબી કેવું? ભલો અમીરજાદાબી તેની અદેખાઇ કરે તેવું! શું સરસ પીકચરો છે? શું પ્યાલાં રકાબીના સેટો છે? શું સરસ ડીનર સરવીસ? શું–આયજ ટેબલ લેવોની, એની કમમાંકમ ૫૦ ગીની તે મેજરે આપી હોસે–ને તે જવાનના હાલ આજે કેવા છે? તેનાં આંગને ને વસ્તરને વેર છે–તેનાં પગનાં આંગળાંબી પોતાનાં પેહેરણમાંથી–જો આય–બાહાર નીકળી તે બીચારાની હાલત જોઇને હસેછ–ડગલાની બોંય-માંથી તેના હાથની કોણી ડોકાવીને જોયછ તે તો જરા જો! તેનાં પેટમાં એક પેનીનું બન પાઉં ને ગજવામાં એક શીલીંગ છે! આહ! ફીલસુફો શું જાણીને એમ કહેતા હોસે કે 'બુરાનો ફેજ બુરો અને નેકની આયંદેહ ફતેહજ છે?'

"ને હવે પેલો જવાન તે મેજર સાથે કેવી રીતે કામ લેનાર છે તે જાણવું છ?"

"ડેસમન્ડ, હું સોગંદ ખાઉંછ, હું તુંને પ્રમાણીક ખાતરી આપુંછ કે–કે–ખુદા ખાતર મારી સાથે એટલો સખ્ત ના થા! લાલચ માહ બુરી છે ને મારે રસ્તે તે વખતે આવી ઉભેલી લાલચ માહ જબુન હતી ને એક પલમાં તેના અવેશમાં મારીથી એમ થઇ ગીયું. તે જે મેં કીધું તે મારે ખાતર નહીં હતું–મારો પોતાનો મને જરાબી ખ્યાલ ન હતો–પણ મારી નાની બુચી—"

"તારી નાની બુચી! મેજર, ગામની ગટર સુધરે પણ તું સુધરવો મુશ્કેલ છે. એક વખત એવો હતો કે આય 'મારી નાની બુચી'નું તારૂં ધતીંગ મુરખની માફક હું માનતે, પણ આજે તેવો મુરખ હું નથી. નહીં, મેજર બા, તમે હડહડતા જુઠા છેવો ને તમારા આય ઢોંગથી હું ઠગાવાનો નથી. તુંને કેહું હું શું કરનાર છેઉં તે?"

એમ બોલી તે જવાન ઉભો થયો, અને ખુદા જાણે તે વખતે

તેનો દહેરોબી એવો દમામદાર અને તોરવંતો થઇ રહયો કે મેજર ઝટ તેના પગ પાસે પડી તેના કાલાવાલા કરવા પડયો.

"ડેસમન્ડ, દયા કર—હું તુંને તું માંગશે તે આપસ, પણ—પણ—ડેસમન્ડ હું તુંને શું કેહું? શું વચન આપું? હું સોગંદ ખાઇને કેહુંછ કે હું ગરીબ છેઉં!"

"હા, તું ગરીબ છે તેની આય બધી સાબેતી હું જેઉંછની!" તે જવાન તે રૂમમાં બધે નજર ફેરવતો બોલ્યો "આય ૫૦ ગીનીની સાઇડ બોર્ડ તો તારા કોઇ દોસ્તદારે આપી હોસે, ને આય ડીનર સેટ ને ટી સેટ ને આય ગલીચા, ઇત્યાદી ઇત્યાદી તુંને સરકારે 'નાઇટ કમાન્ડર ઓફ બ્લેકગાર્ડસ' નો ખેતાબ આપ્યો તેનાં માનમાં સેન્ડફર્ડ વાસીઓએ પોતપોતા વચ્ચે ઉઘરાણું કરી એક સભા ભરી લંડનના લોર્ડ મેયરને અહીં સુધી બોલાવી તેવણને હાથે તુંને ભેટ આપ્યું હોસે, ને તારાં આય શર્ટમાં ઝગઝગ થતાં હીરાનાં બટનો તુંને રસ્તામાંથી જડયાં હોસે, કેમ?" અને પછી આ પેહેલીજ વાર ઝનુંનથી લાલચોળ થઇ તે બોલ્યો "ઓ હીચકારા કુતરા!"

એટલું બોલી તેની આગળ ધસી જઇ તેને કાલરમાંથી પકડી ઉઠાડીને પોતાની સામે ધ્રુજતો લખ લખતો તેને ઉભો કીધો. "તું શું એમ ધારેછ કે તારી પાસે હું ધમકીથી નાણાં કહડાવવા આયોછ? તું શું એમ ધારેછ કે હું તારા જેવોજ એક છેઉં? તું શું એમ ધારેછ કે તારૂં હું લોહી પીવાને તરસ્યો બની અહીં આયોછ?"

એમ બોલી તેણે તે કંગાળને પોતાની આગળથી એવો ફેંકયો કે તે સામેની ભીંત સાથે અથડી પાછો નીચેજ પડયો.

"નહીં! તેવું કશુંજ કરવા હું નથી આયો. સહવારનાં ઉજેરડું થતાં આયજ ચીઠી તારાં આય બરફ જેવાં સુફેદ અને આરસીની માફક ચળકતાં શર્ટમાં આય હીરાનાં કાલર બટનની નીચે ટાંચણીથી ફીકસ કરી અહીંના મેજીસ્ત્રેટની કોર્ટમાં ભર રસ્તા વચ્ચેથી ચલાવીને તુંને

લઇ જવસ અને તુંને કેવા ફેજે પ્હોંચાડવો તે હું તેનાજ હાથમાં છોડસ!"

પેલો મેજર જ્યાં તેના હમનબરદથી ફેંકાઇને ઉભો હતો ત્યાંથી તે જવાનની આગળ આવવાની જો કે તેણે હીંમત તો નહીંજ કીધી પણ ત્યાંજ જમીનપર માથું મુકી પગે લાગી તે બોલ્યો:—

"ડેસમન્ડ, દયા કર, મારી ઉંમર—મારાં ઘડપણ તરફ જો! હું સોગંદ ખાઇને કેહુંછ કે હું તો તુંને મુવેલો ધારીનેજ નીકળી આયો—" પણ પછી તેણે કાચું કાપ્યું હતું એમ સમજી જઇ તેણે તુરત ફેરવી તોલ્યું "નહીં, હું ભુલુંછ, મારી આય યાદદાસ્ત જોઇ કેની? મેં એમ સાંભળ્યું કે તું મરી ગીયોછ! ડેસમન્ડ, મારી પાસે ખાવાની ખાક નથી, હું ગરીબ છેઉં, છતાં મારી પાસે જે છે તે તુંને આપી દેવાને તૈયાર છેઉં. મારી પાસે પચાસ કે સો એક પાઉન્ડ હોસે, લે તે તારાજ છે—હું કાંઇ તે બક્ષેસ તરીકે તુંને નથી આપતો, તે તારા હક્કનાજ છે તે તારે હવાલે કરૂંછ—હું ચાહુંછ કે મારી પાસે હાલ વધારે હોતે; લે, જેટલા છે તેટલા લે, મારા વ્હાલા દોસ્ત, લે!"

"ઉઠ, મેજર, ઉઠ." ડેસમન્ડ હવે ગુસ્સાને દાબી ધિક્કારથી બોલ્યો "તું બીહી ના, મને તારા પૈસા નથી જોઇતા, ઉઠ, તારી આય હાલતમાં તુંને જોઇ મારો જીવ કમકમેછ!"

"પણ, હું આપું તે તું લેજે, ડેસમન્ડ, તું અહીં પૈસા વગર શું કરશે?"

"મને પૈસા જોઇતાજ નથી, કેમકે, હું ઈંગ્લાંડમાં રહેવાનોજ નથી. એકવાર, તુંને સહીસલામત જેલમાં બેસાડયો કે હું સદાનું ઇંગ્લાંડ છોડી જવસ, ચાલ ઉઠ, તુંને હું નોટીસ આપી ચુકોછ."

મેજર ઉઠયો અને બીહતો બીહતો—એક આદમીના હાથમાં ચાબુક જોઇને એક કુતરૂં કેમ બે પગ વચ્ચે પુછડું લઇ તેની આગળથી બીહીતું બીહીતું પસાર થઇ જાય તેમ—તેની આગળથી ક્રોસ કરી એક કબાટ આગળ ગયો અને તેમાંથી નોટનું એક બંડલ કાઢી તે ડેસમન્ડ

સનમુખ ઉભો.

"ડેસમન્ડ, મારૂં સાંભળ, મારા વ્હાલા દોસ્ત, આય બંડલ લેઇ મને જતો મુક! આપણી આગળી દોસ્તીને ખાતર અને તેબી તુંને પીગલાવવાને પુરતી ન હોય તો મારી એકપુરી દીકરીને ખાતર મને માફ કર ને મને જવા દે, તું તેનો વિચાર કર કે મારી સાથ સખ્ત થતાં તું તેનું ને તેનાં ભવિષનું કેવું નખ્ખોદ વાળશે, ડેસમન્ડ, ખુદા ખાતેર તું તે વિચાર કર ને—"

"હા, તેબી વિચાર કરૂં, જો મને તું જે કોઇ છોકરીની વાત કહેછ તે ખરી હોય તો!" ડેસમન્ડને તો તે વિશે વ્હેમજ હતો એટલે હસીને બોલ્યો.

"હું જુઠું નથી કહેતો, ડેસમન્ડ, હું સોગંદ ખાઇને કેહુંછ! ડેસમન્ડ, મારી ઉપર ના જુલમ કર, તું જો, હું ગરીબ માણસ છેઉં, જે પૈસા હું ત્હાંથી લઇને આયો'તો તે મેં બધા ખોહયાછ. હરામ દોલત ક્યારે હલાલ વપરાઇછ? ને—ને—"

"લુચ્ચા, લબાડ! ઢોંગી બદમાશ, તારી જબાં થામ, નહીં તો તારાં ચીકીન પઇના મેં જેમ થોડીક મીનીટની વાતપર હાલ કીધા તેવા હાલ તારા અબ ઘડી કરસ, ને મને જો જરાબી દયાનો ખ્યાલ હોસે તો તે સદંતર દુર થશે! હા, જો મારી સાથે તું હાથમાં પીસ્તોલ લઇ એક મરદાંને મરદની માફક ઉભો હોતે, હીંમત રાખી તેં તારો જો બચાવ કીધો હોતે, તો મને તારી ઉપર કાંઇક દયાબી આવતે ખરી, પણ તારી પેલી ખ્યાલી દીકરીની વાહીયાત વાતોથી મને પગે હાથે લાગે, તો મને તારી ઉપર કમકમાટ છુટયા વગર રહેજ નહીં. ને શું હું તારા જેવા કાળા નાગને બચાઉં! આગ બુઝાવી છમકળું રહેવા દેઉં? સાપને જખમી કરી તેને પાછો પોતાનાં દરમાં ભરાવા દેઉં? તુંને આજે બચાઉં તો કાલે વળી કોઇ બાપડાં બીજાં ઘેટાંનું ઉન તું કાતરી લેય. દુર રહે, મારાં આંગને જરાબી તારો હાથ કે આંગળું વટીક લગાડયુંછ,

તો હું શું કરસ તે માટે હું જોખમદાર નહીં રહેવસ. અજબ છે કે હું તારા પીખીને કકડા ભુકલા કેમ નથી કરી નાંખતો! દગલબાજ દળદર!"

આ છેલ્લા તેના બોલોનો તે ઓરડામાં ગણુ ગણાત હજી તો પુરો થાય તેટલાં આગળો દરવાજો અફળાવાનો અવાજ આવ્યો અને થોડે વારે કોઇનાં આગલા હોલમાં ચાલી આવવાનાં પગલાં સંભળાયાં ને મેજર ચોંકયો, અને જખમી થયલાં કોહલાં કે કુતરાંની માફક બરાડ મારી તે તે ડાઇનીંગ રૂમનાં બારણાં તરપ઼ ઉછળીને દોડયો અને તેને અંદરથી કળ દઇ તેને પોતાની પીઠ ટેકીને તે ઉભો.

"ડેસ–ડેસ–" તે બોલ્યો "ખુદા ખાતર, દયા કર, જો કાંઇજ બોલતો ના. તદ્દન મુગો રહે! મારીપર રહેમ કર! મેં તુંને મારી દીકરી વિશે કેહ્યું તે ખરૂંજ હતું. જો તે હમણાંજ બાહારથી આવીછ, ડેસમન્ડ, એક ગુનાહ ખુદાબી માપ઼ કરે, જો સમજ, તું જે કહેશે તે હું કરસ, પણ મારી એ દીકરીનાં દેખતાં કાંઇજ બોલતો ના!"

તે જવાન અજાયબીથી તેની તરફ઼ જોતો ઉભો, અને તેના એ ગભરાટનો તે કાંઇબી જવાબ દેય તે અગાઉ તો બાહારથી એક અબલાનો મીઠો મધુર સરોદ સંભળાયો, અને તે બંધ બારણાંનું કડું ફ઼રતું તેને કાને આવ્યું.

"પપાજી! તમે હજુન જાગોછો કે? તમે અંદર છેવો કે?"

પ્રકરણ ૬ થું.

ડેસમન્ડ તે અવાજ સાંભળીને ચોંકયો, અને મેજરના ઉજળા સપ મારી ગયલા ચ્હેરા તરફ઼ તેણે જોયું. આખરે ત્હારે મેજરે કહેલી એ વાત ખરી પડી; તેને ત્યાં એક દીકરી હતી ખરી. મેજરને રૂવે રૂવે બીહીક પ્રસરી રહી હતી, અને તે ઓરડામાં એવી શાંત ચુપકી-

દી થોડો વખત ફેલાઇ રહી કે માત્ર ત્યાંનાં ઘડયાલની ટીક–ટીકજ ત્યાં પ્રગટ સંભલાતી રહી હતી.

"પપા, શું છે? બારણાંને અંદરથી કળ કાંય દીધીછ?"

મેજર બોલ્યા વગર ડેસમન્ડ તરફ જોઇ હાથના ચાળા કરી બંને હાથે પગે લાગ્યો અને ડેસમન્ડ કારલ્યને તેને માત્ર ડોકનીજ ઇશારતથી બારણું ઉંઘાડવાની રજા આપી. તુરત મેજર ખડો થઇને ઉભો, પોતાનો કાલર નેકટાઇ, દગલાનો ગીરદો અને દગલો વટીક ઝાટકી ઝુટકીને તેણે સરખો કીધો અને પછી મોંહ હસ્તું રાખી તેણે તે બારણું ઉંઘાડયું, અને કેટ અંદર દાખલ થઇ, અને જો કે તે ઓરડામાંની ચુપકીદી અને કળ દઇ બંધ કીધેલાં બારણાએ તેને કાંઇ બીધરાવી હતી છતાં તેણીના ગાલપરનો બાહારની ઠંડી હવાથી ચઢેલો રતાશ દુર થયો ન હતો, અને જવાની, ખુબસુરતી, નાજે નજાકત, અને અદબ અંદાજનું ગોયા એક સામટું સ્વરૂપ તે બેઉ–તે મેજર અને ડેસમન્ડ કારલ્યનની સનમુખ રજુ થયું.

"કાંય, પપા!" તે અંદર આવતાં સમેત બોલી, પણ પછી ત્યાંજ ઉભેલા પેલા ઉંચા અને કદાવર આકાર તરફ તેણીની નજર જતાં તે કાંઇક બોસકથી ત્યાંજ અટકીને ઉભી.

પ્હેલે તો તેણીએ તેને ઓળખયોજ નહીં, અને તે બનવા જોગ હતું, કેમકે સોહોરાયલા સુકાયલા ચ્હેરાવાલા થોડાક કલાકની આગમજના તે ચીંઠડે હાલ ભીખારી અને પેટ પુરતું ખાઇપીને હમણાંજ પરવારેલા તે જવાન વચ્ચે આસમાન અને જમીન જેટલો તફાવત પડી ગયો હતો. તેણીએ ઘડીભર તેના ચ્હેરા તરફ જોયા કીધું અને પછી પોતાના બાપપર તેણીએ નજર ફેરવી અને પાછી તે નજર તેણીની સામે ઉભેલા તે જવાન પરજ ઠરી.

ડેસમન્ડ કારલ્યન તો હીલ્યા ચાલ્યા વગર મુગો ઉભોજ રહયો, પણ તેનો ચ્હેરો જે ગુસ્સાથી અત્યાર સુધી લાલચોળ થઇ રહયો હતો

તે હાલ ફીકુકો ફ્ચ મારી ગયો હતો અને તેણીની નજર તેની ઉપર ફરતાંજ તેની આંખ્યોમાં કાંઇ અજબ પ્રકાશ પ્રગટી નીકળ્યો.

"યા ખુદા, જે ઇનશાને તેની મીરાશ લુટી તેને મોતના ડાચામાં ધકેલ્યો હતો તેની એ દીકરી!" તે વિચારમાં પડયો "ત્યારે દરાખ્ખી શું કાંટાદાર વેળપર ઉગતી હોસે? એમ બનેજ કેમકે તેની સામે ઉભેલી તે સકુમારી સ્વરૂપમાન છોકરી તે આય બદમાશ એ ઇજતી, બદલગામ બુરાની બેટી?" મેજરને બદલે તે પોતે જાણે ગુનાહગાર હોય તેમ ડેસમન્ડ તે અબલા સનમુખ હાલ ઉભો હતો.

હવે મેજરે ડાચુ ખોલ્યું. તેણે જોયું કે એમને એમ ચુપકીદી જો ત્યાં પ્રસરી રહી તો કાંઇ વળી કાગનો વાઘ થશે, માટે તે બોલ્યો—

"કેમ, દીકરી કેટ, હું તો જાણું કે તું ત્હારની ઘેરે આવીને પોઢી ગઇ હોસે, ને આય બારણું તો મેં ધ્યાનમાં ને ધ્યાનમાં બંધ કીધું'તું. આજે તો મારાં ભાયગજ કે આવી સરસ રાત ગુજરી. અહીં આયો ત્હારે મારા આય ઘણાં વરસના ફ્રેન્ડ મને અચાનક મલ્યા, આજ દશેક વરસે મેં એવણને જોયા હોસે ને તેથી દીકરી, મારો હરખ માયો સમાયો જતો નથી. કલીફર્ડ"—અને જાણે પોતાની મરજીથીજ તેનું નામ ભલતુંજ અડાવવાની તે રજા ચાહતો હોય તેમ ડેસમન્ડ તરફ જોઇ તે બોલ્યો "કલીફર્ડ મારા વ્હાલા દોસ્ત, જે મારી દીકરીને વાસ્તે તુંને હું કહેતો'તો તે આય. કેટી, મારા ઘણા વર્ષના દોસ્ત અને મેહેરબાન ખ્યરખ્વાહ, મી૦ કલીફર્ડ રેવન."

મેજરની આ હદ વગરની નફટાઇ જોઇ તે જવાનનું સમી ગયલું ઝનુંન પાછું ચઢી આવેલું તેના ચ્હેરાપરથી પ્રગટ માલમ પડયું અને પોતાનું ખરૂં નામ કહી દેવા તેણે મોંહ ઉંઘાડવાની વેતરણ કીધી પણ તેની જબાંજ ઉપડી નહીં એટલે તે ચુપજ રહયો અને કેટ તરફ જોઇ તેણીના બાપે આપેલી તેની ઓળખના જવાબમાં નમ્યો પણ કેટે તો તેને શેકહેન્ડ માટે હાથ આપ્યો.

"તમુને જોઇને હું ઘણી ખુશી છેઉ" તે વાંસળી જેવા મધુર અવાજે બોલી, અને તેની તરફ જોઇ તેણીએ તે સાંજે તેના સંબંધમાં કીધેલી ભુલને માટે મુગી માફી ચાહતી હોય તેમ ઉભી.

તેણે તેણીનો હાથ લીધો અને જરા વાર તે પોતાના હાથમાં રાખી "થેંક યુ" બોલી તે પાછો તરત છોડી દીધો.

થેંક યુ! આ બે શબ્દો તેણીએ તેને મોંઢેથી આ બીજીવાર સાંભળ્યા હતા.

"તમે છેક દુરથી આયાછ કે?" તેણીએ જાણે સભ્યતાને ખાતર કાંઇ બોલવુંજ જોઇયે તેથી તેણીએ તેને પુછ્યું.

"ઓ, હું કેવી મુર્ખ કે આવા એક ગ્રહસ્થને હું રખડતો લોફર સમજી" તેણી મનસે પસ્તાવો કરવા લાગી.

"હાજી, છેક દર્યાની પેલીપારથી હું આયોછ, મીસ મેડીસન."

"દીકરી, મી૦ ડે-મી૦ રેવન છેક ઓસ્ત્રેલ્યાથી આયાછ-છેક ઓસ્ત્રેલ્યાથી-આજે દસ વર્ષે અમે મળ્યા તેથી અમે બધી આગલી પાછલી વાત કરતાતા-અમે ઇસ્કોલેબી સાથેજ હતા. મારી જીંદગીમાં, દીકરી, કોઇને જોઇને હું એટલો ખુશી નહીં થયલો."

"ત્હારે તો મારા પપાને ખાતર તમે આયા તેથી હું ઘણી ખુશી છેઉ" તે તમામ નિરદોષ્ટાથી બોલી.

ખુશી? ઓ, બીચારી તે ખરી હકીકત જાણતી હતે તો?

"હાજતો, ને-ને-દીકરી, કાંઇ નહીં, ઘણું મોડું થયુંછ તે તું સીધાર-મી૦ કલીફર્ડ, તમને કાંઇ અડચણ છે?"

"નહીં, જરાબી નહીં, ઉલટું, મીસ મેડીસન મારે ખાતર ઉજાગરો કરશે તે મને નહીં ગમશે." હવે કેટની નજર ટેબલપર ગઇ અને તેણીએ પુછ્યું—

"પપા, કાંઇ જમવા-મુકવાનું લઇ આઉં? તમે મેરીને કેહ્યુંછ કે મી૦ રેવન રાતે અહીં રહેવાના છે? તેમ હોય તો જઇને બેવણનો

ઓરડો બરાબર કરાઉં ?"

"દીકરી, મેં તો ઘણી ઓંહોંસ કીધી, પણ એવણ ના નું નાજ કહેછ તે હું શું કરૂં ?" ડેસમન્ડ કાંઇ બોલવા જતો હતો તે પ્હેલાં મેજરજ બોલી ઉઠ્યો "મેં તો સમજાવટ પટાવટનો બધો હુન્નર અજમાવ્યો, પણ એવણનો ફરતો હરતો જીવ, એટલે એવણને કેડે પલાંથી વારીને બેસવા ગમેજ નહીં. એવણ અહીંનાં હોટેલમાં ઉતરેલા છે" અને ડેસમન્ડે મેજરને જુઠો નહીં પાડ્યો તે માટે તેણે છુટકારાનો એક દમ ખેંચ્યો "પણ કાંઇ નહીં, દીકરી એવણ અહીં આપુને મળવા આવ્યા કરસે, કેમ કલીફર્ડ ખરૂં કેની ?"

"હાજી, અહીં છેવો તેટલાં તમે જરૂરજ મળવા આવ્યા કરજોજી" તે બોલી "ચાલો સાહેબજી, હું રજા લેઉંછ."

અને કલીફર્ડે 'હાજી, આવસ' કે એવોજ કાંઇ જવાબ કરવાને બદલે "હાજી સાહેબજી" કરી બોલીનેજ તેણે સંતોષ પકડ્યો.

અને તે છોકરી ત્યાંથી જવા ફરી તે આગાઉ તે બન્નેની આંખો પાછી મળી અને વળી પાછું તેણીની આંખોમાં ખુલ્લું લખેલું પ્રગટી રહ્યું કે 'માફ કરજો મેં તમુને તમે છેવો તે કરતાં કોઇ જુદાજ ધાર્યા' અને પછી તે બેઉ–તેના બાપ અને ડેસમન્ડને ભેગી બાઉ કરી તે ત્યાંથી ચાલી ગઇ.

"ડેસમન્ડ, મેં તુંને ખોટું કેહ્યું 'તું ?" મેજરે તેને પુછ્યું.

"ઘણું અજબ જેવું કે મને તારા આય સવાલનો જવાબ, મેજર, 'નહીં' કરીને આપવો પડેછ."

"તુંજ જો, ડેસમન્ડ, કે એ મારી કેટ કેવી ખુબસુરત છોકરી ઉધરવા પામીછ? એને માટે મારા વિચારો શું હોસે ને મારી એને વાસ્તેની લાગણી કેવી હોસે તેનો તુંજ વિચાર કર! કેવી નિરદોષ છોકરી, ને મારી ઉપર એનો કેટલો જીવ છે! ને હુંબી ડેસમન્ડ તેને મારી આંખની માફક ચાહુંછ ને રાખુંછ." વાંચનારને, હાલ તુરત મેજરને

આગળ બોલતો અટકાવી કહેવાની જરૂર છે કે મેજર આ હડહડતું જુઠું બોલ્યો હતો, કેમકે, મેજર જો ખરેખર કોઇનેબી પોતાની આંખ અને પોતાના જીવની માફક ચાહતો હોય તો તે એકજ જણ હતો અને તેનું નામ મેજર અરનેસ્ટ મેડીસન હતું! આટલો ખુલાસો કરી મેજરનું બોલવું આગળ સાંભળ્યે.

"ડેસમન્ડ ખુદા કરશે તો એવોબી દાહાડો આવશે કે તુંબી એકાદ બચ્ચાંનો બાપ થશે! અને ધાર કે તારી એકાદ જવાનીની ભુલ કોઇ બદમાશ તાણી ખેંચીને જાહેરમાં લાવે તો તારી હાલત કેવી થાય? હા, હું કબુલ કરૂંછ કે મેં ભુલ કીધી, હું કબુલ કરૂંછ કે મેં નાલાયક ચાલ ચલાવી! પણ તેને વાસ્તે હું દલગીર છેઉં! જો મારી પાસે તે દોલત હાલ હોતે તો તે બધીજ તુંને આપી દેતે એમ ખુદાને હાજર નાજર જાણીને હું કેહુંછ! પણ, લાચાર, કે મારી હાલત તેવી નથી. ને તે છતાં જે કાંઇ થોડુંક છે તે તુંને આપી દેવા હું તૈયાર છેઉં. લે આય નોટનું બંડલ લે, ને અહીંથી ચાલી જા. અહીં તું રેહીને શું કરશે? ને ઇંગ્લાંડમાંબી તારે લાયકનું કામકાજ તુંને શું મળવાનું છે? તું દીકરા બાહાર ગામજ કેહે નીકલી જા ને મને જે ખુદા અપાવશે તે હું તુંને મોકલતો રેહવસ!"

પેલો તેની સામો ઉભેલો જવાન જમીન તરફ નીચી નજર કરીને ઉભોજ રહયો. તે એટલો બે ધ્યાન ઉભો હતો કે મેજરે પોતાની તરફેણમાં ઉભી કીધેલી તકરાર તેણે પુરી પાધરી સાંભળી વટીક નહીં હતી. તેનાં કાનમાં તો તે મેજરના કઠોર અવાજને બદલે તે સ્વરૂપમાન સુંદરીનો ઘાંટરડી જેવો મીઠો અવાજજ ગણગણી રહયો હતો અને તેની આંખ આગળ તેનો મધુર ચ્હેરો જાણે કશા માટે તેને કાલાવાલા કરી કોઇ વાતની તે આરજુ ચાહતો હોય તેમ દેખાઇ રહયો હતો!

"હા, જો, ઇંગ્લાંડમાં તારા જેવા માટે પૈસો પેદા કરવાના કાંઇ ચાન્સ હોતે તો હું તુંને બેલાશક અહીં—એટલે ઇંગ્લાંડમાં કેહે—રહેવાની

ભલામણ બલકે જીદ્દ કરતે" મેજર જાણે કે ડેસમન્ડપર તે ઠીક અસર કરી શકયો હતો એટલે તેણે તેથી ઉત્તેજન પામી આગળ ચલાવ્યું. "પણ તેવો ચાન્સ એકે નથી—તદ્દન નથી, તે તો તુંબી જાણેછ. એક ખરો ગ્રહસ્થ હોય ને તેને કોઇ ધંધાની માહીતી નહીં હોય તો તે ઇંગ્લાંડમાં કરે શું? ને—ને—તુંને કારલ્યનનો ખેતાબ મળવાનાબી સંજોગ કશાજ નથી, કેમકે, તારી ને તે ખેતાબ વચ્ચે હજી ઘણા બીજાઓની અલગાર લાગેલી છે, ખરૂં કેની, ડેસ? નથીજ કેની? ચાલ ત્યારે, ડાહ્યો દીકરો થઇ જા ને આય પૈસા ને મારી સલાહ કબુલ રાખ—દુર દેશાવર કેઠે નીકળી જા ને એક નિરદોષ બચ્ચાંના બાપના આશિષ લેતો જા."

ડેસમન્ડની આ ચાલુ ચુપકીદીથી ઉત્તેજન પામી મેજરે તેનાં ખભાંપર હાથ મુંકયો, પણ તે હાથનો તે જવાનને જરા સરખો સ્પર્શ થતાં તેને જાણે સર્પે ડંખ્યો હોય તેમ તે ચોંકયો અને તેના હાથને એવી તો તેણે અછાટ મારી કે તે આંચકા સમેત બીચારો મેજર આંઠ દશ કદમ હટી ગયો. પછી તે મેજર ગમ જોઇ બોલ્યો—

"હા, હું જાઉંછ—નહીં, એક બોલબી ના બોલતો, ખબરદાર, નહીં તો મારો વિચાર ફરી જશે. જા, હું તુંને જવા દેઉંછ—જવા દેઉંછ, તે તારે ખાતર નહીં, મારે ખાતર નહીં, પણ તેણીને ખાતર! પણ બે શરતે તુંને હમણાં હું જતો મુકુંછ: એકતો એ કે તારી મારી સાથની બદમાશીનો એક બોલબી તારે તે નિરદોષ ફિરેસ્તાને કહેવો નહીં—એ હું ધારૂંછ કે કાંઇ કઠણ શરત નથી ને બીજી શરત એ કે તારે તેણીની સાથે બરાબર ચાલવું. તું એવો કમીનો કુતરો છે કે તારી મતલબ જો સરતી હોય તો તું તારી પેટની દીકરીનેબી લુટીને ફસાવે. તેને જરાબી દુઃખ દેજે ને હું કેઠે ખુણે ખંટોલેથી નીકળી આવી તુંને ના જેલમાં બેસાડું તો મને કારલ્યનનાં ખાનદાનનો ના કહેતો, અને તેમ કરવા મને દુન્યાને બીજે છેડેથીબી આવવું પડશે તો હું આવસ, તું મને ઓરખેછ કેની?"

એમ કહી તે બારણાં તરફ ફર્યો, અને મેજર તેની તરફ બે હાથ જોડેલા રાખી તેની પુઠે ઘસડાયો.

"ખુદા, તુંને સુખી રાખે, ડેસ!" તે બોલતો ચાલ્યો "તું તો ખરો અમીર છે અને તારૂં ખમીરબી અમીરી છે, એમ, હું જાણતો'તો-જ! ખુદા તુંને સુખી–પણ, હા, તું નોટ તો ભુલીજ ગીયો, થોભ" એમ કહી, તેણે નોટોનું જે બંડલ બાહાર કાઢ્યું હતું તેમાંથીબી હાથ-ની ચાલાકીથી થોડીક પાછી સેરવી લઇ બાકીની ડેસમન્ડના હાથમાં ઠેસવી.

તે જવાને તે લીધી, તેનો ડુચો કીધો અને મેજરનાજ પગ આ-ગળ તે ફેંકયો, અને એકબી બોલ બોલ્યા વગર તે ત્યાંથી નીકળી ચાલ્યો.

તેની પાછળ દરવાજો બંધ થયો કે તેણે તે મકાન તરફ જોયું તો ત્યાંના એક સુવાના ઓરડાની બારીમાંથી તેને બતીનો ઉજાસ દેખાયો.

"ઓ મારા ફીરેસ્તા! મારા ફીરેસ્તા!" તે બડબડયો અને પછી નીચી મુડીએ ઉતાવળે ત્યાંથી તે ચાલી ગયો.

અને મેજર? મેજર તે જતા આકારનાં પગલાંનો પડઘા તેને કાને જ્યાં સુધી આવ્યો ત્યાં સુધી તે તરફ જોતો દરવાજા આગળ ઉભોજ રહ્યો, અને પછી ડાઇનીંગ રૂમમાં તે ગયો, પેલી નોટનો ડુચો લઇ તે બરાબર સરખી કીધી અને પછી એક ખુરસીપર તે અરડાયો.

"યા ખુદા!" તે બડબડયો "કેવો બચી ગીયો! એ પેલીને જોઇનેજ પાણી થયો, હં કે! નહીં તો મારૂં કાંઇ વળતે બળતે નહીં! ડેસમન્ડ કારલ્યન અહીં, ઇંગ્લાંડમાં! ને એ કાંઇ જાણતોજ નથી?–નહીં, એને કાંઇજ ખબર નથી! ને–ને–કેટ પરબી એનો ડોળો ખોભાયલો લાગેછ! નખ્ખોદ પર નખ્ખોદ, મેંબી શું મુર્ખાઇ કીધી! જરા હું થોભ્યો હોતે! પણ હવે શું? હવે કાંઇ વળે? હવે ઘણું લેટ થઇ ગીયું? હવે પાછા પગ ભરાય નહીં, કેમકે તે કુતરાએ મને એવો સકંજામાં પકડયોછ! હવે કરૂં શું? કાંઇજ નહીં, હવે તો જેમ ચાલેછ તેમ ચાલવા દેવો, જે થાય તે ખરૂં!"

હા, મેજર ખરૂંજ કહેતો હતો, કેમકે એક ઠેકાણે તે સોગંદપર જાહેર કરી ચુકયો હતો કે ડેસમન્ડ કારલ્યન તેની નજર આગળ મરણ પામ્યો હતો, તેણેજ તેને દફનાવ્યો હતો અને એવાં જુઠાં સોગંદનામાં કરનારને કોર્ટ કેવી સજા કરેચ તે તે જાણતો હતો–૭ યા ૧૪ વર્ષ-ની જન્મ ટેપ! એટલે હવે, તેને માટે આ વાત જાહેર કરવી કે રખડતા ભીખારીની માફક જગેજગ ફરતો જવાન કોઇજ નહીં, પણ, ધી રાઇટ ઓનરેબલ અર્લ ઓફ કારલ્યન પોતેજ છે, એ તદન નહીં બનવા જેવું હતું; તે માટે તે પોતેજ કહે તેમ ઘણું લેટ થઇ ગયું હતું.

પ્રકરણ ૭ મું.

કેટ મેડીસન સેન્ડફર્ડની માનીતી અને લાડકી હતી. હવે એક ગામ યા શેહેરનાં માનીતાં અને લાડકાં થવા માટે એક જણમાં ખુબસુરતી તો અવસ્ય જોઇયેજ જોઇયે, અને વળી તે સાથે બીજાબી ગુણો તેનામાં એવા જોઇયે કે જે સાધારણ ઇનસાનમાં જવલેજ જણાયલા હોય: કેટ અતી ખુબસુરત હતી એટલુંજ નહીં, પણ તે છોકરી ઘણીજ હુસ્યાર, ઘણીજ કેળવાયલી અને ઘણીજ મીઠા સ્વભાવની હતી. તેને જોવી, તેને મળવું, તેના સમાગમમાં આવવું અને તેને નહીં વખાણવી કે નહીં ચાહવી એ કદી નહીં બને તેવું હતું. મારાં કમનસીબ કે હું એક ચીતારો યા કવી ફોટોગ્રાફર નથી, નહીં તો હાલ જે કીસમે એ કેટ પોતાની જવાનીના બાહારમાં ખીલી રહી હતી તેનો હુબહુ કલમ–ચીતાર મારાં વાંચનારાંઓ સનમુખ રજુ કરતે. કુદરતના તે માહનામી કારીગરે તેણીને પોતાની ફુરસદની વખતે ઘડીને તૈયાર કીધી હતી એટલુંજ નહીં, પણ જે ગુણો એક ખુબસુરતીને વધુ દીપાવનારા તે ગુણો ઘણા છુટા હાથે અને મોટાં દીલે તેણીનામાં તેણે ઉતાર્યા હતા એમાં કશોજ શક ન હતો.

ત્યારે એમજ જો હતું અને તે પોતે આખાં સેન્ડફર્ડની માનીતી હતી તો વાંચનારને ધારી લેવાનો હક્ક છે કે તે ગામમાં કેટના જેવી સુખી બીજી કોઇ છોકરી નહીં હોવી જોઇયે! નહીં તેમ નહીં હતું; જો કે તે આંખોમાં આંસુ લઇને બાહાર ફરહર નહીં કરતી હતી, છતાં તેણીની કાલી આંખ્યોમાં અને તેણીના મધુર અવાજમાં એવું કાંઇક હતું કે જે ચગોર જોનારને તુરત કહી આપે કે 'આ છોકરી જ્યાં છે ત્યાં કાંઇક દુઃખી હોવી જોઇયે!' અને તેમ હોયબી, કેમકે તેણીની અત્યાર સુધીની જીંદગી કાંઇ ઓરજ કીસમનાં વળાંમાંથી પસાર થઇ હતી. તે હજી અણસમજ બાળક બચ્ચું હતું તેટલાં તેણે માયનું મમતાળુ શીરછત્ર ખોહી દીધેલું હોવાથી તેણીની તો તેને કશીજ યાદ હતી નહીં; અને બાપબી જ્યારે તે દશ વર્ષની થઇ અને જેઓના ચાર્જમાં અત્યાર સુધી તે હતી તેઓને ત્યાં તે આવી ચઢયો અને તેણીને પોતાને હવાલે લીધી ત્યારેજ તેણીએ જાણ્યું કે હવેથી આય ઇનસાનને તેણીએ બાપ તરીકે ઓળખવો!

પણ કેટ હતીજ એવી માયાથી ભરપુર અને સબ્યાંસુ કે આસ-માનપરથી એકાયક કુદી તેની સામે રજુ થયલા તે બાપને ચાહતાં અને બાપ તરીકે માન આપતાં તેણીને કશીજ વાર કે કશીજ મુસ્કેલી લાગી નહીં. કોઇ કોઇ વખત એવણ આટલો વખત કયાં હતા અને શું કરતા હતા એવો વસવસો જો કે તેણીનાં મનમાં બરપા થતો, છતાં, તે સાથે તેણીને કામજ શું હતું એમ મન મોટું કરી તે બીચારી સંતોપ માનતી હતી—પણ એમ મન મોટું કરી સંતોપ માને તેમાં એક કેટના સ્વભાવ અને મતીની છોકરીનું પેટ કાંઇ ભરાય? જેનાં હૈયામાં પાક પ્યાર, જેનું હૈયુંજ માયા અને મમતાથી ભરપુર તો તેના સ્વભાવ અને હાવભાવને પુરતી રવેશે જવાબ કરવાને મોહબત અને માયાનીજ અવ-સ્ય જરૂર હોવી જોઇયે અને તેવી જરૂરને પુગી વળવા જેવું કશુબી તત્વ તે મેજરમાં હતું નહીં, તો કેટ જેવી છોકરવાદી હદમાંથી બાહાર

નીકળી અબળારૂપી ઉંબર ઓળંગવાની અણી ઉપર આવેલી એક કોમળાંગીનું મેં ઉપર કહ્યું તેમ મન કે પેટ કેમ ધરાય અને કેમ ભરાય? કેમકે એ કીસમની છોકરીઓનું ખરૂં સુખ સામાની માયામાંજ સમાયલું તેઓ સમજે છે. એમ તો આખાં સેન્ડફર્ડમાં કોઇ હતુંજ નહીં? હા, હતાં, એવાં તો ઘણાં કકડી વકડી જતાં હતાં મગર તેણીના સ્વભાવને પેશ પડતું ખરેખર ત્યાં કોઇજ હતું નહીં.

હાલને કાજ તો તેણીનો સૈથી માનીતો સાથી ત્યાંનો માહ સાગર હતો. સહવાર સાંજ બસ જઇને તે છોકરી ત્યાં બેસતી અને તેના ઉછળતા મોજાઓથી મોજ પામી તે મજાહ લેતી હતી, તે એટલે સુધી કે જેમ કોઇ જાનવરો અને પશુ પંખી સાથે રહીને તેઓનો સહવાસ અને તેમની બોલી શીખે તેમ આપણી આ માનીતી—મીઠી—મધુર કેટી તે માહ સાગરના મોજાઓની નિર્મલ સ્વચ્છતા અને તેઓની ગોયા જબાન શીખી ગઇ હતી.

ત્યારે આજે જ્યારે તે દર્યાને કીનારે ભટકી આવી હતી ત્યારે તેણીના વિચારો શું હતા? તે મોટે ભાગે કેવા વિચારોમાં લિન્ન હતી? શું તે પ્યારના વિચારો હતા? જો તેમ હોય તો તે બીચારીને તે વિચારો પોખવા જેટલો ખોરાકજ કયાં હજી સુધી મળ્યો હતો? સેન્ડફર્ડમાં જે મરદો હતા તે ઘણાખરા બધા મધ્યમ ઉંમરના યા તો બુઢ્ઢા હતા. ફકત જવાનમાં જવાન ત્યાંનો એક પાદરી અને હાલ નવો સવો તેઓ વચ્ચે આવી વસેલો લૉર્ડ કારલ્યન કરી હતે; અને લૉર્ડ કારલ્યનને તો જોતાંજ તેણી કોઇ અણદીઠ કારણે ધિક્કારતાં શીખી હતીઃ કેમકે તે જવાનમાં કાંઇ હતુંજ એવું કે તેની તરફ તેણી દીલસોજીથી કોઇ દીવસ ખેંચાઇજ ન હતી.

તેને ને તેના બાપને ઓળખાણ કયાં અને કયારે પડી તેની તેને કશી ખબર ન હતી, તો જો કે તેનો બાપ અવાર નવાર તે લૉર્ડને પોતાના જુના અને ઘણા નામી દોસ્ત તરીકે ઓળખાવતો રહ્યો હતો.

એક વાત તેણીના મનમાં ચોક્કસ ઠસી હતી અને તે એકે તેણીનો બાપ તે લૉર્ડને તેણીની નજરમાં ઉંચો અને મોતેબર ગણાવવાની અને મનાવવાની ઘણી કાળજી કરતો હતો.

તે તેણીના બાપનો દોસ્ત હતો, તેથી તેની સાથે સભ્યતાથી વર્તવાને તેણી કોશેશ કરતી હતી એમાં કશોજ શક નહીં હતો, પણ તે બીચારી-ને માટે તે કામ ઘણું મુશકેલ હતું, કેમકે તેવી કોશેસ કરતાં જેમ તેના સમાગમમાં તેણી વધુ આવતી તેમ તેને માટેનો તેણીનો વિચાર વધુ હલકો થતો અને તેણી તેનીથી વધુ દુરી પકડતી હતી. તે એક અર્લ હતો એ ખરી વાત હતી, અને તેને વાર્ષીક પાઉન્ડ પચીસ હજારનું ભાડું ઉપજતું હતું તેબી વાત ખરીજ હતી; પણ ત્યારે તે સર્ફ હીચકારો, મતલબ્યો અને કોઇ રવેશે ઠગારો હતો એબી વાત ખરીજ હતી! તેણી મનમાં વસવસા સાથે સવાલ કરતી કે કેરેસફોર્ડ ખાતે તેનો મહેલ હતો છતાં તે સેન્ડફર્ડ ખાતે આવ્યો હતો અને ત્યાંનો 'લીડકોટ' તેણે ખરીદયો હતો, એ શા કારણે? અને તેની અને તેના બાપની વચ્ચે એવો તે શું સંબંધ હતો કે તેઓ એકમેકના હાલ જાની દોસ્ત થઇ રહ્યા હતા?

એ વિચારો તેણીને તેણીની મરજી વિરૂદ્ધ સતાવતા રહ્યા હતા અને એવાજ કાંઇ વિચારોના વમળમાં વિંટળાયલી તે પોતાને મકાને પાછી-ફરતી હતી કે તેને પેલા રખડેલ મુસાફર આગળ આપણે આવી ઉભેલી જોઇ હતી.

અને બસ તે બે પલની મુલાકાતે તેણીની આખી જીંદગીના રાહ-ને કાંઇક જુદીજ ગતી બક્ષી હતી તે આપણે આપણી આ વારતાનાં દરમ્યાનમાં જોઇશું.

કેટની આટલી ઓળખ આપી આપણે ત્યારે હવે રીતસર આગળ ચાલીશું.

તે પેલા બે—પોતાના બાપ અને મી૦ કલીફર્ડ રેવન—ને ડાઇનીંગ રૂમમાં છોડી ઉપર પોતાના રૂમમાં ગઇ, તે વખતે તેણી જોઇને અજબ

થઇ કે તેણીના બાબમાં કાંઇ અસાધારણ બન્યું હોય તેમ તેણીની છાતી ધડક–ધડક થતી હતી. ઉપર પોતાના ઓરડામાં ગયા પછી, તે બે વચ્ચેની વાત ચીતનો તેણીને કેટલોક વખત સુધી અવાજ આવતો રહ્યો હતો, ત્યાર બાદ કોઇનો ચાલવાનો અવાજ આવ્યો અને બાહારનો દરવાજો ઉંઘડી પાછો બંધ થતો તેણીને સંભળાયો ને તેણીએ જાણ્યું કે તે જવાને ત્યાંથી રૂખસદ લીધી હોવી જોઇયે. તે કોણ હતો? ને તેનો બાપ આટલો વખત સુધી તેને વાસ્તે કાંઇ બોલ્યો તો નહીં હતો? હા, પણ આવો સવાલ કરતી વખતે તે પોતેજ ભુલી ગઇ કે તેણીના બાપને, તેની આગલી જીંદગીની કશી યાદ કરી તે માટે તેને બોલતો કોઇ દાહાડેબી તેણીએ જાણ્યો ન હતો.

સહવારે જ્યારે કેટ નીચે આવી ત્યારે મેજર નાસ્તા માટે ટેબલ ઉપર કયારનો ગોઠવાઇ ગયલો હતો અને તેણીએ જોઇ લીધું કે તે એમ કાંઇ તેને લાગેલી ભુખને માટે ઉતાવળમાં નહીં પડયો હતો, કેમકે, તેની સામેની પ્લેટ તદ્દન ખાલી અને સાફ હતી. તે પ્લેટની પાસેની નાની ચીઝ પ્લેટમાં તોસ્ટ પાંઉની એક કાતરી હતી અને કાફીનાં હમેશનાં કપને બદલે બ્રાંન્ડી પાણીનું ગ્લાસ હતું. તે જો કે કેટને જોઇને હસ્યો, તો પણ તે ચગોર છોકરીને જોઇ લેતાં ઝાઝી મુસ્કેલી નહીં પડી કે તેનો ચ્હેરો ફીક્કો હતો. તે તેની આગળ હંમેશ માફક ગઇ અને કપાલપર એક કીસ લઇ તે બોલી:

"પપા, આજે હું લેટ ઉતરી કે?"

"લેટ? હા, મને એમ લાગેછ, દીકરા, કે કાલે તું 'લેટ' પોહોરી તે 'લેટ' ઉઠીજ હોસે. પણ હું તો કયારનો ઉઠયોછ, કેમકે, સાડા દસ વાગે લૉર્ડ કારલ્યનને લીડકોટમાં મળવાનું મેં પ્રોમીસ કીધુંછ. એ બધો તે બંગલામાં ફેરફાર કરાવેછની તે જરા મને દેખાડવા માંગેછ કે મજુરો કેમ કામ કરેછ ને બીચારો તેને જોઇતી કરતી સલાહ આપવા મને કાલા–ને–વાલા કરેછ–તુંબી કેટ મારી સાથે આવની?"

"હું? નહીં પપા, તેમ કાંઇ બને? વગર તેડે કાંઇ કેડે જવાય?"

"નહીં તેમાં ખરાબ કશું લાગવાનું નથી, કેમકે, કારલ્યને મને કેહ્યુંછ કે તુંને સાથે લેતા આવવું."

"એવણની ઘણી મેહેરબાની છે, પણ તમુને કાંઇ તેમાં વાંધો નહીં હોય તો મારી ત્યાં આવવાની મરજી નથી."

"તું નહીં આવે તેમાં મને વાંધો છે, એટલુંજ નહીં પણ તુંને મારી સાથે લઇ જવાની મારી મરજી છે. તું કાંય નહીં આવે? લૉર્ડ કારલ્યન જેવો ઉમરાવ તુંને બોલાવે તે કાંઇ થોડું કહેવાય? એથી ઉતરતાં મનનું ઇજાણ જો તેણે અહીંની કોઇ બીજી છોકરીને કીધું હોતે તો તેઓ પોતાનાં ધડપર ડોક નહીં રાખતે! ને કેટ, તુંને એટલો શાનો મિજાસ, તે હું સમજી નથી શકતો?" મેજર કાંઇક જીન્જર થઇને બોલ્યો.

"હવે મારે દાઢમાં વાગોળ્યા કરવામાં સાર નથી, કેટી" તેની સ્ટીમ જરા વધુ ચઢી "તું કાંઇ હવે નાનું બચ્ચું નથી, ને તું કાંઇ મુરખબી નથી, એટલે તું જાણતી તો હોવીજ જોઇયે કે લૉર્ડ કારલ્યન તુંને રાજી રાખવા ને તુંને ખુશી કરવા આતુર છે. જ્યારનો તે આયોછ ત્યારની તેણે તારી ઉપર મેહેરબાની ભરી નજર ઉતારીછ-હવે તુંને વધારે શું જોઇયે?"

"મને પપા લૉર્ડ કારલ્યનની મેહેરબાની ભરી નજર જોઇતીજ નથી." તે ધીમે અવાજે બોલી.

"નથી જોઇતી ની? હું ધારૂંછ કે તેવણ તારીથી ઉતરતી પંકતીના હોસે! ત્યારે શું તું કોઇ મારકવીસ, ડયુક યા પ્રિન્સની રાહ જોતી બેઠીછ કે?"

કેટે તેના બાપ તરફ જોયું, તેણીનો ચ્હેરો તમામ ફીકકો મારી ગયલો હતો. તે કોઇ દાહડે આ કીસમનો તેણીની સાથે તર્યાં પાવ ફેંકતો જણાયો નથી અને આજે તેનાં આ 'રૂડનેસ'નું કાંઇ કારણ?

"પપા!" બસ, તે એટલુંજ બોલી.

"કેટ, તારીથી ભલા અમેરીકનનીબી ધીરજ ખુટી જાય! તારૂં ભલું તારે હાથે કેમ કરવું તેનું તુંને ભાન નથી, જ્યારે હું તેનો રાતને દાહાડો વિચાર કરતોજ રેહુંછ. આય લૉર્ડ કારલ્યન—"

"હવે, એ લૉર્ડ કારલ્યનની વાત હમણાં રહેવા દેવોની, પપા" તે છોકરી બોલી "ને કાંઇ બીજી વાત કરો. મી૦ રેવન સેન્ડફર્ડથી ગીયા કે?"

આ સવાલ સાંભલી મેજર ચોંકયો.

"રેવન? અરે, હારે તે તો સહવારનો નીકળી ગીયો હોસે. તેને લંડનમાં કાંઇ અગતનું કામ હતું."

"તમારા તેવણ ઘણા અસલ દોસ્ત થાય કે? તમે તેવણને વાસ્તે કોઇ દાહાડે બોલ્યા તો નહીં?"

"હા, ઘણાં વરસનો હું તેનાં માય બાપને ઓળખતો'તો ને તું જન્મી તે અગાઉ જેટલા બધાને હું ઓળખું તેઓની વાત મારી પાસે કરાવવાની તું આશા રાખેછ કે?"

"હું જન્મી તે અગાઉ? પણ મી૦ રેવન મારા કરતાં કાંઇ ઉંમરે મોટા નથી લાગતા. હું કદાચ બચ્ચું હોવસ ત્યારના તમે એવણને બચ્ચાં તરીકે ઓળખતા આયા હોસો."

"હા, તેમ હોસે."

"એવણ કોણ છે, પપા?"

"એવણ કોણ છે?" આ બધા સવાલોના જવાબ આપતાં એક તો મેજરનાં પેટમાં કુતરાં દોડયાં હતાં તેમાં વળી આ રામબાણ તીર છુટેલો જોઇ તેવણ તો લાલ ને પીલાજ થઇ ગયા. "એટલે? કેટ, આજે તારાં મગજનું મને કાંઇ ઠેકાણું નથી લાગતું. મેં તુંને કહ્યુંની કે એ મારો ઘણાં વરસનો દોસ્ત થાય! વરસો અગાઉ તેને હું મળ્યો'તો ને–ને–જોની કેટ ખુદા ખાતર એને વાસ્તે મને ચાપી ચાપીને ના પુછ, કેમકે, એની વાતો એકકી મને યાદ આવેછ કે મને કમકમાટ છુટેછ."

"એવણુની અકેકી વાતો? તમુને કમકમાટ છુટેછ? એવણુનો દેખાવ તો ઇંચે ઇંચ ગૃહસ્થના જેવો મને લાગો!"

"ગૃહસ્થ તો તે છેરે–પણ દીકરી જોની ગૃહસ્થો સારાબી હોય તેમ ખરાબબી હોય!"

"ત્યારે, પપા, તમે એમ કેહોછ કે એવણે કાંઇ એવું કીધુંછ કે જેથી એવણને શરમાવું પડે?"

"દીકરી, કેટ, તું મને અકેકો સવાલ એવો પુછેછ કે મને નહીં હતો વ્હેમ પડે કે તું તે આદમીને વાસ્તે કાંઇ અસાધારણ ઉલટ ધરાવેછ. તેં જોઇ લીધું કેની એને લગતી કોઇબી વાત મને અકારી છે તે?"

"હા, તે તો મેં જોયું" કેટ બીચારી નરમાશથી બોલી.

"તેને વાસ્તે એટલું તો તુને ખાતરીથી કેહી શકું કે તે સારાં માણસોમાં ભેળાવા લાયક આદમી નથી–એતો અહીં અકસમાત આવી ચહ્ડયો, ને જ્યારે મારી પુંઠે ચાલીને અંદરજ આયો તો તેને હું બાહાર હાંકી કાહ્ડું?"

"નહોંજ તો! ગરીબ બીચારો એ!" તે જવાનનો ફીકકો ચ્હેરો અને ફાંટાં તુટાં કપડાં તે ભોલી ભાલી બાળાને યાદ આવી જતાં તે બોલી.

"તો જો કે ધકેલો મારીને તેને બાહાર કાહ્ડતે તો તેમાં કાંઇ હું ખોટું નહીં કરતે, પણ એમ આગલી ઓળખાણ હવાને હવાલે કરૂં તેવો હું આસામી નથી, જો કે અત્યાર આગમજનો તે મારી નજરમાં મારી દોસ્તીને માટે નાલાયક તો ઠડીજ ચુકો હતો."

"તેમ હોય તો હું દલગીર છેઉં, પપા" કેટ એક નીસાસો ખેંચી બોલી.

"ને તુંને દલગીર થવાનું કાંઇ કારણ?"

"કેમકે તે એટલો ગરીબ ને એવો ચીઠડે હાલ હતો–ને પોતાની આય હાલતને માટે જો તે પોતેજ જોખમદાર હોય તો તેની એ હાલતનો બોજો તે બીચારાને કેટલો ભારી લાગતો હોસે! કેવો તે હજુ

તો જુવાન છે, પપા! તમે એને કાંઇ આપ્યું કે?"

આ સવાલે તો મેજરને પેલી નોટના બંડલની યાદ આપી ને ઘેલા ગોધાએ લાલ કપડું જોયું હોય તેમ તે ચમકયો.

"મેં તેને કાંઇ આપ્યું? તું પૈસાને માટે પુછેછ કે? તેમ હોય તો એક પૈબી નહીં–ને આપતે તો તે લેતેજ નહીં."

"ઓ પપા ત્યારે તો એ એટલો ખરાબ માણસ નહીંજ હોવો જોઇયે!"

"જો, કેટ તે ગીયો જહાંનમમાં–મને હવે આય જે તું પીજણ પાટલો લઇ બેઠીછ તેથી ઉબક આવેછ, કેમકે, માણસ જાતનાં મક્કર તારી સમજમાં નહીં ઉતરે તેટલી તું નિરદોષ છે તે હું જાણુંછ–ચાલ ત્હારે તું મારી સાથે 'લીડ કોટ' આવેછ કે?"

"નહીં પપા."

"નહીં? ઠીક છે, ત્હારે હું બપોરે જમવા નથી આવવાનો." અને એમ મીજાસ કરી દમમાં ને દમમાં મેજર સાહેબે ચાલતી પકડી.

કેટ, તેના ગયા કેડે પોતાના માળપર ગઇ અને ત્યાં દર્યા તરફ ટીકતી એક બારીએ વિચાર કરતી ઉભી. તેણીને તેના બાપના ગુસ્સાનો હાલ કશો વિચાર નહીં હતો, પણ તે નિરદોષ બાળા કલીફર્ડ રેવનનો વિચાર કરતી ઉભી હતી. જે ચ્હેરાએ તેણીનું ધ્યાન ખેંચેલું, જેની હાલતે તેણીની દીલસોજી ઉશ્કેરેલી, તે એવો ખરાબ માણસ હોય? તે જે આજે ખમતો હતો, તેને માટે તેજ જોખમદાર હતો પણ ત્યારે તેણે એવું તે શું કર્યું હતું?

તે હવે પાછી નીચે ઉતરી અને ઘેરનાં કામકાજમાં ઘુંટાઇ ગઇ અને રખે તેના તેજ વિચારો તેણીની ઉપર ગલબો કરતા રહે કરીને નહીં હતાંબી કામમાં તેણીએ મન લગાડયું, પણ તેણીનું મન તેથી મનાયું નહીં, એટલે તેને ખાસ ભુલવાને ખાતર જેકેટ અને ટોપી લઇ તે પોતાના દોસ્ત દર્યા તરફ નીકળી ચાલી.

પ્રકરણ ૮ મું.

કેટની માનીતી જગ્યા દર્યા કીનારેના ખડકો હતા, અને તેણીએબી ધાર્યું કે ત્યાં જઇ એકાદ ખડકપર તે ગોઠવાય તો ત્યાંથી પસાર થતા પવનની લ્હેકી એક સપાટે તેણીના મગજમાં હાલ બખેડો કરી રહેલા ખ્યાલોને પોતાની પીઠપર લઇને દુર દરાજ મુકી આવશે. તે ત્યારે એ મુજબ પોતાની માનીતી જગ્યા તરફ ઉતાવલે જઇ પ્હોંચી. ત્યાંથી થોડેક દુર ખડકોની એક આડી અટારી હારમાળામાં ખાંચા પડેલા હતા અને તેમાં કોઇ ઇનશાનના દોસ્તે બેસવાને લાયક સપાટ મોટા પથ્થરો ગોઠવી મુકયા હતા, અને જયારે કેટ તે તરફ આવતી, ત્યારે, એવાજ એકાદ ખાંચામાંના એકાદ પથ્થર ઉપર તે જગ્યા લઇ ગોઠવાતી, જ્યાં ના તડકું આવતું કે ના પવનના સુસવાટાનું જોર ઝાઝુ માલમ પડતું હતું. ત્યાં તે મોટે ભાગે એકલીજ બેસ્તી હતી: સેન્ડફર્ડવાસીઓનો ઝાઝો ત્યાં પગદંડો હતો નહીં, કેમકે, કેટની માફક તે ખડકો ચઢી જવાની તેઓને હીંમત હતી નહીં અને જેઓને હીંમત હતી તેઓને ત્યાં જવાની કનવાર કે દરકાર હતી નહીં.

કેટે તે તરફનોજ ત્યારે રસ્તો લીધો અને પેલા કલીફર્ડ રેવનને લગભગ તે ભુલી જવાપર આવી હતી, તેટલાં તો તેજ તેને સામો દેખાયો. તે તેણીનીજ સીટપર મજેહ તરેહથી માથાંની પછવાડે બેઉ હાથ લઇ, મોંહમાં ચીરૂત સાથે દર્યાના ઉછળતા મોજાઓ તરફ આંખ અરધી બંધ કરીને જોતો બેઠો હતો.

કેટની નજર તેની ઉપર પડી કે તે તો 'દંગ' થઇને ઉભીજ રહી ગઇ અને તેનું હૈયું ધડક ધડક થવા લાગ્યું.

શું કરે? તે પાછી ફરે કે આગળ વધે? જો તે આગળ વધેછ તો તેણીનો તેની આગળથી પસાર થવા શિવાય છુટક નહીં રહેતો અને તેની આગળથી પસાર થાય અને આગલી રાતની ઓળખ પછી જો

તેને તે બોલાવ્યા વગર તેની આગળથી તે પાસ થઇ જાય તો તેથી ઘણું અપમાન ભરેલું કહેવાય! જો તે પાછી ફરે તો તેમાં સીર્ફ હીચકારાપણું દેખાઇ આવે અને કેટ ખરેખર હીચકારાપણાને તેમજ તેના ખોટા ઢોંગનેથી ધિક્કારતી હતી.

આ બધા વિચારોનો તેણી હજી તો નિર્ણય કરે તેટલાં તો ડેસમન્ડ કારલ્યન તેની અર્ધ સજાગરૂ ઉંઘમાંથી જાગૃત થયો અને ડોક ફેરવીને જોતાં તેની નજર તેણી ઉપર પડી. ખરૂં પુછો તો મેં જે ઉપર એમ કહ્યું કે તે આંખ્યો અરધી બંધ કરીને મોજાઓ નીહાલતો હતો તે ખોટું હતું. તે તેની નજર સામે તેણીનો દિલકશ આકાર દોરી તેણીને નિહાલતો તેણીનોજ વિચાર કરતો બેઠો હતો, અને જેવી તેની નજર તેણીના ઉભેલા આકાર ઉપર પડી કે તેને વ્હેમ પડયો કે તે તે પોતેજ હતી કે તેણીનો તે સ્વપ્નો જોતો હતો! એકાદ મીનીટ તે તેણીને જોતો બેઠો અને પછી તુરત પોતાના મોંહમાંની ચીરૂત તેણે દુર ફેંકી દીધી ને ઝટ ઉઠીને ઉભો થયો, અને ટોપી હાથમાં પકડી તેણે તેણીને સલામ કીધી:

"સાહેબજી."

અને તેણે જોયું કે તેની હમણાની 'સાહેબજી'ના જવાબમાં અને રાત્રે તેણે તેણીને કીધેલી 'સાહેબજી'ના જવાબમાં આસમાન જમીનનો ફેર પડી ગયો હતો, કેમકે, હાલ તેણીએ માત્ર ડોકીના લ્હેકાથીજ તેની 'સાહેબજી'નો જવાબ વાળ્યો હતો, એટલે એક કાંખનો આસામી તેણીનાંમાં આ ફેરફાર પ્રગટ જોઇ ઝંખવાણો પડે તેમાં નવાઇ ન હતી. તેને કાંઇક આથી ખસ્યાણું લાગ્યું અને તેણીને આગળ વધવાનો રસ્તો આપવાની મતલબથી તે બાજુએ થઇને ઉભો રહ્યો.

"મારી સાથે તમુને વાત કરવાને થોબવા નહીં ગમતું હોય તો તેમ કરવાની કાંઇ જરૂર નથી" તે બોલ્યો "તમે તમારે જ્યાં જવું હોય ત્યાં સીધારો."

તેની આ રીત ભાતે સ્યાણી કેટ ઉપર અસર કીધી અને તેની આગળથી પાસ થઇ આગળ વધવાને બદલે તેણી ત્યાં તેની આગળજ ઉભી થઇ રહી.

"તમે હજુન સેન્ડફર્ડથી ગીયા નથી, મી૦ રેવન?"

તે જરા આ નવું નામ સાંભળી ચોંકયો, પણ પછી તે નામ તેને તેણીના બાપ મેજરેજ આપેલું હોવાની તેને યાદ આવી ગઇ.

"નહીં, હું હજી નથી ગીયો, મીસ મેડીસન." તે બોલ્યો.

તેણીની નજર તેના ફાટેલા કોટ, છુંછો થયલી જેકેટ, ગુંહણ આગળથી ચીરાઇ ગયલું પાટલુન અને પગનાં આંગળાં આગળથી ફાટી ગયલાં બુટ ઉપર પાછી પડી અને તેણીને દુઃખનો એક ખરેખર ઝટકો લાગ્યો.

"ત્યારે લાંબો વખત અહીં રહેવાના છેવો?" તેણીએ તેને બેદરકાર ઢબે પુછ્યું.

"નહીં, લાંબો વખત તો નહીં રહેવસ–હું આજે જવસ–એમ કેહોની કે હું હમણાં ચાલુ મુકતો'તોજ તેટલાં આય સુંદર દેખાવે મને લલચાવ્યો અને તે જોતો જરા બેઠો હતો."

"પણ, આય કાંઇ સ્ટેશન તરફનો રસ્તો નથી."

"ને મારે સ્ટેશનપર જવું નથી–મને ચાલવાનો શોખ છે, એટલે ચાલીનેજ હું મુસાફરી કરસ." તેણે જો કે આ બધું બેદરકારીથી કહ્યું, પણ તેથી તે સ્યાણી કેટને છેતરી શકયો નહીં. તેણીએ તુરત ધાર્યું કે ચાલવાનું કારણ પૈસાની તંગીનું હોવું જોઇયે.

"તમુને હોટેલમાં ઠીક પડયું કે?" તેણીએ તેને પુછ્યું. આવા સવાલની કાંઇ ખાસ અગત્ય નહીં હતી, મગર, જો કાંઇ બોલે નહીં તો તેણીએ ત્યાંથી પસાર થઇ જવું જોઇયે, અને નહીં તો પુતલાંની માફક ઉભાં રહેવું જોઇયે જે તદ્દન અસભ્ય અને મુરખાઇ ભરેલું લાગે અને તેથી ત્યાં ઉભુ રહેવાનાં બાહાણાં તરીકે તેણીએ તેને આ સવાલ

પુછ્યો, કેમકે, તેણીની ત્યાંથી ચાલી જવાની મરજી છતાં તેણીએ જોયું કે તેમ કરવાને તેણીના પગ ઉપડવાની ના મરજી દેખાડતા હતા.

"હાજી, કાંય નહીં?" તે બોલ્યો અને જે રીતે એક તબેલામાં ઘાસની પુલીઓપર તેણે આખી રાત ગુજારી હતી તેની તેને યાદ થતાં પોતે આપેલા આ જવાબપર પોતેજ મુછમાં હસ્યો. "ગામ તરફ જોતાં હોટેલ મજેહનું સગવડ ભર્યું છે" અને હવે એવા વધુ સવાલો ઉડાવવાને ખાતર તે ફેરવી તોલી બોલ્યો "આય ઘણી સુંદર જગ્યા છે."

"હા" તે તરફના દેખાવપર નજર કરી કેટ બોલી "પણ ઓસ્ટ્રેલ્યા જેવી તો નહીંજ હોસે?"

"ઓસ્ટ્રેલ્યા? તે મને શું ખબર?" અને પછી તેના આ જવાબથી તેણીની આંખોમાં અજાયબીનો પ્રકાશ જોઇ તે બોલી ઉઠયો "એમ કાંઇ સરખામણી કરી શકાય? હું તો ધારૂંછ કે એક ઇંગ્રેજને મનસે તેનાં ઇંગ્લાંડ જેટલી સુંદર કોઇ જગ્યા નહીં હોસે."

"ત્યારે, તમે પાછા ઓસ્ટ્રેલ્યા જશો કે?" તેણીએ પુછ્યું.

"તે હું કેહી નહીં શકતો, મીસ મેડીસન. ખરી વાત એમ છે, કે, હું એક ભટકતો મુસાફર છેઉં, એટલે 'આજે અહીં તો કાલે કયાં' એવી મારી હાલત છે. જુવો–જુવો પેલું પાંદડું હવાના જોરે હીલીને ઉડયું–હવે તમે તેને પુછોની કે તે કયાં જનાર છે? તેવી મારી હાલત છે–ને તેપરથી મને ભાણ આવેછ કે હવા ઘણી સરદ છે, માટે, તમારે થોબવું હોય તો અહીં બેસો ને નહીં તો હવે સીધારો."

હવે તેને સાહેબજી કરીને ચાલતા થવાની વારી કેટની આવી હતી, પણ તેમ ન કરતાં પેલી હમેશની પોતાની સીટપર તે બેઠી અને તે તેણીની આગળ ઉભોજ રહ્યો.

"તમે એવી રીતે બોલોછ, મી૦ રેવન, કે જાણે તમારૂં ઘેરબાર કાંઇ હોયજ નહીં? તમે હવે કયાં જશો તે તમે નથીજ જાણતા?"

"મારૂં ઘેરબાર કાંઇ છેજ નહીં."

"ને દોસ્તો કોઇ?"

"દોસ્તોબી નથી" તે બોલ્યો "જુવોની, મીસ મેડીસન, આય દુન્યાનો એવોજ રવૈયો છે કે દશેક વર્ષ અમે—અરે, ઓસ્ટ્રેલ્યામાં રહીને એકુ જણ જ્યારે પાછો ઇંગ્લાંડ આવેછ, ત્યારે એક વખતના તેના દોસ્તો તેને શોધ્યા મળતા નથી અને જો કોઇ રૂડો ખુંઠો મળેછ તો તે તેની હસ્તીજ ભુલી ગયલો પુરવાર થાયછ."

"પણ, મારા પપા તો તમુને ગેઇ રાત્રે મળ્યા કેની?"

"હા, પણ, તેવણ માત્ર મારી ઓળખાણના કહેવાય કાંઇ—"

"પણ, મારા પપાએ તો મને કેહ્યું કે તમે તેવણના ઘણા પુરાણા દોસ્ત થાવો, ને વળી તેવણે મને એમબી—" પણ આગળ બોલતી તે સ્યાણી છોકરી અટકી પડી.

તે અચકીને ઉભી કે ડેસમન્ડને વ્હેમ પડી ગયો અને તેણીના વ્હેરાપરથી જાણે તે આગલ શું બોલવા જતી હતી તે જાણી લેવા તેણીના વ્હેરાપર નજર ટીકેલી રાખી તે ઉભો. મેજરે તેણીને શું કહ્યું હોસે? અલબત ખરૂં તો નહીંજ કહ્યું હોય! કેમકે, મેજરને તે બહુજ સારી રીતે પીછાણતો હતો. ત્યારે તેણે એવું તે તેણીને શું કહ્યું હશે કે તે એમ આગળ બોલતાં અચકીને ઉભી!

"તમારા પપાએ તમુને મારે વાસ્તે શું કહ્યું?" તેણે ઘણીજ નરમાસથી તેણીને પુછ્યું "નહીં, કાંઇજ બીહોના, તમુને તેવણે શું કહ્યું તે મને ખરૂં કેહો—શું કેહ્યું? તમે ગભરાસો ના કે હું ગુસ્સે થવસ. તમુને તેવણે એમ કહ્યું હોસે કે હું સારાં માણસની દોસ્તીને લાયક નથી, નહીં વારૂં?"

"મને ના પુછો" તે બીચારી બોલી.

"મેં એમજ ધાર્યું 'તું" તે દલગીર થઇ બડબડયો. "કેમકે મેજર છેજ એવો" અને પછી મોટેથી તે બોલ્યો "મીસ મેડીસન, હું દલગીર છેઉં કે તમારા પપાએ મને ખરાબ ચીતાર્યો."

"ઓ માયરે, હવે શું કરૂં!" તે જાણે હમણાં રડી પડે તેવું દયામણું મોંહ કરી બોલી "મી૦ રેવન, મારે એટલુંબી તમોને નહીંજ કહેવું હતું; પણ—પણ મારાથી તે બોલાઇ ગીયું; તમે મારી એ ભુલ મને દરગુજર કરી શકસો?"

"અલબત, મારાં સાચ્ચાં દીલથી, પણ મહેરબાની કરી મારે માટે તેવો કશો ખ્યાલ તમે ધરાવતાં ના."

"નહીં, નહીં, કદી નહીં, ને મારી ખાતરી છે કે તે જેબી કાંઇ હોસે તે નાદાન વયે થયું હોવું જોઇયે ને તે બધું ભુલાઇ વીસરાઇબી ગીયું હોસે. ઓ, તમે જો જાણો કે મારી એ ભુલને માટે મને કેવું દુઃખ થાયછ તે!"

"તે હું બરાબર સમજી શકુંછ, પણ તમારી એટલી બધી દયા ને દીલસોજીને લાયક હું નથી."

"તોબી મને તો તમારી દયાજ લાગેછ. તમે ગમે તે કીધું હોસે, પણ હાલ તમે ઘેરબાર વગરના થઇને—" અને ખરેખર ત્યાં તેણીની આંખોમાં આંસુનાં ટીપાંઓની ગોયા મોહન માળા છાયી રહી હતી અને એક ડચકુંબી તેણીનાં ગળાંમાં ચઢી આવ્યું જે તેણીએ માહ મુશ્કેલીએ ત્યાંજ દાબી દીધું.

અને એ મામલો જોઇ ઘડીભર તે જવાનને એવું મન થયું કે તેણીની આગળ બધી વાતનો યકરાર કરી બધું જાહેર કરી દેય કે પાપી તે નહીં પણ કોઇ બીજોજ—તેનો બાપજ—હતો, પણ નહીં. તેની આગળ બેઠેલી તેની દીકરીને ખાતેર તેણે તેમ કરવું મુનાસેબ નહીં ધાર્યું. મેજરે જેબી જુઠું તેણીને કહ્યું હોય તેનો રદયો આપવાનું તેના કાબુમાં ન હતું, કેમકે, મેજર મેડીસન આ ફીરેસ્તાનો સેતાન બાપ હતો.

"હું—મારા પપા તમારે વાસ્તે કાંઇજ નહીં કરી શકયે તેમ છે? તમે પાછા તેવણને મળી નહીં શકો? તેવણ ઘણા માયાલુ દીલના છે ને મારી ખાતરી છે કે તમારી સાથની દોસ્તીનો હક તેવણ કદી ના

પાડશે નહીં."

"નહીં, હવે મારે તમારા પપાજીને તજદી આપવી મને લાયક નથી–પણ તમારી એ સુચના માટે તે છતાં હું તમારો ઉપકાર માનુંછ."

"નહીં, મારો ઉપકાર શાનો? મેં તમારૂં કશું ભલું કીધું નથી. ઉલ્ટું મેં તમોને અહીં આવી, તમારી સાથે વાત કરીને દુઃખી કીધાછ."

"નહીં તમારી એમ ધારવામાં ભુલ છે ને તમે મને શું અણદીઠ ફાયદો કીધોછ તે મારાથી તમુને કહેવાય તેમ નથી, અને તેનો બદલો મારાથી વળે તેમ નથી; પણ, હું એટલું તમને કેહી શકું કે હું જ્યાંબી જવસ ત્યાં અને જ્યાં સુધી મારા દમમાં દમ રહેશે ત્યાં સુધી તમારા આય દીલકશ દેદારના નકશાની યાદ સદા સાથે લેતો જવસ. જ્યાં સુધી હું જીવસ ત્યાં સુધી ગઇ રાત્રે તમારા જે ચ્હેરાએ મારી ઉપર મેહેરબાની વર્ષાવી જોયું હતું તે ચ્હેરાની યાદ મારે હૈયે કોતરી રાખસ, ને મારી ખાતરી છે, કે તમારે મોંદે મેં સાંભળેલાં દયા અને દીલસોજીનાં વચનો મારા કાનમાં સદા ગણ ગણતા રહેશે."

તેના આ સોખનથી તે પોતે જવાની તૈયારી કરતો હશે એમ સમજી તે ઉઠીને ઉભી થઇ.

"કેમ, તમે સીધારોછ?" તે બોલ્યો "મારા જેવા એક રખડતા આગળ આટલો વાર થોબી તમે વાત કીધી તે માટે તમારો હું ઉપકાર માનુંછ, સાહેબજી. આપણે કદાચ હવે મળશુંબી નહીં–હું હવે કોઇ બંદરેથી સ્ટીમરપર ચઢસ ને–ને–હું જો તમારી પાસે કરગરીને માંગી લેઉં કે જ્યારેબી તમોને મારો વિચાર આવે ત્યારે તમારી સદાની મમતાથીજ મારી યાદ કરજો તો તે તમારી પાસે હદ બાહાર માંગેલું કહેવાસે? બોલો, મને માયાથી યાદ કરસો?"

"હા!" એમ કહી તેણીએ શેકહેન્ડને માટે પોતાનો હાથ લાંબો કીધો.

તે તે લેવા જતો હતો, પણ, થોભી ગયો અને ગજવાંમાં હાથ નાંખી તે બોલ્યો. "હું કાંઇ તમોને કહેતાં–તમારી પાસે માંગતાં ભુલી ગીયો" એમ કહી તેણે પોતાની જેકેટનાં ગજવાંમાંથી કાંઇ કાઢયું અને તે બોલ્યો:

"મીસ મેડીસન, આય મારે તમુને પાછી આપવી જોઇયે–તમે તે પાછી લઇ મને દુઃખી કરવા તૈયાર છેવો કે મારી પાસે તે રાખવાની મને રજા આપી મને સુખી કરવા રાજી છેવો?" અને તેણે પેલી યાદગાર શીલીંગ તેણીની નજર સામે ધરી.

કેટે તે શીલીંગ તરફ નજર કીધી પણ કશુંજ બોલી નહીં.

"હું એ રાખું? થેંક યુ. હું કદીબી એથી છુટો પડસ નહીં. નહીં, હું રોટીના ટુકડા વગર ભુખે ટવળસ–જો કે તેવો કાંઇ ઘણો ચાન્સ નથી–તોબી એ શીલીંગ હું વટાવસ નહીં. સાહેબજી."

એમ કહી તેણીએ શેકહેન્ડ માટે લાંબો કીધેલો હાથ હવે તેણે લીધો અને નરમાસથી તે દાબી તુરત પાછો છોડી દેતાંજ તે છોકરી તેની આગળથી ફરીને ઝટ તે ખડકોનો ઢળાવ ઉતરી ગઇ.

તે ગઇ અને જતી વખત તે છોકરી એટલી ઉશ્કેરાયલી હાલતમાં હતી કે સામેથી આવતી એક બીજી છોકરીનું તેણીને, તે તેની સામે આવી ઉભી ત્યાં સુધી, કશુંજ ધ્યાન આવ્યું નહીં.

તે છોકરી તેણીની આગળથી ઝટ ચાલી ગઇ અને તેણીનો ચ્હેરો કેટથી જેટલો જોવાઇ શકાયો તે પરથી તે છોકરી માટે તેણીને કાંઇ સારો ખ્યાલ ઉપજ્યો નહીં. તેણીને તે કોઇ કસમજ, રીતભાત વગરની અને ગામડયણ પોરી જેવી લાગી, અને કેટ આગળથી પસાર થતાં તેને જાણે ઉડયો વા વાગ્યો હોય તેમ તે દોડી, જેમ દોડવાનું કારણ કેટને તેણીના બોલવાના અવાજપરથી જણાયું કે જે જવાનને તે હમણાજ છોડી આવી હતી તેની સાથે મેળાપ કરવાનું હતું. "ઓ, ડેસ, એ તમે

છેવો કે?" કેટે તે છોકરીને બોલતી સાંભળી—અને પછી તે બન્નેને તેણીએ ઉભાં રહી શેકહેન્ડ કરતાં જોયાં!

પ્હેલે તો તે જોતાંજ કેટ બીચારી એવી જડ થઇને ઉભી રહી કે જાણે તે એનો આ કીસમનો મીલાપ જોતાં તે એકાદ પથ્થરનાં પુતલાંમાં ફેરવાઇ ગઇ હોય! તે ત્યારે તે ઓરતને ઓળખતો હતો! અને તેબી કેવી ઓરત! આવી? ને તે પોરીએબી તેને બોલાવ્યો કોઇ લાડકે નામે? ત્યારે તો તેઓ ઘણાંજ અતલગનાં ઓળખીતાં હોવાં જોઇયે! ને તેમ હોય તો તેના પપાએ તેને માટે તેણીને જે ચેતાવી હતી તેમાં તેવણ વાજબીજ હતા એમ કહેવાય! અને એવા તરફ તેણીની દયા ઉસ્કેરાઇ હતી! એવા તરફ તે દીલસોજીથી ખેંચાઇ હતી! એ દયા અને દીલ-સોજી બેઉ તેણીએ ત્યારે હરામ ગુમાવી હતી! આ ગને એવા અનેક વિચારોથી તે નિરદોષ કેટ—તે ભોળી બાળા—એટલી આજેજ થઇ ગઇ કે ત્યાંજ કેડે બેસી પડી, પોતાના બન્ને હાથના ખોભામાં પોતાનો ચ્હેરો ઢાંકી ડુસ્કે ડુસ્કે રડી પડી!

પ્રકરણ ૯ મું.

ડેસમન્ડ કારલ્યને એક રાત અગાઉ મેજરને અજબ કીધો હતો, આજે એની પોતાની અજબ થવાની વારી આવી હતી.

"કેમ, ડેસ!" તે અબલા બોલી અને તેની સામે ઉભા રહી તે ખડખડ હસી, જેનો હસ્વાનો અવાજબી તે બીચારી કેટીને કાને સ્પષ્ટ આવ્યો હતો.

"જેસ!" ડેસમન્ડ તેને જોઇને બોલ્યો અને તેનીથીબી હસાઇ ગયું, પણ તે ઘણું ધીમે હસ્યો હતો.

"દુન્યામાં કહેછ કે અજાયબી સાત છે—હું કેહુંછ કે આંઠ છે—તમે મને મળ્યા એ આંઠમી અજાયબી! કોણે ધાર્યું'તું કે તમો

મને અહીં મળશો! કાંઇજ નહીં ને તમોજ!"

"દુન્યા આપણાં જેવાંઓને માટે ઘણી નાની છે, જેસ, અને તે છતાં જેસ પ્લનકેટને એમ એકાયક મળવું એ તુંજ કહેછ તેમ એક અજાયબી ખરી! તું અહીં કહાંથી આવી, જેસ?"

"તમે અહીં કેમ આયા? અને આટલો વખત તમે કાંહાં હતા? તમુને જાણે ધરતી ગળી ગેઇ હોય તેમ તમે ગેબ થઇ ગીયા'તા. કેહો ડેસ, તમારી શું હકીકત છે?" એમ બોલી તે એક સીટપર બેઠી અને પોતાની પાસે બેસવા તેનેબી કહ્યું.

"ઝાઝું કહેવાનું કાંઇજ નથી, જેસ. તું પેલી અસલ કહેવત જાણેછ કેની કે ધોબીનો કુત્રો નહીં ઘેરનો નહીં ઘાટનો!"

"ત્હારે ફુસમુત્યાંનું કેમ?"

"તેમજ તો!"

"ખરેખર? ને તમો ડેસ આટલા હુસ્યાર! પણ તમો હતાજ જાહેલ ને ઝનુની, ખરૂં કેની?"

"હા, ખરૂં" તેણે હસીને કબુલ કીધું.

"ને તમે બાહાર દેશાવર ગયેલા હતા કે?"

"હા, હું અમેરીકા ગીયો'તો. પણ તારા બધા સવાલો ને મારા અમેરીકા ગયાની બાબદ મને આગલા દીવસોની યાદ આપેછ—જાણે એ બધું ગઇ કાલેજ બન્યું હોયની? ને તેને થઇ ગીયાંછ દશ વરસ! તારામાં કાંઇ ઝાઝો ફેરફાર નથી થયો!"

"થેંક યુ, કદાચ તમે એમ કહી શકો, પણ મારાથી તમારે માટે એમ નહીં કહી શકાય." પછી તેને ધારી ધારીને જોઇને "તમો છેવો તે કરતાં વધારે મોટી ઉંમરના લાગોછ, તે આય તમારી ફ્રેન્ચ બીયર્ડ અને લાંબા ઉગાડેલા વાળને લીધે હોસે—પણ તેથી તમારી ખુબસુરતીમાં કાંઇજ ફરક નથી પડયો—તે સામી વધીછ!"

"તું શું મારી આજે ખુશામદ કરવા ફુટી નીકળીછ કે? એમ તો

તારે માટેબી હું એજ કહેતે પણ તેં મને વખતજ કહાં આપ્યો?"

"ને હું વખત આપતે ને તમે એમ કહેતે તો તે ખોટુંજ કહેવાતે- મારા તો ઉલ્ટા હાલ પડી ગીયાછ-હા, આગળના વખતની વાતજ જુદી હતી! હું તો ડેસ તમુને ઘડી ઘડી યાદ કર્યા કરતી'તી, પણ મારી ખાતરી છે કે તમે મને એક વખતબી યાદ કીધી નહીં હોસે."

"નહીં કાંય? ઘણી વખત-હાથી જેવી ભુખ અને સામે મુકેલી ખાલી પ્લેટ સાથે હું જયારે મારા તંબુમાં એકાંત બેસીને વિચાર કરતો તે વખતે કેમબ્રીડજખાતેની પેલી તમાકુની નાની દુકાનનો દેખાવ મારી નજર સામે આવીને ઉભો રહેતો હતો અને ત્યાંજ પેલી એક નાની છોકરી જાણે અમુ લોકને ચાહે ને પાંઉં માખણ પીરસ્તી હોય તેમ દેખાતી હતી! હા, જેસ મેં તુંનેબી ઘણી વખત યાદ કીધીછ-વારૂં તે દુકાન હજી છે કે?

"નહીં."

"નહીં? ને તું તો કોઇ વકીલના કલાર્ક સાથે અદરાયલી હતી ની?"

"ને અદરાઇને પરણીજ હોતે તો સારૂં થતે!" તે કાંઇક દુઃખી દીલે બોલી "એડવર્ડ લેંગ સાથે હું નહીં પરણી."

"નહીં? ગરીબ બીચારો! તારા જેવીનું સુખ ત્યારે તેનાં નસીબ- માં નહીં-તારાબી કાંઇ કુડી બંધ ચાહવાવાલા હતા જો! પણ કેહાં બધાં- નાંજ કરમ ફુટેલાં! તેં મનેબી હરકાટી કાદેલો, નહીં, જેસ?"

"હા, ને તેમ કરી દુશ્મન કરતાં મેં દોસ્તની ગરજ વધુ સારી! હવે એ બધી જુની પુરાણી વાત કરવામાં કાંઇ ફાયદો-કાંઇ હાંસલ, ડેસ?"

"તારૂં દીલ દુઃખાયું હોય તો માફ કર, જેસ."

"નહીં, કુદરતીજ એ વાત છેડાય એ બનવા જોગ છે. ને તમે શું જાણો કે એ વાત મને છાતીમાં તીરની કાંની લાગશે? તમો કેહોછ કે હું જેવીને તેવીજ છેઉં-પણ જો ખરી વાત તમો મને પુછો તો જે મેં ખમ્યું તે પરથી તો હું કરચલી વળી ગેયલી ચામડી સાથની એકાદ

ઘરડી ઘુવડ જેવી હોવી જોઇયે. તમે કેહોછ કે તમે ઘણી હાડમારી વેઠીછ, પણ તમારી સાથે અત્તર ઘડી સરત બકવા હું તૈયાર છેઉં કે મેં તમારાં કરતાં વધુ હાડમારી વેઠીછ. ડેસ, દુન્યામાં તમારા જેવા મરદો આજે હસ્તી ભોગવતા નહીં હોતે તો મરદનાં નામને હું આજે ઓવાર નીવાર કરીને બેઠી હોતે! પણ આહ! આય જમીનની સપાટીપર એક છે ખરો જેને હું ઝેર કરતાંબી વધારે ધિક્કારૂંછ."

"તુંને તેવો અનુભવ મળવા માટે હું દલગીર છેઉં, જેસ."

"તમે કેહોછ કે તમે મને વીસર્યાં નથી તો તમુને યાદ હોસે કે હું એક વખત કેવી સુખી ને ખાલેસ દીલની હતી? મને કશાબી ફીકર ચીંતા હતી? ને નેડ—અરે ગરીબ બીચારો એડવર્ડ—મારીપર કેવો મરી ફીટતો હતો, ને—ને—આહ, એ બધાંનો વિચાર કરતાં જાણે હું ઘેલી થઇ જાઉંછ!"

"ત્યારે તો બેહેતર કે તે વાતનો તું વિચારજ ના કર. આગળો વખત સારો હોય ને હાલ આપણને ખરાબ વખતમાંથી પસાર થવું પડતું હોય તો, જેસ, તે આગળા વખતનો વિચાર કરવામાં કોઇનેબી લાભ નથી. તે વાત ભુલીજ જા."

"ભુલી જાઉં? નહીં!" તે દાંત કચકચાવીને બોલી "હું ગમે તેટલી કોશેશ કરસ તોબી તે વાત મારીથી ભુલાવાની નથી ને ભુલી જઇ શકું તેમ હોય તોબી તે હું ભુલવાની નથી. એવો એક દાહડો નથી, કે તેવા દાહડાની એકબી ઘડી નથી કે એક વખતે હું શું હતી ને આજે શું છેઉં તે મને યાદ આવતું નહીં હોય. લેવો, ડેસ, તમુને હું કેહું કેમકે તમુને જોઇનેજ જાણે મારો વિશ્વાસ તમુને સપુરદ કરવાનું મને મન થઇ આયુંછ—ને વળી તે વાત કહેવાનું મન મને એમબી થાયછ કે કદાચ તમો મને મારાં કામમાં મદદબી કરી શકો—ને કોણ જાણે, એવુંબી બને કે તમો બધે ફર્યાછ ને ફરોછ તો વખતે તમુને તે—" એટલું બોલી તે મુગી રહી ગઇ અને પછી પાછું શુરૂ કીધું કે—

"ડેસ, તમે જ્યારે કેમ્બ્રીડજની પાઠશાળા છોડી ત્યારે હું એ એડવર્ડ સાથે પણવાની હતી. દાહડો કાંઇ ચોક્કસ નક્કી નહીં કીધો હતો, પણ તે વાત ચાલી રેહી હતી, અને બધે એમજ મનાતું હતું કે તે પોતાના ધંધામાં જરા આગળ પડતાંજ અમો બન્ને પરણીને એક થઇશું." ત્યાં તે પાછી થોભી અને જરાવાર રહી તેણીએ આગળ ચલાવ્યું કે—

"એક દાહડે, હું મારી દુકાનમાં કામ કરતી હતી, તેટલાં એક ગૃહસ્થ ત્યાં આવ્યો. તે ઘણો દેખાવળો ને એરકી જવાન હતો. તે એક શીગાર ખરીદી મારી સાથે વાત કરતો ઉભો. થોડેકવારે તે ચાલી ગીયો ને મેંબી તેનો વિચાર તે પછીથી કાંઇ કીધોજ નહીં. પાછો બારવને તે આયો અને લગાર વધુ વખત તે મારા આગળ થોભ્યો, અને ત્રીજે દાહડે જ્યારે તે પાછો આયો ત્યારે તેણે મને પોતાનું નામ કેહ્યું, જે કલૉડ હેમીલટન હતું. તમે એ નામ સાંભળ્યું છ, ડેસ?" અને હાકાર યા નાકારમાં તેનો જવાબ મેળવવા તે છોકરી ઘણીજ આરજુમંદ હોય તેમ તે તેની તરફ જોતી ઉભી.

"હેમીલટન? કલૉડ હેમીલટન? નહીં, હેમીલટન તો સાધારણ નામ છે, જેસ—એબી કેમ્બ્રીડજનોજ હતો કે?"

"નહીં, નહીં, કેમકે તેમ હોતે તો હું તેને ઓળખતે. નહીં, તે તદ્દન પારકો હતો. તે એકાદ ત્યાંનાં હોટેલમાં ઉતરેલો હતો ને તે ઘણો પૈસાવાલો છે એમ કહેતો હતો. તેણે પોતાનાં આંગ ઉપર ઝવેરાતબી ઘણું સજેલું હતું, ને—ને એક દાહડે આવીને તેણે મને હીરાની વીંટી ભેટ આપી."

"ને તેં તે લીધી, જેસ?" ડેસમન્ડ કારલ્યને તેણીને સહેજ અજાયબી અને સહેજ ઠપકાથી પુછ્યું.

"હા, હું જે કદી તમો જેવાઓ પાસેથી માત્ર ફુલ સીવા બીજું કશુંબી કબુલ રાખતી'તી નહીં, તે મેં તેની વીંટી કબુલ રાખી, ડેસ.

હું કેહી નહીં શકતી કે મેં તેમ કાંય કીધું. તે વખતે કદાચ દિવાણપણાંએ મારી ઉપર અસર કીધી હોવી જોઇયે. એટલુંજ નહીં, પણ, પછી તો તે મારે ત્યાં ઘરીતો બારીતો જેવો થઇ ગીયો ને જાહારે આવે તહારે આજે કંઇ તો કાલે વળી બીજું એમ મારે વાસ્તે લાવ્યા કરે ને હું તે બધુંજ કબુલ રાખી લેતી જાઉં ને તે બધી વાતની મારા એડવર્ડને મેં જરાબી ખબર પડવા દીધી નહીં. હવે બાકીની વાત તું ચેતી ગીયો કેની? રફતે રફતે તે અમારે ત્યાં એટલો બધો પહીંગો મારીને બેઠો કે મને તે જરાબી એકલી પડવા દેતો નહીં. હરેક વાતમાં તે મને સમજાવતો કે જે કીસમની જીંદગી હું ગુજારતી હતી તે મારા જેવી એકને માટે તદ્દન નકામી હતી ને હું તો કોઇ રાજ મેહેલમાં રાણી તરીકે રાજ કરવાને લાયક હતી. ને પછી, ડેસ, ટુંકમાંજ કેહું તો તેણે મને મીસીસ કલૉડ હેમીલટન બનાવવાની આફર કીધી."

"જેસ!"

"હા, તેણે મને લગનની આફર કીધી–પણ ડેસ ખુદાને વાસ્તે મારે માટે મનમાં બુરૂં વિચારતો ના–ને હું તેને ઘસીને સાફ નાજ કહેતે પણ સેતાન ચોઘડયે તેજ ટાંકણે એડવર્ડ અને મારા વચ્ચે જરા ટીપાટમાંનું તુફાન જેવું બરપા થયલું હતું. તે બે ચાહતાં જીગરોના આ દુન્યામાં બનતા કજ્યામાંનો એક નાનો અને નજીવાં કારણથી જનમ પામેલો કજ્યો હતો અને જે દાહાડે પાછો કદી મારી આગળ નહીં આવવાના સોગંદ લઇ એડવર્ડ ગુસ્સામાં મારી આગળથી ચાલી ગયો હતો તેજ દાહડે પેલાએ પોતાના હાથની મને આફર કીધી અને–અને–બીજે દાહડે ગરીબ બીચારો એડવર્ડ મારે ત્યાં આવીને જોયછ તો હું ત્યાં હતી નહીં!"

આ સાંભળી ડેસમન્ડ કારલ્યનના ચ્હેરા ઉપર ગભરાટની નિશાણીઓ પ્રગટી નીકળી.

"જેસ, તું એવું કરે તેવી તો હતી નહીં?"

"નહીં; ખરૂં કેની? પણ તમુંને મેં આગળ કહ્યું તેમ હુ મૅડ—સાવ મૅડ—થઇ ગયલી હોવી જોઇયે. તેની મીઠી મીઠી વાતો અને ચાપલુસીખોરી લભાંસથી હું તો ભોળવાઇજ ગેઇ. હું તેની સાથે નાહસી ગઇ, ડેસ, ને પછી તેની દફાંસભરી વાતો અને તેનાં મોટાં મોટાં વચનોનું ખોટારૂં મને માલમ પડી આયું. તેણે મને રાજ મેહેલમાં રાજ કરતી રાજાની રાણી નહીં બનાવી તો નહીં, પણ એકાદ અઠવાડયાં પછી તે મને છોડીને ચાલતો થયો. લંડનમાં ગજવાંમાં થોડીક શીલીંગ સાથે મને એકલી એકાંત છોડી તે ચાલી ગયો, કેમકે પૈસાદાર હોવાની તેની વાત તેની બધી બીજી વાતો જેટલીજ તમામ નાપાયદાર અને જુઠ્ઠી હતી, કેમકે, જેટલો વખત અમે સાથે રહ્યાં તેટલો વખત ખરચને માટે મારી પાસેનાજ પૈસા તેણે ઉછીકા માંગી લીધા હતા!"

આ બધું સાંભળી ડેસમન્ડને ઘણુંજ દુઃખ ઉપજ્યું હોય તેમ પોતાની સામે ઉભેલી બાળાને પટાવતી ઢબે તેણે તેનાં ખભાંપર હાથ મુકયો.

"નહીં, ડેસ, મારી દયા ના ખાતો—નહીં તો તે મારીથી નહીં ખમાશે ને હું ડુસ્કે ડુસ્કે રડી પડસ." તેના ચ્હેરા સામું જોઇ તે બોલી "મારી ખરાબી મેં મારે હાથેજ કીધી અને જેવી ચાલ મેં ચલાવી તે પરથી એ ખરાબીને લાયકનીજ હું નીવડી હતી. તેને પરીણામે મારે ભુખે ટવળીને મરી જવું હતું પણ તેમ થયું નથી. જેમ તેમ મારાં તન સાથ મારા જાનને વળગાવી રાખવાની મેં તજવીજ કીધી અને તેમાં હું ફાવી હતી. મારી પાસે ખાતાં અને તેને ખવાડતાં જે બાકી રહ્યું હતું તે થોડુંક સુધી ચાલ્યું ને મારાં ગજવાંમાં જ્યારે તેમાંથી છેલ્લી એક પેની રેહી કે એક સારા ચાન્સની વાત મારે કાને આવી.

"તમો બધા મારા જે સુંદર સોહામણા ચ્હેરાની તારીફ કરતા હતા, તે ચ્હેરાએ આ બધી હાડમારી છતાં પોતાની ખુબસુરતી કાંઇક દરજ્જે હજી ટેકવી રાખી હોવી જોઇયે, કેમકે, મને ઝટ એક ચીતારાના

'મૉડલ' તરીકે નોકરી મળી. તે કામ કાંઇ તમો આસાન ના ધારતા—ત્યાં તે ચીતારો પોતાના મારા જેવા 'મૉડલ' ઉપરથી જે કાંઇ ચિત્ર ચીતારે ત્યાં તેની સામે લગભગ હીલ્યા ચાલ્યા વગર કલાકોના કલાકો સુધી ઉભું રહેવાનું—પણ થયું એમ કે મને મળેલાં એ કામે અત્યાર સુધી ભુખમરાને મારી ઓરડીના દરવાજામાં દાખલ થતાં અટકાવી રાખ્યો હતો—ના, એટલુંજ નહીં પણ હીલ્યા ચાલ્યા અને એક બોલબી બોલ્યા વગર ઉભી રેહી શકનાર 'મૉડલ' તરીકે મારી નામના થઇ, અને તે પછીથી હું પૈસો મેળવી—એકઠો કરી શકી, કેમકે, મારી જરૂર જોગા ખરચી બાકીના હું બચાવી શકતી હતી. પણ વળી ચીતારાની સામે છેક કાંઇ પુતલાંની કાંનીબી હું નહીં ઉભી રહેતી હતી. ત્યાં તેની સામે ચુપચાપ ઉભી રેહી મનમાં એક કસદ કરી રહી હતી—અને તે કસદ એ હતો કે જે દાહડે પુરતા પૈસા મારી પાસે એકઠા થયા કે તેજ પલે મારે પેલાની શોધમાં નીકળી જવું!"

ડેસમન્ડ કારલ્યન તે બધું સાંભળતો તેની સામો ઉભોજ રહ્યો, અને તેનાં આ છેલ્લાં વચન સાંભળી તે ખરેખરજ ચોંકયો. તે છોકરીએ તેની આગળ આટલી બધી વાત કીધી પણ તેટલાં કોઇબી વખત તેણીની આંખોમાં આંસુ તેણે જોયાં ન હતાં, પણ હવે તેણીનો અવાજ છેક ગગળી જઇ તેણીના આંખના ડોળા દર્યામાંનાં વ્હાણની માફક તરતા તેણે જોયા.

"મેં મનસે પકકો વિચાર કરીજ રાખ્યો હતો કે તેને શોધી કાઢવા મારે પચાસ વરસ થોબલું પડશે તોબી હું થોબસ—ને ડેસ, તમો જાણોછ કે હું બીજી છોકરીઓના જેવી, નાલ્લેથીજ નહીં હતી. તમે લોકજ મને કેહતા'તા કેની કે મારાંમાં દસ—પંદર અને વીસ છોકરીઓનું સામટું જોમ ને જોર છે! ને એક વખત તે મને પાછો મળ્યોબી, પણ મારા હાથમાંથી બાજી છટકી ગેઇ—મારી ખાતરી છે કે મને તે પાછો મળશે ખરો—ને જ્યારે મળશે ત્યારે તે જોશે કે અમો

એમાંથી વધારે જોરાવર કોણ છે: તે જુઠો લબાડ કુતરો કે જેને તે ઠગીને ચાલી ગીયોછ તે છોકરી? દુન્યાનો રૈયો હું સમજુંછ, ડેસ." અત્રે તે જરા થોબી.

"ડેસ!" તેણીએ બોલવાનું પાછું શુરૂ કીધું "ડેસ, આય મારી કાંહાંણી છે—અને પ્હેલી મેં તે તમુનેજ કેહીછ. કદાચ તમુને એકાયક મળ્યાથી અને મને આગળો વખત યાદ આવી જવાથી મેં તેમ કીધું હોય—પણ મેં એ વાત તમુને કેહીછ તેથી હું કાંઇ દલગીર નથી, કેમકે મારી ખાતરી છે કે તે તમો કોઇને કહેવાના તો નથીજ!"

"નહીં, ખચ્ચીત નહીં, મારી ગરીબ જેસ" તે નરમાશથી બોલ્યો "હું એ બધું સાંભળી કેટલો દલગીર—"

"નહીં, તેવી કશીજ જરૂર નથી. મારા જેવીને વાસ્તે નહીં કોણ દલગીર થાય—આય ખડકો આગળબી જો આ મારી વાત મેં કીધી હોય તો તેઓબી મારાં દુઃખથી દાઝે તેવી હું છેઉં—ને તમારાં હૈયાંની તો મને ખબર છે."

"વારૂં, હું તુંને કોઇ રીતે મદદનો થઇ શકું તેમ છે?"

"નહીં, જરાબી નહીં, મારાં કામમાં મને કોઇબી કશી મદદ કરી શકે તેમ નથી—સિવાય કે તેને કોઇ ઓળખતું હોય અને તેનો મને પત્તો મેળવી આપે, પછી તે છે ને હું છેઉં—એ કોઇનું કામ નથી—ફક્ત મારૂંજ કામ છે—ને મને માત્ર બીહીક છે તે એજ કે રખેને હું તેને શોધી કાઢું ત્યારે મારે માટે ઘણું અસુરૂં થઇ ગયલું હોય; તે મરી ગીયો યા તો પરણી ગીયો હોય? પણ મને એમજ કાંઇ બશારત થાયછ કે એ બેમાંનું એક થવાનું નથી. મને એમબી ધખારો થયા કરેછ કે હું તેને રૂબરૂ મળીસ ને મારા પગપર તેનું માથું મુકવાની તેને હું અયદેહ ફરજ પાડસ."

"ને હું ચાહુંછ કે એમ થાય, જેસ—તેના જેવા બધાજ લુચ્ચાઓનો એવોજ ફેજ થતો હોય તો આ દુન્યાંમાંથી એ કીસમનું પાપ મોટે

દરજ્જે ઓછું થાય–ત્યારે એજ કામે, જેસ, તું અહીં સુધી આવીછ કે?”

“હા, મેં એકાયક તેને તે દાહડે જોયો. તે રેલવે સ્ટેશન આગળ ગાડીમાંથી ઉતર્યો. હું તેની પુઠે લાગી પણ તે ત્રેનમાં બેસી ગયો અને મને ટીકીટ વગર સ્ટેશનમાં કોઇયે દાખલ થવા દીધી નહીં. તે ત્રેન આયજ લાઇનપરની હતી, એટલે મેં ઓકસફર્ડ તરફ હેર્યું માર્યું ત્યાં તે મને નહીં મળતાં મેં એક સ્ટેશનથી બીજે સ્ટેશન ફાંફાં માર્યાં, પણ કાંઇજ નહીં, ને તે છતાં ‘કાંઇ નહીં કાલે જરૂર મલશે’ એવા સપ્યારાને મારો ભોમ્યો બનાવી કોઇ કોઇ વખતે તો મોંહપર અન્ન કે પાણી મુકયા વગર બધે બધ ભટકી–પણ મને આશા છે કે મેં ધારી મુકેલી ‘કાલ’ મને કોઇ દાહડે જુરૂરજ આવી મળશે–હવે, હું તો ઘેલી જેવી મારૂં ને મારૂંજ હાંણ્યા કરૂંછ, તમારૂં કેમ? ડેસ, તમે કેમ છેવો ને તમે શું કરોછ? તમારી સાથેબી આય વાતકી દુન્યા કાંઇ પાધરી ચાલતી હોય તેમ મને લાગતું નથી.”

“જેવો હું છેઉં તેવી દુન્યા છે, જેસ.”

“પણ–પણ–ડેસ તમારો હાથ હમણાં ભીડમાં હોય–ઓ ડેસ, તમો મનમાં માઠું ના લેતા. તમો ખરા એક ગૃહસ્થ છેવો, તે હું જાણુંછ ને હું તમારી માયા–મેહેરબાની ચાખતી ઉધરેલી એક ગરીબ નાદાન છોકરી છેઉં–પણ, મારી પાસે હાલ પુરતાં નાણાની જોગવાઇ છે, ને જો મારી કાંઇ તે કીસમની મદદનો તમો લાભ લેશો તો મને ખરેખર મારાં આય દુઃખમાં તમો મને સુખીજ કરશો ને—”

“વાહ! જાણે આબેહુબ આગલીજ જેસ! ને તું કહેછ કે તારામાં હવે મોટો ફેરફાર થઇ ગીયોછ? નહીં, જેસ; એમતો મને મદદ કરવા તુંને હું નહીં દેઉં–તેં જે તારી મતલબ સારવા પૈસો એકઠો કીધોછ, તે હું લેઉં? ને તે છતાં તારો ઉપકાર માનુંછ, જેસ!”

અને જેસે જોયું કે આ વખતે તેની સામે ઉભેલા તે મરદાંને મરદની આંખોમાં પ્રગટ આંસું તો નહીં હતાં પણ તેની તે આંખો ભીંજાયલી હતી.

"નહીં, તમો મારી મદદ નહીં કબુલો—તે તો પેલેથીજ હું જાણુતી'તી; પણ, ડેસ, શું આય આપણી દુન્યા એટલી ખરાબ છે! કે, તમે એક ગૃહસ્થ ને આવી રીતે તમે હેરાન થાઓ! તમારાં ખાનદાનમાં એક લૉર્ડ કારલ્યનબી છે કેની?"

"હા, છે; પણ મને તેથી ફાયદો શું? તે બુઢ્ઢાને ને મને બનતુંતુંજ નહીં—ને વળી તેના ખેતાબ ને મારા વચ્ચે હજી તેના બે દીકરાઓ છે, એટલે તે મને કામનું શું? ખરૂં કેની, જેસ?"

"પણ—પણ તે લોક કાંઇ તમુને મદદ નહીં કરે, ડેસ?"

"હું માગું તો કે? મારામાં તે ખમીર નથી—ને હું સ્કુલમાં શીખતો છોકરો હતો ત્યાર પછીના મેં તેઓમાંના કોઇને જોયા નથી, ને તેઓ વિશે હું કાંઇબી જાણતો નથી. કાંઇ નહીં, જેસ, ખુદા છે, એબી દાહાડા નીકળી જશે."

"ત્યારે, હવે તમો કયાં જાવોછ?"

"બાહાર સફરે—તમારા કોઇ દોસ્ત નહીં હોય તો આય ઇંગ્લાંડ જેવો દેશ તમને નકામો સમજવો. તારા શિવાય, મારે કહેવું જોઇયે કે, ઇંગ્લાંડમાં મારૂં કોઇજ દીલસોજ નથી, એટલે, અહીંથી ચાલી જવામાંજ ડાહાપણ છે—ચાલ, સાહેબજી, જેસ, તુંને જોઇને હું ઘણો ખુશી થયો ને ઇચ્છુંછ કે હવે તું મને મળે ત્યારે મને સારો રીપોર્ટ આપવાનું તારીથી બને."

"હા, ડેસ, હુંબી ખરાં જીગરથી તેમજ ચાહુંછ; મને તમારૂં સીરનામું આપશો, મી૰ કારલ્યન?"

"મારૂં સીરનામુ, જેસ, છેજ કીયું? વળી 'ઐસા કયા દીન કે મીયાં કે પાઉંમે જુતી?' ચાલ, સાહેબજી, જેસ!"

તેણે તેણીનો હાથ પોતાના હાથમાં લીધો અને તે દીલસોજીથી દાબીને છોડી દઇ તે તેની આગળથી ચાલતો થયો.

પ્રકરણ ૧૦ મું.

મેજર મેડીસને, તેવણની દીકરી કેટે તેવણ સાથે લૉર્ડ કારલ્યને નવો વેચાતો લીધેલો બંગલો જોવા આવવા ધસીને નાજ પાડ્યાથી ફફડતા ચટકતા લૉર્ડ કારલ્યનનાં હોટેલ તરફનો રસ્તો લીધો. તેવણને એકતો ડેસમન્ડ કારલ્યને મારેલો ફટકો હજી તો ચચડતો હતો. અલબત, વાંચનાર જાણેજ કે હાથના મારેલા ફટકાનો ઇલાજ થઇ શકે છે મગર જબાનનાં ઝેરનું વારણ થઇ શકતું નથી. અને મેજર સાહેબની ખાતરી હતી કે જો તેવણની કેટી વખતસર ન આવી લાગી હતે તો તેમની બોચીપર પડેલો ડેસમન્ડ કારલ્યનનો લોખંડી હાથ કોણ જાણે તેવણના કેવા હાલ કરવાને ચુકતે નહીં, એટલુંજ નહીં, પણ, હમણાં સહવારે લૉર્ડ કારલ્યનને મળવા તેનાં હોટેલમાં જવાને બદલે કોઇ મેજીસ્ત્રેટની મુલાકાત લેવા કોર્ટમાં તેવણને ઘસડાવું પડતે! ને પોતે મુરખા જેવાએ બધો છબરડોબી કેવો કરી નાંખ્યો હતો? અને તેમાંથી હવે કેમે કરીનેબી તેવણથી હવે નીકળાયે તેમ હતું નહીં! ડેસમન્ડ કારલ્યન નામના જવાનને તેણે મુવેલો અને વળી પોતાને હાથે દાટેલો જાહેર કીધો હતો અને તેને લગતી તેણે એફીડેવીટ વટીક નોંધાવી હતી! અને તે શાને ખાતર? તેને પૈસા જોઇતા હતા તેને ખાતર? ત્યારે એ પૈસા તેને કોણે આપ્યા? હાલના લૉર્ડ કારલ્યને! હવે તેનીથી કહો કે પાછા પગ કેમ કરાય? હવે તો કોઇબી જોખમે આંખ વીંચીને તેણે આગળ ચાલવું જોઇયે—ને કદાચ તે ભય રાખતો હતો તેથી પરિણામ ઉલટુંબી નીપજે! અને ઉલટુંબી નીપજે એમ ધારવાનું તેની પાસે જોરાવર કારણ હતું અને તે એ કે ડેસમન્ડ કારલ્યન એક ભટકતો ભુત હતો, એટલે ઇંગ્લાંડ છોડીને તે દુર કેડે નીકળી જશે એવી તેને—મેજરને—ખાતરી હતી, અને પાછો આવશેજ નહીં એમબી તેનું પકકું માનવું હતું. એટલે, તે ડેસમન્ડ અને તેને મળવા જોઇતા અર્લના ખેતાબ વચ્ચે જે ત્રણ હૈયાત

જીંદગી—એક બુઢો અર્લ પોતે અને બીજા બે તેના બેટાઓની હૈયાતી—ખતમ થઇ ચુકી હતી એમ તે જાણશેજ કયાંથી?

મેજરનો ચ્હેરો તો માત્ર ગભરાયલો અને કાંઇક ગુંચવાયલોજ લાગતો હતો, પણ લૉર્ડ કારલ્યનનો 'ફીગર–ફેસ' લેવાયલો લુટાયલો અને ભખી ખાધેલો જેવો દીસતો હતો. કુદરતે પોતાની પેદાયશની આસાયશને માટે સરજેલી રાત જેઓ ઢીંગા મસ્તી અને હદ બાહારની ખાણી પીણીમાં ગુજારે છે તેઓનો ચ્હેરો અને આખો દેખાવ હંમેશ હોય છે તે કરતાં વધુ લેવાયલો, લુટાયલો અને ભખી ખાધેલો સહવારના પ્હોરમાં માલમ પડે છે.

"અલો!" મેજરની સાહેબ સલામના જવાબમાં તે—લૉર્ડ કારલ્યન—બોલ્યો "એ આજે સહવાર એમ કેમ? સુરજ એવો તપેછ કે મારીથી તો આંખ ઉઘાડીને જોવાતુંજ નથી! ને કેટ કહાં છે?"

"દીકરા, તેનું તો માથું દુઃખેછ ને તેની આય ગેરહાજરી વાસ્તે તારી લાખો લાખ માફી માંગવા તેણે મને અરજ કીધીછ—ને તારો આય નવો બંગલો જોવા આવવાને તે એવી તો કુદી રહેલી કે મેં કેહી તે અડચણને સબબે નહીં આવી શકવાથી તે ઘણીજ નીરાશ ને નાસીપાસ થઇ ગેઇછ." મેજરે નાહ્યું ફેંકયું.

તે પછી તેઓ બન્ને તેમની વાટ જોતી ઉભેલી ડૉગકાર્ટમાં કુદી બેઠા અને લૉર્ડ કારલ્યનનાં નવાં લીધેલાં મકાન 'લીડકોટ' આગળ ઝટ આવી ઉતર્યાં.

તે નવા બંગલામાં જે ફેરફારો કરવાના હતા તે થઇ ચુકયા હતા, હવે તેને ઓઇલપેન્ટ કરવાંનું અને સીંગારવાનું કામ ચાલી રહ્યું હતું અને બધી રીતે તે એવો તો એક મન માનતો બંગલો બની રહ્યો હતો કે એકાદ દાહડે તે પોતાની દીકરીનોજ થશે એમ માની લઇ તે બુઢો મનમાં મલકાવા લાગ્યો.

તેઓ બન્ને તે ડૉગકાર્ટમાંથી ઉતર્યાં અને ઉતરતાંને વાર લૉર્ડ

કારલ્યન ત્યાં કામ કરતા ગરીબ મજુરોને ગાળબેળ દઇ ધમકાવવા લાગ્યો અને જ્યારે તેમ કરતાં તેનું પોતાનુંજ ડાચું દુઃખવા લાગ્યું ત્યારેજ તે બખાળવાનું બંધ કરી અંદર મકાનમાં દાખલ થયો.

"ફ્રસ્ટ કલાસ બંગલો છે!" લૉર્ડ કારલ્યનની પુઠે પુઠ ઓરડે ઓરડે ભટકતાં મેજર બોલ્યો. "ખરેખર, તમોને સાબાસી ઘટેછ, દોસ્ત."

"એ બધું કાંઇ અમસ્થું થાયછ? જર ચાહે સો કર." લૉર્ડ સાહેબ કાંઇક મગરૂરી લઇ બોલ્યા.

"હા, પણ પૈસો સારી રીતે ખરચ્યો હોય તોજ ગવાય કેની?" મેજર બોલ્યો "આયજ ડ્રોઇંગરૂમ જુવોની? રાજા પાદશાહોને બરનો છે."

"એ બધું તો ઠીક છે, પણ આજે કેટ કેમ નહીં આવી? તું જાણેછ કેની કે મેં આટલા પૈસા કાંય ખર્ચ્યાછ, ને આટલી મેહેનતની મેં બરબાદી કાંય કીધીછ? તુંજ બોલ્યો કે આય ગામમાં આવું એક મકાન હોય તે કેટને ઘણુંજ ગમે તેથી, ને તેને મોહડે એકબી બોલ ખુશીનો કે ઉપકારનો મેં સાંભળ્યો નથી. તેના કરતાં બેહેતર કે હું મરી ગીયો હોતે!"

"મારા વ્હાલા કારલ્યન" મેજર જરાક હસતું મોંહ રાખી બોલ્યો "તમે મોત માંગોછ? ખરેખર તમારી પાસે બીજું હવે માંગવા જેવું છેબી શું? નસીબે તમુંને બધું એટલું પેટ ભરીને આપ્યુંછ કે વધુ કાંઇ માંગવાનું તમારે માટે તેણે બાકી રાખ્યુંજ નથી—ને તમે એમ બોલો તે વાજબી નથી. તમો વિચાર કરો, મારા દોસ્ત કે પાંચ મહીના આગમજતો, ગજવામાં એક ફુટી બદામ વગર પેરીસના મોહલ્લાઓમાં તમે રખડતા હતા, અને જેટલો લૉર્ડ કારલ્યન થવાનો મને આજે ચાન્સ છે તેટલોજ ચાન્સ આય તમારો અર્લનો ખેતાબ મેળવવાનો તે વખતે તમને હતો. પછી એકાયક બુઢ્ઢા અર્લે તાકો ઘડી કીધો, ને નસીબ સંજોગે તેજ અઠવાડયાંમાં તેમના બે બેટાઓ દર્યામાં ડુબીને મરી ગીયા, તે પછી તમારા ને આય અર્લના ખેતાબ વચ્ચે જે-જે-" અને અહીં

મેજરનો અવાજ ઘણોજ ધીમો પડી ગયો "રહ્યો તે એક ચોક્કસ ડેસમન્ડ કાર—"

"ને તેઓ મરીજ ગીયો કેની? તેંજ તે બાબતનું સોગંદનામું નોંધાવ્યુંની?" લૉર્ડ કારલ્યન જે આટલે સુધી આંખ વીંચી બીડી ફુંકતો મેજરની વાત સાંભળતો એક ખુરસીપર અરડાઇને પડયો હતો તે ચોંકી ઉઠીને બોલી પડયો.

"હાજતો—તે ડેસમન્ડ કારલ્યન જે તમારા અને આ ખેતાબ વચ્ચે હાડકાંની માફક ખુંટી બેઠો હતો તેઓ મરી ગીયોછ. તમે કેહોછ તેમ મેંજ તે બાબેની સોગંદ ઉપર એફીડેવીટ નોંધાવીછ—તેને નિવેડાખાતે મેં મારી નજરે મુવેલો દીઠો ને વળી તેને ઠેકાણે પાડવામાંભી મદદે હુંજ હતો."

"ને તે ખરેખર મરી ગીયોછ?" લૉર્ડ કારલ્યને મેજર સામું કરડી નજરે ટીકીને પુછ્યું.

"ખચ્ચીતજ! પણ એ હું વિસતારીને તમોને કેહુંછ તેનું કારણ એજ કે જો એ ડેસમન્ડ કારલ્યન હૈયાત હોતે તો તમે આજે કહાં હોતે? ત્યારે હવે મારૂં કહેવું એમ છે કે નસીબ દેવીએ જે તમુને આપ્યુંછ તે ઉપર શુક્ર ગુજાર થઇ સંતોષ પકડો કે જે તમે માંગ્યુંછ તે બધું તમોને મળ્યુંછ—"

"હા, એક કેટ સિવાય, એમજ કેની?"

"નહીં, મારા દોસ્ત, વખત જતાં, તેઓ તમોને મળશે—તમે મારી ઉપર વિશ્વાસ રાખો. કેટ એક વિચત્ર છોકરી છે, ને તેને ઠેકાણે કેમ લાવવી તે હુંજ સમજુંછ—તેને જરા વખત આપો ને તે પોતાની મેળે તમારી આગળ ચાલી ચલાવીને આવશે—ને ચાલો હવે ઉઠો, આપણે આય મકાન તપાસ્યે."

"મારા કેરસફર્ડના મેહેલ કરતાં મને આય મકાન વધારે પસંદ આવેછ" કારલ્યનના મોટા કુટુંબી મેહેલને માટે ઇશારો કરી લૉર્ડ

કારલ્યન બોલ્યો "તે તો નરી જાણે મોટી તુરંગ—ને મારા બધા વડવાઓ જાણે પોતાની સબીમાંથી ડોળા ઘુરકતા હોય તેમ જોતા ભીંતે ટીંગાઇને ઉભાછ—ને જો મેજર, હજુરબી આય મકાનને એક ધનાઢ્ય મેહેલ જેવું મકાન બનાવવાને પૈસાની જો જરૂર પડશે તો હજુરબી મારી અરધી દોલતબી તે ઉપર ખરચી નાંખવાને હું ચુકસ નહીં, ને તું કેટનેબી કહે જે કે અહીં આવતાં તેને જરાબી સુધારો વધારો યા છાપડાંથી તે જમીન સુધીનોબી કાંઇ ફેરફાર કરવાનું મન થાય તો જરાબી અચકાય નહીં—તે હું મારા બાપના બોલ સાથે કરસ—ચાલ હવે જઇયે."

અને ત્યાં અંદર તેમજ બાહાર કામે લાગેલા મજુરોના બેહદ સંતોષ વચ્ચે લૉર્ડ સાહેબ હાલમાંથી નીકળી બાહાર ઉભેલી ડૉગકાર્ટ તરફ ચાલ્યા; પણ, તેવણ ગાડીપર જેવા ચઢવા જાયછ કે એક આદમી તેવણ આગળ દોડી આવ્યો અને બગીચાને લગતા કાંઇક હોકમો તેવણ પાસથી લેવા લાગ્યો.

ફ્ફડી ચટકી તેવણે પાવડાપર મુકેલો પગ પાછો નીચે ઉતાર્યો અને મેજરને બોલાવતા તે આદમી સાથે પાછા અંદર ગયા.

તેઓ ત્રણે કાંઇ મસલહત કરતા હતા, તેટલાં મેજરની નજર બાહાર દરવાજા આગળ ઉભેલી એક ઔરતપર પડી. મેજર જેમ બડો ખંધો હતો તેમ તેની આંખોબી બડી ચગાર હતી, અને તેથી તેવણને એક નજરે જોઇ લેવાનું બની આવ્યું કે તે અબલા જવાન અને ખુબસુરત હતી અને તે તરફ કોઇ નવીજ આવેલી હતી.

"મઝેહની ખુબસુરત કોઇ છોકરી છે, હેં, કારલ્યન—કોણ જાણે કોણ હોસે?"

"કહાં?—કોણ?" કારલ્યને અજાયબીથી, મેજર જોતો હતો તે તરફ જોઇને પુછ્યું. અને તે અબલાપર તેની નજર પડતાંજ તે એક બે કદમ પાછળ હટી ગયો અને તેને ફેર આવી ગયા હોય તેમ, તેઓ જ્યાં ઉભા હતા ત્યાં ભરેલા કટેરાને તેણે પકડી પાડયા.

"શું છે?–શું છે?" મેજરે તેનો ચ્હેરો ફીકફાફ્ચ મારી ગયલો જોઇ પુછ્યું.

"નહીં, કાંઇ નહીં, હોય શું?–મને હમણાંજ યાદ આવી કે આપણે જ્યાં હમણાં બેસીને વાત કરતા હતા ત્યાં મારો શીગાર કેસ રેહી ગીયોછ ને—"

"લાવોની હમણાં હું ઝટ જઇને—"

"નહીં, થોભો" લગભગ તરડાઇને કારલ્યને તેને થોભાવ્યો "હું પોતેજ તે લઇ આઉંછ–તેટલાં તમે ગાડી પેલી ગમ લઇને ઉભા રેહો–હું હમણાં આઉંછ."

મેજરનું માથું હણકયું અને તે લૉર્ડના જતા આકાર તરફ તે જોતો ઉભો અને જેવો તે તેની નજરે પડતો બંધ થયો કે તેણે પેલી ત્યાં ઉભેલી અબલા ગમ જોયું.

"હવે, એ વાત આજે નહીં" તેણે પેલા આદમીને કહ્યું "તમે લૉર્ડ સાહેબની પુઠે જાવો, જુવો વખતે એવણને તમારૂં કાંઇ કામ પડશે."

અને એમ પેલા આદમીને પોતાની આગળથી ખેરવી મેજર બાહાર દરવાજા આગળ આવ્યો.

"સાહેબજી, મીસીસ હૉલ" તેને ત્યાં દરબાનની બૈરી મળતાં તેણીને તેણે બોલાવી "આય એવણ કોણ? તમારાં કોઇ ઓળખીતાં છે કે?"

"નહીંજી, મેજર સાહેબ, એવણને હું નથી ઓરખતી" તે મીસીસ હૉલે જવાબ દીધો "એવણ કોઇ મી૦ ક્લૉડ—કેવા જો? તેવણને માટે તો પુછેછ."

"ક્લૉડ હેમીલટન" જેસ, કેમકે તે બાહાર ઉભેલી બાઇ તેજ હતી, તે બોલી.

"ક્લૉડ હેમીલટન?" જાણે તે નામના કોઇને યાદ કરતો હોય તેમ મેજર બોલ્યો.

"હા, ક્લૉડ હેમીલટન, તેવણ હમણાં અહીં હતા" જેસ બોલી.

"અંહ! મને એ નામ કાંઇ યાદ આવેછ, ખરૂં" મેજરે તોક્લો લગાવ્યો. "હા, બરાબર, મને યાદ છે."

"તેવણુ કહાં છે? તેવણુને તમે ઓળખોછ? તમે તેવણુને જોયાછ?"

"જરા ધીરી પડ, બાઇ, જરા ધીરજ પકડ" મેજર હસીને બોલ્યો "મેં તો એમ કહ્યું કે તે નામનો માણુસ મને કાંઇ યાદ આવેછ ખરો! તેની સાથે તમુને શું કામ છે?"

"મારે તેને મળવું છે, સાહેબ."

મેજર હવે જમીન તરફ ટીકતો ઉભો, જે અરસામાં તેનાં મગજની ગતી સેકન્ડના પંદરસો માઇલ જેટલી હતી અને તેથી એ બીના શું હતી તેની થોડે ઘણે દરજ્જે તે અટકળ કરી શક્યો.

"પણ, તમે જેને વાસ્તે પુછોછ તે હું કેહુંછ તેજ શખ્સ હોય કે કેમ તેની મને ખાતરી નથી. તે કેવો છે તે કાંઇ મને કહેશો?"

"તે ત્રીસેક વરસનો જવાન છે–જરા પટલો ને સોહામણો છે ને બોલતાં તે અચકેછ."

આય ટુંક વર્ણનથી મેજરને તે વર્ણનના શખ્સ સાથે લૉર્ડ કાર-લ્યનની સરખામણી કરવાને પુરતું હતું.

"ઓહો! ત્યારે તમે પેલા મી૦ કલૅાડ હેમીલટન જેવણુ અહીં રહેતા'તા તેવણુનેજ માટે પુછોછ?"

તેણીએ ડોકના લ્હેકાથી હા કહી.

"ત્યારે, તેવણુને તો હું ઘણોજ સારીકાની ઓરખુંછ–કેટલોક વખત સુધી અહીં રહેતા'તા ને—"

"રહેતા'તા? ત્યારે તેવણુ અહીં હાલ નથી કે?"

"નહીંજ તો! એવણુને અહીંથી ગીયાને બે દાહાડા થઇ ગીયા."

જેસનો ચ્હેરો આ સાંભળી ફીકકો મારી ગયો.

"તેવણુ કહાં ગીયા તે તમુને કાંઇ ખબર છે, સાહેબ?"

"કયાં ગીયાછ તે? હા, લંડન જાઉંછ કરીને કહેતા'તા."

"લંડન!" તે બીચારી એક નીસોસ નાંખી બોલી "લંડન ગીયાછ! થેંક યુ, સાહેબ, તમારો ઘણો ઉપકાર થયો." અને તે એટલું બોલી ચાલી જવા કરતી હતી તેને અટકાવી મેજર બોલ્યો—

"જરા થોભો, બાઇ–તમે એ મી૦ ક્લૉડ હેમીલટનને મળવા ઘણાં ઇંતેજાર છેઓ! હું દલગીર છેઉં કે તમે તેવણને મલી નથી શકયાં. તમે કેહો તો હું એક બે દાહાડામાં લંડન જવાનો છેઉં તે તેવણને મળું તો કેહું કે તમે તેવણને વાસ્તે પુછતાં'તાં–તમારૂં નામ શું?"

"તમુને જો તેવણ મળે તો તમે બેલાશક તેવણને કહેજો કે જેસ પ્લન્કેટ તમુને પુછતી અહીંવેર આવી'તી, બસ." એટલું કહી તે બચારી જેસ પોતાને રસ્તે ચાલતી થઇ.

તે બાદ મેજર, લૉર્ડ કારલ્યનને જઇ મળ્યો, જે પોતે કાંઇ સારા 'મુડ'માં ન હોવાથી તેને જોતાંને વારજ તેણે ખાધો.

"બાહાર શું ધકેલા ખાતો'તો, મેજર?"

"હા, દોસ્ત જરા પેલી બૈરી સાથે તાહેલે ઉભેલો હતો" આ જવાબ આપવામાં મેજરની મતલબ હતી–અને એકી વખતે ચચાર પાંચ પાંચ ચોપાન્યાં અને ન્યુસપેપરોની સીરીયલો કટકે કટકે યાદ રાખીને વાંચતાં મારાં વાંચનારાંઓને મેજરની તે મતલબ શું હતી તે ઉંડાણથી સમજાવી તેઓની સમજ શક્તીને ઉતારી પાડવાની મારી નેમ નથી.

"અંહં!"

"હા, મજેહની ચટમારી નંબર વન છોકરી છે ને અજબ જેવું કે એકલી અટુલી કોઇ જવાનની શોધમાં નીકળીછ–કોઇ ક્લૉડ હેમીલટન કરીને તો કહેછ–અરે પણ ઘોડાને કાંય એટલો ફટકાવેછ? ગારી બારી ઉંધી વારસે તો—"

"મુગો બેસ, ઘોડાને કાંઇ થતું નથી–તું મને શું આજ કાલનો લેભાગુ ભાડુતી હાંકનાર સમજેછ કે? શું–તેણે શું નામ તુંને કહ્યું?"

"હેમીલટન–ક્લૉડ હેમીલટન–તમે કાંઇ તે નામ સાંભળ્યુંછ?"

"નહીં, કદીબી નહીં."

"આહ! બાપા—સારૂં છે કે હું કલૉડ હેમીલટન નથી—નહીં તો તે બૈરીની આંખમાં મેં એવો કીનાનો આતશ બળતો જોયો કે જે દાહાડે તે કમનસીબ તેને મળ્યો તે દાહાડે એ હાથે તે તેને ચીરીજ નાંખવાની."

"ને તુંને તેણે શું કહ્યું?"

"કાંઇ નહીરે, તે બીચારીએ માંગી લીધું કે જો તમુને કોઇ દાહાડે તે આદમી મળે તો તેને કેહેજો કે જેસ પ્લન્કેટ તેની શોધમાંજ ફરતી ફરેછ."

અને અહીં મેજરે બારેડોળે જોયું તો લૉર્ડ કારલ્યનનો ચ્હેરો પ્હેલે ઉજળો વાખ જેવો અને પછી તુરત લાલ ભુંડ જેવો બની રહ્યો હતો.

"ને એ બાબદ સાથે તુંને શું લાગે વળગે?"

"જરાબી નહીં" મેજર મોંહ થાવકું રાખી બોલ્યો.

પ્રકરણ ૧૧ મું.

કેટ, તમારી નજરે રોજ પડતી ચેકેપાઇ છોકરીઓમાંની એક ન હતી. તે ઘણી હીંમતવાલી છોકરી હતી એટલે પેલા 'કલીફર્ડ રેવન' અને 'રસ્તે ચાલતી એક છોકરી' વચ્ચેનો મેળાપ જોઇ જે તેને લાગી આવ્યું હતું તે જુસ્સો ખલાસ થઇ જતાં, તે પ્રત્યે આટલી બધી લાગણી દેખાડવા માટે તેણી શરમાતી અને તે માટે પોતેજ પોતાને ઠપકો દેતી પોતાને રસ્તે ચાલતી થઇ. ત્યારે, તેણીને લાગ્યું કે પેલા જ્વાનને માટે તેણીને તેણીના બાપે જે ચેતાવી હતી તે ખરીજ હોવી જોઇયે અને તે જ્વાન તેની ભોળી આંખ અને દેખામણા ચ્હેરા છતાં કોઇ લુચ્છો ઠગારોજ હોવો જોઇયે. જુવોની, હમણાં તો તેણે તેને કહ્યું હતું કે ઇંગ્લાંડમાં તેનું ઓળખીતું કોઇજ નહીં હતું! ને તેની આગળથી તે છુટી પડી કે જરા વારમાં કેવી પેલી કોઇ છોકરી તેને મળી ને તેબી

જાણે કેવી એક તેની સાથે પળોટાઇ ગયલી હોય તેમ વાતચીત કરવા લાગી! અને તેથી એવા એક એ બદામનાપર પોતાની દયા અને દીલસોજી હરામ ખરચવા માટે તેણીનું દિલ ખરેખરજ દુઃખાયું હોય તો તે બનવા જોગ હતું.

બપોરનો જમવાનો વખત પુરો થઇ જતાં તે ઘેર પુગી અને જમવાના ઓરડામાં જેવી તે દાખલ થવા જતી હતી કે મેજર ત્યાંથી બાહાર નીકળતો તેણીને સામોજ મળ્યો.

"ઓ, કેટી, આવી કે?" તે તેણીને જોઇ બોલ્યો "તું કહાં ગેઇતી? કલાક થયો તારે લીધે હું ખોટી થાઉંછ?" અને એ બધું તે એવું નરમાશથી, એવા મીઠાસથી બોલ્યો કે કેટીએ તેની સાથે લૉર્ડ કારલ્યનને નવે બંગલે આવવાની સાફ ના પાડી હતી તે તો જાણે તે ભુલીજ ગયો હતો.

"દર્યા કીનારે ટેકરીપર ગેઇ'તી, પપા" તે બોલી અને તેજ વખતે તેણીની નજર ત્યાં સુંદર પ્લેટો, કાંટા ચમચા, ઝગઝગ કરતાં ક્રુએટ સ્ટેન્ડો અને ફ્લાવર વાઝો ઇત્યાદીથી સીંગારી મુકેલી ટેબલપર પડતાં તે આગળ બોલતી અટકી પડી અને પોતાના બાપને તેણીએ પુછ્યું "એ શું ધુમચકરી છે, પપા?"

"ધુમચકરી? કાંઇજ નહીં! લૉર્ડ કારલ્યન રાત્રે જમવા આવવાના છે, બીજું શું? તુંને તો કાંઇ તેમાં વાંધો નથીની?"

"નહીં, પપા, પણ જરા આગમજથી કાંય નહીં ખબર આપી—હું જો જાણતે કે—"

"પણ તું અહીં હતીજ કહાં કે તુંને કેહું—ને તારે હવે ખટરાગ કરવાની જરૂરબી નથી—મેં બધી ગોઠવણ કીધેલી છે, ને શું શું રાંધવું તે પણ કેહી મુક્યુંછ. કારલ્યન જાણેછ કે આપણે સાદાં માદાં ને સાહેબજાદાં છઇયે ને આપણે નકામો 'ફસ' કરતાં નથી ને આપણને તેવો કાંઇ ફસ ગમતોબી નથી."

"ઠીક ત્યારે" એટલું બોલી પોતાની ટોપી અને જેકેટ બાજુ મુકી હજી કાંઈ ટેબલપર જોઇતું કરતું હોય તે બરાબર ગોઠવવા તે મંડી ગઇ.

"લીડકોટ ખરે ઘણુંજ સુંદર મકાન છે, કેટ! હું નહીં ધારતો કે વરસો સુધી એવું બીજું મકાન કોઇબી અહીં બાંધીને તૈયાર કરશે. લૉર્ડ કારલ્યને તે જેવું છે તેવું બનાવવા નથી પૈસાની વાણ કીધી કે નથી મેહેનત બચાવી. ને તું નહીંજ આવી તેથી બીચારો તે ઘણોજ રંજીદા થયો, હં કે—તારી પસંદગીને તે કાંઇ એટલી બધી અગત આપેછ કે બસ નહી."

"ને તેટલી બધી અગત તેવણે કાંય મને આપવી જોઇયે તે હું સમજી શકતી નથી—મને એવણ પુરી પાધરી ઓરખેછજ કહાં?"

"અરે, ત્યારે તુંને ખબર નથી! એ એવો ચગોર અને મીંઢો છે કે એકવાર એકનો ચ્હેરો જોયો કે તેનો બધો તેનાં નખમાં હીસાબ આવી રેહ્યો! કેટ, તું એને જોઇને ધારતી હોય તેવો ભોટ કે ભોળો તે નથી, હં કે! ને વારૂં તું હમણાં જઇ કાંહ આવી?"

"મેં કેહ્યુંની, પપા, કે દર્યા કીનારે ટેકડીઓ ઉપર?"

"તહાં? ત્યારે સહવારે ઘણું મજેહનું લાગું હોસે? કોઇ મળ્યુંતું કે?"

"હા, મી૦ કલીફર્ડ રેવન."

આ સાંભળી મેજર જે એક તમ્બલર નાપકીને સાફ કરતો હતો તે ઝટ ટેબલપર તેણે પાછું મુકી દીધું અને તેનો ચ્હેરો તુરત ફિકકો મારી ગયો; પણ રખે તેનો એ ગભરાટ કેટીની નજરે પડે કરીને બાજુએ ગોઠવી મુકેલી સાઇડ બોર્ડ તરફ તે ફરી ગયો અને એમ પીઠ ફેરવી ઉભો રહી તેણે પુછ્યું "કાંઇ તેની સાથે વાતબી થઇ કે?"

"હા, તેવણ મળ્યા ત્યારે તેવણને બોલાવ્યા વગર મારીથી કેમ ચાલી જવાય?"

"હા, હા, બરાબર છે, તે તો ઠીક નહીં લાગે–ને–ને–કાંઇ મારે વરે બોલ્યા કે?"

"નહીં, ખાસ કરીને કાંઇજ નહીં" કેટ બોલી અને આ સઘળા સવાલોનાં જવાબો આપતી વખતે તેણી નીચી મુંડીએ ફ્રુટ સ્ટેન્ડોમાં ફ્રુટ ગોઠવતી રહી હતી.

"ને એવણ હવે શું કરવા ધારેછ તે કંઇ તુંને કેહ્યું હોસેની?"

"હા, તેવણ સદાબરા ઇંગ્લાંડ છોડી જનાર છે."

હત્ત તેરીકી! હવે મેજરનો ઉંચેનો ઉંચે રહેલો દમ જરા હેઠો પડયો.

"ચાલો," તેણે મનસે વિચાર્યું "પીડા પટી–ડેસમન્ડ કારલ્યન ઇંગ્લાંડ છોડી જાયછ ને તેબી વળી તુરતજ: ત્યારે હવે બીહીવાની જરાબી જરૂર શું? ને એવો એકલો અટુલો હીણાયલો અકળાયલો ઇનશાનને પાછો ઇંગ્લાંડ આવવાના ચાન્સીસબી ઝાઝા બલકે કાંઇજ નહીં હતા. ત્યારે હાલને કાજતો–છટ! બીહીક શાની?"

કેટ, જે બધું ગોઠવ ગાઠવ કરવાનું હતું તે કરીને પોતાના ઓ-રડામાં ગઇ. તેણીએ પોતાને મનસે પકકો વિચાર કરી રાખ્યો હતો કે કલીફર્ડ રેવનનું નામ હવે દેવુંજ નહીં અને તેને હવે યાદબી કરવોજ નહીં; ને તે છતાં અજબ છે કે તે નામ તેને યાદ આવ્યાજ કીધું. આખી બપોર તેની ને તેનીજ યાદના ધખારામાં નીકળી ગઇ અને સાંજેબી જ્યારે તે રાંધનારી સાથે ખાણાંને લગતી ગોઠવણો કરતી હતી તેમજ પોતાના રૂમમાં કપડાં બદલતી હતી, ત્યારે તેનોજ ચ્હેરો તેણીની નજર આગળ ભમ્યા કીધો હતો, અને તેબી વળી તે જાણે તેણીએ તેને માટે બાંધેલાં મતને માટે તેણીને જાણે ધમકાવતો હોય તેવો તે ચ્હેરાનો કલ્લો હતો. તેનો અવાજ–કેવો મીઠો અને મધુર?–તેણીના કાનોમાં ગણગણ્યા કરતો હતો અને તેના ને તેનાજ વિચારોથી તે છોકરી એટલી બધી ઘેરાવા લાગી કે જ્યારે તેને ત્યાં કામ કરતી

ઐારતે તેણીને લૉર્ડ કારસ્યન આવી પુગ્યાની ખબર આપી ત્યારે તેણીએ ખરેખર છુટકારાનો દમ ખેંચ્યો.

તેણીએ ડ્રેસમાંબી આજે કાંઇ એવી ધુમ ચકરી ન કરી હતી—કે તેણી તેના પ્રતાપે હતી તે કરતાં વધારે દીપી નીકળે—તેવી તેણીને કશીજ જરૂર ન હતી, કેમકે, કેટી આવી અનુપમ ખુબસુરતી ધરાવવા છતાં છકેલ કે ફીશ્યારીખોરી ન હતી, અને એટલુંબી કહેવાની અગત છે કે તે દીને ડ્રેસ કરવાને જે તેણીએ માત્ર અરધોક કલાક લીધો હતો તેને બદલે જો તે કલાકોના કલાકોબી લેતે તો તે વખતે જે તેણી પોતાની ખાલેસ ખુબસુરતી અને ઉછળતાં જોબનના બાહારમાં દીપી રહી હતી તેના કરતાં એક સહેજબી વધારે દીપતે નહીં. તેણીએ માત્ર કાળા રંગની લેસવાલો તદ્દન સાદો ગાઉન પ્હેર્યો હતો અને સીંગારમાં સીંગાર માત્ર તેણીએ પોતાના ઓળીને ગોઠવેલા માથાંના વાળમાં 'મારશલનીલ' ગુલાબ ગોઠવ્યો હતો. એટલા સીંગાર સાથે તે ડ્રાઇંગ રૂમમાં આસ્તે આસ્તે ચાલી.

લૉર્ડ કારસ્યન તે વખતે ડ્રોઇંગ રૂમમાં ગોઠવી મુકેલી એક સુંદર સાઇડ બોર્ડને ટેકી તે રૂમનાં બારણાં તરફ એક ટગરે જોતો ઉભો હતો. લૉર્ડ કારલ્યન એક નબલા સ્વભાવનો અને કુછંદી મુર્ખ હતો, પણ, કુદરતમાં મુરખાઓને કાંઇ પ્યારમાં પડવાની મનાઇ નથી, એટલે લૉર્ડ કારલ્યન કેટી સાથે પ્યારમાં પડયો હોય તેમાં કાંઇ નવાઇ હતી? તેમ વળી કોઇક પ્રેરણાબુદ્ધિએ તેને ચેતાવી મુકયો હતો કે બાહારની ટીપણ ટાપણથી ઠગાય તેવી છોકરી કેટ નહીં હતી, અને તેથી ખાસ કરીને આજે તેણે પોતાના પોશાકમાં ઘણીજ સંભાળ લીધી હતી. તેણે હંમેશનો પોતાનો ચળચળ કરતાં સોનાનો ભારી છેડો બાજુએ મુકયો હતો, અને હીરાનાં પેંડા જેવાં મોટાં શર્ટનાં બટનોને બદલે ઝીણાં મોટી મઢેલાં બટનો તેણે પ્હેર્યાં હતાં. તેમ વળી તેણે પોતાની રીતભાતમાંબી તેવોજ ફેરફાર કીધો હતો. તે હંમેશની માફક ગડબડ સડબડ કરી મોટે મોટે

હસ્તો કે કોઈ રીતે અક્કડતો નહીં હતો અને કેટને ત્યાં આજે રાત્રે આવવાનો હોવાથી ત્રણ ચાર કલાક અગાઉથી દારૂને અડકયો ન હતો. તે ઉમરાવ તો હતોજ પણ સમજો કે તે ગરીબ હતે અને તેને અમીરી યા કેટ એ એમાંથી એક ચીજ પસંદ કરવાની હતે તો અલબત તે કેટનેજ પસંદ કરતે એટલો બધો તે તેણી ઉપર ફીદા હતો.

તે પેલી સાગ્નડ બોર્ડને ટેકી પોતાનું પોઝીશન હળતું રાખી જે કેટની કાગને ડોળે રાહ જોતો ઉભો હતો, તેણીને એકાયક ઓરડામાં દાખલ થતાં જોઇ ચમકીને તે ખડો થઇ ને ઉભો અને એટલો તેણીને જોઇને બેબાખરો ને બેધ્યાન બની ગયો કે જ્યારે તેણીએ પોતાનો નાજુક હાથ તેના સીંહ જેવા મોટા અને ખડબચડા પંજામાં આપ્યો તે વખતે ચાલુ રીતસરનાં 'સાહેબજી કેમ છેવો?' બોલોબી બોલવાના તે ભુલી ગયો—અને કેટ? ખરૂં માનશો કે કેટનેબી આજે તેને જોઇને હમેશની માફક કાંઇ કમકમાટ છુટયો નહીં. કલીફર્ડ રેવનની તેણીની નજરે પડેલી દગાઇ કદાચ કેટીની તે અમીરજાદા તરફ ફેરવાયલી વર્તણુંકને માટે જવાબદાર હોય એ બનવાજોગ છે.

"ડીનર તૈયાર છે" મેજર બોલ્યો "કારલ્યન, તમે કેટીને લઇને ટેબલપર આવો."

જમવાનું જોકે સાદું હતું પણ ઘણુંજ મજેહનું પકાવેલું હતું. અને જમવાનું ચાલ્યું તેટલો વાર મેજરેજ બોલ બોલ કર્યા કીધાથી લૉર્ડ કારલ્યનને ઝાઝું બોલવાની અને તેમ કરીને પોતાના દાંડા ગણાવવાની કશી જરૂર પડીજ નહીં.

કેટબી મુંગી મુંગી જમ્યા કીધા અને જેવી ટેબલપર લીકર્યોર અને ફ્રુટ મુકવામાં આવ્યાં કે ઇંગ્રેજોમાં ચાલતી આવેલી રીતભાતના કાનુંન મુજબ તે બેઉ માટીડાઓને તે બન્ને મિષ્ટાનની પેટ ભરતી મજાહ ચાખતા છોડી કેટ ત્યાંથી ઉઠી પાછી ડ્રૉઇંગ રૂમમાં આવી.

પેલા બેઉ મરદાને મરદો વાઇન સીપ કરતા થોડીકવારતો મુંગા

બેઠા, પણ, પછી કારલ્યનેજ વાત છેડી.

"આજે એની આગળ, મેજર, મારી વાત છેડું કે?"

મેજર આ સવાલ સાંભળી ચોંકયો.

"આજે છેડશે?" તેણે પુછ્યું.

"હા, કાંય નહીં–હવે કેટલો વખત એ આશામાં હું બેસી રેહું? આજેજ રાત્રે જે તે લટકો ફટકો થઇ જાય તો ઠીક કેની?—નહીં, થેંક યુ, મને દારૂ નહીં જોઇતો" મેજરે તેની આગળ ડીકાન્ટર ધકેલવાથી તે બોલ્યો "મારૂં મગજ બરાબર શાંત રાખવા માંગુંછ–તું ધારેછ મને ચાન્સ છે?"

આ સવાલથી વળી મેજર વિચારમાં પડયો, પણ તે છતાં ચ્હેરો શાંત રાખી તે બોલ્યો—

"હાજતો, હું તો એમ ધારૂંછ."

"ત્યારે અમે બેઉને એક પા કલાક એકલાં પડવા દેજે–ને પછી તું આવજે, કેમકે જો હું જીતવાનો હોવસ તો તેટલા વખતમાં હું જીતી ચુકેલો હોવસ."

"દીકરા, પણ કેટ જ્યઅબરા—"

"તે હું જાણુંછ–બધું સમજુંછ ને મારે કેમ કામ લેવું તે મને ખબર છે." કારલ્યન મુછના આંકડા મરડતો બોલ્યો.

ત્યારબાદ, બેએક મીનીટ ત્યાં બેસી તે ઉઠીને ડ્રોઇંગ રૂમમાં ગયો.

———:o:———

પ્રકરણ ૧૨ મું.

તે–લૉર્ડ કારલ્યન–જે વખતે જમવાના ઓરડામાંથી નીકળી હરખભેર ડ્રોઇંગ રૂમમાં દાખલ થયો તે વખતે કેટ ત્યાંજ એક ઇઝીચેરપર અઢેલીને બેઠેલી હતી. તે વળી પાછી હાલ કલીફર્ડ રેવન સાથે તેણીને થયલી વાતચીતમાં તેનાં મોંહમાંથી પડેલો એકે એક બોલ યાદ કરતી

ત્યાં બેઠી હતી, અને લૉર્ડ કારલ્યનને અંદર આવતાં જોઇ તે જાણે કોઇ ખુશ ખાબમાંથી જાગી ઉઠી હોય તેમ ચોંકીને ઉઠી ને સીધી થઇ બેઠી.

"મીસ કેટ, માફ કરજે હં, મેં તમુને ડીસ્ટર્બ કીધાં." તે બોલ્યો.

"નહીં જરાબી નહીં" તે બોલી અને ઉઠીને તેણીએ ત્યાંજ ટેબલપર મુકેલો ઘંટ વજાડયો "બેસો, હમણાં કાફી આવશે, પપા કહાં છે?"

"તેવણ કાંઇ કાગળ લખવા પોતાના રૂમમાં ગીયાછ."

જેન તેટલાં કાફી લઇ આવી અને કેટ ત્રણ પ્યાલાં જુદાં જુદાં ગોઠવી કાફી કરવા મંડી ગઇ.

"તમે ખાંડ લેઓછ કે, લૉર્ડ કારલ્યન?"

"હેં કસ–નહીં–હા–જરા" તે બોલ્યો અને તેણીને જે પોતાની વાત કહેવા અહીં આવ્યો હતો, તે–અજબ કે તેના ભેજાંમાંથી સરી પડી બાહાર નીકળી ગઇ.

કેટે તેને એક કપ આપ્યું અને તે કપમાં જાણે એક ચમચી કાફી અને બાકીની બધી ખાંડ હોય તેમ ચમચીએ જોરથી ડોહોવતો તે તેણીની સામે ઉભો; પછી જેમ તેમ તેનામાં બાકી રહેલી બધી શકતીનો ઉપયોગ કરી–અને તે કરતાં તેને કેટલીએક મુશ્કેલી પડી હોય તેમ–તે બોલ્યો:

"મીસ મેડીસન–કેટ–મેજર અહીં આવે તેની અગાઉ હું તમારી આગળ આયોછ તેનું કારણ તમે સમજોછ?"

"નહીં, શું?"

"મારે તમારી સાથે કાંઇ વાત કરવીછ."

"કાંઇ વાત? મારી સાથે?"

"હા" હજુબી પેલાની ખાંડ દોહોવાઇ નહીં રહી હતી કે શું તે પોતાનાં પ્યાલાંમાનાં તળ્યાંમાં ચમચી થોકતોજ રહ્યા હતો. "હા, તે વાત તમારે ને મારે માટે ઘણીજ અગતની છે" અને પછી એક ખંખારથી પોતાનાં ગળાંની નળી સાફ મોકળી કરી તે બોલ્યો.

"મીસ મેડીસન—કેટ—હું નહીં ધારતો કે તમારી તરફ મારી લાગણી શું છે તે તમો નહીં જાણતાં હોવ—" અને કેટ જેણીએ કાફી પીવા પોતાનું પ્યાલું પોતાના હોઠ આગળ ધર્યું હતું તેણે વ્હેલી વ્હેલી તે પાસેની ટીપાઇપર મુકી દીધું અને પેલા તરફ એક ટગરે જોતી બેઠી.

"હું કહેવા માંગુંછ કે તમારી તરફની મારી લાગણી શું છે તે વિશે તમો તદ્દન અજાણતો હોસોજ નહીં. આજે કેટલા કેટલા મહીના થયા મીસ મેડીસન—અરે કેટ—તમુને હું ચાંહુંછ—ને તેથી તમુને મારી પરણેતર કરવા માંગુંછ!"

પ્રિય વાંચનાર, માફ કરજે પણ તેંબી તારી આટલાં વર્ષની જીંદગીમાં કાંઇકોને પ્યાર જાહેર કરતા જોયા અને અનુભવ્યા હશે, મગર, તેં આવો ચંગો આશક કોઇ દી તારા જનમમાં જોયો હતો?

કેટનું તન બદન જાણે આઇસક્રીમ બનાવવાનું મોલ્ડ હોય તેમ તેણીનું હૈયું અંદરથી બંધાઇ ગયું, અને લૉર્ડ કારલ્યને કાફીના એક મોટો સબડકો ખ્યાલમાંને ખ્યાલમાં મોંહમાં લઇ લીધો પણ તે ગરમ હોવાથી ન તે તેનાથી ગળાયો કે નાં પાછો કઢાયો, જેથી તે લાલ બુંડ બની ગયો, અને તેની આંખો આંસુથી તર થઇ રહી!

"મને ભય છે, કેટ, કે મેં તુંને કદાચ અચંબામાં નાંખી હોસે; પણ, આય બાબદમાં હું ઘણો ગંભીર છેઉં. મેં એવી કોઇબી છોકરીને જોઇ નથી કે જેણે મારૂં જરા સરખુંબી ધ્યાન ખેંચ્યું હોય. બસ, તુંને મેં જોઇને જોઇજ મેં જાણ્યું કે તું મારે લાયકની પરણેતર છે ખરી!"

તે હવે જરા દમ ખાવા થોભ્યો. કેટ તો મુગાં પુતલાંની માફક તે ખુરસીપર એક ઘણોજ સુંદર 'પોઝ' અખત્યાર કરીને બેસીજ રહી.

"મારો હાથ જો તું કબુલ રાખશે તો તારો પડયો બોલ હું માંથે ચઢાવસ—દરેકે દરેક બાબદમાં તેમ હું કરસ!" અને પછી ફુગેલા દેડકા માફક તણાઇ ખેંચાઇને સીધો થઇ તે બોલ્યો "મારી પાસે પૈસાની

કાંઇજ કમી નથી અને તેથી તું જે માંગશે તે તારી આગળ હાજર કરવા હું તૈયાર છેઉં–મને તું જેબી કરવા કહેશે–નહીં, ફરમાવશે–તે હું કરસ. તું જો, કે મેં મારો આય નવો બંગલો કેવો બધી રીતે બનાવ્યોછ? તારા પપાનેજ પુછ કે તે કેવો છે? તે કોણને ખાતર? તું તેમાં રહે તેથી તે ઉપર પૈસા મેં પાપડીની માફક વેર્યાછ! પણ, જો તે છતાં તારૂં દીલ કોઇ બીજા બંગલાપર લાગું હોય તો અબ ઘડી—"

"નહીં, નહીં, નહીં–એટલું બધું શું કામ?" કેટ બોલી ઉઠી.

"તું ગમે તેટલું ના કહે–પણ હું તો કરવાનો! કેમકે એવી કોઇબી ચીજ આ દુન્યામાં હું એવી નથી જોતો કે જે તુંને નહીં મળવી જોઇયે. તું એક બોલ કહે ને તે મારે મનસે–કેટ, એક હુકમ જેવોજ તું સમજજે–મારાં ખરાં જીગરથી તુંને હું ચાહુંછ! બસ એટલુંજ મને હાલ કહે કે તું મારી પરણે—" અને પોતાની આ લટરાજીમાં તે એટલો તો અહીં ગંભીર બની ગયો કે તેનીથી આગળ બોલાયુંજ નહીં.

કેટ જોકે તદન નહીંજ બોલવાનો ઠેરાવ કરી બેઠી હતી તે છતાં તેણીએ જોયું કે હવે તે બાપડાને હોંસમાં બોલવા દીધેલો ઠીક નહીં તેથી બોલી:—

"લૉર્ડ કારલ્યન, તમે મને આટલું બધું માન—"

"આટલું બધું? એટલાંને તું ઘણું કહેછ? એતો કાંઇજ નથી. તારી તરફ જે બધું બજાવવાની હું આશા રાખુંછ તેની આગળ એતો માહાસાગરની આગળ ટીપાં બરાબર છે. ને તે છતાં, જો કે તારી મરજીને કાંઇ હું મરડવા નથી માંગતો–મને ઉતાવળનીબી જરૂર નથી ને તુંને ફરજ પાડવાનુંબી મારૂં કામ નથી–ફકત એટલુંજ કહે કે મને ચાહવાની તું કોશેશ કરશે ને તે હાલ તુરત મારે મનસે બસ થશે. ઓ કેટ! હું સોગંદપર કેહુંછ કે તુંને હું ચાહુંછ—" અને આટલું બોલતાં તે એટલો હોંસમાં આવી ગયો કે તેનીથી તેણીના હાથપર

પોતાનો હાથ મુકાઇ ગયો.

એ બાબદમાં તેણે ખરેખર પોતાની જીંદગીની મોટાંમાં મોટી થાપ ખાધી, કેમકે, જેવો તેનો હાથ કેટીના હાથને લાગ્યો કે કાંઇ નજીસાત સાથે તેનો હાથ અથડયો હોય તેમ તે કમકમીને જરા બાજુ હઠી ગઇ.

"મેહેરબાની કરી તમે મારાં આંગને હાથ ના લગાડો—હું તમુને શું કહેવા જાઉં છ તે તો તમે સાંભળતાજ નથી, લૉર્ડ કારલ્યન, તમે મને એ બધું આપવા તો માંગ્યું, પણ તમે મારાથી હજી જાણવા નથી માંગ્યું કે તમારે વાસ્તે મારો વિચાર શું છે. નહીં, મારીથી તમારો હાથ કબુલ રાખી શકાતો—"

"નહીં, એમ ના બોલ! હજીબી વિચાર કરવાને દાહડા—ગમે મહીનાઓ લે ને આજે જાણે મેં એ વાત છેડીજ નહીં હોય તેમ આપણે એક મેક તરફ વરતસું."

"તેમ હવે કેમ બને? તમે વાત છેડી ચુકા, હું તે સાંભલી ચુકી. બસ, લૉર્ડ કારલ્યન, તમુને હું કરગરીને કેહું છ કે તમે એ ખ્યાલ છોડીજ દેજો. એમ તો ત્યાં તેમજ બીજે ઠેકાણે એવી ઘણીબી છોકરીઓ છે, જેઓ—"

"નહીં, તેવી કોઇ નથી. આખી દુન્યામાં મારે મનસે એકજ છોકરી છે, ને તે કેટ તું છે! પણ, કાંઇ નહીં, કેટ—મીસ મેડીસન—હાલ તુરત આપણે એ વાત પડતી નાંખસું."

તે એટલું બોલ્યો કે કેટ તે ડ્રોઇંગ રૂમમાંથી બાહાર નીકળી. નીકળતાંજ તેણીએ જોયું કે બાહાર દાદર આગળ કોઇ ઉભેલું હતું. તે મેજર પોતે હતો.

"અલો, કેટ!" જાણે તે કશાંમાં હોયજ નહીં તેવા બેદરકારીથી બોલ્યો "લૉર્ડ કારલ્યને કાંઇ તુંને કેહ્યું કે? હમણાં તેવણ તારી સાથે વાત કરતા'તા કે?" એમ કહી તેણીનાં ખભાંપર તેણે હાથ મુકયો,

જેમ કરવાની મતલબ એકે કેટ વ્હેલી વ્હેલી ઉપર પોતાના રૂમમાં ચઢી જાય નહીં!

"હા."

"ને-પછી? તું શું બોલી?"

"ને પપા મેં તેવણુને સાફ-સાફ કેહી દીધું કે એ વાત બનનાર નથી?"

"હેં-શું?" મેજરને પગનાં ટેટાં આગળ એકાદ સર્પે ડંખ માર્યો હોય-યા તો કોઇ હડખાં કુતરાંએ ડાચુ માર્યું હોય તેમ ચોંકયો-ઉછળ્યો "તેં તેવણુને સાફ ના પાડી? કેટ, છોકરી, તું કાંઇ મને મૅડ-મૅડ કરવા બેઠીછ?-નહીં, થોબ, ઉપર કહાં જાયછ? સાંભળ, કેટ કે તારીથી લૉર્ડ કારલ્યનની માંગણીને ના પડાશેજ નહીં!"

"ના પડાશેજ નહીં? એટલે, પપા?"

"નહીંજ, કેટ! ને લે હવે સાચી વાત તારીથી છુપાવવામાં સાર નથી-એ લૉર્ડ કારલ્યન તારો શેઠ-તારો મુરબી છે!-કારણ કે તે મારો શેઠ-મારો મુરબી છે!"

"મારો શેઠ! ઓ પપા, તમે એ શું બોલોછ?"

"જે હું કેહુંછ તે-હું કારલ્યનના કબજામાં છેઉં-તે કોઇબી પલે મારો નાશ કરી શકે તેમ છે-ને જો તે નામોશીમાંથી મને કોઇબી બચાવી શકે તો તે તુંજ છે! હવે સમજી?"

"નહીં-હજુર મને કાંઇજ સમજ નહીં પડી! એમ છે તેનું કારણ શું? તમે તે એવું શું કીધુંછ—"

"મને સવાલ પુછજના, કેમકે, તેના જવાબો હું આપી શકવાનો નથી; વાસ્તે ફરીથી કેહુંછ કે તું જો કારલ્યન સાથે પરણે નહીં તો મારૂં આવીજ બન્યું સમજવું-દુન્યાથી હું ઉખડી જવાનો-બોલ હવે. પરણવા હા કહેશેની? ને તુંને અડચણબી શું છે? તું કાંઇ મૅડ છે? હું તો જાણું કે તું મારી કેવી અદર કદરની દીકરી હોસે! ત્યારે એ બધા તારા

ઢોંગજ હતા કે? જો, મારી જાહેરીનો તું વિચાર કર ને આય વખતે નામોશી–જગતની લ્યાનત મારાથી ખમી શકાશે? જા મારી ડાહી દીકરી થઇને તારા ઓરડામાં જા ને પછી હું કહું તેમ કરજે."

કેટને આ સાંભળી ફેર આવી ગયા અને તેણીએ પોતાનું માથું પકડી લીધું.

"ઓ, પપા, તમે મને આય શું ફરજ પાડોછ તેની તમુને કાંઇ ખબર છે?"

"મને ખબર નહીં હોય? શું ત્યારે એક ઉમરાવ તોખમના અર્લને પરણવું એવી કાંઇ મુસ્કેલ કામ છે? કાઉન્ટેસ થવાનાં, ઘેલી, આજે કોણ કોણ તરફડયાં મારેછ ને તું––"

"બસ, પપા, ખુદાને ખાતર, મને એક–બે મીનીટ વિચાર કરવાની આપો" અને એટલું બોલી તેણીએ તેની સામેથી પોતાનો ચ્હેરો ફેરવી નાંખી તે બે હાથ વડે ઢાંકીને થોડો વાર ઉભી, પછી જાણે પોતાનાં ભવિષ્યનો સ્વપનો જોઇ વિચાર કરી ઉઠી હોય તેમ તે બોલી "ઠીક છે, પપા, તમારી વાત હું માનુંછ–તમે કહેશો તેમ કરસ! પણ, ઓ! મારી સાથે જરા ધીરજથી કામ લેજો!"

"મારી પોતાની કેટી, મારી વ્હાલી દીકરી!" તે મેજર હરખમાં આવી બોલી ઉઠયો–અને તે તેનું માંથું પસવારવા જતો હતો, પણ કમકમીને તે તેનાથી બાજુ હટી ગઇ "કેટી! તું દીકરી કાંતજ બીહી ના–તુંને કાંઇ આજ ને આજ હું પણનાવી દેવાનો છેઉં? અલબત, તુંને પ્હેલે જરા અરજું––"

અને પોતાના બાપનું એ કીસમનું ટાહેલું તેણીને માટે અસહ્ય હોય તેમ તે રાંક છોકરી, ત્યાંથી ખીસી ઉપર દાદર ચઢી ગઇ.

મેજર, જે કેટ સાથની તકરારમાં પાણી–પાણી થઇ ગયો હતો, તે ડ્રૉઇંગ રૂમમાં લૉર્ડ કારલ્યન આગળ જવા અગાઉ દાદર આગળીજ બાહાર જરા થોભ્યો–પોતાનો પસીનો તેણે લુછયો અને જરા હાંયો

હોયો થઇ તે તે ઓરડામાં દાખલ થયો.

અને એમજ હોય છે! નાચાર ઉપર જુલમ ગુજારનારનો હાલ અવતાર મેજરના જેવોજ હોય છે. જુવો કે કેટ જેવી એક કોમલાંગીને પોતાની મરજીની ગુલામ બનાવતાં મેજરનું કશુંબી લોહીનું પાણી થયું ન હતું-તેને તેમ કરવા કશી મેહેનત પડી ન હતી છતાં જે તે જુલમગારી કરી રહ્યો હતો તેની સઘળી જવાબદારી તેનાં અંતઃકરણે સ્વિકારી હતી અને તેણે જે કીધું હતું તે ખુદા વાજબી ન હતું એમ અંદરખાનેથી તે અંતઃકરણે પુકારો કરી તેને હદ બાહાર ગભરાવી મેલ્યો હતો; અને આપણે ઉપર જોયલો તેનો ગભરાટ તેનુંજ પરીણામ હતું. મેજર ત્યારે ડ્રોઇંગ રૂમમાં જવા આગાઉ જરા થાક ખાતો બારણાં આગળ ઉભો અને પછી પોતાનાંજ મકાનમાં તે એક ચોર હોય-તે કોઇનો ઓસ્યાળો હોય તેવી અદાથી અંદર દાખલ થયો. લૉર્ડ કારલ્યન પોતાનાં પાટલુનનાં ખીસાંમાં હાથ નાંખી લટાર મારતો હતો.

"કેમ, દીકરા-કેટી કહાં છે? કેમ શું પરીણામ?"

"કેટ જહાંન્નમને હવાલે ને પરિણામ તારૂં નાબુદ!" તે બખાળ્યો "જો, મેજર, આપણે જ્યારે આપણા વચ્ચે એક સાટું થોકયું, ત્યારે મને ને તુંને બેઉને માલમ નહીં કે એ દરમાંથી તો મળીને બદલે—"

"એટલે?"

"એટલે પુછેછ? આપણા વચ્ચે સાટું શું હતું?"

"હા, હા, તે ખરૂં-પણ જરા આસ્તે તો બોલ, હજી તો નોકર નફરો ગગડી નથી મુવાં."

"સાટું શું હતું તે તો તું જાણેછ કેની? મારા ને મને મળનારા અર્લના ખેતાબ વચ્ચે ખુંટી બેઠેલા પેલા મારા પિત્રાઇ ડેસમન્ડના મરણને લગતી તારે સોગંદપર એફીડેવીટ કરવી-મારે તારી કેટ સાથે પરણવું ને તેના બદલામાં લગનને દીને મારે તુંને દશ હજાર

પાઉન્ડ—"

"અરે, પણ તું કાંય બુમ બરાડા પાડીને મને કહેછ? હું તારી આગળજ ઉભોછ વાસ્તે આસ્તે બોલની—કોઇ દાસી બાસી—"

"આજે મને તું છેડતોજ ના, મેજર—આજે હું કોઇના બાપનો નથી થવાનો. ટુંકમાં કેહુંતો આપણી બાજી બગડી ગેઇછ—કેમકે કેટ મને ધુટકારીને ચાલી ગેઇછ."

"તેંજ ઉતાવળ કીધી! હવે વાંક કોણનો? મેં તો તુંને પેહલેથીજ કેહ્યું'તું કે એ વાત મારી ઉપર છોડ—તુંને ના કેહી? ચાલ ત્યારે જા, તે 'ના' મારી એ દીકરીએ પાછી ખેંચી લીધીછ ને વળી એમ પોતાની તરફથી તુંને કહેવા મને ફરમાશ કરતી ગેઇછ! દીકરા, સેવક તુંને તારાં આય ખુશ નસીબ માટે મુબારકબાદી આપેછ, કેમકે, જો કે મારે કહેવું છાજે નહીં, કેમકે કેટ મારીજ દીકરી છે, પણ, એના જેવી કરોડમાંથી એક—"

"પણ શું? તું શું કહેછ? કેટે હા કેહી? કેટ કબુલ કરેછ?"

"તો હવે તું ગોખ્યારૂં કરી આખી દુન્યાને ના જણાવની! એ વાત તારી, મારી ને તેની વચ્ચેની ખાનગી છે. બસ તુંને કેહુંછ કે તે તારીજ છે. એટલુંજ કે તું ઉતાવળમાં ના પડતો—તેની સાથે જરા ધીરેથી—નરમીથી કામ લેજે—ચાલ, હવે આપણાં સાટાંનું શું?"

"સાટાંનું? લે, જા, એમજ હોય તો મેં તુંને દશ હજાર આપવા કેહ્યા'તા કે? તો વારૂં, પંદર હજાર આપસ? બસ?"

"વાહરે, મારા મરદાંને મરદ! એ તે છાતી, એ તે દીલ! મારા દીકરા, તેને પેટે મને એક વીસ પચીસ પાઉન્ડ નહીં તું આપે?"

"ઓ, યસ." એમ બોલી તે ફુગી ગયલા દેડકાએ પોતાની ચેક બુક કાઢી.

"થેંક યુ-થેંક યુ—ને—ને—હવે લખેછ ત્હારે તો પચાસજ પાઉન્ડ મુકની!"

"લે, પચાસ–બોલ હજી પચાસજ જોઇયેછ કે વધારે ?"

"નહીં, બસ, પછી જોઇશે તો માંગસ, હાલ તો પચાસજ બસ."

ને લૉર્ડ કારસ્યને ઝટ તેટલી રકમનો ચેક તેને ભરી આપ્યો.

પ્રકરણ ૧૩ મું.

ત્યારે એ બધો વખત આપણો પેલો રખડેલ ડેસમન્ડ કારસ્યન ક્યાં હતો અને શું કરતો હતો ?

તે બાપડો–જેસ તેની આગળથી ગયા પછી મોંહમાં ચીરૂત પકડી કોટના ગજવામાં હાથ ખોસી તે બેઉ–જેસ પ્લેનકેટ અને કેટ મેડીસન–નો વિચાર કરતો તે ખડકાની બાજુમાં પડેલા એક પોહોળા પગવાટ પરથી આસ્તે આસ્તે ચાલતો થયો હતો. તેણે મનસે નક્કીજ માન્યું કે તે બેઉ છોકરીઓ સાથનો તેનો આજનો મેળાપ આખેરી હતો, કેમકે ત્યાંથી ધીરે ધીરે એકાદ બંદર મળે ત્યાં સુધી ચાલી, ત્યાંથી અમેરીકા જતી એકુ સ્ટીમરપર એકાદ મજુર તરીકે પેસેજ મેળવી દુર દરાજ નીકળી જવાનો તેનો વિચાર હતો. ગરીબ બીચારી જેસ! તે જે કામે ત્યાં આવી હતી તેને માટે તેની દયા તેને ઉપજી, પણ તે જનાં તેના ખ્યાલ તેણે મનમાંથી તુરત વેગળા કાઢી નાંખ્યો અને કેટ મેડીસન-નોજ ખ્યાલ તે કરતો ચાલ્યો. કેટ મેડીસન, તેના હસતા મુખડા અને મીઠી નરમાશવાલી આંખો સાથે તે તેના ખ્યાલમાંથી ખસી નહીં.

ખાસ કરીને તે દિનની સહવાર ઘણી ખુશનુમા હતી–સુરજનાં કીરણોને તાપે થઇ તેની સામેનો દર્યો ચળચળ થતો હતો અને તેનાં પાણીપરથી ખડકપર અને ખડકપરથી ઉંચે આકાશ તરફ ઉડતાં સફેદ પંખીઓ ખરેખર જાણે તે રખડેલનાં દુઃખમાં દીલસોજી ધરાવતાં હોય તેમ તેને ગમત આપી રહ્યાં હતાં.

એ એક માઇલ એમ કદમે કદમ કાપયા બાદ, જે પગવાટનો

આશરો લઇ તે ધીમે કદમે ચાલતો હતો, તે પગવાટ જરા જરા સાંકડો થઇ આગળ ચાલતાં તો એટલો તે એકવડો અને સાંકડો થતો ગયો કે ઉપરથી માત્ર એકાદ મેંઢું કે બકરૂંજ ચાલી શકે! પણ તેની એ મુશ્કેલીનો ગોયા બદલો વાળવા જેમ જેમ તે આગળ ચાલતો ગયો તેમ તેમ ત્યાંનો દેખાવ એવો સુંદર તેને મળતો ગયો કે તેની મોહીનીમાં સંભાળીને પગ ઠેડવીને ચાલવાની પડતી મુસ્કેલી તો તે ભુલીજ ગયો.

હવે ત્યારે, તેની નજરે પડેલા તે દેખાવને તે આ છેલ્લીજવાર તેને મનસે જોતો હોવાથી તે થોભ્યો અને આસપાસ નજર કરી એક બેસ્વા લાયક જગ્યા શોધી કાઢી તે ત્યાં બેઠો અને—અને—વળી પાછી કેટ મેડીસન તેનાં મનમાં વસી!

પણ તેટલાં એકાયક એક મોટો ધડાકો તેને કાને સંભળાયો અને તે ચોંકીને ઉભો થયો. તેણે તુરત જોઇ લીધું કે તે અવાજ તેની પછવાડેથી આવ્યો હતો. તે જાણે વાદળ જોરમાં ગગડવાથી યા મોટી તોપ ફુટવાથી અવાજ થયો હોય તેવો મોટો અવાજ હતો, પણ તે કોઇ વાતે બીન અનુભવી કે કાચી અક્કલનો ન હતો એટલે તુરત પામી ગયો કે તે અવાજ સુરંગ ફુટવાનોજ હતો. જો તે અવાજ સુરંગ ફુટવાથીજ થયો હતો તો તેણે ધાર્યું કે પછવાડે જ્યાંથી એ અવાજ આવ્યો હતો ત્યાં વસ્તી હોવીજ જોઇયે, અને તે વિષેની પોતાની ખાતરી કરવા તે આગળ વધ્યો અને જમણા હાથપર વાંક લેતાંજ તે પાહાડને છેક એવે કીનારે આવી ઉભો કે ત્યાં જો લાકડાંના કઠેરા ભરી ન લીધા હતે તો આપણો તે રખડેલ નીચે શું છે તે જોવા જવાની મેહેનત વગર એકદમ હેઠાણમાં ગબડી પડી તેનો ત્યાંજ અંત આવી જતે!

ડેસમન્ડે તે કઠેરાપર હાથ ટેકી ડોકાવીને જોયું તો તેને પોતાની મતલબ ખરી પડેલી માલમ પડી. ખરેખર તે દેખાવજ ઘણો મોહક લાગ્યો અને ત્યાંનાં ઝાડોને પાંદડે પાંદડે અને જમીનને કાંકરે કાંકરે બધે

ઉદ્યોગ છેવાયલો તેને દેખાયો. છેક નીચે, એટલાં તો હેઠાંણમાં કે ત્યાં કામ કરતાં લઇ મજુરો તેને તે જ્યાં ઉભો હતો ત્યાંથી નાનાં બાળક જેવાં લાગતાં હતાં, મધમાખીઓનાં ટોળાંની માફક કામે વળગેલાં આદમીઓ તેની નજરે પડયાં—કોઇ પાવડાએ જમીન ખોદતાં હતાં, કોઇ પરાઇથી પથરાઓ ઢીલા કરતા હતા, કોઇ ટોપલીઓમાં મટોડું ભરી જરા દુર ઉભેલાં વેગનોમાં તે નાંખતાં હતાં, કે જે વેગનો, તેમને માટે નાંખેલી નાનાં માપની લોખંડી સડકો ઉપરથી નાનાં રમકડાં જેવાં ઇંજીનોની મદદથી, તેઓએ લીધેલો બોજો થોડેક દુર આવેલાં નાનાં બંદર તરફ ઘસડી જઇ ત્યાં ડોળા ખાતી લાંગરેલી નાની હોડીઓમાં ખાલી કરતાં હતાં. તેની બરાબર સામે તે ખાણને છેક કીનારે ઝાડોના છાયા હેઠળ એક નાનું મકાન—કહોકે નાનું ઝુપડું—તેને દેખાયું. તે તરફ નજર ફેંકીને જોતાં તેણે જોયું કે તે પડત જેવું હતું—તેમાં કોઇ વસ્તુ હોય તેમ તેને લાગ્યું નહીં, કેમકે તેની દીવાલે અને છાપરાંપર ચઢાવેલો લીલાં પાંદડાંનો વેલો જાણે કોઇનીબી દેખરેખ વગર ત્યાં હાડમાર થતો વેર વીખેર પડયો હોય તેમ તેને લાગ્યું, અને ત્યાં તેણે એક વખત અમેરીકાની ખાણોમાં ગુજારેલા દાહાડાઓની યાદ ડેસમન્ડનાં મનમાં તાજી થઇ અને નીચે ઉતરવાનો કોઇ માર્ગ તે ઢુંડવા લાગ્યો, જે તેને મળતાં તે ધીમે કદમે નીચે ઉતર્યો.

જેમ જેમ હેઠાંણમાં તે ઉતરતો ગયો તેમ તેમ તે આદમીઓ તેને પ્રગટ દીસતાં ગયાં. જે અવાજ તેણે સાંભળ્યો હતો અને જે તેણે સુરંગનો હોવાની અટકળ કીધી હતી તે અવાજ સુરંગનોજ હતો, અને તે સુરંગથી ઢીલા થયલા પથ્થરો ઉખેડીને ખીસાડવા હાલ કેટલાક મજુરો ત્યાં કામે લાગી રહ્યા હતા. ડેસમન્ડ તેઓને ઘણી હોંસથી જોતો થોડેક વાર ત્યાં ઉભો અને પછી વિચાર કીધો કે એ કીસમની તેની જીગ્નાસા ચાલુ રહી તો તે બંદર તરફ પ્હોંચી ચુકયો! અને જે જગ્યે તે ઉતરી આવ્યો હતો ત્યાંથી બંદર તરફ જવાય તેવું ન હોવાથી તે પાછો

ઉપર ચઢવા જતો હતો તેટલાં ત્યાં ખડકોની પછવાડેથી નીકળી આવતા બે આકારો તરફ તેનું ધ્યાન ખેંચાયું. તે બે આકારો તેણે જોયું કે એક અધોર વયના મરદ અને એક જવાન છોકરીના હતા.

તે મરદનો ચહેરો કાંઇક કઠોર—અને તેનો બધો સામટો દેખાવ ગામડે જન્મી ગામડાંમાંજ ઉધરેલા એક આદમી જેવો—તેને લાગ્યો, પણ તેને જોઇ લેતાં વાર ન લાગી કે તેની આંખોમાં નરમાશ અને તેના અવાજ—કેમકે તે ત્યાંથી પોતાના મજુરોને હોકમો ફરમાવતો હતો તે વખતના તેના અવાજ—માં મીઠાસ હતો. તેની બાજુએ ચાલતી છોકરી ઉંમરે સત્તર અઢાર વર્ષની હોવી જોઇયે એમ તેને લાગ્યું અને તે નાજુક બાંધાની, બચ્ચાંના જેવા ભોળા અને મીઠા ચહેરાની એક કોમળાંગી હતી. ડેસમન્ડ તેઓને જોતો વળી પાછો અટકીને ઉભો રહ્યો. તેણે પોતાને મનસે ધારી લીધું કે તે બુઢ્ઢો તે પથ્થરની ખાણનો માલેક હોવો જોઇયે અને તે છોકરી તેની દીકરી હશે. એટલો વિચાર કરી તે પાછું ચઢાણ શરૂ કરવા જતો હતો તેટલાં એક બીજો ધડાકો થઇ ત્યાં બધું ધુમાધાર થઇ રહ્યું.

તે બુઢ્ઢાએ તે છોકરીને બાહાર નીકળી આવેલા એક ખડકને ઓઠે ખેંચી લીધી, પણ જરા વારમાં મોટે મોટે હસ્તી તે જાણે કશાંથી બીહીતી નહીં હોય અને એવા અવાજો અને ધડાકાની તેણીને આદતજ હોય તેમ બાહાર નીકળી આવી.

"વાહ! જાણે વાઘનું બચ્ચું! નથી તે જવાન જીવને કશી બીકર કે નથી ચીંતા." તેણીનો હસ્વાનો ખુશ અવાજ તેને કાને આવતાં તે બડબડયો.

અને એમ બડબડતાંજ તેની નજરે એક એવી ચીજ પડી કે તે ત્યાં દંગ થઇ અચકી ઉભોજ રહ્યો. તેણે તે બુઢ્ઢા તરફ નજર ફેરવી—તે છોકરીને જોઇ અને પછી તેની નજર છેક ઉંચે ગઇ કે તેનાં હૈયાંનો ધપકારો ગોયા થંબ થઇને ઉભો, કેમકે, જે ચીજ તેની નજરે પડી હતી

તેનો કોઇ બીજાને સ્વપ્નો વટીક ન થયો હતો. તેણે જોયું કે છેક ઉંચેના ખડકમાંથી, સુરંગના હમણાંજ થયલા ધડાકાથી ધ્રુજીને એક મોટું પથ્થરનું ચોસલું છુટું પડી જઇ નીચે, તે બાપ બેટી જ્યાં ઉભાં હતાં, ત્યાં ખાસ કરીને તે છોકરીની તરફ ધસ્યું આવતું હતું, જે જો નહીં અટક્યું તો જરા વારમાં તે જવાન કોમળ જીવપર પડી તેનો કચડઘાણ કાઢી નાંખી બીજા વધુ ભોગોની શોધમાં હેઠાણમાં જવાનુંજ! હવે? બીજો બીન અનુભવી ઇનસાન હતે તો ત્યાંજ ઉભો રહી તે બાપ બેટીને ચેતાવવા બુમો પાડતે—પણ તેથી શું થતે? રસ્તે ચાલતા આદમીની પુઠે લગોલગ ધસી આવેલો સાઇકલીસ્ટ ચંગ વજાડયાથી ઉલટો જેમ તે આદમીને ગભરાવી મારી તેને અથડી પડે છે, તેમ થતે. તેના બુમ પાડયાથી તેની બુમરાણનું કારણ તેઓ સમજી શકતે નહીં અને તેટલા વખતમાં તો—

શું થતે તેનો વિચારજ કરતાં તેને ધ્રુજરી છુટી—હવે વિચાર કરવા થોભવાનો વખત હતોજ નહીં. આપણે એક—બે—ત્રણ—ચાર—અને પાંચ, એટલા ગણ્યે તેટલો વખત તેણે વિચાર કરવા લીધો અને પછી ઝટ કમાનમાંથી છુટેલા તીરની માફક તે તેઓ તરફ ઉડી પ્હોંચ્યો અને ઝટ પેલી કોમળાંગીને પોતાના હાથમાં લઇ બાજુએ થઇ ગયો કે બીજીજ પલે—કહો કે અડધી સેકન્ડમાં—તે જીવલેણ પથ્થર તે છોકરી જ્યાં અસલ ઉભી હતી ત્યાંજ મોટા ધડાકા સમેત આવીને અરડાઇ પડયો.

પ્રકરણ ૧૪ મું.

ખરેખર, તે એક ગજબનાક આફત પુરવાર થતે, જો ડેસમન્ડ કારલ્યન તે છોકરીના બચાવમાં એકદમ—મગજનું સમતોલપણું રાખીને—ધસી નહીં આવતે તો!

અને ડેસમન્ડ કારલ્યને મારેલી તે છલાંગ એટલી એકાયક હતી,

અને તે છોકરીને પોતાની બગલમાં લઇ જે જગ્યાએથી તે ઉંચકી ગયો તે પછી તુરતજ તેજ જગ્યે પેલી જાલેમ જીવલેણ પથ્થરની લાદી એવી અચાનક ઉંચેથી ગબડી આવીને પડી કે એકાદ બે પલ તો તેઓ બધાં દિગમુઢ અને સ્તબ્ધ થઇ ઉભાંજ રહ્યાં.

ડેસમન્ડ જ્યારે શુદ્ધીમાં આવ્યો—કેમકે પેલા પથ્થરની લાદીએ તો તેને કે કોઇને કશુંજ નુકશાન પ્હોંચાડયું નહીં, પણ તે પેલી જગ્યાપર એવા તો જોશમાં આવીને અફળાઇ હતી કે તેનાં જોર સમેત તેમાંથી કે કોણ જાણે તે જે પથ્થર સાથે અફળાઇ તેમાંની એક કપચી તે બીચારાનાં કપાળપર ઉડી આવી લાગ્યાથી તે માર સમેતજ તે બેશુદ્ધ થઇ ગયો હોવો જોઇયે—ત્યારે તેણે પોતાને ચટટો પાટ પડેલો આસમાનના ગોલ ગુંબદ તરફ ટીકતો જોયો; અને પછી તુરતજ તેને કાને કોઇનો નરમ નાજુક અવાજ પડયો.

"પપા!" તે અવાજ તેને બોલતો સંભળાયો "એવણ હુસ્યારીમાં આવેછ, જુઓ, એવણ આંખ ઉંચાડીને જોયછ" અને ડેસમન્ડે પોતાની ડોક ફેરવીને જોયું તો તેની નજર તેનીજ પાસે બેઠેલી એક છોકરી ઉપર પડી. તેણે તેણીને જોઇ કે શું બન્યું હતું તેની તેને યાદ થઇ આવી અને તેણે પુછ્યું:—

"તમુને વાગું તો નથીની?—ઠીક ત્હારે!"

"હા, સાહેબ, તમારી મેહેરબાનીથી ઠીક તો થયું" તે છોકરીનો બાપ બોલ્યો "તમે જો તે વખતે મદદે દોડી નહીં આયા હોતે તો મારી નેલીનો કચડ——"

અને ત્યાં તે ડોસાની છાટી ભરાઇ આવ્યાથી તેનીથી આગળ બોલાયુંજ નહીં.

ડેસમન્ડ હવે જેમ તેમ પોતાનું જોર એકઠું કરી ઉઠયો અને તે છોકરી ઝટ પોતાના બાપની આગળ જઇને ઉભી.

"અરે, એમાં શું? આપણે ઇનશાન એકમેકની મદદને માટે

સરજાયાંછ. મોટાં નસીબની વાત કે મેં તે લાદીને નીચે ગબડી આવતી જોઇ ને વળી તમારી દીકરીની મદદે દોડી પ્હોંચવા જેટલો હું નજીકમાંજ હતો—ને તોબી મારા અચાનક ધસી આવવાથી મેં કાંઇક બેઅદબી કીધી હોય તો હું તમો બન્નેની માફી માંગુંછ—કારી કામની દુકાનમાં એક છેડાયલો ગોધો ધસી જઇ તેની ખરાબી કરે તેમ બાનુંઓ તરફ ધસી જવાની મને કાંઇ ટેવ નથી." તે હવે એ બનવાને હસવાનું રૂપ આપી બોલ્યો.

અને તે બાપ દીકરી હતાંજ એવાં ભલાં કે એ બનાવને હસીને કાઢી નાંખવાની ડેસમન્ડની કોશેશ સદંતર નિષ્ફળ નિવડી હોય તો તે બનવા જોગ છે. તે છોકરીબી ડેસમન્ડના ઉપલા ટાહુકાથી હસી નહીંજ, પણ એકાદ પલ તેણીએ તેની તરફ ધારી ધારીને જોયું અને પછી પાછી નજર નીચી કરી તે ઉભી.

"તમે જેમ બોલોછ, તેમ બોલવું સ્હેલ છે, મીસ્ટર" તે છોકરીનો બાપ બોલ્યો "પણ, તમારી જીંદગીને જોખમે તમે મારી દીકરીના જાન જેવી રીતે બચાવ્યા તે જોવાની અમોને ખુદાએ આંખો આપી છે, સમજ્યા, સાહેબ? ને તે માટેનાં મારી ઉપર થયલાં તમારાં ઉપકાનના પ્હેલા હફતા તરીકે લેવો આય મારો હાથ, શેકીન કરો જોઉં!"

"અરે, જી, તમે ઘણી સરાધાટ કરોછ," ડેસમન્ડ તે રાથોડો હાથ પોતાના હાથમાં લઇ બોલ્યો "મારે જગે કોઇબી હોતે તો તે મારી માફકજ વરતતે અને ત્યારે તેમ વરતવાનું મારે ફાળે આયું તે મારાં મોટાં નસીબનીજ વાત કહેવાય કેની? ને—હા, માફ કરજો, બુરૂં ના લાવતા પણ તમો સુરંગની રીત વાપરોછ તે ઘણી જુની અને તેથી ખોટી છે—ને જે નવી રૂઢી નીકળીછ તેનાં કરતાં એ જુની રૂઢી ઘણી વધારે જોખમ ભરેલી છે."

"આય રીત જો જુની હોય તો નવી શું છે, જરા મને સમજાવશો?"

અને ડેસમન્ડ તેનો ખુલાસાથી જવાબ કરવા જતો હતો તેટલાં પોતાના બાપને તે છોકરીએ કાણી મારી ધીમે અવાજે કહ્યું:--

"પપા, એવણનાં માથાંમાંથી તો લોહી નીકળેછ!"

"અરે, હા!" તે બુઢો બોલ્યો "ને મારી તો નજર પડીજ નહીં-ને એબી બાપડે: કાંઇ ખરવસ્તર લાગેછ. એમ આવો, સાહેબ, તમુને તો જખમ પડયોછ. તમારાં માથાંમાંથી લોહી નીકળેછ! એમ આવ, એઇ પોર્યા! પાણીની એક બાલદી લાવતો--"

"પપા પેલી બુંગીમાં ચાલો." તે છોકરીએ વળી પાછું ધીમે અવાજે સુચવ્યું.

"અલબત! ત્હાં વધારે ઠીક પડશે" અને પછી ડેસમન્ડનો હાથ પોતાના હાથમાં લઇ તે બોલ્યો "આવો, પેલી નાની બંગલીમાં આવો ને ત્હાં આસાયસ લેવો, કે, આપણે જોઇએ, તમુને કેટલું વાગુંછ તે. કાંઇ નહીં તો તમે જે કીધુંછ તેના બદલામાં એટલું તો કરી છુટએ."

"અરે, બા, તમે કાંય એટલી તકલીફ ઉઠાવોછ? એમાં કાંઇ નથી-મને વધારે લાગું હોતે તો હું ફુસ્કે ફુસ્કે રડતે નહીં?" ડેસમન્ડ વળી પાછો હસીને બોલ્યો, પણ પેલા ડોસાપર વળી પાછી તેની મજાક અકારત ગઇ.

"તે તો કોણ જાણે બા, મને ખબર નથી." તે બોલ્યો.

તેઓ તે નાનકડાં ઝુપડાં તરફ પ્હોંચ્યાં, અને તે છોકરીએ તેનું બારણું ઉઘાડી તેમાંનાં બેમાંથી એક ઓરડામાં તેઓને દાખલ કીધા.

"બેસો, સાહેબ" તે બુઢો બોલ્યો "ને નેલ મારા કરતાં તારી આંખ વધુ તેજ અને તારા હાથ વધુ નાના ને નાજુક છે, વાસ્તે એવણને કહાં વાગુંછ-કેટલું વાગુંછ તેની તપાસ કર."

ડેસમન્ડે તે માટે ઉજ્ર કીધો અને પ્હેલે જરા તે છોકરી અલબત ઓસક ખાઇને બાજુ ઉભી રહી. પણ તેના બાપે પછી કોણ જાણે ઇશારત કીધી કે શું તે તે ડેસમન્ડની આગળ આવી તેનાં માથાંના

વાળ બરાબર છુટા કરી પેલા પથ્થરની કપચીથી પડેલો ઘા ખુલ્લો રજુ કીધો.

"અહીં ચીરો પડયોછ" તે બોલી, અને ઝટ ત્યાં એક છોકરાએ લાવીને મુકેલી પાણીની બાલદીમાં પોતાનો રૂમાલ બોળી તે ઘા તેણીએ ધીરેથી સાફ કીધો.

"વાહ નેલી" તે બુઢો બોલ્યો "તું હુસ્યાર તો ખરી—તું ખરેખર એકાદ સરજ્યન થવાને લાયક છે." પછી ડેસમન્ડ તરફ જોઇ તે બોલ્યો "કેમ, સાહેબ, તમે ના કહેતા'તા ની?"

"અરે, સાહેબ, એ તે કાંઇ વાગેલું કહેવાય?" ડેસમન્ડ હસીને બોલ્યો "એટલાંને વાસ્તે મીસ નેલીને તકલીફ આપતાં મને ખરેખર શરમ લાગેછ."

"એનું એને ફોડવા દેવોની, સાહેબ—એ જરા તમારી ઉપર મેહેનત લેયતો જાણે તમોએ તેની ઉપર કીધેલાં હેશાંનનો કાંઇક અંશ તે ફેરેછ કરીને મનમાં સંતોષ લેયછ—ને ચાલો, તેટલાં આપણે જરા ટીપું ટીપું લઇયે કે આપુનેબી સોહોવાય. નેલ, પેલી ટીફીન બાસકીટ તેં કહાં મુકીછ?"

"પપા, બાહાર, બારણાં આગળજ છે."

"ઠીક" એટલું બોલી તે બુઢો એક પઠ્ઠા જવાનની ઝડપથી પોતાની બેઠકપરથી ઉછળીને ઉભો થયો અને બાહાર જઇ એક નાની ટીફીન બાસકેટ અને પાણીનો એક બીલોરનો કુંજો લઇ આવ્યો.

ડેસમન્ડ, ખરૂં પુછો તો ભુખ્યો ડાંસ બની રહ્યો હતો, એટલે બાસકેટ તરફ તેણે ટગર ટગર જોયા કીધું.

"તમુને સાહેબ, બીફ સ્ટીક ગમે કે?" તે બાસકેટમાંથી મોટાં પાંઉની એક કાતરી અને એક તેટલીજ મોટી બીફસ્ટીક કાઢી તે બોલ્યો "જો તમુને એ ગમતી હોય તો તમારી હાજરી ખરેખર નસીબદાર કહેવાય કે આય બધું ગતે પડશે—કેમકે નેલી ને હું સહવારે

એવો મક્કમ નાસ્તો કરીને નીકળ્યાંછ કે અમો એઉને આય બાસ્કેટને છંછેરવાની હોંસજ નહીં હતી."

"ત્યારે સાહેબ, તમો એઉને ભુખ્યાં રાખવાની બીહીક વગર તમોએ મારી સામે ધરેલાં મિષ્ટાનપર હાથ ચલાવવાની મને તમારી રજા છે?"

"લેવો, સાહેબ, તમારે ગમે તેટલું જમો, જરાબી શરમાવાનું કાંઇજ કારણ નથી. એક ઇનશાનનાં પેટમાંનાં ચક્કરો જ્યાં સુધી મજબુત અને ચાલુ હાલતમાં હોય ત્યાં સુધી, તેનું માથુંબી છુદાઇ ગયું હોય તો તેણે ખાધા વગર મરવાની ઉતાવળ કરવી સજાવાર નથી—બીર લેશો? અહીં એ બાટલી છે—તીતોટ્લર તો સાહેબ નથીની? બસ, ત્યારે કાંઇ નહીં, લેવો, આપણે એઉ લઇએ" એમ બોલી તે બાસ્કેટમાંથી એ બાટલી પીલસેન્યર બીરની તે બુઢ્ઢાએ કાઢી અને જરા વારમાં તે બન્નેના બુચ ઉરાડી એ ગ્લાસો ભર્યાં, જેમાનું એક પોતે રાખી બીજું પોતાના તે પરોણાને આપ્યું. "લેવો સાહેબ, આય તમારી તંદરોસ્તી—ને આય તમારી સામે બેઠેલો તમારો સેવક તેની દીકરીનો તમે જાન બચાવવા માટે તમારૂં હેશાંન માનેછ, લેવો."

"સાહેબ, તમારી મીસ નેલ્લીની સલામતી" એમ બોલી તે બન્નેએ પોતપોતાનાં ગ્લાસ ખાલી કીધાં.

પાંઉ ઘણાં તાજાં અને ઘેરનાં બનાવેલાં હતાં અને 'સ્ટીક' બી સ્વાદદાર એટલે જરાવારમાં તે એઉ જીણસો જાણે હતીજ નહીં તેમ થઇ ગઇ.

હલાલ મેહેનતે મેળવેલો થોડો પણ તંદરોસ્ત ખોરાક એક ઇનશાનનાં પેટનો ખાડો પુરી શકે છે એટલુંજ નહીં, પણ, તે ખાધાના પ્રતાપે તેના ચ્હેરાપરબી રૂહાંની પ્રગટી નીકળે છે, એ વાતની સચ્ચાઇ આપણા જવાન કારલ્યનના ચ્હેરાપરથી મળી આવતી હતી.

તે બુઢ્ઢાની નજરથીબી તે બીના છુપી રહી ન હતી અને તેથી

મોટા સંતોષથી તે સામે બેઠેલાના ચ્હેરા તરફ જોઇ તે બોલ્યો.

"હા, સાહેબ, એ વાત ખુદાનાં બાર વેર સાચી છે કે તમે આજે મારી નાની નેલીને જાણે બીજો જીવન્જ આપ્યો. મારૂં એ નમાયું એક પુરૂં બચ્ચું છે ને—" તે બોલતો અટકી પડયો "તમારૂં નામ પુછું તો કાંઇ અડચણ છે? તમે અપમાન તો નહીં માનો? પણ થોભો, તે ફરજ હું પ્હેલી બજાઉં. મારૂં નામ ઉડ—નૅટ ઉડ છે. યાદ રહેશેની? ઉડ એટલે જંગલ, ઝાડ, તે પરથી યાદ રાખજો."

"તમારૂં નામ મારીથી ભુલાય તેમ નથી, સાહેબ."

"ઠીક ત્યારે, આ સામેની ટેકડીને મથાળે મારૂં ગરીબડું મકાન છે, ને હું આય પથ્થરની ખાણનો માલેક છેઉં. મારી ઉંમર બાંસેઠ વરસની છે. ને—ને—બસ, બીજી શું ઓળખ તમુને આપું?"

"હવે, સાહેબ મારી વારી આવી. મારૂં નામ—છે તે કરીને" અને ત્યાં પોતાનું ખરૂં નામ કોઇને નહીંજ કહેવાની મકસદથી તે કોઇ ભલતાં નામની શોધમાં તે પડયો તેટલાં મેજરે તેને માથે ઠોકી બેસાડેલાં નામની તેને યાદ આવી. "મારૂં નામ કલીફર્ડ રેવન છે—રેવન, સમજ્યા કેની? કાગડો એટલે રેવન, તમોને તે યાદ રહેશે કેની?"

ત્યાં, તે ડોસાનીજ ઢબપર પોતાની ઓળખ તેણે આપેલી સાંભળી ડોસો હસ્યો અને તેણે ડોકું ધુણાવ્યું.

"ને મારી ઉંમર વરસ ઓગણતીસની છે અને આય આંગ-પરનાં કપડાં સિવાય બીજાં કશાંનો હું માલેક નથી."

અને આ વધુ ઓળખ સાંભળીને તે ડોસો વધુ હસ્યો.

"બરાબર! પણ તમે એક ગૃહસ્થ છેવો એમ તો કહેતાં ભુલીજ ગીયા."

કલીફર્ડ—આપણેબી તેને હાલ તુરત એજ નામે ઓળખીશું તે—તે બુઢ્ઢાનો આ ટાહુકો સાંભળી હસ્યો.

"હું સાહેબ, પોતે ગામડયો ગમાર છેઉં, તે છતાં, જરા જાંટો

મને વધારે પડ્યો હોય તોબી એક ગૃહસ્થને હું જોતાંજ કેહી દેઉં કે આય ગૃહસ્થ છે. ચાલો, ત્હારે એકમેકને આપણે ઓળખી ચુક્યા કે હવે જરા બીજી વાત ચલાવ્યે. તમારી સાથે નહીં ઘટતી છુટ જો હું નહીં લેતો હોઉં તો સાહેબ મને કહેશો કે તમે શું કામ કરોછ?"

"હું, સાહેબ, હાલ નવરો નકામો છેઉં. હું તો અહીંથી બંદર તરફનો રસ્તો લેતો હતો, તેટલાં, આય ખુશ નસીબ–અલબત મારે માટે ખુશ નસીબ સંજોગે મને તમે મેહેરબાનો વચ્ચે લાવી નાંખ્યો ને—"

"તમે કોઇ સગાંઓને મળવા જાવોછ?"

"નહીં, સાહેબ મારાં કોઇ સગાં નથી ને કોઇ હોય તો મને તેઓ કામનાં નથી."

"ત્યારે કાંઇ ધંધાને માટે—"

"જરાબી નહીં, સાંહેબ."

——:o:——

પ્રકરણ ૧૫ મું.

"ત્યારે જુવો, સાહેબ" બુઢ્ઢાએ વાત આગળ ચલાવતાં કહ્યું "પણ હું તમોને કાંઇ કેહું તે અગાઉ તમોને જણાવી દેવાની જરૂર છે કે મેં તમોને આગળ કેહ્યું તેમ આપણે તો ગામડ્યા ભાઇ છઇયે–આપણામાં એટીકેટ ફેટીકેટ જેવું કાંઇએ મળે નહીં ને કાયદો પુછો તો એટલું સમજું છ કે તે ઘોડાને કાબુમાં રાખવાને વાસ્તે વપરાયછ–વાસ્તે મારા બોલવાનો તમો સાહેબે કશો ગુસ્સો કરવો નહીં. ત્હારે–હું શું કહેવા જતો'તો? હા, ત્હારે જુવો સાહેબ, તમે ગુસ્સો ના માનતા પણ વગર કામે ને વગર કારણે એમ દુર દેશાવર નીકળી જવાનો તમારો એરાદો સીર્ફ મુરખાઇભરેલો છે. છતે હાથ પગે આવી પોહોળી છાતીએ અને આવાં કદાવર આંગે શું તમે અહીંજ રેહીને તમારી રોટલી નહીં મેળવી શકો? જેઓનાં મગજમાં ભેજું હોય અને તે કેમ વાપરી

જાણવું તે જો તે બરાબર જાણતો હોય તો તેવાએ પોતાનાં વતનથી એવતન થવું એના જેવી હેમાકાઇ બીજી એકે નથી. એમને એમ તો આખું ઇંગ્લાંડ તેના શુરા અને હીંમતી બેટાઓથી ખાલી થઇ ગીયું! દુર દેશાવર? કહાં? આસ્ત્રેલ્યા–અમેરીકા–ઇન્ડીયા–આફ્રીકા–કહાં? મુગા મુગા મારૂં માનો સાહેબ તો તમે અહીંજ રેહો!"

"મારી ભુખ અને મારી હોંસ કાંઇ નાની અને ઘણી ઓછી નથી અને તમોને સાહેબ રોશન તો હોસે કે એ બન્ને ચીજો–ભુખ અને હોંસ–કેવી અગવડભરી છે તે! એટલે ઇંગ્લાંડમાં કાંઇ મારો સંગ ફાસી જાય તેમ નથી."

"ત્હારે ફરીથી કેહુંછ કે અપમાન ના લેતા; જો ઇંગ્લાંડ તમારીથી છુટું પડવાને રાજી હોય તો તમારો આય સેવક તેમ નથી. તમારો સેવક જોતાંજ એક ગૃહસ્થને જાણેછ ને માત્ર ડાબીજ આંખના ઉપ્યોગથી એક મરદાંને મરદને પીછાનેછ. તમે કામ કરવા તો રાજી—"

"અલબત! ઘણોજ રાજી છેઉં."

"અરે તે તો મેં તમોને જોતાંજ જાણ્યું? પણ કામ તે શું? તમે ગૃહસ્થ તરીકે દાહાડા કાઢયાછ, એટલે, તમોને કાંઇ મેહેનત કે હેજગારીનું કામ માફકસરનું થઇ પડવાનું નથી–ને–અરે હા, ઉભા રેહોની–હમણાં આપણે બાહાર ઉભેલા હતા તે વખતે તમે કાંઇ નવી ને જુની સુરંગ વિશે બોલ્યા'તા તેનું શું? તે તમે કહાંથી જાણ્યું?"

"હા, સાહેબ, તેનો મને અનુભવ એમ કે હું રૂપાંની ખાણમાં કામ કરી આવેલો છેઉં એટલે ગમે તેવું હેજગારી ને મેહેનત મશાગતનું કામ હોસે તો હું નથી ડરવાનો!"

"બરાબર!" તે બુઢો હરખમાં આવી જઇ બોલ્યો "તમે મને તે વખતે કેહ્યું'તું કે—"

"આજની સુરંગ મુકવાની અને ફોડવાની જે નવી રૂઢી નીકળી છે તેની સાથે સરખાવતાં તમારી એ રૂઢી ઘણી જોખમ ભરેલી છે.

તેથી જેટલી વખતે તમો સુરંગ ભરીને ફોડો તેટલી બધી વખત કાંઇ ને કાંઇ જોખમ થવાનો સંભવ રહે છે, અને જો જોખમ ન નિવડ્યો તો તે તમારાં મોટાં નસીબની વાત સમજવી. જુવો તે કેમ તે હું તમોને સમજાવું" કરીને તેણે ડાચું ફાડી સાંભળતા તેની સામે બેઠેલા તે ડોસાને ટુકમાં એવી રીતે નવી સુરંગની રીત સમજાવી કે તે જવાનની તકરારનું વાજબીપણું કબુલ કર્યા વિના તે બુઢ્ઢાને ચાલ્યુંજ નહીં.

"આહા, બરાબર! હવે મારી ખાતરી થઇ ખરી, મી૦ ક્રો—અરે મી૦ રેવન, રેવન એટલે કાગડો ને ક્રો એટલેબી કાગડો તેથી ભુલ થઇ—માફ કરજો; ત્હારે, હવે આપણે કામની વાતપર આવ્યે. મેં તમોને કહ્યું તેમ મને તમારા જેવાની—નહીં તમારીજ—જરૂર છે, ને હું માણસ એક બોલનો છેઉં, તેથી જો તમારી મરજી અહીં રહેવાની ને રેહીને આય મારી ખાણની મેનીજ કરવાની હોય તો બોલો, અને આજથી તમે ઉડની ખાણના મેનેજરજ પોતાને સમજો!" અને કલીફર્ડ 'ચટ મેરી મંગણી ને પટ મેરા બ્યાહ' તેવી વાત સાંભળી ખરેખર ચોંક્યો, અને તે કાંઇ બોલવા જતો હતો પણ તેમ કરતાં તેને અટકાવી તે બુઢ્ઢાએજ બોલવાનું ચાલુ રાખ્યું.

"આયજ જગે કામ કરવાનું—ને અહીંજ રહેવાનું. આય જમીનનું ઉંડાણ હોય તેમ લાગેછ ખરૂં પણ એની એક બાજુ દર્યો છે. અહીં બધા હીસાબ ખડબચડો છે—જગ્યાબી તેવી ને માણસોબી તેવાંજ, સક્કારે સુવું ને સક્કારે ઉઠવું અને કામ હોય ત્હારે કામ ને રમવાનું હોય ત્હારે રમવાનું એ મારી આખી જીંદગી દરમ્યાનનો કાયદો છે. ત્હારે હવે પગારનું મને લાગેછ કે—"

"સાહેબ, તેને માટે મેં તમને કાંઇ પુછ્યું નથી ને મને તેનો વિચારબી નથી." કલીફર્ડ બોલ્યો.

"ત્હારે, ચાલો તમારે બદલે હું તેનો વિચાર કરૂં." ઉડ બોલ્યો "આપણે એક હફતાની ૩૫ શાલીંગ—ને રહેવાની બંગલી મુફત એમ

હેડવસું? નહીં, સરમાતા ના! જો એ પગાર પુરતો નહીં હોય તો મને કહેજો ને હું તેમાં કશુંબી અપમાન નથી સમજવાનો! આય બંગલી, મારે હસ્તકનાં બીજાં બધાં મકાનોમાં સારી છે ને વધારે બહેતર કોઇ બીજી હોતે તો તેબી તમોને સપુર્દ કરવામાં હું કચાસ નહીં કરતે—ને તમારે એ વિશે વિચાર કરવો હોય તો જાવો, જરા દર્યે કીનારે—મોઢાંમાં તમારી પાઇપ લઇ સ્હેલ કરી આવો ને પછી—"

"વિચાર કરવાની કાંઇજ જરૂર નથી, મી૦ ઉડ" કલીફર્ડ બોલ્યો "હું તમારી આફર ઘણાં હેસાંન સાથે કબુલ રાખુંછ! ઘણાક સબબો સર મને ઇંગ્લાંડ છોડવા ગમતું'તુંજ નહીં" અને તેનું આ કહેવું ખરૂંજ હતું કેમકે જેવી તે બુઢ્ઢા તરફની તેણે આ નોકરીની આફર સાંભળી કે તે મનમાં ખુશી થયો કે તે કેટીની નજીક—માત્ર ત્રણજ માઇલને તફાવટે—રહેવાની તેને આ ઠીક જોગવાઇ મળી ગઇ હતી. "મને મી૦ ઉડ તમારી આય નોકરી કબુલવાનાં ઘણાં કારણો છે ને તેથી હું તે ઘણાં હેશાન સાથે કબુલ રાખુંછ—ને પગારમાંબી તમે એવું મોટું દીલ દેખાડયુંછ કે—કે મી૦ ઉડ—"

"હા—હા, બોલો—બેલાશક જે તમારાં મનમાં હોય તે બોલો!"

"હું સાહેબ એમ કહેવા જતો હતો કે તમે મને આવાં સુખની જ્યારે જોગવાઇ કરી આપોછ, ત્યારે મનેબી તમોને પુછવાની રજા છે કે તમો મારે વાસ્તે તો કાંઇજ જાણતા નથી, મારી ચાલ ચલણ કેવી છે, હું—"

"મેં તમોને બા કહ્યું કેની કે મારી બાંસેક વરસની ઉંમર થઇ, મી૦ રેચન, ને બાંસેક વરસનો એક ઘરડો જો એક માંણસને જોતાંજ તેની ચાલચલણ નહીં પારખી શકે તો—તો મને કહેવા દેવો કે તેણે તેનાં એ બધાં વરસો પાણીમાં નાંખ્યાં! તમારો બોલ તમારી પોતાની ચાલચલણ—તમારી આબરૂ—તમારી ઇજતને માટે બસછે—ને ભલાં માણસ, લેવો હું એટલુંબી જોઇને જાણી શકયોછ કે તમે તમારાં કામ કે

તમારે લગતી હકીકતની ચાવાચાવી કરવા-કરાવવા રાજી નથી" એમ બોલી તેણે કલીફર્ડના ચ્હેરા તરફ ટગર ટગર જોયું. "હા, ખરૂં! ત્યારે મને તે ચાવાચાવી કરવાની કશી જરૂરબી નથી; આય તમે જેવા છેવો તેવા મને ને મારાં કામને તમો મુબારક! આજથી આય મકાન તમારૂં-તમે પોતે તમારા-આય ખાણ તમારી-ને તેનું કામ તમારૂં! બસ? ને ચાલો ત્હારે હવે આપણે કામ ચાલેછ ત્હાં જઇયે."

એટલું બોલી તે પાછો છલાંગ મારીને ઉઠયો અને તેટલાં તેની નજર નેલીપર પડી. તે છોકરી તે બન્ને જમતી વેળાએ જે તેઓ આગળ ઉભેલી હતી તે જેવા તેઓ કામની વાત કરવા પડયા કે બાહાર જઇ બારણાં આગળ અહીં તહીં ફર્યા કીધી હતી અને તેથી જો કે તેઓ વચ્ચે થયલી વાતચીત બધી તેણી સાંભળી શકી નહીં, છતાં અહીં તહીંના જે બોલો તેણીને કાને પડયા હતા તે પરથી તેઓ વચ્ચે હાલ મામલો કયાં તક આવીને અટકયો હતો તે તેણી પામી ગઇ હતી.

"નેલ" તેણીનો બાપ બોલ્યો "કાંઇ તુંને ખુશ ખબર કેહું કે? આપણા મી૦ કલીફર્ડ રેવને જ્યારે જોયું કે આપણે આય ખાણનું કામ અલલટપે ને જંગલી રૂઢી પરમાણે ચલાવ્યે છઇયે ને તું એમ એ કામ ચાલતું હોય તે વખતે અહીં તહીં ને બધે ભટકયા કરેછ-કેમકે તેમ કરવાની તુંને નાહ્‌લેથીજ ટેવ પડેલી છે-અને જેમ કરતાં એકાદ પથ્થરની મોટી લાદી ઉપરથી નીચે ઉતરી આવી તું કચડાઇ ભચડાઇને એકું દાહાડો પુરી થઇ જવાના મોટા જોખમમાં રહે છે તેથી હવેથી તેવું કશું ન બને અને કદી બનવા પામે તો ઝટ દોડી આવી તુંને બચાવી લેવા એવણ ભલા માણસે અહીંજ રહેવાનું મને 'પ્રોમીસ' કીધુંછ."

અને કલીફર્ડે જોયું કે તેણીના બાપનાં આ ગોલ ગોલ અને બધું આબડ ગુચડ બોલવાથી બીચારી નેલી કાંઇક ગભરાઇ ગુંચવાઇ ગઇ હતી તેથી ઝટ તે તેણીની મદદે આવ્યો અને હસીને બોલ્યો—

"બીજા બોલોમાં કેહું તો તમારા પપાએ મારા જેવા સાથી સોબતી

કે કોઇ સગાં વગરના ભટકતા એક ઉપર દયા ફરમાવી મેહેરબાનીની રાહે પોતાને ત્યાં ઘણે મોટે પગારે નોકરી રાખવાનું મોટું દીલ બતલાવ્યું છે. સમજ્યાં, મીસ ઉડ?"

"ખબરદાર, નેલી–મારી દીકરાને તમારે 'નેલી' કરીને બોલાવવી!! ને નેલીને મેંબી એજ ખબર આપી, ખરૂં કેની નેલી? મેં મારી રીત પરમાણે તુંને કેહ્યું, એવણે એવણની રીત પરમાણે તેજ પાછું તુંને કેહ્યું તેમાં એવણે વાઘ તે શું મોટો માર્યો? ત્હારે હવેથી નેલી આય મી૦ ક્રોને–અરે રેવનને–ઉડની ખાણોના મેનેજર તારે માનવા અને સમજવા."

ક્લીફર્ડે, ભાન વગર, શેકહેન્ડ માટે નેલી તરફ હાથ લાંબો કીધો જે જોઇ નેલી કાંઇક ચોંકીને લાલ થઇ ગઇ અને બોસકથી પોતાનો નાનો નાજુક હાથ તે સીંહના જેવા પંજામાં મુકયો અને તે બોલી—

"હું એ ખબર સાંભળી ઘણી ખુશી છેઉ" અને એટલું બોલી પોતાનો હાથ તેના કબજામાંથી ખેંચી લઇ દુર દોડી ગઇ અને જરા વારમાં ત્યાંના મોટા ખડકોની પછવાડે તેઓની નજર આગળથી ગુમ થઇ

હવે તે બન્નેએ–તે નવા થયલા શેઠ અને નવા થયલા નોકરે–આગળ ચાલવા માંડયુ અને જ્યાં તે વિશાળ અને મોટા પાયાપર કામ ચાલતું હતું ત્યાં વચ્ચો વચમાં તેઓ આવી લાગતાં મી૦ ઉડ ત્યાં થંબ થઇને ઉભો અને બધે આસપાસ નજર કરી, પછી આપણે આપણો અવાજ દુર સંભળાવવા જેમ મોંઢાં આગળ બન્ને હાથોનો બોબો ધયે છીયે તેમ પોતાના હાથો મોંહ આગળ ધરી તેવણે

"બોઇ પોર્યાઓ!" કરીને મોટેથી બુમ પાડી.

ઝટ બધાઓ કામ કરતા થોબી ગયા અને જ્યાંથી તે મોટો પુકારો થયો હતો તે તરફ તેઓએ જોયું અને પોતાના માલેક તરફ તેમની નજર પડતાં તેઓ બધા એકઠા થઇ ત્યાં આસ્તે આસ્તે પોતાના શેઠની તરફ આવતા થયા.

પોર્યાઓઃ વધુ તમુ લોકને ખબર આપવામાં આવે તેટલાં આય મી૰ રેવનને મેં તમારા મેનેજર નેમ્યા છે. જાવો પેલી બંગલીમાં થોડોક બીર વધ્યોછ તે વ્હેંચીને પીઓ ને એવણુની સલામતી લેવો."

"સારૂં, સાહેબ," એમ એક, જે તે ટોળીનો દેખઇતો વડો હતો તે બોલ્યો અને બધા તે બીરના જીવપર તે બંગલી તરફ દોડયા.

"એઇ, જીમ! તું અહીં આવ!" મી૰ ઉડે એક જન તરફ જોઇ તેને બોલાવ્યો, અને એક પંદર વર્ષનો જવાન, જે પણ પેલી બીરની મજાહ ચાખવા બીજા બધા ભેગો જતો હતો તે પોતાના શેઠ તરફ પાછો આવ્યો.

"જીમ, પેલી બંગલીમાં બધું બરાબર ગોઠવીને મુકજે ને જો, તું આજથી આય મેનેજર સાહેબનો બૉય છે–એવણુની આગળ રહેજે ને એવણુનું કામકાજ કરજે–એવણુનો પલંગ સાફ રાખજે–ઝાડઝુડ કરજે–બતી કરવાની–ને તેલ આપણે બંગલેથી લઇ આવજે–રોજ એવણુ જે કેહે તે બજાર લાવજે ને એવણુને રાંધી ખવડાવજે–તારૂં હવે અહીં કામ નથી, સમજ્યો કે? જા, ને જો, બીર થોડો પીજે, છાકટો ના થતો." પછી જેવો તે ગયો કે કલીફ્ડને તેવણે કહ્યું "આય પોર્યો ઘણો મજેહનો ને ચબરાક છે–તમારી આગળનો આગળ તે રહેશે–ચાલો, હવે આપણે કીનારે જઇએ."

"આય વ્હાણોબી મારીજ માલેકીનાં છે" કીનારે તે બન્ને આવી લાગતાં મી૰ ઉડ બોલ્યો "બધાં મળીને છ છે—અલો! મી૰ કેપટન આય નવા મેનેજર સાહેબ! ચાલો એ કામબી થયું. તમુને અહીં ગમેછ કેની?"

"સાહેબ, હું તો ચાહુંછ કે જેટલાં આય બધાંઓ તમુને ચાહીને માન આપતાં દીસેછ તેથી અડધો ચાહ અને અડધું માન તેઓ તરફથી મેળવવાને હું શકિતવાન થાઉં!"

"ખુદા કરે ને તેમ થાય! લાવો એજ વાતપર આપણે શેકહેન્ડ

કર્યે! ચાલો હવે તમે 'કમફ્રટેબલ' થવાના હોસો. આખો વખત જીમ તમારી આગળજ રહેશે. અમારૂં ગામડું અહીંથી ત્રણ માઇલ છે ને એક હફ્તાની તમારી જોઇતી સામગ્રી હું મારે મોકલતો રહેવસ–ને અરે–કાંઇ નહીં" મી૦ કલીફ્રડ કાંઇ તેનાં હેશાનમાં બોલવા જતો હતો તેને અટકાવી તે બુઢો બોલ્યો "પછી તમારા પગારમાંથી હું કાપી લેવસ–તમે એટલાંમાંજ ગભરાઇ ગીયા, મારા સાહેબ! લેવો આય અડધાં અ-ઠવાડયાંનો પગાર–તમુને ખરચ ખુંટણનુંબી જોઇશે કેની?" એટલું કહી તે પૈસા કલીફ્રડની ના મરજી છતાં તેના હાથમાં જબરદસ્તીથી ઠેસવી તે બુઢ્ઢાએ તેની આગળથી ચાલતી પકડી.

"યા ખુદા! હું તો જાણું કે આય દુન્યામાં કોઇ ભલું માણસ બાકી રેહ્યુંજ નથી!" કલીફ્રડ બડબડયો અને કલીફ્રડ સમજ્યો કે તેના આ ટીકા મી૦ ઉડને સંભળાયા નહીં હશે, પણ તેને ખબર નહીં કે તે બુઢ્ઢાના કસારીના કાન હતા, અને તેથી તે જતો જતો ઉભો રહી જઇ કલીફ્રડ તરફ કરીને બોલ્યો—

"હા, મી૦ કલીફ્રડ, પણ જો આય દુન્યામાં વસ્તાં એક ઇનશાનમાં તેની પોતાની એક પુરી વ્હાલી દીકરીનો જીવ બચાવનારની એટલીબી કદર કરવાની સમજ નહીં હોય, અને એક સારો મદદગાર મેળવવાની તેને મળતી તક જવા દેવા જેવો જો તે ઇનશાન મુર્ખ હોય તો ખરે-ખર આય દુન્યા આખીજ બેસમજ અને ખરાબ કહેવાય! સમજ્યા? સાહેબજી!"

પ્રકરણ ૧૬ મું.

પોતાની હાલતમાં થયલા આ અચાનક અને અજબ જેવા ફેરફાર-થી કલીફ્રડ ગભરાઇ ગયો એમ કહીશું તો ચાલશે; જો તે વ્હેમી પ્રકૃતીનો ઇનશાન હતે તો સેન્ડફ્રડમાં પગ મેલતાં તેને થયલા ફ્રેટ સાથનો

મેળાપમાં, તેને ગોયા પુનમના ચાંદનાંજ દર્શન થયાં હતાં એમ તે માનતે!

મેજરે તેને દીધેલા દગા બાદ તે રખડતો થતાં 'કાંઇ નહીં હજીબી ખુદા મારો દહાડો વાળશે' એમ તેણે પોતાના પેદા કરનારપર ભરોસો મુકી સબ્યારો લીધો હતો અને જેમ જેમ દિન પ્રતિદીન તેની હાલત વધુ અને વધુ સાંકડી થતી ગઇ તેમ તેમ ખુદાપરનો તેનો ઇતબાર કાંઇ છુપી બશારતથી વધતોજ ગયો અને 'કાંઇ નહીં, હજીબી ખુદા મને તદન તરછોડનાર નથીજ—હજીબી તે રહેમી બાપ મારો દાહડો વાળશે' એમ તે બોલતોજ રહ્યો હતો અને ખરેખર આજે તેનાં ભાગ્યમાં જોવાનું સૂજીત હતું કે જે ખુદાપર વિશ્વાસ રાખી તેણે આટલે સુધી કામ લીધું હતું તેજ ખુદાએ તેનો દાહડો વ્યાજ સિકકે વાળી આપવાનું કામ અંતે ને આખરે હાથ ધર્યું હતું.

હાલમાં ત્યારે તેનાં નસીબે લીધેલી શુભ વલાણનો તાજુબીથી વિચાર કરતો હાથમાં ચાલુ હફતાનો તેને આંગપર મળેલો પગાર લઇ દર્યાના કીનારા સામે મોંહ અને ખાણ જ્યાં આવેલી હતી તે તરફ પીઠ કરી તે ઉભો હતો. તેણે જોયું કે એક ઇનશાનનું નસીબ જો ફરવાનું હોય છે તો તે હર બાંહાંને ફરે છે. પેલી નાજુક કોમળાંગીને જાલીમ મોતમાંથી બચાવવાનો તેને માટે શુભ સંજોગ થયો ન હતે તો તેણે વિચાર્યું કે તે હજીબી ઠુસુક ઠુસુક પોતાનો રસ્તો કાપતો હતે અને કેટ મેડીસન અને તેના પોતાના વચ્ચેના તફાવતનો અંતર તેનાં એકેક કદમે વધતો જતો હતે—અને જો કે દુન્યાની ઉપલી સપાટીનાં ઉંડાં હેઠાણમાં તેને હવે રહેવાનું અને કામ કરવાનું હતું તો પણ કેટ મેડીસનની કેટલો નજીક હોવાનો તેને કેવો આ ભાગ્યશાળી જોગ થયો હતો!

તેણે બધે ફરીને ત્યાંનો દેખાવ જોયો, તો ખરેખર તે એક ઘણો રમણ્ય દેખાવ તેની નજરે પડ્યો. ખુદ તે મસ મોટી ખાણ તેના અહીં

તહીં ફોડેલા ખડકો સાથે કાંઇ અજબ દેખાવ રજુ કરી રહી હતી; તે સામેના નાના કીનારા આગળ બલુ પાણી તેમાં કેડે કેડે નીકળી આવી બાહાર ડોકયાં કરતાં કાળા હણુક ખડકોથી વળી તે દેખાવમાં અજબ ઉમેરો થઇ રહ્યો હતો.

"આહ, ખરેખર શું દેખાવ છે? જીંદગીભર પડી રહેવા મારે લાયકની જગ્યા શોધી કાઢવાનું જો કોઇ મને સોંપે તો હું આયજ જગ્યા પસંદ કરૂં—આયજ જગ્યા! પણ દીકરા, એમાં કાંઇ વળ્યું નહીં; મી૦ નૅટ ઉડ કાંઇ તુંને એમ ઉભો રેહી દેખાવ જોવાનો પગાર નથી આપતો, વાસ્તે ચાલ હવે કામે લાગી જા."

તે હવે પેલાં માણસો જેઓ પોતાના શેઠના ફરમાવ્યા મુજબ એકેક ગ્લાસ બીર પીને કામે લાગ્યાં હતાં ત્યાં ગયો, અને બધે ફરીને કામ શું ચાલેછે તેની માહીતી લેતો રહ્યો. એ કામ કરતા મજુરોને હંમેશાં વરદાન હોય છે કે તેઓપર નવો મેનેજર નેમાયો કે તેઓના બાપનું કેવું એક નખ્ખોદ વળી ગયું હોય તેમ તેની સાથે મીજાસ કરવો, તરકરૂં થવું, તેના હુકમને મચક નહીં આપવી, તેને ગણકાવવો નહીં અને બનેતો ઉલટો તેને હર બાંહાંને સતાવવો. કોઇબી કામ કે કોઇબી જાતના એ મજુરોમાં આ ધિક્કારવા જોગ અવગુણ 'પેહેલે નંબરે' હોય છે.

પણ કલીફર્ડની રીતભાતે તેઓ ઉપર થોડાજ વખતમાં અસર કીધી, અને જ્યારે એકાદ બીકટ ખોદકામ આવી લાગતાં કલીફર્ડ બચ્ચો પોતાના શર્ટની બોંય ચઢાવી કોદાળી લઇ તેઓને એક પક્કા અને અનુભવી કામદારના તોરથી તે કામ સ્હેલ કેમ કરવું તે દેખાડવા મંડી ગયો કે પેલા તીસ્મારખાંઓની ખાતરી થઇ કે એ તે ખરો ત્યાં સાહેબી ભોગવવા આવ્યો હતો!

સાંજે, માણસોને રૂખસદ આપી પોતાનાં કપાળપરનો હલાલ પરસેવો લુછી નાંખી તે પોતાનાં પેલાં ઝુપડાંમાં—જે ખરી રીતે તો એક નાંની સમકલી બંગલી હતી, પણ શરમાલ ઉડથી તે બીચારી ઝુપડીનું

નામ પામી હતી તેમાં દાખલ થયો.

સાંજ થવા આવી હતી એટલે ઝાઝી ઠંડક નીકળી હતી, પણ પોતાને હસ્તક મેલાયલી તે બંગલી આવી પ્હોંચતાં તેની એક ઉઘાડી બારી-માંથી સગડીમાંના અંગારનો ભભુકો તેની નજરે પડતાંજ તેને પેટમાં જીવ આવ્યો. તેણે તે બંગલીનું બારણું આસ્તે રહીને ઉઘાડ્યું અને અંદર નજર કરતાંજ તે ચોંકીને ઉભો! કાંય?

કાંય કે તે બંગલીમાં અને તેમાંના સરસામાનમાં એવોતો એ-ચીંતો અને એટલો બધો ફેરફાર થયલો તેની નજરે પડયો કે જાણે તે કામ કોઇ ઇનશાનનું નહીં પણ કોઇ અલાઉદ્દીન અને તેનાં જાદુઇ ફાનુસનું હોય તેમ તેને લાગ્યું. તે ઓરડાને ઝાડ ઝુડ કરી સાફ કરવામાં આવ્યો હતો, બધું ખપ જોગું ફરનીચર તેમાં ગોઠવી મુકવામાં આવ્યું હતું, અને સગડીમાં ભભુકદાર આતશ બળતો હતો. જમવાનાં ઓરડામાં ટેબલ ઉપર ફુલ જેવો સુફેદ ટેબલક્લોથ હતો અને તેપર એક ડીસન્ટ ટી-સેટ હતો અને તે ટેબલની ઉપર વચ્ચો વચમાં એક 'લેમ્પ' ટાંગેલું ધીમે ધીમે હીલતું હતું. તેની પાસેનોજ ઓરડો જેને ડ્રોઇંગ રૂમનું રૂપ આપવામાં આવ્યું હતું ત્યાં એક નાની બુકશેલ્ફપર ચોપડીનાં થોડાંક વૉલ્યુમો રચી રાખેલાં તેણે જોયાં. એક ખુરસીપર સોજો રેશમ જેવી રૂવાંટીવાલો રગ હતો અને તેજ ખુરસી આગળ નીચે સ્લીપરની એક જોડી ગોઠવી મુકેલી હતી. ચુલ્હા-પર મુકેલી બે ત્રણ નાની તપેલીઓમાંથી નીકળતો સોડમ નાંકને મજાહ આપી રહ્યો હતો અને નીચે ગોઠવી મુકેલી એક સગડીપરની કીટલી-માંથી આગગાડીનાં ઇન્જીનમાંથી નીકળતા ધુમાડા જેવી સુફેદ વરાળ નીકળતી હતી અને તેની આગળ પેલો જીમ પોર્યો અકરૂં બેસીને તોસ્ટ તૈયાર કરતો હતો.

"અલો!" તેને જોઇ કલીફર્ડ બોલી ઉઠયો "જીમ, આય જાદુ કે શું? એ બધું તું એટલીવારમાં કરીજ કેમ શકયો? ને તારી એ ચાલાકી

જો હંમેશની હોય તો તું કોઇ મોટાં રેસ્ટોરાંનો 'ચેફ' થવા લાયક ગણાવો જોઇયે! આય તારા બેજ હાથ ને એક્કી વખતે વીસ ચીજો તૈયાર કરવાનો હુન્નર તું કહાં શીખ્યો? કેમકે, આય બધું હમણાંજ તૈયાર કરતાં તુંને હું કેહુંછ તેમજ કરવું પડયું હોસે."

પેલા પોર્યાએ પોતાનો ચ્હેરો જે પણ તોસ્ટ પાંઉની સાથે સાથે આતશના તાપથી ભુંજાતો હોવો જોઇયે તે કલીફર્ડ સામે ફેરવી તે હસ્યો.

"એ, સાહેબ મારૂં કામ છેજ નહીં ને મારીથી એવું બનેજ નહીં. મેં તો ફકત વાર્યું–ઝાર્યું ને આય ચુહુલો ને સગડી સળગાવી બાકીનું બધું કામ તો નેલી બાઇએ કીધુંછ ને મને તાકીદ કીધીછ કે સાહેબને કહેતો ના કે આય મીસ નેલીએ કીધુંછ!"

ડોહી બોલતી રખે તો કહે જે નારે બાપા! તેમ આ પોર્યાએ કીધું હતું!

"મીસ નેલીએ!" કલીફર્ડ બોલ્યો "ત્યારે તો તેવણની ઘણીજ મેહેરબાની! પણ એ બધું એવણથી કેમ કરી શકયાં? મારી તો એ કાંમો ઉપર નજર પડીજ નહીં. જહાં છે ત્હાં કાંઇ કેડે અહીં જાદુજ હોવું જોઇયે!"

"અરે, સાહેબ, જાદુ શું ને મંતર શું! મીસ નેલી બાઇ ઘણાંજ હુસ્યાર છે ને જેમી કાંઇ કરેછ તે બધું ગુપચુપજ કરેછ. તમે સાહેબ બાણપર હતા તે વખતે મીસ નેલીબાઇ ને હું કરીને આય બધું આય બંગલીને પછવાડને રસ્તે, તમે નહીં જોવો તેમ, ઉડ સાહેબને બંગલેથી ઉંચકી લાયાં, ને તમુને અમે શું કર્યુંછ તે માલમ નહીં પડે કરીને અમે એ બધું ગોઠવગાઠવ ઉતાવળે કરતાં અમુને કેટલી મેહેનત પડી! નેલીબાઇ કેહે કે 'જો જમ, મી૰ રેવન અહીં આવી લાગે તેટલાં આપણે બધું આટોપી નાંખવું જોઇયે, નહીં તો એવણ કહેસે કે તમુ લોકને મારે લીધે કેટલી તજદી પડેછ, ને પછી મને ફલાણું નથી

જોઇતું–ચીનાંની જરૂર નથી એમ આપણી મેહેનત બચાવવા આપુને ઉડાવસે,' ને અમે તો એવી દોડા દોડી કીધી કે તમે આયા તેની જરાજ અગાઉ બધું ગોઠવાઇ રેહ્યું–જરા સાહેબ, તમારો સુવાનો ઓરડો તો જુવો!"

કલીફર્ડે તે ઓરડાનું બારણું ઉઘાડયું અને અંદર દાખલ થયો. તે બેડરૂમ હતો અને જો કે કશાંબી રાચરચીલાંથી તે નિરાળો હતો, છતાં, સગવડ ત્યાં ચારેચાર નજર પડતી હતી. ઢોળયાપર સફેદ ફુલ જેવી ચાદર પાંથરેલી હતી. ટકયાને સોજા તેવાજ બરફ જેવા ફ્રીલવાલા ગલેફ પોઇ માંથાં આગળ ગોઠવ્યા હતા અને પગ આગળ રેશમ જેવા સુંવાળા રગ અને બંદુસનો એક ઢગ હતો. જમીન ઉપર ગાલીચો બીછાવેલો હતો, અને એક ખુણાંમાં સ્ટેન્ડ સાથની ગીંદી હતી જેની નીચેની તબકમાં પીયર્સનો સાબુ હતો. અને તેની જરા ઉંચે દીવાલે ઠોકેલી એક અભડાઇપર દાંતના બે બ્રશ અને કાલગેટનાં દાંતનાં મંજણની શીશી હતી. તે ગીંદીવાલા સ્ટેન્ડની બાજુએ, પણ મોંહ ધોતાં તેના છાંટા ત્યાં ન ઉડે તેટલે તફાવતે એક ડ્રેસીંગ ટેબલ હતી, જે ઉપર યુ–ડી–કવીનીનની એક બાટલી, રીમલનાં ફીલેક્રીમનો એક પૅાટ, ગોસ નેલ ચેરીબ્લોસમ ટૅાઇલેટ પાઉડરનો એક દાબડો, મીલીટરી હેરબ્રશ અને નીખ્યાનો એક સેટ ઇત્યાદી રચી મુકવામાં આવ્યું હતું, અને તેની પાસેજ ગોઠવેલી એક તાવેલ સ્ટેન્ડપર તુવાલ અને નાપકીનો, તે ઢોલ્યા-પરની ચાદરની સુફેદી અને સફેદીને જવાબ કરતા નાંખેલા હતા, અને સેવટે પલંગ આગળની એક નાની ટીપાઇપર મુકેલાં એક સુંદર ફલાવર વાઝમાં ડેલ્યાનાં ફુલોનો એક ઝુમખો બીરાજી રહ્યો હતો.

તે ફુલોપર કલીફર્ડની નજર પડતાં, જીમ બોલ્યો. "આય, મીસ નેલીબાઇના પોતાના બાગનાં ફુલો છે, સાહેબ. એવણને ફુલોનો ઘણો શોખ છે. પણ સાહેબ, મને એવણે તમુને કહેવા કેહ્યું છ કે 'તું એમ ના કહેતો કે આય ફુલ નેલીબાઇએ ગોઠવ્યાં, એમજ કહેજે કે એતો હું

કાપી લઇ આયો ને મેંજ ગોઠવ્યાં સમજ્યો કે જીમ.'"

જીમે નેલીનો હુકમ બરાબર બજાવ્યો!

"ખુદા, બધીજ અબલા જાતીને સુખી ને સલામત રાખે! ને લોક કહેવા નીકળેછ કે દુન્યામાં ભલાઇ હવે કેથે રેહીજ નથી!" કલીફર્ડ બડબડયો "હવે આય બધાં માટે નેલીનો ઉપકાર માની મારે જીમને ફસાવવો જોઇતો નથી. પણ આહ! મારી બુચી માય, આજે મારૂં હૈયું આ પ્રત્યેના ઉપકારથી કેવું છળાછળ ભરાઇ ગીયુંછ તે તું જાણે તો—!"

અને ખરેખર, તે છોકરી જેને તેણે જાલીમ મ્હોતમાંથી બચાવી હતી તે તેને મનસે એક ઉધરતી ણુચીજ હતી; કાંઇજ વધારે નહીં.

તેણે પોતાનાં કપડાં ઉતાર્યાં અને એટલાં તો સુખથી તેણે પોતાનું મોંહ અને આંગ સાફ કર્યાં કે જેવું સુખ તેણે કાંઇક મહીનાઓ થયા ન અનુભવ્યું હતું. બાહ, પેલી ડ્રેસીંગ ટેબલ ઉપર શું—શું હતું તે એક પછી એક તપાસતાં તેના હાથમાં મૅપીનનો એક અસ્ત્રો આવ્યો, જેને તે ધ્યાનથી જોતો ઉભો.

"હા, લાવની એમાં શું છે? એ કાંઇ ખરાબ વિચાર નથી" એમ બબડી હસીને તે કામે મંડી ગયો અને જરાવારમાં તેની પેલી ફ્રેન્ચબીયર્ડ ગેબ થઇ ગઇ અને મજેહની મરોડદાર પતલી મુછ સાથનો તેનો ગોરો સાફ ચ્હેરો સામેની આરસીમાં રજુ થયો, અને પોતાનોજ તે ફેરવાયલો ચ્હેરો અચંબાથી જોતો હાથમાં અસ્ત્રો લઇને તે ઘડીભર ડાચું વકાસતો ઉભો.

"ઓ ખુદા! એક દાઢી હોય ને નહીં હોય તેમાં કેટલો મોટો ફરક! જાણે હું હવે તદ્દનજ જુદો માણસ હોઉં તેમ લાગેછ—અરે, તેમ લાગેછ શું? હું તદ્દન જુદો માણસ છેઉંજ! ગેઇ કાલે રાત્રે હું રખડતો ડેસમન્ડ કારલ્યન હતો, ને આજે રાત્રે? આજે રાત્રે આય ઉડની ખાણોનો મેનેજર મી૦ કલીફર્ડ રેવન બની ગયો! મેં મારૂં

નામજ બદલ્યુંછ, એટલુંજ નહીં, પણ મારો ચ્હેરોબી મેં બદલી નાંખ્યોછ, ને જો આય બાલબી કતરાવીને નાના કરાઉં તો મારી પક્કી ખાતરી છે કે જેઓ મને ડેસમન્ડ કારલ્યન તરીકે ઓળખતાં'તાં તે લોક મને કલીફર્ડ રેવન તરીકે તો કદીબી પીછાણશે નહીં. અહીં આવ જીમ!"

પેલો પેર્યો ત્યાં દોડી આવ્યો અને પોતાના 'સાહેબ'ના ચ્હેરા તરફ ટીકતો તે દંગ થઇને ઉભો.

"તું બાલ કાપી જાણેછ કે, જીમ?"

"અહીં, કોઇ કોઇ માણસોના કાપુંછ, સાહેબ."

"ચાલ, આવ ત્યારે જોઉ—લે આય કાતર ને મંડી જા." ટેબલના ખાણામાંથી એક કાતર કાઢી તેને તે આપીને બોલ્યો.

જીમને પ્હેલે તો જરા અગવડ ભર્યું તે કામ લાગ્યું, પણ, પછી તેની કાતર એવી ચપ ચપ ચાલી કે, જરા વારમાં કલીફર્ડના ભુરા અને નરમ રેશમ જેવા વાળ ત્યાં નીચે જમીનપર ઢગલો થઇને પડયા.

"સાહેબ, શું કામ આવા મજેહના બાલ કપાવી નાંખ્યા? પણ થોડા બાલે તમારા ચ્હેરામાં બહુ ફક્કડ ફેરફાર થઇ ગીયોછ, એ ખરૂં."

કલીફર્ડબી આરસીમાં પોતાનો ચ્હેરો જોઇ ખડખડ હસી પડયો અને તેને એમ હસ્તો જોઇ 'સાહેબને ગમ્યું એટલે બસ' એવો પોતાને મનસે સખ્યારો લઇ તે ત્યાંથી ચાલતો થયો.

તેની પુઠે તૈયાર થઇ કલીફર્ડ જમવાના ઓરડામાં ગયો તો ત્યાં ટેબલપર ચાહ—પાઉં—અને ગરમા ગરમ ચાપ પીરસી મુકેલા તેણે જોયા.

"ચાલ આવ જીમ, તુંબી બેસ" કલીફર્ડે તેને કહ્યું અને જીમ જો કે તેમ કરતાં અચકાયો, તે છતાં તેને તેણે બાજુમાંથી પકડી પોતાની આગળ જરા દુરથી બેસાડયો અને પોતેબી પેટ ભરીને ખાધું અને તેનેબી જમાડયો.

"ખરેખર કેવું અજબ જેવું!" તેણે જમતાં જમતાં વિચાર કીધો "ગઇ કાલે રાત્રે હું ઘાસનાં બીછાણાંપર લેટયો હતો ને આજે રાત્રે

આય મારી પોતાની બંગલીમાં?" એકાયક હવે તેને કેટ મેડીસન યાદ આવી અને કાંટો ચમચો ઝટ હાથમાંથી મુકી દઇ તે છોકરીનો અકાર તેની સામે આવીને ઉભો હોય તેમ તે તરફ તે શાંત ટીકતો બેઠો.

જીમે ટેબલ સાફ કીધી અને બધું ઉંચું નીચું કરી તે પોર્યો તેને સલામ કરી ત્યાંથી ચાલી ગયો.

ત્યાર પછીબી કલાકો સુધી તે કેટના ને કેટનાજ વિચારમાં બેસી રહ્યો અને બેસતાં તે થાકતો તો ઓરડામાં એમ તેમ તે લટાર મારતો હતો. ખરેખર, તેને તે કેટનો વિચાર આવ્યો ત્યાં સુધી તે એક સુખી જીવડો હતો, પણ હવે? આય ઘડીએ?

"ઓ, કેટ, વ્હાલી કેટ!" તે એક ખુરસીપર બેસી પડી બડબડયો "મેં તુંને જોઇજ નહીં હોતે! મારી તારીપર નજરજ નહીં પડી હોતે! હા, પણ, મારે એમ બોલવું જોઇતું નથી, કેમકે પેલો કવી કહેછ તેમ

'તદ્દન નહીંજ ચાહવા કરતાં ચાહવું
અને ખોહવું એ ઘણું બેહેતર છે'

પણ, તારી પાસે હતુંજ શું કે તું ખોહે? મારી રાણી, તારો પ્યાર મારી પાસે હતોજ કયાં કે તે મેં ખોહ્યોછ? ને મારે મનસે તું એક ફિરેસ્તાના ફેરેશતે સ્વપ્ના સિવાય વધુ કોઇજ નથી!"

પ્રિય વાંચનાર, પ્યારનો ઉપદ્રવ સારી જગમાં પંથરાયલો છે. તે ઉપદ્રવને કોઇ ચોકકસ મોસમની જરૂર નથી. તે જેટલો જોરમાં યા ધીમો ગરમીમાં હોય છે તેટલો જોરમાં યા ધીમો ઠંડીમાં અને વર્ષાદમાં પણ માલમ પડે છે. એવા કાંઇ માયના પુતે આજ સુધી એવી રસી નથી શોધી કાઢી કે જે પોતાનામાં 'ઇનજેકટ' કરાવ્યાથી એ 'રોગ' સામે તેને રક્ષણ મળે અને અમો નહીં ધારતા કે કોઇ અરવાચિન કાળમાંબી એવો એકાદ માયનો પુત જનમ લેશે કે જેની શોધ એ રોગ—મીઠા, મધુર, અને આવકાર દાયક રોગ—સામે કોઇનેબી રક્ષણ આપી શકશે!

પ્રકરણ ૧૭ મું.

લૉર્ડ કારલ્યન સાથનાં કેટ મેડીસનનાં વેશવાલની ખબરથી આખું સેન્ડફર્ડ તળે ઉપર થઇ ગયું હતું એમ કહીશું તો ચાલશે !

મેજર પોતેજ એક કબુતરનાં જેવાં ફુગાયલાં ગળાં સાથે એક ટરકીની માફક તુરૂક તુરૂક ચાલે ચાલી એક પછી એક ઘરે એ ખબર પુગાડી આવ્યો હતો; અને તેનાં પરિણામે, મેજરે આપેલાં નાનાં ડીનર-ની બારવણે બપોર સુધીમાં તો એ ખબર આંખાં સેન્ડફર્ડમાં ફેલાઇ રહી હતી.

સેન્ડફર્ડમાં એવી એક છોકરી નહીં હતી કે જે કેટનાં આ ભાગ્યો-દય માટે અદેખી નહીં પડી હોય. બધાંનાં મત પ્રમાણે કેટ એક મસ મોટુ 'બીરૂ' ઝડપવાને શકિતવાન થઇ હતી ખરી! પણ પરણવા લાયક છોકરીઓની માતાઓ જેઓએ અત્યાર સુધમાં લૉર્ડ કારલ્યનને પોતાનો જમાઇ કરવાને હજારો પછાડા માર્યા હતા અને હજારો અનીખના તારા તોડયા હતા તે બીચારીઓ આ ધડાકો સાંભળી 'બીચારી સુખી થાય તો સારૂં' એટલું બોલી માથું ધુણાવતી પોતાને ઘરે અજીરણ ખાઇને દરીણ પડીઓ હતી.

"જોની, દીકરી, વાત એમ છે" સેન્ડફર્ડની એક જાણીની રહીશ અને કેટની એક અતલગની સહી લેડી વેરનર કેટને એ બધો મામલો સમજાવતી બોલી "કે બધાંઓનાં એ ખબરથી માથાં ફરી ગીયાંછ! હમ-ણાં સુધી પોતાની દુકતીઓને વાસ્તે તેઓ લૉર્ડ કારલ્યનને પોતાને હસ્તક લેવાનાં ફાંફાં મારતી'તી, તેને મોટાં મોટાં ખરચાળુ ખાણાં કરી ત્યાં બોલાવતી'તી, પોતાની પરણવા લાયક દીકરી યા દીકરીઓને સુંદર પોષાકો પેહેરાવીને ફેરવતી'તી, એ બધું હવે હરામ ને અકારત ગયલું જોઇ તેઓને ઝાંઝ ચઢે તમાં કાંઇ નવાઇ છે? ને કેટી, તું ત્યારે ખરે-ખર એક 'કાઉન્ટેસ' થશે!"

કેટે તેણીની તરફ નજર ફેરવીને જોયું.

"હું લૉર્ડ કારલ્યન સાથે પણવાની છેઉં ને તેથી જો મોટી 'કાઉન્ટેસ' થવાતું હોય તો એ વાત ખરી છે."

તે બુઢ્ઢી બાઇ જે પોતાની વખતની એક સોસાયટી બ્યુટી હતી અને તે કારણે દુન્યા અને તેની મક્કારી ઘણે ભાગે તે જોઇ વળી હતી તે કાંઇક કેટની એ કીસમની બેદરકારી જોઇ અજબ થઇ.

"દીકરી, જાણે એ વાતમાં કાંઇ દમજ નહીં હોય તેમ તું તો સમજતી લાગેછ! એ વાતે અમે આટલાં અજબ અજબ થઇ ઉથલાઇ પુથલાઇ જઇયેછ, ને તે વાતની તારીપર તો કાંઇજ અસર થયલી જણાતી નથી? તુંને તો તારા બાપ અહીં લાયા ત્હારની હું ઓરખુંછ, તે વખતે આટલી મઇ જેટલી તું નાહની બુચી હતી ને આજેબી મારે મનસે તો તું બુચીજ છે ને ઓ, તું એક અર્લ સાથે પણવાની અણીપર છે!"

"ખુદા તે મારૂં બચપણ મને પાછું આપે! એક અર્લની કાઉન્ટેસ થવા કરતાં તે બચપણ મને વધારે વ્હાલું છે" કેટ કાંઇક હસીને બોલી.

"એ એમ બોલાય, પણ પછી કાઉન્ટેસ તરીકે ફરશો હરશો ને બધે ઓઘાસો મોઘાસો કેની ત્હારે ગીલગીલ્યાં આવસે. તમારા ડ્રેસીંગ કેસમાં દાગીના જુદા—તમારી કબાટમાં જુદા, મેહેલની તીજોરીમાં જુદા અને બેંકમાં સલામત રાખેલા તે જુદા—એમ બધા દાગીના ને ગમે તેટલા ખરચ્ચે પણ નહીં ખુટે તેટલા પાકીટમાં પૈસા લઇ ફરશોની, વ્હાલાં દીકરીજી, ત્હારે તમારૂં મત કાંઇ જુદુજ હોસે! કેટી ને પછી તારી સહી મીટીઓ ને સગીઓ થવા કેટલીઓ ઉતરી પડશે!"

કેટ હજીબી ના ચવડી કે ના સવડી, અને એક અઠવાડયાં અગાઉ જે વખતે લૉર્ડ કારલ્યન સાથે પરણવાને તેણીએ તેના બાપને હા કહી હતી, તે વખતે જે ઝાંખો પ્રકાશ તેણીની આંખ્યોમાં છાંયી રહ્યો

હતો તે આજેબી હતો—તેનામાં આજેબી કશો વધારો થયલો નહીં જણાતો હતો.

તે ભલી બુઢ્ઢી તેણીને ઘણાં ધ્યાનથી તપાસતી બેઠી હતી. તેણીને પેટે કશી છોકરીઓ હતીજ નહીં, એટલે કેટ—તે નમાયી કેટે તેણીનાં હૈયાંમાં એક નાની સરખી જગ્યા પોતાને માટે કરી રાખી હતી.

"જો કે હું કાંઇ લૉર્ડ કારલ્યનને ઝાઝી ઓરખતી નથી" લેડી વોરનર બોલી "પણ હું ધારૂંછ કે તે ભલોજ હોસે ને ભલોજ નિવડશે, ને મેજર તો મને ખાતરીપર ખાતરી આપેછ કે તે તો તારીપરથી ઓહઇ પંથરાઇ જાયછ ને તારા સંબંધમાં તે ઘણોજ મોટાં દીલનો ને છુટે હાથનો છે."

"હા, એવણ ઘણાંજ મોટાં દિલના ને છુટે હાથના છે, ખરા." કેટ બોલી "ઉભાં રહો, હું તમુને કાંઇ દેખાડું" એમ બોલી તે તે ઓરડામાંથી બાહાર ગઇ અને જરા વારમાં મારોકકો ચામડાંનો એક દાબડો લઇને તે પાછી અંદર આવી અને પોતાની પાસેની એક ઝીણી મઇ જેવી કુચીથી તે ઉઘાડી લેડી વોરનર સામે તેણીએ ધર્યો તો તે દાબડામાં સચવાઇને બેઠેલા હીરાના હારપર લેડી વોરનરની નજર પડતાંજ તેણીથી અજાયબીની એક 'વાહ'! પોકરાઇ ગઇ.

"કેટ દીકરી!" તે બોલી "આય શું? એ તે મોટું દીલ ને એ તે છુટો હાથ! ને એકેક નંગબી શું સરસ ને કીંમતી છે! ને તે ઉપરાંત, કેટ, કારલ્યન ખાનદાનનાં જહવેરોબી છે જો!"

"હા, હોસેજ તો:; લૉર્ડ કારલ્યને મને કેહ્યું ખરૂં."

"કેટ, જો મેં સાંભળેલી વાત ખરીજ હોય તો તે જહવેર એવાં છે કે તું જ્યારે તે પેહેરી નીકરસે ત્યારે લંડનમાં મોટું 'સેનસેશન' થઇ રહેસે. પણ, તુંને તો જાણે એ કસાંની પરવા નહીં હોય, કશી દરકારજ નહીં હોય તેમ તું તો કરેછ." કેટે પેલા હારપર બીજી નજર વટીક ન નાંખતાં તે દાબડો બંધ કરીને ત્યાંજ બાજુ મુકયો તે જોઇ

લેડી વોરનર બોલી.

"મને, લેડી વોરનર, દર દાગીનાનો શોખ નથી" કેટ બોલી.

"એ શોખ તુંને આસ્તે આસ્તે લાગશે. ઘણાંઓને એમ હોયછ. પણ, કેટ, જે કામને વાસ્તે હું આવી તે તો વગેનું વગેજ રેહ્યું—પછી પેલા બૉલનું શું કીધું?"

"બૉલનું? કયા બૉલનું?"

"તો જોની તારાં માય વગરનાં ઘેરમાં હવે આય ટાંકણાંને વાસ્તે તુંને ઠેરવવા હોલવવા કોઇ ડાહ્યું પાકકું જોઇયે, તેથી તારા બાપ મને કહેતા'તા કે થોરા દાહારા અહીંજ આવીને તમે રેહવો—ને નહીં તો સહવારથી આવી રાત્રે રોજ જયા કરો. હવે હું તો ના કહેવાની હતી, પણ જહાં મારી કેટનીજ બાબદ આવી તહાં હું કેમ ના કેહું? ને હમણાં બૉલ કાંઇ હોય? એ એટીકેટજ નહીં, પણ, લૉર્ડ કારલ્યન બૉલની જીદ પકડી બેહાછ તે કોઇથી ના કહેવાતું નથી."

"હા, તેમજ છે તો!" કેટ બેદરકારીથી બોલી.

"ને લૉર્ડ કારલ્યન એટલી નાહ્લી બાબદ સર પોતાને ઘેરની કોઇ બાનુને તકલીફ આપવા માંગતો નથી એટલે મેજરની વાત મને—તારી અતલગની સહી તરીકે કબુલ કીધા સિવાય છુટકજ નથી. બૉલબી થશે ઘણો ભપકા ભરેલો એમ તારા બાપના બોલવા પરથી માલમ પડેછ; ને મારે ગમે તેટલાંને નોતરવાનો તેવણે મને અખત્યાર આપેલો છે. દીકરી, તારે કોઇ સહી મીટાંને કે ઓળખીતાંઓને તેડાં કરાવવાંછ?"

"નહીં, અમારાં કોઇ સગાંબી નથી, ને મારૂં પોતાનું કોઇ ઓળખીતું નથી, જે છે તે બધાંને તો તેડાં જશેજ; ગમે તો અહીંના પાદરીને—"

"તે તો દીકરી આખરે આવશેજ." લેડી વોરનર હસીને બોલી, અને તેણીના આ ખુશ ટીકા સાંભલી કેટ શરમાઇને લાલ થઇ જશે એવી જે તેવણે આશા રાખી હતી તે ફોકટ ગઇ હતી.

"ને આય બધાં માણસોને ને નોકર નફરોને મેજબાની આપવા-ની શું વાત ચાલેછ? તારા બાપ મને કહેતા'તા કે લૉર્ડ કારલ્યન બધુંજ મોટા પાયાપર કરવા માંગેછ ને અહીં તેમજ આસેપાસેના ગામોના નોકર નફરો અને કામ કરનારા મજુરોને એક જુદી મેજબાની એવણ-નો આપવાનો વિચાર છે. હવે એવણના લીંડકોટના બંગલાપર કામ કરનારા મજુરો તો છેજ—ને આય ગામના નોકરો નફરોનેબી તેડશું-હવે બીજા કહાંના રહ્યા? પેલી ઉડની ખાણના કામદારોનેબી તું તેડવા માંગેછ કે?"

કેટનું મન જાણે એ વખતે બીજી ત્રીજી ગમ ભમતું હોય તેમ આ સવાલ સાંભલી તેણી ચોંકી અને લેડી વેરનર તરફ જોયું "કોણ, હું?"

"તો વળી તું નહીં તો કોણ? લૉર્ડ કારલ્યન આય બધું કરેછ કોણને ખુશ કરવા? તું ખુશી થાય કરીને એ બીચારો ગરીબ ગુરબાંને રાજી રાખવા આતુર છે, તારૂં શું જાયછ? તું તારે બીચારા એ ખાણ-વાલાઓનેબી બોલાવની."

"ઠીક છે, બોલાવજો—તે લોકનેબી બોલાવજો ત્હારે."

"ને દીકરી,, તારા ડરેસનું શું કીધું? તેની તો તજવીજ તું પોતેજ કરસે કેની?"

"નહીં, મેં તો કાંઇજ તૈયારી નથી કીધી, મને તો તે વાતની કાંઇ યાદજ નહીં રેહી!"

"યાદ નહીં રેહી? દીકરી કેટ, એ તું શું બોલેછ? ત્યારે આટલો વખત તું શું વિચારમાં હતી? દશ બાર દાહાડા ઓછામાં ઓછા ડરેસ તૈયાર થતાં જોઇસે—ને એમ આવ કેટ, જરા ઉજેરડાંમાં આવ, તારૂં મોંહ જોઉં? એ, દીકરી, તુંને શું છે? તું એમ કાંય કરેછ? જાણે હમણાંજ પોઢી ઉઠી હોય તેવો કાંઇ તારો ચ્હેરો છે!"

"તમેબી લેડી વેરનર, આજે એમ કોતક શું પાડોછ? હું આજે

બપોરે કે કોઇબી વખતે સુતીછજ કહાં?" કેટ હસીને બોલી, પણ તે છોકરીનું તે હસવુંબી લેડી વોરનરને અમસ્થું નામનું અને ખાલી લાગ્યું.

"પણ ત્હારે તું એટલી ફીક્કી ને કમોળાયલી કેમ? તું સારી કાંની તો છે કેની?"

"હારે."

"ને સુખી?"

"ને સુખીબી. હું દુઃખી કાંય હોઉં, લેડી વોરનર?"

"નહીંજ તો? જુવાન છે, ખુબસુરત છે ને વળી એક અર્લની અદરાયલી મોહોરદાર છે, એટલે તુંને દુઃખી થવાનું કારણ હોયજ શું? તું ના કહેછ, પણ, તારા ચ્હેરાપર આવો ફેરફાર મેં કોઇ દાહાડે નથી જોયો."

કેટ વળી પાછી હસી ને વળી પાછો તે હસવાનો અવાજ સાંભળી લેડી વોરનરનું માથું હણકયું.

"કેટ, દીકરી, જો તારી માય આજે હૈયાત હોતે તો જે સવાલ આજે હું તુંને પુછુંછ તે પુછવાનું મને કાંઇ કારણ નહીં હોતે; હું તારી સાથે ને તું મારી સાથે આટલે સુધી જે રીતે ચાલ્યાંછ તે રીતપરથી મને માનવાની હીંમત આવેછ કે એક માય તરફ દીકરી અને દીકરી તરફ એક માય જેમ વરતે તેમ આપણે એક મેક તરફ વરત્યાંછ ને તેથીજ તુંને જે સવાલ પુછુંછ તેનો મને ખરોજ જવાબ આપજે. લૉર્ડ કારલ્યનને તેં પોતેજ ખાવીંદ દાખલ પસંદ કીધોછ? એ ગોઠવણ તારી પોતાની મરજીનીજ છે કેની?"

કેટના ચ્હેરાપર જે થોડોબી રંગ હતો તે આ સવાલ સાંભળી ઉડી ગયો અને તેણીના હોઠ થરથર ધ્રુજવા લાગયા, પણ તેણીનામાં થયલો ફેરફાર અને ફેલાયલો એ ગભરાટ તેણીએ લેડી વોરનરની ગરૂડ જેવી ટીકતી આંખોથી છુપ્યો રાખવાની હીંમત કીધી અને તેમાં તે પાર ઉતરી હતી.

"હા, લેડી વોરનર એ બધું મારી રાજી ખુશીનુંજ પરીણામ છે."

"ઠીક, ત્યારે, કેટ, હું જાણું કે તું કાંઇ તેવાં કારણસર અસુખી દેખાતી હોસે! પણ, એ કામ તારી રાજી ખુશીથીજ, તું કહેછ તેમ, કરતી હોય તો—" અને પછી જાણે વગર ધ્યાનનું તે ડોસી બડબડતી હોય તેમ બોલી "પોતાની રાજી મરજી વગર એક છોકરીએ પરણવા કરતાં તેણે દર્યામાં ડુબી મરવું બેહેતર છે! કેટ, એ મારૂં મત છે. ને હું, જેને લોક જમાને ખાધેલ ઘરડી કહેછ તેનું એ માનવું છે. કેટ, હું એ આપ્તમાંથી સેહેજમાં પોતે બચી ગેઇ'તી. મારી પરણવા લાયક ઉંમર વખતે મારા હાથના ત્રણ ઉમેદવારો હતા. તેઓમાં એક, એક કરોડપતી, બીજો, એક બારોનેટ અને ત્રિજો એક સેપાહ બચ્ચો; મેં પ્હેલા બેઉને લટક આપી ને મારા સોલજરને પસંદ કીધો, ને ત્યાર પછી જે બનતું મેં મારી આંખોએ જોયું અને કાને સાંભળ્યું તે પરથી તો હું ખુદાના શુકરાના કરૂંછ કે મેં મારાં અતઃકરણની સલાહથીજ મારી પસંદગી તે સોલજરપર ઉતારી, કેટ. તે બીચારો પોતાની રીજમીટમાં કેપ્ટન હતો, આજે તેવણ જો કે જેનરલ છે, ને પૈસે પેલા બેની સરખામણીમાં ગરીબ છે, પણ, મને મારી પરણી જીંદગીમાં મારી એ પસંદગીને માટે કદી પસ્તાવો થયો નથી. વાસ્તે કેટ, દીકરી, હજુનબી કાંઇ અસુરૂં થયલું નહીં કહેવાય, હજુનબી જો તારી—"

આ સાંભળી તે છોકરીના ચ્હેરાપરનો રંગ ઉડી ગયો.

"હવે ઘણુંજ—ઘણુંજ અસુરૂં થયલું કેહેવાય!" તે બોલી "હું મારો બોલ આપી ચુકીછ—હવે મારીથી નહીં ફરાય ને મારી ફરી જવાની મરજીજ નથી. લેડી વોરનર હું લૉર્ડ કારલ્યન સાથેજ પનવાની!"

અને લેડી વોરનર મીસ કેટના આ ઠેરાવનો કાંઇ લાયક જવાબ કરે તેટલાં તો તે ઓરડાનું બારણું ઉંઘડયું અને મેજર ધાંધલ કરતો અંદર દાખલ થયો. તેનો ચ્હેરો કાંઇ અંદરખાનેથી ખુશાલીથી ખીલી રહ્યો હતો અને તેની આંખો કાંઇ અજબ પ્રકાશથી ચમકી રહી હતી;

તેનું આખું આંગ અને તેનો આખો દેખાવ કોઇ કામમાં તેને મળેલા હદ બાહાર સંતોષની ગવાહી પુરતાં હતાં.

"ઓહો, મારાં વ્હાલાં લેડી વોરનર! તમુને જોઇને સેવક ઘણો–અતી ઘણો ખુશી થયો! મેં ધાર્યું'તુંજ–મારી ખાતરીજ હતી કે તમે અહીં હોસોજ. કેટી સાથે આવતા ઉમંગી બનાવ વાસ્તે તૈયારી કરી રહ્યાંછ કેની?"

"હાજી, લૉર્ડ કારલ્યન પેલો બૉલનો મેળાવડો કરવા માંગેછ તેની અમે વાત કર્યેછ" તે ડોસાં બોલ્યાં.

"ઘણું મજેહનું!–ઘણુંજ મજેહનું!" મેજર બોલ્યો "હું હુમણાંજ લૉર્ડ કારલ્યન આગળથી આયો. એ બનાવ વિષે તેવણ તો એટલા ઉલટમાં આવી ગીયાછ કે બોલવે વાત નહીં–ને તમારી ઉપરથી તો એવણ થોડા થોડા થઇ જાયછ. મને તેવણે કેહ્યું કે 'મેજર, લેડી વોરનરને કહેજો કે પૈસાની વાણ જરાબી નહીં કરે, કેમકે મને એ મેળાવડો ઘણો મોટો ને ભપકા ભરેલો કરવોછ! ગમે તેને બોલાવવાની એવણને છુટ છે!' બસ જાણે એવણને કેટ મળી તે શું એક હીરાની ખાણ મળી હોય તેમ ભલો માણુસ ઉમંગમાં આવી ગીયોછ; ને એનો 'લીડકોટ'નો નવો મેહેલ, તમે નથી જોયો કે? અરરર, તમે તેમાંનું રાચ રચીલું જુવો તો દાંતમાં આગળાં પકડો! કેટે તમુને એવણની પેલી ભેટ બતાવી કે?"

"હા, મેજર, કેટે મને તે હાર દેખાડયો."

"કેવો છે? ફક્કડ કેની? મારાં વ્હાલાં લેડી વોરનર, મારી કેટ ખરી નસીબવાલી! ને મારે કહેવું જોઇયે કે જો કે એ છે તો મારી દીકરી પણ એક શેહેનશાહ તો રેહ્યો પણ શાહજાદાનું ઘેર શોભાવે તેવી એ દીકરી છે!"

"હાજ તો વરી, તેતો હુંબી કેહુંછ."

"હા, ને હું હમણાં 'લીડકોટ'થીજ આયો. આખે બગીચે

બધે ફરતી રંગ બે રંગી લાઇટ ટાંગવાની ને ગોઠવી દેવાની છે—ને તેને વાસ્તે હજારો ફાનુસોનો આરડર અપઇ ગીયોછ, ને માણસો—નોકર નફરો અને કામ કરતા મજુરોને વાસ્તે મોટો મંડપ નાંખવાની ગોઠવણ કીધીછ. મેં તો જરા લૉર્ડ કારલ્યનને ખેંચી પકડ્યો પણ ભલાં માણસતો માનતોજ નથી. કહેછ કહેછ ને એમજ કહેછ કે આય તરફનાં બધાં સુખી તોજ હું સુખી. ઘણોજ દુલ્લાં દીલનો ને પાદશાહી જીવનો છે. ખુદા એને આપરે બધાંને માંથે જીવતો રાખે."

"હા, મેજર, એમ લાગેછ ખરૂ, ત્હારે, મેજર, હમણાં હું કેટને પુછતી'તી કે પેલી ખાણમાંના મજુરોનેબી બોલાવવાછ કે?"

"મારો તો વિચાર છે કે કોઇનેબી બાકી ના મુકતાં, લેડી વોરનર; પણ, તેતો બા કેટની મરજી—લૉર્ડ કારલ્યને કેટની મરજીજ બધી વાતમાં રાખવાની મને તાકીદ કીધીછ, ને તેથી બા આપરીથી એ બાબદમાં નહીં બોલાય."

"બરાબર છે, ત્હારે હું એ બધા ખાણવાલાઓનેબી બોલાવવાની તજવીજ કરૂંછ."

"હા, હા, બોલાવો; બેલાશક બોલાવો—ઘણો મોટો મેળાવડો થસે; માણસોને ને કામદારોને બપોરે જમાડસું ને ગૃહસ્થોનું ખાણું રાતે કરશું ને તે પછી બૉલનો મેળાવડો! સેન્ડફર્ડ ગામ તે દાહડે પોતાની હસ્તી વટીક ભુલી જશે, એંહ?"

"ને એ બધી ધાંધલને ધમચકરી આપરી કેટીનાં માનમાં" લેડી વોરનર બોલી ને પછી ઉઠીને કેટના હાથપર તેવણે પોતાનો હાથ મેલ્યો.

કેટ હવે લેડી વોરનર સાથે ઉઠીને ઓરડાની બાહાર આવી, અને લેડી વોરનર જેવી ગઇ કે પોતાની ટોપી ને કોટ લઇ તે પોતે બાહાર નીકળી.

કારલ્યન—કહોકે લૉર્ડ કારલ્યન સાથે પરણવાને કેટને કબુલ થવાને

ફક્ત આંઠજ દીવસ થયા હતા, પણ તે અરસામાં તેણીના ચ્હેરામાં જે સામાન્ય ફેરફાર થયો હતો તે ઉપરથી જોતાં તે વાતને જાણે એકાદ વર્ષ થઇ ગયું હોય તેમ લાગતું હતું.

તે બીચારી ગરીબ અને ગરવી છોકરી મન મનાવી રહી હતી કે જે તેણીએ પગલું ભરવાનો ઠેરાવ કીધો હતો તેમાં તેણીએ પોતાના બાપ તરફની પોતાની ફરજ ઉપરાંત કશુંજ વધારે કીધું ન હતું–તેણી પોતાના બાપને ખાતર પોતાનો–પોતાનાં સુખનો ભોગ આપવા તે છો-કરી તૈયાર થઇ હતી. તેણી ખુદામાં ચુસ્ત માનવાવાલી હતી અને 'ભલું કરે તે ભલાઇજ પામે' એ નિયમમાં તેણીને આંધળો વિશ્વાસ હતો, તેથી તેને એ એક મોટો સધ્યારો હતો કે તેણીએ પોતાના બા-પનું ભલું વિચારી લીધેલાં આ પગલાંનો ખુદા તેણીને આયંદેહ સારોજ બદલો આપશે!

હવે એ બધો સધ્યારો તેણીનાં મનને હતો છતાં, જે પગલું તે ભરવા નીકળી હતી તેનાં દુ:ખનો ડંખ તેથી કાંઇ ઓછો ન હતો. દુ:ખનો ડંખ તેણીને ખટકયા કરતો હતો, કારણ કે તેણી લૅાર્ડ કારલ્ય-નને ધિકકારતી હતી તેથી નહીં, પણ પેલો એક બીજો ઇનશાન તેણીની જીંદગીના વહી જતા સીધા રોહની આડે ફરી ગયો હતો તેથી હતો. આટલા આંઠ દીન દરમ્યાન દીવસો અને રાત્રે તે છોકરીને પેલા આપણા 'રખડેલ' કલીફર્ડ રેવનનો ચ્હેરો અને અવાજ ઘેરી રહ્યો હતા.

અને તેથી એ ખ્યાલ પોતાનાં મગજમાંથી દુર થાય એવી મત-લબથી તે છોકરી બાહાર નીકળીને જ્યાં હમેશ તે જતી હતી ત્યાં ગઇ અને પછી તેથીબી આગળ વધીને કલીફર્ડ રેવને જે જગ્યાએ ઉભા રહી તે ખાણનો મેહેમાર પ્હેલો જોઓ હતો ત્યાંજ તે જઇને થોભી અને તે ખાણોમાં થતા ધડાકા અને ચાલતાં કામકાજની ધુમચકરી સાંભળતી અને જોતી તે ઉભી. ત્યારે ત્યાંબી તે ઉભી તે શું અમસ્થી પોતાનાં ખ્યાનમાંજ તે ઉભી હતી? નહીં, કલીફર્ડ રેવને તેણીને જે દુર દેશાવર

ઉપડી જવાનું કહ્યું હતું તે પરથી તે પોતાની સામેનો દર્યો જોઇ વિ-ચાર કરતી ઉભી કે તે દર્યાનાં ઉછળતાં પેટાંપર હાલ તે 'રખડેલ' જવાન કોણજાણે કયાં હશે! અને–અને–પ્રિય વાંચનાર, તેજ વખતે તે જો જોતે અને જાણતે કે તેણીના ખુશ ખ્યલોમાં વસી રહેલો તે રખડેલ હાલ તેજ ઘડીએ તેણીના પગની નીચે વસાયલા તે ઉપ્યોગી જમેલામાં કામે લાગેલો હતો તો તે પ્યારઘેલી છોકરી શું ધારતે?

——:o:——

પ્રકરણ ૧૮ મું.

ઉડની ખાણના મેનેજર તરીકે નેમાયા પછી કલીફર્ડ રેવનને તે કામમાં હાર પડી જતાં કશીવાર લાગી ન હતી. આજે તે મસમોટા અને ઉપ્યોગી માણસાઇ મધપુડાની વચ્ચે ઉભો રહી તે ત્યાં ચાલતું કામ તપાસ્તો હતો. ત્યાં ઉભેલા તે ઉંચા, પ્હોળાં ખભાંના કદાવર જવાનમાં પેલા ચીંદડે હાલ ડેસમન્ડ કારલ્યન તરીકે ઓળખી કાઢવો કોઇને માટે ખરેખર ઘણો મુશકેલ હતો. તે માત્ર કાંઇ તેણે પેલા વાળ કતરાવી નાખી દાઢી બોડાવી દીધાને લીધેજ તેના દેખાવમાં ફરક પડી ગયો હતો એમ નહીં સમજવું.

કામ એક મરદને માટે એવું 'ટૉનીક' છે–એવી શકતી આપનારી દવા છે કે જેનું નામ નીશાણ કોઇબી 'કેમીસ્ટ'ની દુકાને તમોને નથી જડવાનું. કામ એક માણસને તંદરોસ્ત બનાવે છે–કામજ તેનું જીવણ છે–કામ તેનાં આંગનો બાંધો છે–અને કામજ તેનાં મગજનું સમતોલ-પણું છે, અને કામની મોહીની તો કલીફર્ડ રેવનને હતીજ. કામમાં તે મજાહ માનનારો હતો–એટલે કામના પ્રતાપે આજે આપણને તે તંદરો-સ્ત અને આસુદા દેખાવનો લાગતો હોય તો તેમાં નવાઇ નહીં હતી. તેનાં ગંઠાયલાં તન બદનને અને તેનાં રાક્ષસી આંગને કામમાં રગડોળવું એ તમારા આજના દારૂડયા, જુગાર્યા અને શરત્યા જવાનોને મળતી

મજાહ કરતાં તેને મનસે તે વધારે મજાહ હતી!

અને ત્યારે આજે જ્યારે પોતાના હાથ નીચેની તે કામ કરતી ટોળીની વચ્ચો વચે તેઓનાં કામ ઉપર દેખરેખ રાખતો કલીફર્ડ જ્યારે ઉભો હતો ત્યારે તે પોતાને લગભગ સુખી સમજતો હતો.

લગભગ! જો તેણે કેટ મેડીસનને જોઇજ નહીં હતે તો આજે તેને દુઃખ કે દલગીરીનો કશોજ કતરો હતે નહીં—આજે તે પોતાને સંપુર્ણ સુખી માનતે. પણ તેણે તેને જોઇ હતી, તે તેની નજરે પડી ચુકી હતી અને તેણીની યાદ તેને ઘેરી રહી હતી, અને તેમ આપણે જોઇ આવ્યાં કે કેટીની હાલતબી લગભગ તેવીજ હતી! દાહાડામાં એક બે વાર નહીં પણ પચાસવાર તે પોતાને અને પોતાનાં કામને વીસરી જઇ ભાણભુલો થઇ તેણીનો અને તેણીનોજ વિચાર કરતો દિગમુઢ જેવો ઉભો રહેતો હતો, અને જેમ કેટ તેના વિચારમાંથી મોકળી થવાનાં ફોકટ ફાંફાં મારી રહી હતી તેમ તે બીચારોબી તેણીનો ખ્યાલ પોતાનાં મગજમાંથી દુર રાખવાનાં ફોકટ ફાંફાં મારી રહ્યો હતો. દિવસે જ્યારે એ વિચાર તેને ઘેરતો ત્યારે તે કોદાળી કે પાવડો લઇ મરતે હાલ મેહેનત કરવા મંડી જતો અને રાત્રે તેવો જોગ થતો તો ચીરૂટ યા તમાકુની પાઇપ મોંહમાં લઇ જોરથી એમ તેમ ફેરા ફરી ભુલવાની વેતરણ કરતો હતો.

એ જવાન મેનેજર સાહેબનાં મનનાં વિચારો શું હતા તે કોઇ પારખી શકતું ન હતું. તેનું સરોવરનાં જેવું તન, ખીલેલું બદન, ચળકતી ચશમ અને મોટો ખુલ્લો અવાજ એ સૌને તેમને વિશે યાતો તેમના ખરા મનતરંગને વિશે ભુલાવો ખવાડવાને પુરતાં હતાં. જો કે તેને ત્યાં આવ્યાને અને પોતાનાં કામનો ચાર્જ લીધાને માત્ર હજીતો એક પખવાડયુંજ થયું હતું તેટલાં તો તેના હાથ નીચેના કામદારો અને કારીગરો—માત્ર એક સિવાય—બધાજ તેને ચાહતાં અને માન આપતાં શીખ્યા હતા. મી૦ ઉડ બીચારા—આપણે એવાઓને જોઇને કહ્યે છીયે

તેમ—અલ્લાહવાલી હતા. તેવણ કામ લેવામાં ઢીલા, ધીરા અને છુટછાટ મુકનારા હતા. જ્યારે કલીફ્ફર્ડ રેવન જો કે ગેરવાજબી રીતે કદીજ નહીં, તો પણ સખ્ત અને કાયદાથી કામ લેનારો હતો. તે આવ્યા પછીનું કામ ત્યાં લાસરયું ચાલતું આસ્તે આસ્તે ઓછું થઇ સદંતર બંધ થયું હતું. મી૦ ઉડનાં લાસર્યાપણાંમાં મેહેનતું અને કામને ચાહનારા મજુરોને ગેરફાયદો એ હતો કે જે પગાર એક વખત મંડાયો તેમાં તેઓને સબડયા કરવાનું હતું—'જે કકડો રોટી મળે તે ખાયા કરો—તમારીથી થાય તેટલું કામ કરો—વધારે ચેં ચું કરો ના' એ મી૦ ઉડનો 'મૅટો' હતો. કલીફ્ફર્ડ રેવનનો 'મૅટો' એ હતો કે 'તમારાં તન બદનની સઘળી શકતી તમારા શેઠના લાભમાં હલાલ ખરચો—બરાબર રીતસર કામ કરો—તેના બદલામાં તેની આગળ ખોબો ઓળીને આવો—અને ભરેલે ખોબે ઘરે જાવો.' એટલે થયું એમ કે હરામપર બેઠેલાઓપર જાપતો પડયો અને હલાલ મેહનત કરનારાઓને તેઓનાં કામની કદરમાં વધુ રોજી મળતી થઇ. આથી પરિણામ એ આવ્યું કે પ્હેલે પ્હેલે બબડાટ ફ્ફડાટ ઉભરી નીકળ્યો ખરો, પણ જ્યારે કલીફ્ફર્ડના સખ્ત કાયદાની મીઠી અસર તે કામદારોનાં ગજવાં ભારી થવાથી જણાવા લાગી કે બધા, અમે આગળ કહ્યું તેમ એક સિવાય બધાજ, તેને ચાહવા અને માન આપવા લાગ્યા. તેઓ સ્વભાવે કે જાતે માણસો ખરાબ હતાજ નહીં; પણ, જેમ હંમેશ બને છે તેમ તે મેંઢાંનાં ટોળાંમાં કાળું મેંઢું એક હતું. તે એક ખુદાના હુકમથી બનામે ઇઝદ જેવો આસુદો જવાન હતો પણ તે હાડેહાડ હરામખોર હતો. તેનું નામ વાઇઝ હતું અને તેને બધા 'ફ્રેન્ચી' વાઇઝ કરીને કહેતા હતા.

તે ભાઇને કલીફ્ફર્ડ ત્યાં આવ્યો ને આવ્યો કે પેટમાં આડાંને ઉભાં આવ્યાં હતાં અને તેવણ જાણે આસમાનપરથી ખાસ ઉતરી આવ્યા હોય તેમ કલીફ્ફર્ડને મેનેજર તરીકે પ્હેલેથીજ ગણકાવવા નહીં લાગ્યા હતા. તે હતો તો કામદાર પ્હેલાં નંબરનો, પણ, ભલાં માણસનું ભેજુંજ

'સેન્ટર'માં નહીં! જેટલો વખત તે 'સેન્ટર'માં હોય તેટલો વખત હીરા જેવો–જરા જમણી ગમ કે ડાબી ગમ તે ભેજાંએ ઝોંક લીધો કે વાત હાથથી ગઇ! તેમાં વળી પેલો ઇનશાનનો જીવલેણ દુશ્મન તેનાં બચ્ચાં અને સંસારનો કટો વેરી–બાટલી–તેની સાથે વાઇઝને જીવેજાનની દોસ્તી! એટલે એક બે વખતે કલીફર્ડે તેને અહીં તહીં ખુણે ખંટોલે કામપરથી છટકી જઇ સુતેલો પકડયો અને તેને અલબત ઘટતી સખ્તાઇથી એ બાબે તેણે તાકીદ કીધાથી તે વાઇઝ, કલીફર્ડનો મુદ્દઇ થઇ લાગ્યો હતો. પણ વળી તેના એ વેરભાવનું એક બીજું ઘણું મોટું કારણ હતું.

વાઇઝ જો કે બીજા કામદારોની પંકતીનો એક કામદાર માત્ર હતો છતાં, તેનો ડોળો કાંઇક દરજ્જે ઉડની દીકરી નેલીમાં ખોભાયો હતો, અને જે વખતે કલીફર્ડે તે ઉડની દીકરીને તેની તરફ ધસી આવતાં જાલેમ મોતમાંથી બચાવી હતી તે વખતે વાઇઝ એ બધો દેખાવ જોવા જેટલી નજીદીક હદે કેડે ઉભેલો હતો અને પછી તે બાપ બેટી અને કલીફર્ડ વચ્ચે જે એખલાસ ભરેલો મેલાપ થયો હતો તે બધો તે જોઇ શકયો હતો, પણ દેખી શકયો ન હતો. કલીફર્ડ, ત્યારથી તે વાઇઝને તેના કવાબમાં હાડકાં જેવો ખુટેલો લાગતો હતો અને એ રીતે કલીફર્ડ રેવનનાં તે પરમાર્થી કામે તેને આવો એક હડહડતો દુશ્મન ગોયા કમાવી આપ્યો હતો.

આજે સહવારે ખાસ કરીને કલીફર્ડને માથે એટલું બધું કામ આવીને પડયું હતું કે તેને કેટનો વટીક વિચાર કરવાની આજે ફુરસદ નહીં થઇ હતી! કેમકે, ગઇ કાલે ઉડની ખાણને ચોકકસ માપની મોટી પથ્થરની લાદીઓનો એવો મોટો આરડર મળ્યો હતો કે પોતાના કામદારોની જંગી ફોજ ઉપરાંત તે કામ વખતસર પુરૂં કરવાને પુગી વળવા વધારાના મજુરોને કામે લગાડવા પડયા હતા અને તે બધાઓને રાતપાળીબી કરવાની હતી. કલીફર્ડ પોતે સહવારના પ્રહરથી ખડે પગે કામે હતો

અને હાલ તે કામ કેટલું પુરૂં થયું હતું–કેટલું ચાલતું હતું–અને હવે બાકી કેટલું રહ્યું હતું તેની નોંધ લેવામાં રોકાયલો હતો. આ તપાસ દરમ્યાન તેને વાઇઝની ગેરહાજરી માલમ પડી આવી.

"વાઇઝ કહાં છે?" તેણે તે ટોળીના ઉપરીને પુછ્યું.

"હું નહીં જાણતો સાહેબ. મેં એને એક કલાક થયો જોયોજ નથી." પછી તેણેજ પોતાનાં માણસો તરફ ફરીને પુછ્યું "તમોમાંથી કોઇયે વાઇઝને જોયોછ કે?"

તે માણસોમાંથી તેનો આ સવાલ સાંભળી શકવા જેવી હદ સુધી જેઓ નજીક હતા તેઓ કામ કરતા થોભ્યા અને 'ના'નું ડોકું ધુણાવ્યું અને તેઓમાંના એએક તો સ્હેજ મુછમાં હસી પાછા કામ કરવા લાગી ગયા.

"એનું નખ્ખોદ જાય એ વાઇઝનું!" તે ફોરમેને એ રીતે જોયું કે રખે તેની ઉપર બેદરકારી અને ઘટતી દેખરેખની ગેરહાજરીની તવાઇ આવે તે ઉપરથી તે બખાળ્યો. "જહારે હોયછ ત્હારે એ ભરાતો સંતાતો ફરેછ. કામદાર તો સાહેબ મજેહનો છે, પણ ભેજુંજ નથી તેનો કેમ ઇલાજ થાય? વળી કેઠે બાટલી લઇને પડયો હોસે!"

"જયારે એ ઢતીંગ હું કોઇજ વખતે ચાલવા નહીં દેઉં ત્યારે આજે કે જયારે કામ ઘણું વધારે ને તાકીદનું છે ત્યારે હું લઇ ચલાવું? હું મારો બોલ આપી ચુકોછ કે ફલાણે ટાઇમે તે લોકને જોઇતી લાદીઓની હું ડીલીવરી આપસ ને તેમ આપણે આપવા કેહ્યાથી તો આય મોટો આરડર આપણને મળ્યોછ–ને હું કહાં તમુ લોક પાસે ફોકટમાં વધારાનું કામ લેઉંછ? તમુને એ કામનાં બદલમાં સવઇ મળશે કેની?"

"હા, સાહેબ, અમે કહાં ના કહ્યેછ, પણ" બે ચાર જણ બોલી ઉઠયા "તમારે વાઇઝને પકડવોજ હોય તો એ પેલી તરફ લુહારની ભઠ્ઠીઓ છે ત્હાં, નહીં તો, લેધ ઘરનાં છાપડાંમાં પડેલો હોસે."

કલીફર્ડ ઝટ તે તરફ ગયો અને તપાસ કરતાં જોયછ તો ખરેખર

તે અક્કલનો દુશ્મન–ઇનશાન નહીં પણ હયવાન–ત્યાં ચટો પાટ પડેલો હતો અને પાસે તેની જીવ જાન માશુક–પેલી બાટલી–નચીંતે પોઢેલી હતી! હવે કલીફ્ડને આવો દેખાવ કાંઇ પ્હેલોજ ન હતો. પોતે જ્યારે ચાંદીની ખાણમાં કામ કરતો હતો ત્યારે એવા છાકટ મજુરો તેણે ઘણા જોયા હતા અને તેવાઓ સાથે કેમ કામ લેવું તે તે જાણતો હતો. તેણે તેને પગની ઇશારતથી જગાડયો અને જ્યાં સુધી તે અક્કલહીણ પુરતો સજાગરૂ થયો નહીં ત્યાં સુધી તેણે પોતાનું બોલવું હરામ ગુમાવવું દુરૂસ્ત નહીં વિચાર્યું.

'વાઇઝ, તારે જગે જો હું હોઉં તો ખરેખર શરમાઇને મરી જાઉં. મેં તુંને આય પ્હેલીજ વખત એમ કામપરથી નાહાસી જઇ ભરાઇ બેસ્તો નથી પકડયો. જો તારો આય દાખલો બધાજ લઇ બેસે તો પછી આય ખાણનું શું થાય? તું જાણેછ કે આય કામ પુરૂં કરવા હું માંગુંછ–તે વાસ્તે મેં મારો બોલ આપ્યોછ, ને તું અહીં નાચાર થઇ પડેલાં કુક્કરની માફક—"

"**તમે** આય કામ પુરૂં કરવા માંગેછ? **તમે તમારો** બોલ આપ્યોછ? હેં! જાણે ઘેરનો ધણી હું ને બાહાર નીકળ તું એવી તમે તો કેથી વાત કરતા દેખું! જાણે આય ઉડની ખાણ નહીં પણ કોઇ રેવનનીજ ખાણ હોય!"

કલીફ્ડે તેની સામે ટગર ટગર જોયા કીધું.

"એમ બોલી મને તારી સાથે પંચાત કરવા ઉશ્કેરવાની તારી મતલબ હોય તો હું કેહુંછ કે તેમાં તું ફાવસે નહીં. મને આગળ તારા જેવા ઘણાઓ સાથે કામ પડેલું છે. તું ઘણો સારો ને હુસ્યાર કામદાર છે; ત્યારે મુરખ બનીને કાંય બદનામ થાયછ? જેમ હું તેમ તુંબી સમજેછ કે જે કાંઇ અહીં કામ થાય તેને માટે જવાબદાર હું છેઉં, ને તેથી મારા ધણીનું લુટાય તે મુગો મુગો ઉભો રહીને જોનાર હું આદમી નથી!"

"લુટાય? ત્હારે તમે મને ચોર–લુટારો કેહોછ કે?" વાઇઝ હવે ઓહોણીપર આવી ગયો.

"જે મજુર કે કામદાર પોતાના શેઠનો વખત ચોરે તે ચોરજ કહેવાય, મારા દોસ્ત" કલીફર્ડ તે છતાં મગજનું સમતોલપણું સાચવીને બોલ્યો "તું કામપર પાછો જાય ત્યારે એ વાતનો વિચાર કરજે; ને યાદ રાખજે કે આય છેલ્લીજ વખત તુંને જવા દેઉંછ. હવે ફરીથી એમ કરતો તું પકડાયો તો પછી જે પરીણામ આવે તેને માટે મને ના બદનામ કરતો."

આય દસ્સા ભર્યા બોલવાથી વાઇઝ કાંઇક શુદ્ધીમાં આવ્યો ખરો પણ તે છતાં રેવન સામે ડોળા કકડાવી તે બોલ્યોઃ—

"ઓ! તમે મને રજા આપશો, એટલુંજ કે?"

"તેમાં કાંઇ શક કે? તારા જેવી ચાલ ચલાવનાર કોઇનેબી કાઢી મુકું તેમ તુંનેબી. તો જો કે તે વાસ્તે હું પોતે તો દલગીર! હવે મને પાછું બોલવું નહીં પડશે કેની?"

"હા, હું જાણુંછ કે તમે આયાછ ત્યારના મારી પુઠે લાગાછ!"

"શાને વાસ્તે? નથી હું કોઇનો દુશ્મન કે નથી તારો." હજી શાંત રહી કલીફર્ડ તેને નરમ તકરારથી તોડતો રહ્યો. "વાઇઝ, તારો દુશ્મન હું નથી, પણ બીજાજ બે છે–એક તું પોતે ને બીજી આય!" કલીફર્ડ પેલી બાટલી ઉંચકી તેને બતાવી બોલ્યો.

વાઇઝ તે જોઇ ચોંકયો અને લાલ લાલ થઇ ગયો.

"લાવો એ બાટલી મને આપો–એ મારી છે, તમારી નથી!"

કલીફર્ડ આ બચ્ચાં સહી તકરાર સાંભળી હસી પડયો અને તે બાટલી ફેંકી દેવા તેણે હાથ ઉંચો કીધો. કલીફર્ડની આ જીદ વાઇઝને ખમવા માટે ઘણી વધારે થઇ પડી અને ઝટ ચીરડાઇને તેણે પોતાના હાથમાંની કોદાળી કલીફર્ડને મારવા ઉંચકી પણ તેટલાં કલીફર્ડે પછ-વાડેથી આવતી એક ચીસ સાંભળી ને ઝટ તેની અને ઝનુંનથી તે

ઘેલા બનેલા વાઇઝની વચ્ચે એક અબલા દોડી આવીને ઉભી! તે નેલી હતી: તેણીનો ચ્હેરો ઉજળો વાખ મારી ગયો હતો. પેલા વાઇઝના હાથમાંની કોદાળી જ્યાંની ત્યાં રહી ગઇ અને તે દૈત્ય બબડતો ફફડતો તે બન્ને આગળથી દમમાંને દમમાં ચાલી ગયો!

પ્રકરણ ૧૯ મું.

"મીસ નેલી!" એટલું બોલી કલીફર્ડે તે છોકરી લગભગ બેહોશ થઇ નીચે જમીનપર પડી જતી હતી તેને કમરમાંથી અળગી પકડી તે બોલ્યો, પણ કલીફર્ડની ફીકર જરાવારમાં ખોટી પડી.

તે છોકરી તુરત હુસ્યારીમાં આવી અને કલીફર્ડ તરફ બીધેલી એક હરણીના તૌરથી જોઇ બોલી—

"ઓ, મી૦ રેવન, હમણાં એ તમુને શું કરવા જતો'તો?"

"કોણ, વાઇઝ? કાંઇબી નહીં, મીસ નેલી" કલીફર્ડ હસીને બોલ્યો.

"અરે, એતો તમુને મારવા જતો'તો–એણે પોતાની કોદાળી તમારાં માથાં સુધી ઉંચકી'તી!"

"ને, તેથી તમે બીધાં કે?" કલીફર્ડ જો કે વાઇઝે તેનાં માથાંપર ઉગામેલી કોદાળીનો જોખમ સમજી ગયો હતો છતાં તે છોકરીને ધીરજ આવે તેથી તે વાત હસી કાઢીને બોલ્યો "અરે, એણે તો તે કોદાળી પોતાને ખભે મારવા એમ ઉંચે ઉંચકી હોસે. વાઇઝ જરા વિચીત્ર આદમી છે."

"નહીં, હું નથી માનતી! મી૦ રેવન, એ આદમી ખરાબ ને જાહેલ છે; તમે એનીથી સંભાળમાં રહેજો; યાદ રાખશો કે?"

"તમે નેલી, નકામાં એ બાબદપર દુ:ખી થાવોજી—"

"નહીં, તેમ નથી" તે છોકરી હવે વાઇઝ તરફના પોતાના અ-ણગમાથી પોતાની બીહીક તજી દઇ હીંમત પકડી બોલી "નહીં, તેમ

નથી; વાઇઝને હું ઓરખુંછ–એ આય ખાણમાંના બધા કરતાં ઘણો જોખમ ભરેલો શખસ છે, એમ મેં પપાને બોલતાં ઘણીવાર સાંભળયાછ–ને–ને–તમારે વાસ્તે એનું મત સારૂં હોય એમ લાગતું નથી."

"તમે એમ ધારોછ? કાંય વારૂં?" કલીફર્ડે હજીબી મોંહ હસ્તુંજ રાખીને પુછ્યું.

અને તે સવાલ નેલીને કાને પડતાંજ તે જરા શરમાઇ ગઇ હોય તેમ તેણીના ચ્હેરાપર રતાશ ફેલાઇ રહ્યો.

"તે–તે–હું નહીં જાણતી–પણ તે વિશે મારી ખાતરી છે. તમારી તરફ જોતાં મેં એને ઘણી વખત પકડયોછ ને દરેક વખતે મને એમ લાગુંછ કે એ તમોને ધિકકારેછ–જો કે તે વાતની તમોને ખબર નથી.

"એમ? પણ, હું ધારૂંછ કે એ માત્ર તમારાં મનનો ધખારો હોસે. પણ તેમ હોય કે નહીં, તમારે તે બાબે ફીકર રાખવાની જરૂર નથી; એ બીચારો મને શું કરવાનો છે?"

"મારી તે વિશે ખાતરી નથી–તોબી તમે તો સંભાળમાં રહેશો કેની? તમે પોતે એટલા જોરાવર છેવો કે તમે, મી૰ રેવન, મારી ખાતરી છે કે બેદરકારજ ફર્યા કરશો, પણ સંભાળજો, ફરીથી કેહુંછ કે એ ખરાબ માણસ છે."

"ઓ, મીસ નેલી, હવે તો મારી ખાતરીજ થાયછ કે તમે પોતે એનીથી ઘણાંજ બીહોછ–હવે તમે એ બાબદનો વિચારજ ના કરો–અરે, પણ, હા એ વાતમાં ને વાતમાં મારી તરફની તમારી માયાને વાસ્તે તમારો ઉપકાર માનતાં તો હું ભુલીજ ગીયો!"

"મારી માયા–મી૰ રેવન?"

"હાજતો–મારી બંગલીમાં જે આજે સુખ સગવડ મને છે, તે માટે હું તમુનેજ આભારી છેઉં–તમે જે રીતે તેને એક 'ઘેર'માં ફેરવી નાંખીછ તે જોઇને તો હું અજબજ થઇ ગીયો, ને તે માટે તમારો

ખરેખર હું ઘણો ઉપકારી છેઉં."

"તમુને તે કોણે કહ્યું? જીમે કે?"

"હા, જીમે તે ગુનાહ કીધો ખરો—પણ તેના કહ્યા વગર હું તો ચેતી જતે કે ત્યાં કોણનો બખ્તાવર હાથ ફરી ગીયોછ."

"પણ, તેથી શું થયું? તમે મને વગર મોતે મરી જતી બચાવી કેની?"

"તે વાત તો હું ભુલીબી ગીયો'તો, ને હું તો જાણું કે તમેબી તે ભુલી ગીયાં હોસો! તે વાતને આજે પંદર દાહાડા થઇ ગીયાછ, ને મેં તેજ વખતે તમુને કેહ્યુ'તું કેની કે જે કોઇબી ઇનશાન કરતે તે માત્ર મેં કીધું!"

"પણ તે હું કાંઇ ભુલી ગેઇ નથી!"

"વારૂં, પણ, તમે હવે અહીં બધે ફરો તો સંભાળ રાખજો, મીસ નેલી—માણસો સુરંગ ફોડતી વખતે પુરતી સંભાળ રાખતાં નથી, ને વળી તમો કાંઇ જોખમમાં આવી પડો ને—

"ને, મને તેમાંથી બચાવવા તમો આગળ નહીં હોવ તો—"

"નહીં, ખુદા કરસે તો એવી વખતે હું હમેશ તમારી આગળજ હોવસ."

"મીસ નેલી, તમુને વાંચવાનોબી શોખ ખરો કે?"

"શાનો? વાંચવાનો? હાજ તો, ઘણો."

"હું તમુને પુછુંછ, કાંયકે, હમણાંજ મેં થોડીક ચોપડીઓ લંડનથી મંગાવીછ—થોડીક તમે લેશો?"

"હા, થેંક યુ."

"હું હમણાં બંગલીમાંથી લઇ આઉંછ—મને ઉમેદ છે કે તમુને તે ગમશે—હું પાછો આઉં ત્હાં સુધી તમો જરા અહીં થોબશો?"

તે ત્હાંજ કેડે એડી અને કલીફર્ડના જતા આકાર તરફ તે જોતીજ રહી.

આ મામલો પેલા 'ફ્રેન્ચી' વાઇઝની નજરે પડયો અને અદેખાઇના આવેશમાં તે બળી–જળીને ખાખ–રાખ થઇ ગયો.

અડધીક દજન ચોપડીઓ પોતાની સાથે લઇ કલીફર્ડ મોટી મોટી ફલાંગે પાછો આવ્યો.

"લેવો, મીસ નેલી–હું ધારૂંછ કે એ બધીજ તમુને ગમશે."

"હા, ખરેખર, પણ તમારી ખાતરી છે કે તમે મારે માટે એટલી ફાજલ પાડી શકશો?"

"ખચ્ચીતજ, તે માટે તમે નચીંત રહેજો–કામથીજ એટલો થાકી જાઉંછ કે રાતે મારીથી આગળની માફક વંચાતું નહીં ને ભુખ મને એવી લાગેછ કે ખાધાનું છોડીને વાંચવાનું મન થતું નથી."

"તમે ત્યારે એટલી મેહેનત કાંય કરોછ? પપાએ તમુને રાખ્યા તે કાંઇ આય બધાઓની કાંની મેહેનત કરવા નહીં–એવણને ખબર છે કે તમે એક ગૃહસ્થ ખાનદાનના—"

"ગૃહસ્થ ખાનદાનનો નબીરો છેઉં તેથી તો હરામનો પગાર ખાવાની મારી મરજી નથી." તે હસીને બોલ્યો "ને મીસ નેલી હું એટલું સખતબી કામ નથી કરતો કે જે મારીથી કરાય નહી. મને કામ ગમેછ" અને લ્યાં પોતાનાં શર્ટનાં બટન છોડી પોતાની પ્હોળી પેશાની તેણીને તેણે ધ્યાનમાં ને ધ્યાનમાં બતાવી તે બોલ્યો "સુધારાએ આપણા ઇનશાન જાતને જો કાંઇબી શીખવ્યું હોય તો હલાલ મેહેનત કરવાનું છે, તેમાં તમારા પપાને વાસ્તે તો મેહેનત કરવા મને ખાખસુસ ગમેછ."

"એ મારૂં નામ કોણે દીધું?" તેટલાંમાં ઉડ ત્યાં આવી લાગી વચ્ચે પુરાયા. "સાહેબજી, મી૦ રેવન–અલો નેલી, હું તો જાણું કે તું ખોવાઇજ ગેઇ! બધું બરાબર ચાલેછ, મી૦ રેવન?

"હા, સાહેબ, આય મોટો આરડર આપણે વખતસર પુરો કરસું–માણસોને સવઇપર રાખેલાં છે–બધાં માણુસો સમજુ છે ને જાણેછ કે આય કામ પુરૂં કરવાની આપણુને કેટલી જરૂર છે."

"હા. બરાબર છે, ઘણાં ખરાં બધાં આપણાં માણસો સમજુ ને સ્યાણાં છે. ને તમે 'કમફ્રરટેબલ' છેવોની?"

"તદ્દન, મીસ નેલીની મેહેરબાનીથી."

"એબી ઠીક ને તમે અહીં તદ્દન સંતોષી છેવો?

"તદ્દન" કલીફર્ડ હસીને બોલ્યો.

એબી ત્યારે ઠીક–ને હુંબી સંતોષી છેઉં" તે બુદ્દો ડાબી આંખ મારી હસીને બોલ્યો "અરે, હા, લીડકોટથી થોડાક તેડાંના કારડો માણુસોમાં વ્હેંચવા મારીપર આયાછ."

"લીડકોટથી?"

"હા, ત્હાંથીજ તો–એ એક જુનો પડત બંગલો હતો, તેનું બધું રંગરૂપ ફેરવીને તદ્દન નવા જેવો તેને કરવામાં આયોછ–તેને માટે જોઇતા પથ્થરોબી, તમારા આયા અગાઉ આપણેજ સપ્લાઇ કીધા'તા. તે લોક કામદારોને મેજબાની આપવા માંગેછ ને જે લોક જવા માંગતા હોય તે લોકને વરે મારીપર કારડો આયાછ. ૧૪ મી તારીખે છે તે અગાઉ તો માણુસો પરવારસે કેની?"

"ચઉદમી. હા, તેટલાં તો આય આરડરનો માલ પુરો થઇ રહેશે."

"તમોને જવા ગમેછ? ગમતું હોય તો આય રહ્યો એક કાર્ડ."

"થેંક યુ સાહેબ, મને કાંઇ એવી હોંસ ઉમેદ નથી."

"જેમ તમારી મરજી" મી૦ ઉડ બોલ્યો "બાકી જવું હોય તો એ ઘડી તમુને મજાહ પડશે. જમવાનું છે–બૅાલ છે–ને આતશબાજી છે. કોઇ લૅાર્ડ–કોણુ જાણે?–હું નામ ભુલી ગીયો–તેણે લીડકોટ બધો છાપડાંનાં નળ્યાંથી તે ભોંયના કાંકરા સુધી ફેરવી નાંખ્યોછ–પણ આય જમણ ને ખુશાલી તો તે હમણાંજ અદરાયોછ તેની મુબારકબાદીની છે. ભલાં માણસ, પરણીને પછી જે કરવું હતું તે કરતે–એ લૅાર્ડ–નામજ એવું છે કે મગજમાં આવતુંજ નથી."

"થેંક યુ–પણ મારી જવાની મરજી નથી."

"જાવો–મી૦ રેવન–તમુને આય અહીંની હેજગારી પછી જરા ત્હાં સોહોવાશે" વળી પાછો એક કાર્ડ રેવન આગળ ધરી તેવણ બોલ્યા.

"પણ, કાંય, તમે નહીં કાંય જતા, મી૦ રેવન?" હવે નેલીએ તેને પુછ્યું "જરા 'ચેન્જ' મળશે, જાવોજી–પપા એવણ તો બસ આય ખાણુ છોડીને કેઠે સસરતાજ નહીં જો!"

"ને દીકરીજી, એ તમે કેમ જાણ્યું? પણ નેલી, એવણ મોટાં માણુસ એટલે આપણાં જેવાં જહાં જાય ત્હાં એવણ કાંઇ આવે?"

"ઠીક છે, સાહેબ, તમે બોંહોંસજ કરોછ તો લાવો" કલીફર્ડ હાથ લાંબો કરી બોલ્યો "હું જરૂર જવસ."

અને ત્યાં, પ્રિય વાંચનાર કેટ અને કલીફર્ડનાં કીસ્મતની એક સાંકળમાં બીજી કડી પોવઇ.

પ્રકરણ ૨૦ મું.

તે માહાન દાહડો–તે તરફનાં ગરીબો અને મધ્યમ વર્ગનાંઓને માટેનો ખરેખર તે માહન દાહાડો–અંતે અને આખરે ત્યારે આવી પ્હોંચ્યો. કાંઇક માઇલોને તફાવટે રહેનારાં લોકો એ માહાન દીવસની કાગને ડોળે રાહ જોતાં હતાં. તેઓને કાને તે મોટા લાર્ડ સાહેબે નાનું 'લીડકોટ' નામનું મકાન ખરીદી લઇ તેને એક મેહેલમાં ફેરવી નાંખવાની બધી સહરાગાત ભરી વાતો આવી હતી અને તે ફેરફાર કેવોક મોટો હશે તે પોતાની આંખે જોઇ વળવાને કાંઇક લોકો ટીંગાઇ રહ્યાં હતાં. બપોરથી ત્યાં નાંખેલો મોટો રાક્ષસી મંડપ નોકરો અને તે તરફના બીજા કામદારોથી ભરાતો ગયો, જેઓ અસલની ઇગ્લાંડની ચાલતી આવેલી રૂઢી પ્રમાણે બેઅખત્યાર બીફ, પુડીંગ, અને બીર ઉપર હાથ ચલાવવા મંડી ગયા હતા, અને મનમાનતાં મિષ્ટાનોથી પેટ તૃપ્ત કરી જાણે તે જેરવવા અને રાતને માટે તે પેટને પાછું તૈયાર કરવા તરેહ-

વાર કસરતોના અખાડામાં તેઓ ઉલટથી ભાગ લેવા પડયા.

બપોરનું ખાણું લીધા પછી મેજર અને અર્લ કારલ્યન સાથે, તે મોટા મંડપમાં એક ફેરો મારવાનું કેટનેબી કહેવામાં આવ્યું, પણ તે 'માન' તેણીએ ઉપકાર સાથે ના પાડયું! એટલે ત્યાં અર્લ અને મેજર-નેજ દેખાવ દેવો પડયો. જેવી અર્લ ઉપર તે ભેગી મળેલી ઠઠની નજર પડી કે કાનના બેહેર ફાડી નાંખે તેવા 'હુરરે'ના પુકારો થઇ રહ્યા, જેનો સ્વિકાર અર્લે માત્ર ઉંઘણસી જેવા હસતા ચ્હેરાએ કીધો.

"મારા વ્હાલા કારલ્યન, હું ધારૂંછ કે તમો કાંઇ મજેહનું બોલીને તે લોકની આય ઉત્સાહનો જવાબ આપો તો સારૂં" મેજરે તેને સુચવ્યું.

"એંહ! શું ભાષણ કરવા તેઓ સાંમે હું ઉભો રેહું? એમ કરવું જરૂરનું છે? નથી કેની? એ હલકા ગામડયાઓને વળી ભાષણ તે કેવું જોઇયે? તે લોકને આય મુફ્ત ખાધા પીધાનું મળ્યું તે બસ નથી? હવે વધારે તેઓને શું જોઇયે!"

"થોડાક બોલ બોલની, દોસ્ત—એમ કહેકે તું એ લોકને જોઇને ખુશી છે ઇત્યાદી, ઇત્યાદી!"

"એમ? ચાલ ત્યારે" એમ કહી તે મોટી ટેબલને એક છેડે મેજર સાથે આવીને ઉભો, અને એક ખંખાર માર્યો.

તેને એમ ટેબલ આગળ આવી ઉભેલો જોતાંજ 'લૉર્ડ સાહેબ' કાંઇ બોલવાના હશે કરીને તે આખી મીજલસ ચુપ થઇ ગઇ.

"મારા દોસ્ત મેજર," લૉર્ડ કારલ્યને બોલવાનું શુરૂ કીધું "જેવણ અહીં મારી પાસેજ ઉભાછ, તેવણ મને ઇશારો કરેછ કે આય ખુશબખ્તીના હીંગામપર તમો બધા એકઠા થયલાઓ આગળ મારે કાંઇબી બોલવું જોઇયે."

"હીયર! હીયર!" એકાદ બે જણાઓએ પુકાર કીધા અને જો કે તે પુકાર એકાદ બે જણ તરફનાજ હતા તે છતાં 'લૉર્ડ' સાહેબ તો

ગભરાઇને પાણી પાણી થઇ ગયા!

"મારે કાંઇબી કહેવુંજ જોઇયે એમ હું જાણતો નથી," તે જેમ તેમ હોંમત કરી બોલ્યો "પણ મારે એટલું કહેવું જોઇયે કે તમોને બધાને અહીં એકઠા થયલા જોઇ હું બેહદ ખુશી છેઉં, અને તે મુજબ તમોને જે અહીં મળ્યુંછ તેને માટે તમેબી ખુશી તો હોસોજ–માફ કરજો, મને આવે વખતે બોલવાનો માહવેરો નથી, માટે હું એટલુંજ ચાહીને રૂખસદ લેવસ કે ખુદા કરેને આય રીતે તમુને ઘડી ઘડી બોલાવવાનો મને જોગ થાય ને તમે બધા ઘડી ઘડી આવ્યા કરો!"

લોકોએ પાછા ખુશાલીના પુકારો કીધા પણ તે દમસાસ વગરના હતા. તેઓએ જોયું કે લૉર્ડ સાહેબ જે બોલ્યા તે કાંઇ બધું સાચ્ચાં દીલનું નહીં હતું અને ઝટ તેઓ પાછા ચુપ થઇ ગયા, પણ તેટલાં કોઇયે બુમ મારી.

"મીસ કેટને માટે ત્રણ હુરરે!"

અને તેના જવાબમાં લોકોએ એવાતો ગજબનાક પુકારોથી મીસ કેટનાં નામને વધાવી લીધું કે ત્યાંની બધી જમીન ધ્રુજી રહી! કેમકે, કેટ તેઓની જાણીતી હતી અને તે તરફનાં ઘણાંક ગરીબ ઘરો અને ઝુપડાંઓમાં તેણીની વખતો વખતની હાજરી અને કાળજી-ભરી પુછપરછ એક આશીરવાદ રૂપ થઇ પડી હતી.

હવે મેજરે જોયું કે ત્યાં મળેલી ઠઠની સનમુખ 'ડાહ્યા દોહોરા અને વર્યાવના હોરા' થવાની આ ઠીક તક તેમને હાથ આવી હતી, એટલે એક મોટો પરમાર્થી પુરૂષ પોતાનાં પરમાર્થ પર જીવનારાંઓ તરફ જેમ જોઇને હસ્વાની મેહેરબાની કરે તેમ હસી તેવણ આગળ આવ્યા અને ગળું ખંખારી, પોતાની દીકરી કેટનાં નામને જે કીસમના ઉત્સા-હથી તેઓએ વધાવી લીધું હતું તેને માટે તેઓ બધાનો ઉપકાર માન-વાની તેવણે તેઓની રજા ચાહી.

"મારી દીકરી તરફની તમારી આય માયા ભરી લાગણીએ મારી

ઉપર એટલી બધી અસર કરી છે, મેહેરબાનો, કે તેજ લાગણીને બરાબર જવાબ કરતી રવેસે તમો સરવેનો ઉપકાર માનવાની મારી ગમે તેવી મરજી છતાં મારી જીભ ઉપડતી નથી. મેહેરબાનો એક ફીલસુફ કે જેનું નામ મને હાલ યાદ આવતું નથી તે કેહી ગયો છે કે ઉપકારની લાગણીથી હૈયું જ્યારે છલાછલ ભરેલું હોય ત્યારે જબાં બોલવાને સાફ ના પાડે છે–તેવો હાલ હમણાં મારો સમજવો. મારાં ખરાં અતઃકરણનાં છેક નહીં માપી શકાય તેવા ઉંડાણમાંથી તમો સાહેબોનો હું ઉપકાર માનું છું. તેમાં તમો સેન્ડફર્ડના રહેવાસીઓ જ્યારે મારી વ્હાલી દીકરી કેટ તરફ આ રીતનો ઉત્સાહ દેખાડી રહ્યા છેવો ત્યારે તે મને વધારે ખુશ બનાવે છે; અને મારી વ્હાલી દીકરીને જે વખત જાયછ તેમાં ખોહોવાની–કેમકે એ મારી દીકરી ટુક મુદ્દતમાં કાઉન્ટેસ ઑફ કારલ્યન થનાર છે અને પોતાને સાસરે સીધારશે એટલે મેં તો તેને એક રીતે ખોહેલીજ કહેવાશે, તે ખોટથી મને ઉપજી રહેલી દીલગીરીમાં સંતોષનું એક ઝાંખું કીરણુ જે મને સધ્યારો આપી રેલું છે તે એજ છે કે એ વ્હાલી દીકરી પરણીનેબી અહીં પોતાના બુઢ્ઢા બાપ આગળ સેન્ડફર્ડમાંજ રહેશે, અને મારી એટલીજ દુવા છે કે અહીં રેહીને એ મારી દીકરી તમો તેણીનું ભલુ ચાહનાર હિતાર્થીઓનો એ ચાહ નીભાવી રાખવાને તે શક્તિવાન થાય! મેહેરબાનો ભવિષ્યનાં કાઉન્ટેસ ઓફ કારલ્યનના બાપ તરીકે એકવાર ફરીથી તમો સરવેનો હું ઉપકાર માનુંછું."

અને બેસબર બની એ ટાંહેલાંથી કંટાળી રહેલો લૉર્ડ કારલ્યન તેને બાજુમાંથી પકડી ચાલતો નહીં થયો હતે તો મેજર કોણ જાણે હજીબી કેટલુંક લાંબું કરતે.

"હવે તું ચાલવા માંડની!" લૉર્ડ કારલ્યન બોલ્યો "એ બીચારા બોચ્ચાંઓ ઉપકાર ને અપકાર ને મેહેરબાની એ બધું શું સમજે? એ લોકને તો દમ બાંધીને પીવાને બીર અને ખાવાને બીફ મળ્યું કે બીજું કશુંજ નહીં જોઇયે. ચાલ ઘેરે જઇયે–મેજર, કેમકે મને ઘણીજ તરસ

લાગીછ."

બૉલમાં રાત્રે દશ વાગે હાજર રહેવાનાં તેડાં હતાં, પણ, તેની ઘણી આગમજ ગાડીઓની હારની હાર ત્યાં આવી લાગી, કેમકે, લોકને ખબર હતી કે બધો કારભાર છુટે હાથનો હતો એટલે ત્યાં ભીડ થવાની, અને એક વખત લોક ભરચક થયું તો ત્યાં કરી મુકેલા સંગારનો મહીમા જોવાની તેઓને તક નહીં મળવાની.

તેટલાં પોણા દશને સુમારે કેટ તેણીની દાસી એન જે તેણીને સીંગારવામાં રોકાઇ હતી તેણીને દરેક વાતમાં ગરીબ બોકડ્યાંની માફક તાબે થઇ મોટી આરસીના તકતાની સામે ઉભી હતી.

કેટે બૉલમાં કયો ડ્રેસ પેહેરવો તે વિશે બહુ રસાકસી ભરી તકરાર ચાલી હતી. લેડી વોરનરનું મત એ હતું કે તેણીએ આપવા માંગેલો બ્રસલ્સની કીંમતી લેસ સાથનો સુફેદ સાટીનનો ડ્રેસ કેટે સજવો અને કેટની પસંદગી ઘણાજ સાદા અને કાળા રંગના એક ડ્રેસપર ઉતરી હતી અને તે નહીંજ પેહેરવા માટે લેડી વોરનરે તેણીને ગમે તેટલી ના કહેવા છતાં આખરે તેજ ડ્રેસ તેણીએ આજે પ્હેર્યો હતો.

"કાળો? આજે?" લેડી વોરનરે તકરાર લીધી હતી "તારી ઉંમર હજુ તો વીસની અંદર–તારે લીધે તો આજની ધામધુમ ને તું કાળો ગાઉન પ્હેરે? ને વારૂં, એ રંગપર પેલો હીરાનો હાર કેમ શોભસે?"

"હું તે પ્હેરવાનીજ નથીજી!" કેટ બોલી.

"પહેરવાની નથી? દીકરી, એ તું શું બોલેછ? ને કાંય નથી પહેરવાની?"

કેટ કાંઇજ બોલી નહીં, પણ માત્ર મોંહ મળકાવી જરા સરખું હસીનેજ રહી.

માત્ર વાળમાં તેણીએ એક સફેદ દુધ જેવું ફુલ ખોસયું, જે જો કે બરફ જેવું સફેદ અને સાફ હતું છતાં તેણીના ફિક્કા ચ્હેરા કરતાં વધું ફિક્કા રંગનું નહીં હતું. ધિમે કદમે પણ રોજ તેણીનો ચ્હેરો વધુ

અને વધુ ફિક્કો મારતો જતો હતો એ તેણીના ચ્હેરાને કાળજીથી તપાસનાર માટે જોઇ લેવાનું કાંઇ મુશ્કેલ ન હતું. તેણી એક જીવતી જાગતી છોકરી કરતાં સંગેમરમરનાં એક પુતલાં જેવી વધારે લાગતી હતી.

અને તે છતાં, તમો માનશો? તે કાળા સાદા પોષાકમાં કેટની ખુબસુરતી એટલી તો દીપક મારી રહી હતી કે ભોળી ગામડીઅન પેલી એન તો તેને જોઇને દંગ થઇ ઉભીજ રહી!

"ઓ ખુદા!" તે તેણીને એકી ટગર જોઇને બોલી "મીસ કેટ, તમે કાંઇજ પહેર્યું નથી તોબી આય કાળા દ્રેસમાં તમે કેવાં મજ્હેનાં લાગોછ?"

અને કેટ, જે કોઇ બીજી વખતે એ ભોળી ગામડીઅન દાસીના આ હરખાવાથી ખુશી થતે તેણીએ માત્ર જરા હસીનેજ આજે પટાવ્યું.

કેટ અને મેજર, લીડકોટ તરફ ગાડીમાં બેસીને ગયાં. તેઓ દરવાજા આગળ પુગતાંજ બે ઘોડાવાળાઓ બાહાર દોડી આવ્યા અને તેમની ગાડીના ઘોડાનાં માથાં આગળ જઇ ઉભા, અને તેઓ અંદર દાખલ થતાંજ બટલરની દમામભરી સરદારી હેઠળ હારેકટાર ગોઠવાઇને ઉભેલા લીડકોટના બધા નોકર નફરોએ નમીને તે બન્નેને માન આપ્યું.

કેટે તે આખો મેહેલ પોતાની આંખો બધે ફેરવીને જોયો, જેમ તેણીને જોતાં મેજર તેણીને કાને લાગી બોલ્યોઃ—

"દિકરી કેટ, એ બધું તારૂંજ સમજજે, તે બધું તારૂંજ છે!"

ભવિષ્યની વહુને તેણીનાં સાસર્યાં ઘરમાં 'રીસીવ' કરવાને વધુ નહીં તો એકાદબી બાનુંની જરૂર હોય છે, તેથી લેડી વોરનર ત્યાં તેમ કરવાને તૈયારજ હતી.

"લેટ થયું, દીકરી!" તેણીએ તે નવીસવી વહુને આવકાર આપ્યો "ને પેલો હાર તો અંતે નહીંજ તેં પ્હેર્યોની!"

કેટ જવાબમાં હસી અને બૉલ રૂમમાં દાખલ થઇ, કે ત્યાં ભેગી

મળેલી ઠઠ વચ્ચે ઝટ ચકચાર ચાલુ થઇ રહી, કેમકે, કેટનો ચ્હેરો જો કે ફીકકો હતો અને તેણીએ સજેલો સાજ જો કે સાદો હતો, છતાં, કેટ, આજે રાત્રે જેવી દીપી રહી હતી તેવી કોઇ વખતબી જણાઇ નહીં હતી. લૉર્ડ કારલ્યન, જેની નજર ક્યારની બૉલ રૂમમાં દાખલ થવાનાં બારણાં તરફ ટીંગાઇ રહી હતી, અને જે કેટની અત્યાર સુધીની ગેરહાજરીને લીધે આભર ખોડામાં પડયો હતો, તે હવે તેણીને અંદર આવતી જોઇ ઝટ તેણીની આગળ ધસી આવ્યો. ખાસ કરીને આજે તે દારૂની અડાસે ગયો ન હતો, એટલે હાલ તે પોતે શાંત અને તેનું મગજ સમાધાન હતું.

"હું તો ફીકરમાં પડયો'તો, કેટ, કે તું આવશેજ નહીં–એટલું લેટ કેમ થયું? હવે આવતો 'ડાન્સ' તું મને આપશે કેની?"

"તમારી મરજી હોસે તો, હા" તે બોલી અને તેનાં બોલવામાંબી દમ સાહસ કશો હતોજ નહીં. "કોઇ બીજી કમ્પેન્યન તમે નહીં લેવો?"

"નહીં!" પોતાની પ્રિયા તરફની તેની ઉત્સાહને આવો આવકાર મળેલો જોઇ તે કાંઇક બેસબર થઇ બોલી ઉઠયો. "બીજાં જહાંન્નમમાં જાય–મને તે લોક સાથે કામજ શું છે? કેમ, તુંને આય મ્હેલ ગમેછ કે? કેટ, તું એ જોઇને ખુશી તો છેની?"

"હા, ઘણોજ મજેહનો ને સુંદર છે" તે બોલી.

"તુંને ગમેછ? ચાલ ત્હારે! પણ આખો ફરીને જોય તેટલાં થોભ, એ બધું મેં ત્હારેજ ખાતર કીધુંછ, તે તું જાણેછ કેની?"

કેટનાં ગળાંમાં અફસોસની એક 'આહ' ચઢી આવી અને ત્યાં બીજાં જેઓ તેણીને 'શેકહેન્ડ' કરવા વાટ જોતાં ઉભાં હતાં તેઓ તરફ તે ફરી અને તેઓની સાથે વાતચીત કરવા મંડી ગઇ.

તેટલાં બેન્ડે 'વૉલ્ટઝ' વગાડવો શુરૂ કીધો અને લૉર્ડ કારલ્યને કેટનો હાથ પોતાના હાથમાં લઇ 'ડાન્સ' શુરૂ કીધો. નૃત્યકળામાં તે જેવો જોઇએ તેવો પ્રવિણ નહીં હતો, તેમાં આજે તેની 'કમ્પેન્યન'

કેટ હતી એટલે તેનું મગજ સમતોલપણું સાચવી શકયું નહીં, એટલે તેના પગ બેન્ડના ત્યુન મુજબ 'સ્તેપ્સ' લેવાને બદલે જેમ ગમે તેમ ગેર્યા રમવા લાગ્યા. હવે જો એવા એક બીનઅનુભવી યા શીખાઉ 'ડાન્સર'ની સાથે તેની 'કમ્પેન્યન'બી લેચલાઉ હોય તો એ ખામી ઝાઝી માલમ નહીં પડે એટલુંજ નહીં પણ બેઉ 'હારમની'માં ડાન્સીંગ બૉર્ડ ઉપર એક સરખાં સર્યા કરે-પણ ત્યાં તો કેટ ડાન્સ કરવામાં નંબર 'વન' હતી એટલે લૉર્ડ કારલ્યનનાં ઘેલા ગાંડા અને અનિયમીત નાચવાથી તે કંટ્ળાઇ ગઇ અને પછી પોતાની તરફની સઘળી કોશેશ છોડી દઇ તે તેણીને જેમ અને જ્યાં ઘસડતો ગયો તેમ અને ત્યાં તે બાપડી ઘસડાતી ચાલી-પણ એમ તે કેટલે સુધી નીભે? બન્ને એક સરખાં હુસ્યાર નાચનારાં હતે તો બેમાંથી કોઇનેબી થાક ચઢતે નહીં, પણ ત્યાં તો વાત જુદીજ હતી, એટલે કેટ ઘસડાતાં થાકી અને લૉર્ડ કારલ્યન તેણીને ઘસડતાં થાકયો અને આખરે તેનો થંબ થઇને ઉભા રહી જવા સિવાય ઇલાજ નહીંજ રહ્યો.

"આજે મારીથી બરાબર 'ડાન્સ' નહીં થતો" તે બોલ્યો.

"ચાલો, જરા આપણે આસાયશ લઇયે" કેટ બોલી "ઓરડો એટલો ભરાઇ ગીયોછ કે બફારો ઘણો મારેછ."

"હા, બરાબર-હું બીહીતો'તોજ કે એ ઘરડી ઘણાંઓને તેડશે."

"કોણ? તમે લેડી વોરનરને માટે કેહોછ કે? તેવણ તો એમ સમજ્યાં કે જેમ બને તેમ ઘણાંને તેડવાની તમારીજ મરજી હતી."

"હા, પણ તે એટલાં બધાં? વારૂં, ચાલ કાંઇ નહીં; ચાલ, કનઝરવેટરીમાં આપણે જઇયે ને ત્હાં મને કહેકે આય મેળાવડાને વાસ્તે તેં શું ધાર્યું?"

કનઝરવેટરીબી તે મેહેલ જેવાં મકાનને દીપાવનારીજ હતી, અને કોઇ બીજી વખતે કેટ એ પરસ્તાનને જોઇ હરખાઇ જતે પણ આજે તેવા કશાબી 'મુડ'માં તે હતીજ નહી. તેણીને મનસે તે પરસ્તાન હતુંજ

નહીં–તેણી, કે જે એક વેચાયલી ગુલામડીની બદતર હાલતે ત્યાં ઉભી હતી, તેણીનાં મનપર તે પરસ્તાન કશીબી સારી અસર નીપજાવી શક્યું નહી.

"ખરેખર, ઘણીજ સુંદર આય ગોઠવણ છે" ઇનસાફને ખાતર તેણીથી બોલ્યા વગર રહેવાયું નહીં.

"તુંને ગમેછ? બરાબર! ત્યારે તો હું ઘણોજ ખુશી થયો, કેમકે, મેં એપર પૈસા ઘણા ખરચ્યાછ ને સાંભળીને ખુશી છેઉં કે તે ગવાયાછ. પૈસાની કાંઇ મને મોહતાજી નથી, પણ તું સંતોષ પામી એટલે એથી દબલબી પૈસા એપર મને થયા હોતે તો તેની હું કનવાર નહીં કરતે."

"નહીં, તમે તેની શોભામાં જે ઘટતો સુધારો વધારો કરવો ઘટે તે બધોજ કીધોછ, હવે કશીબી ખામી નથી–ચાલો હવે અહીંથી આપણે જઇશું?" કેટ બોલી, કેમકે લૉર્ડ કારલ્યન સાથે તેણીને એકલું પડવા ગમતું હતુંજ નહીં.

"અરે, જરા થોબતો ખરી–મને તો આય બધા ખીચડાને જોઇને કાંઇ થઇ આવેછ ને જરાવાર તારી સાથે મને એકલું બેસ્વા ગમેછ. આપણે અદરાયા પછીનાં તો એકલાં પડયાંજ નથી" એટલું બોલી તે તેણીની જરા વધુ પાસે આવ્યો કે કેટીનો જીવ જાણે ઉડી જતો હોય તેમ લાગ્યું.

"નહીં, હવે આપણે ત્હાંજ જઇયે–એક મેજબાન તરીકે તમે તેઓની આગતા સ્વાગતા કરવાની ફરજ ભુલી જાવોછ, લૉર્ડ કારલ્યન."

"લૉડ કારલ્યન! ખુદા ખાતર કેટ મને તું એ નામે ના બોલાવ! મારૂં નામ આરથર છે. હું તુંને મીસ મેડીસન કરીને કેહું યા બોલાવું તો તુંને કેવું લાગશે!"

ત્યાં કેટના ગાલપર રતાશ ચઢી આવ્યો.

"મેહેરબાની કરીને ચાલો" તે બોલી "કેમકે બીજો 'ડાન્સ' હું

બીજાને 'પ્રોમીસ' થઇ ચુકીછ."

તે એટલું બોલી રહી તેટલાં તો એક જવાન કેપ્ટન જેણે તેણીની પાસે બીજા બે ડાન્સનું પ્રોમીસ લઇ લીધું હતું તેજ તેણીને શોધતો ત્યાં આવી લાગ્યો.

"ઓ, મીસ મેડીસન, તમે અહીં છેવો કે? મેં તમુને બધે શોધ્યાં ને તમે નહીંજ મળવાથી ફીકરે હું અરધો મરી ચાલ્યો કે તમે કેઠે જતાં-બતાં રેહ્યાં કે શું? ઓ માફ કરજો!" અને તેટલાં લૉર્ડ કારલ્યનપર તેની નજર પડયાથી તે તેની તરફ નમીને બોલ્યો અને તેણીને લૉર્ડ કારલ્યન સાથે જોઇ, સભ્યતાને ખાતર રખે તે કેપ્ટન ત્યાંથી ચાલી જાય એવી બીહીકથી, કેટ તેની આગળ ધસી ગઇ અને બોલી.

"હું તૈયાર છેઉં, કેપ્ટન સ્ટાર" અને પછી કારલ્યનને ઘણીજ સભ્યતાથી 'બાઉ' કરી તે છોકરી ત્યાંથી ચાલી ગઇ. શું કરે? એ લૉર્ડ સાહેબ શું કરે? માલે તુજાર માતબરો માટે પોતાના પૈસાનાં જોરે આસમાન નીચે લાવી જમીનને ઉપર ચઢાવવાનો કદાચ વખત આવી લાગશે, પણ—પણ—એક અબલાનું દીલ!

આહ! તેને પોતાની આંગળીપર નચાવવાનું તેનીથી કોઇ કાલે નથી બનવાનું! એ લૉર્ડ સાહેબ ત્યાં હોઠ કરડતા અને અદેખાઇથી બળતા જળતા હેરાંજી થઇને તે બે જતા આકાર તરફ એકી ટગરે જોતા ઉભાજ રહ્યા!

તે બૉલનો મેળાવડો ખરેખર એક ફત્તેહજ પુરવાર થયો હતો, અને જેમ જેમ રાત વધુ અને વધુ શાંત અંધારામાં સરતી ગઇ તેમ તેમ તે મેળાવડો રંગ ઉપર ચઢતોજ ગયો અને કેટનેબી તેને લાયકના 'કમ્પેન્યનો' હવે પછીથી મળતા ગયલા હોવાથી તેણીબી પેટ ભરતી નાચ્યાથી તેણીનો ચ્હેરો ગુલાબી ગુલાબી થઇ રહ્યો હતો. ત્યાં ભેગા મળેલા જવાનોમાં તેણીને 'ડાન્સ'માં 'એંગેજ' કરવાની એવી તો રસાકસી ભરી હરીફાઇ ચાલી રહી કે જરાવારમાં તેણીના બધાજ 'ડાન્સો' એંગેજ

થઇ ગયા અને ત્યાર પછી તેણીને યાદ આવી કે એકાદ 'ડાન્સ' તેણીના તે અદરાઞલા ખાવીંદ માટે રાખવાનું તો તે ભુલીજ ગઇ હતી!

"કેટીની ખુબસુરતી આજે કાંઇ ઓરજ દીપીછ, હેં મેજર?" જેનરલ વોરનરે મેજરને હસીને સવાલ કીધો. "સાંજે આવી ત્યારે તો મને ફીકકી જેવી લાગી, પણ હમણાં તેણીના ચ્હેરાએ જરા ઠીક તેજી પકડીછ; આખા ઓરડામાં સૌથી ખુબસુરત એ તમારી દીકરીજ છે!"

"મારી ગરીબ દીકરી!" મેજર તેણીનું હેત ખાઇને બોલ્યો "હા, તે તમો કેહોછ તેમ જરા ફીકકી હતી ખરી, પણ, સર હેનરી આય અનુભવ તેણીનો તદ્દન પ્હેલો તેથી નવો છે, એટલે એમાં તમોને નવાઇ નહીં લાગશે–હમણાં તો એ બરાબર પોતાના પુર બહારમાં લાગેછ કેની?"

"ઘણીજ–ખાસ કરીને આય વખતે તો તે ઘણીજ દીપી નીકળીછ, કારલ્યન નસીબવાળો તો ખરો–પણ એ ગીયો કહાં? મેં તો એને જોયોજ નથી!"

અને ખરેખર મેજરેબી બધે નજર ફેરવી અને તે નહીંજ દેખાયો ત્યારે મેજરનેબી ચટપટ થઇ ખરી.

"કોણ જાણે? થોડીક મીનીટ થઇ તો મેં તેને જોયો'તો; ઉભા રેહો, બધે તપાસ કરૂં."

લૉર્ડ કારલ્યન તેને બૉલવાલા રૂમમાં તો મળ્યોજ નહીં અને મેજર તેની આ ગેરહાજરી માટે ગભરાતો રીફ્રેશમેન્ટની જ્યાં ગોઠવણુ કરવામાં આવી હતી ત્યાં ગયો.

ત્યાં લૉર્ડ કારલ્યન એક ખુરસીપર પોતાનાં પાટલુંનનાં ગજવામાં હાથ ઘાલી વિચારમાં બેઠેલો મેજરને જણાયો. તેણેબી મેજરને જોયો પણ કાંઇ ચવર્યો કે સવર્યો નહીં.

"અલો, દીકરા" મેજરે હસીને–અને પછી ત્યાં તેની આગળજ પડેલી દારૂની એક ખાલી બાટલીપર તેની નજર પડતાં કાંઇક ગંભીર

બનીને કહ્યું "આસાયસ લેયછ કે? ઠીક કીધું! પણ તારી તો ત્હાં અંદર શોધાશોધ થઇ રેહીછ, ને મારી જો મરજી પુછે તો ન્હાં તું આવે તો સારૂં, ખરૂં કેની?"

"મારી તે લોક વાટ જોયછ? તે લોક તે કોણ?"

"બધાં–મને કેટ હમણાં પુછતી'તી–તેં તેની સાથે ડાન્સ કબુલ કીધો હોસે તે—"

"કેટ મારે વાસ્તે પુછતી'તી?" તેણે પુછ્યું, અને તેને ઉલટ તો જરા આવી, પણ તેટલાં મેજરના ચ્હેરાપરથી તેણે પકડી કાઢયું કે તે જુઠું બોલ્યો હતો, એટલે પાછો તેનો ચ્હેરો જોવા લાયક થઇ ગયો. "કાંય જુઠું બોલેછ, મેજર? મારી તેને દરકાર નથી–ને હોય તોબી તે મારે માટે હું નહીં ધારતો કે પુછે. લાવ, પેલી હકબંધ બાટલી લાવ."

"નહીં દોસ્ત, આજનો દાહાડો દારૂ માંડીવાળ–ચાલ, ઘણોવાર તારા પરોણાઓ તુંને નહીં જોશે તે ઠીક નહીં–નકામી ચાવાચીવી વધી જશે."

"પાછો ત્યાં જઇને શું કરૂં? મારીથી બરાબર નચાતું નથી ને નચાતું હોતે તો કેટ મારી સાથે નાચતે નહીં: મારા વગરજ તે પુરતી સુખી—"

"મુરખ ના બન!" મેજર હવે જરા ગુસ્સો કરી બોલ્યો "તારી સાથે તે અદરાઇછ તેથી શું છેડા છેડી બાંધીને તારી પુઠેપુઠ તે ફર્યા કરે? તું પોતેજ તેની સોડ કહાં સાંધેછ? બીજાઓ જ્યારે મધપર માખ ભમે તેમ તેની આગળ અવત્યાં મારેછ ત્યારે તું અહીં બેસીને દારૂ પીએછ–ચાલ, હુસ્યાર થા, ને હવે આજે દારૂ ના પીતો."

એમ કહી મેજરે બાજુમાંથી પકડી તેને ઉઠાડયો અને તે બેઉ મકાઇ બુઠ્ઠાઓ–તે સસરા જમાઇ–બૉલ રૂમમાં આવ્યા.

કેટ તે વખતે કેપ્ટન સ્ટાર સાથે ડાન્સ કરતી હતી અને જેવી તેણીની નજર લૉર્ડ કારલ્યનપર પડી કે તે અટકીને ઉભી અને કેપ્ટન સ્ટારને કાળાવાળા કરતી ઢપે તેણીએ કહ્યું—

"બસ, હવે હું થાકી ગેઇછ–મેહેરબાની કરી મને લેડી વોરનર આગળ મુકી આવશો, કેપ્ટન?"

"અલબત, કાંય નહીં? તમે તો બાહાર જરૂખાપર આવો, ત્હાં જરા ઠંડક છે–નહીં તો—"

"નહીં, મને લેડી વોરનર આગળ જવુંછ–ને હું જાણુંછ કે તમે બીજા ડાન્સને માટે એંગેજ છેવો, ને તમારી કમ્પેન્યનને શોધવા તમુને જવાનું છે."

અને તે કેપ્ટન પોતાના તે નાજુક ચાર્જને લેડી વોરનરની સંભાળ ભરી 'કેર'માં સોંપી આવ્યો, ત્યારેજ કેટે છુટકારાને એક દમ ખેંચ્યો.

"કેમ, દીકરી," તે ભલી બુઢ્ઢી હસીને બોલી "તું ખુશીમાં છે એમ હું એક તડાકે તારા ચ્હેરાપરથી પારખી શકુંછ. આજે રાત્રે તારા ચ્હેરાનો રંગ મને બધા દાહાડા કરતાં ઠીક લાગેછ. હું ધારૂંછ કે અમારો આય મેળાવડો ફત્તેહમંદ ઉતરેલો જોઇ તુંનેબી અમારી માફક ખુશાલીએ ઘેરી હોસે."

"હા તેમજ હોસે, પણ અહીંબી ગરમી કેટલી પડેછ!"

"ગરમી? હા, જરા લોકની ગીરદી છે, એટલે બફારો મારે તેમાં નવાઇ નહીં–તારો કાંઇ જીવ ફરેછ—"

"નહીં, જીવતો નથી ફરતો, પણ–થાક ઘણી લાગીછ–જરા બાહાર હવામાં જાઉં?"

"હા, જાની–ચાલ તારી સાથે આઉં?"

"નહીં, લેડી વોરનર, હું એકલીજ જવસ."

રાત ઘણી સુંદર, ઠંડી અને શાંત હતી, આસમાનપર તારાઓ હીરાની માફક ઝળકી રહ્યા હતા, અને બૅાલ રૂમની ગડબડ અને ઘધુખરમાંથી નીકળી આવેલી કેટને માટે એ બાહારની શાંત ચુપકીદી ખરેખર એક આશીરવાદ રૂપ પુરવાર થઇ. દીલપર નાંખેલી શૅાલ બરાબર

ગોઠવી કેટ જરૂખાપર ચાલી આવી, અને પથ્થરના કટેરા આગળ ઉભી રહી ઉંચે તારાઓ તરફ જોવા લાગી. તેણીની યાદદાસ્તની 'સ્ક્રીન'પરથી બૉલ રૂમનો દેખાવ આસ્તે આસ્તે ઝાંખો થઇ સદંતર દેખાતો બંધ થઇ ગયો અને તેની મીઠી અસર તળે, લૉર્ડ કારલ્યન જેવા એક ઇનશાનની યાદબી હાલ તુરત તેણીનાં મગજમાંથી વીસરાઇ ગઇ અને–અને–તેની જગ્યા કલીફર્ડ રેવનની યાદે લીધી. ફીલમની સ્ક્રીનપર તે ફીલમમાં ભાગ લેનાર એક સ્ટાર એકટરની સબી જેમ સ્કીનપર રજુ થાય તેમ કલીફર્ડ રેવનનો ચ્હેરો તેણીની નજર સામે આસ્તે આસ્તે ખુલ્લો થઇ તેના ખરા આકારમાં રજુ થયો. સાંજે તો તેણીને તેનો કશો ઝાંખો ખ્યાલ વટીક થયો હતો નહીં અને અજબ કે શાંત ખુલ્લાં ચોગાણમાં આવીને ઉભી રહેતાંજ તેની યાદ તેણીનાં મગજમાં તાજી થઇ હતી. છુપી એક 'આહ' સાથે તે કઠેરાની પાળપર પોતાના હાથની નાજુક અણ્યાળી કોણી ટેકવી તે હાથની હથેલીમાં પોતાનું ફુલ જેવું માથું ગોઠવી તે જવાનના વિચારમાં સરબસર ઉતરી ગઇ.

તેટલાં એકાયક, તે તેણીનાં મનનો ધખારો હોય કે કેમ તે તેણીને કાને કાંઇ અવાજ પડયો–તે છેક નજીકમાંથી કોઇ બોલતું હોય તેમ તેણીને લાગ્યું, અને ઘણાજ ધીમા અવાજે, તેણીનું નામ તે અવાજે પુકાર્યું! ઓ ખુદા! તેણીનાં હૈયાંએ એક જબરો ઉછાળો માર્યો અને તેણીનાં આંગમાંથી ખુશાળીનો ઝણઝણાટ પસાર થઇ રહ્યોઃ કેમકે, તેણી તે અવાજ ઓળખતી હોય એવી તેણીને બશારત થઇ. તે અવાજ તેણીને તેનોજ લાગ્યો કે જેનો તે હમણાં વિચારજ કરતી ઉભી હતી અને જેને તે હાલ દર્યો ડોહોવતો ધારતી હતી!

પ્રકરણ ૨૧ મું.

લીડકોટ ખાતેના નાચરંગ અને ખાણીપીણીની ચાર દાહાડા અગાઉ કલીફર્ડ ખાણમાં કામે રોકાયલો હતો; સાંજના ચાર વાગ્યા હતા અને પેલો જે ઓરડર જેની ઘણી તાકીદ હતી તે પુરો કરવાપર આદમીઓ ધ્યાનથી લાગ્યાં હતાં. કલીફર્ડ બી ઘણી મેહેનત કરી રહ્યો હતો અને બપોરનો જમવાનો ટાઇમ તેણે ચોકકસ હીસાબો પુરા કરી તૈયાર કરવામાં લીધો હતો, અને માત્ર કાફીનું કપ પીવા માટેજ તેણે જરાવાર કામ છોડયું હતું. કાફીનું કપ લઇ તે બાહાર આવ્યો અને ત્યાં પડેલા એક બાકસપર ગોઠવાઇ તેણે તે સુરૂપ—સુરૂપ સવાદ લઇ પીવા માંડી.

"જીમ, આય કાફી ફકકડ છે, તું કહાંથી લાયો?"

"એ તો સાહેબ, મીસ નેલી પોતાને બંગલેથી થોડીક લઇ આયાં, તેવણ કહે જે તમે જે પીઓછ તે ધુમાડા જેવી છે ને તે પીતાં તમારી તબ્યત બગડસે—એ લેવા પોતે થર્લ સુધી ગીયાં'તાં, જો!"

"કાફી લાવવા થર્લ સુધી પોતે ગીયાં? કેવાં ભલાં! પણ એમ મારે મીસ નેલીને આટલી તકલીફમાં નહીં ઉતારવાં જોઇયે. જીમ એવણને તું એમ કહેજે કે ફરીથી એવી તજદી નહીં લેય. મને માલમ હોતે કે થર્લમાં આવી સારી કાફી મળેછ તો હું તે જઇને લઇ આવતે, નહીં તો તુંને મોકલતે. મીસ નેલી માત્ર એક છોકરી છે ને—"

"સાહેબ, તોબી તમારે ખાતર લંડન સુધી ચાલી જાય તેવાં તેવણ છે" જીમ હસીને બોલ્યો.

કલીફર્ડ કશુંજ બોલ્યો નહીં, પણ જીમે આપેલો જવાબ તેને ખટકયા કીધો. તેના આ જવાબની ઉંડી મતલબ કલીફર્ડથી છુપી રહી નહીં.

એવો એકબી દાહડો ન હતો કે જ્યારે મીસ નેલી તે ખાણ તરફ નહીં આવી હોય અને જ્યારે ને ત્યારે તેઓ બંન્ને મળતાં અને

થોડી ઉપર ટપકેની વાત કરી છુટાં પડતાં હતાં.

કલીફડમાં અંહકાર, આપ વડાઇ કે મગરૂરી જેવું હતું નહીં, એટલે તે છોકરી મીસ નેલીનાં હૈયાંમાં શું શું બખેડા થઇ રહ્યા હતા તેની તેને સ્વપ્નેબી ખબર નહીં હતી. તેને સ્વપ્ને ખબર નહીં હતી કે જે થોડીક મીનીટ નેલી તેની સાથે પસાર કરતી હતી તે તેણીની જીંદગીમાંની મીઠીમાં મીઠી ઘડીઓ હતી અને તેની આગળથી તે જતી ત્યારે તેની કમ્પનીમાં તેણીએ ગુજારેલી તે ઘડીઓની યાદને પોતાનાં મગજમાં લઇને જતી હતી, અને તે પછીનો બાકીનો તેણીનો વખત ઘણો ખુશીમાં તેણી પસાર કરતી હતી. નેલી, અમે એક્વાર કહ્યું તેમ કલીફડને મનસે એક 'બુચી માય' હતી. તેણીને મળવા તે તડપી રેહતો હતો, તેણીની સાથ વાત કરવાને તેનો જીવ લાગી રહેતો હતો, અને તેણીનું કાંઇબી કામ કરવાને, તેણીની ગમે તેવીબી જરૂરને પુગી વળવાને, તેણીની કોઇબી ગરજ સારવાને તે તૈયાર તત્પર થઇ રહેતો હતો.

ત્યારે, આજે સાંજે જીમના પેલા 'મીસ નેલી બાઇ તેને ખાતર ચાલીને લંડન જવા'ના ટીક્કાએ તેનું માથું કાંઇક ઠણકયું ખરૂં, પણ તેનાં મગજમાં પેવસ થયલા તે વિચારને તેણે ઝટ બાજુએ મુકયો.

"સાહેબ, કામ બરાબર ચાલેછ?" જીમે તેને પુછ્યું અને તેના એ શેઠની કામ બાબેની કાળજી તે 'પોર્યા'ને ખબર હતી એટલે તે જીમ, અવારનવાર પોતાના શેઠને કામની ખબર અંતર પુછતો રહેતો હોય તેમાં કાંઇ નવાઇ નહીં હતી.

"હા બરાબર ચાલેછ, જીમ" કલીફડે તેને જવાબ દીધો, અને જીમ જો કે એક નોકર અને કલીફડ તેનો શેઠ હતો છતાં જીમને એ કીસમની અંદાજ સરની પુછપરછનો પાધરો જવાબ આપવામાં કલીફડ કશુંબી નબોજું કે હલકું સમજતો નહીં હતો.

"ત્યારે સાહેબ, ચઉદમી તારીખ સુધીમાં તો પુરૂં થશે કેની? કેમકે, માણુસો પેલાં 'ડીનર'માં જવા તળપી રહેલાં લાગેછ?"

"કયું ડીનર? ઓહ, પેલું સેન્ડફર્ડનું! મને તો તેની યાદજ નહીં!"

"હું તો જાણું સાહેબ કે તમેબી જવાના હોસો."

"હું? હા, મારો તેવો કાંઇક વિચાર તો હતો, પણ જાઉં કે નહીં તે કાંઇ નક્કી નથી. તે જગ્યાનું નામ શું?"

"લીડકોટ, સાહેબ—સેન્ડફર્ડની પેલીગમ આવેલું છે. બહું ફાકડો મહેલ ત્હાં બની રેહ્યોછ."

તેજ વખતે નેલી ત્યાં આવી લાગી અને કલીફર્ડને જોઇ તે દુર જરા ઉભી રહી. કલીફર્ડની તેણી ઉપર નજર પડતાંજ તે ઉઠીને ઉભો થયો અને ટોપી ઉંચકી તેણીને સલામ કીધી.

"સાહેબજી, મીસ નેલી" અને તેટલાં તે ખાણને લગતો એક ફોરમેન ત્યાં આવ્યો જે મીસ નેલીને કલીફર્ડ આગળ ઉભેલી જોઇ ત્હાં-થી ચાલી જવા કરતો હતો, પણ કલીફર્ડે તેને અટકાવ્યો.

"જરા થોભો—આય જરા હીસાબ મારે તમોને બતાવવોછ. જીમ, એવણને કાફીનું એક કપ આપ—કાંઇ કહેવુંછ મીસ નેલી?"

"નહીં, મી૦ રેવન, મને પપાએ મોકલીછ. એવણ સાંજે થર્લ જવાના છે, ને તમુનેબી કાંઇ જોઇતું કરતું લેવા ત્હાં જવું હોય તો એવણ તમુને સાથે ગાડીમાં લેતા જાય."

"થેંક યુ, મીસ નેલી, મને કાંઇ જોઇતું નથી ને તમે, હું ધારૂંછ કે આય નજીક આવતા મેળાવડા સારૂં કાંઇ મજેહનું મજેહનું પ્હેરવાનું લેવા જવાનાં હોસો?"

"મને તે મેળાવડામાં જવાનું બનશે કે નહીં તે હું જાણતી નથી" તેણીએ જવાબ દીધો.

"એમ કેમ? બધાંજ જાય ને તમે નહીં, મીસ નેલી?" પેલો ફોરમેન બોલ્યો "મને કોઇયે કેહ્યું કે લૉર્ડ સાહેબે બધાં મોટાં ને ગરી-બોને એક સરખાં તેડાં કીધાંછ—મોટો માંડવો નખાયોછ ને આતશબાજી બી થવાની છે—"

"એ લોર્ડ સાહેબ છે કોણ?" કલીફર્ડે બેદરકાર ઢપે પુછ્યું.

"પેલા જેવણે 'લીડકોટ' ખરીદીને નવેસરથી બંધાવ્યો તેવણ" તે ફેરમેને તેને ઓળખ આપી "મી૦ કલીફર્ડ, તેવણ એક અર્લ છે–તેવણનું નામ લૉર્ડ કારસ્યન."

કલીફર્ડ આય બધી વાત કરતો બારણાંને ટેકી દર્યા તરફ જોતો ઉભેલો હતો; પણ એ નામ તેને કાને પડતાંજ તે ચોંકયો અને ખડો ઉભો રહી પેલા ફેરમેનની સામે ટગર ટગર જોવા લાગ્યો.

"લૉર્ડ–કયો? તું શું બોલ્યો?" તેણે તે ફેરમેનને પુછ્યું અને એટલી તો અસાધારણ ઉલટથી પુછ્યું કે તે ફેરમેન અને મીસ નેલી તેને તેમ જોઇને દઘાઇજ ગયાં!

"લૉર્ડ કારલ્યન, સાહેબ" તે ફેરમેન તેની ઉપરથી પોતાની નજર ખીસાડયા વગર બોલ્યો "તમે તેવણને નહીં ઓળખતા? શું છે મી૦ કલીફર્ડ, એમ કાંય કરોછ?" કેમકે, તે નામ પાછું ચોકકસ સાંભળતાં કલીફર્ડનો ચ્હેરો પ્હેલે ફીકકો અને પછી તુરત લાલ ભુંડ બની ગયો હતો તે જોઇ તે ફેરમેને તેને પુછ્યું.

"નહીં, કાંઇ નહીં" તે બોલ્યો "મેં એ નામ પ્હેલે સાંભળ્યુંછ ખરૂં–પણ તારી ખાતરી છે કે તેવણનું નામ લૉર્ડ કારલ્યનજ છે?"

"તેવણનું નામ લૉર્ડ કારલ્યનજ કેની, મીસ નેલી?" પેલા ફેરમેને, રખે કાંઇ એ નામની તે ભુલ કરતો હોય એમ બીહીને પુછ્યું.

"હા." તે છોકરી ધીમે અવાજે બોલી.

"ઘણું અજબ જેવું" કલીફર્ડ બડબડયો "એવણ–એ લૉર્ડ કેવો છે? પણ કેવો હોય? એ નામનો એકજ ઉમરાવ હોઇ શકે. તેં તેને જોયોછ કે?" તેણે તે ફેરમેનને પુછ્યું.

"નહીં, સાહેબ–પણ મેં સાંભળ્યુંછ ઘણું. કહેછ કે ઘણો મોટો ને પૈસાવાલો આદમી છે. પૈસા તે પાપડીની કાંની વેરેછ ને આય નવાં મકાનપર તેણે હજારો ને હજારો રૂપ્યાનો દારવાટલો કીધોછ."

નેલી તો બીચારી તેની તરફ જોતીજ ઉભી હતી, અને કલીફર્ડ પોતાની આય અજાયબીમાંજ એવો ગરક થઇ ગયો હતો કે તેને તેણીની હાજરીનું વટીક ભાણ નહીં રહ્યું હતું. થોડેકવારે નેલી ગઇ અને ફેરમેનથી ત્યાંથી વિદાય થયો.

કલીફર્ડના તો જાણે માનવામાં એ વાત આવીજ નહીં. વાચનારે મેજર અને લૉર્ડ કારલ્યન વચ્ચેની એક વાતચીતમાં વાંચ્યું તો છે—છતાં તેને સમજાવવાની અગત છે કે, આય કલીફર્ડ રેવન—એટલે ખરા મી૦ કારલ્યનને તે ઇંગ્લાંડથી સબર દબર ગયા કેડે એ અર્લનો ખેતાબ ધરાવનાર ઉમરાવી ખાનદાનમાં શું શું ફેરફાર થયા હતા તેની કશીજ માહીતી તેને આજ સુધી હતી નહીં. ઇંગ્લાંડથી વિદાય થયો તે વખતે એ અર્લનો ખેતાબ ધરાવનાર અર્લ તેનો ઘરડો કાકો હતો, કે જેને તેણે વર્ષો સુધી જોયો ન હતો! ત્યારે શું તેણે એ લીડકોટ નવેસરથી બંધાવ્યો હતો? ને તે—તેનો ભત્રિજો—અહીં આય ખાણમાં વેઠ કરતો હતો!

"હું બૉલ જેવા મેળાવડામાં ઘણો લાંબો વખત થયો ગીયોજ નથી ને તેથી હું 'ડાન્સ' કરવાનું ભુલી તો નહીં ગીયો હોઉં? ને એવા મેળાવડામાં જતી વખત પ્હેરવાના ડ્રેસ સુટમાં હું લાગસબી કેવો?"

તે હસ્યો અને તેના એ ખુશ મીજાજે એક ખ્યાલ તેને સુચવ્યો.

"એ મારા કાકાને જોવાને કેટલો લાંબો વખત થયો હોસે? ને જો તેવણ આગળ જઇને હું હાજર થાઉં તો કોણ જાણે તેવણ મને કેવો આવકાર આપશે? હું તેવણનો ભત્રિજોજ છેઉં—એક કારલ્યનનાં ખાનદાનનોજ છેઉં ને મેં એવું કશું કીધું નથી કે મને કોઇ વાતે શરમાવું પડે—ભટકતી જીંદગી એ કાંઇ શરમોંદગી નથી. એમ ધારો કે હું બૉલમાં જાઉં ને તેવણ આગળ જઇને કેહું કે 'કાકાજી કેમ છેવો?' ને મારાં આય કામપરનાંજ કપડાં પ્હેરી જાઉં? બધાં અજબ થઇને જોયાજ કરસે!"

તે પાછો હસ્યો ને વળી તેને એક નવો વિચાર સુઝયો.

જેવો તેને તે વિચાર આવ્યો કે નેલી જે રસ્તે ગઇ હતી તે તરફ તે ધસ્યો ચાલ્યો. નેલીની ચાલ કયાં અને તેની ફલાંગ કયાં? નેલીએ પોતાની પાછળ આવતાં પગલાંનો અવાજ સાંભળ્યો અને તેણીએ પાછું ફરી જોયું અને તેને પોતાની તરપ્ આવતાં જોઇ તે ઉભી રહી ગઇ.

"મીસ નેલી" તે બોલ્યો "મેં મારો વિચાર ફેરવ્યોછ. તમારા પપા સાથે હું થર્લ જવસ, જો તમારા પપાને કાંઇ તે વિશે તકલીફ નહીં હોય તો."

"વારૂં મી૦ રેવન, ત્હારે સાંજે સાત વાગે આપણે ત્હાં આવજો."

સાત વાગે તે ત્યાં ગયો અને બન્ને ડૉગ કાર્ટમાં બેસી થર્લ તરફ ઉપડી ગયા.

"એક કલાકમાં, મી૦ રેવન, તમુને અહીં પાછો લેવા આવસ" મી૦ ઉડ પોતાના મેનેજરને થર્લનાં બજારમાં ઉતારતાં બોલ્યો "પછી તમે લેટ આવશો તો હું અહીં તમારી વાટ જોતો થોબસ."

"એક કલાક ઘણો થયો, સાહેબ" કલીફર્ડ બોલ્યો અને મી૦ ઉડને સલામ કરી ચાલતો થયો.

"એ આજે વળી સકમબકમ જેવો કેમ થઇ ગીયોછ?" કલીફર્ડના જતા આકાર તરફ ટીકતાં મી૦ ઉડ બડબડયો "ને એ કોણ જાણે અહીં શું લેવા આયોછ?"

પણ, જો મી૦ ઉડ પોતાના એ મેનેજરને એક પ્હેલે વાંધેના તેલર અને આઉટ ફીટરની દુકાનમાં જતો જોતે તો ખરેખર તે અજબ થતે.

"મને એક ડ્રેસ સુટ જોઇયેછ" કલીપર્ડ તે દુકાનમાં દાખલ થતાં ત્યાંના ઉપરી આગળ જઇ બોલ્યો "તે મને તમે ત્રણેક દીવસમાં આપો તોજ."

"હા સાહેબ, જો કે તમે વખત ઘણોજ થોડો કેહોછ, પણ તે

તમુને તેટલા વખતમાં જોઇતોજ હોસે—"

"મને તેટલાજ ટાઇમમાં જોઇયેછ ને નહીં તો નહીંજ."

"શું નામ સાહેબ?" પેલા મેનેજરે તેનું બધું માપ લીધા પછી પુછ્યું.

"નામની કાંઇજ જરૂર નથી—આય લેવો એની કીંમત ને હું એ સુટ લેવા તેરમી તારીખે સાંજે આવસ."

જ્યારે મી૦ રેવન તે સુટ લેવા તેરમીની સાંજે તે દરજીની દુકાને ગયો ત્યારે તે સુટ તૈયાર હતો. તે ૧૪ મીએ તે પેહેરીને પેલા લીડ-કોટ ખાતેના મેળાવડામાં જવા નીકળ્યો.

ખાણમાં બધું શાંત હતું. આજે સહવારથીજ તેમ હતું કેમકે બધાંઓ ત્યાંજ મજાહ કરવા ઉતરી પડયાં હતાં.

એ ડ્રેસ સુટ અને ટૉપહૅટથી તેનો આખો દેખાવજ એવો ફેર-વાઇ ગયો હતો કે ઘડીભર આરસી સામે તે પોતાને ટીકતો ઉભો રહ્યો.

"મી૦ ઉડ યા ખાણને લગતો કોઇ મને આવા ડ્રેસ સાથે જોય તો!" તે બડબડયો "હું તો ધારૂંછ કે તેઓ મને જરા મગજથી ખી-સેલોજ સમજે ને મને પોતાનેબી તેમજ લાગેછ."

તે બાહાર નીકળ્યો પણ એ ત્રણ વખત તેનો વિચાર ફરી ગયો અને તે છતાં એકજ વિચાર તેના એ ઠેડાવ ઉપર ફાવ્યો અને તે વિચાર, જો કેટ મેડીસન ત્યાં આવે તો તે તેણીને મળશે તે હતો. તે જો ત્યાં આવી હશે અને તેણીને તેની સાથે અને તેને તેણીની સાથે વાત કરવાની તક નહીંબી મળશે તો પણ તેણીની મીઠ્ઠી સુરત તો તે જોઇ શકશે!

ત્યાં જઇ લાગતાં ઝટ એક નોકરે દોડી આવી તેનો કોટ અને ટોપીનો ચાર્જ લીધો અને

"શું નામ સાહેબ?" એમ ઘણીજ નમનતાઇથી તેને પુછ્યું.

કલીફર્ડ વિચાર કરતો ઉભો, કેમકે, તેનું નામ રાખેતા મુજબ

ત્યાં આવનાર તરીકે મોટેથી પોકરાય તે તેને પસંદ નહીં હતું. તેને તે પસંદ નહીં હતું, કેમકે, તે પોતાનો કાકો જેને મળવા ત્યાં તે ખાસ આવ્યો હતો તેને અજબ કરી ચોંકાવવા તે રાજી નહીં હતો.

પેલા નોકરેબી તેની આ આનાકાની જોઇ ઓંહોંસ નહીં કીધી અને તે તેની આગળથી બાજુ ખસી જતાં, કલીફર્ડ તે પોખાળ ઓરડામાં દાખલ થયો.

લેડી વોરનર જે પરોણાઓને 'રીસીવ' કરતી બારણાં આગળ ઉભેલી હતી તેણીએ જેમ બધાં ત્યાં આવનારને તેમ તેનેબી હસીને 'શેકહેન્ડ' કીધી, પણ તેને જોઇને તે ભલી ડોસીબી કાંઇક ગુંચવણમાં પડી.

ત્યાં આવતાં બીજાં તીજાં માણસોની વાત જુદી હતી—કાંઇ બધાંનેજ તે લેડી વોરનરે ઓળખવાં જોઇયે તેમ નહીં હતું, મગર, તે તરફના બધાજ ગૃહસ્થોને તેણી ઓળખતી યા તો નજરે પીછાણતીજ હતી, અને તેથી તેણી તે તદ્દન નવાજ ચ્હેરાના જવાનને જોઇ ખરેખરજ અજબ થઇ હતી. અલબત, તે નવા આવનારનો ચ્હેરો, તોર, દબદબો અને દમામ એવો હતો કે તે કોઇ વગર તેડે આવ્યો હોય તેવોબી તેણીને કશો વ્હેમ ગયો નહીં એમ તે બીચારીને ઇનસાફ આપવા ખાતર અમારે જણાવી દેવું જોઇયે. હા, તેણીએ એમ ધાર્યું હોવું જોઇયે કે તે અહીંનાં યા આય તરફનાં કોઇનો સગો યા ઓળખીતો હોવો જોઇયે, જેઓના કાર્ડથી ત્યાં તે આવ્યો હોય.

લેડી વોરનરને શેકહેન્ડ કરી આપણો તે જવાન બે ચાર પગલાં આગળ વધી ત્યાં ભેગી મળેલી ઠઠમાં પોતાના કાકાના ચ્હેરાને શોધતો ત્યાં થોભ્યો. પણ નહીં; ના તેને ત્યાં તેણે પોતાના કાકાને જોયો કે ના તેને ત્યાં કેટ મેડીસન નજર આવી. હવે તેજ વખતે તેણી અર્લ કારલ્યન સાથે પેલી કનઝરવેટરીમાં ગઇ હતી. થોડો ઘણો નાસીપાસ પોતાના કાકાને ત્યાં નહીં જોવાથી નહીં, પણ, તેનાં જીગરની મુર્તી ત્યાં નહીં દેખાવાથી તે બબડતો આગળ ચાલ્યો—

"નહીં મળે, તે અહીં દેખાતી નથી! મેં અહીં સુધી નકામો ધક્કેલો ખાધો!" અને પછી તેની નજરે પડેલાં બાજુનાં બારણાંમાંથી તે બાહાર નીકળ્યો, અને ઝરૂખાપર આવ્યો.

"બાનુંઓ અને ગૃહસ્થોના આવા ભેગા મેળાવડામાં કેટલે વરસે હું આયો હોવસ, કે જાણે હું અહીં ધુસી આવેલો એકુ ચોર કે દગારો હોઉં તેમ મને લાગેછ—મારે અહીં આવવાની મુરખાઇ કરવીજ નહી હતી. એમ કીધાથી આગળી યાદ અને હમણાની નાસીપાસી બેઉ સાથે મળી મને બેવડો દુઃખી બનાવેછ; હું પાછો ચાલી જાઉં?"

એમ બડબડી તે ઝરૂખાની સીડી ઉતરી નીચે આવ્યો.

"ખરેખર, મકાન ઘણું સુંદર છે પણ કાકાજી પોતાના કેરસફર્ડ-ના મહેલ અને તેવાંજ બીજાં મકાનોપરજ સંતોષ મારીને બેઠા કેમ નહીં?"

આ સવાલ તેનાં મોંહમાંથી નીકળતાં સાથેજ તે મોટા હોલમાંથી એક આકારને બાહાર નીકળી ઝરૂખાપર આવતાં તેણે જોયો અને તે તદ્દન થંભ થઇને ઉભો.

તેણે તે આકારને ઝરૂખાની પાળ આગળ આવી ઉભો રહેતો જોયો.

"બીચારી એ જે હોય તે પણ ઘણી દલગીર ને દુઃખી લાગેછ" તે તે આકારને જોઇ બડબડયો. "એ કોણ હોસે ને એને શું દુઃખ હોશે? યા ખુદા! આવા ખુશીના મેળાવડાઓમાં વટીક આપણને કોઇ કોઇ જખમી જીગર અને દુઃખી દીલનાંઓ નજર આવેછ! હું ધારૂંછ કે એ બીચારીના આશક સાથે કોઇ બીજીજ છોકરી 'ડાન્સ' કરતી હોસે યા તો એ બીચારીનો આશક આજે અહીં હાજરજ નહીં થઇ શકયો હોસે!"

તે જરા તેણીનો ચ્હેરો બરાબર જોઇ લેવા નજીક આવ્યો, અને ઝટ તે એક પથ્થરનું પુતળું બની ગયો હોય તેમ અટકીને ઉભો. તેના ચ્હેરાપર લોહીનો જોશ ચઢી આવ્યો અને તેનું જીગર પોતાની જગ્યેથી

ઉછળી તેનાં ગળાંમાં આવ્યું, કેમકે, જેને તે હાલ જોઇ રહ્યો હતો તે કેટજ હતી. કેટ, એકલી, અટુલી, દુઃખી અને દલગીર, અને તેનીથી માત્ર થોડાંજ કદમ દુર! ઓ ખુદા! તે હાલ શાનો અને કોણનો વિચાર કરી રેહી હોસે? તે કાંય એટલા ફીક્કા અને કમોળાયલા ચ્હેરાની હોસે? તેનું હૈયું હવે ઘણું જોરથી ધડકવા લાગ્યું અને તે છોકરીને બોલાવવા-ની આતુરતા તેનીથી થોબાવી શકાઇ નહીં, તેથી આખરે તેનાં મોંહમાંથી એક—ફક્ત એકજ બોલ નીકળી પડયો—

"કેટ!"

પ્રકરણ ૨૨ મું.

કેટ ચોંકી. પોતાનાં નામનો ઘણોજ ધીમો અવાજ તેણીનાં કાને પડતાંજ તે ચોંકી! મગર, તેણીનાં નામનો એ ખરેખરો અવાજ હોય એમ તેણીનાં માનવામાં આવ્યુંજ નહીં. તેણી કોઇ સ્વપ્નું તો નહીં જોતી હોય એમ તેણીને લાગ્યું—અને તે નામનો અવાજબી કોણનો? કલીફર્ડ રેવનનો? એક બીધેલાં હરણની અદાથી ફાટેલે ડોળે તે બધે જોવા લાગી પણ નીચે હેઠાણમાં જોવાની તેણીની જાણે હીંમતજ ચાલી નહીં. પણ, પછી જરાવારમાં તેણીના ચ્હેરાએ ગુલાબી રંગ પકડયો અને તેણીનાં આખાં આંગમાં વીજલીના જેવો કાંઇ પ્રવાહ પ્રસરી રહ્યો, કેમકે, તેજ વખતે તેણીએ તે ઝરૂખાના કટેરાની પાળપર ઝુલતા મુકેલા હાથને કોઇના હાથનો તેણીને સ્પર્શ થતો જણાયો.

"એ કોણ?" તેણી હેઠાણમાં નજર કરી બોલી.

અને કલીફર્ડ તે જ્યાં ઉભો હતો ત્યાં નીચે પડેલા પથ્થરની એક લાદીપર ઉભો રહી ઉંચો થઇ બોલ્યો.

"એ હું છેઉં, મીસ મેડીસન." તે ધીમે અને ધ્રુજતે અવા-જે બોલ્યો.

"તમે?"

"હા—કલીફર્ડ રેવન."

તેટલાં પેલા બૉલ રૂમનાં બારણાંપરનો પડદો કોઇએ ખીસાડ્યો અને તે ઓરડામાંની બતીઓનો ઉજાસ તે નીચે ઉભેલા જવાનના ચ્હેરાપર પડ્યો.

"મેં તમુને ચોંકવ્યાં—બીધરાવ્યાં!" તે પોતાનાં એ કામ માટે પસ્તાતો હોય તેમ બોલ્યો "મેં જો કે મુરખાઇ તો કીધી, પણ તમુને જોઇને હું ચોંકયો તેથી એમ—"

"નહીં, નહીં! કાંઇ નહીં! પ્હેલે મેં જાણ્યું નહીં કે એ તમેજ છેવો! હું જાણું કે તમે હમણાં દુર દેશાવરમાં—"

"ને તેમજ હું હોતે, પણ એક અકસ્માતે મને અહીં ઇંગ્લાંડમાંજ રોકી રાખ્યો. દુન્યામાં એવા એકેક ઓચીંતા બનાવો બનેછ કે કોઇથી કશું ચોકકસપણે કહેવાઇ શકાતું નથી!"

"મેં તમુને શાના ચોંકાવ્યા?" તેણીએ પુછ્યું.

"પ્હેલે તો મેં તમુને અહીં જોવાની આશાજ રાખી ન હતી." તે બોલ્યો અને હજીબી તે બધું ધીમે સાદેજ બોલતો હતો "મેં બૉલ રૂમમાં બધે જોયું ને તમે દેખાયાંજ નહીં, એટલે મેં ધાર્યું કે તમે અહીં આયાંજ નહીં હોસો, ને તેથી હું પાછો ચ્યાલી જવા કર—"

"પાછા જતા'તા?"

"હા, પાછોજ જતો'તો—આય રસ્તે, તેટલાં મારી નજર તમારી ઉપર પડી અને હું અટકાવું તેટલાં તમારૂં નામ મારાં મોંહડાંમાંથી નીકળી પડયું—માફ કરજો!"

"મને ખબર નહીં કે તમે આવવાના છેવો" તે બોલી "તેડેલા પરોણાઓનાં લીસ્ટમાં મને તમારૂં નામ જણાયું નહીં."

"હું વગર તેડેલો પરણો છેઉં—પણ તે છતાં હું આશા રાખુંછ કે કોઇ રીતે હું અણગમતો—"

"નહીંજતો" તે ઉતાવળે બોલી પડી "તમે લૉર્ડ કારલ્યનને ઓરખોછ કે?"

"હા, પણ મને નહીં ખબર કે એવણ આય તરફ આવેલા છે. મેં તો હમણા બે ત્રણ દાહડા થયાજ જાણ્યું; ને મને ઘણું અજબ લાગું કે એવણ પોતાનો કુટુંબી મેહેલ છોડી અહીં આવી રેહ્યાછ–પણ તમે 'ડાન્સ'માં નથી રોકાયાં?"

"અંદર ઘણી ગરમી છે ને હું થાકી ઘણી ગેઇછ; ને તમે કેમ નથી ડાન્સ કરતા?"

"ડાન્સ કરવાનો મારો જમાનો વહી ગીયોછ" તે કાંઇક હસીને બોલ્યો "ને તેથી હવે હું નહીં ધારતો કે મારીથી બરાબર ડાન્સ થઇ શકશે–મને તમો એકુ ત્રાયલ આપી શકસો?"

આ સવાલ સાંભળી તેણીના ચ્હેરાએ રંગ પકડ્યો અને તે બોલી–

"દલગીર છેઉં પણ મારો બધો પ્રોગ્રામ ભરાઇ ગયલો છે."

"ત્યારે તો મેં તમુને રોકી રાખ્યાંછ, એમ થયું" તે કાંઇક નાસીપાસીથી બોલ્યો.

"નહીં, અહીં મજેહની ઠંડક છે–ત્હારે તમો તો બાહારગામ ગીયાજ નથી કે?"

"નહીં," તે બોલ્યો અને તે ત્યાંથી થોડે દુરની ખાણમાં કામ કરી પોતાના પેટ જોગું પુરૂં કરેછ એમ તેણીને કહેવું કે નહીં તેના વિચારમાં તે પડ્યો.

એકાદ મીનીટ તે બન્ને ચુપ ઉભાં.

"તમે ઓવરકોટ વગર અહીં ઉભાછ તે તમુને ઠંડી લાગશેની?"

"ઠંડી!" તે વળી જરા હસીને બોલ્યો "મને ઠંડી લાગે તેમ નથી–મને એમ ફરહર કરવાની ટેવ છે–પણ તમે? તમેબી તેમજ છેવો?"

"નહીં, આય શું મારી શૉલ." એમ કહી તેણીએ તેને પોતાની શૉલ બતાવી જેમ કરતાં તેણીના હાથીદાંત જેવા સુફેદ હાથપર તેની

નજર પડી અને તે ચોંકીને ફીકકો ફ્ચ મારી ગયો. તે જરા તેણીની વધુ નજીક ગયો અને તેણીને પુછ્યું–

"મીસ મેડીસન–હવે મને રજા છે?"

"તમે જાઓછ? કયાં? બૉલ રૂમમાં આવોછ?"

"નહીં, બૉલ રૂમમાં જવાનો મારો વિચાર નથી; હવે હું ઘેરે જવસ. હું તમુને માત્ર જોવા આયો હતો–તમુને મેં જોયાંછ–હવે મારે માટે અહીં કશુંબી કામ બાકી નથી–કદાચ, મારી હમણાંની ચાલ ચલગતથી તમો મને મગજથી બેમગજ થયલો સમજતાં હોશો—"

"કાંય વારૂ? તમુને હું એમ કાંય સમજું?"

"કેમકે, મારા જેવી હાલતનો એક આદમી જેની પાસે હાલ એક ફુટી બદામ નહીં ને જેને ભવિષ્યમાં કશો વધવાનો ચાન્સ નહીં, તે જો ત્યાં થોબે ને તેને જે કહેવાનું છે તે તમને કેહેતો—"

અને તેનું આ કીસમનું બોલવું સાંભળી તેણીની છાટીમાં દુઃખારો થઇ આવ્યો હોય તેમ તેણીએ પોતાનો ચ્હેરો કુમળાવી છાટી ઉપર હાથ મુકયો. તેણી લૉર્ડ કારલ્યનની અદરાયલી મોહોરદાર હતી તે વાત તેણી ઘડીભર ભુલી ગઇ. તેણીએ તેની સામે તેણીની નજદીક ઉભેલા જવાન વિરૂધ જે જે સાંભળ્યું હતું તે તેણી ભુલી ગયલી લાગી, અને તે જવાન, હાલ તેણીની આગળ ઉભો રહી તેણીની સાથે વાત કરતો હતો તે ખ્યાલથી તેણીનો ચ્હેરો ખુશાલીથી ખીલી રહ્યો હતો, અને શાંત રહી તે તેની તરફ એકી ટગરે–જાણે તેની તરફથી કાંઇ મેહેરબાનીની તે તલબ કરતી હોય તેમ ઉભી.

તેણે તેણીના તે ચ્હેરા તરફ જોયું અને આટલો વખત તે પોતાનાં મન ઉપર જે કાબુ રાખી થોબ્યો હતો તે કાબુ તેના હાથમાંથી જતો રહ્યો, અને કોણ જાણે તેનાં મગજમાં શું વાહરૂં આવ્યું તે એકાયક તેણે તેણીને–અલબત અળગી–બાજુમાંથી પકડી અને તેણીની નીચે ઝુમાઇ પડેલી આંખો સામે પોતાની આંખો ઉંચકી ટગર ટગર

જોઇને તે બોલ્યોઃ—

"નહીં! હું જઇ શકતો નથી—જે મારે તમોને કેહેવું છે—જે મારે બોલવું છે તે કેહ્યા બોલ્યા વગર મારા પગ અહીંથી ઉંચકાય તેમ નથી! મીસ મેડીસન—કેટ, તમુને ખબર છે—મારે તમુને શું કહેવુંછ તે તમે જાણોછ? મેં તમુને જોયાં ને જોયાંજ કે મને શું બોલવાનું—તમુને શું કહેવાનું મન થયું તે જાણોછ?"

"નહીં—એ નહીં!" તે જાણે તેણીને મુગો રાખવાને કાલાવાલા કરતી હોય તે ઢપે બોલી.

"નહીં—હવે મારીથી ચુપ રહેવાય તેમ નથીજ—તારો પર્છો જવાબ ગમે તે હોય, પણ મારીથી કહ્યા વગર હવે ચાલતું નથી કે હું—હું—તુંને ચાહુંછ!"

તેનાં મોંહમાંથી પડેલા આ શબ્દો સાંભળી તેણી ચોંકી અને પોતાનાં દીલનું તેથી સમતોલપણું ખોહી બેસ્વાની તેણીને ધાસ્તી હોય તેમ તે ઝરૂખાના કટેરાની પાળ તેણીએ મજબુત પકડી લીધી.

"હું તુંને ચાહુંછ!" તે બોલ્યો "મારે જે તુંને કહેવુંછ તે એક પલ વધુ થોબીને સાંભળ, અને પછી મને તારી આગળથી ગમે તો દુર—ગમે ત્યાં ફેંકી દેજે અને ખાતરી રાખજે કે આ બોહોળી દુન્યામાં હું એવો અટવાઇ જવસ કે ફરીથી તારી નજરે પડસ નહીં એટલુંજ નહીં, પણ, મારૂં નામબી તારે કાને નહીં આવશે. કેટ, મારી જીંદગીમાં આય અનુભવ મને પહેલોજ છે—મારી જીંદગીમાં કોઇબી ઓરતની સામો ઉભો રહી આવાં વચન હું બોલ્યો નથી કે

દીલ મારૂં લઇને સનમ તારૂં દે
દીલ તારૂં દઇને સૈનમ મારૂં લે

એ બોલો કહી સંભળાવવા લાયક તે એક અબલા મને કયારે મળશે તેની રાહ જોતો આટલી જીંદગી સુધી હું થોભ્યો હતો. આજે એજ બોલો હું તુંને કેહી સંભળાઉંછ; તુંને હું ચાહુંછ—મારા જાનથી

જીગરથી હું તુંને ચાહુંછ; ને તુંને આજે સવાલ કરી તારા જવાબની આરજુ કરતો અહીં ઉભોછ, કે બોલ તુંને શું જોઇયેછ? તુંને હું શું સપુરદ કરૂં? **જાન કે જીગર?** નથી મારી પાસે દોલત—નથી મારૂં કાંઇ પોઝીશન—જે મારી પાસે છે તે હું પોતે છેઉં, પણ, વ્હાલી, જો તું મને કાંઇક આશા આપે—ગમે વિચાર કરવાનો વખત લે! આહ, કેટ, કેટી! તુંને ચાહવાની મને તું રજા આપ, અને તું મને જરા સરખોબી ચાહશે તો—"

તે બીચારી શું બોલે? આસ્માનપરના ચકચક થતા તારા ખરીને તેણીની આસેપાસે પડતા તેણીને દેખાયા—બૉલ રૂમમાંથી આવતો મ્યુઝીકના સરોદનો મીઠો અવાજ તેણીને કાને દર્યાના ઉછળતા મોજાના સાદ જેવો લાગ્યો, અને તે બીચારીને દીગમુઢ થઇ ઉભેલી જોઇ તે બોલ્યો—

"મેં તુંને ગુસ્સે કીધી—મેં તુંને બીહવડાવી! આહ! કમનસીબ હું, જેને માટે તને કોઇ દાહડે ઝાંખો ખ્યાલ વટીક નહીં તેની તરફથી આ અરજ ગુજારી ઘણી ઓચીંતી અને એકાયકની કહેવાય ખરી, પણ તું વિચાર કર કે તું મને છેલ્લે મળી'તી ત્યારથી મારાં મનમાંથી—મારાં મગજમાંથી તું એક ઘડીભર દુર નથી થઇ. કેટી, મારી સાથે તું ગુસ્સો ના કર—તારીપરના મારા પ્યારને—"

તેને ચુપ રહેવા કહેતી હોય તેમ તેણીએ તેની તરફ પોતાનો હાથ લાંબો કીધો, અને જો કે તે વાતની તે જવાનને હજી ખબર નથી પડી તે છતાં એક પ્રમાણીક વારતા લખનાર તરીકે મારે તો કહેતું જોઇયે કે તે જવાનને મોંદેથી પડેલા આ પ્યારના સોખનથી ઉપજી રહેલી ખુશાલી, તેણીનાં જીગરમાં જડઘાલી બેઠેલાં દુઃખ સાથે બાથોબાથ લડી રહી હતી.

"થોબો" તે બોલી ઉઠી—અને જેવો તે જવાન તેણીના હાથ ઉપર એક કીસ લેવા જતો હતો તેવોજ તે હાથ ખેંચી લઇ તે બોલી ઉઠી "નહીં! અરેરે, જો હું જાણતે—મને માલમ હોતે—પણ હવે અસુરૂં

ઘણુંજ થયું–ઘણુંજ અસુરૂં થયું!"

"ઘણુંજ અસુરૂં?" તેણે પુછ્યું અને તેનો ચ્હેરો જે અત્યાર સુધી મોહબતી તાપથી ચમકી રહ્યો હતો તે હવે ફીકકો ફચ મારી ગયો.

"હા!" તે હાંફતી હાંફતી બોલી "હું–હું અદરાઇ ચુકીછ—" એટલું બોલી તેણીથી આગળ વધુ ન બોલાવાને સબબે તે અ-ચકીને ઉભી.

આસ્તે રહી તે જન્નાને તેણીનો હાથ છોડી દીધો અને તેની ડોક તેની છાતીપર ઝુમાઇ પડી.

"ત્યારે તું મને મારી એ શેખી–મારી એ બેઅદબી માફ કરશે?"

"માફ કરૂં?" તે બોલી "માફ ઉલ્ટી મારે—"

"નહીં" તે હીંમતથી હવે બોલ્યો "નહીં, તુંને શું ખબર? મારાં દીલની વાત તું શું જાણે? તું શું જાણે કે જે શખ્સને તેં બે કે ત્રણ વખત જોયલો, જેને તેં માયળુ સખુનોથી નવાજેલો તેજ તુંને ચાહ-હવાની હીંમત કરશે? નહીં, માફ મારે માંગવાની છે કે મેં તુંને આટલો વખત નકામી પજવી–નકામી હેરાન કીધી અને અંતે આજને આવે સબકતે દાહડે તુંને મેં દુઃખી કીધી!"

"નહી, એ નહીં! જરાબી નહીં" તે દયામણું મોંહ કરી બોલી "ઉલ્ટું મારે—"

"ખરેખર, હું મૅડ હોવો જોઇયે–હું મુરખ હોવો જોઇયે–મને તમારો ઠપકો–તમારો ધિક્કાર વટીક લાજમ છે, અને હમણાં તું મારી સાથે એકબી બોલ બોલ્યા વગર અંદર ચાલી જાય તો તે બરહક્ક અને વાજબી કહેવાય. કેટ–મીસ મેડીસન, હવે હું જાઉંછ–મારો ખ્યાલ હવે કરતી ના–મારાં મૅડનેસપર તારો કીંમતી વિચાર અને વખત ફોકટ-નો ખરચતી ના–તું મારે માટે જરાબી દલગીર થતી ના, કેમકે આય જબુન દુઃખ, કાંઇ નહીં, હું હીંમતથી ખમસ" અને પછી તેણે જરા તાણી તોડીને હસીને ઉમેયું "ને જતી વખતની મારી ખરાં દીલની

દુઆ છે કે ખુદા તુંને સદા સુખી રાખે!"

અને એટલું બોલી તેની સામે જાણે કેટને બદલે એક અબલાનું પાક પવિત્ર રૂહ ઉભું હોય તેમ તેના હાથને તેણે જરાક માત્ર હોઠ લગાડી તે હાથ તેણે ધીમેથી પાછો પેલા કટેરાપર ગોઠવ્યો અને ઝટ ત્યાંથી તે ચાલી જવા કરતો હતો, પણ, તેટલાં ત્યાં તે ઝરૂખાપર કેટલાક શખ્સો ધસી આવ્યા, જેઓમાંનો એક બોલી ઉઠયોઃ—

"કેટ! કેટ! તું અહીં છે કે?"

કેટ આ અવાજ સાંભળીને ચોંકી અને તે અવાજ કોણનો હતો એમ સમજી જઇ તે કમકમીને બાજુ હડી ગઇ.

કલીફર્ડ જે પેલી નીચે પડેલી પથ્થરની લાદીપર અત્યાર સુધી ઉભો હતો તે હવે ઝટ નીચે ઉતરી પડયો અને પેલા કટેરાઓની વચ્ચેના ગાળામાંથી જોતો ઉભો. તે અવાજ કેટીના બાપ મેજરનો તો હતોજ નહીં, ત્યારે તે અવાજ કદાચ તે જે શખ્સ સાથે અદરાઇ હતી તેનો હશે એમ તેણે ધાર્યું, અને તેનાં હૈયાંમાં અદેખાઇની ઝનુંની લાગણી બરપા થઇ આવી. તુરતજ જેણે તેના હાથમાંથી તે બેકીંમતી બેમુળ ઇનામ જીતી લીધું હતું તેને જોવાની તેનાંમાં તલબ ઉભી થઇ.

"કેટ, તું અહીં છે કે?" પેલાજ અવાજે પાછી બુમ મારી— અને જો કે તે અવાજ કલીફર્ડે ઓળખ્યો નહીં, પણ અજબ કે તે તેને તદ્દન અજાણા શખ્સનો અવાજ નહીં લાગ્યો.

કેટ, જ્યાં અંધરામાં કલીફર્ડ ઉભો હતો ત્યાં પોતાની તરસી નજર છેલ્લીવાર નાંખી અને તેણી પેલા શખ્સ તરફ ફરી.

"ઓ, તું અહીં છે કે?" તેણીનો હાથ પકડી તે બોલ્યો "હું તુંને કયારનો કહાં કહાં શોધી રહ્યોછ! ને આય પટલી શૅાલ માત્ર લઇને બાહાર ઠંડીમાં ઉભીછ તે સરદી થશેની?"

તેજ વખતે પેલા બૅાલ રૂમના ઓરડાનાં બારણાપર નાંખેલો પડદો હવાથી હીલ્યો કે કોણ જાણે કેમ તે તે ઓરડામાંની લાઇટનો ઉજાસ

બાહાર ઝરૂખાપર પંથરાઇ રહ્યો અને તેજ ઉજાસ પેલા શખ્સના ચ્હેરાપર પડયો અને કલીફર્ડ ચોંકીને તે શખસને વધુ નજીકથી જોવા કટેરાની આગળ આવ્યો. કાંઇક વર્ષો થયાં તેણે જો કે તે ચ્હેરો જોયો ન હતો છતાં તેણે જાણ્યું કે તે ચ્હેરો તેના પીત્રાઇ આરથરનો હતો! હા, બરાબર તે તેનોજ ચ્હેરો હતો, તેમાં કાંઇજ શક ન હતો!

હજી તો કલીફર્ડ પોતાના એ વિચારોમાંથી જાગૃત થાય તેટલાં એક અબલાને તેણે બોલતાં સાંભળી–

"કેટ, અમે તો બધાં થાકાં, તું તો જરા લૉર્ડ કારલ્યનને સમજાવ કે અમારા 'કવૅાડ્રીલ' ડાન્સમાં એવણ સામેલ થાય! લૉર્ડ કારલ્યન, હવે તમે ડાહ્યા થઇ જાવોની–કેટ તો અત્યાર આગમજની કોઇને પ્રોમીસ થઇ ચુકી હોસે–પણ જાઓ હું તમુને વચન આપું છ કે એના પાર્ટનરને સમજાવી લઇ એને હું છુટી કરાવસ ને તમારી સાથે ડાન્સમાં એ ભાગ લેસે; ચાલો, હવે તો તમારીથી 'ના' કહેવાસેજ નહીં."

કલીફર્ડ સમજ્યો કે પેલી અબલા આ બધું તેના કાકાને કહેતી હશે અને તેથી તે પોતાના કાકાને જોવા એમ તેમ નજર કરવા લાગ્યો પણ તે બુઢો અર્લ તો તેને દેખાયોજ નહીં, અને વળી તેણે જોયું કે તે અબલા જાણે પોતાની તે મીનતજારીના જવાબની તેના પીત્રાઇ આરથરથી આશા રાખતી હોય તેમ તેની તરફ જોતી ઉભી હતી–ત્યારે એ શું? ત્યારે અર્લ કયાં હતો? અને શું તે અબલા જે આટલું બધું બોલી તે આરથરને માટે હશે? અને તેમ હોય તો તેણી તેને લૉર્ડ કારલ્યન કરીને કાંય બોલાવે?

"હા, કેટ જો મારી પાર્ટનર તરીકે આવે તો હું 'ડાન્સ'માં ભાગ લેઉં" તે આરથર–કલીફર્ડનો પિત્રાઇ–હસીને બોલ્યો અને કલીફર્ડની આંખે ગોયા અંધરાં આવી ગયાં.

"હાજ તો!" પેલીજ અબલા બોલતી સંભળાઇ "ચાલ, કેટ, તારા કાર્ડપરથી તારી સાથે ગોઠવાયલા સાથીનું નામ છેકીને તેને બદલે

લૉર્ડ કારલ્યનનું નામ લખ."

અને મે પછી જરાવારમાં તેઓ બધાં બૉલ રૂમમાં ચાલી ગયાં, અને કલીફર્ડ–ગરીબ બીચારો કલીફર્ડ ફાટેલે ડોળે અને વકાસેલાં ડાચાં-એ તેઓ પાછળ ભુખી તરસી નજરે જોતો ત્યાં એકાદ બેઠકપર ગોઠવાઇ ગયો, અને મોટે મોટે હસી પડયો. તે મગજથી તો નહીં જતો હોય, એમ તેને લાગ્યું! એ શું? તે પોતે ખરેખર ત્યાં હતો કે એ દેખાવનો કોઇ સ્વપ્નો તે જોતો હતો? આય, તેણે જેને હમણાં જોયો તે–તેનો પોતાનો પીત્રાઇ–અર્લ કારલ્યન!

"એમ બનેજ કેમ?" જાણે પોતાની નજીક ઉભેલા કોઇ સાથે તે તકરાર કરતો હોય તેમ મોટેથી તે બોલ્યો "એમ બનેજ કયાંથી? એમ ધારો કે મારા કાકાજી અર્લ ગુજરીબી ગીયા હોય તો એ આરથર અને અર્લના ખેતાબ વચ્ચે હજી બે જન–નહીં–ત્રણ જણ રેહ્યા! કેમકે તે એની પછી તો મારો હકક પુગે!"

એમ વિચારમાં ને વિચારમાં દશથી પંદર મીનીટ નીકળી ગઇ અને તે ઉઠયો અને પેલા ઝરૂખાપર ચઢી ત્યાંથી તે એક ઓરડામાં દાખલ થયો. હજી તેને લાગ્યું કે તેણે સાંભળેલી તે વાતમાં કાંઇબી ભુલ હોવી જોઇયે અને જેને તેઓ અહીં લૉર્ડ કારલ્યનને નામે બોલાવે છે તે તેનો કોકોજ હોવો જોઇયે. ગમે તે હોય પણ તેણે તે બાબેની ખાતરી કર્યા વગર ત્યાંથી નહીંજ જવાનો નિશ્ચય કર્યો.

તે ઓરડામાં થોડાંક જન આપસ આપસમાં હસ્તાં અને મોટે મોટે વાતો કરતાં ઉભેલાં હતાં, જેઓની નજર તે ઉંચા અને પ્હોળી પેશાની-ના જવાનપર પડતાંજ તેઓ તેને એકી ટગરે ટીકતાં ઉભાં.

"આય જવાનને તમે કોઇ ઓળખોછો કે?" તે ટોળાંમાંની એક બાનુંએ પોતાની સાથવાળાંઓ તરફ જોઇ પુછયું અને તેઓ તરફથી 'ના'નો જવાબ મળતાં તે કોઇ બીજાને પુછવા જતી હતી તેટલાં કલીફર્ડ તે ટોળી આગળ આવ્યો અને નમન કરી ઘણાજ મીઠા

અવાજે બોલ્યો—

"માફ કરજો, મેહેરબાનો, પણ મને કહેશો કે આય ઓરડામાં લૉર્ડ કારલ્યન—અર્લ પોતે—અહીં છે કે?"

"લૉર્ડ કારલ્યન?" પેલીજ અબલા બોલી ઉઠી અને તે જવાનને પકકી ખબર આપવા એમ તેમ બધે જોઇ તેણીએ તે લૉર્ડ કારલ્યન, જે તે વખતે ત્યાં તેજ ઓરડામાં હતો તે તરફ ડોકના લ્હેકાથી બતાવી બોલી "આય શું પેલા રહ્યા—પેલા ઉંચા જેવા દેખાયછ, તેવણજ લૉર્ડ કારલ્યન."

"જી, સમજયો, હું જરા ટુંક નજરનો છેઉં તેથી મેં તમુને તજદી આપી."

"કાંઇ નહીં, એમાં શું? ટુંક નજરબી આજકાલ એક ફેશન થઇછ" તે અબલા બોલી "પેલાં પામનાં કુંડાં નજીક મીસ મેડીસન—તેવણુની અંદરાયલી મોહોરદાર—આગળ ઉભાછ તે લૉર્ડ કારલ્યન. તમે એ મીસ મેડીસનને તો ઓરખોચ કેની?"

"હાજી, થેંક યુ" તે હસીને નમ્યો અને પછી તે ત્યાંથી ઝટ પાછો ઝરૂખા તરફ ચાલતો થયો.

હવે તેને કાંઇક સમજ પડી.

તેનો કાકો બુઢો અર્લ ગુજરી ગયલો હોવો જોઇયે, અને તેનો વારેસ આરથર ઠર્યો હશે! પણ તેમ જો હોય તો તેનું પોતાનું કેમ? તે પોતે કોણ?

પ્રકરણ ૨૩ મું.

તે હવે કાંઇ ત્યાં થોભે?

તેને હવે ત્યાં થોભવા ગમેજ કેમ?

તે પોતાનો કોટ અને ટોપી લઇ રાતની અંધારીમાં બાહાર ચાલતો થયો.

જરાવારમાં તેની નજરે આસ્માન તરફ કાંઇ ઉડી જતું પડયું અને પછી તે પાછું તારાની માફક ઝીણી રોશનીને આકારે નીચે આ-વતું તેને જણાયું. તેણે જાણ્યું કે તે એક બાણ હતો અને તેપરથી આતશબાજી શુરૂ થઇ ચુકી હતી એમ તેણે જાણ્યું. તે એ રમત જોતો ઉભો અને પાછો જરાવારમાં ચાલતો થયો, કે તેણે મરદ અને ઓરતનાં ભેગાં થયલાં ટોળાં વચ્ચે પોતાને આવી ઉભેલો જોયો, અને પેલાં ત્યાં ટાંગી મુકેલાં ચીનાઇ રંગબેરંગી ફાનુસોની મદદથી તેણે જોયું કે ત્યાં તમામ ગરીબ અને મધ્યમ વર્ગનો જમેલો જામી રહ્યો હતો.

કલીફર્ડ ત્યાંથી જેમ તેમ પોતાનો રસ્તો કરતો ચાલી જવા કરતો હતો તેટલાં, તેનાં ખભાંપર કોઇનો ભારી હાથ પડયો અને તે ચોંકીને ઉભો કે મી૦ ઉડનો ઘોઘારી અવાજ તેને કાને પડયો.

"કોણ? મી૦ રેવન! બરાબર વખતસરજ તમે આવી પુગા. નેલી કયારની ફફડેછ કે રખે તમુને લેટ થાય ને તમે આય આતશબાજીની મજાહ ચુકો. મેં તો ધાર્યું કે તમે જમવા જશો, પણ તમે ગીયા હોવ તેમ લાગતું નથી."

"નહીં" કલીફર્ડ બોલ્યો—અને એટલુંબી તે અકરવકરે જેમ તેમ બોલ્યો કેમકે, વાંચનાર જાણે છે તે કારણસર તે કોઇની સાથે વાત કર-વાના 'મુડ'માં હાલ હતોજ નહીં. "જમવાનું કેવું, મજેહનું હતું કે?"

"ફર્સ્ટ કલાસ! લૉર્ડ સાહેબે જહાં હાથજ બાહાર કાઢયો ત્યાં પુછવું શું? એટલું તો ત્હાં ખાવાનું ને એટલું તો પીવાનું હતું કે બસ

બોલોજ ના. ને જુવો, અહીંથી કાંઇ આતશબાજીની મજાહ દેખાવાની નહીં, વાસ્તે તમે જરા મારી નેલી આગળ ઉભા રેહો તો હું આપણે માટે સારી જગ્યા ગોતી કાઢું."

"હા, કાંઇ નહીં સીધારો" કલીફર્ડ બીજું શું બોલે?

નેલીનો હાથ જે અત્યાર સુધી તેણીના બાપની બગલમાં હતો તે ધીરેથી મી૦ ઉડે છોડયો અને તે હાથ મી૦ કલીફર્ડના હાથમાં આપ્યો, જે કલીફર્ડે અલબત ખુશીથી લીધો, પણ તેમ કરતાં તે બી-ચારાને કયાં ખબર હતી કે તે ભોળી નીરદોષ છોકરીનાં દિલમાં કેવો ખુશાળીનો ઝણઝણાટ વ્યાપી રહ્યો હતો!

નેલીની રાહબરીને માટે કલીફર્ડને કશોજ અભાવ ન હતો, મગર, અમે ઉપર કહ્યું તેમ આજે હમણાં તે કશાજ સારા 'મુડ'માં ન હતો, અને તેનીથી પાધરૂં ઘેરે ચાલીજ નહીં જવાયું તેનો તે અફસોસ કરતો ઉભો હતો. પણ, વાંચનારને યાદ છે કે જે વખતે તે રોટી ટુકડા વગર ભુખ્યો પ્યાસો રખડતો હતો તે વખતે તેનાંજ જેવાં ભુખ્યાં બાળક અને તેની માતાને કેવાં તેણે આગળ રહીને જમાડયાં હતાં, તેવીજ રીતે આજે પોતાની લાગણી બાજુ મુકી નેલીની સંભાળમાં તે ખડો ઉભો રહ્યો.

"તમુને આતશબાજી ગમેછ કે નેલી?" તેણે પુછ્યું.

"હાજી" તે છોકરી બોલી—તે છોકરી કે જે તેને જોવાને કયારની તડપી રહી હતી અને તે ત્યાં આવી લાગતાં તેને જોઇને તેણીનો હરખ માયો સમાયો નહીં ગયો હતો "ઘણી મજેહની છે—તમુને તો એવી આતશ-બાજીની કાંઇ નવાઇ નહીં, કેમકે, તમે એ કરતાં અકેકી સરસ જોઇ હોસે."

"નહીં, આયબી મજેહની છે—ને ખરૂં કેહુંછ, આટલી મોટી ભીડને પુગી વળવાની લાગતા વળગતાઓએ કંઇ ગોઠવણ કીધી હોતે તો સારૂં, કેમકે, જો એજ પ્રમાણે ધસારો આવતો અહીં ચાલુંજ રેહ્યો તો મને નહીં લાગતું કે આપણાથી અહીં ઝાઝોવાર ઉભું રહેવાસે."

અને હજીતો તે એમ બોલે તેટલાંમાં દર્યાનાં પાણીમાં ભરતી ચઢી આવે તેમ લોકનું મસ મોટું ટોળું તે તરફ ધસી આવ્યું અને જો નેલીને ઝટ તેણે કમરમાંથી પકડી નહીં લીધી હતે તો તે નાજુક નાની બાળા કોણ જાણે કયાં તે ભીડભચડમાં અટવાઇ જતે! "ચાલો આપણે પછવાડે હઠયે" એમ કહી તે તેણીને લગભગ ઉંચકીને બાહર લઇ ગયો.

"જુવો, આય જગ્યા મજેહની છે, ખરૂં કેની? તમુને કેઠે અડચણ તો નથી થઇ?" તેણીનો ચ્હેરો ગભરાટથી ફીકકો મારી ગયલો જોઇ તેણે તેણીને પુછ્યું.

"નહીં—મને કાંઇજ ઇજા નથી થઇ" તે બોલી અને તે ખરૂંજ હતું કેમકે તેણીને કમરમાંથી પકડી જે રીતે તેણીને ઉંચકી લીધી હતી તેથી માત્ર તેણીના ચ્હેરાનો રંગ ઉડી ગયો હતો.

"નહીં, તમને આય ભીડ ભચડમાં કેઠે વાગ્યુંજ હોસે—કાંઇ નહીં તમે મારાં દીલપર ટેકીને ઉભાં રેહો—તમારે વાસ્તે અહીં કેઠેથી શોધીને પાણી લઇ આવું?"

"નહીં, ઓ નહીં!" તે બોલી અને રખે તે તેણીને એકલી મુકી આવી વખતે જાય એમ તે ગભરાઇ.

"નહીં, તમે બીહોનાં" તે તેણીની બીહીક ચેતી જઇ બોલ્યો "હું તમુને છોડીને કેઠે જતો નથી, ને જવું પડસે તો તમુને લીધા વગર નહીં જવસ—પણ અહીંથી આપણે ખીસ્વુંજ નહીં જોઇયે, નહીં તો, મી૦ ઉડ આપણુને શોધ્યાજ કરશે."

તેટલાં કોઇ તે બે વચ્ચે આવીને ઘુસી ગયું, અને નેલીને તેણીનું નામ દઇને તેણે બોલાવી. કલીફડ તે બોલનારને મી૦ ઉડ સમજી તેની તરફ ફર્યો.

તે આવનાર ધણી મી૦ ઉડ નહીં પણ પેલો ફ્રેન્ચી વાઇઝ હતો.

"નેલી" તે ફરીથી બોલ્યો "મીસ નેલી!" અને નેલી તેનો સાદ સાંભળી એવી રીતે કમકમીને કલીફડનાં પાસાંમાં ભરાઇ કે કલીફડને તેને જવાબ આપ્યા વગર ચાલ્યુંજ નહીં.

"કેમ, શું કહેછ, વાઇઝ?" તેણે મીઠાસથી પુછ્યું.

"હું મીસ નેલીને બોલાઉંછ" તે ગુસ્સાથી બોલ્યો.

કલીફર્ડ તેની જરા વધું નજીક ગયો અને તેની 'પ્રેકાર' જે રીતે બ્હેક બ્હેક થતી હતી તે પરથી તે ચેતી ગયો કે વાઇઝે હાલ જરા ધારા કરતાં વધારે નાંખેલો હતો.

"વારૂં, તેં મીસ નેલીને બોલાવ્યાં, તેથી શું થયું? તું કહેવા શું માંગેછ?"

"મીસ નેલી, પેલી ગમ આરકાં જોવા તમે મારી સાથે આવોછ કે?" કલીફર્ડની હાજરીની કશીબી દરકાર કર્યા વગર તેણે મીસ નેલી તરફ ડોકાવીને જોઇ પુછ્યું.

નેલી વધારે કમકમી વધારે કલીફર્ડનાં પાસાંમાં ભરાઇ.

"નહીં વાઇઝ, મીસ નેલીની આવવાની હાલ મરજી નથી, તેવણ અહીં મી૦ ઉડની વાટ જોતાં ઉભાંછ."

"તે બોલવાની તેવણને જીભ નથી કે? તેવણને તેમ કહેવું હોસે તો તેવણ પોતે મને કહેશે, તેવણને બદલે 'ઇન્ટરપીન્ટર' થવા તમુને કોણ કહેછ? નેલી, હું તમુને પુછુંછ–હું એ તુંદ મુરખાને બોલાવતો નથી–કે તમે મને આપેલાં વચન મુજબ મારી સાથે આવશો?"

"એને ના કેહો નેલી, કેમકે, હાલ એ પીધેલો છે ને તમારી બરાબર સંભાળ લેવા લાયક હાલતમાં તે નથી." કલીફર્ડે નેલીને ધીમા અવાજે કહ્યું.

"ને એ પીધેલો નહીં હોતે તોબી એની સાથે હું નહીં જતે" નેલી બોલી અને પછી તેની તરફ જોઇને તેણીએ તેને કહ્યું "નહીં, વાઇઝ, મારે નથી આવવું."

"એણે તમુને શીખવ્યું તેથીની?" તે ઘણાજ ધિક્કારથી બોલ્યો "એ કોણ કે આપણી બેની વચમાં આવે? એ માથું મારતો અહીં આયો તે અગાઉં આપણે બે કેવાં દોસ્તો હતાં–એનું ના માનતી, નેલી:

એને તારી જરાબી દરકાર નથી, એતો પોતાથી ચઢતા વર્ગની બૈરીઓ સાથે ફાંફાં મારેછ; એ જો ના કહેતો હોય તો તેની મારી પાસે સાબેતી છે–મેં મારી નજરે નજર જોયુંછ."

"વાઇઝ, મારી વાત બાજુએ મુકી તું મીસ નેલીએ તુંને આપેલો જવાબ લઇ ચાલતી પકડે તેમાં શોભા છે. મીસ નેલીએ એક બારગી તારી સાથે આવવા કબુલ્યુંબી હોતે તો હું તેવણને હાલ તુરત તારા ચાર્જમાં નહીં આપતે. ચાલ, હવે ડાહ્યો થઇને ચાલી જા."

"ચાલી જાઉં? ને તું બીચારી એ ભોળીના કાન ભંભેરી તેને મુરખ બનાવ્યા કરે? એમ કોઇ દાહડેબી બને? તું મને શું સમજેછ? તારીથી હવે હું બીહતો નથી, કેમકે, આય કાંઇ મી○ ઉડની ખાણ નથી. અહીં આપણા બેઉનું પોઝીશન એક સરખું છે–તું તારે જા, પેલા ઝરૂખાપર જઇને પ્યાર—"

બસ, હવે કલીફર્ડનાં મગજનું સમતોલપણું રહ્યું નહીં અને વાઇઝનાં આંગપર તે ધસ્યો અને જો નેલીએ તેને મજબુત પકડી નહીં રાખ્યો હતે તો તે વખતે વાઇઝનું શું થતે તે કહી શકાતું નથી.

"નહીં, મી○ રેવન, એ આદમી તમારા મારનેબી લાયકનો નથી!" તે છોકરી તેને પટાવતી બોલી અને પછી તેણીએ પેલા વાઇઝ તરફ જોઇ કહ્યું "મી○ રેવન કહેછ તે ખરૂં છે–તમારી સાથે મારે આવવું નથી ને હું આવવા માંગતીબી નથી–ને તમે જુઠું બોલોછ, મેં કયારે તમારી સાથે આવવા વચન આપ્યું'તું? જાવો, તમો જઇને હજુર વધારે પીવો."

વાઇઝ તો તે છોકરીનો આ રીતનો દમામ જોઇને સગરદમજ થઇ ગયો અને કલીફર્ડ તરફ ડોળા ધુરકેલા રાખી, દાંત કચકચાવી તે ત્યાંથી ચાલતો થયો.

નેલી આ બધો મામલો જોઇ ગભરાઇને રડી પડી.

પ્રકરણ ૨૪ મું.

"નેલી, તમે રડોછ શાનાં? હવે એતો ચાલી ગીયો તે પાછો નહીં આવશે! તમે તેને એક વાઘણની માફક વ્હારી ખાધો ને તેમ કીધા સીવાય છુટકજ નહીં હતો! ને તે છતાં એ બીચારાને એમ ઘડી ઘડી હાડમાર ના કર્યા કરો. એમાં એનો ઝાઝો વાંક નથી; એ પીયેછ એટલે એને બધું ઉંધું સુઝ પડે તેમાં નવાઇ નહીં. પીધા પછી એ શું બોલેછ, શું ચાલેછ તેનું એને—"

"તમે-તમે એની દયા ખાવોછ? તમે એ માણસની તરફદારી કરોછ?" નેલી લગાર ગુસ્સે થઇ બોલી.

"હા, હું એની તરફેણમાં બોલુંછ" રેવન બોલ્યો "જ્યારે દારૂ અંદર જાય ત્યારે અક્કલ બાહાર નીકળી પડે, અને બાપડો વાઇઝ—"

અને ત્યાં કલીફર્ડ પોતાના એક ભાઇનીજ દયા ખાઇ તેની હીમાયતમાં જાણે તે તે છોકરીને સમજાવી લેવા બાહાર પડયો હોય તેવું દયામણું મોંહ કરી બોલ્યો "બાપડો વાઇઝ કરેબી શું? તમારાં રંગરૂપ ને આય તમારી કાળી આંખોએ તેનું મગજ ફેરવી નાંખયું હોય, નેલી, તો—"

"તમે-તમુને એવું બોલવાનો કશોજ હક્ક નથી; તમે ઘણા ઘાટકી છેવો-તમારામાં દયા બીલકુલ નથી!" તેના હાથમાં ભેરવેલો પોતાનો હાથ ખેંચી લઇ તે છોકરી તેનીથી જરા અલગ થઇ જઇ બોલી.

"નેલી, માફ કરજો, તમુને અપમાન કરવાની મારી જરાબી મતલબ હતી નહીં ને છેજ નહીં-ચાલો, તે મુરખાને વાસ્તે હું કાંઇબી હવે બોલવાનોજ નહીં-પણ આપણે આય રાત નકામી ગુમાવ્યેછ, ને આપણને અહીંથી આતશબાજી તો બીલકુલ દેખાતીજ નથી-આપણે જરા આગળ વધ્યે તો કેમ? તમારા પપા આપણને શોધી કાઢશે."

"તેવણને ખબર છે કે હું તમારી સાથે છેઉં એટલે એવણને નચીંતાઇ છે." નેલી નિરદોષપણે બોલી.

તેઓ બન્ને આગળ વધ્યાં જેમ કરતાં તેઓ પેલા ઝરૂખાની સામી લાઇનમાં આવી ઉભાં. રાત અંધારી હતી, અને કલીફર્ડ તેથી જોઇ નહીં શકયો કે ઝરૂખાપર લોક હારેકટાર આવીને ઉભાં હતાં. તેઓ તે આતશબાજીનો મહીમા જોવા અંદરથી બાહાર આવ્યાં હતાં, જેઓની વચ્ચો વચમાં કેટ હતી, અને તેણીની નજીક લૉર્ડ કારલ્યન હતો.

"હા, અહીંથી મજેહનુ દેખાશે" કલીફર્ડ બોલ્યો "જો-જો-નેલી પેલો બાણ-આય આંસું લુછી નાખો-નહીં તો જોશો કેમ? રૂમાલ કહાં છે?"

"હું નહીં જાણુતી" તે બોલી "કેઠે પડી ગીયો હોસે-નહીં તો કોઇયે કાઢી લીધો હોસે."

"આય લેવો" તે પોતાનો રૂમાલ તેણી આગળ ધરીને બોલ્યો.

અને તેજ વખતે, તેણીએ તેના હાથમાંથી રૂમાલ લઇ તેણીએ તેના ચ્હેરા તરફ જોયું તેજ વખતે, આતશબાજીનો એક મસ મોટો ભભુકો થયો અને ત્યાં બધે સહવારનાં જેવું ઉજેરડું થઇ તે ટોળાંમાંનાં ચ્હેરા ચમકી રહ્યા, કે કેટની નજરે કલીફર્ડ અને નેલી પડયાં. કેટે જોયું કે એક છોકરી તે કલીફર્ડ રેવનને ખભે અઢેલીને તેના હાથમાંનો રૂમાલ લઇ પોતાની આંખો લુછતી ઉભી હતી! જાણે એ દેખાવ તેણીનાં ધ્યાનમાંજ ન ઉતરતો હોય તેમ પલવાર તે શકમંદ ઉભી પણ પછી ઝટ તેણીનાં તન બદનમાં ટાઢનું લખલખું ચઢી આવ્યું હોય તેમ તે ધ્રુજી અને લૉર્ડ કારલ્યનના હાથને બાઝી પડી! "શું છે-કેટી, શું છે?" તે બોલી પડયો "ઠંડી વાગેછ? ફેન્ટ મારી—".

તેણીએ તેની તરફ ફાટેલે ડોળે જોયું અને પછી તેના સવાલનો કશોબી જવાબ કીધા વગર કેટ લેડી વેરનર આગળ ગઇ અને તેણીનાં ખભાંપર હાથ મુકી બોલી—

"મને-મને મેહેરબાની કરીને અંદર લઇ જાવો, મારી તબ્યત એકાયક બગડી આવીછ."

લેડી વોરનર તેણીને બાજુમાંથી પકડી અને અંદર લઇ ગઇ.

"શું છે કેટ? કાંઇ જીવ બગડી આયોછ કે? તુંને થાક ચઢી હોસે."

"હા" કેટ બોલી અને આ ટુંકો જવાબ તે છોકરીએ લેડી વોરનરને તદ્દન બેધ્યાનપણે આપ્યો હતો કેમકે હજીબી તેણીની આંખો સામે કલીફર્ડ રેવન અને તેને ખભે અઢીંગીને ઉભેલી કોઇ છોકરીનો દેખાવ રમી રહ્યો હતો.

નેલી હવે શાંત થઇ હતી અને પેલો રૂમાલ પોતાની છાતી આગળ ખોસી રખે તે કોઇ લઇ લેય તેની બીહીકથી તે ઉપર પોતાનો હાથ રાખી મુકયો અને ઘડી ઘડી બારે ડોળે કલીફર્ડના ચ્હેરા તરફ ટીકતી તે ઉભી.

તેણીએ તેમ કરતાં જોયું કે કલીફર્ડનો ચ્હેરો અસાધારણ ફીકેકો મારી ગયો હતો.

"મી૦ રેવન-તમે એમ બીધેલા જેવા કાંય લાગોછ? તમુને ઠંડી તો નથી વાગતી?"

"નહીં-નહીં-મને જો ઠંડી વાગતી હોય તો તમુને નહીં વાગે? પણ—"

અને કલીફર્ડના તે ગભરાટનું કારણ તેણીને દુર શોધવા જવું નહીં પડયું, કેમકે, તેણીએ ધારી લીધું કે તેઓની પછવાડે બે ત્રણ જન કાંઇ વાત કરતા હતા તે સાંભળવાપર કલીફર્ડનું ધ્યાન લાગી રહ્યું હતું, અને તે કારણે તેના ચ્હેરાપર તેણીએ જોયલો ફેરફાર થઇ રહ્યો હોય એમ તેણીને લાગ્યું; તો જો કે તેવો ફેરફાર તે વાત સાંભળ્યાથી કાંય થવો જોઇયે તે તેણી સમજી શકી નહીં. કલીફર્ડ જે વાત સાંભળતો હતો તે નીચે મુજબ હતી:

"થોમસ, તું ગમે તે કહે પણ આય તે ખરો લૉર્ડ સાહેબ-આય સેન્ડફર્ડ ગામડાંનાં નસીબ કે એવા એક ગૃહસ્થને અર્લનો ખેતાબ મળ્યો ને બુઢ્ઢા અર્લનો એ વારેસ ડુબ્યો? જબરો નસીબવાલો, હો!"

"તે કેમ?" બીજાએ તે બોલનારને સવાલ કીધો.

"તો જોની–આય હમણાંનો લૉર્ડ તારા ને મારા જેવો–કદાચ આપણા બેઉના કરતાં ઘણો ગરીબ હતો–ખાધાના બીચારાને વાખા હતા ને જાણે નસીબ તેની ઉપર ખુશી થયું તે બુઢ્ઢા અર્લે ટાંકો ઘડી કીધો ને તેને દાટી આયા ને આંઠ દાહાડા નહીં થયા કે તે બુઢ્ઢાના બે દીકરાઓ આય દુન્યાને સેવટની સલામ કરી ગીયા કે આય ભુખરીબારસ સાહેબ અર્લ થઇ બેઠા–એ નસીબનું ચક્કરજ કેની? જો એ બુઢ્ઢા ઉમરાવના બે દીકરાઓ, સાથે દર્યાની સેલ-ઘાહે પોતાની યાટમાં નહીં નીકળ્યા હોતે, ત્હાં તે લોકને અકસ્માત નહીં નડયો હોતે, ને બેઉ સાથે દર્યાને તળ્યે નહીં ગીયા હોતે તો આય લીડકોટના માલે તુજાર માલેક સાહેબ આજેબી બાવા નાહે ને તાપે તેવા હોતે! તેવણ તે બુઢ્ઢાના વારેસ થયા ને આપણાં બુલંદ નસીબ કે અહીં તેવણ આવી વસ્યા."

નસીબની આય કારસાજીની કાંહાંણી સમજી તેને સાંભળનારાઓ બધા પેટ પકડીને હસ્યા.

"ચાલ ત્હારે આપણી એ ખુશ નસીબીપર જરા જરા બીર લઇયે" એક જન બોલ્યો અને તે બધાઓ તે 'લૉર્ડ સાહેબ'ની સલામતી લેવા ચાલતા થયા.

કલીફર્ડનો ચ્હેરો તદ્દન ફીકકોફચ્ચ મારી ગયો હોય તેમાં કાંઇ નવાઇ નહીં હતી કેમકે, એ બધો ભેદ શું હતો તેની તેને આજે આ વખતે એક તડાકે સમજ પડી ગઇ હતી.

તેણે ત્યારે હમણાંજ જાણ્યું કે તેનો બુઢ્ઢો કાકો અર્લ અને તેવણના બે દીકરાઓ સામટા એક અઠવાડયાંને અંતરે ગુજર પામ્યા હતા!

સારે નસીબે, ઘણેજ સારે નસીબે તેજ વખતે મી૦ ઉડ ત્યાં આવી લાગ્યા.

"આય ભીડભચડમાં એક માણસને શોધવું અને ઘાસની ગંજીમાં પડેલી એક સોયને શોધી કાઢવાની તજવીજ કરવી એ બરાબર!"

તેવણ આવતાંનેવાર મશકેરીની ઢપે બોલ્યા "કેમ, નેલી દીકરી, આતશબાજી પેટ ભરતી જોઇ? મી૦ રેવન, માફ કરજો, મારી દીકરીની સંભાળને ખાતર એકની એક બાજુએ તમુને ઉભું રહેવું પડયું—પણ મારી દીકરી તમારા હવાલામાં હતી તેથી મારો જીવ નચીંત હતો."

"નહીં, મી૦ ઉડ, એમાં માફ શાનું કરવાનું. તમારી દીકરીનો હવાલો હવે તમુને બાખુશી સપુરદ કરૂંછ—કેમકે, હવે હું ઘેરે જાઉંછ. ગુડ નાઇટ, નેલી." એટલું બોલી તે તુરત ચાલતો થયો.

"મી૦ કલીફર્ડ આજે એટલા ઉતાવળમાં પડયાછ?" મી૦ ઉડે હસીને નેલીને પુછ્યું.

"હા, પપા, કોણ જાણે."

અને કલીફર્ડ પોતાના કોટનાં બન્ને ગજવામાં પોતાના હાથ ખોસી નીચી મુડીએ વિચારમાં ને વિચારમાં પોતાની બંગલી તરફનો રસ્તો કાપતો રહ્યો.

"હવે જરા વિચાર કરૂં!" એમ બડબડી તે ત્યાંજ જમીનપર ફસડાઇને બેઠો. થોડેકવારે તે ચોંકીને ઉઠી ઉભો થયો.

"યા ખુદા, હવે મને બધી સમજ પડી!" તે પુકારી ઉઠયો અને ઠીકજ થયું કે તેનું એ બોલવું સાંભળીને ચોંકનાર ત્યાં આસેપાસે બીજું કોઇ હતું નહીં "મને તો ત્યારે બધા મુવેલોજ સમજેછ! મેજર મારી દોલત લુટી ન ધરાતાં તેણે મારો ખેતાબ વટીક લુટયોછ! હા, એમજ હોસે! ને તેથીજ તેણે તેની દીકરી આગળ મારૂં ખરૂં નામ છુપાવ્યું, ને મારૂં નામ કલીફર્ડ રેવન અડાવ્યું. મારાં મોતને માટે તે નાપાકે સોગંદ વટીક ખાધા હોસે કે જેથી આય આરથરને અર્લનો ખેતાબ અને દોલત મળે—ને તેમ કરી પછી તેણે કેટને તેને વેચી! પણ એને ફાવવા દેઉં? કદી નહીં! 'ઘણું અસુરૂં થઇ ગીયુ' તે બીચારી બોલી હતી! નહીં, કેટ, નહીં હજુન તું ધારેછ તેટલું અસુરૂં નથી થયું!"

તેણે હવે પોતાને મનસે જે મક્કમ ઠેડાવ કીધો તે એ હતો કે સહવારે સેન્ડફર્ડ ખાતે જવું અને એ મેજર અને તેનો પિત્રાઇ જે હાલ અર્લ-

નો ખેતાબ પચાવી બેઠો હતો તે બન્નેને ફબરૂ મળવું—મેજરને ઉઘાડો પાડવો અને કેટને બચાવવી! કેટને ખાતર મેજરનો પગાર બાંધી આપવો અને પોતાના કાકાને ખાતર એ આરથરને કાંઇક માસીક લવાજમ આપી છોડી મુકવો, અને પછી તેણે કેટ આગળ જવું અને કહેવું—

"હજી અસુરૂં નથી થયું—તું મને જો ચાહતી હોય તો મારી મોહોરદાર થઇ ખરેખરી કાઉન્ટેસ ઓફ કારલ્યન થઇ તારી સોસાયટીને શોભા આપ!"

તેનાંમાં ઉત્પન્ન થયલી આ નવી આશાએ તેનાં હૈયાંમાં હરખનો ઉભરો પેદા કીધો. થોડાક કલાક અગાઉ જે તમામ શીહા લાગતું હતું તે શીહાઇમાંથી તેને ગોયા રફ્તે રફ્તે સુખનો સુર્ય ઉગતો હવે નજરે આવ્યો.

કેટ તેની! અલબત તેનેજ તે ચાહતી હતી: 'હવે ઘણું અસુરૂં થયુ' એ બોલો તે જે દુઃખ વચ્ચે પુકારી ઉઠી હતી તેણે તેને સુચવ્યું હતું, બલકે તેની ખાતરી કરી આપી હતી કે તેનેજ તેણી ચાહતી હતી.

તે એવા સુખના વિચારો કરતો રફ્તે રફ્તે પેલી ખાણનાં હેઠાણમાં ઉતરતો ગયો. આહ! તે આગળ કેવાં ભારી હૈયાં અને ઘસડાતા પગોએ એ હેઠાંણ ઉતરી ગયો હતો! અને આજે? આજે તો જાણે તેની પોતાની આસપાસની હવાજ તેને ઉંચકી ચલાવતી હતી. તે હવે પેલીજ જગ્યા આગળ આવ્યો કે જ્યાંથી એક છલાંગ મારી પેલી નેલીને મોતનાં ડાચાંમાંથી ઘસડી લેવા કુદયો બલકે ઉડયો હતો, અને એકાયક ત્યાંનાં બાજુમાંનાં ઉંચાં ઢળાણપરથી એક કાળો આકાર ઉછળીને ઉભો થયો. તેણે ચોંકીને જોયું અને પછી ગુસ્સાથીજ પુછયું—

"એ કોણ છેરે?"

"તે તું જરાવારમાં જાણુશે." તેને જવાબ મળ્યો અને તુરતજ મોટે મોટે હસવાનો તેને સાદ આવ્યો, કે તેણે પોતાની આગળ લગોલગ વાઇઝને ઉભેલો જોયો.

પ્રકરણ ૨૫ મું.

"તું છે, વાઇઝ?" કલીફર્ડ તેને જોઇ ગંભીર થઇને બોલ્યો "તું અહીં શું કરેછ? આય કાંઇ તારો ઘરે જવાનો રસ્તો નથી?"

"તે જેમ તારો રસ્તો છે તેમ મારોબી છે, એમ હું સમજું‌છ!" એક જંગલી ભુંડ જેમ બરાડે તેમ તે અક્કલનો દુશ્મન બરાડ મારી ઉઠયો "ને હું મારે ઘેરે ગમે ત્યારે જવસ! તેટલાં મને મી૦ રેવન તમારી સાથે કાંઇ બે વાત કરવીછ!"

કલીફર્ડે તેને છેલ્લે મળ્યા પછી તેણે દારૂ સાથે વધારે ચેડાં કાઢયાં હતાં, અને તે છતાં તે શું બોલતો હતો, શું કરતો હતો તે સમજવા જેટલી શુધ્ધીમાં તે હતોજ, તેથી જ્યારે કલીફર્ડે જોયું કે એમ તે એકદમ કુતરાની માફક તેનાં મોંહપર આવ્યો હતો એટલે તે પોતાની સાવચેતીમાંજ રહ્યો. વાંચનારને ખબર હોવી જોઇયે કે તેઓ જે પગવાટપર ઉભા હતા, તેની એક બાજુ ઉંડાણમાં ખાણ હતી, જ્યારે બીજી બાજુએ ઉંચું ઢળાણ હતું, એટલે કલીફર્ડ પોતાના બન્ને પગ મજબુત ગોઠવીનેજ ઉભો હતો.

"બે નહીં, વાઇઝ, તારે ગમે તો બે દજન વાત કર, પણ ખુદાને ખાતર જલ્દી કર, કેમકે, તુંને નહીં તો મને ઘેરે જવાની ઉતાવળ છે. બોલ શું છે?"

"તે તમે સારી પેઠે જાણોછ, તે નેલીને લગતી છે!"

"નેલીને લગતી! ત્યારે તો જો વાઇઝ, આપણે સહવારે નચીંતે જે વાત કરવી હોસે તે કરશું એમ તું નથી ધારતો? સહવારે મારે ત્યાં તું આવજે, આપણે સાથે નાસ્તો કરસું ને પછી તારી મરજી હોસે તો અડધો કલાક નચીંતે વાત કરસું."

"નહીં, બસ જે મારે વાત કરવીછ તે હું અહીંજ કરવા માંગુંછ!" વાઇઝ બોલ્યો "હું ખામખા તમારી પુઠે પુઠે અહીં આયો,

કે જે તે નીકાળ થઇ જાય! હવે ત્યારે મી૦ રેવન, હું એમ તમુને પુછ્યું કે તમે નેલીનું શું કરવા માંગોછ?"

"એટલે? શું કરવા માંગુંછ, એટલે? ખુદા ખાતેર વાઇઝ, મને કશોજ જવાબ ના આપતો, કેમકે, મારી તુંને સલાહ છે કે હાલ તું એવી કોઇબી વાત કરવાના 'મુડ'માં નથી—વાસ્તે મારૂં માને વાઇઝ તો ઘેરે જઇને તું સુઇજ જા."

"નહીં, મીસ્તર! એ વાતનો નીકાળ જ્યાં સુધી નહીં થાય ત્યાં સુધી મારે કે તમારે ઘેરે જવાનું નથી. હું કાંઇ હાલ ખાણમાંના તમારા તાબેદાર ગુલામ તરીકે અહીં ઉભો નથી, તેથી તમને પુછવાની આજે સત્તા ધરાઉંછ કે તમે તે છોકરીનું શું કરવા માંગોછ?"

"છોકરી એટલે તું મીસ નેલીને વાસ્તે કહેતો હોય, વાઇઝ, તો પ્હેલે તો તુંને સલાહ એ આપુંછ કે તેવણને વાસ્તે તું માનથી બોલે તો સારૂં નહીં તો—"

"ને નહીં તો? નહીં તો તું શું કરવાનો વારૂં? ને તું તેની સાથે ઇજતથી વરતેછ કે? તું શું ગતમાં લોટેછ, રેવન, તે હું સારી રવેશે સમજુંછ—હું કાંઇ આંધળો નથી; મેં જોયું કે પ્હેલેથીજ તારો ડોળો એ છોકરીપર ખોભાયલો હતો. તારૂં નખ્ખોદ જાય તે તારૂં અહીં આવવાનું કામજ શું હતું? તું મોટો કેળવાઇને કંન થયલો, શીખેલો ભણેલો, મોટાઓમાં ખપનારો મોટો, તું અહીંથી પટતો કેમ નથી? તું અહીં તારાં નેહસ્ત કદમ લાયો તે અગાઉ અમે બધાં કેવાં અહીં સુખી હતાં? જોઇયે કામ કર્યે, જોઇયે ઘેરે બેસ્યે, કોઇ કહેનાર કે પુછનાર નહીં ને તે છોકરીબી મારી સાથે કેવી ભલી, નમાની ને સાલેસ હતી? ને હમણાં કેવી તોછડી તરકરી થઇ ગેઇછ? હું જાણુંછ એ તેને બધું કોણ સીખવેછ તે! રેવન, તેં તારી ચાપલુસીથી તેને મારી પાસેથી ખુંચવી લીધી છે—પેલા ગબડી પડતા પથ્થર તળે દબાઇ મરતાં તેને તેં બચાવી એમ કહેવા માંગેછ—એમ તો મેં બી તે લાદીને ગબડી પડતાં

જોઇ'તી, પણ તેમાં કશોજ જોખમ હતો નહીં–એ બધું સસ્તું માન ખાટી જવા તેંજ રોખરૂં જગાડયું ને ત્યારથી બસ—"

"વાઇઝ, ડાહ્યો થા ને હજીબી કેહુંછ કે તું થોડું બોલ–તારા જેવી હાલતમાં એક ઇનશાન હોય તેની મને ખરેખર દયા લાગેછ, તુંને જરા વધારે પડયોછ ને તું વળી અદેખાઇના આવેશમાં—"

"જુઠું! સરતાપા જુઠું–મેં મુદ્દલ પીધોજ નથી. એવી એવી વાહ્યાત વાતોથી એક ભોળી છોકરીને કદાચ તું બનાવી જાય, પણ મને તું ઠગી નથી શકવાનો, ને તેથી ફરીથી હું પુછુંછ કે તે છોકરીનું હવે તું શું કરવા માંગેછ? તેને અહીં તેની નચીંતાઇમાં છોડી ચાલતા થવાનો તારો વિચાર છે કે કેમ તે—"

"વાઇઝ, જો તું કહેછ તેમ તેં પીધેલો નહીં હોય તો હું ધારૂંચ કે તું મૅડ હોવો જોઇયે. મેહેરબાની કરીને નેલીની તું વાતજ ના કર, ને અહીંથી મારા પટવાની વાટ જોતો હોય તો આય મારો છેલ્લો ઠેડાવ સાંભળી લે કે અહીંથી ખીસવાનો મારો જરાબી વિચાર નથી–અને તેવો કાંઇક વિચાર મારો હોતેબી તો તારી આજની મારી તરફની રીત ભાતથી તે વિચાર ફરી જતે. ચાલ બસ? જા, હવે એવી વાહ્યાત બકવાટ કરવાને બદલે સીધો તારે રસ્તે ચાલ્યો જા."

"ત્હારે તું એનો પીછો નહીંજ છોડવાનો, નહીં? જો, સાંભળ, વચ્ચે બોલ ના; તું અહીં આયો તે અગાઉ અમો બેઉ વચ્ચે મામલો એવો હતો કે તે મારી પરણેતર થઇ–આહ! તું હસેછ ની? મારી ઠેકડી કરેછ કે જાણે—"

"નહીં, વાઇઝ, હું જરાબી હસતો નથી, પણ મને લાગેછ કે તેં બાંધેલા વિચારમાં કાંઇ તેં મોટી થાપ ખાધી હોવી જોઇયે. પણ જે ગમે તે હોય, તે વાત હું અહીં ચારવવા માંગતો નથી. તારે હવે જવાનો વિચાર નહીં હોય તો, સાહેબજી, હું જાઉંછ."

"નહીં! મને જે તે જવાબ આપ્યા વગર ગીયોછ, તો આય

ખાણુનાં ઉંડાણમાં તુંને ગબરાવી દેવસ."

"એ મતલબ તો તારી હું કયારની ચેતી ગીયો'તો. તું વાઇઝ મજબુત છે ખરો, પણ એ કામ કરવા જેટલો તું મજબુત કે હીંમત-વાન તો નથીજ! ચાલ બાજુ જા! તારી સાથે વ્હેંચી લેવાની મારી મરજી નથી—મને ચાલી જવા દે!"

અને વાઇઝે કલીફર્ડ પર એકદમ હુમલો કરી તેને જવાબ દીધો, પણ કલીફર્ડ, વાઇઝ તરફના એવા કાંઇક આવકારની તૈયારીમાં કયારનો હતો. તે ધારતોજ હતો કે તેની સામે ઉભેલો હેવાન તેને એકુ લપડાક લગાવવાની યા તેની ઉપર એકાયક તુટી પડવાની શેખી તો કરશેજ અને તેથી મજબુત ઉભો રહી તેણે પોતાનો બચાવ કીધો. તેઓ બેઉ એક મેકને બાઝી પડયા. બેઉ જોરમાં એક સરખા હતા, બેઉના પગ સ્થિર અને મજબુત હતા, છતાં વાઇઝની વિરૂધમાં જે ગેરલાભ હતો તે એ કે વાઇઝ ઉશ્કેરાયલી હાલતમાં હતો અને કલીફર્ડ તદ્દન હજીબી શાંત હતો.

"વાઇઝ, તું મને નાંખી નથી શકનાર, પણ મારીથી તું ઉડી જતો રહેસે. હજીબી સાંભળ ને આય પંચાત માંડી વાળ."

જવાબમાં વાઇઝે દાંત કચકચાવ્યા અને એક ઝટકે પોતાના હમન-બરદને તે પગવાટની કીનારીપર ઘસડી લઇ જવાની એક જીવતોડ કોશેશ તેણે કીધી. કલીફર્ડે જોયું કે એ આદમી સાથે સમજાવટ-થી કામ લેવું તદ્દન ફોકટ હતું, એટલે તેણે અકરૂં બેઠક મારી કમર-માંથી વાઇઝને ઉંચકયો અને વાઇઝે તેનો લીધેલો કબજો એક ઝટકે છોડવી તેને દુર ફેંકી દીધો.

વાઇઝે એક ચીચ્યારી મારી અને તે નીચે હેઠાંણમાં ગબડી ગયો! અને કલીફર્ડે પછી જરા વારમાં નીચે પથ્થર સાથે કાંઇ અફળાતાં સાં-ભળ્યું. તે એકાદ બે પલ થોભ્યો અને પછી કાંઇજ અવાજ નહીં આવ્યાથી તે પોતાની બંગલી તરફ દોડી પ્હોંચ્યો જ્યાંથી એક હરીકેન

લેન્ટર્ન લઇ જે જગ્યે વાઇઝને તેણે ગબડી જતાં જોયો હતો, તે તરફ તે આવ્યો, તો તેને વાઇઝ માથે હાથ દઇ અકરૂં બેઠેલો જણાયો. કલીફર્ડ ફાનુસ સાથે તેની આગળ આવતાં તેણે ડોક ઉંચકી જોયું. કલીફર્ડને જોઇ તે જંગલી ભુંડની માફક ધુરકયો. કલીફર્ડે તે બતીની મદદથી જોયું કે તેના ઉજળા પુણી જેવા ચ્હેરાપર લોહીનો રેલો ચાલી રહ્યો હતો.

"અલો, વાઇઝ!" કલીફર્ડ બોલ્યો "તુંને કાંઇ વાગું કે? ઘણું તો નથીની? કાંઇ કેઠે હાડકાંમાં ઇજા તો નથી થઇ? જોઉં મને તપાસવા દે."

"દુર ઉભો રહે" વાઇઝ બરાડ મારી ઉઠયો.

"ચેડો ના થા, વાઇઝ એમ ખાર નહીં રાખ્યે. આપણી મારામારી પ્રમાણીક હતી–એમાંથી એકુ તો હારતેજ કેની? ને હુમલો તો મારી ઉપર તેં કીધો–મેં કાંઇ તારાં આંગને પ્હેલે હાથબી લગાડયો? ચાલ, લે મારો હાથ પકડીને મારી બંગલીમાં આવ."

વાઇઝનાં ધ્યાનમાં તેની એ વાત ઉતરી હોય તેમ તે ઉઠયો અને લંગડાતો લંગડાતો કલીફર્ડની બાજુએ ચાલતો થયો, પણ કલીફર્ડે તેને આપવા માંગેલી હાથની મદદ તેણે તુચ્છકારથી ના પાડી.

"ચાલ આવ બેસ અહીં" બંગલીમાં પ્હોંચતાં એક ઇઝીચેર આગળ ખેંચી કલીફર્ડ બોલ્યો "એમ બચ્ચાંની માફક છેડાયછ શું? ઉભો રહે તુંને એક કપ મજેહની ગરમ ગરમ કાફી બનાવીને આપું કે તારો જીવ હુસ્યાર થઇ જશે."

એમ બોલી તેણે પોતાનો કોટ કાઢયો અને તેમ કરતાં વાઇઝને તેના ડ્રેસ તરફ એકી ટગરે ટીકતો જોઇ કલીફર્ડ બોલ્યો "મારા ભપકાનો વિચાર કરેછ કે, વાઇઝ? ખાણના એક મેનેજરને માટે જોઇયે તે કરતાં બહુ ભપકો મેં કીધોછ, ખરૂં કેની? વાઇઝ, વાત એમ છે કે મેં આજે ઘણી સારી ખબર સાંભળીછ ને તું મને મારી નાંખવાની વાત લઇ બેઠો'તો!"

વાઇઝનો ચ્હેરો જો કે શાંત તો હતોજ નહીં પણ તે છતાં કલીફર્ડને મોંઢે તે ખુશીની વાત સાંભળી ગુસ્સાથી લાલચોળ બની ગયો. તે ગધ્ધો—અક્કલનો અંધો એમ વ્હેમાયો કે નેલીએ કલીફર્ડ સાથે પરણવાનું કબુલ કીધું હસે અને તે કલીફર્ડને મનસે ખુશીનીજ વાત હોવી જોઇયે!

"પણ ચાલ કાંઇ નહીં" કલીફર્ડે ભોળાઇથી પોતાનું બોલવું ચાલુજ રાખ્યું "આપણે હવે આપણા વચ્ચેના વાંધાની વાત કરવી નથી, ને દોસ્ત વાઇઝ, મારૂં જો માને ને તું સુખી થવાનો હોય તો મીસ નેલીનો વિચાર તારાં મગજમાંથી કાઢી નાંખજે; નેલી ઉપરાંત આય તરફ બીજી ઘણી છોકરીઓ છે! ને હા, એક બોલ બીજો ને પછી હું તુંને કાંઇજ કહેવાનો નથી. આ તારી પીવાની આદત તું છોડજે, જેમ કરવું તુંને ભારી તો લાગશે—ને વારૂં હું એમ કેહું કે તું થોડા દાહાડા કેઠે બાહારગામ કાંય નહીં જતો? ને જો, મનમાં ઓછું ના લેતો, પણ હાલ જરા તુંને પૈસાની ભીડ હોય તો લે થોડાક હું આપું ને કેઠે જા, ઓહો! કીટલી તો તપી ગેઇ."

"જરા કોલસા બરાબર કરવા જોઇયે" વાઇઝ એક તવાથો ઉંચકી બોલ્યો.

"નહીં, નહીં, તું હાથ ના લગાડતો, આતશ ઉલટા ખોરાઇ જશે. પાણી થઇ ગીયુંછ, ચાલ હવે કાફી પૅાટમાં નાંખીને પાણી રેડું."

એમ કહી પેલી કીટલી સગડીપરથી ઉંચકવા તે વાંકો વળ્યો, કે વાઇઝે ઝટ પેલો તવાઠો ઉંચકી કલીફર્ડનાં માથાંપર એવો તો જોરથી કકડાવીને માર્યો કે પેલી કીટલી એક ગમ ઉડી ગઇ ને કલીફર્ડ બીજી ગમ પછડાઇને પડયો!

વાઇઝ તે બેફામ મરતે હાલ આકાર આગળ ઉભો રહી ખડખડ હસ્યો:

"મારી ટાઢાં પાણીએ કાસલ પટાવવા નીકર્યો તો, નહીં? ચાલ,

બચ્ચા રેવન, હવે તું સીધાર ને સેવક તો પગ દાટીને અહીં રહેશે! બસ, મરીજ ગયો હવે એ નહીં ઉઠે! હવે શું કરૂં? બંગલીને આગ લગાડું?"

એકાદ બે પલ એ વિચાર તેને મજેહનો લાગ્યો અને તેણે પેલી સગડીમાંથી ચીપ્યા વડે બે ત્રણ બળતા કોયલા લીધા સો, પણ પછી તે અચકાયો.

"નહીં, બચ્ચા સળગતાં વાર લાગશે ને સળગ્યા અગાઉ ધુમાડો થઇને બધે ફેલાઇ જશે, ને તેટલાં બધાં આવી લાગશે."

ત્યાર બાદ, તેને એક બીજો વિચાર સુઝયો, અને તે બારણાં આગળ જઇ કોઇ તે તરફ આવેછ કે કેમ તે સાંભળતો ઉભો, અને કાંઇજ અવાજ નથી આવતો એમ પોતાની ખાતરી કરી, તે વાંકો વળ્યો અને કલીફર્ડનાં શરીરને ઉંચકી પોતાની ખાંધે માર્યું અને બંગલીમાંથી બાહાર નીકળી દુર જઇ ખડકોના એક ઢગપર તેને એવી રીતે મુકયું કે કલીફર્ડ જાણે પડીને અકસ્માત મરી ગયો હોય તેમ જણાય!

પણ નહીં, તેમ કરી હજી તેનું પાપી મન ધરાયું નહીં. વળી તેને એક ત્રીજો ખ્યાલ સુઝયો. તે જયાં હતો તેની જરાક દુર એક પતરાંનું 'શૅડ' હતું, જયાં કલીફર્ડ સુરંગનો દારૂ બતી વિગેરે રાખતો હતો એમ તેને માલમ હતું. વાઇક્રે ત્યાં જઇ થોડોક પાઉડર અને બતી (ફયુઝ)નો ટુકડો લીધો અને પાછો કલીફર્ડને જયાં તેણે મુકયો હતો ત્યાં તે આવ્યો. પેલા પાઉડરને, જ્યાં તે કલીફર્ડ પડેલો હતો ત્યાંના એક ખડકની ફાટોમાં પુર્યો અને ત્યાં પેલી 'ફયુઝ'નો એક છેડો ખોસી બીજો છેડો તે નાપાકે સળગાવ્યો.

"ચાલો, એની કબર ખોદવાની ખટપટજ નહીં" તે માણસાઇ રૂપી દૈત્ય—તે ઇનશાનના અવતારમાં સેતાન હસીને બોલ્યો. "બીચારો મીસ નેલીને બચાવવા બાહાર પડયો'તો! ચાલ હવે તુંને કોણ બચાવેછ, તે જોઉ?"

તે ગયો—તે દીલ અને દીનનો દુશ્મન ત્યાંથી અફે દફે થયો અને તે ડેસમન્ડ કારલ્યન બીચારો હીલ્યા ચાલ્યા વગર ત્યાં એકલો અટુલો વાય જહાંન પડયો હતો, જેનીથી સ્હેજ દુર, પેલી સળગાવેલી ફ્યુઝ પેલા પાઉડર તરફ 'સુર—સુર—સુર' અવાજ કરતી બળતી દોડતી હતી!

પ્રકરણ ૨૬ મું.

લીડકોટ તરફ આતશબાજી પુરી થવા આવી હતી, અને ત્યાં જમા થયલું લોક વૅાટરલુની લડાઇના દેખાવની આતશબાજી જોતું ઉભું હતું.

"પપા, હવે આપણે જઇશું?" નેલીએ લગભગ આય વીસેકમી વખત પોતાના બાપને પુછયું, કેમકે, કલીફર્ડના જવા સાથેજ જાણે તેણીની મજાહ કોઇ ભેદી રીતે જતી રહી હતી, અને ત્યાંની ગડબડ સડબડ અને ધધુખર ધાંધળ અકારી પડી જઇ તેણી કાંઇક રવેશે બીહીકણ અને નરવસ બની રહી હતી.

"હા, નેલી, ચાલ હવે આપણે જઇયે—તુંબી દીકરી થાકી ગેઇ હોસે—અર્લ થવામાંબી કેવી મોટાઇ છે ને આજે આપણો મી૦ રેવન કેવો ફાંકડો લાગતો હતો! જાણે મેં તો એને પ્હેલી નજરે ઓળખ્યોજ નહીં! ને તું મારૂં કહેવું યાદ રાખજે કે એ કોઇ ખરો ગૃહસ્થ છે. હું તો પ્હેલેથીજ કહેતો આયોછ, ને હું નહીં ધારતો કે ખાણમાં એ ઝાઝા દાહડા કાઢે!"

નેલી કશુંજ બોલી નહીં. બાહાર નીકળવાના દરવાજા આગળ લોક ઘણું ભેગું થયલું હતું અને જેમ તેમ મુસ્કેલીએ બાહાર નીકળવાની તજવીજ કરતાં તેઓ—તે બાપ દીકરી—ખાણના મજુરોની એક ટોળીના ફોરમેન આગળ આવી ઉભાં, જે તેઓને જોતાંજ પોતાની ટોપીને માનથી હાથ લગાડી બાજુ થઇ ઉભો!

"મી૦ રેવનને તેં કેઠે જોયોછ કે?"

"નહીં સાહેબ, તેવણ મને દેખાયા નથી ને વાઇઝબી નજરે નથી પડયો. મને લાગેછ, સાહેબ, કે તે લોક બેઉ ઘેરે ગીયા હોસે. વાઇઝ તો કયારનો ઘેરે જવો જોઇતો હતો" એમ બોલવામાં તેની મતલબ હોય તેવું મોંહ કરી તે બોલ્યો.

તે એમ બોલ્યો ખરો પણ તેનાં બોલવાની અસરથી નેલીને લખલખું ભરાઇ આવ્યું અને તે બાપનાં પાંસાંમાં વધારે ભરાઇ, કેમકે તે આદમીનું નામ સાંભળીનેજ તેને કાંઇ બુરી આગાહી થઇ.

આખરે તેઓ બાહાર નીકળી શકયાં અને મોટા રસ્તાપર આવ્યાં.

"નેલી દીકરી, આપણે ગાડી લાવવી હતી, રાત એક તો અંધારી છે ને લોક એટલું બધું છે કે કાંઇ ને કાંઇ અકસ્માત થયા વગર નથી રહેવાનો એમ મારૂં મગજ ઠણકેછ. આય પોર્યાઓમાંના કોઇક મને લાગેછ કે રડીને ઘેરે જવાના ને હવે કાલે કામપર આવતા ડોસા થયા. રેવન ગીયા હોસે કે નહીં, કોણ જાણે?"

"હા, હા, એવણ તો ઘેરે પુગાબી હોસે—ચાલો પપા, જલ્દી ચાલો!"

"પણ, ઉભી રહેની! કેમ ચાલું? હવે તુ કહેતો ઉડું! તું એમ વીર તીરમાં આજે કાંય પડી હોસે?"

જરાવારમાં તેઓ બન્ને ખાણના ઢળાણ તરફ આવી લાગ્યાં.

"ચાલ હવે, નેલી, ઘેર નજીક આયું—તું તો ખરેખર, દીકરી, થાકી ગેઇ હોસે."

"હા, પપા, હું થાકી ગેઇછ" એટલું બોલી તે ખાણનું શીહા એકાંત જોઇ નેલી ધ્રુજી.

"ઠંડી વાગેછ, નેલ?"

"નહીં, પપા, મને અમથું કાંઇ લખલખું ભરાઇ આયું. ખાણમાં એટલું અંધારૂં અને એટલું એકાંત છે, ને પપા આય પગવાટની આય કોરે તમે એક પાળ નહીં બંધાવી લેવો? કોઇ અજાણો આય વખતે અહીંથી જતો હોય તો અહીંથી બીચારો ઉઠળાઇ જયા વગર રહે નહીં ને—"

મી૦ ઉડ આજે પોતાની દીકરીને એ કીસમે વાત કરતાં જોઇ અજબ થઇ હસી પડયો.

"એ આજે તુંને શું થયુંછ, નેલી? અહીં આપણે કે આપણાં માણસો સિવાય આવેછ કોણ ને જાયછ કોણ? ને તેઓમાંથી કોઇ 'ગરગર' હોય તો તે ઉઠલાઇબી પડે તેમાં શું નવાઇ? જો પેલી ઘેરમાં-ની બારીમાંથી બતી દેખાવા માંડી, નેલ, ને પેલી ખાણમાંની બંગલી-માંથી બતી દેખાયછ, એટલે હવે મી૦ રેવનબી સહીસલામત ઘેરે પ્હોંચ્યા હોસે ને—એ પણ, નેલી એ તુંને થયું શું આજે?" મી૦ ઉડે ગભરાઇને પુછ્યું કેમકે તે વખતે નેલીએ પોતાનો હાથ તેવણની બગલમાંથી ખેંચી લીધો અને તે પગવાટની કોરપર વાંકીવળી દુર કાંઇ જોવા લાગી.

"શું જોયછ, નેલ?"

"પપા, જુવો! બારણું તદ્દન ખુલ્લું છે!" મી૦ ઉડેબી ટીંગાઇને જોયું તો તેવણનેબી બંગલીનું બારણું ઉંઘાડુંજ દેખાયું.

"હા, ઉંઘાડું છે, ને તેથી શું થયું? તેને ગરમી પડતી હોસે તે હવાને માટે બારણું ખુલ્લું રાખ્યુંછ."

"ગરમી? આય ગરમી કહેવાય કે, પપા? નહીં; પપા, હું નહીં ધારતી કે તમે જે કેહોછ તે કારણ હોય!"

"વારૂં, નહીં હોય તો; ને બારણું ઉંઘાડું રાખયુંછ તો એની મરજી–તુંને થયું શું નેલ, એમ પુછ્યું?"

"તે હું નહીં જાણતી–ને પપા તેવણ અંદર હોસે કે? કાંય નહીં કદાચ કોઇ પારકો કે કોઇ ચોર અંદર ઘુસ્યો હોય!"

"ચોર? એ બંગલીમાં ચોર ભરાઇને શું માથું ફોડે? શું ચોરે? મી૦ રેવનની સોના રૂપાંની પ્લેટ કે તેવણનાં ધણ્યાણીની હીરા મોતીની જણસો? જા–જા–એમ ઘેલી ના થા, નેલ."

"હું જાણુંછ, પપા, હું ઘેલી છેઉં–પણ મને કાંઇ ગભરાટ થાયછ–

એકાદ બે મીનીટ અહીં ઉભાં રહીને જોઇયે–સાંભળયે! મને એમ લાગેછ કે ખાણમાં કોઇ ચાલેછ!"

મી૦ ઉડ ભવાં ચઢાવી કાન દઇ સાંભળતા ઉભા.

"છટ, છટ, નેલ, તુંને કાંઇ અવાજ અમથો આયો હોસે. મને તો કોઇ નહીં લાગતું–ને આવી રાત્રે બાહાર નીકળે કોણ? આય ખાણ તે કાંઇ સુન્ના–રુન્નાની છે કે લોક લલચાઇને આવે?"

"નહીં, પપા, મને બરાબર અવાજ આયો, એ–જુવો વળી સાદ આયો. જહાં છે તહાં કોઇબી અહીં તહીં ફરેછ ખરૂં; મને તો લાગેછ, રખે તેના ચાલવાનો અવાજ કોઇને સંભળાય એમ બીહી–બીહીને કોઇ ચાલેછ!"

"જાણે ત્રણ વરસની બુચી! ચાલ ઘેર, નહીં તો તું મને ઘેલો કરી નાંખશે" એમ બોલી તે બુઢો પોતાની દીકરીની પાંખડી પકડી પાછો ચાલતો થયો.

નેલી તેની સાથે ચાલી ખરી, પણ ઘેર પ્હોંચતાં સુધી પછવાડે ફરી ફરીને તેણીએ જોયાજ કીધું અને જેવાં ઘેર પુગ્યાં કે મી૦ ઉડે તુરત બ્રાંન્ડીની બાટલી કાઢી અને થોડાક ગ્લાસમાં નામી જરા તેમાં પાણી ભેળી નેલીને આપ્યો.

"લે, આય પી જા, નેલ, ને ચાલ સુઇ જા, ને વ્હેલી હસ્તી રમતી ઉઠજે."

તેણીએ તે બ્રાંન્ડી પીધો અને પોતાના નાનકડા રૂમમાં તે સુવા ગઇ. તેણી સુવાતો ગઇ, પણ તેણીની ગોયા કપડાં ઉતારવાની હીંમતજ નહીં થઇ. તેણીનાં મગજનો પેલા અવાજનો ધખારો હજી દુર થયો ન હતો. તેણી પોતાના તે ઓરડાની વચોવચમાં ઉભી રહી સામી બારીમાંથી ખાણ તરફ એકી ટગરે જોતી કાંઇ અવાજ સાંભળવાની તે આશામાં હોય તેમ ઉભી રહી.

તેણીનો ચ્હેરો ઉજળો પુણી જેવો થઇ રહ્યો હતો અને તેણીનું

આંગ ગભરાટથી પાણી પાણી થઇ ગયું હતું, તે કાંઇ થાકી ગઇ હતી તેથી નહીં, પણ તેણીને ગોયા કાંઇ બુરા બનાવની આગાહી થતી રહી હતી તેથી હતું. આખરે તેણીનાં મગજમાંનો તે ધખારો એટલો તો વધી ગયો કે તેણી ઓરડામાંથી બાહાર પડી દાદર ઉતરી નીચે ગઇ અને હળવેથી બારણું ઉઘાડી તે બાહાર પડી.

થોડાજ વખતમાં રેવનની બંગલી આગળ તે આવી પ્હોંચી અને સંભાળથી તેણીએ ચીમાઇને તેમાં જોયું.

તે બંગલીમાંના કોઇબી ઓરડામાં કોઇજ ન હતું. ટેબલપર એક બતી હતી, અને સગડીમાં આતશ ધગધગી રહ્યો હતો, જેની ઉપર ગોઠવેલી કીટલી, એનજીનની ચીમની માફક સ્ટીમ કાઢી રહી હતી, પણ તે ઓરડો તમામ એકાંત અને ખાલી હતો. ખચીત, એમ બધું જ્યાંનું ત્યાં રહેવા દેઇ બારણું ખુલ્લું રાખી તે સુવા જાય તેવો તે આદમી નહીં હતો. આસ્તે રહી બીહીને તે અંદર પેઠી અને તેનું નામ દઇ તેને બોલાવ્યો.

એકાંત—અઘોર એકાંત!

તે હવે પેલી સગડી આગળ ગઇ અને તે પરથી કીટલી નીચે ઉતારવા તે ઉંચકી તો તેણીની નજરે નીચે ગલીચાપર ભીણાસ પડયો. પછી તેણીની નજર ત્યાંની ટેબલપર ગઇ, તો તે કોરવંકી એક બાજુએ પડેલી અને તે પરના ગ્લાસ તમ્બલર અને પ્યાલાં રકાબી દુર ફેંકાઇ ને જમીનપર પડેલાં તેણીએ જોયાં.

તેણીને તે ઘણું અજબ જેવું લાગ્યું.

બારણું ઉઘાડુ—સગડીપર કીટલી—પ્યાલાં રકાબી અને ગ્લાસ તમ્બલર જમીનપર ભાંગીને ભુકો થઇને પડેલાં—અને રેવન કેવી સ્વચ્છ આદતનો આદમી! અને પેલો ગલીચાપરનો ભીણાસ શાનો હતો? તેણી વાંકીવળી અને તે ભીણાસપર પોતાનો હાથ મુકયો અને હાથને તે ભીણાસ લાગ્યો જે તપાસવા તે હાથ તેણીએ પોતાની આંખો આગળ

ધર્યો તો એ ખુદા! તે ચોંકીને ઓરડામાંથી નાહાસી ઝટ બાહાર આવી કેમકે તે હાથ તેણીએ લોહીથી ખરડાયલો જોયો!

પાછી જીવ જરા ઠેડવીને તે અંદર ગઇ અને બીજા પાસેના ઓરડામાં તેણીએ ડોકાવ્યું તો તે ઓરડો પણ તેણીને ખાલી જણાયો!

હવે કુદરતી તેણીને હીંમત આવી. તેણીની બીહીક કોણ જાણે કયી શકતીને આધિન થઇ જતી રહી. ઝટ તેણીએ પોતાનાં માથાંપરની પેલી શૅાલ બાજુ ફેંકી દીધી અને ત્યાં મુકેલું હરીકેન લેનટર્ન હાથમાં લઇ તે બાહાર દોડી આવી. પછી તે ફાનુસને છેક નીચે પકડી જમીનની તેણીએ તપાસ કીધી તો તેપર તેણીએ પટલી લાલ લીટી પડેલી જોઇ.

પ્રકરણ ૨૭ મું.

તે લીટીને એક ભોમ્યા સમાન ગણી તે લીટીની બરાબર તે ઝડપથી ચાલતી થઇ, અને તે લીટીનો છેડો આવતાંજ તેણીએ પોતાના હાથમાંનું ફાનુંસ નીચે જમીનપર મુકી દીધું અને ગુથણ મરડયે જમીનપર તે બેસી પડી અને જે દેખાવ તેણીની નજરે પડયો તે જોઇ તેણીએ પાહાડનાં પેટાંમાંબી ફાટ પડે એવી ચીસ પાડી; બાદ તે ત્યાં પડેલાં ઇનશાનનું માથું ઉંચકી તેને પોતાની છાતીપર ટેકવી તે ભોંયપર ફસડાઇને બેઠી અને પોતાનું માંથું તેણે તેનાં ચ્હેરાપર આસ્તેથી મુકયું. તે ચ્હેરો તેણીને તદ્દન ઠંડોગાર લાગ્યો, કેમકે રાતનો ઠંડો દવ તે ઉપર પંથરાઇ રહ્યો હતો. તેણીએ તેની છાટીપર હાથ મુકયો, પણ, તેણીને કશોબી ધપકારો જણાયો નહીં. હવે તેણીએ ફાટેલે ડોળે આસપાસ જોયું અને પેલી બળતી ફ્યુઝપર તેણીની નજર પડી. એકાદ બે મીનીટ તેણીએ તે તરફ ટીકીને જોયા કીધું અને તે શું મોહકાણ હતી તેની તેણીને ઝટ સમજ પડી.

એક બીજી ચીચ્ચારી સમેત તેણીએ તે પડેલાં શરીરને ઝટ હાથમાં

લીધું અને ઉંચકવાની તેણીએ તજવીજ કીધી, પણ તે તેણીને ઘણુંજ ભારી લાગ્યું–પણ, પ્યાર આગળ તે બોજાની શું બીસાદ? આસ્તે આસ્તે તેણીએ તે બદનને ઉંચકયું ખરૂં, અને તે જીવલેણ જગ્યેથી તેણી ચાલતી થઇ. નહીં ચલાયું, તેણીથી નહીં ચલાયું–પણ બીજો ઇલાજજ શો હતો? થોડાંક કદમ દુર જઇ, તેણીથી જયારે આગળ નહીંજ વધાયું ત્યારે તે શરીરને તેણીએ પાછું નીચે જમીનપર મુકયું પણ તેટલાં તેણીની નજરે આતશના ચમકારા પડયા અને તેણીએ જાણ્યું કે તે નખ્ખોદયો દારૂ અંતે સળગ્યો હતો! ઝટ તેણી એક ત્રીજી ચીચ્યારી પાડી તે શરીરને જાણે કોઇ આવતી આફતમાંથી તેણી બચાવતી હોય તેમ તે આખું ઢંકાય તેમ તેની ઉપર તે સુઇ ગઇ–જરાવારમાં આસપાસની કુદરત ધ્રુજી ઠહરી રહે તેવો મોટો ધડાકો થયો અને પથ્થરનો ગોયા એક જોશબંધ વર્ષાદ ત્યાં વર્ષી રહ્યો!

તે પથ્થરોની કપચીઓ તેણીને કપાળપર લાગી અને તેમાંથી લોહી જવા છતાં તેણી ઉઠીને ઉભી થઇ અને મોટે ઘણીજ મોટે તેણીએ બુમ પાડી–

"પપા! ઓ પપા!"

"કોણ છે? નેલી કે?" દુરથી સાદ આવ્યો અને જરાવારમાં પ્હેડી સુવાનાં કપડાં સાથેજ ઉંઘાડે પગે તેણીનો બાપ તેણીની પાસે આવી ઉભો.

"પપા–મી૦ રેવન!" તેણી તે પડેલાં શરીર તરફ હાથ બતાવી હાંફતી હાંફતી બોલી–

"તેવણ બીચારા મરી—"

"કોણ? નેલી? તું અહીં? ઓ, મારી નેલી, તુંને લોહી—"

"નહીં–નહીં, પપા હું તો સારી કાંની છેઉ એવણનો જાન ખતમ થઇ ગીયોછ–પણ આય સુરંગથી નહીં–નહીં, પણ—"

મી૦ ઉડે તે કલીફ્‌ર્ડનાં શરીરને તેણીની મદદથી ઉંચકયું અને

બંન્ને તેને પેલી બંગલીમાં લઇ ગયાં, અને ઝટ મી૦ ક્લીફ્ફર્ડનાં કપડાંનાં બંધ તેણે છોડી નાંખવા માંડયાં, પણ તેથીબી જાણે તે પ્યાર ઘેલી છોકરી અંદેખી પડી હોય તેમ પોતાના બાપને ખસેડી નાંખી તે બોલી—

"તમે રહેવા દેવો–એ હું કરૂંછ–તમે દાકતરને બોલાવી લાવો."

"ને તુંને છોકરી અહીં એકલી છોડી જાઉં?"

"હા, હા, મને કોણ ખાયછ–કરડેછ? ઓ, પપા, તમે મને ચાહતાજ હોવ તો જલ્દી જાવો–દોડો ને દાકતરને બોલાવી લાવો."

તે બાપથી આ અરજગુજારી–આ કાલાવાલા સામે ટકાય તેમ ન હતું એટલે તે ત્યાંથી ઝટ ચાલતો થયો.

તેટલાં તે છોકરીએ ઘણીજ નજાકતથી તે જવાનનાં કપડાં ઉતર્યાં અને તેનાં કપાળપર લાગેલો ઘા ધોઇ નાંખી તેના હોઠ ખુલ્લા કરી તે વાટે મોંહમાં બ્રાંન્ડી નાંખ્યો, અને પોતાની છાતીપર તેનું માથું ટેકવી તે દાકતર આવ્યાની વાટ જોતી બેઠી.

ઓ, તે મીનીટ ને તે ઘડી–અજબ જેવું છે કે આટલોબી વખત તે છોકરી જીવવાજ કેમ પામી? જીવતીજ કેમ રહી? એકગમ તે જવાન માટેનો તેણીનો અગાધ પ્યાર અને બીજીગમ તે પ્યાર સાથે ખેંચતાણ કરી રહેલી તે જવાનની અજલ એ બેની સોબતમાં તે બીચારી તેના જીવની રખેવાલી કરતી બેઠી હતી! આખરે કોઇ પગલાંનો આવકારદાયક અવાજ તેણીને કાને આવ્યો, અને જરાવારમાં તેણીનો બાપ અને દાકતર તે ઓરડામાં ધુસી આવ્યા.

તે દાકતરે તે શરીરને બધું બરાબર ધ્યાનથી તપાસ્યું.

"દાકતર, કાંઇ આશા જેવું લાગેછ કે?" મી૦ ઉડે નેલીને ખભાંમાંથી પકડી બીહીને પુછ્યું.

"કાંઇ સ્હેજ" તે દાકતર મોંહ કુમલાવી બોલ્યો, જે સાંભળતાંજ ગરીબડી નેલી પોતાના બાપને વળગીને રડી પડી.

"શુકરાના ખુદાના" તે બુઢો બોલ્યો "દાકતર જો બને તો ખુદાને

ખાતર એને બચાવો. તમે પૈસાની કાંઇજ વાણુ ના કરતા, તમે ગમે તો મારી સાથે એને સલામત ઉઠાડવાની ફી નક્કી કરો–મને તેની જરાબી પરવા નથી ને—"

"જલ્દી ગરમ પાણી મંગાવો" દાકતર બોલ્યો.

"દાકતર કાંઇ આશા જેવું છે કે?" નેલી ગરમ પાણી લેવા દોડી ગઇ તેટલાં મી૦ ઉડે રડમસ ચ્હેરે દાકતરને પુછ્યું.

"જ્યાં સુધી એક ઇનશાનમાં દમ જારી હોય ત્યાં સુધી આશા બધી–પણ વખત નકામો ખોહવો જોઇતો નથી; આવો–આપણે એવ-ણનાં બધાંજ કપડાં કાઢી નાંખ્યે. બીચારાને માર ઘણોજ સખત લાગોછ. જુવો અહીં! મીસ નેલી એવણની સારવાર કરી શકશે કે? નહીં તો કોઇ કાબેલ નર્સને બોલાવો—"

"હા, હા, તમે જેમ કેહો તેમ હું પોતે—"

એમ કહી તે ભલો બુઢ્ઢો બાહાર દોડયો, તેટલાં ગરમ પાણી લઇને આવતી નેલી તેને મળી. તે તેણીના હાથમાંથી પાણીનું વાસણ લેવા ગયો પણ તેની આગળથી પોતાનો હાથ ખસેડી લઇ તે બુમ પાડી ઉઠી–

"નહીં! મારા સિવાય કોઇનું એ કામ નથી. હું એકલીજ એવણ-ને ઉંચકી લાવી ને હું એકલીજ એવણની સારવાર કરસ. તમે દાકતર કાંઇ ફીકર ના કરો–બસ હું એટલુંજ માંગુંછ કે મને એવણની પાસે રહેવા દેવો–કોઇ બીજાંને ના બોલાવતા, નહીં તો—"

"ઠીક ત્યારે મીસ નેલી, મારે કબુલ છે" તે દાકતર બોલ્યો "એટલું યાદ રાખજો કે તેની હૈયાતી તમારા હાથમાં—"

"એવણની હૈયાતી! ઓ, ત્હારે એવણને જીવવાની આશા છે કે? તમે એવણને બચાવશો કે? તમે જેમ કહેશો તેમ હું કરસ."

દાકતર નેલીને સાથે લઇ કલીફર્ડના જખમો સાફ કરી પાટા બાંધતો ગયો અને તેના સંબંધમાં વધુ શું શું કરવું તે તેણીને તે સમજાવતો ગયો.

સહવાર પડી, સુર્ય ઉગ્યો, તે ઓરડામાં તડકાંની રેલ્જાલ આવી પણ કલીફર્ડ શુદ્ધિમાં હજી આવ્યો ન હતો.

રાબેતા મુજબ ખાણના મજુરો કામે આવ્યા પણ તેમને મી૦ ઉડે પાછા મોકલી દીધા અને તે દીવસે સઘળું કામકાજ બંધ રાખ્યું. તેમ કરવાનો સબબ તેવણે કોઇને જણાવ્યો નહીં, કેમકે, નેલીએ હાલ તુરત કાંઇબી ચુનાચેરા કરવાની તેવણને સખ્ત મનાઇ કીધી હતી.

"પપા, એવણ હુસ્યાર થાય નહીં ત્હાં સુધી કાંઇજ ગડબડ ના કરતા—કોઇને કશુંજ કહેતા ના."

"ને જે મુજીએ એ કામ કીધુંછ તેને છટકવા દેઉં? હું જાણુંછ કે એ કાંઇ અકસ્માતનું પરિણામ છેજ નહીં!"

"ને તે તો હુંબી જાણુંછ, પપા!" નેલી બોલી "પણ એવણ હુસ્યાર નહીં થાય તેટલાં આપણે કાંઇજ કરવું નહીં—ને પછી એવણ જેમ કહેશે તેમ આપણે કરસું."

પણ, તે હુસ્યાર થશેજ કયારે? એ મોટો સવાલ થઇ પડયો હતો—દાહાડા વહી ગયા, અઠવાડ્યાં થયાં, પણ તે બીચારો મોત અને જીવત વચ્ચે લટકી રહ્યો હતો! તો જો કે પૈસા અને તબીબી કુનેહથી જેટલું તેના સંબંધમાં કરવા જેવું હતું તે બધુંજ કરવામાં આવતું અને નેલી, કશી કહેવાની જરૂર નથી કે લંડનની પાસ થયલી કાબેલમાં કાબેલ નર્સનેબી બાજુ મુકે તેવી ખાતરદારીથી ખડે પગે સારવારમાં રોકાઇ રહી હતી.

એક દાહડે મી૦ ઉડ ધાંધળ કરતા અંદર આવ્યા અને કલીફર્ડના સુફેદ બરફ જેવા શાંત ચ્હેરા તરફ ટીકતા ઉભા.

"પેલો મને કેડેજ દેખાતો નહીં" તેવણ બોલ્યા.

"પેલો તે કોણ, પપા?" નેલીએ પુછ્યું.

"કોણ? વળી કોણ—પેલો વાઇઝ."

એ નામ સાંભળતાંજ તેણીની આંખોમાંથી આતશના ચમકારા નીકળ્યા.

"મને જ્યારે તેની જરૂર પડશે, પપા, ત્યારે એને હું શોધી કાઢસ" તે ધીમે ગંભીર અવાજે બોલી "એવણ મને ફરમાવે ત્હાં સુધી હું કાંઇજ બોલતી નથી-પણ પણ જો ખુદા કરે ને એવણ--" નહીં બોલાયું-તેણી જે બોલવા માંગતી હતી તે તે બીચારીથી નહીંજ બોલાયું.

નાતાળનું ટાંકણું આવી લાગ્યું અને તેને લગતી લીડંકોટખાતે થનારી ધામધુમની વાતો બધે ફેલાઇ રહી.

"આય બધે હસી ખુશીની વાત ચાલેછ ને એ બીચારો લાચાર લાઇલાજ થઇને પડયોછ તે જોઇ મને ઘણુ દુઃખ થાયછ" મી૦ ઉડ તે પડેલા કલીફર્ડ તરફ દયામણું મોંહ કરી બોલ્યા "એ જો સાજો થઇને ફરહર કરે કેની તો પેલાને જેલમાં મોકલવાનીબી દરકાર નહીં કરૂં; પણ તે હસીને મોજયાં મારે ને મારો આય ગરીબ ગાય જેવો મેનેજર--"

"ચપો, ચપો!" દાકતર એકાયક બોલી ઉઠયો.

નેલ્લીબી ચોંકી અને તે બીછાણાં આગળ ગુઠણ મરડયે બેસી પડી અને કલીફર્ડનો હાથ લઇ તેણીએ પોતાની ધડક ધડક થતી છા-ટીપર મુકયો.

"એ સુદ્ધીમાં આવેછ કે, ડાકટર?" મી૦ ઉડે પુછ્યું.

ડાકટરે ડોકું ધુણાવી હા કહ્યું.

"કોઇ કશું બોલતું ના" ડાકટર બોલ્યો અને તેણે એક ચમચી બ્રાન્ડી કલીફર્ડનાં મોંહમાં રેડયો. તેના હોઠ હીલતા જરા દેખાયા અને સઘળાં ત્યાં ઉભેલાંઓએ તેની આંખોને ઉઘડતી અત્યંત ખુશાલી વચ્ચે જોઇ.

પાછી ડાકટરે તેઓને તદ્દન ચુપ રહેવા પોતાના હાથની આંગળી નાકપર મુકી.

"એ હમણાં બોલશે-ગમે તે બોલે પણ કોઇ કાંઇજ જવાબ

આપતું ના."

"હું અર્લ કારલ્યન છેઉં" ક્લીફર્ડના હોઠ ફડફડયા અને તે બોલતો સંભળાયો. ડાકટરનો ચ્હેરો જે અત્યાર શુધી ખુશાલ હતો તે આ સાંભળી ગંભીર અને વિચારવંત થઇ ગયો.

"એ બીચારાને પવનની કસર જણાયછ; હવે એને તાપ આવશે-તમે લોક કાંઇ બોલતાં ના-તદ્દન શાંત રહેજો."

"હું અર્લ કારલ્યન છેઉં" ક્લીફર્ડ બડબડયો "તમે કોઇ સાંભળોછ કે? કારલ્યન-કારલ્યન હું અર્લ છેઉં" એટલું બોલી તેણે પાછી આંખ વીંચી અને તે ઉંઘમાં પડયો.

"મેં આય આશા નહીં રાખી'તી" તે ડાકટર બોલ્યો "હું તો જાણું કે શુદ્ધીમાં આવતાં તે બરાબર હુશ્યાર થશે. ગરીબ બીચારો!"

અને તેને માટેની દયાના આ છેલ્લા વકયે નેલીની હીંમત જતી રહી અને તે ડુસ્કે ડુસ્કે રડી પડી!

પ્રકરણ ૨૮ મું.

બૉલના મેળાવડાની બારવને સહવારે લૉર્ડ કારલ્યન 'ઇસ્કી-ટાટ' થઇને એક ખુરસીપર બીડી પીતો અરડાઇને બેઠો હતો. તેનો ચ્હેરો ઘણો ફીકકો અને ભખી ખાધેલો લાગતો હતો, અને તે કાંઇ અકરવકરમાં પડયો હોય તેમ તેનો આખો દેખાવ થઇ રહ્યો હતો.

બૉલનો તે મેળાવડો તદ્દન તે કીસમના મેળવડા ચાહનાર એથી મનનીબી મોજને તૃપ્ત કરે એવો ફત્તેહમંદ પુરવાર થયો હતો અને તે છતાં તે મેળાવડાને તેવો ફત્તેહમંદ બનાવવાને માટે છુટે હાથે પૈસો ખરચનાર તે ધનાઢય લખોપતી, અજબ છે કે, ઘુવડ જેવો ખાઉ કરકુ થઇને બેઠો હતો!

અને તેનું કારણ હતું-આપણે તે કારણને ગમે તેવું ઓછું વજણ

લાગુ પાડયે, તો પણ તે કારણુ તેને માટે જીવલેણુ જેવું પુરવાર થાય તેમાં કાંઇ નવાઇ ન હતી. તે કારણુ એ હતું કે કેટ તેની અદરાયલી મોહોરદાર હતી, છતાં, તેને 'નોકોહાં' કરી રહી હતી. ગઇ રાત્રે મેળાવડાની વખતે તે છોકરી તેને માટે એકબી મીઠો બોલ—એકબી પ્યારનો સોખન—ફાજલ પાડી શકી ન હતી. એમ ને એમ વિચારમાં અડધોક કલાક કાઢી તે હવે ખુરસીપરથી એક જાલેમ અવાચી ખાઇ ઉઠયો, અને મોંહમાં બળી રહેવા આવેલું શીગારનું ઠુંઠું ફેંકી દઇ તે બાહાર અગારીપર આવ્યો.

"એનું નખ્ખોદ જાય એનું!" તે દાંત ભીસીને બડબડયો "એ પોરીની મને જો દરકાર નહીં હોતે, એને જોતાંજ જો હું ઘેલો દીવાનો નહીં થયો હોતે તો આજેજ તેનો લટકો ફટકો કરી નાંખતે. કેવી મજેહની રમકડાં જેવી છે—કાલના મેળાવડામાં આટલી છોકરીઓ હતી પણ તેમાંની કોઇબી એ છોકરીનાં બુટ સાફ કરવા લાયકનીબી મેં નહીં જોઇ, ને જેટલી ખુબસુરત છે તેટલીજ મગરૂરને મીજાસીબી છે, ને તે છતાં હસીને વાત કરેછ ત્યારે એવી ગરીબ ને નમાની લાગેછ—ને અમે અદરાયાંછ ત્યારનો હું તેની તરફથી એક મીઠો બોલ મેળવવાને બેનસીબ! કોઇપર તે મોહીત તો નહીં પડી હોય? કોઇયે તો તેનું દીલ ચોર્યું નહીં હોય?" અને એ વિચારેજ તેને એવો ઝનુંની બનાવ્યો કે આગળ બોલતાં તેનું ગળુંજ જાણે ચાંપટાઇ ગયું.

"નહીં! તેવું કાંઇ હોસેજ નહીં—હોય કોણુ? તેમ હોય તો માલમ પડયા વગર—ખાસ કરીને—મને જણાયા વગર રહે? કાંઇજ નહીં હોસે! એવો એનો સ્વભાવજ હોસે!"

એટલું બોલી ખુશનુમાં સહવારની શાંતીમાં કાંઇક રાહત અને સંતોષ મેળવવા તે પેલા ઝરૂખાપર આવ્યો અને આગળી રાત્રે જ્યાં કેટ ઉભી હતી ત્યાં આવીને ઉભો રહ્યો કે તેની નજર આગળથી કાંઇ સુફેદ ચીજ ઉડી જઇ તેના પગ પાસે પડી.

તે હાલ એવી હાલતમાં હતો કે તે સુફેદ ચીજ જોઇ ચોંકયો અને કાંઇ નહીં જણાયલા સબબસર ગભરાટમાં પડયો અને પછી તે ચીજ જે તરફ ઉડી જઇને પડી હતી ત્યાં તેણે નજર કીધી તો તેને તે કાંઇજ નહીં પણ એક પરબીડું દેખાયું. તે તેણે ઉંચકયું. તે ઉપર કોઇ શીખાઉને હાથે લખ્યું હોય તેવા અક્ષરે તેણે પોતાનું નામ લખેલું જોયું.

"એ પરબીડું કહાંથી ઉડી આયું?" તેને તપાસ્તો તે બડબડયો.

પ્હેલે તો તેને વિચાર થયો કે માણસોને બોલાવી જોવડાવે કે તેની સાથે એમ ચેડાં કાઢનાર કોણ મુજી હતો, પણ પછી ધીરજ રાખી તેણે તે પરબીડું ખોલ્યું તો તેમાંથી નોટપેપરનો એક અડધો ટુકડો નીકળ્યો, જે ઉપર લખેલું હતું કે—

"તમારી નવી થનારી મોહરદાર મીસ કેટને પુછો કે તેવણ કોઇ મી૦ કલીફર્ડ રેવનને ઓરખેચ કે? ને મારૂં માનો તો તેવણપર જરા ચાંપતી નજર તમે રાખો તો સારૂં—ને તેવણને કેહો કે તે આદમીને ભરોસે કાંઇ કાંટાનું કટેસર તેવણ કરે નહીં, કેમકે, તે આદમીનો ડોળો નેલી ઉડપરબી ખોભાયલો છે."

આ વાંચતાં તેની આંખે અંધારાં આવી ગયાં અને બે ત્રણ મીનીટ તે ચીઠ્ઠી હાથમાં લઇ તેની તરફ એકી ટગરે જોતો તે ઉભો, અને જેમ જેમ તે ચીઠ્ઠીમાંનો એકેક બોલ તેનાં મગજપર ઠોકાતો ગયો તેમ તેમ તે પ્યારઘેલા આદમીની અદેખાઇ તેજી પકડતી ગઇ. હવે તેને લાગ્યું કે કોઇ કલીફર્ડ રેવન સાથનાં કેટનાં છુપાં ઘેલાં ચેડાંને માટે તેને કોઇ ચેતાવી રહ્યું હતું. "કલીફર્ડ રેવન!" તેણે દાંત પીસીને એ નામ ઉચ્ચાર્યું "તે કોણ હશે? તે કયાં હશે? ને આય કોઇ નેલી ઉડ તે કોણ? એ બધો શું ઘોટાળો હતો?"

"નખ્ખોદ જાય એ કેટનું ને એ રેવનનું!" તે જંગલી ભુંડની માફક પુકારી ઉઠયો. "ત્યારે કેહો તમો બાઇ સાહેબનો આય ભરમ છે,

નહીં? ને તેથીજ તમે જાણે હું કોઇ કીડો હોઉં કે કાદવ કીચલનો ભરેલો હોઉં તેમ મને હાથ વટીક લગાડતાં કમકમોછ, ખરૂં કે નહીં? હવે માલમ પડયું; પણ એ ચીઠ્ઠી લખી કોણે?" તે હવે તેની શોધમાં માણસો દોડાવવા ચંગ વજાડવા ગયો, પણ તેને શુદ્ધી આવી કે આટલા વખતમાં તો તે શખ્સ કયાંનો કયાં નીકળીબી ગયો હશે!

ગુસ્સામાં ને ગુસ્સામાં, મોંહમાં આંગલાં ઘાલી નખ કરડતો તે ત્યાં લટાર મારવા લાગ્યો. હવે તેણે કરવું શું? પ્હેલો ખ્યાલ તેને એ આવ્યો કે ઝટ કેટ આગળ જઇ તે ચીઠી રજુ કરી તેને ફજેત કરી તેની સાથનો સંબંધ તોડી નાંખવો ને મેજરનેબી તેની એ ઠગાઇને માટે ઘોડાના ચાબકે ફટકાવી કાઢવો? હા, બસ, એ તે એજ—અને એમ વિચાર કરી તે બારણું ઉંઘાડી બાહાર નીકળવા ગયો, પણ પાછો થંબ થઇને ઉભો, અને કાંઇ ઉંડા વિચારમાં પડયો. નહીં, હજી વધારે ફાવતી રીતે તે બાપ બેટીપર કીનો લેવાનું તેણે પસંદ કીધું અને લગન થયા અગાઉ એ વિશે કશીબી ચુનોચેરા નહીંજ કરવાનો તેણે મનસે પકકો નિશ્ચય કીધો "ને ત્યારેજ ઓ મગરૂર ઔરત તુંને ગરમાગરમ લોઢીપર કુદાવવાની મારી વારી આવશે! મીસ કેટ, જે પેટી મને બંધ કરવા તું ઉંઘાડશે તેજ પેટીમાં તુંને હું બંધ કરસ!" તે બડબડયો.

એ ઠરાવ તેને અતિ ઘણો પસંદ આવ્યો અને તે પાછો હસતો હસતો પોતાની પેલીજ બેઠકપર આવીને ગોઠવાયો નહીં, તેટલાં 'મેજર મેડીસન' મળવા આવ્યાની એક નોકરે તેને ખબર આપી.

મેજર મેડીસનનું નામ સાંભળતાંજ પેલી નનામી નોંદાખોર ચીઠ્ઠી જે હજી તેના હાથમાંજ હતી તે તેણે ડુચો કરી ગજવામાં ખોસી દીધી; તેટલાં, મેજર સાહેબ હંમેશ માફક ચેંગા મેંગા થતા અંદર દાખલ થયા.

"કેમ મારા દીકરા!" તેવણ બોલ્યા "મકુંજે જરા ફેરો મારીને જોઉં કે તું કેમ છે!"

"થેંક યુ, સારી કાંની છેઉં" તે 'દીકરો' બોલ્યો.

"ને તું કેમ છે?" મેજરેજ આગળ ચલાવ્યું. "રાતના ઉજાગરાની અસર હજુન ઉતરેલી જણાતી નથી. ઘણો ગ્રાન્ડ મેળાવડો થયો'તો, હેં? મેં હમણાં સહવારે કેટીને કહ્યું તેમ મારા સારા વખતમાં મેંબી આટલા મેળાવડાઓ જોયા પણ એવો એકબી હું તેઓમાંથી યાદ નથી કરી શકતો!"

"હા, એમ હું ધારૂંછ ખરો" લૉર્ડ કારલ્યન બોલ્યો "ને કેટ કેમ છે?"

"તે દીકરીનેબી-સ્હેજ થાક ચઢીછ. આખી સાંજથી તે લગભગ પાછલી રાત સુધી તેબી ખડે પગે હતી કેની! હું આવવા નીકળ્યો ત્યારે હજી તો પોતાના ઓરડામાંથી નીચે નહીં ઉતરેલી હતી, પણ હું જવસ ત્યારે બાગમાંના ગુલાબ જેવી તરોતાજેહ થઇને મારી રાહ જોતી હસ્તે મોંઢે નીચે ઉભી હોસે! તું કાંઇ એમ ના બીહીતો કે એ છોકરી કાંવળી કે દહેની નબળી હોસે!"

"નહીં, મને એવી કોઇ બીહીક નથી—ને ગઇ રાત્રે મેજર, તમારાબી ઓરખાણના અહીં ઘણા આયા હોસે" મેજરના ચ્હેરાપર પોતાની આંખ ટીકેલી રાખી તે બોલ્યો.

"હા, હા, હતા ઘણાબી હતા, કેમકે દોસ્તોનું મારૂં સરકલ કાંઇ નાનું નથીં, દોસ્ત, ને તેઓ બધા કેટનેબી ઓરખેછ ને કેટબી તેઓ વચ્ચે ઘણી માનીતી છે." કારલ્યનનાં મનમાં તેને એ સવાલ પુછતી વખતે શું હતું તેનાં અજાણપણામાં મેજરે આટો બાપ્યો.

"હા—હા, હોસેજ તો—તે બીના તો મને કાલે રાતેજ માલમ પડી, કેમકે, મારી સાથે એક બે બોલબી બોલવાની રાત્રે કેટને ફુરસદજ કયાં હતી? મને તો તે લોકનાં નામોબી યાદ નથી—એકાદ બે મારે મોંઢે રેહી ગીયાંછ. કોઇ મી૦ કલીફર્ડ રેવનબી હતોની?"

મેજર જે આટલો વખત હસ્તા ચ્હેરાએ પોતાના ઘણુ ઘણુ ઘોરી જમાઇની સામે બેઠો હતો, તે આ નામ સાંભળીને ચોંકયો અને તેનું

હસ્વું ઉડી ગયું.

"કોણ? તમે શું નામ કેહ્યું" તેણે પુછ્યું અને જો કે તે નામ તેણે બરાબર સાંભળ્યું હતું છતાં હવે જવાબમાં શું પાટયાં ગોઠવવાં તે માટે વિચાર કરવાનો વખત લેવા તેણે ખામખા પુછ્યું.

"કલીફર્ડ રેવન" લૉર્ડ કારલ્યન એ નામનો એકેક અક્ષર મોટે સાદે છુટો છુટો બોલ્યો "મેજર, તમુને આજે શું થયુંછ? તમે બેહેરાતો હતા નહીં?"

"નહીં દીકરા, જરા સરદી થઇછ ને મને એ નામ બરાબર આખું સંભળાયું નહીં ને—"

"સરદી થઇછ? તે સરદી થાય તો નાકને થાય, કાણની સાથે તેને શું સંબંધ? કાણબી તેથી બેહરો થાય એમ મેં આજેજ જાણ્યું!"

"તે દીકરા, સરદીને લીધે ભારોભાર કવીનીન લેઉંછ કેની તે ધણાં કવીનીને કાણ બેહેરાં થાય–નહીં, એ નામના કોઇનેજ હું ઓરખતો નથી–તમુને એ નામ કોણે આપ્યું?"

"મેં સાંભળ્યું–તમુને શું જોઇયેછ?" કારલ્યને તેને પુછ્યું કેમકે મેજર ઓરડામાં બધે નજર કરી એમ તેમ જોવા લાગ્યો હતો.

"નહીં કાંઇ નહીં, આય ત્હાં બ્રાન્ડી ને સોડા છે કે? નહીં, દીકરા, તું ના ઉઠતો, હું પોતેજ જરા લેવસ–જરા કાલે ચંપીન જોઇયે તે કરતાં વધારે લેવાયો, ને દીકરા, તેંબી હાથ એવો બાહાર કાઢયો કે—"

"ને તમે મેજર છાકટા થયા'તા કે? મને તો તેવું કાંઇ તમારામાં જણાયું નહીં–ને શું? તમે પેલાને માટે શું પુછોછ?"

"મકુંજે એ આદમી–એ કલીફર્ડ રેવનનું નામ તમે કયારે સાંભળ્યું? તમે શાપરથી કેહોછ કે—"

અને મેજરનું આ કીસમ સર્યામ જુઠું અજાણપણું જોઇ લૉર્ડ કારલ્યનનો કાંદો ખીલી ગયો. તેની આંખ્યો લાલ થઇ આવી અને તે દાંત પીસીને બોલવા જતો હતો કેઃ—

"જુઠા, ઠગારા, કેટ ને તેના વચ્ચે શું સંબંધ છે તે તું જાણેછ; તુંને ખબર છે કે તું ને કેટ બેઉ મને ઠગોછ ને ઉડાવોછ!"

પણ તેણે પોતાના ગુસ્સાને ઘણોજ માર્યો અને બેદરકાર ઢપે તે બોલ્યો—

"નહીં રે, એ નામ મેં ગઇ રાત્રેજ સાંભળ્યું ને—"

"ગેઇ રાત્રે!" મેજરે અજબ થઇ તેની તરફ જોયું.

"હા, ને કાંય નહીં? એ ગેઇ રાત્રે અહીં આયોબી હોય!"

"કલીફર્ડ રેવન અહીં! બનેજ કેમ? ને તમે કેહોછ તેમ હોયબી! અહીં હતાજ એટલા બધા કે મેં તેમાંના અડધા ઉપરને નહીં ઓરખ્યા ને—"

"તેં મને હમણાંજ કેહ્યું કે તારા દોસ્તોનું સરકલ ઘણું મોટું છે ને તું આય તરફના બધાને ઓરખેછ ને—"

"બધા એટલે કાંઇ એકકે એકને ઓરખુંછ, એમ કહેવાય? ને તેમ હોયબી તે છતાં આય જવાનને હું નહીં—"

"ને મેજર, તુંને કોણે કેહ્યું કે એ નામ જવાન માણસનું છે?"

"મેં ધાર્યું કે કોઇ જવાન શખ્સ હોસે, પણ હું એ નામના કોઇને ઓરખતો નથી ને એ નામ મેં કોઇ દાહડે સાંભળ્યુંબી નથી."

"નથી સાંભળયું? તું ખરૂંજ બોલેછ?"

"જરા મને વિચાર કરવા દે. હા, મારી ખાતરી છે કે એ નામ મેં સાંભળ્યુંજ નથી. પણ એટલી ખંતથી કાંય તે નામ પછવાડે તું મંડયોછ?"

"પોતાની થનારી પરણેતરના આગલા પરસ્તારોમાં તેનો અદરાયલો ખાવિંદ-કાંઇક લાભ લેય તો કુદરતી છે."

"એમ? તોજ હું કેહુંછ કે તું તદ્દન ભુલ કરેછ! મારી ખાતરી છે કે એ નામની કશીબી ખબર કેટીને નથી, કેમકે, તેમ કાંઇ હોતે તો મને માલમ પડયા વગર નહીં રહેતે."

કારલ્યન કશુંજ બોલ્યો નહીં. તેની ઘણીબી મરજી થઇ કે પેલી

ચીઠ્ઠી મેજરની આંખ સામે ધરી તેને ફજેત કરે, પણ તેણે માન્યું કે તે વખત હજી આવ્યો હતો નહીં, અને તેથી તે બોલ્યો:—

"તું કાંઇ એ વાત કેટ–બેટને કહેતો ના, નહીં તો તે સમજસે કે હું અત્યારથીજ અદેખો પડયોછ."

"નહીંરે, એ વાત કાંઇ તે છોકરી આગળ કરાય કે? પણ, દીકરા, તુંને અદેખા પડવાનું કાંઇજ કારણ નથી–જો કોઇબી એક જવાન છોકરી પોતાના આશક ઉપર ઘેલી દીવાની થઇ હોય તો કેટ તારી ઉપર થઇછ ને—"

"ને તારી એ ખાતરી માટે તારો હું ઉપકાર માનુંછ."

"ચાલ, ત્યારે હવે હું જાઉંછ" કરી મેજર ઉઠયો. પણ લૉર્ડ કારલ્યને તેનો હાથ પકડી તેને પાછો બેસાડયો.

"એક બે મીનીટ થોબ–મારે તુંને કાંઇ કહેવું છે."

મેજર પાછો બેઠો. તેમ કરવા સિવાય તેનો બીજો ઇલાજ નહીં હતો.

"મેજર, મારૂં એક કામ તમારીથી થઇ શકે તેમ છે, તમે કરશો?"

"નહીં કાંય? મારા દોસ્ત."

"મારે કેટીની સાથે વીસેક દીવસમાં પનવુંછ."

"વીસ દાહડામાં!" મેજર બોલી ઉઠયો.

"હા, વીસ દાહડામાં. નોટીસ ઘણી ટુંક છે, નહીં? તેમાં હરકત શું છે? એમ કરવાની મારી મરજી હોસે–મારી કાંઇ તેમાં મતલબ હોસે–એબી એક મારો ફાંટો; પણ હું માંગુંછ તેમ થવુંજ જોઇશે. જો, સાંભળ, મારે–કેટની–સાથે–વીસ–દીવસમાં પનવુંછ. તમારે તેમ કરવાને માટે તેને સમજાવવીજ પડશે. તેનું શું જાયછ? એ બાબદમાં તેને મનસે વીસ વરસ, વીસ મહીના કે વીસ દાહડા બધા સરખાજ. પનવાનું તે કોઇબી દાહડે પનવાનુંજ. વાસ્તે, મારૂં માનો તો તેની પાસે

તમે એ વિશે 'હા' ભણાવો તો ઠીક."

વાંચનારે સમજી લેવું કે આ કાંઇ મેજરને લૉર્ડ કારલ્યન તરફની અરજ નહીં, પણ એક છુપી ધમકીજ હતી.

"પણ—"

"પણ-બન કાંઇ નહીં." કારલ્યન તેને અટકાવીને બોલ્યો "તેમાં તુંને અડચણ શું છે? જેમ જલદી લગન તેમ જલ્દી પૈસા."

"હા, પણ દીકરા—"

"તારો દીકરો ગીયો જહાન્નમમાં. હું કેહુંછ તેમ કરવું હોય તો કર, નહીં તો લે જા, બધું તોડી ફોડી નાંખ. તું પોતેજ કહેછ તેમ તારા દોસ્તો બધા તેની ઉપરથી મરી ફીટેછ, ને તેમાંનો કોઇ મારા હાથમાંનું બુલબુલ ઉડાવી ગીયો તો પછી મને ઠપકો—"

"મારા વ્હાલા કારલ્યન, એ તું શું બોલેછ?"

"ઠીક ત્યારે ચાલ-મેં તુંને કહ્યું તેમ ચોકઠું બેસાડી દે, ને તેના ટેકામાં તેને તારે ગમે તે કહેજેની! હવે થોબતાં હું કંટાળી ગીયોછ, ને તેથીજ હું કેહુંછ કે મારી મરજી છે તેમ કર, નહીં તો માંડીવાળ. હમણાં તુંને પૈસાની કાંઇ ઝાઝી જરૂર હોય તેમ લાગતું નથી ને—"

"મારા વ્હાલા દીકરા, તું એટલો ઉતાવળો ને આકળો છે! તારી મરજી તેમ હોસે તો તે બાબે હું મારૂં બનતું કરસ. કેટ તારી ઉપરથી એટલી તો મરી ફીટેછ કે હું નહીં ધારતો કે તેમ કરવાને સમજાવતાં મને કાંઇ ઘણી મુસ્કેલી પડે."

"તે ગમે તે હોય. જેમ તેં તેને મારી સાથે પનવાને સમજાવી તેમ આય બાબદમાંબી તું કર, પછી તારે ગમે તે રીતે કામ લે-એક સાતું સાત-બે સીતાંમ ચૌદ ને ત્રણ સીતાંમ એકવીસ-ત્રણ અઠવાડયાંની તુંને મેહેતલ આપુંછ, અને જે દાહડે ક્રીયા પુરી થઇ, તે દાહડે તારા હાથમાં પૈસા. બસ, હવે એ બાબે તારૂં કાંઇબી હું સાંભળવા માંગતો નથી, કેમકે, તું તારૂં માંથું એક મહીના સુધી ચાલુ બોલીને દુઃખવસે

તો કાંઇ વળવાનું નથી. ગમે મને અદેખો કહે, ગમે પ્રાંટાબાજ કહે, પણ મારે તો વીસ દાહડામાં કેટની સાથે પણવુંછ. લાવ, તું જાય તે વખતે મને જરા બ્રાન્ડી સોડા આપતો જા."

"વારૂં; તારી બધી વાત હું કબુલ કરૂંછ, પણ કેટને જરા સમજાવવી—"

"તું કહેશે તેમ તે છોકરી કરશે–તે નહીં કરશે તો પેલા મેં તુંને આપવા કહેલા પૈસા વગર તમે રખડી રહેશો. જાવોછ કે? સાહેબજી, કેટીને મારો પ્યાર આપજો!"

જેવો મેજર બાહાર ગયો અને તે ઓરડાનું બારણું બંધ થયું કે લૉર્ડ કારલ્યન છલાંગ મારીને ઉઠ્યો અને ઝનુંની તોરથી તે ઓરડામાં એમ તેમ ફરવા લાગ્યો.

"મારી ખાતરી છે કે આય કલીફર્ડ રેવનને એ ચોર ઓરખેછ. એ મને લાગેછ કે કેટનો કોઇ આગલો ચાહવાવાળો છે; એ એના ચ્હેરાપરથીજ કુત્તો પકડાઇ ગીયો! ઠીક છે ઓ મગરૂર, જરા થોભ, જરા થોભ, મને તારી સાથેં પણની ને ઠેકાણે પડી જવા દે!"

પ્રકરણ ૨૯ મું.

બારીમાંથી ઓરડામાં દાખલ થયલી સુરજની રેજાલે કેટને તેની ટુંક અને બેચેન ઉંઘમાંથી આખરે જગાડી. તે બીચારીએ ખેંચી કાઢેલી એ ટુંક ઉંઘબી સ્વપ્નાઓથી ખાલી યા નિરાલી નહીં હતી. મુખ્યત્વે બે દેખાવના સ્વપ્ના તેણીની ઉંઘમાં તેણીને ઘેરી રહ્યા હતાઃ એકમાં કલીફર્ડ રેવનનો દેખાવ જે રીતે ઝરૂખાની નીચે ઉભા રહી તેણે તેણીનાં કદમ પાસે પ્યારની મીનતજારી રજુ કીધી હતી તે, અને બીજો તેનો પેલી છોકરી સાથેનો દેખાવ, કે જે દેખાવે તેણીની ઉપર ઘણીજ મજબુત અસર કીધી હતી, અને તેણીને તેથી દુઃખનો

એક જબુન આંચકો લાગ્યો હતો. જે આદમી એક ગમથી પોતાનું જી-ગર તેણીના પગ પાસે મુકે તેજ આદમી ભર ચોગાંનમાં એક પરાઇ છોકરી સાથે હાથમાં હાથ લઇ ઉભો રહે એ બીના કેટને ઘણીજ ધિક્કારવા જોગ જણાઇ અને તેથી કેટી હાલ ઘણી મીજાસે બરખેલાફ થઇને જાગી ઉઠી હતી. જો કલીફર્ડ રેવન જેવો મરદજ એ ફીસમે પોતાનું અંતઃકરણ એક સરખું ન રાખી શકે તો દુન્યામાં વફે હોયજ અને રહેજ શાની એ સવાલ તેણીનાં મનમાં બરપા થયો. હા, ત્યારે તેણીના બાપે કલીફર્ડની વિરૂદ્ધમાં જે કાંઇ કહ્યું હતું તે ખરૂંજ હોવું જોઇયે એમ તેણીને હવે લાગ્યું, અને કલીફર્ડ રેવનપર તેથી તેણીએ પોતાના વિચારનો એક કતરો વટીક ખોહવો હરામ હતો એમ તેણીએ પોતાને મનસે નક્કી કીધું.

તે હવે પોતાના પલંગપરથી બાહાર આવી અને તેણીની માનીતી એનની મદદ વગરજ કપડાં પ્હેડી તેણી નીચે ઉતરી, નાસ્તો કરવા બેઠી. પણ તેણીને અન્ન મોંહમાં લેવા ગમ્યુંજ નહીં. મરદ જાતપરના તેણીના વિશ્વાસની સાથે સાથેજ તેણીની ભુખબી જાણે ઉડી ગઇ હતી, અને હવે ફરીથી કદીબી કોઇ મરદના ચ્હેરા યા તેના સોખનપર વિશ્વાસ મુકી ભુલવાઇ નહીંજ જવાનો તેણીએ મનસે પકકો ઠેડાવ કીધો!

તેણીએ ધાર્યું કે એ મરદો બધાજ તેવા હોવા જોઇયે અને તેવા સંજોગ વચ્ચે લૉર્ડ કારલ્યન જેવો હતો તેવોજ ઠીક એમ પોતાને મનસે માની તેણીએ સંતોષ પકડયો.

તે બીચારી શું કરે? તેની જગ્યાએ મારી કોઇ નાજુક પંથની વાંચનારી હોય તો તેબી શું કરે? ઇનશાન જાતની નજર સામે પરવર-દેગારે ભવિષ્ય પોઠી તો બંધ રાખી છે અને એવી દુરઅંદેશી તે સાહેબે કમાલે બક્ષી નથી કે એક ઇનસાનની આંખ તેની સામેનાં ઇન-શાંનનાં ભિતરમાં પેવસ થઇ ત્યાંનો રમી રહેલો મહેમાર તે જોઇ શકે!

આ મનની હાલત જે ગરીબડી કેટને માટે ઝેર જેવી કડવી હતી

તે તેણીના બાપ મેજર મેડીસનને માટે તો તે જે કામસર તેણી આગળ તે આવનાર હતો તેનાં તે કામને તદ્દન માફક આવતી હતી.

"કેમ, કેટ, મારી દીકરી" જે ઓરડામાં તે બેઠી હતી ત્યાં હસ્તો હસ્તો મેજર આવીને બોલ્યો. "આખરે, નીચે આવી કે? ઝાઝી થાક તો નથી ચઢી કેની?"

"નહીં પપા, મને જરાબી થાક નથી ચઢી" તે બોલી.

"શાબાસ; મેં એમજ કારલ્યનને કેહ્યું."

કેટ કશુંજ બોલી નહીં, એટલે મેજરેજ આગળ ચલાવ્યું.

"હું હમણાંજ કારલ્યનને ગઇ રાતના મેળાવડાની ફતેહ માટે મુબારકબાદી આપવા લીડકોટ ગીયો'તો. એબી ઘણોજ ખુશમાં છે ને ખરેખર, દીકરી હમણાં એનો તરો તાજગીભરેલો ચ્હેરો જોઇને મનમાં હું ખુશીજ થયો કે તુંને જેવો જોઇયે તેવોજ વર મળ્યોછ. ત્હાં જઇને જોઉં તો એવણ કાકા અહીં તારી આગળ આવવા અડધા તૈયાર થઇ ચુકયા હતા, પણ મેં જ્હારે કેહ્યું કે તું હજુન ઉઠીબી નહીં હોસે ત્હારે દલગીર થઇને કપડાં કાઢી નાંખ્યાં ને જે કહેવા તેવણ અહીં સુધી ચાહીને આવવાના હતા તે પેગામ તેવણે મારી પાસેજ કહેવડાવ્યો."

"એમ કે?"

"હા, ને પારખ જોઉં—શું પેગામ તેવણે તારે વાસ્તે મોકલ્યોછ?"

"તે હું કેમ જાણું?" તે બોલી.

"નહીં? હું તો જાણું કે અદરાયલી છોકરીઓ પોતાને ચાહતા ખાવીંદનું મન કાંઇક માઇલો દુરથી વાંચતી હોસે! તે પેગામ પ્યારનો છે, કેટ-ને તું સાંભળેછ કે? ત્યાં શું જોયછ?"

"હારે, પપા, તમે બોલ્યા કરોની, હું બોલે બોલ સાંભળુંછ."

"એમ? તું બાહાર જોતી'તી તે હું જાણું કે તું ધ્યાન—"

"નહીં, પપા, અમસ્થો બાહારનો દેખાવ જોઉંછ—હા, લૉર્ડ કારલ્યને શું કહેવડાવ્યુંછ?"

"લૉર્ડ કારલ્યનની મરજી, કેટ, એવી છે કે એમ તમે બેઉ અદરાઇને પડી રહેવામાં કાંઇ શુકરવાર થાય નહીં, ને હુંબી તે કબુલ કરૂંછ, કેમકે, જ્યારે તે બેઉ અદરાયલાંઓ અરસપરસ અણુહદ પ્યાર ધરાવતાં હોય ત્યારે ખાસ કરીને લગન લંબાવવામાં ગેર ડાહાપણ છે. તુંબી એ કબુલ કરેછ કેની; કેટ?"

"મેં પપા એ બાબદનો કશોબી વિચાર કીધોજ નથી; પણ તેની સાથે લૉર્ડ કારલ્યનના પેગામને શું લાગે વળગે?"

"ઘણું, મારી વ્હાલી દીકરી ઘણુંજ, કેમકે એવણ સાથે એ બાબે વાત થતાં એવણેબી ઘણી લાંબી સમજદારીથી મારી સાથે તકરાર કીધી અને તે પછી એવણબી એજ ઠેકાણેપર આવેલા લાગેછ કે તમો બેઉનાં હવે લગન જલદી થઇ જાય તો બેહેતર."

"જલદી?"

"હા, જલદી એટલે કાંઇ આજે કાલે નહીં, પંદર વીસ દહાડામાં" મેજર બોલ્યો અને તેની એ વાતને કેટ તરફથી કેવો આવકાર મળશે તે બાબે તેનાં પેટમાં કલેજી નહીં હતી!

"પંદર વીસ દાહાડામાં!" તે બોલી અને તેણીના ચ્હેરાપર જે થોડો ઘણોબી રંગ હતો તે ઉડી જઇ તે ચ્હેરો ફીકોફચ્ચ પડી ગયો અને જે કીસમે એક હરણીની પુઠે શેકારી ફાડી ખાનાર કુતરા પડે અને તે બીચારીનો જેવો દેખાવ થાય તેવો દેખાવ આપણી ગરીબ કેટનો થઇ રહ્યો હતો! "પંદર વીસ દાહાડામાંજ!" તે પાછું મનસે બોલી.

"બરાબર, ને તું મારી ડાહી દીકરી છે—હું તો જેની સાથે તારે વાસ્તે વાત કરૂંછ તેને કેહુંછ કે તું મારી ઘણી કહ્યાગરી ને સમજુ દીકરી છે, ને તેથી તું એ બાબદનો તેવીજ રીતે વિચાર કરશે. કારલ્યન એક ઉમરાવ છે અને મોટી જાગીરોનો માલેક છે, ને તેથી તેનું એ ઉમરાવી ખાનદાન નીભાવવા ને ચલાવવા તેને એક વારેસ દીકરાની હોંસ હોય એ કુદરતીજ છે ને તેમ વળી તુંને એ ઉતાવળ નહીં પસંદ

કરવા માટે કાંઇક વાજબી કારણો હોસે તેબી હું ના નથી કહેતો પણ—"

"નહીં મને તેવાં કશાંજ કારણો નથી."

"તે સાંભળી હું ખુશી છેઉં—ને ધાર કે તેવાં કાંઇ કારણો હોયબી, પણ આપણે કાંઇ આપણી મરજી પ્રમાણે બધું કરવા જેટલાં મુખત્યાર કે આપઅખત્યાર નથી એમબી આપણે જાણવું જોઇયે છે. દાખલા તરીકે આ મટ્ટીનાં ખોખાંમાંથી મારો પાક જાન તે કીરતારની જનાબમાં પુગે તે અગાઉ તુંને બરાબર ગોઠવાઇ ગયેલી જોવાની મને હોંસ અને કાળજી હોવીજ જોઇયે એમ તો તું કબુલ કરશે, ને તેથી તુંને કેહું છ કે કાંઇ નહીં, આજનો દહાડો વિચાર કરીને મને કહે જે કે—"

"એ કામમાં એવડું છે શું મોટું કે એક ઠેકાણે બેસીને આખો દાહડો તે વિચારપર મારૂં મગજ ને મન બેઉ ખરાબ કરૂં? મેં તમુને કેહ્યું કેની કે મને તે બાબે જરાબી વાંધો નથી!"

મેજર તો તેણીનો આ જવાબ સાંભળીને ફાટીજ ગયો. જેણે તરેહવાર વાંધાઓ અને માથાં દુખણની આશા રાખી હતી તે કેટનો તો આ ઓચીંતો ઠેડાવ સાંભળી ફાટીજ ગયો.

"ઓ મારી દીકરી!" તે બોલી ઉઠયો "તું કેવી ભલી—કેવી સ્યાણી ને તું કેવી સમજુ!"

"આય મારા જવાબથી તમારી ખાતરી થઇ કેની કે હું ઘણીજ—ઘણીજ સમજદાર છેઉં?" તે તાણારૂપ બોલી "આવાં નાદર ઇનામ સાથે આપણે ચેડાં નહીં કાઢવાં જોઇયે, ખરૂં કેની, પપા? કેમકે આડી રાત તેની કયેં નહીં વાત! ચાનું પ્યાલું હોઠ આગળ ધર્યું ખરૂં પણ તે ચા આપણે પીઇશુંજ એમ કેમ ખાતરીથી કેહી શકાય?"

મેજર જવાબમાં કાંઇ બડબડયો ખરો, કેમકે, ખરૂં પુછો તો કેટે લીધેલી આ વલાણથી તે ગભરાઇને પાણી પાણી થઇ ગયો હતો. હજી, ઉપલો જવાબ શાંત ચ્હેરે આપવાને બદલે કેટે બે ચાર વાંધાઓ રજુ કીધા હતે યા તેની સાથે તે છોકરી તકરારમાં ઉતરી હતે તો તે

મેજરને ગમતે, કેમકે, તે પોતાના દાવપેચથી તેણીને ઠેકાણે લાવી શકતે, પણ, કેટે લીધેલી આ વલાણે તેને ખરેખરજ હેબતાવી માર્યો.

"પંદર વીસ દાહાડા! નોટીસ ઘણી ટુંક છે, પણ, કાંઇ નહીં, તેટલા વખતમાં લેડી વોરનરની મદદથી બધી તૈયારી થઇ શકશે. તમે પપા લૅાર્ડ કારલ્યનને મારો જવાબ આપશો કે હું ચીઠ્ઠી લખું?" તેણીએ પોતાના બાપ ગમ ટીકી ટીકીને જોઇને પુછ્યું.

"જેમ તું કહે તેમ, પણ તારે હાથની ચીઠ્ઠી જોઇને એવણ ઘણા ખુશી થશે. ને જો, તું લખ ને મને આપ—તે એવણને હુંજ હાથો હાથ પુગાડસ."

"ઠીક છે." તે બોલી અને પોતાની ડેસ્ક આગળ જઇ નીચે મુજબ એક ચીઠ્ઠી લખી કાઢી:

"**વ્હાલા લૅાર્ડ કારલ્યન**

"પપા મને જણાવે છે કે તમારો વિચાર મારી સાથે પંદર "વીસ દિવસમાં પણવાનો છે. જો તમારી મરજી તેમ હોય તો તે વિશે "મારે કશીબી ના નથી

"લી. તમારી દુવાગીર

"**કેટ મેડીસન**"

"દીકરી, છેકજ દમ સાસ વગરની ચીઠ્ઠી લખી જરા એમાં—"

"જે છે તે એ, પપા, બીજી નવેસરથી લખવાની મારી મરજી નથી."

"નહીં, નહીં, નહીં, કાંઇ નહીં, તુંને બીજી લખવા નથી કહેતો—એજ ચાલશે ને લૅાર્ડ કારલ્યનનેબી બધું સાદું—સુતરૂં ટુંકું ને ટચ ગમેછ—ને કેટી તું દીકરી સુખી છેની? હું તારા ચ્હેરાપરથી જોઇ શકુંછ કે ખરેખર તું તેમ છે!"

"તમે એમ ધારોછ?" તે બોલી "તમે એમ ધારોછ, કે હું સુખી થઇ શકસ? પપા, ખરૂં કેહો, કોઇ દાહાડે નહીં તો આજે સાચ્ચે

સાચ્ચું મને કેહી દેવો-તમે દુન્યા જોયલી છે, તમે કાંઇક જોડાંઓને પણતાં જોયલાં છે, પણ જે કીસમે હું પરણુંછ તે કીસમે પરણેલાંઓ ખરેખર સુખી થયાંછ? તમે ધારોછ કે વખત જતાં હું એખત ને એ દરકાર નહી થવસ? હું કોઇનીબી સાથે પ્યારમાં નથી ને તેથી હું કોણને પરણુંછ કોણને નહીં તેની મને રજ ભારબી દરકાર નથી! મને ખરૂં કેહો—પણ, હું બધી વાહીયાત બકવા કરૂંછ, નહીં? ચાલો, ત્યારે લેવો આ ચીઠ્ઠી ને લૉર્ડ કારલ્યનને પુગાડો. કાંઇજ નહીં તો એ ચીઠ્ઠી તમુને ને તેવણને તો સુખી કરી શકશે, ને હું લેડી વોરનરને તહાં જાઉંચ."

મેજર તો કેટીનું ભાષણ સાંભળી સકમબકમ થઇ ગયો અને પાછો વળતો જવાબ નહીં આપવામાં ડાહાપણ સમજી કોટ પ્હેરી હાથમાં ટોપી લઇને લીડકોટ તરફ ચાલતો થયો.

પ્રકરણ ૩૦ મું.

મેજર લીડકોટ પ્હોંચ્યો તે વખતે લૉર્ડ કારલ્યન એક ભપકા ભરેલા દ્રેસીંગ ગાઉનમાં સજ થઇ ઇઝીચેરમાં પડયો પડયો શીગરેટ ફુંકતો હતો.

"કેમ, મેજર આયા કે?"

"હા, મારા વ્હાલા દીકરા, હું આયો!"

"ને પેલીએ મેં કેહ્યું તેમ કરવા નાજ કેહ્યુંની? હું ધારતો'તોજ." તે મેજર સામે ડોળા કકડાવી બોલ્યો "હવે તારી દીકરીનો એ પેગામ તારી ચાપલુસી ખોરી ભાષામાં લપેટીને—"

"લે, બા, આય કેટ તરફનો પેગામ છે. તું પોતેજ વાંચ" એમ કહી મેજરે તે ચીઠ્ઠી તેના હાથમાં મુકી.

લૉર્ડ કારલ્યને તે ચીઠ્ઠી લીધી અને વાંચી કે તેનો ચ્હેરો લાલ

સુર્ખ બની રહ્યો અને તેની આંખો ચમકવા લાગી.

"લે, એતો કબુલ થાયછ! ને મેં તે બીચારીને નકામી બદનામ કીધી. હવે તારા પૈસા પાકા ખરા. પંદર વીસ દાહડામાં તો બધું પાર!"

"હા, વીસમે દાહડે મારી દીકરીને તારી સંભાળ હેઠળ હું સદા-બરી સોંપસ. મારા વ્હાલા દોસ્ત, તેને માયાથી રાખજે, કેમકે મને ચાહનારૂં અને મારી સંભાળ લેનારૂં આ દુન્યામાં એના સીવાય બીજું કોઇ નથી ને કદાચ—"

પણ તેના ધન ધન ધોરી જમાઇએ તેને આગળ બોલતાં અટકાવ્યો.

"મેજર, ખરૂં કેહુંછ કે તારે નાટકનો પેશો અખત્યાર કરવો હતો! વળી તેની સંભાળ નહીં લેવાનો હોવું તો તેની સાથે પરણું શું મારૂં માથું ફોડવા. ચાલ ઉઠ કાંઇ જોઇતું કરતું લેવા શેહેરમાં જઇયે.

તેઓ બન્ને ડૉગ કાર્ટમાં ચઢી બેઠા; અને લૉર્ડ સાહેબે ઘોડાને ચાબક ફડકાવતાંજ મેજરે જોઇ લીધું કે તેવણનું મીઝાંન આજે હાલ તેવણના હાથમાં નહીં હતું, એટલે રખે પોતે ઉઠલાઇ જાય યા સીટપર-થી ગબડી પડે એમ બીહીને પોતાની બેઠકની આજુબાજુની બન્ને રેલીંગ ચપ્પત પકડીને મેજર બેઠો.

"અરે-અરે-શું કરેછ, કારલ્યન? મને લાગેછ કે આજે તારી તું ગરદન ભાંજવાનો!"

"નહીં, મેજર, તું ગભરાના, પણ્યા અગાઉ ગરદન ભાંજવાનો મારો વિચાર નથી-પણ્યા પછીજ તેમ કરસ-પછી તે મારી કે કોઇની તે હું કેહી શકતો નથી. હેં! મેજર, કેટી એ ઝટ હા કેહી દીધું કે? મારી ઉપર તેનો કેટલો પ્યાર હોસે?"

"તારી ઉપર તેનો એટલો જીવ છે કે બસ તું મને પુછજના."

તેઓ બન્ને કાંઇ નહીં જેવી ખરીદીઓ કરી એકાદ રેસ્ટોરાંમાં ભરાયા અને જો કે લૉર્ડ સાહેબને ધારા કરતાં વધારે પડયો હતો છતાં તેવણ મગજ સાબુત અને સાવચેત રાખી શકયા હતા એ એક

અજાયબી હતી, કેમકે, મેજર તેવણથી છુટો પડયો ત્યારે પોતાનાં માગતાંને હીસાબે એક નાનકડી રકમનો ચેક તેવણ પાસે લખાવી લેવામાં ફત્તેહ પામ્યો હતો.

એક અર્લને પરણનારી છોકરીનો વાગો પંદર વીસ દીવસમાં તૈયાર કરવો એ કાંઇ 'કુલ્લીમાંનો ગોળ' નથી, પણ કેટની તે બાબેની ધધુખર કાંઇ લાંબી કે કાંઇ ઘણી મુશ્કેલ નહીં હતી, કેમકે, પરણતી વખતે તેણી લગનનો વાગો પ્હેરીને પરણવા ઉભી રહે કે કાળો તેને માટે તે છોકરી તદ્દન બેદરકાર હતી, અને જેબી કાંઇ થોડી ઘણી તૈયારી એ ટુંક અરસામાં કરવામાં આવી હતી તે લેડી વોરનરની મેહેનત અને કાળજીને આભારી હતી.

"તમુને જે સારૂં લાગે તે લેવો ને ઠીક લાગે તેમ કરો" એમ કેટ જ્યાર ત્યાર લેડી વોર્નર તેણીને કાંઇ પુછવા આવતી હતી ત્યારે જવાબ દેતી હતી.

તેટલાં લૉર્ડ સાહેબ પોતાનો વખત લીડકોટના સ્મોકીંગ રૂમમાં યા કલબમાં વ્હીસ્કી સોડાની સોબતમાં કાઢતા રહ્યા હતા. કેટે તેવણે મુકરર કીધેલા વખતમાં તેવણ સાથે પરણવાનું 'હા' કહ્યું હતું તેની તેવણને કશી ખુશાલી નહીં હતી, પણ તેણીની સાથે પરણી તેવણ કેવો એક દાવ સાંધવાના હોય તેમ તેવણનો ચ્હેરો વારે ઘડીએ ઝનુંની બની રહેતો હતો.

કલબના પોતાના દોસ્તો સાથે વાત કરતાં બે ત્રણ વખત તેઓથી કોઇ મી૦ કલીફર્ડ રેવનની ખબર મેળવવાની તેણે તજવીજ કીધી હતી ખરી પણ કોઇ તરફથીબી તેને તેની પુછપરછનો સંતોષકારક જવાબ મળ્યો ન હતો. કોઇબી તે નામના કોઇનેબી ઓળખતું જણાયું ન હતું અને એ પુછપરછ કરતી વખતે મેજર જે લગભગ દરેક વખતે તેની આગળ હાજર હતો તેના ચ્હેરાપર જો લૉર્ડ સાહેબની નજર પડી હતે તો તેવણ જોઇ શકતે, કે તે દરેક વખતે તે મેજરનો ચ્હેરો ઉજળો

પુણી જેવો થઇ રહેતો હતો, તે છતાં પ્હેલી વખતે જ્યારે લૉર્ડ કારલ્યન મેજરને એ નામના શખ્સને માટે પુછતાં જે રીતે તે મેજરનો ચ્હેરો ગભરાટનો માર્યો ફીકકો પડી ગયો હતો તે ઉપરથી લૉર્ડ કારલ્યનનું મગજ ઠણકયું હતું કે એ બાબદમાં તેને સજ્જડ ઉડાવવામાં આવતો હતો.

કેટને તે ઘણીજ થોડી જોતો હતો અને જ્યારેબી તે તેને મળતી ત્યારે તે બે વચ્ચે મોહબત તો નહીં, પણ અમસ્થો એખલ્લાસ વટીક ન દેખાતો હતો, અને તેબી થોડીક પલ તેની આગળ ઉભી રહી કાંઇ દમ સાસ વગરની વાતચીત કરી તેની આગળથી તે ચાલી જતી હતી. તેણીની એ તેની તરફની ઠંડી વર્તણુંકની તે હવે ઝાઝી કનવાર કે દરકાર નહીં કરતો હતો, કેમકે, તેણે હવે મનસે ગાંઠ વાળી મુકયો હતો કે એકવાર તે તેને પરણી તેના તાબામાં આવી કે પછી એ બધી તોછડી વર્તણુંકનો તે સામટો બદલો લેનાર હતો, અને તે નીતે મન–આશા પેટ ભરીને તૃપ્ત કરવાને હવે ઝાઝો લાંબો વખત તેને થોભવું પડે તેમ ન હતું, કેમકે, તેઓનાં લગનને હવે માત્ર ૨૪ કલાકનો અંતર રહ્યો હતો!

લગનના દીવસની આગલી રાત્રે કારલ્યનને બીલકુલ ઉંઘ આવી નહીં, અને સહવારનું પ્રહર થતાંજ તે ઉઠયો અને કપડાં પેહેડી બાહાર ફરવા નીકળી ગયો. તે દર્યા કીનારે ગયો અને ઉછળતા મોજાઓની રમત નીહાળતો તે ઉભો. આવતી કાલે તો કેટ તેની થનાર હતી–તેની, એકલા તેનીજ પરણેતર–તેનીજ ગુલામ! અને કાલનો દાહડો પુરો નહીં થશે તેટલાંમાં તો એ મુજી કલીફર્ડ રેવન કોણ છે તે તે જાણી શકનાર હતો એવા એવા વાહીયાત વિચારોમાં તે એટલો બધો લીન થઇને તે ઉભો હતો કે તેની પછવાડે કોઇનાં આવવાનાં પગલાંનો અવાજ બી તે સમજી શકયો ન હતો.

"સાહેબજી, મારા લૉર્ડ" એક અવાજ તેને કાને પડયો અને ચોંકીને તેણે પાછળ જોયું તો તેની સામે તે તરફના એકના એક

દાકતરપર તેની નજર પડી.

"ઘણો ઠંડો પવન છે, સાહેબ" ટોપી ઉતારી તે હાથમાં પકડી દાકતર બોલ્યો "ને અમે બધા આશા રાખ્યેછ કે કાલની સહવારબી એવીજ ઠંડી અને ખુશનુંમા ઉગે!"

"થેંક યુ" લૉર્ડ સાહેબ બડબડયા.

"ને જરા પવન નરમ પડે તો સારૂં, કેમંક મારે ખાણુ તરફ જવું છે–ને મને બીહીક લાગેછ કે રખેને પેલી પગવાટપરથી પવનને એક સપાટે હું ઉડી જાઉં!"

"ત્યારે ત્યાં જાયછ શું માથું ફોડવા?" લૉર્ડ સાહેબે પોતાની જાતે ચાલતી આવેલી સભ્યતા અખત્યાર કરી જવાબ આપ્યો.

"ફરજ, સરકાર, ફરજ! મી૦ ઉડની ખાણમાં મારા હાથમાં એક દરદી છે–ઘણો કઠણ અને ખરાબ કેસ છે."

"અહં, શું થયું? અકસ્માત કે?"

"હજી કાંઇ બરાબર માલમ પડતું નથી" તે તબીબે જવાબ આપ્યો "ને અકસ્માત જેવું લાગતુંબી નથી–હાલ તુરત તે કેસને લગતી બધી બીના છુપી રાખવામાં આવી છે."

"એમ કે?"

"હાજી. પ્હેલે તો તેને હુસ્યારીમાં લાવતાંજ મને બહુ મેહેનત પડી–પણ માણસબી ખુદા રાખે એક પીલતનજ કેની તે મારી મેહેનત-નેબી જશ મળ્યો–હવે કયાં છે એવા પ્હેલવાનો–આય કાંઇક વરસે મેં એક નમુનો જોયો–ને ખરેખર મીસ નેલી ઉડેબી ખડે પગે તેની સાર-વાર કીધીછ ને હજુબી કરેછ."

નેલી ઉડનું નામ સાંભળી લૉર્ડ સાહેબ જે દાકતરનો આ પટપટારો કાંઇક બેદરકારી અને કચવાટથી સાંભળતા હતા તેવણના કાન હવે ઉભા થયા.

"તેમાં શું મોટી વાત! તે છોકરી તેની માશુક હોસે."

"તે તો હું નથી જાણતો—કદાચ એમ કહી શકું કે તે છોકરીની જીવતોડ મેહેનત અને તેણીના ચેણચાલાપરથી તે તે જવાનપર મરતી હોસે. પણ તે જવાનનો એ સંબંધી વિચાર શો છે તે હું કેહી નહીં શકતો,"

"તે કોણ છે ત્યારે? ખાણનો મજુર કે?"

"જો એક મોટાં ખાતાંનો મેનેજરબી મજુરોની ટીપમાં મુકી શકાય તો હા, તે ત્યાંનો મજુરજ છે—પણ ગરીબ બીચારો એક ખરો કોઇ ગૃહસ્થ આદમી લાગેછ!"

"ત્યારે મી૦ ઉડની ખાણનો તે મેનેજર છે ને તમે કેહોછ કે તેની એ બીમારીનું કારણ અકસ્માત નથી?"

"નહીં, હું નહીં ધારતો—તે વિશે મારી તો ખાતરી નથી—પણ સાહેબ આપણી વાત આપણે એજ જાણયે હંકે! કેમકે જે ભલા આદમીઓના આશરા હેઠળ તે છે તેઓ હાલ તુરત એ સંબંધી કશુંબી ન બોલાય તેને માટે આતુર છે."

"ત્યારે શું તમારૂં એ મત છે કે કોઇયે તેને ઠોકયોછ?"

"હા, કાંઇક મામલો તેવોજ છે ને જેણે તેની આ હાલત કીધીછ તે તેનો પ્યારમાં હરીફજ હોય એમ મને લાગેછ. મીસ નેલી ઘણીજ ખુબસુરત ને દેખાવળી છોકરી છે ને આય જવાન જ્યાં આવી ચઢયો તે અગાઉ કોઇ બીજાનો ડોળો તેણીમાં ખોભાયલો હતો એમ કાંઇ મને શક જાયછ."

"ને તે આદમીનો પતો નથી કે? તે કોણ છે?"

"તે એવો ગુમ થઇ ગીયોછ કે જાણે તેને જમીન ગળી ગેઇ હોય યા તો હવામાં તે પીગળી ગીયો હોય!"

"તે જવાનનું નામ શું?"

"કયો જવાન?"

"પેલો, જેની તમે સારવાર કરોછ તે?"

"રેવન–કલીફર્ડ રેવન."

અને સારૂં થયું કે તે નામ સાંભળતાંજ તે લૉર્ડ સાહેબ સમયસુચકતા વાપડી શાંત રહ્યા–નહીં તો દાકતર સાહેબ આગળ બોલતા ચુપ થઇ જતે.

"તદ્દન નવુંજ નામ છે, નહીં?"

"હા સાહેબ–મને તો એમબી લાગેછે કે એ એવણનું ખરૂં નામ નહીં હોવું જોઇયે, ને એની આસપાસ કાંઇ ભરમ વિંટલાયલો હોય એમબી મને તો વ્હેમ જાયછે. મેં તમોને સાહેબ પહેલેજ કેહ્યું તેમ એ લાગેછે કોઇ અમીરી તોખમનો ને અમીરી તોખમનાઓ કાંઇ અહીં ખાણમાં આવી મેનેજર તરીકે રહે એ મને તો બનવા જોગ નથી લાગતું–ને વળી જયારે તે નહીં જણાયલા શખસે તેનીપર હુમલો કીધો ત્યારે તે પારટીના દ્રેસમાં સજ થયલો હતો–એટલે લીડકોટ ખાતેના બૉલમાંથી તે વખતે તે પાછો આવતો હોય તેમ મને લાગેછે."

"પારટીનો દ્રેસ?"

"હા, સાહેબ, કેમકે મને જયારે ત્યાં તેડી લાવવામાં આવ્યો ત્યારે તેજ દ્રેસમાં તે બેભાન પડેલો હતો–તેનાં કપડાં તો મેં ને મી○ ઉડે ઉતાર્યાં–ને કપડાં ઉતાર્યાં ત્યારે શું એનો બાંધો ને શું પેશાંની! વાહ! મારા જેવા ચારને એક હાથે બીછાવી નાંખે જો!"

"ને તમે કેહોછ કે અદેખાઇના માર્યા કોઇયે એ કામ કીધું હોવું જોઇયે?"

"મારી તો ખાતરી છે સાહેબ–લેવોની તમુને જેનીપર મારો ને બધાંનો વ્હેમ છે તેનું નામબી ખાનગીમાં કેહું. વાઇઝ, તેને બધા ફ્રેન્ચી વાઇઝને નામે ખાણમાં ઓરખેછ."

"ફ્રેન્ચી વાઇઝ–તમે તેને ઓરખોછ કે? તે લખી વાંચી જાણેછ કે?"

"લખી વાંચી? તે તમે શાપરથી પુછોછ, મારા લાર્ડ?"

"નહીં અમસ્થું–મારી પુછવાની મતલબ એમ કે તે કોઇ અજ્ઞાન

માણસ છે કે?"

"અરે, હારે સાહેબ, એક સાધારણ મજુર છે, ને જે કામ તેણે કીધુંછ તે તે કરે તેવોજ છે–ચાલો સાહેબ, મારી ત્યાં બધાં વાટ જોતાં હોસે–હવે હું જાઉંછ ને જતાં જતાં કાલના દીવસની તમોને મુબારકબાદી આપતો જાઉંછ."

"થેંક યુ! એ તમે જે ખાણ કેહોછ તે કહાં આવી?"

"આય રસ્તે–તમારે આવવું હોય તો—"

"નહીં–નહીં–કાંઇ જરૂર નથી."

પ્રકરણ ૩૧ મું.

અજબ છે કે આજે જ્યારે કલીફર્ડ રેવનને આપણે જોઇયે છીયે ત્યારે તે માથાં પાછળ નેલીએ તેને ગોઠવી આપેલા તકયાને અઢેલીને મીઠી નીંદમાં પોઢેલો છે. તેનો ચ્હેરો જો કે લેવાયલો અને ફીકકો છતાં ઘણો શાંત છે–મોતની ખીણ તરફનો વાંક લેતાં તેને ઘણી મુસ્કેલી નડયાથી તે હસ્તો હસ્તો બધાં લાગતાં વળગતાંઓની અપાર ખુશાલી વચ્ચે ત્યાંથી પાછો ફરી હ્યાં પોઢેલો હતો. દાકતર તેને માટે મજબુત મત આપી ચુકયો હતો કે 'હવે તેને માટે કોઇયે ગભરાવું નહીં, હવે એને ધાડ નથી ખાવાની.' તે ઘણો નબળો પડી ગયો હતો અને તેની સારવારમાં ખડી ઉભેલી નેલીને વારે ઘડીએ માત્ર 'થેંકસ' બોલ કહી સંભળાવવા સિવાય કશું જ્યાદે તેનીથી હજી બોલી શકાતું ન હતું.

નેલીને મનસે તેણીએ તેની નોકરીમાં ગુજારેલાં લગભગ ત્રણ અઠવાડયાં તેની અત્યાર સુધીની જીંદગીમાંનાં સર્વથી વધુ સુખી હતાં. દરદીવાલાજ રૂમમાં આખો દીવસ રહેવું–રાત્રે ત્યાંજ સુવું અને તે પોઢેલો હોય ત્યારે તેની સોડમાં સંકોચાઇને બેસવું એ તેણીની હાલની જીંદગીની સૌથી મોટાંમાં મોટી મોજ હતી. કોઇવાર તેણી આજુબાજુ

કોઇ નથી એમ ખાતરી કરીને ચોરી છુપીથી તે જવાનનાં કપાળપર 'કીસ' વટીક લેવાની હીંમત કરતી હતી અને ત્યારે જાણે કેવું એક અમૃત તેણીએ ચાખ્યું હોય તેવી સુખી અને સંતોષી તે છોકરી લાગતી હતી.

ને નેલીનો દેખાવ કાંઇ રાતો માતો કે કોઇ વાતે તંદરોસ્ત હતો-જ નહીં; તેબી લેવાઇ ગયલાં તનબદનની અને ફીક્કા ચ્હેરાની થઇ રહી હતી, અને પોતાના હાથમાં સોંપવામાં આવેલા તે જીવ સટોસટના મામલાને આજની તેની આશાવંત હાલતમાં લાવતાં જો કે તેણીને તેણીની તંદરોસ્તીનો ઘણો ભોગ આપવો પડયો હતો, છતાં, તેણીને જે મોટો સંતોષ હતો તે એ કે–તેણે જે કીસમે તેણીને જાલેમ મોતનાં ડાચાંમાંથી ઘસડી કાઢી હતી તેજ–લગભગ તેજ રીતે તેણી તેને તેનાં અકાળ મૃત્યુમાંથી ખેંચી લાવી તેણે તેણી ઉપર કીધેલા ઉપકારનો કાંઇક રીતે બદલો વાળી આપવાની તેણીને તક મળી હતી.

જે દીને લૉર્ડ કારલ્યનને મળીને દાકતર મી૦ ઉડને બંગલે ગયો હતો તે દીન તે દાકતરના બાબમાં ઘણો ખુશીભર્યો નિવડયો હતો, કેમકે, તેજ દીને તેણે પોતાના તે 'પેશન્ટ'ની હાલત ધીમે કદમે પણ મજબુત રીતે સુધરતી જોઇ હતી.

"હવે તમો કોઇયે ધાસ્તી રાખવાનું કશુંજ કારણ નથી–આપણને લડત ઘણી મજબુત કરવી પડી ખરી, પણ તેમાં આખરે આપણને ફતેહ મળીછ એ ખુશી થવા જોગ બીના છે." પછી તે સુતેલા દરદી તરફ ફરીને બોલ્યો "મી૦ રેવન, તમુને અહીંના ઘોરખોદુની ખરેખર દુવા લાગશે, કેમકે, તમે તેની મેહેનત બચાવીછ."

"હા, ને હવે કોઇબી દાહડે હું મરૂં તેવું મને લાગતુંબી નથી, પણ હું એટલું તો જાણુંછ કે જો મીસ નેલીના હાથમાં મારી સંભાળ સોંપવામાં નહીં આવી હોતે તો આજે મારી ઉપર ભવ ભરાઇ ગયો હોતે. હું નહીં ધારતો કે દુન્યામાં કોઇબી દરદીને એવી કાબેલ નર્સ

મળી હોય." એટલું બોલી કલીફર્ડે ઉપરકારથી ભરેલી આંખ્યોએ તેણી તરફ જોયું "પણ, દાકતર, મારી મરજી છે કે તમે એવણને કેઠે હવામાં મોકળાવો, કેમકે, જો કે હું તો હવે ઘોડા જેવો થયોછ, તોબી એ બીચારી એમજ સમજેછ કે એની ફરજ હજી પુરી થઇ નથી! નેલી, મારૂં માન ને હવે મારો પીછો છોડી થોડી કેઠે આસાયશ લેવા જા. હવે મને શું છે? હું હવે એટલો મજબુત થયોછ કે—"

"બીફ ટીંની નાની પયાલીબી તમારીથી નથી પકડાતી" નેલી જરા સરંખું હસીને વચ્ચે બોલી ઉઠી.

"જ્યારે એમજ છે તો હું નહીં ધારતો કે મારાં આમ તેટલાં કહેવા છતાં મીસ નેલી તમુને હાલ તુરત છોડે." તે દાકતર હસીને બોલ્યો. "જો ખરૂં કેહું મી૰ રેવન તો તમુને હજીબી સંભાળની ઘણીજ જરૂર છે–ને તે છતાં મીસ નેલી, તમરાં 'પેશન્ટ'ને હવે આગળની માફક ધરી પકડીને બેસ્વાની કાંઇજ અગત નથી–તમે કેઠે હવા ખાવા નહીં જાવો તો જરા ખાણમાં ખુલ્લી જગ્યાએ ફરોહરો તો તમુને શું અડચણ છે?"

"અરે, તમેબી મારા સાહેબ, એમ ઢીલા થઇને શું વાત કરોછ?" રેવન બોલ્યો "તમે કેહોછ તેમબી જો નેલી નહીંજ કરવાની બોંહેંસ લેશે તો હું ઉઠીને ચાલ્યો જવસ ને એસ્પીતલમાં જઇને પડસ."

"ઠીક છે, ત્યારે તમારી બધાની મરજી છે તો ચાલો, હું હમણાંજ–દસ મીનીટ–બાહાર આંટો મારી આઉંછ. હવે બસ?"

"ઠીક છે, સીધારો" તે દાકતર બોલ્યો "મી૰ રેવન, તમારે વાસ્તે મેં એક ટોનીક મોકલ્યુંછ–જે લેબલપર લખ્યા પરમાણે લેયા કરજો–હવે દવાની જરૂર નથી. બસ હવે શકતીની દવા ને આસાયશ પોતાનું કામ પુરૂં કરશે. તમારાં મગજપર હવે કાંઇ બોજો તો નથીની?"

"નહીં, મારાં મગજપર બોજો તો નથી, પણ જલ્દી મને હવે શકતી આવે તો સારૂં, કેમકે, એક કામ જે જરૂરનું છે તે જેમ બને

તેમ જલ્દી પુરૂં કરવા હું માંગુંછ."

"નોનસેન્સ–તમને શું ખાણનાં કાંઇ કામની ફીકર હોય તો મી૦ ઉડ—"

"તો મી૦ ઉડ પોતે કહેછ કે તેવી કાળજીની કશીજ જરૂર નથી." મી૦ ઉડે તેજ વખતે અંદર દાખલ થતાં દાકતરનો વાકય અધુરો ઉપાડી લઇ પોતે પુરો કીધો. "મારે મનસે તો જે કામ અગતનું છે તે પેલા ફ્રેન્ચી વાઇઝની ફેંટ પકડવાનું છે–ને તેમ કરવા માટે મને હજાર રૂપ્યોબી ખરચવો પડશે તો તે ખરચીને હું ઉભો રહેવસ."

કલીફ્ડનો ભવાંનો ચીલ્લો આ સાંભળી ચઢી ગયો. બાદ, તેણે નેલી જે તે અરસામાં ફરીને આવી હતી તેની તરફ જોયું.

"મી૦ ઉડ" તે બોલ્યો "મારે તમારી પાસે એક મેહેરબાની માંગી લેવાની છે ને તે એ કે તમે ગરીબ બીચારા વાઇઝને નાહક હેરાન ના કરતા."

"નાહક હેરાન નહીં કરૂં? એ તું શું બોલેછ, છોકરા! હા, ચાલ વારૂં, તું કહેછ તેમ કરસ–એને જેલમાં સલામત પુર્યા પછી જરાબી હેરાન નહીં કરસ."

"નહીં" કલીફ્ડે હઠ લીધી "વાઇઝની સાથે માથું ફોડવું નકામું છે. તે કાંઇ એનો વાંક નહીં—"

"અં: ત્હારે, તમે એક રીતે કબુલ કરોછ, નહીં, કે એ કામ એનુંજ હતું?"

"હું તે કબુલ કરૂંછ ને તમો લોકને બધું ખરેખરૂં કહેવસ, પણ કોઇની જાણમાં તે વાત નથી હું લાવવાનો–ને તમે જો વાઇઝને પકડાવ્યો તોબી ના હું તેની ઉપર કામ ચલાવસ કે ના તેની સામે હું સાક્ષી આપસ."

"તમે નહીંજ આપસો, હેં?"

"નહીં, તમે બધી વાત જાણતા નથી એટલે તમુને હું શું કેહું? હું જ્હારે તમુને એમ ખરૂંજ કહેવસ કે પ્હેલે મેં એને નીચે નાંખી દીધો ત્હારે તમોબી કબુલ કરશો કે તેને મારીપર ઝનુંની બનવાનું કારણ મળ્યું હોવુંજ જોઇયે."

"ને વારૂં તમે એમ કાંય કીધું?" મીં૦ ઉડે કલીફર્ડની વાતથી અજબ થઇ પુછ્યું.

"અમો બે વચ્ચે એક બાબદસર ગેર સમજુતી ઉભી થઇ હતી, પણ હવે ગેઇ ગુજરી પાછી યાદ કરવામાં હાંસેલ નથી. દાકતરબી સમજુ છે, એટલે, તમે કહેશો તો આય મને થયલા અકસ્માતની વાત એવણ કોઇ આગળ કરશે નહીં; ને વાઇઝ હાલ કયાંનો કયાં નીકળીબી ગીયો હોસે? મને બીછાણે પડયાને કેટલા દાહાડા થયા?"

"ત્રણ અઠવાડયાં વીતી ગયાં તેની તમુને કાંઇ ખબર છે?"

"ઓહો! એટલી લાંબી મુદત? ત્હારે તો તેટલા અરસામાં એ સુધરીબી ગીયો હોસે ને કોઇ વ્હાણપર સફર કરતો હોસે. ભલાં માણસ, પ્હેલે જયારે મેં તેને એ સલાહ આપી, ત્યારેજ એમ દુર દેશાવર નીકળી ગીયો હોતે તો આ મુસ્કેલી મનેબી નહીં નડતે ને એબી તેમાંથી છુટતે—નહીં, એની સામે કામ ચલાવવાને ધસીને હું ના પાડુંછ."

કલીફર્ડના આ વિચારો બુઢ્ઢા ઉડને માફક નહીં આવ્યાથી તેવણ દાકતરને લઇને બાહાર નીકળ્યા અને નેલી તે ઓરડામાં પોતાના પેશન્ટ સાથે એકલી પડી. તે વખતે દવાનો ટાઇમ થવાથી તેને તેણીએ દવાનો એક ભાગ આપ્યો અને પછી તેને બરાબર તકયા ગોઠવીને પોઢાડયો.

કલીફર્ડ ઉપલી વાતચીત કરતાં થાકી ગયલો હોવાથી પલંગપર થોડોવાર નીસોસ પડી રહ્યો, અને પછી બોલ્યો—

"નેલી, મને તમારો હાથ આપો. મારે જે કહેવું છે તે મારા હાથમાં તમારો હાથ લેઇને હું કેહું. આહ! પણ હું ભુલ્યો. મારીપર

તમે કીધેલી આ મેહેરબાની ભરેલા ઉપકારની વાત હું કયી જબાને બોલું? વ્હાલી નેલી, મારી બેહેન તારો હું હજારો હજાર ઉપકાર માનુંછ."

એટલું બોલી તે હાથ પોતાના હોઠ સુધી ઉંચકી તેને ચુંબન કીધું. તેણીએ તે હાથ ખેંચી તો નહીં લીધો પણ ધીરેથી તેના કબજામાંથી સેરવી નીચી મુંડીએ તે ઓરડાની બાહાર તે નીકળી ગઇ.

તે નીચી મુંડીએ બાહાર ગઇ અને હળવેથી બારણું બંધ કરી તે આગળ ચાલી અને ઘાસપર નીચે બેસી પડી ફુસ્કે ફુસ્કે તે રડી.

"તેની બેહેન! ફકત તેની હું બેહેનજ! બીજી કોઇજ નહીં! અમસ્થી બેહેન!"

તે બીચારી ડચકાં ખાતાં બોલી.

પ્રકરણ ૩૨ મું.

નેલી તે બંગલીમાંથી નીકળ્યા બાદ આશરે પાંચેક મીનીટે, ખાણની પેલી બાજુએથી નીકળી એક શખ્સ ત્યાં આવ્યો. તેણે લાંબો મોટો ઓવરકોટ પ્હેર્યો હતો જેનો કાલર અડધો ચ્હેરો ઢંકાય તેમ તેણે ઉંચો ચઢાવ્યો હતો. તે કોઇજ નહીં પણ આરથર લૉર્ડ કારલ્યન હતો અને એ કલીફર્ડ રેવન કોણ હતો—કેવો હતો તે જાતે જોવા અને તપાસવા તે ત્યાં આવ્યો હતો. રખે કોઇ આસપાસ હોય—કેમકે તે ત્યાં ચોરી છુપીથીજ આવ્યો હતો—તે માટેની તપાસ કરવા ત્યાં ખડકોને ઓથે થોડીક પલ તે ઉભો અને તે તરફ કોઇજ નહીં હોવા વિશેની તેની ખાતરી થતાંજ તે ખડકોની બાજુ—બાજુએથી ભરાતો સંતાતો આગળ વધી તે બંગલી આગલ આવી ઉભો. તેણે તે બંગલીનું અળગું બંધ બારણું હાથનાં આંગળાંનાં ટાંચાંએ ઠોકયું, અને કશોજ જવાબ ન મળ્યાથી તે તે ઉંઘાડી અંદર પેઠો.

તે અંદર પેઠો ખરો, પણ એકદમ આગળ નહીં વધતાં તે ઓરડામાં બધે નજર ફેરતો થોભ્યો અને તેમ કરતાં તે ઓરડાની સફાઇ સુઘડાઇ અને રાચ રચીલાંની ગોઠવણુ જોઇ તે કાંઇક વિસ્મય પામ્યો. જરા તેણે પગ અફાળયો–જરાક ખંખાર માર્યો અને તે છતાં ત્યાં કોઇનીજ હસ્તી ન માલમ પડયાથી તે આગળ વધી બીજા ઓરડાનાં બારણાં આગળ આવ્યો, જે પણ અળગુંજ બંધ હોવાથી તે ઉઘાડી તેમાં દાખલ થયો.

નેલીએ જતી વેળા બધી બારીઓના પડદા ઉતારી દીધા હતા એટલે ઓરડામાં અધકચરૂં અંધારૂં હતું અને તેથી જો કે તે પલંગપર પોઢેલા એક ઇનશાનનો આકાર તે જોઇ શકયો પણ તેને ઓળખી તો નહીંજ શકયો.

તે હવે પગનાં આંગળાંપર આસ્તે આસ્તે ચાલીને તે પલંગ આગળ આવ્યો અને કલીફર્ડના ચ્હેરા તરપ્ તેણે ધારી ધારીને જોયું.

"એનું નખ્ખોદ જાય એનું!" તે કલીફર્ડના ચ્હેરા તરફ જોઇ બડબડયો અને તેનો ચ્હેરો અદેખાઇના આતશના તાપથી લાલચોળ થઇ રહ્યો "કોઇ ફાંકડો જવાન લાગેછે–ને પેલી એને મળતી ભેટતી રહેતી હોસે એમ હું ધારૂંછ; અહીં એ પડયોછે તેટલાં એવું મન થાયછે કે એને ગુંગળાવીને મારીજ નાંખું!"

અને તેજ વખતે જાણે તે દાંત પીસીને જે બોલો બોલ્યો હતો તે પેલા સુતેલા આદમીએ સમજ્યા હોય તેમ પોતાની ડોક તે તરપ્ તેણે ફેરવી અને તે કાંઇ બડબડયો. આરથર કારલ્યન ચોંકયો અને પોતાના હોઠ કરડતો તે ઉભો, કેમકે, તેને કાંઇ એવો ધખારો થયો કે તે બીમાર તેનું–કારલ્યનનું–નામ બડબડયો હતો.

"છટ, છટ, એ ખાલી મારાં મનનો ધખારો હોસે! અહીં વેર હીંમત પકડીને હું આયો ને એમ નરવસ થઇ જાઉંછ તેનું કાંઇ કારણ? એમ સમજો કે કોઇ અંદર આવીબી ગીયું યા તો એબી જાગી

ઉડયો તો મારે કહેવાનું કે એ સીક છે એમ સાંભળી એની ખબર પુછવા હું આયોછ—જરા થોભું ને જોઉં તો ખરો કે મામલો શું છે?"

એમ સખ્યારો લઇ તે એક ખુરસી પર ત્યાંજ બેઠો.

"ત્યારે પેલી જેપર મરી ફીટેછ તે આય આદમી?" તે બડબડયો "એનું સત્યાનાસ જાય! એ મરી કેમ નથી જતો?" અને વળી તેટલાંજ કલીફડનો બડબડવાનો સાદ આવ્યો.

"હું ડેસમન્ડ કારલ્યન છેઉં—પોતે હું અર્લ કારલ્યન ને તેની મારી પાસે સાબેતી છે!"

આરથર કારલ્યન આ બક બકારો સાંભળીને ખુરસીપર ખડો થઇને બેઠો અને પાછો ટીકી ટીકીને તે સીક આદમીનો ચ્હેરો તેણે જોયો અને તેનાં અત્યાર સુધીનાં અંધારાં મગજમાં રોશણીનું કીરણ પ્રકાસ્યું હોય તેમ તે છલાંગ મારી તે ખુરસીપરથી ઉઠયો અને તેણે જે જોયું હતું તે હજી તેનાં ધ્યાનમાં ન ઉતરતું હોય તેમ વિચારમાં ને વિચારમાં તે ઉભો, અને તે સુતેલા શખ્સનાં ચ્હેરાપર પાછી તેની નજર પડતાં તેમાં ખુન વર્ષી રહ્યું હતું, અને તે પછી પોતાની પુરે પુરી ખાતરી કરવા તે બારીઓ ગમ દોડી ગયો અને તે દરેકના પડદા ખીસેડી નાંખી ઉજેરડાંમાં કલીફડનો ચ્હેરો બરાબર રીતે જોવા તેના પલંગ પાસે હલકે કદમે ચાલીને આવી ઉભો અને વાંકો વળી તેનો ચ્હેરો તેણે ઘણાજ ઉંડા અભયાસથી જોયો.

"ઓ ખુદા!" તે ચોંકયો અને બડબડયો "એ તો ડેસમન્ડ છે! હા, ખરેખર એ ડેસમન્ડજ છે! ને—ને એજ અર્લ કહેવાય. ત્યારે હું કોણ? એ હૈયાત છે તો હું તો પાછો એક બે બદામનો ભીખારીજ! ડેસમન્ડ પાછો જીવતો જાગતો અહીં! ને હુ? માર લાત ને કાઢ બાહાર!"

વળી પાછું તેણે તે ફીકકા ચ્હેરા તરફ ધારી ધારીને જોયું—

"હારે હા! એજ ડેસમન્ડ—હું એને નહીં ઓળખું? સબર, હું પીધેલો તો નથી? હવે હું શું કરૂં?"

તે દારૂ પીધેલાં એક ઇનશાનની માફક ડોળા ખાતો બાહાર નીકળ્યો અને બારણું પાછું બંધ કરી તેને ટેકીને તે ઉભો.

"એજ ડેસમન્ડ" વળી પાછો તેનો બબડવાટો પાછો ચાલુ થયો "મારો પીત્રાઇ ડેસમન્ડ—હક્કદાર વારસ તો અહીં અંદર સુતોછ! ત્યારે તે કાંઇ મરી નથી ગીયો ને પેલાં ઘરડાં ઘુવડ મેજરે તે બાબદનું સોગંદનામું નોંધાવ્યું! એ ડેસ્મન્ડ જાણતો હોસે કે હાલ એ ખેતાબ પર તેનો હક્ક પુગેછ તે? તેમ જો હોય તો પોતાનો હક્ક સાબેત કરવા તે બાહાર કેમ નથી આયો? એ ગડબડ ઘોટાળો શું છે? ને એ બધું કારસ્તાન કોણનું છે? મેજર શું દાવ રમેછ ને કેટ શું ગતમાં લોટેછ? કેટ જાણતી હોસે કે ડેસમન્ડ હૈયાત છે ને મેજરને ખબર હોસે કે હું કાઇ ચીજ નથી? નહીં, એ એઉને તે વાતની ખબર નહીં હોસે, નહીં તો કેટ મારી સાથે પણવા કદી કબુલ થાય નહીં ને તેનો બાપ પોતાની એ પરીસુરત દીકરીને મને વેચાતી આપવા તૈયાર થાય નહીં. એ તો બીચારી મારી સાથે નહીં પણ મારી દોલત અને મારા ખેતાબ સાથે પરણેછ-હા, હવે બધાંનું બોટારૂં માલમ પડયું! તે વાસ્તે તો મારી ખાતરીજ હતી!"

એટલું બોલી રહેતાં તેને વળી બીજો વિચાર આવ્યો.

"એ છોકરી મારી સાથે મારા પૈસા ને ખેતાબને લીધે પણવા તૈયાર થઇછ, નહીં? તો હવે પણવાજ દેવો તેને મારી સાથે—મારે તે લોકની આંખ ઉઘાડવાની જરૂરજ શું?"

તેના આ વિચારમાં—તેને સપડાવવાની તજવીજ કરનારાંઓને તેઓનાજ ફાંસામાં સપડાવવાના આ વિચારોએ તેને એવો તો સંતોષ આપ્યો કે તે ખડખડ હસ્યો. બાદ, પાછો તે પેલા સુવાના ઓરડામાં ગયો અને કલીફર્ડના ચેહેરા સામે ટીકતો ઉભો.

"જોણે તેને આય હાલતે પુગાડયો તેણે એને પુરોજ કાંય નહીં ઘેકીો? ને હમણાંબી એ એવો થઇ રહ્યોછ કે હજીબી તેને પુરો કરવાનું

કામ કાંઇ મુશ્કેલ નથી. ગળું ભચડીને તેને હું પુરો કરૂં?"

પણ વાંચનારે હૈયે નેહ રાખવી કે એ તેનું ધારેલું કામ પાર કરવા જેટલો આરથર કારલ્યન હીંમતવાન નહીં હતો, અને તેથી જે જવાન તેની દોલત અને તેનો ખેતાબ તેની પાસેથી ખુંચવી લેનાર હતો તેની ઉપર એક છુપી નજર નાંખી તે તે ઓરડો અને બંગલી છોડી ત્યાંથી તે ચાલતો થયો.

"જરા ઉભી રહે, થોડાજ કલાક હવે બાકી છે.!" તે પોતાનો રસ્તો લેતાં બડબડયો "તેટલાંમાં કાંઇ આય બંગલીમાંથી એ બાહાર નીકળી નથી શકવાનો, ને એ બે વચ્ચે કશી ચીઠ્ઠી પત્રી તેટલો વખત ચાલવા ન પામે તેની સંભાળ લેવાનું મારૂં કામ છે. અરે, નહીંરે મારી લાડકી કેટ તારે ગમે તેટલી ડેસમન્ડ કારલ્યન પર મરી ફીટની—કાલેતો તું મારીજ ને હું તા—રો—જ!"

આ રીતે કેટના બાબમાં તેણે સંતોષ પકડયો, પણ, તેની બીજી મુશ્કેલીઓનું સેવટ તે જોઇ તો નહીંજ શકયો. બસ હાલ તુરત તો તેણે મનસે નક્કીજ માન્યું કે જો કેટ પરણીને તેની થઇ તો તેની બીજી બધી મુશ્કેલીઓનો છેડો આવતાં વાર નથી લાગવાની ને પછી ખેતાબ અને દોલતનો હક્ક સાબેત કરવા ડેસમન્ડને કોર્ટમાં ઘસડવો ને ડેસમન્ડને કદાચ એમબી પુરવાર કરવું ભારી પડે કે એ પોતે ડેસ-મન્ડજ છે—એને આય તરફ ઓળખતું કોણ હતું?

"હું એને કોર્ટમાં છેકના છેડા વેર પુરો પડસ ને જ્યાં સુધી તે બાબદનો પુરેપુરો નીકાળ આવશે નહીં ત્યાં સુધી હું જંપીને બેસસ નહીં અને જ્યારે જોવસ કે મારૂં વળે તેમ નથી તો મેજરને અને તેની દીકરીને લટક આપી વટેણા વાવી જવસ કે પછી જોઇ લેવો એ બેઉ-ના ચ્હેરા! એમ નહીં ફાવસ તો એ બેઉ લોભી બદમાશોપર કીનો લેવા-માંતો ફાવસ!" એવા એવા વાહીયાત ખ્યાલોમાં તેનીથી જેટલો સંતોષ લેવાય તેટલો સંતોષ તે હૈયાં સ્હુનાં ઇનશાને લીધો.

પ્રકરણ ૩૩ મું.

તે સહવાર—યાદગાર સહવાર પડી. તે સહવાર તો હતી બધી વાતે ખુશનુંમાં અને બામદાદના સુરજના નરમ તાપથી તે ચમકી રહી હતી, જેની એક રેજ્નલ કેટના ઓરડાની બારીમાંથી પસાર થઇ તે પોતાનો ડ્રેસ કરતી એક મોટી આરસી સામે ઉભી હતી તે વખતે તેણીના સોનેરી વાળોને કીસ લેતી કોઇનીબી રજા વગર ધુસી આવી હતી. કેટ પોતાનો સુફેદ સાટીનનો પરણવા જવાનો ડ્રેસ પ્હેડતી આરસી સામે ઉભી હતી અને તેણીની દાસી એન તેણીના પગ આગળ ગુંથણ મરડયે એસી તેણીનો લેસનો 'વેલ' સરખો કરી તૈયાર કરતી હતી.

"એન, જરા પેલી ગમથી ખેંચીને એણીગમ સરખી કર" લેડી વેરનર જે ત્યાંજ હતી તેણીએ એનને તે લેસ બદલ સલાહ આપી "ચાલ, હવે માથાંપર આસ્તે રેહીને ગોઠવ—એમ. વાહ? કેટ, આજે શું તારો ચ્હેરો લાગેછ! જો કે તારો ચ્હેરો ફીકકો છે, છતાં આય લેસના વેલથી તે એવો શોભી રેહ્યાચ કે પુછ ના—ને હા, દીકરી, આજે તેં નાસ્તો નહીં લીધો કે?"

"હું ભુલી ગેઇ" કેટ બોલી અને એક પલ પોતાની આંખો લેડી વેરનરની સામી ધરી તેણી તરફ જોઇ પાછું નીચે જોતી તે ઉભી. "તે ભુલી ગેઇ તેમાં કાંઇ નવાઇ? મારાં લગનની સહવારે હું પોતે મારા પગપર ઉભી'તી કે માથાંપર તેનીબી મને યાદ નથી. એ વખત જાણે આપણે કાંઇ ખુશ સવપ્નું જોતાં હોઇયે તેમ પસાર થઇ જાયછ ને જયારે બાહાર દેવળમાં જવા ગાડી ખોટી થાયછ એમ મને કોઇ કહેવા આયું તે વખતે તો મારીથી ચીસજ પડઇ ગેઇ હતી! તુંનેબી કાંઇ એમજ લાગેછ કે?"

"નહીં, મને તેવું કશું લાગતું નથી—ને હું નહીં ધારતી કે હું ચીસબી પાડી ઉઠસ."

"નહીં, દીકરી, તે તો હુંબી નથી ધારતી, કેમકે, તારૂં મગજ તું કોઇબી વખતે બરાબર સમતોલ રાખી શકેછ તે હું જાણુંછ–ને એમબી સમજુંછ–ને તે વિશે મારી ખાતરી છે કે તુંને ચીબી થવાની ટેવ નથી–ને તે બધું છતાં દીકરી તે વખતે તારી આંખોમાં જરા પલપલ્યાં આવશે ખરાં."

"નહીં, તેમબી હું આશા નથી રાખતી" કેટ શાંત ચ્હેરે બોલી.

તેટલાં કોઇયે બાહારથી બારણું ઠોકયું અને તેને અંદર આવવાનો હોકમ થતાં એક દાસી હાથમાં મોટો ફુલનો સુશોભીત તુરો લઇને દાખલ થઇ.

"લૉર્ડ કારલ્યને ઘણાં ઘણાં હેત સાથે આય તુરો મોકળ્યોછ, મીસ કેટ" તે નમીને બોલી અને કેટ તે તુરો તેના હાથમાંથી લઇ તેને જોતી શાંત ચ્હેરે ઉભી.

"હા, મજેહનો છે." ફકત તે એટલુંજ બોલી.

"જોયું, દીકરી કેટી?" લેડી વોરનર હસીને બોલી "ખાવીંદ તરીકે એક અર્લને લેવો એમાંબી કેવી મોજ છે–પણ, તું આજે એમ કેમ? એટલી બધી ઠંડી ને—" પછી પોતાના હાથે તેણીનું આંગ તપાસી બોલી "હા, તારૂં આંગ બધું પાણી પાણી થઇ ગીયુંછ! તું હમેશાં એમજ રહેછ કે? જરા સગડી મંગાઉં?"

"નહીં, મારૂં આંગ હંમેશ એવુંજ રહેછ ને જરા દીવસબી ઠંડા છે કેની?"

"નહીં, આવું મજેહનું તડકું પડેછ ને તું એ દાહડાને ઠંડો કહેછ? સગડી નહીં, તો જરા વાઇન લે કે દીલમાં ગરમી આવે ને—"

"નહીં, થેંક યુ–તમે મારૂં ધ્યાન નહીં ખેંચતે તો મારૂં આંગ એટલું ઠંડુ છે એમ મને માલમબી નહીં પડતે–મને કાંઇ લાગતું નથી."

તે છતાં લેડી વોરનરે એનને ઇશારત કીધી અને તે તાબેદાર છોકરી ઝટ બાહાર દોડી ગઇ અને વાઇનની ડીકાન્ટર લઇને પાછી આવી

જેમાંથી લેડી વોરનરે કેટને ઓહોંસ કરીને થોડોક પાયો.

"ત્યારે, તમે લેડી વોરનર ધારોછ કે હું મોટી નસીબવાલી છેઉં?" તેણીએ કાંઇક હસીને પુછ્યું.

"તો નહીં? પેલા બીશપ તારા બાપ આગળ હમણાં શું બોલ્યા તે તેં નહીં સાંભળ્યું? તુંને ખબર છેની કે પાદરી સાહેબ આવેલા છે તે? તેવણ બોલ્યા કે કારલ્યનનો અર્લનો અમીરી ખેતાબ ઘણો અસલ વારેનો છે, ને કોઇ છોકરી અટવાઇને વાજવરે તોબી એ ખાનદાનનો કોઇ નબીરો તેને નહીં મળે!"

કેટે પોતાનો ચ્હેરો ફેરવી નાંખ્યો અને કમકમીને પેલો ફુલનો તુરો એક બાજુ ટેબલપર મુકી દીધો. પોતાની આ લાગણી લેડી વોરનર જોય એવી તેની મરજી નહીં હતી છતાં લેડી વોરનરની નજરથી તેણીનો તે કમકમાટ છુપ્યો રહી નહીં શકયો હતો.

"શું છે કેટ? એમ કાંય તું કરેછ?"

"નહીં, કાંઇ નહીં, એમાંનાં કેટલાંક ફુલો મને નથી ગમતાં,"

"ને ચાલ તું તૈયાર છે કે?" લેડી વોરનરે ઘડયાલ તરફ જોઇને પુછ્યું "ચાલો, તેમ હોય તો નીચે ઉતર્યે–બીશપ વાટ જોતા હોસે ને લૉર્ડ કારલ્યન અધીરો થઇ રેહ્યા હોસે."

"ઓ માયરે! લૉર્ડ કારલ્યનને વાસ્તે કેહોછ?" એક છોકરી–લેડી વોરનરની ભત્રીજી જે પણ ત્યાં તુરતની આવેલી હતી તે બોલી "એ-વણ એ વખત તો પુછાવી રેહ્યા કે કેટ તૈયાર છે કે નહીં ને બેહેન મેરીએ ખામખા તેવણને ચીડવવા કેહ્યું કે હજી તો એવણ બાથમાં છે ત્યારે એ બીચારાનું મોહું એવું થઇ રેહ્યું કે મને તો બા તેવણની ઘણીજ દયા લાગી–આપણો અદરાયલો ખાવીંદ આપણી આટલી ટગર ધરે–કેટલી ખુશાની વાત–હેં? ખુદા કરે ને મનેબી એવોજ અધીરો વર મળે–નહીં કાકીજી?"

કેટની હાલ હાલતજ એવી હતી કે તે છોકરીની નીખાલસ દી-

લની આ ખુશ મશકરીથી તેણી વળી પાછી કમકમી હોય તેમાં નવાઇ નહીં હતી.

"ખુદા કરેને લુસી તુંને સારો વર મળે ને તું સુખી થાય!" કેટ બોલી.

"જરા મને બીજો વાઇન આપો" કેટ ત્યાં એકઠી થયલી છોકરીઓ તરફ જોઇ બોલી.

"કેટ, શું છે? કાંઇ તબ્યત સારી નથી કે?" તેઓમાંની એક છોકરીએ તેની આગળ આવી તેના હાથ પકડી પુછ્યું "તમે એટલાં નરવસ કેમ થાઓછ? તમારો હાથ ઠંડો બરફ જેવો છે ને બધાં ઝરાં ફુટી નીકર્યાંછ!"

કેટે વાઇન લીધો અને છોકરી તરફની લગનની તે ટોળી નીચે ઉતરી.

ડ્રોઇંગરૂમ લોકથી ચીકાર ભરાઇ ગયો હતો, જેઓની વચમાં મેજર અને બીશપ વાત કરતા ઉભા હતા.

જેવી તે લગનની ટોળકી અંદર આવી અને કેટપર જેવી બધાંઓની નજર પડી કે બધાં ચુપચાપ થઇ ને હટી ગયાં.

"આય મારી દીકરી કેટ" મેજરે કેટને બીશપ આગળ રજુ કીધી.

કેટને બીશપે શેકહેન્ડ કરી ભલી દુઆ દીધી અને કેટ તેવણને નમીને ત્યાંથી ચાલી ગઇ.

"આશા રાખુંછ કે લૉર્ડ કારલ્યન તમારી એ દીકરીને લાયકનો નીવડે! ખરેખર આખાં ઇગ્લાંડમાં તમારી દીકરીની જોડી મળવી કઠણ છે."

"નહીં, લૉર્ડ કારલ્યનબી એક સુધો સાચો જવાન છે."

"આહ! હોસે–હોસે–મેં તો એને નાલ્લું બચ્ચું હતો ત્યારનો જોયો નથી. અર્લ એના કાકાજ થતા'તાની? તેવણને હું બરાબર ઓરખતો'તો!"

"હા, એવણના કાકાજ" મેજર અંદરખાનેથી ગભરાતો બોલ્યો "જરા બીજો વાઇન લેશો?"

"એક અડધું વાઇન ગ્લાસ–બસ–ને હા, અર્લ બરાબર મારાં ધ્યાનમાં ને આય ડેસમન્ડ કારલ્યન, ખરૂં કેની?"

"નહી, એ ડેસમન્ડ નહી, આરથર" મેજર ગભરાટને લીધે લાલ થઇ જઇ બોલ્યો.

"આરથર? એ વરી આરથર કહાંથી આયો? જરા થોબો–મારી યાદ બરાબર તાજી કરૂં–અર્લ બીચારા ગુજરી ગીયા પછી તેના બન્ને દીકરાઓ ડુબી મુવાને ને પછી તો ડેસમન્ડ––"

"ને તે અમેરીકાનાં નેવેડા શેહેરમાં મરી ગીયો" મેજર બોલી ઉઠયો, પણ એટલું બોલતી વખતે તેની હાલત કેવી થઇ હશે તે એ ઉપરથીજ જણાશે કે તેનાં કપાળપર બધો પસીનો ફુટી નીકળ્યો હતો! "જરા એક ગ્લાસ વાઇન લેશો, તમે?"

"એક અડધું વાઇન ગ્લાસ ચાલસે, મેજર" બીશપ બોલ્યો "ત્હારે બીચારો ડેસમન્ડબી મરી ગીયો કે? મજેહનો છોકરો હતો તે–મને હજુબી તેની યાદ છે–ઘણો ભોળો, ખાલેસ દીલનો ને ગરીબ છોકરો હતો!"

"હા, મેંબી એની તારીફ સમજી'તી–પણ આય અર્લબી તેવો-જ છે–એબી ઘણો મજેહનો છે–હવે આપણે દેવળ તરફ ચાલતા થશું?"

"હું તદ્દન તયાર છેઉ" બીશપ બોલ્યો.

તેટલાં વરરાજા ખરેખર રતરીમાં પડયો હતો. સહવારનાં પ્રહરથી તે આતુરતા અને ફીકર વચ્ચે અધમુવો થઇ રેહ્યો હતો. આતુરતા તે કેટને પોતાની પરણેતર કરવાની હતી અને ફીકર તે રખેને કોઇ ચમત્કારીક રીતે ડેસમન્ડ સાજો થઇ લગનની ક્રીયા વખતે દેવળમાં ફુટી નીકળી બધો ધાણ બગાડે તેના સંબંધમાં તેને હતી.

નખ્ખોદ ગીયા કલાકોબી તેને મનસે આસ્તે આસ્તે પસાર થતા લાગ્યા અને તેનો મીજાસ એવો તે વખતે ખાઉ કરડુ બની રેહ્યો હતો

કે તેની આગળ જે આવતું તેને તે કરડવાજ દોડતો હતો.

એમ કહોની કે આખરે તે લૉર્ડ કારલ્યનની ઉમેદ બર આવી અને કેટ તેની અને તે કેટનો થઇ બધું હાઉસન જાઉસન દેવળમાંથી બાહાર આવ્યું.

પ્રકરણ ૩૪ મું.

જે દીને કેટ પરણીને લેડી કારલ્યન થઇ તેજ દીનની આગળી રાત્રે કલીફર્ડ રેવન, ખરો અર્લ કારલ્યન ઘણીજ શાંત અને લાંબી ઉંઘ કાઢી સહવારમાં ઘણી બેહેતર હાલતે ઉઠયો.

તે હજીતો પોઢેલો હતો તેટલાં મી૦ ઉડ અને નેલી તેના ઓરડામાં રખે તે જાગી ઉઠે કરીને પગનાં આંગળાં ઉપર ચાલતાં આવ્યાં અને તે ઉઠે તેટલાં તેનું મોંહ ધોવાનું પાણી–દાંતનું મંજણ–તુવાલ વિગેરે તેનાં પલંગ આગળ મુકી નેલી તેને માટે કાફી અને તોસ્ટ તૈયાર કરવા મંડી ગઇ.

"પપા, એવણને આજે ઘણા વધારે શાંત અને ભર ઉંઘમાં પોઢેલા જોઇ હું એવી ખુશી થઇ ગઇછ કે પુછો ના" નેલી પોતાના બાપને કાણે લાગી બોલી "દાકતરબી કહેછ કે હવે એવણને ફકત ઉંઘ અને આસાયસનીજ જરૂર છે ને—"

અને ત્યાં ગરીબ નેલીને ધ્યાન આવ્યું કે એક ગમ તે બીમરા સાજો તાજો થઇ ફરતો હરતો થશે કે તેની આગળની આગળ હાલની માફક રહેવાની તેણીને જરૂર રહેશે નહીં અને એ વિચાર આવતાં તેણી દલગીર થઇ અચકીને ઉભી.

"હા, આજે એ મજેહનો ઉંઘાયોછ" મી૦ ઉડ બોલ્યા "ને ઉઠીને આજે જો એ જરા તરા ફરતો હરતો થાય તો હું અજબ નહીં થવસ, પણ આંગ ઘણું નહીં ખેચે તો સારૂં!"

અને કલીફર્ડ ઉઠયોબી છેક બપોર પડતાં અને જ્યારે ઉઠયો ત્યારે એવો તાજો તફડતો તે ઉઠયો કે તે જાણે સીક પડયોજ નહીં હોય!

"નેલી, મારો વિચાર આજે પલંગપરથી બાહાર આવવાનો છે" તે નેલી જે તે વખતે ત્યાંજ હતી તેની તરફ જોઇને બોલ્યો.

"તમે ધારોછ તમારીથી જરા ચાલીને ખુરસીપર અવાશે?"

"તો શું છે? જંગલમાંના ચીત્તાની માફક મને જોર આયુંછ, ને તું કાંઇ મારા ચ્હેરાપરથી અને મારાં એકવર્યાં આંગથી કાંઇ ભુલાવો ના ખાતી–હવે હું જરા ફરહર કરૂં તો તારી મેહેન્નતબી ઓછી–નહીં, માફ કરજે હં–મારીથી એમ બોલાયું, કેમકે, મારી સારવારમાં મેહેનત જેવું કાંઇ તેં માન્યું નથી ને એમ હું બોલું તો મારા જેવો નગુણો કોઇજ નહીં. પણ, નેલી મને ઉઠીને જરા બાહાર ફરવા ગમેછ" એમ બોલી તે બીછાણાંમાંથી બાહાર આવ્યો "ઓહો! આય આસ્માન જાણે મેં કાંઇ વરસે જોયું હોય તેમ મને લાગેછ!"

નેલી અંદર ચાલી ગઇ અને કલીફર્ડને મોંહ હાથ ધોઇ બરાબર કપડાં પ્હેરવાની મદદ કરવા પોતાના બાપને અંદર મોકલ્યો, અને કલીફર્ડ જરા વારમાં તૈયાર થઇ ગયો.

"હું સીક હતો તેટલાં આય કોટ મોટો કેમ થઇ ગીયો?" તે કોટ પેહડતાં હસીને બોલ્યો.

"જરા તું બાહાર ફરશે હરશે–જરા બીફ સ્ટીક ને બીર લેતો થશે કે એ કોટ પાછો સંકોચાઇને નાનો થશે–તું પ્હેલે અહીં આયો તે વખતે જે બીફ સ્ટીક તેં ખાધી'તી તે તુંને ખબર છે કેની?"

તેટલાં વ્હેલી વ્હેલી નેલીએ બાહાર કમ્પાઉંડમાં એક ખુરસી મુકી અને તે બાપ બેટીએ તેને બાજુમાંથી પકડી બાહાર લાવી બેસાડયો.

"વાહ! જો ઘણે દાહાડે બાહાર નીકળીને જોવામાં એટલી મજાહ પડતી હોય તો થોડાક દાહાડા અંદર ભરાઇ રહેવુંબી એક આશિરવાદ જેવું સમજાવું ને ગણાવું જોઇયે." તે બધે નજર ફેરવીને બોલ્યો.

"આજે જરા તારો ચ્હેરો મજહેનો તંદરૂસ્ત અને મીજાજ ખુશ લાગેછ!"

"હું આજે પોતાને મી○ ઉડ એટલો સુખી સમજુંછ કે તેની હદ તમોને સમજાવવા જેટલું બોલવાની મારામાં તાકાત નથી–ને તે છતાં તમુને મારીપર જે બધું વીત્યુંછ તે કેહ્યા સીવાય મને ચેન પડે તેમ લાગતું નથી. તે એક કાંહાંણી કીસ્સાને ભુલાવે તેવી વાત છે—ને તે હું તમારી આગળ કરૂં તો તમે એમજ સમજો કે બીચારાનાં મગજનું કાંઇ ઠેકાણું નથી તો?"

"પણ હમણાં તે વાત કરીને ઉશ્કેરાવાની કાંઇ જરૂર છે?"

કલીફર્ડ હસી પડયો.

"તમે એટલાંમાંજ બીધા? તમે ના બીહો, હવે પાછો હું સીક નહીં પડું–મારા આવરદા પથ્થરના પુરવાર થયાછ!"

ત્યાં બેઉ થોડીકવાર ચુપ બેઠા, પછી પાછો કલીફર્ડજ બોલ્યો—

"હું ધારૂંછ, કાલે મારીથી સેન્ડફર્ડ જઇ અવાસે."

નેલી જે પણ ત્યાં આવીને ઉભી હતી તે બોલી ઉઠી—

"અરે નહીં રે! સેન્ડફર્ડ કહાં જાય?"

"ખચ્ચીત નહીં–ને હમણાંને હમણાં ત્હાં જવાનું કામબી શું છે? મને કેહો–નેલીને કેહો અમે કોઇ જઇને તે કરસું."

"નહીં તે કામ મારા સિવાય કોઇથી થઇ શકે નહીં તેમ છે" કલીફર્ડ હસીને બોલ્યો "તે મારે પોતેજ કરવું જોઇયે. નેલી, ત્યાં જઇને તે કામ કરવામાંજ મારી આખી જીંદગીનું સુખ સમાયલું છે. મારે ત્યાં જઇ ગેર ઇનસાફ પામેલાંને ઇનસાફ અપાવવોછ ને મારે જે મેળવવું છે, તે મારે લેવુંછ."

મી○ ઉડ અને નેલીએ એક મેક તરફ જોયું.

"ને ખુદા કરશે ને તે મને મળશે તો કાંઇબી ભલાઇમાંજ તે કામ આવશે–તેની મદદથી કોઇ દુઃખ્યાઓનું દુઃખ ટળશે તો મને તેથી

પરમ સંતોષ હાંસેલ થશે–આપણે સેન્ડપર્ડને દર્યે કીનારે મજેહની બે એક જાલી બોટ રાખસું–ગરીબોને માટે સસ્તાં ભાડાનાં નાનાં કેટેજો બાંધસું–ને તે લોકને માટે મજેહનું વિશાળ ડેરી ફાર્મ સ્થાપસું ને—"

"ચાલ, વરી તું પવારે ગીયો?" મી૦ ઉડ બોલી ઉઠયા "મેં તુંને ના કેહ્યુંની કે તું ના ઉસ્કેરાઇ જા!"

"હું ઉસ્કેરાતો નથી, મી૦ ઉડ" કલીફર્ડ તેવણ તરફ જોઇ હસીને બોલ્યો "મારા હાથમાં જો પૈસા આવે તો હું મારા ગરીબ બંધુઓને શું શું સુખ આપી શકું તેના વિચારથી તો ઉલ્ટી મને મોજ મળેછ ને તેથી મારી તંદરોસ્તી સુધરેછ!"

મી૦ ઉડે બીહીને તેની તરફ જોયું.

કલીફડનો આ બકવાટ જો કે ખરાં દીલનો અને ખરાં મનનો હતો છતાં મી૦ ઉડ કે કોઇબી જે તેનાં મનમાં હાલ શું રમી રહ્યું હતું તે નહીં જાણે તે તેનાં આ બોલવાને બીમારીથી તેનાં ખાલી પડેલાં મગજનો એક ધખારોજ માત્ર સમજે!

"જરા દાકતરને બોલાઉં, મી૦ કલીફર્ડ?" મી૦ ઉડે ખરેખરજ બીહીને તેને પુછયું.

તે ભલા બુઢ્ઢાના ચ્હેરાપર ગભરાટની નીશાણી જોઇ કલીફર્ડ ખડખડ હસી પડયો અને તેના હાથપર પોતાનો નબલો હાથ મુકી તે બોલ્યો—

"તમે એમ સમજોછ કે આય હું ખાલી મગજે બકવાટ માત્ર કરૂંછ? નહીં, હું જે તમુંને કેહુંછ તે બધું ખરૂંજ છે–ને લેવોની તમારી આગળ બધી માંડીને વાત કાંય નહીં કરૂં? જુવો સાંભળોઃ જ્યારે પ્હેલો હું આય ખાણ તરફ આવી લાગ્યો ત્યારે હું એકલો અટુલો એક રખડતો ભીખારી જેવો હતો; તે વખતે મારી પાસે એક પેન્સબી નહીં હતી! અરે હા, હું ભુલ્યો, હતી, એક શીલીંગ તે વખતે મારી પાસે હતી, ને તે હું મરસ ત્હાં સુધી તે મારી પાસે રહેસે" એટલું બોલતાં તેનો હાથ કુદરતીજ તેની જેકેટનાં અંદરનાં મજવાં તરફ ગયો,

જ્યાં તેને કેટે આપેલી શીલીંગ એક ખુણાંમાં સંતાઇને પડેલી હતી. "મેં તમુને મારૂં ખરૂં નામ પ્હેલે જણાવ્યું નહીં, અને જે હું હમણાં તમુને કહેવસ તે અગાઉ નહીં જણાવવાનું કારણ એમ કે ઇંગ્લાંડમાં મારે લાયકનું મને કાંઇ કામ મળશે એમ હું બીલકુલ ધારતો'તોજ નહીં—અને તેથી જેમ બને તેમ વ્હેલું ઇગ્લાંડ હું છોડી જનાર હતો, અને તેમ જો કરતે તો ખરેખર મારો જાન અહીં મુકીનેજ જવા જેવું થતે, કેમકે, તમો સર્વેને હું મળ્યો તેની જરાકજ અગાઉ મારૂં હૈયું—મારૂં જીગર અને મારો જાન વટીક હું કોઇ બીજાને હસ્તક કરી આયો હતો—પણ હવે? હવે વાત જુદીજ છે; મારી હાલત તદ્દન ફેરવાઇ ગેઇછ, મારી પાસે હવે માંગો તેટલા પૈસા છે, એટલુંજ નહીં, પણ હું ચાહું તેટલો સુખી થવાની હવે હું ઉમેદ રાખું છું, અને મારી તે ઉમેદ બર લાવવી કે નહીં તે મેં જેને વાસ્તે ઉપર ઇશારો કીધો તેના હાથમાં છે! તમે એમ ધારોછ કે આય બધો હું ખાલી બકબકારો કરૂંછ? નહીં, એ વાત બધીજ સાચી છે, કેમકે, હું જાણુંછ કે તે બાનું મને ચાહેછ અને તેની આગળ એક સવાલ કરી જવાબ માંગતાં મને શું જવાબ મળશે તેબી હું જાણી ચુકોછ! ઓ ખુદા! તમે શું, પણ, મનેબી જાણે હું સ્વપ્નો જોતો હોઉં તેમ લાગેછ! કાલે જો મને બાહાર નીકળવા જેટલી શકતી નહીં આવી હોસે તો મારી તરફથી એક કાગળ સેન્ડફર્ડ ખાતે તમોમાંથી કોઇને લઇ જવું પડસે ને—" પણ તેટલાં સેન્ડફર્ડ તરફથી દેવળના મોટા ઘંટનો અવાજ સંભળાંતાં તે આગળ બોલતાં અચકી પડયો અને પુછ્યું "એ ઘાંટ શાનો વાગેછ?"

"સેન્ડફર્ડનાં દેવળનો" મી૦ ઉડે જવાબ દીધો. નેલી કશુંજ બોલી નહીં, કેમકે, તે બીચારી કલીફર્ડને મોંઢેથી હૈયાં—જીગર—અને જાનની ઉપલી વાતચીત સાંભળી 'ઠસ' થઇને પોતાના બાપની ખુરસીની પાછળ મુગી મુગી ઉભી હતી.

"સેન્ડફર્ડ? કાંય? કાંઇ કોઇ મોટાને ત્હાં ખુશાલી છે કે?" કલીફર્ડે

સામટા સવાલો પુછ્યા.

"નહીં, તે મને તો ખબર નથી, પણ આય ઘાંટ લગનના જેવા લાગેછ."

"લગન? કોણનાં લગન? ને આપણને તેનું શું? આપણે થોડા ત્યાંનાં બધાંને ઓળખ્યેછ?"

મી૦ ઉડ તેનો આ ચીત્ર વીચીત્ર ફાંટો જોઇ હસી પડયા.

"હું ધારૂંછ કે તમે એ પરણતાં જોડાંને ઓરખોછ—એ, મને લાગેછ કે લાર્ડ કારલ્યન અને કેટ મેડીસન પરણેછ તેના ઘંટનો—"

કલીફ્‌ડને સર્પે ડંખ્યો હોય તેમ ચોંકયો અને મી૦ ઉડનો ગમ તે ટીકવા લાગ્યો, અને મી૦ ઉડનું બોલેલું તે નહીં સમજ્યો હોય તેમ તેવણ તરફ જોઇ તે બડબડયો "લૉર્ડ કારલ્યન ને મીસ કેટ મેડીસન?—કેટ મેડીસન?"

અને પછી તેને ચઢેલાં ઝનુંને તેને એકાયક કેવુંએક જોર બક્ષ્યું હોય તેમ ઉછળીને તે ઉભો થયો અને બુઢ્ઢા મી૦ ઉડના કોટનો કોલર મજબુત પકડી તેણે બરાડ મારી—

"એક બીમાર માણસની મજાક કરતાં તમોને શરમ નથી આવતી? મારી લાગણી સાથે તમે ચેડાં કાઢોછ? ખરૂં કેહો—તમે કોણનાં લગન હમણાં બોલ્યા? બોલો—મને સાચે સાચું કેહી દેવો."

મી૦ ઉડ તો તદ્દન બીચારા સ્હુના સાવજ થઇ ગયા—તેવણ પોતાને માટે જરાબી બીધા નહી, પણ, રેવનને કાંઇ પવનની કસર થઇ આવી હતી એવી તેવણને ધસક પડી, અને તેથી તેવણ તેને પટાવીને બોલ્યા—

"જરા ધીરો થા, રેવન, જરા ઠંડો પડ—જો, સાંભળ, તુંને ખરૂંજ કેહુંછ કે મેજર મેડીસનની દીકરી કેટ સાથે લૉર્ડ કારલ્યન અહદરાયલો હતો તે આજે પરણેછ!"

કાન ફાટી જાય તેવી ચીસ પાડી તેણે તે બુઢ્ઢાનો કોલર છોડી

દીધો અને આંખે હાથ દઇ તે સ્થીર ઉભો.

"પરણી ગેઇ–કેટ પરણી ગેઇ! ઓ ખુદા, મારીપર દયા કર! કેટ પરણી ગેઇ ને પેલાનીજ સાથે?"

પેલા ઘંટનો અવાજ ચાલુજ રહ્યો અને જોશમાં તે અડધા ઘેલા થયલા જવાને દોડી જવા એક છલાંગ મારી, પણ એક ગમથી નેલીએ અને બીજી બાજુથી મી૦ ઉડે તેને પકડી પાડી તેમ કરતો અટકાવ્યો.

"નહીં" તે બરાડ મારી ઉઠ્યો "છોડો મને–ના અટકાવો! હું પોતે કોણ છેઉં તે કેટને કેહું નહીં ત્યાં સુધી તેને તે નાપાક સાથે પનવા નહીં દેવાનો! તે ઠગારો છે! મને જવા દેવો!"

તેણે તેઓના કબજામાંથી દોડી જવાને ઘણી ખેંચતાણ કીધી, પણ નેલી કરતાં બુઢ્ઢા મી૦ ઉડે તેને એવો તો મજબુત પકડી રાખ્યો હતો કે તેનીથી એક ડગલુંબી આગળ વધી શકાયું નહીં.

"જો, ભાઇ, જો દીકરા, જરા તું શાંત થા–જરા ધીરો પડ–તારૂં મગજ ઠેકાણે છે કે નહીં તે હું કેહી શકતો નથી, પણ તું અહીંજ થોભ–એમ અલલ ટપે ત્હાં ધસી જવામાં કાંઇજ ફાયદો નથી, કેમકે, મારા ધારવા પરમાંણે મીસ મેડીસન લૉર્ડ કારલ્યનની પરણેતર થઇ ચુકી હોવીજ જોઇયે–અને તેમ જો હોય તો તારૂં ત્યાં દોડી પ્હોંચવું તદ્દન નકામું છે. જો! કીરીયા પુરી થવાના આય ઘંટ વાગેછ!"

પેલા ખરેખર દુ:ખી જવાને ખેંચતાણ કરવાનું મોકુફ રાખયું અને ફાટેલે ડોળે ઘંટના જે અવાજપર મી૦ ઉડે તેનું ધ્યાન ખેંચ્યું હતું તે સાંભળતો તે શાંત ઉભો; અને પછી એક દીવાનો માણસ હસે તેમ તે મોટે મોટે હસી પડયો.

"નેલી દીકરી જરા તું તો એને સમજાવ, કદાચ એ તારૂં માનશે."

"હા," તે બોલી "એ વાત ખરી છે: લૉર્ડ કારલ્યન અને મીસ મેડીસન આજે પનવાનાં હતાં."

"મને છોડી દેવો" તે બોલ્યો અને તેની સાથે એ બાબે ઝાઝીબી જીદ કરવી સારી નહીં એમ સમજી તેઓએ તેને છુટો કીધો અને તે છુટો થતાંજ અંદર બંગલીમાં ગયો અને બારણાંને કળ દઇ તે બીછાણે પડયો. એટલું તો ખરૂં છે કે કીસ્મત જ્યારે એક ઇનશાન તરફ ઘાતકી થવા ચાહે છે ત્યારે તે તેને નિરાશાની ચક્કીમાં પીસી તેનાં હૈયાંનો છુંદો કરે છે.

કલીફર્ડનું હૈયું હાલ તેવી એક ચક્કીમાં પીસાઇ છુંદાતું હતું–તે ચક્કી નિરાશાની હતી!

ઇનશાનપર આવી પડતાં રકમ રકમનાં દુઃખનો ઇલાજ થઇ શકે છે; તે સદંતર નાબુદ નહીં તો ઓછુંબી કરી શકાય છે, પણ કીસ્મત જેને સતાવે છે તેમાં કોઇનો કશો ઇલાજ ચાલી શકતો નથી. કીસ્મત આગળ કોઇનું ચલણ નથી, કીસ્મતનું કીધેલું કોઇજ ન કીધેલું કરી શકતું નથી.

કેટ પરણી ગઇ! અરે, અરે! જો તે ગઇ કાલેજ સહવારે આય વખતે ત્યાં જઇ શકયો હતે! અરે, કોઇ ખુરસીપર કે ડશાંપરબી તેને ઉંચકી લઇ જઇ શકયું હતે!

પણ હવે! તેની તરફની કોઇબી જેહેમત શા ખપની હતી? તે પરણીજ ગઇ હતી તો તે જાલમ બંધમ.થી તેણીને કોણ હવે છોડવી શકનાર હતું?

એટલું તે ખમીનેજ બેઠો અને મગજ યા બે મગજ નહીં થઇ ગયો યા તો પોતાની જીંદગી સાથે તેણે કશી અટકચાળી નહીં કાઢી એ ખરેખર એક મોજેજોજ પુરવાર થયો હતો!

અડધોક કલાક તે પછી પસાર થઇ ગયો. નેલી અને મી૦ ઉડ બાહાર ઉભાંજ રહ્યાં–મી૦ ઉડ પોતાની ભલાઇ અને નેલી તેના પ્રત્યેના પોતાના અનંત પ્યારનાં પ્રમાણમાં કલીફર્ડની આ હાલત્ત જોઇ ગભરાઇ ગયાં હતાં, અને હવે શું ઇલાજ લેવા તે બેઉને યા બેમાંના એકને

સુઝયું નહીં. નેલીનું કાંઇક મગજ ઠણકયું ખરૂં પણ કાંઇજ બોલી નહીં.

આખરે કલાકેક વીતી ગયા બાદ તે બંગલીનાં બારણાની અંદરની સાંકળ ખડખડવાનો અવાજ આવ્યો અને તે બારણું ઉઘાડી કલીફડનો દેખાવ ઉંબર ઉપર રજુ થયો.

બીમારી ભોગવી ઉઠયા પછી તેના ચ્હેરાપર રતાશ તો કશો હતોજ નહીં, પણ જે જરા તરા તંદરોસ્ત દેખાવ તેના ચ્હેરાપર હમણાં હમણાં દેખાવા લાગ્યો હતો તેબી હવે પાછો ઉડી ગયો હતો.

તે તે લોક આગળ આવ્યો અને પોતાનો હાથ તેઓ તરફ લાંબો કરી તે બોલ્યો—

"મારાં મેહેરબાંનો, તમારી હું માફ માંગુંછ" તે બોલ્યો અને જાણે તે બોલનાર તે નહીં, પણ કોઇ બુઢો બોલતો હોય તેવો તે વખતે તેનો અવાજ હતો "મારીપર ઘણું વીત્યુંછ, અને હમણાં હું શું બોલી બકી ગીયો હતો તેનું મને કશુંજ ભાણ નહીં હતું, ને તેથી જે સખત શબ્દો હું બોલ્યો હોઉં તેને માટે તમો બન્નેની માફી ચાહુંછ. નેલી, અત્યાર આગમજનું તું તો મને માફ કરી ચુકીજ હોસે."

નેલીએ તેણે લાંબો કીધેલો હાથ પોતાના હાથમાં જરાક હસીને લીધો અને જરા વારમાં તે છોડી દઇ તેની સામેથી પોતાની નજર ફેરવી નાંખી ઉભી.

"અરે, કાંઇ નહીં, કાંઇ નહીં, એ તો એમજ હોય" મી૦ ઉડે તેને ધીરજ આપી "એ તો જરા એમબી બોલાય-જરા એમબી ચલાય-એમાં માફ કરવા અને માફ માંગવા જેવું કાંઇજ નથી. તું તો જાણેછ, છોકરા, કે તારે ખાતર નેલી ને હું ગમે તેટલી મુસી—"

"હા, ખરેખર, તે હું જાણુંછ-ને તમે મારૂં એક કામ હાર પાડી શકો તેમ છે. બસ, હું જે બોલ્યો હોવું તે ભુલી જજો-એમજ સમજજો કે હું સીક હતો ને એ બધું તાપની જુમમાં બોલ્યો હતો, ને આય ખાણના લાયકીવાલા માલેકની જો મરજી હોસે તો અહીંનું

મેનેજરપણું હજીબી મારા હાથમાં રહેસે ને—"

"હાજતો છોકરા—એ કાંઇ હવે આપણાથી ધસડબોરો થાય નહીં" મી૰ ઉડ બોલ્યા.

"ને જે કાંઇ હવે બન્યુંછ તેને માત્ર સ્વપનામાં બનેલું સમજી આપણે ભુલી જઇશું. તમે મેહેરબાનો કાંઇ બીહીતાં નાં, મારી તબ્યત મજેહની છે—ને કામથી મને વ્હેલી શકતી આવશે વાસ્તે આવતી કાલથી હું કામે લાગસ તેટલાં મી૰ ઉડ—મીસ નેલી સાહેબજી."

એટલું બોલી તે બેઉને શેકહેન્ડ કરી તે પાછો અંદર ગયો અને બારણું બંધ કીધું.

પ્રકરણ ૩૫ મું.

પરણીને વળી હનીમુન કરવા ગયાંબી! કેટ છોકરી કાંઇ હલકાં દીલની કે સાંકડાં મગજની હતી નહીં, અને તેથી લંડનની જતી એક ત્રેનમાં ખાસ જોડાવેલો મોટો ભપકાદાર અને સગવડ ભરેલો સેલુન એકમેકની પાસે ગોઠવાઇને બેઠેલાં તે વર બૈયેરને લંડન તરફ ખેંચી જતો હતો તે વખતે, પોતાની ખરી હાલત અને તે હાલતને અનુસરતી ફરજ શું હતી તેનું મનન કરતી તે છોકરી પોતાના ધણી લૉર્ડ કારલ્યનની પાસે બેઠી હતી. તેણીનું હૈયું પ્યાર અને ફરજ વચ્ચેની લડત કરી રહ્યું હતું; એ કીસમની લડત લડતાંજ રહેવાનું ગોયા તે પોતાનાં નસીબમાંજ લખાવી લાવી હતી. પોતાના બાપ પ્રત્યેની તેણીની ફરજ અને તેણીના દીલ—ચાહ્યા પ્યાર વચ્ચેની લડત આજે પુરી થઇ હતી, જે લડત દરમ્યાન તે પોતે—કેટ—ફરજની હીમાયતમાં ઉભી રહી ફરજનેજ આયંદેહ જીત અપાવવામાં તેણીએ પોતાનાં સુખને ભોગે વટીક મોટો ફાળો આપ્યો હતો. એ લડત અમે કહેછ કે આજે પુરી થવા સાથજ વળી એક બીજી એવીજ લડત ચાલુ થવા પામી હતી અને

ક્લીફર્ડ રેવન પ્રત્યેના તેણીના પ્યાર અને પોતાના કાયદેસરના ઠંડી ચુકેલા ખાવીંદ તરફની ફરજ વચ્ચેની હતી અને તેમાંથી જો ખુદાની તેણીને મદદ હશે તો તેણી પાર પડશે એમ તે પક્કી આશા રાખીને બેઠી હતી. તેણી તે પોતાના વરને ચાહતી તો હતીજ નહીં પણ કાંય નહીં તેવી તે વેતરણ કરે?

નસીબ સંજોગે એટલું ઠીક હતું કે તેણીની પાસે બેઠેલો તેણીનો ખાવીંદ હાલ તુરત વાત કરવાના કાંઇ મુડમાં ન હતો. તેમ જો હતે અને તે પોતાની નવી થયલી મોહોરદાર સાથે પ્યારનાં કાંઇ ઘેલાં ચેડાં કાઢવા પડયો હતે તો અમારી ખાતરી છે કે મામલો બગડી જતે અને ત્યાં એક નહીં ચાહવા જોગ દેખાવ થઇ રહેતે. પણ લૉર્ડ કારસ્યનજ, અમે ઉપર કહ્યું તેમ તેવા મુડમાં હતોજ નહીં, અને તેથી અમો કાંઇ એમબી જણાવવા માંગતા નથી કે તે મુગો મંતર અને સુનો સાવજ જેવો પોતાની પરણેતરની પાસે બેસીજ રહ્યો—નહીં, એકાદ બે બોલ તે બોલતો રહેતો હતો—બાકી શીગાર ફુંકવી અને મોટે સ્ટેશને સ્ટેશન ઉતરી જરા ચા પાણી યા વ્હીસ્કી સોડા લેવો એ તેની હાલ તુરત મોટાંમાં મોટી મોજ હતી.

અલબત, તે દાહાડો કે જે દાહડે તે પોતાનાં મનની મીઠી મુરાદ મેળવવા પામ્યો હતો તે તેની જીંદગીમાંનો સર્વથી સુખી દાહડો કહેવાય, અને તે છતાં તેને મનસે તેના જેવો દુઃખી દીવસ બીજો કોઇજ નહીં હતો, કેમકે, તે દીવસની એક દાહડો આગમજ તેણે પેલી ખાણવાલી બંગલીમાં ડેસમન્ડ કારલ્યનને પડેલો જોયો હતો, તેની યાદ તેનાં મનમાંથી હજી ગઇ ન હતી—અરે, ગઇ નહીં હતી શું? તે રાતને દહાડો તેનાં મગજને સતાવી રહી હતી.

ટ્રેન આખરે લંડન પુગી.

“ચાલો આપણે આવી પુગાં” તે બોલ્યો “તું થાકી ગેઇછ કે? ટ્રેન ઘણી ધીમે ગેઇ ને રસ્તોબી લાંબો ઘણો.”

"હા, મને જરા થાક ચઢીછ તો ખરી" તે જેટલું મીઠાસથી હાલના સંજોગ વચ્ચે બોલાય તેટલું મીઠાસથી તેની ગમ જોઇને બોલી "આપણને ઉતરીને ઘણું લાંબે જવાનું છે કે?"

"નહીં, પાર્ક લેન કાંઇ અહીથી ઘણું દુર નથી."

તેઓ તેમને લેવા આવેલી તેવીજ ભપકાદાર ગાડીમાં બેઠાં, અને લૉર્ડ કારલ્યનને કેટની ગરદનપર ફર્સ બરાબર ગોઠવીને મુકયાં.

"ચાલો, હવે જરાવારમાં ઘેરે પુગસું. પછી જરા તું આસાયશ લેજે કેમકે જમવાને ઘણો ટાઇમ રહેશે."

"નહીં, આરથર હું કાંઇ એટલી બધી થાકી નથી ગેઇ."

પરણ્યા પછી જો કે આ પ્હેલીજ વખતે તેણીએ તેને 'આરથર' ને નામે બોલાવ્યો હતો તે છતાં તે નામ તેણીને મોંઢેથી સાંભળી તેને કોઇ રીતની ખુશાલી કે કોઇ રીતનો સંતોષ હાંસેલ થયો નહીં હતો.

તે ગાડી લંડનના મોહલાઓમાંથી પસાર થઇ પાર્ક લેનનાં તેનાં મકાન આગળ આવીને ઉભી. તે મકાન જો કે ઘણું મોટું નહીં હતું છતાં આજના મોજીલા વખતને માટેબી તે જોઇયે તે કરતાં ઘણું શોભીતી રીતે આરાસ્તા કરેલું હતું.

ખાણાં દરમ્યાન કેટે તેને વાતમાં ઉતારવાની પોતાની ફરજની રૂહે ઘણીબી કોશેસ કીધી પણ લૉર્ડ કારલ્યન જે મુડમાં હતો તે મુડમાંથી વધારે બેહેતર મુડમાં આવ્યોજ નહીં. એકાયક તેણીને યાદ થઇ આવી કે લગનની ક્રીયા પુરી થતાંજ તે આ કીસમના વિચારવંત મુડમાં ઉતરી ગયો હતો અને તેથી તેણીને કુદરતીજ ફીકર થઇ કે તે કાંતો સીક હોય યા તેણે કોઇ બુરી ખબર સાંભળી હોય! તે ડીનરપરબી તેણીએ જોયું કે તે પોતાની સામેની પ્લેટ કરતાં પોતાની બાજુમાંનાં ગ્લાસને વધુ ઇનસાફ આપી રહ્યો હતો અને બટલરબી તેની રીત જાણતો હોય તેમ તેનું ગ્લાસ ચંપીન વગર ખાલી રાખતોજ ન હતો, પણ જેમ બધી ચીજનું સેવટ આવે તેમ તેબલપર આખરે ફ્રુટ આવી અને ત્યાં મેનીજ

કરતા બૉય અને બટલરો હવે ત્યાંથી વિદાય થયા.

તેઓ ત્યાંથી ચાલી ગયા બાદ તે તુરતનું પરણેલું જોડું એકલું પડયું. એકાદ બે મીનીટ તેઓ બન્ને ચુપ બેઠાં, પણ, પછી કેટ ફરજની મારી પ્હેલી બોલી:

"તમે થાકી ગીયાછ કે?"

"નહીં! મને થાક શાની ચઢે?"

"તે હું શું જાણું? તમુને દલગીર જેવા જોઉંછ તેથી પુછુંછ."

"દલગીર? એટલે? શાથી દલગીર? એ તું શાપરથી પુછેછ?"

"હું એમ શાપરથી પુછુંછ તે હું કેહી શકતી નથી–તમે કાંઇ ઘણાં ઉંડા વિચારમાં—"

"હા, વિચારમાં તો હું છેઉંજ" તે બોલ્યો "એક માણસે તેનાં લગનને દાહડે તો ખાસ કરીને ઘણા ખુશ મીજાજમાં રહેવું જોઇયે, ખરૂં કેની?"

કેટ ચુપ થઇ ગઇ.

"એક ઇનશાનને માટે તેનાં લગનનો દીવસ તે તેની જીંદગીમાંનો સૌથી સુખી દીવસ કહેવાય, ખરૂં કેની? ને તું પુરતી સુખી છે એમ તો ધારી શકાય કેની? તુંને જે બધું જોઇતું'તું તે મળ્યું કેની? એક અર્લની તું પરણેતર થઇછ–તું એક કાઉન્ટેસ થવા પામીછ ને ઇંગ્લાંડમાંની દોલતમંદોમાં તારૂં નામ આમેજ થઇ ચુકયુંછ, એબી ખરૂં કે નહીં?"

કેટ હવે ચોંકી અને તેની તરફ જોતી બેઠી. એ આજે એને થયું'તું શું? એ કાંઇ દીવાનો તો નહીં થઇ ગયો હતો? આજના દાહાડાની અગાઉ તેણીની ખુશામદ કરતો જે ઇનશાન તેણીનાં કદમ પાસે આવીને પડતો હતો તે એજ ઇનશાન હતો કે?

"તું સુખી ને સંતોષી છે કે કરીને મેં જે પુછ્યું તેનો તેં તો મને જવાબ આપ્યોજ નહીં?"

"તમે મારી સાથે કોણ જાણે એમ કાંય વાત કરતા હોસો? તમુને ગુસ્સે કરવા જેવું તો મેં કશું કીધું નથી!"

"તેં કશુંજ કીધું નથી? તું કરેબી શું?" તે કાંઇક ધિક્કારથી બોલ્યો "મેં તો તુંને અમસ્થો એક સવાલ પુછ્યો. તારી હાલતની એક છોકરી અલબત ઘણીજ હદ સુધી સંતોષી હોવી જોઇયે. ચીઠડે હાલ હાલતપરથી એક અમીરજાદીનો કુદકો મારવો–વાડી ગાડીએ ફરવું–ખરચતાં ખરચાય નહીં એટલી દોલત ધરા—"

કેટને માટે આ બધું અસહ્ય હદ સુધીનું ઘણું વધારે થઇ ગયું હતું અને તેથી તે ત્યાંથી ચાલી જવા ઉઠી, પણ, પછી કાંઇ બીજે વિચાર આવતાં તે પાછી બેસી પડી.

"તમે એ શું બોલોછ તે સમજોછ કે?" તે ધીમે સાદે બોલી "હું નહીં ધારતી કે મને અપમાન કરવાની તમારી ધારણા હોય—"

"નહીં, તુંને અપમાન કરવાની મારી મતલબ નથી" તે બોલ્યો "ને જો, એક અડધો કલાક મારી કલબમાં હું જઇને આઉંછ–હું આઉં ત્હાં સુધી અહીંજ બેસી રહેજે–મારે કાંઇ તારી સાથે વાત કરવીછ."

ખરી વાત એમ હતી કે જે વાત તે હાલ છેડવાનો હતો તેને માટે જોઇતી પુરતી હીંમત તેનાંમાં આવવા જેટલો વાઇન તેનાં પેટમાં હજી ગયલો નહીં હતો, અને જો કે તેણે એક ઇનશાનને પચે અને હજમ થાય તેનાં કરતાં તો ઘણો વધારે વાઇન તેણે હાલ ડીનરપર લીધો હતો, છતાં, તેથીબી વધારે જેની તેને જરૂર હતી તે કેટની હાજરીમાં તે લઇ શકયો નહીં હતો અને તેથી તેણે કલબમાં જવાની આ તક શોધી હતી. કેટે તેને થોબાવવાની કશીજ તજવીજ કીધી નહીં, અને તે ત્યાંથી ચાલી ગયો.

એકાદ કલાક વીટી ગયો અને આખરે તે ત્યાંથી ઉઠીને બેસવા ઉઠવાના રૂમમાં તે ગઇ અને ત્યાં કોણ જાણે કેટલોક વખત થોબી પછી

આખરે પેલાના આવ્યાનો અવાજ તેને કાને આવ્યો. તે તેણી જ્યાં બેઠી હતી ત્યાં હાથમાં ટોપી અને ખભાંપર ઓવર કોટ ઓળવી ઓરડાની વચમાં આવીને તેણીની તરફ એકી ટગરે તે જોતો ઉભો. ક્લબમાં તેણે એક બીજી બાટલીનું ડોકું ઉરાડયું હશે, તે છતાં તે જે મતલબ હાલ સાંધનાર હતો તેને માટે તે પુરતો સાવધ હતો.

"ઓહો! તું હજુર જાગેછ કે?"

"તમે મને થોબવા કેહી ગીયા કેની? તમેજ કેહતા ગીયા કે તમે મને કાંઇ કહેવાના છેવો?"

"હા, તેમ છે" તે બોલ્યો "આજે રાતે આપણે કાંઇ સમજુતી પર આવવું છે."

કેટ કશુંજ બોલી નહીં, પણ પુરતા તૌરથી તે શું કહેનાર હતો તેની રાહ જોતી સબુરીથી તે થોબી. તેણે પોતાની ટોપી અને કોટ એક ખુરસીપર ફેંકયાં અને એક સાઇડબોર્ડને ટેકી, પાટલુનનાં ગજવામાં બન્ને હાથ ખોસીને તે ઉભો.

અરે, ઓ હૈયાં ફુટાં ઇનશાન! જે આબદાર ગૌહર ભલાભલા પાદશાહોનાં તખ્તો તાજનું શરીક થવાને લાયક, તે આજે તારૂં પોતાનું થયું હતું—તે તારી બદ સરજતમાં થોકાયું હતું, તેજ—તેજ ગૌહરને ભાંજીને તેનો ચુરે ચુરો કરવાની નીચ તક તું સાંધતો હતો!

"હું ધારૂંછ, બાઇ સાહેબ, કે આખેર તમે મને મુરખ બનાવવામાં ફત્તેહ પામ્યાંછ એમ સમજી મનમાં મારી અક્કલ ઉપર હસતાં હોસો, નહીં?" તેણે શુરૂઆત કીધી "અરે, મારે એ સવાલજ પુછવો જોઇતો નથી અને તમારે એ સવાલનો જવાબ આપવાની કાંઇજ અગત નથી, કેમકે, તમોને હું ઓરખુંછ. તમે મને ઠગી શકનાર નથી. તમે એવો પાક પરીઝગારીનો સાલ્લો હાલ ઓઢીને બેઠાંછ કે જાણે તમે આય દુન્યાંને લાયકનાં હોવાજ નહીં, ને ભલો શહેનશાહ તમારા પગની ખાક ચુંમવાને લાયકનો હોયજ નહીં, હેં? પણ જરા થોબો, તમે યા તમારો

પેલો બાપ ધારોછ તેટલો મુરખ હું નથી! હમણાં તમોને હું દેખાડવા માંગુંછ કે તમે તમારી ગણત્રીમાં સજ્જડ થાપ ખાધીછ."

"તમે એ બધું આબડ ગુચડ શું બોલોછ તે હું સમજીજ શકતી નથી." તે બોલી.

"નહીં સમજતાં તો જરાવારમાં સમજસો. ચાલો વેકી જાવો, જોઉં, એક સવાલનો મને જવાબ આપોઃ તમે મારી સાથે મારા પૈસા અને આય મારા ખેતાબ સારૂ નથી પન્યાં?"

આ સવાલથી તે બીચારી શરમની મારી લાલ લાલ થઇ ગઇ, અને મુગીજ બેઠી.

"કેમ હવે જવાબ નથી અપાતો? જુઠું બોલવા તમુને ગમતું નથી, નહીં? તમે મારી સાથે મારા પૈસા ને મારા ખેતાબને સારૂં પન્યાંછ કે નહીં?"

"મારે જવાબ આપવો નથી" તે બોલી.

તે ખડખડ હસી પડયો.

"નહીં, તમો જયાં સુધી 'હા' કરીને એ સવાલનો જવાબ આપો નહીં, ત્યાં સુધી તમારી જગ્યાં ઉપડવાની નથી, ને 'હા' કારમાં જવાબ આપવાની તમારી હીંમત ચાલવાની નથી. લેવો, ત્યારે તમારે બદલે મારા એ સવાલનો જવાબ હુંજ આપુંછ. તમે મારા પૈસા ને મારા ખેતાબને લીધેજ મારી સાથે પન્યાંછ. તમારા તે બાપે તમુને કાઉન્ટેસ બનાવવા ચાહ્યું; અને તેને પોતાને પૈસાની એક ધરખમ રકમ જોઇતી હતી, તેથી તમે મારી સાથે પન્યાં, એ વાત તમારીથી 'ના' કહેવાઇ શકાસે નહીં."

"મારે તમોને કશોજ જવાબ આપવો નથી" તે ફરીથી બોલી.

"પણ, એ વાત ખરીજ છે ને તે ખરી હોવાનો તમોને ખબર છે—જો તે ખબર નહીં હોય, તો લેવો, તમોને ખુલ્લી કરીને સંભલાઉં. તમોને ખબર છે તમારી કીંમત મેં તમારા પેલા બાપ સાથે શું પ-

શ્થીછ તે? એટલે, તમે જાણોછ કે મારે તમારા બાપને કેટલા રૂપ્યા આપવાના છે તે? તમે તે જાણોછ કે હું તમુને કેહુ?"

તેણીનો ચ્હેરો ફીકકો મારી ગયો અને આંખે અંધારાં આવી ગયાથી તેણી આંખે હાથ ઢાંકીને બેઠી.

"શું? કેટલા?"

"હા, કેટલા? તમે નહીં જાણતાં હોવ તો તમુને હું કેહુ: પ્હેલાં તેણે દશ હજાર પાઉન્ડ નક્કી કીધા'તા, પણ પછી પંદર હજારમાં અમે એ સાટું નકકી કીધું."

"દશ, પંદર—"તે બડબડી.

"હજાર પાઉન્ડ, હા–તમે ગમે તેવાંબી ખુબસુરત હોવ તો શું થયું? તમારી એ કીંમત કાંઇ નાની કહેવાય?–તમે એમ ધારોછ કે હું તમુને જુઠું કેહુંછ?"

હા, તેણીએ એમ ધાર્યું ખરૂં, પણ આ સવાલ તેનાં મોંહમાંથી નીકળતાંજ તેણીએ તેના ચ્હેરાગમ જોયું અને તે ઝટ પામી ગઇ કે તે જે બોલતો હતો તે સાચુંજ હતું. આહ! આજ લગી તેણીએ માન્યું હતું કે તેણી એ ઇનશાન સાથે પરણ્યાથી તેણીનો બાપ તેના પંજામાંથી છુટો થશે, પણ, તેણીને વેચવા બદલ તેના બાપને ચોકકસ રોકડ રકમ આપવાનું નકકી કરવામાં આવ્યું હતું એવી તેણીને સ્વપ્ને પણ ખબર નહીં હતી, અને એ વાતની તેણીને હમણાં જાણ થતાં તેણીનાં આંગમાંનું લોહી ઉકળી આવ્યું અને તેણી આંખે હાથ દઇ તેના બાપે કીધેલાં આ અઘોર કરમનો અફ્સોસ કરતી તે બેઠી.

તે હસ્યો–તેણીની આ હીણી હાલત જોઇ પોતાને ઇનશાન નરીકે ઓળખાવતો તે શયતાન ખડખડ હસ્યો. તેણીએ તેને ધિકકાર્યો હતો, તેણી તેની તરફ બેદરકાર રહી હતી, અને હવે તેનો દાવ આવ્યો હતો.

"ત્યારે હું જે કેહુંછ તે તમો માનોછ, નહીં, બાઇ સાહેબ?" તે બોલ્યો "માનો, માનો, કારણ કે હું જે કેહુંછ તે ખરૂંજ કેહુંછ!

પંદર હજાર પાઉન્ડે તમો મીન્નસીબાઇ વેચાયાંછ—મેં તમોને એ ગંજા-વર રકમે વેચાતાં લીધાંછ, પણ એ વેચાણ કીંમત તમારા એ બાપને હજી મેં આપી નથી, અને તે આપવી કે નહીં તેનો આધાર તમારી પોતાની ઉપરજ છે.”

તે બીચારી મુગી મંતર થઇ બેસીજ રહી; તેની શું મતલબ હતી તે બીચારી કાંઇજ સમજી શકી નહીં; તે જે બોલતો તે બધુંજ તે સાંભળી શકતી હતી કે નહીં તે વિશેબી અમને તો શક છે.

“હું કેહુંછ તે તમોને સંભળાયછ કે?” તેણે પુછ્યું “જરા વધારે ધ્યાન આપીને સાંભળો તેમાંજ તમને લાભ છે. હું કાંઇ ખાલી બકબકારો કરતો નથી. તમે મારાં ધણ્યાંણી છેવો એ તમે જાણોછ ને એમબી સમજતાં હોસો કે ધણી ધણ્યાંણી કાંઇ જુદાં નથી. મારે હવે તમારાં વેચાણની કીંમત પેલા તમારા બાપને આપવી કે નહીં તે નક્કી કરવાનું કામ તમારૂં છે.”

એટલું બોલી તે થોભ્યો અને પોતાના શીગાર કેસમાંથી એક શીગાર કાઢી તે સળગાવી ફુંકતો ઉભો. તેણીની હાજરીમાં તેણીની રજા વગર એમ શીગારમાંથી તેણીની સામેજ ધુમાડો કાઢવા ઉભા રહેવું એ કાંઇ તેણીને માટે જેવું તેવું અપમાન નહીં હતું, અને તેણીએ જાણ્યું કે એ અપમાન તેણીને તે જાણી જોઇને કરતો હતો.

“ને હવે તો તું સુખી થઇ કેની?” તેણે આગળ ચલાવ્યું “તું કાઉન્ટેસ બનીછ—એક મોટા માતબર પુરૂષની ધણ્યાંણી થઇછ, ને તેથી તું જો ચાહે તો અબ ઘડી પંદર હજાર પાઉન્ડ તારા બાપનાં ખીસાંમાં મુકે તેવી હાલતમાં તું છે, એટલે તું પોતે ધારે તે કરતાં વધારે સુખી તું હોવી જોઇયે, હેં?”

હજી તેણી મુગીજ બેઠી.

“પણ હજી મારૂં બોલવું પુરૂં નથી થયું! હજુર મારે એક બીજો સવાલ તુંને પુછવાનો છે! બોલ, તું કોઇ કલીફર્ડ રેવન નામના શખ-

સને ઓરખેછ કે?"

એ નામ સાંભળી ના કેટ ચમકી કે ના તે ચોંકીને ઉભી થઇ, પણ તેણીએ આંખે ઢાંકેલા હાથ ખીસાડી નાંખ્યા અને તેના ચ્હેરા તરફ જોતી બેઠી.

"ચાલ બોલ, હીંમત રાખીને જવાબ આપ એ કાંઇ મેં તુંને ઉખ્યાણું નથી પુછ્યું કે જેથી તુંને વિચાર કરવો પડે. તું કલીફર્ડ રેવન નામના કોઇ શખ્સને ઓરખેછ કે?"

"તમે શાને સારૂં એ સવાલ મને પુછોછ? તમે મને આય અપમાન કાંય કરોછ?"

"તુંને હું અપમાન કરૂંછ?" તે મશ્કેરીની ઢપે બોલ્યો "એક શખ્સને તું ઓરખેછ કે નહીં એ પુછવામાં મેં તારૂં અપમાન કીધેલું કેહવાય? તમુને અપમાન ખરેખરૂં થાય તેટલાં જરા થોભો—ને હવે એ નાટકી ઢપ છોડી દઇ મને સાચે સાચો જવાબ આપો તો સારૂં. મને તે પુછવાનો અને તમારો ખરો જવાબ જાણવાને તમારા ખાવીંદ તરીકે મને હક્ક છે. કાંઇ નહીં, વિચાર કરવાનો વખત લેવો, પણ, ખબરદાર, તમે મને ઉડાવશો તો ચાલશે નહીં, કેમકે, તેને લગતી મારી પાસે પુરતી સાબેતી છે, ને તેથી હું કેહુંછ કે, તમે મને ઠગી શકવાનાં નથી. ચાલો, બોલો ત્યારે કલીફર્ડ રેવન નામના શખ્સને તમે ઓરખોછ કે?"

પ્રકરણ ૩૬ મું.

"હા, હું કલીફર્ડ રેવનને આરખુંછ" કારલ્યનની નજર સામે પોતાની નજર ઠેડવી તે બોલી. ગમે તે થાય, તે ગમે તેટલું કરે પણ તેણીએ સાચુંજ બોલવાનો મનસે પક્કો ઠેડાવ કીધો હતો.

"ઓ, તમે ઓરખોછ, નહીં? ને તમે તેને વાસ્તે શું ને કેટલું

જાણોછ? એમ કેમ કે મારી આગળ તમે એને વાસ્તે કાંઇજ બોલ્યાં નથી? એને લગતી મારી આગળ તમે કાંઇ વાત કીધીજ નથી?"

"તમારી આગળ તેવણની વાત કરવાની મને જરૂરજ શું? તેને લગતી કોઇબી વાત તમારી આગળ કરવાની મારી મરજી નથી-નહીં," પણ પછી તેનો વિચાર તે બાબે ફરી ગયો હોય તેમ તે બોલી "લેવો તમુંને બધી વાત કેહી દેઉં—"

"તેમાંજ તારૂં ભલું છે" તે બોલ્યો.

"મારે કાંઇબી બાબદ તમારીથી છુપાવવાની કશીજ અગત નથી—કલીફર્ડ રેવનને પ્હેલો મેં થોડાક મહીનાની વાતપર જોયો હતો, તે મને એક રસ્તાને નાકે ઝાડ નીચે બેઠેલો મળ્યો હતો. બાદ, તે મારા બાપને ઘેરે આયો ત્હાં—"

જ્યાં આરથર કારલ્યન ચોંકયો, અને તે છતાં મેજરે આ બાબદમાં શું ભાગ ભજી બતાવ્યો હતો અને હજી શું ભાગ તે ભજતો હતો તેની કાંઇ તેને જાણ થઇ નહીં. કેટ જે બોલતી ગઇ તે તે દમ ઉંચો રાખીને સાંભળતોજ રહ્યો.

"ત્હાં તેને મેં થોડીક પલ જોયો; તે પછી તેને મેં દર્યા નજીક બીજી સહવારે થોડીક મીનીટ જોયો હતો, અને—અને—તે પછી બૉલની રાતે તે મને મળ્યો હતો."

"બસ? બીજું કાંઇજ નહીં?"

"બસ, એટલીજ વખત હું તેને મળી હતી."

"ને તું એમ ધારેછ કે તું જે કહેછ તે હું માનુંછ કે?"

કેટને કશી વાતનો હજી સુધી ગુસ્સો લાગ્યો નહીં હતો, પણ તેણીએ આ, વાંચનાર જાણેછ તેમ, સાચે સાચો યકરાર કરી દીધા છતાં જ્યારે તેની સામે ઉભેલાં ઇનશાને તેણીનાં બોલવા સામે શક બતાવ્યો ત્યારે તેણીનાં મગજનું સમતોલપણું નહીં રહી શકયું હોય તો તે બનવા જોગ છે.

તેણીને ઝાંઝ ચઢી આવી અને પોતાની બેઠકપરથી ઉછળીને એક છેડાયલી વાઘણની માફક ઉઠીને તેની સામે ટગર ટગર ટીકતી તે ઉભી.

"લૉર્ડ કારલ્યન—" તે બોલવા ગઇ, પણ તેને તેમ કરતાં ઝટ અટકાવી તે બોલી ઉઠયો.

"એ બાઇ સાહેબ બધા ઢોંગ તમે રહેવા દેવો—એ એવી ગંભીર બાબદ છે કે તે વાસ્તે આપણે રકાસ કરવો જોઇતો નથી; ને બસ તમે તેને વાસ્તે જે જાણોછ તે એટલુંજ કે? તમે શું એમ કહેવા માંગોછ કે જે માણસ તમુને માત્ર તમે કહોછ તેમ ત્રણજ વખત મળ્યોછ તેની સાથે તમે પ્યારમાં નથી?"

તેણીનો ચ્હેરો ગુસ્સાને લીધે જે ઉજલો પુણી જેવો થઇ ગયો હતો તે આ છેલ્લો વાકય સાંભળી લાલ થઇ ગયો અને જરા વારમાં તે પાછો બરફ જેવો સુફેદ જણાયો.

"જે સવાલમાં અપમાન સમાયલું હોય તેનો જવાબ હું નથી આપવાની" તે બોલી "હું તમારી પરણેતર છેઉં ને—"

"હા, તે ખરૂં, ને તેથીજ તુંને કહુંછ કે મારા આયે સવાલનો જવાબ આપવાની કાંઇજ અગત્ય નથી, કેમકે, આય કાગળ જો."

એમ કહી કાગળનો એક ટુકડો તેણે તેની નજર સામે ધર્યો અને તેણીની તરફ તે ફેંકયો. તે એક પલ અચકીને ઉભી પણ પછી વાંકી વળી તે કકડો તેણીએ ઉપાડયો. થોડીક પલ તો તે ઉપર જે લખેલું હતું તે તેણીને દેખાયુંજ નહીં, પણ તે ઉપર પછીથી તેણીની નજર ઠડતાં તેણીના ચ્હેરાપર રતાસ ધાઇ આવ્યો અને તે કાગળને પોતાના હાથે ડુચો કરી આખે આંગે ધ્રુજતી તે ઉભી.

"કેમ હવે?" તે તેણીની સામે ઝનુંનથી જોઇને બોલ્યો "એ કાગળમાં જે લખ્યુંછ તે ખરૂં છે કે? આય કલીફર્ડ રેવને તારી સાથે કોઇ દાહડે પ્યાર કીધોછ કે?"

"હા" તે ઘણુંજ હળુસેથી બોલી.

તે એટલો તો આ જવાબ સાંભળી ઉશકેરાઇ આવ્યો કે ઘડીભર તે બીધી કે તેણીનાં આંગપર તે ધસી આવી તેણીને મારશે, પણ પ્રિય વાંચનાર તેણીનાં તન બદનની આસપાસ ગમે તો તેને સત્યનું તેજ કહો કે ગમે તો પ્રમાણીકપણાંનો પ્રકાશ કહો તે એવો તો જોરમાં ચમકી રહ્યો હતો કે જે કીસમનો કેટ ભય રાખતી હતી તેવી તેની કાંઇ મતલબ હોતે તે છતાં તે અમલમાં મુકવાની તેની છાટીજ ચાલી નહીં.

"ઘણી બીચારી ભોળી ભાળી!" તે બોલ્યો "ને લોક બીચારીને સત્યતાનું સ્વરૂપજ માનેછ! આહ, તું કેવી નજીસ છે તે મેં આજે હમણાંજ જાણ્યું. આવા એકને તારી સાથે તું પ્યાર કરવા દેય? કયારે? મારી પરણેતર થવાનું કબુલ કીધા અગાઉ કે પછી?"

"પછી." તે ધીરે પણ મકકમ અવાજે બોલી.

"એમ કે છ? જે આદમીને ફકત ત્રણજ વખત તુંજ કહેછ તેમ જોયલો તેને, મારી સાથે પરણવા તું કબુલ થઇ તે પછી, તેં તારી સાથે પ્યાર કરવા દીધો, નહીં? ને અહીં મારી સાંમે ઉભી રેહી નફ્ટ નાકે તે મને કહેછ?"

"હું તમુને કેહી ચુકી કે જે સાચે સાચું હોસે તે તમુને કહેવસ ને હું તેમ કેહુંછ."

"ને હું ફરીથી તારૂં ધ્યાન ખેંચુંછ કે મને સાચે સાચું તું કહશે તેમાંજ તારૂં ભલું છે, કેમકે મારીથી કોઇબી વાત છુપાવ્યામાં તુંને ફાયદો થનાર નથી. તું મારી પતીવ્રત પરણેતર જેટલું ધારેછ તે કરતાં મને વધુ ખબર છે! ને એ માણસને વાસ્તે તારો શું વિચાર?"

નહીં, આ સવાલથી તે જરાબી ગભરાઇ નહીં, પણ તેની સામે ટગર ટગર જોતી જેમ તે ઉભી હતી તેમજ તે ઉભી રહી.

"એ સવાલ પુછવાનો તમુને કાંઇજ હકક નથી લૅાર્ડ કારલ્યન. હું તમારી પરણેતર છેઉં એ તમે ભુલી ગીયેલા લાગોછ!"

"બસ, મને તારો જવાબ મળી ચુકો. તેં તેને તારી સાથે પ્યાર કરવા દીધો અને તેની સાથે તેં પ્યાર કીધો—અને તે વખતે તું મારી અદરાયલી ધણયાણી હતી! ત્યારે મારી સાથે તરછોડ કરીને તું તેનીજ કાંય નહીં થઇ રેહી?"

અને ખરેખર? તેણીને વિચાર આવ્યો કે તેમ તેણીએ કાંય નહીંજ કીધું? તેણીને કલીફર્ડને વાસ્તે તરેહવાર વ્હેમ આવ્યા છતાં એ ધિક્કારભરેલા ઇનશાન સાથનો ગાંઠ તરછોડી તેની સાથેજ કાંય નહીં તેણીએ સંબંધ સાંધ્યો?"

"હવે તારીથી જવાબ અપાતો નહીં, હેં? લેની, તેનું કારણ તુંને હું કેહું—મારી પરણી મોહોરદાર થવાની લાલચ એટલી જોરાવર હતી—કાઉન્ટેસ થવાપર તારૂં દીલ એટલું બધું તો લાગી રહેલું હતું કે હું એક સોનાની ચલ્લી જેવો તુંને લાગો, ને તેથીજ તું મારી સાથે જોડે રેહી, ખરૂં કે નહીં? તું જાણે કે તારા એ પડદા પછવાડેના પ્યારની મને થોડીજ ખબર પડવાની છે, ને એમને એમ છેકના છેડા સુધી ચાલ્યા કરશે? પણ જોઇ તેં થાપ ખાધી તે? હું નહીં—પણ તું ને તારો પેલો ચોર બાપ આજે મુરખ બન્યાં તે જોયું?"

આ તાણાનો ફટકો તે બીચારીને મોતના ધાતકી જરબ જેવો લાગ્યો, અને તે અંતે બોલી.

"લૉર્ડ કારસ્યન, તમુને ઠગવાની મારી મતલબ હતીજ નહીં. તમે મને તમારી પરણેતર થવાની અરજ કીધી ત્યારેજ મેં તમુને કેહ્યું'તું નહીં કે હું તમુને ચાહી શકવાની નથી? મેં કાંઇ તમુને ચાહવાના ઢોંગ કીધાજ નથી. તમે એકથી અનેકવાર બોલી ચુકાછ કે તમે તો મને વેચાતી લધીછ" અને એમ બોલતાં તે બીચારીની આંખોમાં આંસું ભરાઇ આવ્યાં "ને તે છતાં તમારી તરફની મારી ફરજમાં પછાત નહીં પડવાનો મનસે મેં ઠેડાવ કરી મુકયો હતો. આજે વટીક તમુને સુખી કરવાના મેં મનસે કસમ લીધા હતા—ખુદાને બાર મેં તમુને મારા

ખાવીંદ દાખલ કબુલ રખ્યાછ તો—"

"ને તું ધારેછ કે આય બધા ઢોંગ, મને તારો એક વખત અનુભવ મળ્યા પછી, હું માનસ? જેટલો મુરખ તેં મને ધાર્યો'તો તેના કરતાં વધારે મુરખ તું હોવી જોઇયે; પણ, તારી સાથનો મેં મારો હીસાબ હજુન પુરો કહાં કીધોછ? લેડી કારલ્યન, આય કલીફર્ડ રેવન જેની સાથે તું પ્યારમાં છે તે કોણ છે?"

"હું નથી જાણતી" તે બોલી "તે મારા બાપનો દોસ્ત હતો તે સીવાય તેને વિશે હું કશુંજ વધારે નથી જાણતી."

"ને જેને વિશે તું કશું વધારે નથી જાણતી તેને તેં ચાહ્યો, હેં? લે, તે ખરો કોણ છે, તે હું તુંને કેહું–તેનું નામ કલીફર્ડ રેવન છેજ નહીં."

"તું સાંભલેછ કે? એ તેનું માત્ર ધારણ કીધેલું નામ છે. તેનું નામ કારલ્યન છે–ડેસમન્ડ કારલ્યન–ને તે મારો પીત્રાઇ થાયછ."

"તમારો પીત્રાઇ?"

"હા, મારો પીત્રાઇ. મેં તેને કાંઇક વરસો સુધી જોયો'તો નહીં. તે કેઠે ચાલી ગીયો હતો. તે કોઇની નજરે પડયો'તોજ નહીં. ફકત તારા બાપને તે મળ્યો, તેણેજ તેને મરી જતો જોયો ને તેણેજ તેને દાટયો'તોબી."

"મરી ગીયો'તો! ને દાટયો'તો!" તે અજબ થઇ બોલી ઉઠી.

"હા, તેમ હોવુંજ જોઇયે, કેમકે તે બદલ માજીસ્ત્રેટની ભર કોર્ટમાં તારા બાપે સોગંદ નોંધાવ્યાછ કે તેણે ડેસમન્ડ કારલ્યનને મરી જતાં પોતાની નજરે જોયોછ ને પોતાને હાથે તેને તેણે દાટયોછ!"

"ને તેથી? મને એ બધુ કેહી સંભળાવવાનું કારણ?"

"કારણ એ કે કલીફર્ડ રેવન કોણ છે તે મારે તુંને સાબેત કરીને દેખાડવુંછ કે ગધેડી તું બનીછ હું નહીં! તું જાણેછ, તારા બાપે એ પરમાને જુઠા સોગંદ શું કામ ખાધાછ તે?" એટલું બોલી તે

તેણીની નજીક આવ્યો અને દાંત પીસીને બોલ્યો "તેનું કારણ એ કે મારા આય બેતાબ અને મારા વચ્ચે ડેસમન્ડ કારલ્યન કાંટાની માફક ખુંચી બેઠોછ!"

આટલું છતાં તેણીને કશીજ સમજ પડી નહીં, અને તેથી તેના ચ્હેરા તરફ ટીકતી તે ઉભી.

"તુંને સમજ નથી પડતી? હું કેહુંછ કે અર્લના આય બેતાબ અને મારા વચ્ચે તે કાંટાની માફક ખુંટીને બેઠોછ એટલે તે પોતે અર્લ ઓફ કારલ્યન છે, હું નહીં!"

આ સાંભળતાં તેણીની આંખે ચકકર આવી ગયા અને પાસેનાજ સોફાની અઢેલવાની બેઠકને તે પકડી નહીં પાડતે તો તે જમીનપર પટકાઇ પડતે. તેણીનો આ ગભરાટ તે મુજીની ચગોર ચશ્મથી છુપ્યો નહીં રહ્યો હતો.

"હવે તું સમજી?" તે બોલ્યો "કલીફર્ડ રેવન જેને તેં મારી ઉપર લુભાઇને લટક આપી તે અર્લ ઓફ કારલ્યન છે ને હું તારો ખાવીંદ કોઇજ નહીં, ફક્ત રસ્તે રસ્તે રખડતો એક ભીખારી! હવે મીસ કેટ, બોલો ગધેડું કોણ બન્યુંછ? હું કે તમે ને તમારો નામચીન બાપ?"

પ્રકરણ ૩૭ મું.

કેટ બીચારીનાં આંગમાં ઠંડીનું એક લખલખું ભરાઇ આવ્યું અને તે એક ગમ ઉકરૂ કુકરૂ થઇ બેઠી અને આંખે હાથ ઢાંકી દઇ અફસોસમાં પડી. તેણીને અફસોસ પોતે એક અર્લને આખરે નહીંજ પરણી હતી, અને જેને તે પરણી હતી તે ખરેખર તો એક રખડતો ભીખારીજ માત્ર હતો તે વાતનો જરાબી નહીં હતો—નહીં, આપણે તે ઘડી ભરબી માન્યે તો તેનાં આ દુઃખપર આપણે ડાહામ

દીધેલો કહેવાય—પણ, તેણીના બાપે દાગાથી જે રીતે એક હકકદારનો હકક છીણવી તે બીજાને ગળે ઓળવ્યો હતો તેને લગતો તે હાલ અફ્સોસ કરતી હતી.

આરથર કારલ્યન ત્યારે તેણીના અફ્સોસને પેલાં ભાડુતી તત્વનું પરિણામ સમજી તેણીની તે કંગાળ્યતપર હસ્તો ઉભો હતો.

"ત્યારે એ વાત, બાઇ સાહેબ, તમારાં ધ્યાનમાં ઉતરી કેની?" તે બોલ્યો "બીચારો અહીંનો એક નોકર જેટલો અર્લ નથી તેટલોજ હુંબી નથી, ને જેટલી તારી દાસી એક કાઉન્ટેસ નથી તેટલી તુંબી નથી."

"અરે, અરે, કેવું ધાતકી! કેવું ભયાનક કાવતરૂં!"

"હા, મનેબી ખરેખર તારી દયા આવેછ" તે પોતાનાં પાટલુનનાં ગજવામાં હાથ નાંખી હસ્તે ચ્હેરે તેની તરપ્ જોઇ બોલ્યો "તું તારાજ બાપના હાથપર કેવી વેચાઇ! બીચારી કાઉન્ટેસ ઓપ્ કારલ્યન થવા આવી ને ખાલી મીસીસ આરથર કારલ્યન થઇ ગેઇ! મારી પાસે ખાલી ગજવાં સીવાય કાંઇજ નથી—મને સામું કરજ છે, ને મારી પાસેથી જે કાંઇ નીકળશે તે મેં ડેસમન્ડની દોલતમાંથી જે ખરચ્યુંછ તેને પેટે મારે ભરપાઇ કરી આપવું પડશે, કેમકે જેમ ખેતાબબી તેનો છે, તેમ આય બધી દોલતબી તેનીજ છે!"

"હવે એ બધી મુસ્કેલીઓ ઉભી થવા છતાં, જેટલો તારો બાપ હાલ તેથી ગુંચવણમાં અટવાઇ ગીયોછ તેટલો હું હજી નથી ગુંચવાયો, એટલું ઠીક છે."

વળી પાછી આ તેનાં બોલવાની તે બીચારીને સમજ નહીં પડી તેથી પાછું તેણીએ તેની તરફ ખુલાસા માટે જોયું, અને તે સમજી ગયો.

"જો, તારા બાપે જે ખોટા સોગંદ કોર્ટમાં ડેસમન્ડના મરી જવા બાબે ખાધાછ તે વાંકને માટે કાયદામાં સખ્તમાં સખ્ત સજા ફરમાવેલી છે—જો બરાબર કેહું તો તેને તે માટે સાતથી ચૌદ વર્ષની

ટેપ મળી શકે તેમ છે—કદાચ, તેની ઉંમર જોતાં તેની ઉપર દયા કરી તેને સાત વર્ષબી ધકેલે! કદાચ એ તારો બાપ એમ બચાવ લાવે કે તે ભુલ્યો તો કોર્ટ તેનું માને નહીં, કેમકે, હમણાં તેંજ મને કેહ્યું તેમ કલીફર્ડ રેવનને તેણે થોડુંકપર જોયો હતો અને તેથી કોર્ટની ખાતરી થયા વગર નહીં રહે કે કલીફર્ડને તેના હકકના ખેતાબ અને દોલતથી બાકાત રાખવાજ તારા બાપે જાણી જોઇને ખોટા સોગંદ ખાધાછ, ને તેથી કમમાં કમ તેને સાત વર્ષની તો સજા જરૂરજ થાય!"

"તમે કોણ છેવો? ખરેખર ઇનશાન છેવો કે સેતાન?"

"તારા બાપને હું મળ્યો ને તારી સાથે હું પ્યારમાં પડ્યો તે વખતે હું ઇનશાન હતો, પણ, જ્યારે તારા જેવી નાપેકાર ઔરત એક ઇનશાનને પોતાનાં જુઠાં ઇમાનથી પજવે ત્યારે તે શયતાન થઇ જાય તેમાં કાંઇ નવાઇ છે? ચાલ ત્યારે હવે તું શું કરવા માંગેછ?"

"હું? હવે શું કરૂં?"

"હા, તું શું હવે કરવા માગેછ? જે સાચે સાચી વાત છે તે તો તેં જાણી. તું એમબી હવે જાણેછ કે આય તારો આશક જે તુંને પનવાનો હતો તેજ ખરો અર્લ છે; હવે તું તેને એ વાતની ખબર કરવા માંગેછ? કદાચ તે એ વાત કયારની જાણતોબી હોસે? પણ નહીં! હું ધારૂંછ તેને એ વાતની ખબરજ નથી, નહીં તો તે અમો બધા ઉપર મોટી ચઢાઇ લઇને ધસી આવતે."

તે મુગી બેસીજ રહી.

"જો મારો સ્વભાવ ખારીલો નથી ને મેં તારી ખાતરી કીધીછ કે જેટલો તું ધારેછ તેટલો હું મુરખ કે બોલ્યો ગપાટબી નથી, વાસ્તે, તુંને ને તારા બાપને આય ઉભી થયલી મુસ્કેલીઓમાંથી બચવાને મદદ કરવા તૈયાર છેઉં! તું તો એ મુસ્કેલી કેવી અને શું રીતની છે તે સમજી ચુકી કેની? તું એમબી જાણી ચુકી કેની કે તારો બાપ જો ઝીલાયો તો કાળાં પાણી સિવાય તેનો છુટકો નથી? ચાલ, ત્યારે હવે

એ બધી આફ્ત ટાળવાનું તારા હાથમાં છે."

"મારા હાથમાં? તે કેવી રીતે?" તે તેની સામું જોઇને બડબડી.

"હા, તારાજ હાથમાં તે છે" તે બોલ્યો, અને આ પ્હેલીજ વખત તેણીની નજર સામેથી પોતાની નજર ખીસાડી નાંખી નીચું જોતો તે ઉભો. "ડેસમન્ડ હમણાં સુધી એ વાત જાણતો નહીં હોસે તો હવે તે જાણસે ને આપણી ઉપર તે ઉલ્ટીજ પડશે. આપણે તેને હંફાવસું–હું તેને એકલો જેર કરસ. તે તારી સાથે પ્યારમાંજ છે તો તારૂં કહેવું તે સાંભળશે. ખરૂં કેહું તો તારે તેને હાથમાં લેવો પડસે. તારા જેવી ખુબસુરતી ધરાવનાર ઔરતને તારી ઉપર જે મરતો હોય તેને તાબે કરતાં વાર કેટલી લાગવાની? તું આપણી સાથે તેને ઘેર મેલે સમજુતી કરવા સમજાવ, તેને કારલ્યનની જાગીરોમાંથી ઉપજતી આવકનો ચોથો યા ત્રીજો હીસ્સો આપણે આપસું :જો તે મુગો મુગો મરી રહે તો! ને મારી સાથે કેસ લડવાનું તેને પરવડસેજ નહીં–તે તે માટે જોઇતું નાણું કયાંથી લાવસે? ને તે છતાં તે જીતસેજ એમ શું આશા? એના જેવો હકક સાબેત કરવાનું કાંઇ ખાવાનું કામ છે? હવે એ કેમ તારે કરવું તે કામ તારૂં છે."

"તમે ધારોછ કે એ કામ હું કરસ? તમે એ કામ કરવા મને કેહોછ?"

"હાજતો, કાંય નહીં? તે તું એ કામ કરસે તે કાંઇ મારી ઉપર ઉપકાર કરીને કરસે કે? તારી એ મેહેરબાની–જો તું એ કામને એક મેહેરબાનીજ સમજતી હોય તો–તે મને જોઇતીજ નથી–એ કામ તારે પોતાને વાસ્તે તારે કરવાનું છે. તારે માથે હાલ મુકાયલું અમીરી તાજ પાછું નીચે ઉતારી ખાલી મીસીસ આરથર તરીકે ઓળખાવામાં કશીજ મજાહ નથી, તેમ વળી બતંબે ગયલા બાપની દીકરી તરીકે તારી તરફ બધાં આંગળી બતાવશે તેમાં તુંને ને મને બન્નેને શોભા નથી લાગવાની–આહ! હવે કેવું લાગી આયું? ગમે તે પણ પોતાનો બાપ,

એટલે તેને વાસ્તે તુંને લાગણી પેદા થયા વગર રહે? ચાલ ત્યારે જેને ખાતર તેં આટલો ભોગ આપ્યો તો તેનેજ ખાતર એક ભોગ વધારે આપ–તે સિવાય બીજો ઇલાજજ નથી.”

એટલું બોલી તેણે તે રૂમમાં આમ તેમ ફેરા ખાવા માંડયા અને પાછો ઉભો રહી જઇ તે કેટ સામે ટીકવા લાગ્યો.

“અહીં જો!” તે બોલ્યો “મારાં દીલમાં પાપ નથી. મારે તારી આગળ બધું ખરેખરૂં કેહી દેવાનુંજ હતું; તમે બેઉ–બાપ અને દીકરી–શું ઉંડાં પાણીમાં હતાં તે મારે તુંને દેખાડવાનુંજ હતું, હવે આપણે બેઉ એકમેકને પામી ગીયાંછ એટલે બેઉ કાંય નહીં એકમેકને સાચવી લઇયે? આપણે બેઉ પરણી ચુકાંછ એટલે પાછાં નહી પરણેલાં જેવાં આપણાથી થવાવાનું નથી, અને ઢોળાયલાં દુધપર વિલાપ કરવો ફોકટ છે–વાસ્તે આપણે આજેજ રાત્રે સલાહ કરી એકમેકને મદદ કરીને ચાલ્યે તો કેમ? હેં, કેટ, તારી શું મરજી છે? જો, દીલમાં પાપ રાખીને વાત ના કરતી!” એમ બોલી તે તેણીની આગળ આવ્યો અને તેણીને બાજુમાંથી પકડવા ગયો, પણ તે કમકમી તેની આગળથી દુર હટી ગઇ.

“નહીં, એ નહીં! મને જરાબી હાથ ના તમે લગાડતા” તે બોલી અને તે વખતે તેણીનો ચ્હેરો તદ્દન ઉજળો હતો અને તેણીની આંખોમાંથી ઇંગાર ચમકતો હતો.

“એ શું ચેડાં!” તે હસીને બોલ્યો “આવી રીતે રકાસ કરવામાં કાંઇ ફાયદો? તું મારી પરનેતર છે–હું તારો ખાવીંદ છેઉ, એ આપણે બેઉએ ભુલી જવું જોઇતું નથી–ચાલ આવ, શેકહેન્ડ કરી આપણે બેઉ સલાહ કર્યે.”

“ત્હાંજ ઉભા રેહો!” તે બોલી અને તે વખતે પરવરદેગારે ઔરત જાતને તેણીના બચાવ માટે બક્ષેલું બળવાન હથ્યાર તેણીનું તેજ પુર જોરમાં પ્રકાશી નીકળ્યું. “આપણે પરણેલાં છીયે એ ખરી વાત

છે–તમારી હું પરનેતર છેઉં તેબી ખરી વાત છે, પણ તે બધું છતાં-બી તમારે મારી આગળ આવવું નહીં અને મને હાથ લગાડવો નહીં!'

"તું છે તે કરતાં વધારે મુરખ થાયછ!" તે બોલ્યો "તું શું બોલેછ તેનું તુંને ભાણ નથી."

"નહીં, હું શું બોલુંછ તે હું સમજુંછ–હું તમારી પરનેતર છેઉં ને મારી આગલી હાલતમાં મારીથી હવે જવાતું નથી તે હું જાણુંછ, પણ હું કાંઇ તમે ધારતા હોવ તેમ નાચાર થઇ ગઇ નથી કે તમારીથી બીહીતી પણ નથી! મેહેરબાની કરી તમે અહીંથી ચાલી જાવો તેમાંજ તમારી બેહે-તરી છે–તમારીથી હું જીવપર આવી ગયેલી છેઉં. હવે તમે એકબી બોલ ધમકીનો વધારે બોલો ને આય બધી વાત હું જગને–ખરા લૉર્ડ કારલ્યનને–બાપુકાર જાહેર કરસ! મને એક આંગળી વટીક લગા-ડવાની હીંમત કરો ને હું આખું મકાન જગાડસ ને તમે મને જે બધું જણાવ્યુંછ તે હું તમારા નોકર નફરોને જણાવસ!"

તે કાંઇ બડબડતો તેણીની આગળ આવ્યો. નહીં, તે જીવપર આવેલી છોકરી એક પગલુંબી પાછળ હઠી નહીં, પણ ચંગની ઉપર હાથ મુકી તેની સામે ડોળા ધુરકતી ઉભી રહી; એટલે તે આગળ વધતો થોબોજ ગયો.

"તું મારી પરનેતર છે" તે બોલ્યો ને વળી એક બે પગલાં તે આગળ વધ્યો "ને તું મને મારાં પોતાનાંજ મકાનમાં દબરાવવા માંગતી હોય તો તેમાં તું—"

"પાછળ હઠો, સંભાળજો! તમારાં ઘેરમાં હું છેઉં ખરી પણ, અહીં તમારાંજ ઘેરમાં એવો કોઇ નોકર કે નફર નહીં હોસે કે જે બધું જાણતાં મારી મદદે મારા બચાવમાં બાહાર નહીં આવશે! ને તમે મને એક આંગળી વટીક લગાડી તો આય ચંગ વજાડી બધાંને અહીં એકઠાં કરી તમારો હુર્યો–હુર્યો હું કરસ!"

તેનો ચ્હેરો ઝનુંની બની લાલ ભુંડ જેવો થઇ ગયો–તે ગરીબ કોમળાંગીને મારવા તેના હાથ વટીક ઉંચકાયા–પણ તે એકાયક ચોંકીને

પાછો હઠી ગયો અને મોંહમાંથી કાંઇ ભાંડ શબ્દો બોલી ત્યાંથી ધસારાબંધ ચાલી ગયો.

પ્રકરણ ૩૮ મું.

કેટ, એકુ જન વીસ ગણે ત્યાં સુધી ટટણખાર ઉભી રહી. તેણી જરાબી ગભરાયલી કે બીધેલી જેવી લાગતી હતી નહીં, કેમકે તેણીની ઉપર તેના શયતાન ખાવીંદે ગુજારેલા ગેર ઇનસાફને લીધે તેણીને ક્ષણીક હીંમત આવી ગઇ હતી, તે પછી, તે ધીરે ધીરે એક રાણીના તૌરથી ચાલી માળપર પોતાના રૂમમાં ગઇ, જયાં તેણીની દાસી મેરી તેણીના કાગને ડોળે વાટજ જોતી ઉભી હતી, અને તે તેણીની શેઠાણીનો મોતના જેવો ફીકકો ચ્હેરો જોઇ ખરેખર ચોંકી.

"બાઇ સાહેબ, તમારા જીવને કાંઇ નથી ગમતું?"

"હા, જરા મારી તબ્યત બગડી આવીછ" એક ખુરસીપર બેસી પડી કેટ બોલી "નહીં, નહીં, ચંગ ના વજાડતી" તે દાસી ઝટ દોડીને ચંગ વજાડવા ગઇ તેણીને અટકાવી તે બોલી "કોઇનું કાંઇ કામ નથી, જરા મને 'સ્મેલીંગ સોલ્ટ' આપ; બસ, થેંક યુ, ને જો આજે તું અહીંથી જતી ના મારી આગળની આગળજ રહેજે–સમજી? તું અહીં સુસે કે?"

"અલબત, બાઇ, એમાં મને તમે પુછોછ સાનું? તમે ફરમાવ્યું તે પછી મને ગમે નહીં ગમે તોબી તે મારે કરવાનુંજ–અહીં તમારા ડ્રેસીંગ રૂમમાં હું બીછાણું કરસ ને જરાબી તમે સાદ મારસો કે તમારી આગળ હું દોડી આવસ–હમણાં કાંઇ તમુને જોઇયેછ? લૉર્ડ સાહેબને બોલાવી લાઉં?"

લૉર્ડ સાહેબ બોલ સાંભળતાંજ કેટનાં આંગમાં કમકમાટનું એક લખલખું ભરાઇ આવ્યું.

"નહીં, મેરી, લૉર્ડ કારલ્યન ને મારા વચ્ચે ટંટો થયોછ–અમે–"

"ઓ, બાઇ!" તે છોકરી બોલી ઉઠી "તમારાં લગનનેજ દાહડે!"

"હા, મારાં લગનનેજ દાહડે!" કેટ બોલવાની હીંમત કરી બોલી "મારે તુંને એ વાત કહેવી પડેછ કાંય કે મારૂં અહીં કોઇજ નથી ને મને—" એટલું બોલતાં તે બીચારીનું હૈયું ભરાઇ આયું.

"ઓ, મારાં બાઇ, કાંઇ નહીં, મને તમારૂં જે કામ હોય તે કહેજો–મારી ઉપર વિશ્વાસ રાખજો–હું તો તમારી તાબેદાર ગુલામડી છેઉં, પણ તમુને જોઇતી મદદ હું કરી સકસ; હા, તમે જોજોની તમારીપર આખી દુન્યા કાંય નહીં ઉલ્ટે, પણ તમારા બાલને જરા ઇજા નહીં થવા દેવસ!"

કેટે તેણીની આગળ ગુંથણ મરડયે બેઠેલી દાસીનાં માથાંપર પોતાનો હાથ ફેરવ્યો.

"ઠેંક યુ મેરી, તારીપર હું પુરતો ભરોસો રાખસ–હું ઘણી મોટી મુસ્કેલીમાં છેઉં. હું નહીં ધારતી કે એક સ્ત્રી જાતીપર આવી આફત કોઇ દાહાડે આવેલી હોય! ને હવે શું કરવું ને કહાં જવું તેની મને સમજ પડતી નથી. એ બધું મારીપર શું વીત્યુંછ તે હું તુંને કેહી નથી શકતી–ચાલ, હવે તું જા–હુંબી જરા આસાયસ લેવાની વેતરણ કરૂં."

તે છોકરીએ પોતાની બાઇને ડ્રેસીંગ ગાઉન પ્હેડાવ્યો અને પોતે બીજા ઓરડામાં પોતાનું બીછાણું કરવા ચાલી ગઇ, અને કેટ એકલી પડી.

તે પછી ઘણો લાંબો વખત સુધી ત્યાં બળતી ઝીણી બતી તરફ ટીકટી તે બેઠી–ના તેણીને કશો વિચાર સુઝયો કે ના તેણીને કશો મોકળો રસ્તો જણાયો. જાણે સ્વપ્નામાંબી એવું કોઇપર નહીં વીટતું હશે એમ તેણીને લાગ્યું. તેના પોતાના બાપે તેણીને વેચી હતી અને તે ઇનશાન તેણી સાથે પ્યારને ખાતર નહીં પણ તેણીપર અને તેણીના બાપપર

કીનો લેવા પરણ્યો હતો, ને હાલ તે બીચારી તેના કબજામાં–તેના કાબુમાં હતી!

તેણીને પોતાને માટે કશું દુઃખ લાગ્યું નહીં પણ તેણીને જે વિચારે ઘણી દુઃખી કીધી હતી તે કલીફર્ડ રેવનને લગતો વિચાર હતો. કલીફર્ડ રેવન પોતે અર્લ હતો, અને આય આદમી તેણીનો ખાવીંદ તેનો હક્ક લુટીને બેઠો હતો અને તે પોતે પચાવી રાખવા તેણીની મદદ ચાહતો હતો, ત્યારે કલીફર્ડ પોતેજ અર્લ હતો એમ તેને પોતાને ખબર હશે કે? નહીં, નહીંજ હશે! ત્યારે હવે તેણીની સૌથી પ્હેલી ફરજ શું હતી એ સવાલજ ક્યો? તેણીએ તેનું ખરૂં નામ નિશાણ અને તેનો હક્ક તેની આગળ બાપુકાર જાહેર કરવોજ જોઇયે. પણ તે તેણી કેમ કરી શકે? તે હમણાં કહાં હોવો જોઇયે?

આરથર કારલ્યને પોતાની બધી વાતમાં ડેસમન્ડ કારલ્યન હાલ કયાં હતો તે જણાવવાના જાણી જોઇને સર્વાંમ અખાડા કીધા હતા. કદાચ તે ઇંગ્લંડ છોડીને ચાલતોબી થયો હશે ને તેમ હશે તો કાંઇક મહીને તેનો પત્તો તેણીને લાગશે તો? ત્યારે શું તેટલો વખત સુધી તેણીએ આય પોતાનો પાર્ટ ચાલુ રાખવો? તેણીએ શું દુન્યાની નજર સામે કાઉન્ટેસ તરીકે ફરહર કરવી ને તેમ કરી તે લુટારાને પોતાની લુટની મોજ ચાખવા દેવી?

તેણીએ એ વિચાર કરતાં તે ઓરડાની આસપાસ નજર ફેરવી અને ત્યાંનું બધું રાચરચીલું જોઇ તે કમકમી અને પોતાના જીવને હજારો કદુવા દેવા લાગી.

"ઓ, એવું થાયછ કે જાણે મરી જાઉં!" તે અફસોસ કરતી બોલી "આજેજ રાતે મારૂં સેવટ આવી જાય! શું કરૂં? હવે હું શું કરૂં?"

તે હવે ઉઠીને ઓરડામાં ફરતી ફરી અને છેક સહવારનું પોહોર થતાં સુધી તેમ ત્યાં ફર્યાંજ કીધી અને જેવી ઉગતા સુરજના આસમાનપર

ચમકી રહેલા ઉજાસપર તેની નજર પડી કે તે ગુંઠણુ મરડયે પડી અને તેમ કેટલોવાર બેસીજ રહી, અને જ્યારે તે ઉઠી ત્યારે વધારે શાંત થયલી દેખાઇ, અને તેણીનું મગજબી વધુ મોકળું થયલું તેણીને જણાયું.

તેણીએ હવે ક્લીફર્ડ રેવનને શોધી કાઢવાનો અને શોધી કાઢી તેને બધું કહી દેવાનો ઠેડાવ કીધો. પ્હેલે તેણીએ જે કરવાનું હતું તે એજ હતું અને પછી—પછી જે માણસે તેણીને પોતાના કબજામાં લઇ પોતાના કાબુમાં રાખી હતી તેને સદાને માટે છોડી જવું.

તેણીએ મેરીને હાંક માર્યો અને તે છોકરી ઝટ ત્યાં દોડી આવી, તેણીને બાથ આપ્યો અને બધાં કપડાં પ્હેડાવી વાળ સારૂ કરી તેણીને તૈયાર કીધી, અને પછી તેણીને ચાહ લાવીને આપી. કેટે તે પીધી—જેમ તેમ તે ગળે ઉતારી અને પછી જરા બીછાણે પડી.

તેમ કરતાં અગ્યાર વાગ્યા અને નીચે હોલમાં તેણીને કોઇનો અવાજ સંભળાયો. તે અવાજ તેના બાપનો હતો.

તે અવાજ સાંભળી તેણી ઘણી કચવાઇ અને કમકમી અને જાણે તે અવાજ ફરીથી તેને કાને ન આવે કરી કાને તેણીએ હાથ દીધા, પણ તેટલાં તેણીને એક વિચાર આવ્યો. જો બની શકે તો એ બે જણની વાત તેણીએ ધ્યાનથી સાંભળવી કે જેમ કરતાં કદાચ કલીફર્ડ રેવન હાલ કહાં હતો તે માલમ પડે?

અને એ વિચાર અમલમાં મુકવાનો તેણીએ તુરત ઠેડાવ કીધો અને, ધીરે ધીરે નીચે ઉતરી ડાઇનીંગ રૂમની પાસેના એક ઓરડામાં તે ગઇ. તે ઓરડા અને ડાઇનીંગ રૂમ વચ્ચેનાં બારણાંની આડે એ મોટી સ્ક્રીન હતી, જેમની પાછળ ભરાઇને તે ધ્રુજતી ઠઠરતી ત્યાં ઉભી.

મેજર સહવારે સક્કારેની ત્રેન પકડી ત્યાં આવ્યો હતો, કેમકે, તેને બીહીક હતી કે તેનો નામચીન જમાઇ તેણે પથ્થેલા રૂપ્યા આપ્યા વગર કેડે વટેણા વાવી જશે તો તે મેજર હાલને કાજ રખડી જશે; અને તેથી જેમ બને તેમ કળ વળે જલ્દી રૂપ્યા તે આરથર પાસે

ઓકાવે તેમાંજ તે સલામતી સમજ્યો હતો. એકવાર તેને તેની રકમનો ચેક મળ્યો કે તે વટાવતાં તેને કેટલી વાર? અને એક ગમ તે વટાવ્યો કે પછી સેન્ડફર્ડને છેલ્લી સલામબી કરતાં કેટલી વાર? કેમકે, કલીફર્ડ રેવન મોડે વ્હેલે જાણવાનો કે એ ખેતાબ અને દોલતનો હકકદાર તો એ પોતે છે, એટલે સ્હેજવારમાં ગડબડ સડબડ તે કરી નાંખ્યા વગર રહેવાનો નહીં.

"અલબત" તે મનસે બડબડયો "આરથર કાંઇ કોર્ટમાં જાય નહીં ને કલીફર્ડ તેને ત્યાં ઘસડવાનો નહીં. તેઓ બન્ને આખરે સમજુતીપર તો આવવાનાજ અને કેટને પન્યાથી આરથરને ફાયદો એજ કે કેટને લીધે આરથરને ડેસમન્ડ હેરાંન નહીં કરસે તો નહીંજ, પણ વળી પોતાની દોલતમાંથી એક ચોકકસ ફાળોબી તેને જો આપતો કરે તો હું અજબ નહીં થાઉં."

"લૉર્ડ સાહેબ અંદર છે કે?" તેણે એક બટલરને હસીને ઘણા મોહાસથી પુછ્યું.

"લૉર્ડ સાહેબ હજી નીચે ઉતર્યા નથી" તેણે જવાબ દીધો.

"ઠીક છે, તેવણને જઇને ખબર કરો કે મેજર મેડીસન આવેલા છે—ને તેવણને કહેજો કે કાંઇ ઉતાવળ નથી—હું અહીં થોબસ—ને લેડી સાહેબની દાસીનેબી કહેજો કે લેડી સાહેબને ફોકટની તકલીફ નહી આપે."

પણ પેલો બટલર એક ગમ ગયો કે બીજીજ પલે 'લૉર્ડ સાહેબ' અંદર દાખલ થયા. તેવણ પોતાના ડ્રેસીંગ ગાઉન અને સ્લીપર પરજ ત્યાં આવ્યા હતા, અને આખી રાત જાણે તેવણે બ્રાન્ડીની બાટલીની સોહબતમાં પસાર કીધી હોય તેમ તેવણનો ચ્હેરો ઉજળો દુધ જેવો અને આંખો લાલ લોહી જેવી દેખાતી હતી.

"ઓહો, મારા વ્હાલા આરથર!" મેજર શેકહેન્ડ માટે તેની તરફ હાથ લાંબો કરી હસતે ચ્હેરે તેની આગળ ગયો "લે તુંને વચન આપ્યા પ્રમાણે આવીને હું ઉભો ને તુંબી દોસ્ત દાબડામાંનો ભુત

દેખું! ખરી વાત એમ છે કે અહીં લંડનમાં સહવારે મને કાંઇ અગતનું કામ હતું તે મેં ધાર્યું કે જરા અહીંબી ડોકયું કરી જોઉં, તું કેમ છે? તું બહુંજ તંદરોસ્ત ને ટટણખાર લાગેછ!"

"એમ કે? ત્યારે એમ સમજી લે, મેજર, કે મારો ચ્હેરો તદ્દન જુઠી હાલત રજુ કરેછ" જમાઇજીએ સપરપુરા સસરાજીને આવકાર આપ્યો "ઉલ્ટું, મારૂં માથું ફાટી જાયછ ને આંખના ડોળા નીકળી પડતા હોય તેમ લાગેછ. તુંબી જબરો, મને જરા વ્હીલો નહીં મુકતો! પણ તું બીહેછ શાનો? હું કાંઇ નાહસી જાઉંછ કે મારી બેંક દીવાળું ફુંકવાની છે?"

"મારા વ્હાલા આરથર! તારી મશ્કેરી કરવાની આદત તું નહીં છોડતો? મને શાની બીહીક હોય? વાત એમ છે કે મને થોડાંક બીલો ચુકવવાનાં છે, તે હું જાણું કે તારી તરફથી ચેક મળી જાય તો હીરાને ઠેકાણે કામ લાગે. ને બીજું શું કે મને ખબર છે કે જેટલી જલ્દી એ વાતનો હવે નીવેડો આવી જાય તેટલો તારાં મગજપરથી બોજો ઓછો!"

"મારીબી તું મેજર બહુજ કાળજી રાખેછ," આરથર બોલ્યો "ઠીક ત્યારે, તુંને તે આપવાના—હમણાંબી આપવાના ને પછીબી આપવાનાજ. તારા કેટલા રહ્યાછ? તેં તારી દીકરીને કેટલે રૂપ્યે વેચી'તી?"

"દીકરા, વરી ફાટો કે?"

"ત્યારે આપણાં વચ્ચે થયલાં એ સાટાંને કયી રીતે ઓળખવું? એક ઇનશાન પોતાની દીકરીને વેચતી આપી તેની કીંમત લેય તેને ત્યારે બીજુ શું નામ આપવું?"

"મારા વહાલા આરથર!"

"તું ત્યારે શું એમ કહેવા માંગેછ કે તેં તેને વેચી નથી? તું એમ કહેવા માંગેછ કે તે મારી સાથે પોતાનીજ મરજીથી પરણીછ? તું શું મને એમ કહેવા માંગેછ કે તે મને ચાહતી'તી ને તેનો જીવ

હતો? તુંને તો ડગલે ને પગલે જુઠું બોલવાની આદત છે, તારાં મોંઢાંમાંજ જુઠું છે–જુઠું તે જાણે તારો વ્હીસ્કી સોડા છે, તે છતાં મારી ખાતરી છે કે આય બાબદમાં તું જુઠું બોલવાનો નથી–તુંને ખબર છેની કે તે તો ઉલ્ટી મને ધિક્કારતી'તી?"

"મારા વ્હાલા દીકરા" આરથરની આ ફીસમની વાતથી તે ગુસ્સે કરતાં દલગીર થઇ બોલ્યો "આજે સસરા જમાઇ વચ્ચે આવી વાત? ચાલ આવ, અહીં બેસ ને ડાહ્યો થઇ જા. કેટ તો તારી સાથે—"

"તે જહાંન્નમમાં ગેઇ! તેનું નામ બાર! તેનું નામબી સાંભળવા હુ માંગતો નથી! આજે સહવારે મને તારી સાથનો મારો હીસાબ ભરપઇ કરવોછ, એટલે તેનું નામ મારી આગળ દેશે તો તે હું સાંખી નથી શકવાનો."

"કારલ્યન, આજે મારી સાથે તું એમ કેમ વાત કરેછ તેની મને જરાબી સમજ પડતી નથી" મેજર હવે અકરવકરમાં પડી બોલ્યો "આપણા વચ્ચે શું ગોઠવણ હતી, તે તો તું જાણેછ કેની? મારી તરફનું સાટું મેં બજાવ્યુંછ, હવે તું તારૂં સાટું બજાવ."

"ને નહીં તો? નહીં તો તું મને શું કરી લેવાનો? મને તું શું ધમકી આપવા અહીં આયોછ કે? બોલી દે!"

"ધમકી? શાને માટે–તુંને મારે ધમકી આપવા જેવું તેં કીધુંછજ શું?"

"તું કાંઇજ જાણતો નથી?" કારલ્યને તેને પુછ્યું "લે હું તુંને કેહું–જો હું તુંને આય ચેક નહીં આપું તો તું મારી સામે આય બાજી ઉલટાવી નાંખસે! તું અહીંથી સીધો ડેસમન્ડ આગળ જશે અને તેની સાથે સાટું ઠોકશે–હેં?"

"ડેસમન્ડ!" મેજર ત–ત–પ–પ થઇ ગયો "તું તારા પીત્રાઇ ડેસમન્ડને વાસ્તે કહેછ કે? ગરીબ બીચારો તે! તે તો બીચારો નીવેડા ખાતે ઠંડોગાર મુવેલો પડેલો છે ને—"

"જુઠું! એ સરતાપા જુઠું છે!" આરથર કારલ્યન મેજરની નજર સામે પોતાની નજર ટીકેલી રાખી બોલ્યો.

"એટલે?"

"મારો વિચાર તો તારી સાથે કુતરા બીલાડીની માફક રમત રમી તુંને પજવી પજવીને મારવાનો હતો, પણ મારીથી ધીરજ રાખી શકાઇ નહીં—તુંને ખબર છે, થોડા દાહડાની વાતપર મેં પુછ્યું'તું કે કલીફર્ડ રેવનને તું ઓરખેછ કે?"

"કલીફર્ડ રેવન!" તે મેજર બડબડયો અને હમણાં સુધી જે તે આરથર સાથે ઉભો રહીને વાત કરતો હતો તે હવે ગભરાઇને બેસી પડયો.

"કેમ, હંમેશ જેમ તું જુઠું બોલેછ તેમ તું તે દહાડેબી જુઠું બોલ્યો કેની? તેં મને કેહ્યું કે એ નામના કોઇને તું ઓળખતોજ નથી—તેં એ નામ સાંભળ્યુંજ નથી. થોભ, વચમાં ના બોલ—કેમકે તારાં બોલવાને રતી ભારબી અગત મળવાની નથી. લે હું તુંને કેહુંછ એ કોણ છે તે; તે ડેસ્મન્ડ કારલ્યન છે, કે જેનો આય ખેતાબપર અને આય દોલતપર એકલાનો હકક છે—ને તે તું જાણેછ!"

"હું—હું—"

"ને તે તું—તું જાણતો'તો—પણ તે વાત તેં ઘણી અસુરેથી જાણી, નહીં તો, તું મને છોડી તારી કોર તેની તરફ વાળતે, ખરૂં કેની? પણ વાત એટલી હદ સુધી વધી ગઇ હતી કે તારીથી પાછાં પગલાં ભરાયાં નહીં! ને તું જાણેછ કે જાણી જોઇને ઠગવાને વાસ્તે જુઠા સોગંદ ખાવાની સજા શું છે તે? સાત નહીં તો ચૌદ વરસ! કેવો હવે બીધો? પણ તું એટલુંજ કરીને અટકયો નહીં. તેં તારા લાભનું મારી સાથે સાટું ઠોકયું, પણ ખોટા ઘોડાપર તેં સરત બકી—તું જાણે કે એજ ઘોડો પ્હેલો આવસે—તારીજ કેટને ફસાવવાના તુંને પૈસા મળવાના હતા, જે લઇને વટેણા વાવી જવાને તારો જીવ તલ

પાપડ થઇ રહ્યોછ, નહીં? તુંને પૈસા મળતાંજ મને મારૂં ફોડવા એકલો અટુલો અહીં રહેવા દેઇ તું ચાલી જવાનો વિચાર કરેછ, નહીં? બચ્ચા તુંને હું ઓરખુંછઃ તારી સોહબતમાં મેં કાંઇ આટલા દાહડા ફોકટ નથી કાઢ્યા, સમજ્યો? મુરદાં બેહેસ્ત જાઓ કે દોઝખ, તારૂં તળ્યું ટાઢું થયું એટલે બસ, એમજ કેની? તુંને ત્યારે શું નામે મારે બોલાવવો જોઇયે?"

"એ વાત સાચી નથી–એ ખોટી છે–તુંને કોઇયે બનાવ્યોછ."

"હા, તેંજ!" આરથર બોલ્યો "શું? તું હજીબી ખડો ઉભો રહીને તારી આય લુચ્ચાઇ તું નામુકર જાયછ? હું બધી વાત જાણી ચુકોછ, તોબી તું જુઠું બોલવાનું છોડતો નહીં? અરે, ઇડયટ એ કલીફૂર્ડ રેવન–એ ડેસમન્ડને હું નજરો નજર જોઇ ચુકોછ!"

"કહાં?"

ત્યાં કેટ પેલા પડદા પછવાડે બરાબર કાન કરીને ઉભી, કેમકે, જે તેણીને જાણવું હતું તે જાણવાની તક હવે આવી હતી.

"કહાં? તે હું તુંને કેહુંછ–આય તારાં નાકની બરાબર નીચે તે ઉભો રેહીને આપણી ઉપર કુદી પડવાની રાહ જોયછ. તું જાણતો'તો કે તે જીવેછ—મુગો મર! કાંઇજ બોલતો ના! મેં કહ્યુંની કે બધું હું જાણુંછ? તે તારાં ઘેરમાં આયો'તો ને તે પછી તે ત્યાંથી કેઠે દુર દરાજ નીકળી ગીયો નથી–મેં તેને સેન્ડફર્ડ આગળની પેલી ખાણમાં પડેલો જોયો, ને આજેબી તે ત્હાંજ હોસે!" મેજર આ સાંભળી ચોંકી–બીહીને ઉભો થયો ને જાણે જેની તેઓ વાત કરતા હોય તે ત્યાંજ કેઠે હોય તેમ આસપાસ જોવા પડયો.

"ત્હાં?"

"હા, ત્હાં! ગધેડા તે મારા બંગલામાં બૉલની વખતેબી તે રાત્રે આયો'તો–તું જાણેછ, સાને વાસ્તે?–કેમકે તે કેટની સાથે પ્યારમાં પડેલો છે."

મેજર ચોંકયો અને આરથર ખડખડ હસી પડયો.

"હા, મેજર, તેં પેલા કહેછ તેમ છાસમાં ઝેર ડોહોવીને આખું કુટુંબ ભુખે માર્યું છ. તેં તારી દીકરીને ભલતાજ આસામી સાથે પરણાવીછ! પણ, હવે ઇલાજ શું? કાંઇજ નહીં કેની? એતો તારૂં ચાહેલું કદી બનતેજ નહીં—તારૂં રાંધેલું આપણે ખાઇ શકતેજ નહીં, પણ એ તો કોઇ ભલાં માણસે તેને માથાંપર ફટકો માર્યો ને તે મસે તે બીછાણે પડયો ને તેમાં આપણો ઘોડો વાડ કુદાવી ગીયો—તેમાં હું જીત્યો ને તમે બેઉ બાપ દીકરી ફજેત પડયાં."

મેજરને આ બધું સાંભળી એવો તો ગુસ્સો ચઢયો કે તેનાં જોર સમેત તે પોતે ગુંગળાવા લાગ્યો.

પ્રકરણ ૩૯ મું.

"કેમ, મેજર હવે છાતીમાં ચુક પકડી આયો કે? એ વાત સાચીજ સમજજે. કેટ મારી હવે થઇ ચુકીછ—એ કે એનો બાપ આવે તો તે બાબદમાં એનું કસુંજ વળવાનું નથી—તારે ગમે તો તેની તરફ થઇ જઇ મને ફસાવ, પણ તેમ કરીને તે મારી પાસેથી મારો ખેતાબ ને મારી દોલત લેસે પણ કેટને તે નથી લઇ શકવાનો!"

"હું—હું સોગંદ ખાઇને કેહુંછ કે મેં તો એ બધું સારૂંજ ધારીને કીધું'તું. તુંજ કહેછ તેમ કેટ હવે તારી થઇછ. મેં મારો બોલ પાળ્યોછ, હવે મને ઠેડવેલા પૈસા તું આપ, ને મને જવા દે, આરથર! ને ડેસમન્ડ જો તારી ઉપર ઉલ્ટે તો તેને સમજાવી લેજે, ને તેમ નહીં સમજે તો પછી લડજે—કરસે શું? તુંને હું મદદ કરસ. તે પોતાની ઓળખ સાબેત કરી શકવાનો નથી. લાવ, મને ચેક આપ ને—"

"એ—હું એમ પુછું કે તું મને સમજેછ શું? હું તુંને ચેક આપું—તું વટાવીને પોબારા ગણી જાય—ને ત્યાર બાદ તું મદદે આવે! નહીં,

મેજર, નહીં, તે પૈસા મેળવવા તુંને ખરાં દીલની મેહેનત કરવી પડસે–તુંને તે આઇતા નહીં મલસે–તુંને તે કમાવા પડસે. હું જો ડેસમન્ડની સામે થતાં હારૂં તો મને એટલી મોટી રકમનો ડેસમન્ડને અત્યારમાં હીસાબ આપવો પડસે કે હવે બીજા વધુ પૈસા એમ નાંખી દેવાની મારી મરજી નથી! હું ધારૂંછ, તુંને મારા આય જવાબથી ઘણી નાસીપાસી ઉપજતી હોસે, ખરૂં કેની?"

મેજરનો ચ્હેરો આ સાંભળી એવો ઝનુંની થઇ ગમો કે તેની સામે જોવા નહી ગમે. જેને. તેણે ફસાવ્યો તેના હાથપર પોતેજ ફસ્યો! જેને તે ગામડયો ગમાર બેવકુફ અને ઉલ્લુ સમજતો હતો તેજ એ રીતે તેને પોતાને હંફાવે! એ તેનીથી કેમ સંખાય–કેમ ખમાય?

"આહ! હવે ડેસમન્ડ તરફ જઇને તેની સાથે સમજુતી કરવાના તું વિચારમાં પડયોછ! નહીં, હવે એ ફાંફાં છોડી દે હવે ઘણું લેટ થઇ ગીયું. હવે જેનાં મરી જવા વિશે તેં સોગંદનામું નોંધાવ્યું તેની આગળ હાથ જોડીને જવું એ કાંઇ જેવી તેવી નામોસી નહીં કહેવાય. કેટને મેં રાતે કેહ્યું તેમ—"

"શું? તેં એ વાત કેટનેબી કેહી?" મેજર બોલી ઉઠયો.

"હાજતો–મારે તેને દેખાડવું જોઇયે કેની કે જેટલો તેં ને તેણે મને મુરખ ધાર્યો તેટલો મુરખ હું નથી? એક તડાકે તેનાં માથાંપરનું અમીરી તાજ મેં ઉરાડી નાંખ્યું, મેજર, ને જે ખાદામાં તે પડી હતી તે મેં તેને બતાવી દીધો."

"ત્હારે તેં એમબી કેહ્યું કે કલીફર્ડ રેવન ખરેખરો અર્લ છે?"

"બધું–મેં તેને જરાકે જરાક વીગતથી વાકેફ કીધીછ–મારે તેની ઉપર સ્વાર થવુંજ હતું ને તેમ હું થયો!"

"હઇયો–મુરખા!" એક સરપની માફક ફુંફારો મારી તે બોલ્યો "તેં શું કીધું તેનું તુંને કાંઇ ભાન છે? એ તો તુંને ને મને બેઉને ઉંધાડા પાડસે!"

"બાપના જેવીજ બેટી હોસે તો નહીં, એ તેમ નહીં કરે" તે હસીને બોલ્યો "એ પોતાનાં અમીરી તાજને ઠોકરે મારનાર નથી એ તું ખાતરી રાખજે!"

"અરે, મુરખ! ત્યારે તેં એને હજુન ઓળખી નહીં! અમીરી તાજ? તું સમજેછ કે એવાં રમકડાંની તેને દરકાર છે કે? તું સમજેછ કે તે તેને ખાતર તારી સાથે પરણીછ કે? જા, સુઝમાં રોજા ના બોલતો–એ તો મેં તેની ઉપર દબાણ ચલાવ્યું તેથી તારી સાથે પનવા તે કબુલ થઇ; મેં તુંને કેહ્યું'તુંજ કે તે મારા કાબુમાં છે. તું ભલો ડયુક હોતે–અરે ધનેતર શાહજાદોબી તું હોતે, પણ, જો તે જાણતે કે એ બધા ઢોંગ છે તો તે બધા વૈભવને ઠોકડે મારતે! આરથર, જે ડાંખલીપર તું લટકેલો છે તે પરજ કાપ મુકવાનું તેં શુરૂં કીધુંછ! કેટને–"

"તે મારી પરણેતર છે" તે બોલ્યો "ને તેથી આપણી તરફદારી તેણે કરવીજ જોઇસે. મારી મરજી તેની મારફતે ડેસમન્ડપર દબાણ—"

"હું કેહુંછની કે તેં ત્યારે એને હજુન ઓળખી નહીં–અરે ઇનસાપ મેળવવા ને ઇનસાફ અપાવવા તે આસ્માન ને જમીન એક કરસે!"

જ્યાં તે બન્ને મુગા ઉભા અને એકમેક સામે જોયા કીધું, અને થોડીકવાર જાણે તેઓ એકમેક સાથની જીવલેણ દુશમની વટીક ભુલી ગયા હોય તેમ લાગ્યું.

"જરા ઉભો રહે, મને વિચાર કરવા દે" મેજર બોલ્યો અને કમર પછવાડે બેઉ હાથ ગોઠવી નીચી મુડીએ તે તે ઓરડામાં ફેરા ખાવા લાગ્યો, પછી તે એકદમ ઉભો રહી જઇ આરથરની સામે જોઇ બોલ્યો "હજુરબી કાંઇ બગડયું નથી. વારૂં કેટ હમણાં કહાં છે?"

"પોતાના રૂમમાં" આરથર, જે તરફ તે રૂમ આવ્યો હતો તે તરફ ડોક કરી બોલ્યો.

"હવે એને તપાસવી જોઇયે" મેજર બોલ્યો "કેમકે એ એવી

છોકરી છે કે જયાં સુધી તે સાચી વાત શું છે તે જાહેર કરશે નહીં ત્યાં સુધી તે જંપીને બેસવાની નથી. જા, એને મળ. નહીં, ઉભો રહે, હું જ જાઉં. આય મકાનમાંથી તે બાહાર નીકળવી જોઇતી નથી, કે તેની તરફનું કોઇ કાગળ બાહાર નહી જાય તેની સંભાળ રાખવી જોઇયે—અરેરે આરથર, આય તેં શું કાચું કાપ્યું? આપણે ઇલાજ તો લઇયેછ ને તેટલાં ઘણું અસુરૂં થઇબી ગીયું હોસે! તે કહે નહીં ત્હાં સુધી આય બધી વાત ડેસમન્ડને માલમ પડવાની નથી."

"ત્યારે તું જા ને તેને મળ" આરથર ગભરાઇને બોલ્યો "મેં કાલે એને કેહ્યું તેમ કહે કે તારી સલામતી—તારી જીંદગી જોખમમાં છે. મારૂં નામ તો દેતોજ ના—મને એ ધીકકારેછ, પણ તું જેમ કહેશે તેમ એ જરૂર કરસે—એને આપણી સાથે મળીને કામ કરવા સમજાવ."

અને તે બે સેતાનના મળત્યાઓ ત્યાં એકજ બાજુએ ગોઠવાઇને કાંઇ ધુસ ધુસ મસલહત કરતા બેઠા.

કેટને તો હાલ કલીફર્ડ રેવનનો પત્તો કયાં હતો તે જાણવાનું હતું, એટલે જયાં તે છુપાઇ હતી ત્યાં હવે તે વધુ વાર થોબેજ શું કામ? તેણીને કાને તે કલીફર્ડ રેવનનું હાલનું સરનામું પડતાંજ તે જેવી રીતે આવી હતી તેવીજ રીતે ઉપર ચઢી જઇ પોતાના રૂમમાં તે દાખલ થઇ. જેટલો વખત તે સ્ક્રીન પાછળ ઉભી રહી તેણીના બાપ અને આરથર કારલ્યનની નીચ ઠગાઇની વાત સાંભળતી હતી તેટલા વખતમાં હવે તેને જો કલીફર્ડ રેવનનું સીરનામું મળે તો તેણીએ કેમ કામ લેવું તે વિશે તેણીએ પોતાને મનસે નક્કી કરી રાખ્યું હતું.

આ નેહેસ્ત મકાનમાંથી નીકળી જવું, ડેસમન્ડ કારલ્યનને શોધી કાઢવો, જે તેણી જાણતી હતી તે બધું તેને કહેવું અને તેનો હક્ક મેળવવામાં તેને પોતાની બનતી મદદ આપવી એ તેણીનું હવે પ્હેલું અને અગત્યનું કામ હતું. તે પછી તેણીનું શું થાય તેની તેણીને થોડીજ

દરકાર હતી. તેણીને ખબર હતી કે એ બેઉ ઠગારાઓ તેણીના રસ્તામાં ઘણી હરકતો મુકશે, અને તેથી જે તેણીને કરવાનું હતું તે કરવા માટે તેણની બાહોશીનો પુરતો ઉપ્યોગ કરવો પડશે.

મેરી તેણીની રાહ જોતી બારણાંમાંજ ઉભી હતી.

"ઓ બાઇ," તે પોતાની બાઇને દેખતાંવાર બોલી ઉઠી "તમે એમ હેપ જેપ કરસો તો સીક થઇ જસો—વરી કાંઇ થયું કે? મારી મદદની કાંઇ જરૂર છે કે?"

"હા, મેરી, તારી મદદની તો મને ઘણીજ જરૂર છે—મારે આય મકાનમાંથી ચાલી જવુંછ."

"ઓ બાઇ! વાત એટલી બધી વધીછ?"

"હા—મારે ચાલીજ જવુંછ, અને તેબી એકદમ ચાલી જવુંછ—મારે લૉર્ડ કારલ્યનને કે કોઇને જણાવ્યા વગરજ ચાલી જવુંછ."

"પણ, બાઇ સાહેબ—"

"મેરી, મારી મુસ્કેલી મેં ધારી'તી તે કરતાં વધારે વધી ગેઇછ—હવે મને તું મદદ કર! મારે આય કપડાં કાઢી નાખવાંછ—ને તારાં કપડાં મને પ્હેરાવ."

"મારાં કપડાં, બાઇ?" મેરી અજબ થઇ બોલી.

"હા! પણ મને હવે પુછ પુછ ના કરની તો! હું કેહુંછ તેમ બસ કર—લાવ, તારો બાહાર ફરવા જવાનો ડ્રેસીંગ ગાઉન લાવ, ને કેહું તેમ કર, જલ્દી!"

પેલી છોકરી જાણે 'હીપ્નોટાઇઝ' થઇ હોય તેમ મુગી મુગી કેટે ફરમાવ્યું તેમ તાબે થઇ.

"ચાલ જા, હવે તારી ટોપી ને જેકેટ લઇ આવ."

તેબી તે છોકરી ઝટ દોડીને લઇ આવી, અને કેટે તે તેના હાથમાંથી ઝુટવી લઇને પોતે તૈયાર થઇ ગઇ.

"ચાલ હવે મારો ડ્રેસીંગ ગાઉન તું પ્હેડી લે ને આય કોચપર

સુઇજા—એ લોક બેઉ યા તો લૉર્ડ કારલ્યન કે મારા પપા કોઇબી મને અહીં શોધવા આવશે, સમજી કે? તું જાણે ભર ઉંઘમાં હોય તેમ પેલી ગમ કોરવાલી આય રગ માથાં સુધી ઓઢીને સુઇ રહેજે—એટલું મારે ખાતર કરસે કેની? જો, મેરી તારીપર કેટલો બધો હું વિશ્વાસ રાખું છ?"

"હા બાઇ હું ખુશીથી તમે કેહોછ તેમ કરસ, પણ તમે જાવોછ કહાં?"

"જહાં મને કોઇબી છેડી છંછેરી નહીં શકસે તહાં—મેરી તારીપર મને પુર ભરસો છે—તું બીહીતી તો નથીની?"

"નહીં બાઇ, જરાબી નહીં—તમુને દરેક મદદ કરવા હું એક પગે છેઉં—પણ મને કાંઇ સમજ નહીં પડતી કે એ બધું શું બની ગીયું?"

"ઠેંક યુ, મેરી, ખુદા કરે ને મારી ઉપરની તારી આય માયાનો બદલો વાળી આપવાનો મારો વખત જલ્દી આવે! ચાલ હવે સુઇ જા, તુંને બીજું વધારે કાંઇજ કરવાનું નથી."

તેણે તે છોકરીને ઉતાવળે કીસ કોટી કીધી અને પછી જાળી મોંહપર બરાબર નાંખી કેટ નીચે ઉતરી અને હોલમાંથી બાહાર પસાર થઇ ગઇ.

દશેક મીનીટ બાદ મેજરે ઉપર આવી કેટના રૂમનું બારણું ઠોકયું. તેમાંથી કશો જવાબ ન મળતાં તેણે તે બારણું જે અળગુંજ બંધ હતું તે ઉંઘાડયું અને તે અંદર દાખલ થયો, અને કેટના જેવુંજ કોઇને કેટના પલંગપર સુતેલું જોઇ તે પાછો નીચે ઉતરી પડયો.

"કાંઇ ફીકર નહીં" તેણે કારલ્યનને કાને લાગી કહ્યું "પેલી ઉપર પોતાના રૂમમાં સુતેલી છે."

અને તેથી કેટની ગેરહાજરી અંતે જયારે જણાઇ આવી ત્યારે અલબત ઘણુંજ મોડું થઇ ગયું હતું.

મેજરજી તે ઉઠીછ કે નહીં તે જોવા જ્યારે પાછો ઉપર ગયો ત્યારે જોયછ તો તે રૂમ ખાલી હતો–તેમાં કોઇજ ન હતું! કેમકે મેરી, મેજર ત્યાં પ્હેલો આવી ગયા પછી, ઉઠીને બાહાર ચાલી ગઇ હતી.

પ્રકરણ ૪૦ મું.

લૉર્ડ કારલ્યનનાં પાર્ક લેનમાં આવેલાં તે મકાનને પાછલે દરવાજેથી કેટ બાહાર નીકળી કે તેણીએ છુટકારાનો એક દમ ખેંચ્યો. હવે ગમે તે થાય, પણ હાલને કાજતો તે તદ્દન છુટી હતી. હાલ તુરત તેણીનાં મગજમાં જે એકનો એક વિચાર હતો તે હક્કદારને તેનો હક્ક અપાવવાને લગતો હતો એટલે તેણીને બીજો ત્રીજો વિચાર કરવાની હાલ ફુરસદજ નહીં હતી એમ કહીશું તો ચાલશે. ખરો અર્લ ડેસમન્ડ કારલ્યન હતો અને તે ખબર તેને કરવાની તેણીની પ્હેલી ફરજ હતી. બાકી તેની સાથે કે કોઇનીબી સાથે તેણીને કામ શું હતું? તે એક લુચ્ચા ઠગારા સાથે પરણી હતી, કાયદાની નજરમાં તે આરથર કારલ્યનની પરણેતર હતી; પણ તેમ નહીંબી હતે તો જે શખ્સ તે બોલવાલી રાત્રે તેણી પ્રત્યે પોતાનો પ્યાર જાહેર કરી એક અડધા કલાકમાં તેજ રાત્રે કોઇ બીજી સાથે હાથમાં હાથ ભેળવી આતશબાજી જોતો ઉભો રહે તેવાની સાથે પોતાનું નસીબ જોડવામાં તો પેણામાંથી નીકળી ચુલુલામાં પડવા જેવું થાય એમ તેણીએ ધાર્યું.

તેણીને ખબર હતી કે અગ્યારેક વાગે એક ટ્રેન લંડનનાં સ્ટેશનથી સેન્ડફર્ડ જવા ઉપડતી હતી, અને તેમાં જો તેણી વગર હરકતે–વગર અટકાવે બેસી જવા પામે તો ચારેક કલાકમાં તો તેણી પોતાનું ચાહ્યું કામ પાર ઉતારી પરવારી જાય–પછી તેણીનું જે થવાનું હોય તે થાય. બસ કલીફર્ડ રેવન આગળ જઇ, પોતાને મોંઢે તેને કહેવું કે અર્લ કારલ્યન તે પોતે છે, એ તેણીની હાલ મોટાંમાં મોટી ઉમેદ હતી!

'એટલું સારૂં થયું કે ઉતાવળમાં તેણી પોતાની પાકેટ લેવાને ભુલી નહીં હતી, અને તેથી રસ્તે પડતાં ઝટ તેણી એક ગાડી બોલાવી વૉટરલુ સ્ટેશને જઇ પ્હોંચી, જયાં ત્રેન આવી પુગતાં તે ખુદાનું નામ દઇ ત્રેનમાં ગોઠવાઇ ગઇ. ત્રેનને માટે જેટલો વખત તેણીને ખોટી થવું પડયું તે વખત કેમ ગયો તેની તેના જીવને અને તેના ખુદાનેજ ખબર હતી! દર પલે તેટલો વાર તેનો વર યા તેનો બાપ ત્યાં આવી લાગવાની ચીંતામાં તે બેઠી હતી પણ તે છતાં મનસે તેણીએ નક્કી કરી રાખ્યું હતું કે તે બેમાંનો કોઇ યા તે બન્નેબી ત્યાં આવે તો પોતાની મતલબમાં તેણીએ પછાત પડવું નહીંજ.

જેવી ત્રેન સેન્ડફર્ડના સ્ટેશનમાં દાખલ થઇ કે તેણીની છાટીમાં આંકરૂં ભરાઇ આવ્યું. ગઇ કાલેજ એક ઉમરાવની પરણેતર દાખલ તે ત્યાંથી લંડન જવા ઉપડી હતી અને તે વખતે તેણીનો પોતાના ખાવીંદ પ્રત્યે જો કે પ્યાર જરાબી ન હતો છતાં પરણેતર તરીકેની દરેકે દરેક ફરજ બજાવવાનો મનસે પકકો કસદ કરતીજ તે તેની પાસે ગોઠવાઇને બેઠી હતી-અને આજે? તેજ ઉમરાવની તે ફકત નામનીજ પરણેતર હતી જે પોતાના ધણીને નામથી બદનામ કરવા-તેને એક લુચ્ચા દગારા દાખલ જાહેર કરવા તે ધણીનું ધામ છોડી ચોરી છુપીથી ત્યાં ચાલી આવી હતી.

આ ખ્યાલથી કાંઇક હીંમતી બાળાઓ આજેજ થઇ પોતાની હીંમત છોડી મુકે, પણ કેટ એક સાધારણ કીસમની અબલા હતીજ નહીં. તેણીને દાગાથી સપડાવવામાં આવી હતી-ફકત એવીજ નીચ મતલબથી કે તેને ફસાવી એકહાથ કરનારાઓ જે એક બીજા હકકદારનો હક્ક લુટી તેને રખડતો કરવાની મતલબ સાંધતા હતા! તેમાં તેઓને તે મદદ કરે! અને એ વિચારથી તેણીને પાછી હીંમત આવી ગઇ.

તે ત્રેનમાંથી ઉતરી અને તેણીએ ધારણ કીધેલા પોષાક અને મોંહપર નાંખેલી જાડી જાળીની બરકતથી તેણી કોઇનુંબી ધ્યાન ખેંચ્યા

વગર સ્ટેશનની બાહાર નીકળવા પામી અને પેલેજ દર્યે ફીનારે જ્યાં કલીફર્ડ રેવનનો અને તેનો છેલ્લો મેળાપ થયો હતો તે રસ્તે ચાલી આવી, અને જે રસ્તે કલીફર્ડ રેવન પેલી ખાણમાં જવા ઉતર્યો હતો તે રસ્તે તે ચાલતી થઇ.

એક દુઃખથી ઘેરાયલો ઇનશાન એક ઠેકાણે બેસીજ રહ્યો હોય તેનાં કરતાં તે જે વખતે ચાલતો હોય ત્યારે તેને ઘણા વિચારો સુઝે છે, તેમ કેટના બાબમાંબી બન્યું. તે પગ વાટ કાપતી ગઇ અને નીચે ઉંડાણમાં જોતી ગઇ, જેમ કરતાં તે એકાયક થોભી અને તે મોટાં અઘોર ઉંડાણમાં નજર કરી તે વિચારવા લાગી કે કાંય નહીં તે તેનું ધારેલું કામ પુરૂં કરી ત્યાં પાછી આવી તે ઉંચા જ્યેથી નખાવી દઇ પોતાની બધી જહેમતનો તે અંત આણે? પણ તેણી પોતાની મતલબ પાર પાડી રહે ત્યારે કેની? હાલ તુરત જયારે તેણીને માથે એક પવિત્ર ફરજ લટકેલી હતી તે વખતે એવો વિચાર તે શું કરવાનો? એમ વમાસી તે પાછી ચાલતી થઇ.

હાલ સમીસાંજ થવા આવી હતી એટલે તે ખાણમાં બધેજ સુમ સામ હતું અને પેલી બંગલીના ચુલાની ચીમનીમાંથી નીકળતા ધુમાડા અને ત્યાંથી ઉડી જતાં એકાદ પંખીની પાંખ ફડફડવાના અવાજ સિવાય બીજી વસ્તી ત્યાં કશીજ નહીં હતી.

તે પગવાટ ઉતરી રહેતાં તેણી ખાણને રસ્તે સીધી ચાલી જવા કરતી હતી પણ તેટલાં તે ચમકીને ઉભી; કેમકે, ત્યાં સામેજ એક ખડકના મોટા ગંજાવર કકડાપર જેની તે શોધમાં આવી હતી તેજ બેઠેલો તેણીને જણાયો.

તે પોતાનું માથું પોતાના હાથોમાં મુકી દર્યા તરફ ટીકતો એવો શાંત અને સ્થિર બેઠો હતો કે તે નહીં પણ તેનું તેજ ખડકાળા પથ્થરમાંથી કોતરી કાઢેલું પુતલું હોય તેમ લાગતું હતું. તેણીએ જોયું કે તેનો ચ્હેરો ફીકકો અને લેવાયલો હતો, અને તેના હાથ તેના ચ્હેરાને

બરાબર જવાબ કરતા રંગના અને તેબી પટલા અને લેવાયલા હતા, અને તેની આંખો ઉપર તેણીની નજર પડતાં તેને માટે તેણીનાં હૈયાંમાં દયા ધાઇ આવી.

આટલે સુધી તે છોકરી હિંમત ધરી વધી આવી હતી પણ હવે અજબ કે ત્ય તેની સામે તે રજુ થતાં તેણીએ હીંમત મુકી દીધી; પણ તે એકાદ બેજ પલ, કેમકે પછી તે મકકમ પગલે તેની આગળ આવતી ગઇ. તે એવા તો ઉંડા વિચારમાં ગીરફતાર હતો કે તેણીના ચાલવાનો અવાજ વટીક તેને કાને ન આવ્યો. તે છેક તેની આગળ આવી અને પછી તેણીની હાજરીની તેને કાંઇ કુદરતી બશારત થઇ હોય તેમ તેણે પોતાનો ચ્હેરો ઉંચકી તેણીની તરફ જોયું; અને જાણે તેની સામે તેજ ઉભી હતી એમ તેની અક્કલ માનવાને સાફ નાજ પાડતી હોય તેમ એકાદ પલ તે વિચારમાં પડ્યો, અને પછી તુરતજ તેનો ચ્હેરો હતો તે કરતાં વધુ ફીક્કો મારી ગયો અને જાણે રખે તે જતી રહે એવી બીહીકથી તેણે તેણીનો હાથ પકડ્યો.

"કેટ!" તે બોલ્યો.

એટલું બોલી તે ઉઠ્યો, પણ પાછો બેસી પડ્યો, અને મન શાંત કરવાનાં તેણે ફાંફાં માર્યાં, જેમ કરવામાં તે જરા વારે ફત્તેહ પામ્યો અને ઝટ ઉઠી તેણીની સામે ટોપી ઉતારી તે ઉભો.

કેટથી તો કાંઇ બોલાયુંજ નહીં, એટલે નીચી મુંડી કરી તે-તેની હૈયાંની મુરતી-પણ જે મુરતી અને પોતા વચ્ચે તેણે પોતેજ ખોદીને એક ઉંડો ખોહ બનાવ્યો હતો તે-ની સામે સ્થિર ઉભીજ રહી. તેનીથી 'કેટ' કરીને બોલાઇ ગયું હતું અને તેને મોંઢેથી તે નામ સાંભળતાંજ તેણીનાં આંગમાં કાંઇ અજબ, નહીં સમજ પડે તેવી લાગણીનો રેલો પ્રસરી રહ્યો.

"માફ કરજો લેડી કારલ્યન, પણ તમારો અહીં દેખાવ એટલો અચાનક અને અચબુચ હતો કે—હું તો જાણું કે તમે હાલ લંડનમાં

હશે" પછી તેણીની તરફ બીહીતાં બીહીતાં નજર કરી તેણે પુછ્યું "શું છે? તમારા પપા કેમ છે?"

તેણે તેણીને 'શું છે?' કરીને સવાલ પુછ્યો ખરો, પણ, તે ચગોર અને સમજુ હોવાથી તેણીને જોતાંજ તેનું મગજ ઠણક્યું હતું.

"મારા પપા સારી કાંની છે" તે બોલી.

"તે તારી સાથે અહીં તેવણ આયછ કે લૉર્ડ કારલ્યન આયાછ?"

"નહીં હું એકલીજ આવીછ."

"એકલાં? અહીં, સેન્ડફર્ડમાં એકલાં? એટલે—એટલે કાંય? તેની મને સમજ પડતી નથી ને—"

"હું જરા અહીં બેસું?"

આ તેને મનસેની ચીંતાતુર ઘડીએબી તેણીનાં સુખ સગવડનો તેને ખ્યાલ થયા વગર રહ્યો નહીં અને ઝટ તેણે પોતાનો કોટ ખેંચી કાઢી પેલાજ પથ્થરપર પાંથર્યો.

"નહીં, આ નહીં" તે બોલી, કેમકે, તેની એ ગમે તેવી નજીવા સમયસુચકતાએ તેણીનું હૈયું ભેદાયું. પણ તે જાણે કોઇ પોતાની મતા—જેની ઉપર પોતાનો હકક તે—ને હોકમ કરતો હોય તેમ તે ખડકપર તેણે હાથ કીધો અને તે જાણે કોઇ ખુદાઇ હુકમને તાબે થતી હોય તેમ તુરત ચાલી આવીને તે ખડકપર ગોઠવાઇ.

"ચાલો હવે બોલો" તે તેણીની આગળ ઉભો અને તેણીની તરફ જોઇ બોલ્યો "શું બન્યુંછ તે મને કેહો; તમે અહીં કાંય ચાલી આયાં? પણ સબુર કરો, જરા થોભો!" એમ કહી તે તેણીની આગળથી ચાલી ગયો અને પોતાની પેલી બંગલીમાં ભરાયો.

જરા વારમાં તે ઠંડા પાણીનું એક તમબલર લઇને આવ્યો. તેણીએ તે ઉપકાર માંની ગરીબ ગાયની માફક મુગી મુગીએ લીધું અને તેમાંથી થોડું પાણી પીધું. તેણીનો જીવ હવે શાંત થયો અને તેને પોતાની પાસે એક પાહાડના તારથી ઉભેલો જોઇ તેણીએ ખરેખર

સાચાં દીલથી પોતાને મનસે જોઇ લીધું કે આરથર કારલ્યનને ખાવીંદ તરીકે કબુલ કરવામાં તેણીએ કેવી ગંભીર ભુલ કીધી હતી.

"તમે મી૦ ઉડને મળવા આયાંછ કે મને?"

"હું તમુને મળવા આવીછ."

"મને મળવા? ત્યારે તમારે મને કાંઇ કહેવુંછ? તમે કાંઇ મુસ્કેલીમાં છેવો, લેડી કારલ્યન?"

"હા, હું મુસ્કેલીમાં છેઉં–ને મારે તમુને કાંઇ કહેવાનું છે–મને તમે લેડી કારલ્યન કરી બોલાવતા ના."

તે હવે ચોંકયો–ઘડીભર તેનો ચ્હેરો લાલ થઇ રહ્યો, પણ પાછો હતો તે કરતાં તે વધું ફીકકો પડી ગયો.

"અફ્સોસ, પણ મારે તો તમુને એજ નામે બોલાવવાં જોઇએ! તમે હજી તો ગેઇ કાલેજ પણ્યાં––"

"હા, હું ગેઇ કાલેજ પરણી" તે બોલી અને તેની આંખોમાં એટલું બોલતાં જે પલપલ્યાં ભરાઇ આવ્યાં તે લુછી નાંખવા તેણીએ આંખોપર હાથ ફેરવ્યો.

"ખુદાને ખાતર તમે રડો ના!" તે ગળગળતે સાદે બોલ્યો "મને કહો શું થયું તે, ને મારીથી બની શકતી હું તમુને મદદ કરસ. તમારી સાથે તમારા વર લૉર્ડ કારલ્યન કેમ નથી? તમુને લંડનથી અહીં સુધી એવણે એકલાં આવવાજ કેમ દીધાં હોસે!"

"હું આવીછ તે તે જાણતો નથી–હું તેનો આશરો છોડી આવીછ!"

"તેવણનો આશરો છોડી આયાંછ? તેણે એવું તે શું કીધું?"

"તે મારી સાથે ઠાગો રમ્યોછ–પણ હું કાંઇ અહીં મારી વાત કરવા ને મારા રોદરા રડવા નથી આવી, હું તમારી વાત––"

"મારી વાત? હું શું તમારી બીસાદમાં? તમે આરથરને–લૉર્ડ કારલ્યનને છોડી આયાંછ તમે કહોછ? ત્યારે તમે તેની સાથે પરણ્યાંજ કાંય?"

"કાંય કે હું દેવાની થઇ ગયલી હતી!"

"આય બધું હું ખરૂંજ સાંભળુંછ કે કાંઇ સ્વપ્નું જોઉંછ તેની મને સમજ નથી પડતી. ગેઇ કાલે હજી તો તું અરે-તમે પણ્યાં ને આજે અહીં એકલાં! ઓ ખુદા! એ કેમ ખમાય? કાંય, તમે એ પગલું કાંય લીધું? મને વગર મૌતે વવાણીને મારી નાંખવા અહીં કાંય આયાં? તમુને ખબર નથી કે એ બાબદમાં મારી કેવી હાલત છે તે? હા, તું-અરે તમે જાણોછ તે-તમે જાણોછ ને બધો વખત જાણતાં'તાં કે હું તમુને ચાહતો'તો! હવે તો મને મારી ભુલ માફ કરી મારીપર દયા કરો! મેં તો મારી જબાંને તાળુંજ મારેલું હતું પણ તમેજ જ્યારે આજે મારી નજર સામે આવીને ઉભાંછ તો હું બોલું નહીં તો શું કરૂં? તમે કે જેમને હવે કદી નહીં હું જોવા પામું એવી મેં, મારા ખુદાને બાર દુવા નોંધાવી હતી!"

આ બધું તે એવાતો ભરેલે ટોટે અને ગળગળતે સાદે બોલ્યો કે કોઇ કસાઇનું હૈયું ગળી ને મોમ થઇ જાય! ત્યારે કેટની શું હાલત થઇ હશે તેનો તમો વાંચનારાંઓજ વિચાર કરી લેવો.

"મને માફ કરજો લેડી કા-નહીં, તમે મને ફરમાવ્યુંછ તો એ નામે તમુને નહીં બોલાવસ-મને માફ કરજો-ફરીથી એ કીસમે તમારી આગળ બોલસ નહીં. હવે મને કેહો કે તમે કાંય અને કેમ તેને છોડી આયાં? તમુને તેણે કયી રીતે, કેવી રીતે અને શામાં ઠગ્યાં?"

"તે ચોર છે-બદમાશ છે-ઠગારો છે-લુટારો છે-બે ઇમાન--"

"બસ-બસ-બસ બાપરે, પછી?"

"તેનાં પાખંડ મેં જાણી લીધાંછ; તેણે પોતેજ તે મારી આગળ કહ્યાંછ-ને હું તેને સદાને વાસ્તે છોડી આવીછ."

"ને એ તમુને આજેજ માલમ પડયું કે?"

"ગેઇ કાલે; એની સાથે પણ્યા પછી થોડાજ કલાકમાં! મેં તમોને કહ્યુંની કે હું મૅડ હતી તેથી તેને હું પરણી" તેણીએ

બોલવું ચાલુ રાખ્યું. "હું જાણુંછ તમારાં મનમાં શું હમણાં વીચારો દોડેછ તે–એ વિચારો એમ તમારાં મગજમાં દોડે તેમાં તમારો વાંક શું? આખી દુન્યા મને પોતાને ખેતાબ અને પૈસાપર વેચાવા માટે તકસીરવાર ધારેછ!"

"નહીં, નહીં! દુન્યા ગમે તે ધારે! પણ હું તો નહીંજ! એ તમારાં લગનજ કેમ થવા પામ્યાં તે મારે મનસે એક ઉખ્યાણાં જેવું છે. મેં તો કાંઇ તમારી આય ખરાબીમાં ભાગ નથી બજાવ્યોની? તે રાત્રે પેલા ઝરૂખાપર જ્યારે તમે મને કેહ્યું કે હવે ઘણું અસુરૂં થઇ ગીયું હતું ત્યાર પછીથી હું કાંઇ તમારી આડેબી આયોછ? હું તો સમજીજ ગીયો'તો કે તમારો બાપ––"

અને ત્યાં તેણીએ પાછી પોતાની ડોક નીચી કરી નાંખી જે જોઇ તે બોલ્યો "આહ! ત્યારે મારી અટકળ ખરીજ પડી!"

"નહીં, તેમ નથી–તમે મને મળી ગીયા પછી મને તો એવી હીંમત આવી ગેઇ કે તેની સાથનો એ સંબંધ હું તોડી નાંખતે પણ–પણ–ઓ! હું તમુને કેમ તે વાત કેહુ?"

"કેહો! મને તે વાત કેહો–મારે તે વાત જાણવીજ જોઇયે! હવે શરમા શરમીની જરૂર નથી–હવે આપણે આપણું તો હાંણી રેહ્યાં–હવે મને કેહો, તમે એ કામ કાંય કીધું?"

"તમારે લીધે!" અંતે તે બોલી.

"મારે લીધે?"

"હા" તેણીને હવે કાંઇ ઓર કીસમની હીંમત આવી ગઇ–તેણીએ જોયું કે જે કામસર તે ત્યાં આવી હતી તે પુરૂં થયું કે તેને એની સાથે વધુ કામજ શું હતું? એટલે પછી જે તેણીએ ખુલાસો કરવો હતો તે તેણી કરી દેય ને નહીં કરી દેય એ બધું સરખુંજ હતું "મેં–મેં તમુને તમે મારી આગળથી ચાલી ગીયા પછી ઝરૂખાપરથી એક ખુબસુરત છોકરીના હાથમાં હાથ ભેળવીને આતશબાજી જોવા ઉભેલા જોયા

ને મારૂં મગજ ફરી ગીયું"

આ સાંભળી તે વિચારમાં પડયો અને પછી એકાયક તે દેખાવની તેને યાદ આવી એટલે તેણીએ ખેંચેલાં એ બેહુંદાં અનુમાન માટે ખડખડ હસી પડયો.

"નેલી! મારી ગરીબ ગાય નેલી! ને તમે સમજ્યાં કે તમુને ઠગવા જેટલો હું નીચ હતો! એટલો બધો નીચ તમે મને માની લીધો કે એક ગમ મારૂં હૈયું તમારાં કદમ આગળ મુકું ને બીજી ગમથી—"

નહીં, તેનીથી આગળ બોલાયુંજ નહીં, કેમકે, એટલુંબી બોલતાં તેનું હૈયું ભરાઇ આવ્યું.

"એ ગરીબ છોકરીને એક વ્હાલી બેહેન કરતાં કશીજ વધારે હું નથી સમજ્યો! ઓ, કેટ, કેટ!–તેં આય શું ખરાબી કીધી?"

પ્રકરણ ૪૧ મું.

તે મુગી મુગી શરમાઇને નીચું જોતી બેસીજ રહી, પણ કશુંજ બોલી નહીં. બેઉ થોડીકવાર ચુપ રહ્યાં.

"આપણી બેઉની જીંદગીની તેં ધુળ કીધી" તે ઘણીજ નાઉમેદીથી બોલ્યો "ને એમાં તારો એકલીનોજ નહીં પણ તકદીરનો હાથ હતો! તું જાણેછ કે તેજ રાતે તારી આગળથી હું ગીયો તે વખતે મને કોઇયે માથાંપર જખમ કીધો ને હું દાહડાના દાહડા બેભાન પડી રેહ્યો! નહીં તો હું તારી આગળ એકવાર ફરીથી આવતે! ઓ, ખુદા, તકદીરની આય કેવી હાથ તાળી!"

"હા, હવે હું સમજુંછ, પણ તે શું કામનું!" તે બડબડી.

"હવે શું કામનું! ખરેખર, શું કામનું! હા, આપણાં બેની જીંદગીનું સુખ તો હવે નહીં પાછું મેળવાય, પણ ઇનસાફ ને કીનો! એ બે માટે હજી કોઇ વાતે મોડું નથી થયું. તારા બાપને—પણ,

નહીં; તેને હું કરૂંબી શું? તે તારો બાપ છે!"

"કાંઇજ નહીં, હવે તમે તેને કાંઇજ કરી શકવાના નથી—તમારે કીનો લેવો હોય તો તે મારીપર લેવો; વાંક બધો મારોજ છે! મેંજ ઉધ્ધતપણાંથી તમારી ને મારી બેઉની જીંદગીનો નાશ કીધોછ—નહીં, મારી એકલીનીજ જીંદગીની હું વાત કરૂં તો બેહેતર, કેમકે, તમે તો હજુનબી સુખી થઇ શકસો—ને ઇનસાફબી તમારા હકકને લાજમ છે, ને તેથીજ કોઇ વાતનોબી વિચાર કીધા વગર તમારી આગળ, તમુને ખરી વાત કેહી દેવા હું એકલી તમુને શોધતી અહીં આવી."

"ખરી વાત! કેયી ખરી વાત!" તેણે બેદરકારપણે પુછ્યું.

"હા, તે ખરી વાત એકે તમે ખરા અર્લ ઓફ કારલ્યન છેવો—તમે કલીફર્ડ રેવન નહીં, પણ ડેસમન્ડ કારલ્યન છેવો, ને મારો પેલો વર જે ખેતાબ અને દોલત પચાવી બેઠોછ તેના તમે ખરા હકકદાર માલેક છેવો!"

ના તે એ ખબર સાંભળી ચોંકયો કે ના તેના ચેહેરાનો રંગ કોઇ રીતે બદલાયો, જે જોઇ તેણીનો ચેહેરોબી શોકાતુર બની રહ્યો.

"તમે એ વાત જાણુતા'તા?" તેણીએ પુછ્યું.

"હા, તે હું જાણુતો'તો."

"તમે તે કયારે જાણ્યું?"

"જે રાત્રે મેં તારી આગળ મારો પ્યાર જાહેર કીધો ને તુંને મારી પરણેતર થવા મેં અરજ કીધી તેજ રાત્રે. તેજ રાત્રે મેં આરથર કારલ્યનને જોયો ને મેં જાણ્યું કે અર્લ એ નહીં, પણ હું હોવો જોઇયે."

"ને તમે એ વાત છુપાવી કાંય?" તેણીએ તેને પાછો સવાલ કીધો.

"તું ભુલી ગેઇ મેં તુંને કેહ્યું તે? તેજ રાત્રે મારીપર કોઇયે જીવલેણ હુમલો કીધો ને તે મસે અઠવાડયાંઓ સુધી હું બેભાન

હાલતે પડી રેહો—ને તેથી મારો હક્ક માંગી તારા હાથની અરજ કરવાનો મને વખતજ નહીં મળ્યો. ઓ, કેટ—જ્યારે મેં જાણ્યું કે આય રીતે મારો દાહાડો ફરી ગીયોછ ત્હારે તો મારો હરખ માયો સમાયો ગીયો નહીં! એ બધું, મારો દરજ્જો ને મારી કુલે દોલત તારાં કદમ પાસે મુકવા મારો જીવ કેવો તડપી રહ્યો'તો!"

"હવે હું સમજી—ઓ, હું કેવી આંધળી—કેવી આંધળી હોવસ" તે બડબડી અને તેની તરફ ફરીને બોલી "પણ હવે તમે જાણ્યું કેની? હવે તો તમારો હક્ક તમે સાબેત કરશો કેની? હમણાંજ, આજેજ?"

"ને તારાં માથાંપરથી એ અમીરી તાજ ઉતારી નાંખું?"

"મારાં માથાંપરથી?" તે ગુસ્સાભર બોલી ઉઠી "તમે એમ ધારોછ કે જે મારૂં હક્કનું નહીં તે હું રાખું? તમે એમ ધારોછ કે કાળે મોંઢે દુન્યાનો સામે રજુ થઇને હસ્તી હું ઉભી રેહું?—ત્હારે તમે મને ઓરખીજ નહીં, શું પ્યાર—નહીં! સચ્ચાઇ એકદમ હવે જાહેર થવીજ જોઇયે. ફકત તમુને ઇનસાફ આપવા ને તમારો હક્ક તમુને અપાવવાના વિચારેજ મને મારાં આય અગાધ દુઃખમાં ટકાવી રાખીછ! આજેજ રાતે—નહીં તો ઘણું તો કાલે સહવારમાં સારી જગને માલમ પડવું જોઇયે કે ખરા અર્લ ઓફ કારલ્યન તમેજ છેવો—પેલો નહીં!"

"દુન્યા એ વાત કોઇ દાહાડે જાણશે નહીં," તે ધીમે સાદે બોલ્યો "એ વાત તું—હું—ને તેના સિવાય કોઇ કદી જાણશે નહીં!" ત્યાં તે અબલા એક છલાંગ મારી ઉઠીને ઉભી થવા ગઇ પણ તેણે તેને ધીરેથી પકડીને પાછી બેસાડી "જરા ધ્યાન દઇ મારૂં સાંભળ—ધીરજ રાખ, કેમકે જે તું કહેછ તે બને નહીં તેમ છે. બે દાહાડા અગાઉ જ્યારે તું મીસ કેટ મેડીસન હતી તે વખતે તેં આય સલાહ મને આપી હોતે તો તે હું એકદમ કબુલ કરતે; કેમકે, ત્યારે, મેં આગળ કેહ્યું તેમ મારા જાન અને મારાં જીગર સાથે મારી દોલત અને મારો અમીરી

ખેતાબ તારા પગ પાસે મુકતે. હવે મારે મનસે એ બધાંની કશીજ કીંમત નથી. કીંમત! અરે મારૂં એ નામ સાંભળી હવે મને કંપારી છુટેછ—મારી જીંદગી વટીક બચાવવા મને એ ખેતાબ ને એ દોલત લેવાની જરૂર હોય તોબી તે હું નહીં કબુલ રાખું—નહીં! હજીબી એ ખેતાબ ને દોલત એ બધું તેનું ને તારૂંજ છે."

"ને તમે સમજોછ કે આય ગેરઇનસાફ એ અગાધ પાપનો ડંખ મારીથી સહેવાસે? અરે, આય બીજા એક કલાકમાં તો એ સાચી વાત કહેવા બધે હું ફરી વળસ—જે જે મરદો ને ઓરતોને હું ઓળખુંછ તે લોકને ઘેરેઘેર ભટકીને જે બધું જાણુંછ તે હું—"

"ને તારી બધી એ મેહેનત ફોકટ જશે" તે બોલ્યો "તું શું એમ ધારેછ કે એ બધી બાબદનો વિચાર કીધા વગરજ હું આય સેવટપર આયોછ? ગેઇ કાલેજ મેં જયારે જાણ્યું કે મેં તુંને સદાની ખોહી દીધીછ ત્યારેજ મારૂં માથું ઠણકયું'તું કે ખરી વાતની તુંને જાણ થતાંજ તું આવાં કાંઇ પગલાં લેશેજ, ને મેં મારાં મનસે પકકો ઠેડાવ કરી રાખ્યો કે ગમે તે થાય—ત્યાંનો ખુદા અહીં ઉતરીને આવી મને સમજાવે—પટાવે—ધમકાવે—દુઃખ દેય—મારે—ફાડે—તોબી તેની પાસેથી તેનો અમીરી દરજજો મારે નહીંજ છીણવી લેવો!"

"તેમ કરવા સિવાય તમારો છુટક નથી રહેવાનો" તે બોલી "કેમકે મેં કેહ્યું તેમ તો હું કરવાનીજ ને મારીથી ખરો અર્લ કોણ છે તે આખી દુન્યા જાણસે ને—"

"ને આખી દુન્યાની મગદુર નથી કે જે હું લેવા ના પાડું તે જબરદસ્તીથી મારે ગળે ઓળવે! જો કેટી, તું ધીરજ રાખ ને હું કેહુંછ તે સાંભળ, આજથી તે મારૂં મોત આવશે ત્યાં સુધી હું કલીફર્ડ રેવન તરીકેજ મારો વખત—"

"નહીં, કદી નહીં!" તે ટટણખાર ઉભી રહી તેની સામે આંખોમાંથી અંગાર ફેંકી બોલી અને ઘડીભેર કલીફર્ડબી બીધો કે એ છોક-

રીમાં આવું ઝનુંન અને આવું જોમ કયારથી પેદા પડયું હતું "તમારી મગદુર નથી કે તમે એમ કરો–કાયદો તમુને તે ફરજ પાડશે ને મને જરૂર જણાશે તો હું કાયદાનો આસરો લેવસ!"

"એક ઇનશાન જે લેવા નહીં ચાહે તેને કાયદોબી ફરજ પાડીને આપી નહીં શકે. હું ડેસમન્ડ કારલ્યન છેઉં એમ કોઇજ કબુલ કરવાનું નથી. ડેસમન્ડ કારલ્યન તો વર્ષો અગાઉનો મરી ગીયોછ, ને તે હૈયાત છે એમ તારીથી કે કોઇથીબી પુરવાર થઇ શકવાનું નથી; ને મારી એ ખોટ મને મારા આય એકાંતવાંસમાં કશીજ માલમ નથી પડવાની! ને ખુદા કરશે તો રફતે રફતે તારીબી યાદ મારાં મગજમાંથા ભુલૈ જસે–નહીં, નહીં, મને લાગેછ કે તેમ બનવું ઘણું મુસ્કેલ છે, કેટ, કાંઇ નહીં, તું મારી આગળ આવતી જતી રહેજે–મને મળતી ભેટતી રહેજે ને–ને––" એટલું બોલી તેણે પોતાની જેકેટનાં ગજવાંમાંથી શીલીંગ કાઢી તેને માનથી તેણે કીસ લીધી.

આ દેખાવ કેટથી ખમી શકાય તે કરતાં ઘણો વધારે થઇ પડયો અને દુ:ખની એક ચીચ્યારી પાડી તે તેના પગની પાસે ઢગલો પુંજો થઇ પડી.

"અરે–અરે" તે બીચારી રડી પડી અને બોલી "આય મેં શું કીધું? જરા થોબી હોતે–હું જરા થોબી હોતે! ઓ, મારીપર દયા કર, ડેસમન્ડ, મારીપર દયા કર! ઓ મારાં જીગર, મારા જાન, હું ખરેખર તે વખતે મૅડજ હતી!"

તે હાડે હાડ ધ્રુજતો આ દેખાવ જોતો ઉભો. એ દેખાવ જોઇ તેની છાટી ફાટીજ ગઇ. જેને તે જાનથી જીવથી ચાહતો હતો તે તેના પ્યારની આરજુ કરતી તેના પગ પાસે પડી હતી! પ્રિય વાંચનાર તે એક ઇનશાન હતો, તે લોખંડ કે પથ્થરનો ટુકડો નહીં પણ હાડ–માંસ અને ચામ ધરાવનાર ઇનશાન હતો અને તેના પગ પાસે પડેલી તે લાલચને જો હાલ તે ઘડીભર વશ થયો હોય તો તેમાં કાંઇ નવાઇ ન હતી એમ સમજી

તારે તેને દરગુજર કરવી લાજેમ છે.

"કેટ, મારી વ્હાલી, મારા જાન!" તે બોલ્યો અને તેને બગલમાંથી પકડી ઉઠાડી ને પોતાની છાટી સાથે વળગાડી તેને જેમ તેમ તેણે ઉભી રાખી અને પછી તેની આંસુંના રેલાએ ભીંજાયલી ડોક ઉંચકી તેપરનાં આસું તેણે પોતાના હોઠે લુછી નાંખ્યાં "નહીં, બીહીના, ગભરા ના—હજીબી કાંઇ ઘણું અસુરૂં નથીજ થયું! જો હું અહીંજ છેઉં! તું મારાં પાસાંમાં છે! તુંને હું ચાહુંછ—ના જતી, તુંને જવા નથી ગમતું તો પાછી તેની આગળ ના જતી, તું અહીં મારી આંખ થઇને રહેજે—મારાં અંધારાં દીલનો રોશન ચેરાગ થઇને રહેજે! ને આપણે બેઉ સાથે કેઠે દુર દરાજ નીકળી જઇશું—મારાં જીગર, મારી રાણી!" તેણીનાં કપાળપર વીખરાઇને પડેલા વાળ બાજુ કરી તે ઉપર કીસ લઇ તે બોલ્યો "ના રડ—ના રડ—તારાં આંસુંનું એકેક ટીપું મારાં જીગરપર તાવેલાં સીસાંના સો—સો ટીપાં માફક ટપકેછ. લે જો, મારી ગમ જો—હું અહીં તારી આગળજ છેઉં—ચાલ, મને કહે, તું મને ચાહેછ? બોલ જોઉં, તારે મોંદેથી એ એકરાર હું સાંભળવા ઇંતેજાર છેઉં!"

"હા, હા, તુંને—તું મારા વ્હાલાનેજ હું ચાહુંછ" એટલું બોલી તેણીએ પ્યારના અવેશમાં આવી જઇ પોતાના હોઠ તેના હોઠ ઉપર મજબુત—ઘણાજ મજબુત દાબ્યા.

"અરે, અરે, ડારલીંગ! હવે તું ના રડ નીતો!" તે બડબડયો "હજુનબી ખુદા સૌ સારૂં કરસે! જ્યાં સુધી આપણે એકમેકને ચાહેછ ત્યાં સુધી આપણને કોઇથીબી બીહીવાનું નથી ને હું તારી પડખે ખડો છેઉં. ઓ, મારી વ્હાલી, મારાં જીગર, મારી રાણી, મારી ધણ્યા—" તે એક ચોકકસ બોલ જે બોલવાનો તેને જરાબી હક્ક નહીં તે તેનાં મોંહમાંથી અચાનક નીકળી પડયો અને તે ચોંકયો. એ 'ધણ્યાણી' નો બોલ તેનાં અતઃકરણમાં ખુંટી બેઠો, અને તેને શુધ્ધિ આવી. તેની

ધણ્યાણી! તે તેના પિત્રાઇ આરથરની જ્યાં સુધી પરણી મોહોરદાર હતી ત્યાં સુધી તે તેની ધણ્યાંણી કહેવાયજ કેમ? એ તેણે શું ઉલ્લુપણું કીધું? એક જખમી થયલાં જનાવરના જેવો અવાજ તેનાં ગળાંમાંથી નીકળ્યો અને તેણે તેણીને પોતાની આગળથી ખીસાડીને બાજુ કરી દીધી, અને પોતેબી જરા દુર જઇને ઉભો.

"યા ખુદા! એ મેં શું કીધું?" તે પસ્તાઇને બોલ્યો "મેં એ શું કીધું? મને ખુદા કેમ માફ કરશે? કેટ, મને તું તો માફ કરજે! તારૂં દુઃખ મારાં હૈયાંથી નહીં ખમાયું કરીને મેં મારી જબાં જહાંન્નમ-માં નાંખી! આપણા વચ્ચે ઉભેલા પાહાડની યાદ મારાં મગજમાંથી ખસીજ ગેઇ—ખુદા આપણી ઉપર દયા કરી મને મારી આ આંધળી હુલ્લડાઇ માફ કરે! મારી વ્હાલી, મારાંમાં હજી કાંઇ શકતી બાકી છે તેટલાં તું સીધાર ને દુવા ગુજારતી સીધારજે કે આપણે *હવે કદી એકમેકને મળ્યે કે જોઇયે વટીક નહીં!"

"તું? તું મને તારી આગળથી હંકેટી કાઢેછ?" તેણીએ નીરાશ નાચાર થઇ પુછ્યું.

"હા! કેમકે મારે તારો વિચાર—તારી ઇજ્જતનો વિચાર—તારાં નામનો—તારાં માન—તારા મરતબા અને તારાં પરણ્યાં ઇમાનનો વિચાર પ્હેલે કરવો જોઇયેછ! ઓ, કેટ, તું ખાતરી રાખજે કે મારી જીંદગીનો છેલ્લામાં છેલ્લો દમ તારી પ્યાર ભરી યાદનોજ હું ભરસ—પણ આપણા વચ્ચેનો મેળાપ! તે હવે નહીંજ બને તેમ છે; ચાલ, આવ એમ કહી તેણે તેનો હાથ લીધો અને તે ઉપર માનથી ચુંબન કરી તે બોલ્યો "અંહીંથી બાહાર જવાનો તુંને રસ્તો દેખાડું."

તે ઉઠીને ઉભી થઇ.

"તારી આગળથી મને તું હાંકી કાઢેછ?" તે ફરીથી બોલી.

"હા, મારા તારે માટેના ઘણા જોરાવર પ્યારના ખડક સાથે તારી જીંદગી અફળાઇને તે ચુરેચુરો થઇ જાય, તે કરતાં હું તુંને મારી

આગળથી મોકલી દેઉં તેજ બેહેતર છે!" તે બોલ્યો "ચાલ, આવ." હમણાં લંડનની ટ્રેન એક અહીંથી ઉપડસે" એક આદમી પોતે પોતાનેજ મોતની સજા ફરમાવતો હોય તેવે અવાજે તે બોલ્યો "ને તે ટ્રેનમાં તું જા—"

"કહાં? લંડન–પેલાની આગળ?"

"હા, કેમકે તે તારો પરણ્યો ખાવીંદ છે—"

"નહીં, કદીબી નહીં!" તે બુમ પાડી ઉઠી.

"ત્યારે તારા બાપ આગળ જા! ગમે ત્હાં જા, મારી આગળ તો તારીથી નહીંજ રહેવાય!"

"હા, જેમ તારી મરજી–હું તુંને તાબે છેઉં" તે બોલી.

તેણે તેણીના હાથમાં પોતાનો હાથ ભેરવ્યો અને તે બન્ને થોડુંક ચાલ્યાં, તેટલાં તે રસ્તાનો એક વાંક લઇ બે આદમીઓ તેઓની સામા આવી ઉભા.

તેઓ મેજર મેડીસન અને લૉર્ડ કારલ્યન હતા!

પ્રકરણ ૪૨ મું.

તે લોકને જોઇને કલીફર્ડ રેવન ઉભો રહી ગયો અને એક ઝટકે કેટને પોતાની પાછળ ખેંચી લીધી કે જેથી તે પોતે કેટ અને પેલા બેની વચ્ચે ઉભો રહ્યો.

એકાદ બે પલ તે બેઉ ટોળકી એકમેકને ટીકતી મુંગી ઉભી. મેજર લાલ લાલ થઇ આવી હાંફતો હતો, કેમકે તે બેઉ સ્ટેશનથી ઉતાવળે ચાલતાજ ત્યાં આવ્યા હતા! પણ આરથર કારલ્યન શાંત અને ઠંડો હતો અને હવે તેણે કેમ કામ લેવું તેની તેને ખબર હોય તેમ તેનું મગજ ઠેકાણે લાગતું હતું.

"મારી વ્હાલી દીકરી કેટી" મેજરે પોતાની ચાપલુસીની પીછી

હસીને ચોપડવા માંડી પણ આરથર કારલ્યને તેને બાજુમાંથી પકડી ખીસાડી નાંખ્યો.

"કેમ તું અહીં છેની?" તે ઝનુંની બની બોલ્યો "હું જાણુતો'તોજ કે તું અહીંજ હોસે! તુંને શરમ નથી આવતી? તુંબી ત્યારે એક આબરૂવાલી ઓરતનો નમુનોજ પુરવાર થઇછ, કે ચાલતી ચાલતી આવી જગ્યાએ ને આવાં માણુસ આગળ આવીને તું ઉભીછ!"

કેટ કલીફર્ડના કબ્જામાંથી પોતાનો હાથ છોડવી લેવા જતી હતી, પણ કલીફર્ડે તેને જેમ હતી તેમજ પકડીને ઉભી રાખી.

"મારી વ્હાલી દીકરી કેટ" મેજરે ફરીથી શુરૂ કીધું પણ વચમાં પાછો કારલ્યન બોલી ઉઠયો.

"એની મતલબ શું તે હું જાણવા માંગુંછ? મેંબી બેશર્મીના ઘણા દાખલા જેયાછ પણ આવી બેશર્મી મેં કદી જેઇ કે જાણી નથી. તું કાંઇ ઘેલી તો નથી ની? અહીં જે: આય તારા બાપ ને હું તુંને અહીં સુધી લેવા ખાસ ત્રેનમાં આયાછ—એમ નાસોગોસો રમવાનું તુંને કાંઇ કારણ?"

"મેહેરબાની કરીને એ સવાલનો જવાબ મને આપવા દેવો" કલીફર્ડ હવે શાંત અને સ્થીર અવાજે બોલ્યો "લેડી કારલ્યન મને મળવા—મારી સાથે વાત કરવા માત્ર અહીં—"

"હા, તેતો હું સમજીબી ગીયો ને મેં માન્યુંબી!" આરથર મસ્કેરીની ઢબે બોલ્યો "ને તું સેતાન કોણ છે?" તે કલીફર્ડનાં આંગપર ધસીને બોલ્યો.

મેજર અને તે, જે કેટને લંડનથી ઉપડી જતી અટકાવવામાં તેઓ નહીં ફત્તેહ પામે તો ખાણમાં જઇ કલીફર્ડને ખુબ ડરાવી ધમકાવી બધી વાતે તેને જુઠો પાડી સઘળી વાતનો ઇનકાર કરવાનો તે બન્ને ઠેડાવ કરીને આવ્યા હતા.

ડેસમન્ડે ધિક્કારથી પોતાના પિત્રાઇ ગમ જેયું અને આરથર

કારલ્યન ગભરાયલો દેખાયો.

"મારૂં નામ કલીફર્ડ રેવન છે" તે હજીબી ઘણાજ ધીરા અવાજે જરાબી ઉશ્કેરાયા વગર બોલ્યો "હું લેડી કારલ્યનનો દોસ્ત છેઉં અને તેવણ મારી આગળ મારી સલાહ અને પોતાની સંભાળ માટે આયાંછ."

આ સાંભળી તેં બેઉ લુચ્ચાના પીરો—તે આરથર કારલ્યન અને તે મેજર—એકમેકની સામે જોવા લાગ્યા. કલીફર્ડ રેવન અને લેડી કારલ્યન? એ બે નામ તેણે વાપર્યાં હતાં, તો શું કેરે હજી તેને ખરી વાતથી વાકેફ નહીં કીધો હશે? પણ, મેજરની છાટીનાં પાટયાં બેસવા લાગ્યાં, કેમકે જો કોઇ વખત નહીં તો હવે આરથરને જોયા પછી ડેસમન્ડ પોતેજ અર્લ છે એમ તેને કોઇના કહેવાની કશીજ જરૂર રહી નહીં હોવી જોઇયે.

"તારી સલાહ લેવા ને પોતાની સંભાળ શોધવા તારી આગળ આવીછ?" આરથર બોલ્યો અને આ સઘળું બોલતી વખતે 'ઘર પકડ મુઝે જોર આતા હય' તેવો તેનો જો કે હીસાબ હતો પણ વળી રખેને કલીફર્ડ એકાદ સોલ્ટીંગ ઝાડી કાઢી તેને બે ગોલાંટ ખવાડે એ ધાસ્તી તેની છાતીમાં મોજુદ તો હતીજ "ને તારીજ આગળ એ કાંય આવી? તુંને ખબર છે કેની કે હું લૉર્ડ કારલ્યન એનો ખાવીંદ છેઉં તે?"

"હા, મને તે વાતની ખબર છે" ડેસમન્ડ બોલ્યો.

"ત્યારે એક પરણી ઐરી જેની સાથે તે પરણીછ તેનું ઘેર ને તેની પનાહ છોડીને પોતાનાં લગનની બારવનેજ એક પારકા માણસ આગળ સલાહને માટે આવે એ તું શું તેને માટે મલાજાભર્યું ધારેછ કે?"

"હું ધારૂંછ કે લેડી કારલ્યને એ કામ ડાહાપણ અને ખુદાએ ઐારત જાતને બક્ષેલી મગરૂરીને અનુસરીનેજ કીધુંછ" ડેસમન્ડ જરા અવાજ હવે બદલીને બોલ્યો.

"તું એમ ધારેછ? તું જાણેછ કે લેડી કારલ્યન મારી સાથે

પંચાતી કરીને નાહસી આવીછ તે? ને તું–તું મારી ને તેની વચ્ચે આવવાની શેખી કરેછ?"

"લેડી કારલ્યન ને તેવણુના તારા જેવા ખાવીંદ ને આના જેવા બાપની વચ્ચે આવવાની હું શેખી કરૂંછ, હા!"

"અહીં જો! તું કોણ છે તે હું જાણુતો નથી ને જાણવાની દરકાર રાખતો નથી. હું જોઉંછ કે મારી બૈરીપર તારૂં કાંઇ દબાણ છે ને–ઓ ખુદા! તે મને જરા જલ્દી માલમ પડયું હોતે તો બેહેતર થતે."

"તે તો તમે જાણી ચુકયા'તા!"

"હું તારી સાથે વધારે વાત કરવા માંગતો નથી–હું કેટની સાથે વાત કરૂંછ. કેટ તારા બાપ ને મારી સાથે આવવા તું રાજી છે? આય તારી નાલેસીભરી ચાલથી તુંને શોભા—"

"લેડી કારલ્યન, તમે મુગાં રહેજો, તમે કાંઇજ જવાબ આપતાં ના" કલીફર્ડ તેણી તરફ ફરીને પુર ગંભીરાઇથી બોલ્યો.

કેટ તદ્દન સ્થિર ઉભીજ રહી.

"એમ કે?" લૉર્ડ કારલ્યન કલીફર્ડની આ બેદરકારીભરી વર્તણુંકથી હદબાહાર તપી આવી બોલ્યો "તારો મારગ, કેટ તેંજ પસંદ કીધોછ. તારા પરણ્યા ખાવીંદને તજી તું આય માણુસ આગળ આવીછ. તારાં આય પગલાંથી તું રાજી હોય તો મારે વધારે કાંઇ બોલવું નથી. મારે પછી ઇનસાફ મેળવવો હોસે તો છુટા છેડાની કોર્ટના દરવાજા ખુલ્લા છે, વાસ્તે તુંને હજીબી બે મીનીટ વિચાર કરવાની આપુંછ. તારે આય માણુસને છોડીને મારી સાથે ઘેર આવવુંછ? નહીં તો કાલે મને કોર્ટનો આશરો લેવાની ફરજ પડસે."

એમ કહી તે પોતાનું ઘડીયાલ કાઢી બે મીનીટનો ટાઇમ ગણુતો ઉભો.

કેટબી જયાં હતી ત્યાં થંબ થઇને ઉભીજ રહી.

આરથરે પોતાનું ઘડયાલ પાછું ગજવામાં ગુસ્સા સમેત મુકી

દીધું અને બોલ્યો–

"નહીંજ કેની? ઠીક ત્યારે–છુટા છેડાની કોર્ટમાં જઇ તુંને છુટી કરૂં તો તુંને ઉલ્ટું ફાવીતું પાસે–કાંય નહીં કાયદાથી તુંને અહીંથી ખસવાની ફરજ પાડું? મેજર, જરા તું અહીંજ થોબજે હું હમણાં કાનસટેબલને લઇને આઉંછ."

એટલું બોલી તે ત્યાંથી ચાલતો થતો હતો, પણ તેટલાં ડેસમન્ડના વાઘ જેવા પુકારે તે થંબ થઇને ઉભો.

"આરથર! અહીંથી ખસ્યોછ તો જાનથી તુંને મારી નાંખસ!" ડેસમન્ડ બોલ્યો અને આરથર ચોંકીને ફીકકો મારી ગયો "તુંને ઇનસાફ જોઇયેછ કે? જોઇતો હોય તો તુંને તે પેટ ભરતો મળશે. આય બાનું મારી સંભાળ હેડળ આવીછ ને તેને હું મારી બનતી સંભાળ તળે રાખસ ને તેમ કરતાં જો તુંને દુન્યા સનમુખ ઠગારા તરીકે જાહેરબી કરવો પડશે તો તેમ કરવાને હવે હું ચુકસ નહીં!"

"હું ઠગારો!" આરથર મશ્કેરીની ઢપે બોલ્યો.

"હા, તું–તું–આરથર કારલ્યન ઠગારો–થોબ! હમણાં ચું કે ચાં ના કરતો, નહીં તો મારો મીજાસ મારા કાબુમાં નહીં રહેસે–તુંને ધમકી આપવાની ફરજ તેં મને પાડીછ! આય બાઇ જે કમનસીબે તારી ધણ્યાણી થવા પામીછ તેને હેરાન કરવા જરાબી તું કોશેશ કર ને જે ખેતાબ મારો તું પચાવી બેઠોછ તેના હક્કનો દાવો કરવા તુરતા તુરત હું પગલાં લેવસ ને આજ સુધીનો તારી પાસે હીસાબ માંગસ!"

આરથરે હસી પડવાના ઢોંગ કીધા.

"એટલે? તું શું બકેછ? તુંને તાપતો નથી આવતીની? હું અર્લ નહીં? ત્યારે કોણ?"

"હું!" ડેસમન્ડ શાંત રહી બોલ્યો "કાંઇ બોલતો ના–હું તુંને ચેતવણી આપુછ કે તારો એકેક બોલ મારૂં હૈયું કઠણ કરી મને વધારે ઘાટકી બનાવેછ ને તેમ જો થયું તો પછી તારે વાસ્તે આય જગ્યા

તો શું પણ આય આખી ફરતી ધરતી ગરમ આગ થઇ જસે! સાચી વાત શું છે તે તું જાણેછ ને તેં તે કબુલબી કીધુંછ—પેલો રહ્યા તું ચોરનો ભાઇ ધંટી ચોર! તું જે હાલ ખેતાબનો માલેક થઇ બેઠોછ તે ખેતાબ તેં લુચ્છાઇથી મેળવ્યોછ ને જે એક જન જેની હાજરીમાં દમ વટીક ખાવાને તું લાયક નથી તેને તેં દગાથી મેળવીછ. માત્ર મારી તરફનો એક બોલ ને તું એક પીછાંની માફક ફુંકાઇ જતો રહેસે ને જે ચોકકસ સરતો તારી સાથે એ મારો ખેતાબ ને મારી દોલત તારી પાસેજ રહેવા દેવાના બદલામાં હું કરવા માંગુંછ તે જો કરવા તેં ના કેહી તો હું એવું કરસ કે આય ધરતીપરથી તારૂં નામ નિશાણ નાબુદ થશે. હું ડેસમન્ડ કારલ્યન, અર્લ ઓફ કારલ્યન છેઉં તે તો તું જાણેછ."

આરથરે બોલવા ઘણુંબી ચાહ્યું પણ તેની જબાંજ ઉપડી નહીં.

"એ ખેતાબ અને દોલત જેનો હુંજ એકલો હકકદાર છેઉં તેની મને રતી ભારબી દરકાર નથી. મને ફકત આય છોકરીનાં સુખની ફીકર ને કાળજી છે ને તેથી મારી શરતો આય છે: આય બાઇને તારે આજથી કશી વાતે હેરાન કરવાં નહીં—તેવણપર તારે કે તેવણના બાપે પોતાના હકકનો દાવો કરવો નહીં—તેવણ જેમ ગમે તેમ ફરે હરે, જ્યાં ગમે ત્યાં જાય તેને માટે તારે કે તેવણના બાપે કશોબી વાંધો લેવો નહીં—એવણની સાથે પત્ર વ્યવહાર તારે રાખવાની કોશેશ કરવી નહીં—એવણ કયાં છે કયાં નહીં તે તારે કે તેવણના આય બાપે જાણવાની કશીબી કનવાર કરવી નહીં—મારી આય જાગીર જમીન અને બીજાં કશાંમાંથીબી જે આવક થાય તેનો અડધો ભાગ તેવણના પોતાના વપરાસ માટે તેવણના સોલીસીટરને દર મહીને તારે પ્હોંચાડયા જવું—આય મારી શરતો છે જે બોલે બોલ પાળવા તું કબુલ થાય તોજ તારી પાસે મારો આય ખેતાબ અને મારી દોલત રહેવા દેવું—બોલ, કબુલ છે? ચાલ બોલ જલ્દી—હા કે ના?"

વાઘના તારથી ત્યાં આવી ચઢેલા આરથર કારલ્યન માટે આ કાંઇ જેવી તેવી નામોશીની વાત હતી? જે પેટી કેટને અને કલીફર્ડને બંધ કરવા તેણે ઉઘાડી તેમાં તો તે પોતેજ બંધ થઇ જતો હતો! જે ખંજર તેણે કલીફર્ડને અને કેટને મારવા ઉગામેલું તેની અણી કોઇ એજગબી શકતીને આધીન થઇ તેનીજ છાટી તરફ ફરી ગઇ હતી!

"હા" તે બોલ્યો અને તે બોલતાં તેના જીવપર છુરી ફરી હતી.

ડેસમન્ડને દરેક રીતે હંફાવી તેને પુરો પડવાનો તે ઠેડાવ કરી આવ્યો હતો પણ તે હતોજ જાતે હીચકારો-જો ડેસમન્ડ કોઇ કારણે જરા નબળો પડી જતે તો તે તેની ઉપર ઘોડો કરવા ચુકતે નહીં, પણ ત્યાં તો જે દરમાં કરચળું સમજી તે પકડવા તેણે હાથ નાંખ્યો તેમાંથી એક નાગજ ફુંફારા મારતો બાહાર નીકળી આવી ફુંફારા મારતો તેની સામો ઉભો હતો!

વળી 'હા' કહેવામાં તેની એક બીજી અંદરખાનેની મતલબ હતી. ડેસમન્ડ કેટલી હદ સુધીનો ભલો, ભોળો અને નિખાલસ દીલનો હતો તેની તેને ખબર હતી એટલે તેના એ બધા સદગુણોનો લાભ લઇ મોડે વ્હેલે તેનાં પેટમાં ભરાઇ તેને સમજાવી લેવાની તે આશા રાખતો હતો, એટલે હાલ તુરત 'હા' કહીને બાજી સંભાળી લેવામાંજ તેણે ડાહપણ જોયું હતું, કેમકે 'ના' કહેવાથી ડેસમન્ડે પોતે વર્ણવેલી બધીજ ધમકી તે પાર પાડી શકસે એમ તેની પોતાનીબી ખાતરી હતી. અને તેથી તેણે ડેસમન્ડની શરતો કબુલ તો રાખી પણ તે કબુલ રાખતાંબી તેની સામે ઉભેલા તેના હમનબરદને તાણો માર્યા વગર તેનું મેલું મન ધરાયું નહીં.

"હું હા તો કેહુંછ, પણ મને તારી એ શરતો ઓર તરેહની ને વિચીત્ર લાગેછ. હું જોઉંછ કે મારી બૈરીનાં સુખની કાળજી તુંને વધારે છે, ત્યારે, મારે એમ સમજી લેવું કેની કે એ તમારી પાસેજ રેહશે?"

ડેસમન્ડ આટલે સુધી જે શાંત હતો, તે માત્ર બાહારથીજ હતો-

અંદરથી તો તે ગરમ આગ થઇ રહ્યો હતો અને હજીબી પેનો આરથર પેલી શરતોની નામોશીના બદલામાં તેને પોતાને કાંઇ અપસોષન કહેતે તો તે જરૂરજ સહન કરી જતે, કેમકે તેને તો હાલ તરત કેટનીજ સલામતી અને સુખ હૈયે હતાં, પણ, આ છેલ્લો વાક્ય જે મતલબથી આરથર બોલ્યો હતો તે તેનેથી નહીંજ સાંખી શકાયો અને તેથી તે એક વાઘની માફક ઉછળીને આરથર આગળ ગયો અને તેટલાં જો કેટ ચીચ્યારી પાડી ઉઠી નહીં હતે તો અમને લાગે છે કે હાથના એક જરબેજ આરથરની જીંદગીનો અને તેથી કરીને આ વારતાનોબી છેડો આવી જતે. તે ઉછળીને આરથરને ટોટે બાઝયો અને જેવો તેણે તેને મારવા હાથ ઉંચકયો કે કેટે એક ભયાનક ચીસ પાડી અને તે તેને મારતાં તો અટકયો પણ ગળચીમાંથી પકડી તેને તેણે દુર ફેંકી દીધો.

"નીચ કુતરા!" ડેસમન્ડ દાંત પીસીને બોલ્યો "ચાલ, ચાલી જા અહીંથી, મારે કશી શરત કરવી નથી, નાપાક! જા, મારી નજર આગળથી દફેથા, નહીં તો હમણા હું શું કરી નાંખસ તેની મને સમજ પડતી નથી" પછી તે મેજર તરફ ફરીને બોલ્યો "લઇજાવો એને—એના જાનની સલામતીની દરકાર તમુને હોય તો એને મારી નજર આગળથી દુર કરો."

મેજર ધ્રુજતો ઠહરતો જ્યાં તે દુર જઇને ઉભો હતો ત્યાંથી નજીક આવ્યો.

"ચાલ, આરથર હવે આપણે જઇયે" તે બોલ્યો "એવણે તુંને કાંઇ ખોટી માગણી નથી કીધી—ચાલ, ખુદા ખાતેર! અહીં ઉભા રહીને આપણે શું કરવુંછ?" પછી કાને લાગી તે બોલ્યો "તું ચાલ તો ખરો પછી આપણે એને આપણો હાથ બતાવસું."

આરથર જે ડેસમન્ડના આંચકાથી જમીનપર પછડાઇ પડયો હતો તે હવે ઉઠીને ઉભો થયો અને પોતાનો કોટ ટોપી અને કાલર પખોડી બરાબર કરી મેજરનો હાથ પકડી તે બેઉ—કેટ અને ડેસમન્ડ—તરફ ડોળા ઘુરકી ચાલતો થયો.

પ્રકરણ ૪૩ મું.

તે બન્ને મુજીઓ–તે લૉર્ડ કારલ્યન અને મેજર મેડીસન–વાઘની માફક આવી કોહલાંની માફક ચાલી ગયા અને કેટ, ડેસમન્ડ સાથે એકલી પડી. ખરેખર, જે હાલતમાં તે હાલ હતી તેવી સાંકડી નાજુક હાલતમાં કોઇબી અબલા આજ સુધી મુકાઇ હોય એવું તેણીને યાદ નહીં આવ્યું.

જે મરદ બચ્ચાને તે ચાહતી હતી તે તેણી અને તેણીના પરણ્યા ખાવીંદની વચ્ચે આવ્યો હતો, એટલુંજ નહીં, પણ, તેણીપરના તેના પ્યારને વશ થઇ તે પોતાની દોલત, પોતાનો દરજ્જો એ સઘળું ફેંકી દેવા તૈયાર થઇ ગયો હતો અને તેની સાથે તે હાલ એકલી પડી હતી!

તેનો પરણ્યો ખાવીંદ જે દરમ્યાન પોતાનો રકાસ કરી રહ્યો હતો તે બધો વખત તે પોતે, જેને તે ચાહતી હતી તેની ઉપર પોતાનો અખંડ વિશ્વાસ મુકી, ચુપ અને શાંત ઉભી રહી હતી, પણ હવે? હવે શું કરવું અને કેમ કામ લેવું તેના વિચારોથી ગભરાઇ જઇ તે પેલાજ ખડકપર બેસી પડી.

આખર કરેને આરથર કારલ્યન તેણીનો પરણ્યો ખાવીંદ ખરો કની? ત્યારે તેણીએ અખત્યાર કરેલી આ વર્તણુંકને બાહારની દુન્યા શું નજરે જોશે અને તેણીનું શું થશે?

લગભગ એજ ખ્યાલોને મળતા આવતા વિચારોમાં કલીફર્ડ રેવન મશગુલ હતો.

તેણે તેણીને તેના જાલેમ ખાવીંદના બસમાંથી બચાવી હતી ખરી. પણ હવે તેની પાક અસ્મત અને તેણીના પાક નામની સલામતી તેને સંભાળવાની હતી, અને તેથી જો તેણીને તેણે પોતાની આગળ એકલી ઘડીભરબી રહેવા દીધી તો એ બેઉ તેણીની કીમતી મીરાસની ધુળધાંણી થઇ જવાની એ તેને માલમ હતું! પણ ત્યારે તેણીને તે છોડેબી કેમ? એકલી અટુલી વાયજહાંન એકલી તેને તે મોકળેબી કયાં અને તેણા જાયબી કયાં? એ ઉખ્યાણું તેને નહીં સમજ પડે તેવું લાગ્યું.

તે ત્યાં કમર પછવાડે હાથ ગોઠવી મુંડી નીચે કરી પોતાના વિખરાયલા વિચારોને એકઠા કરવા અહીં તહીં ફર્યો અને પછી એકાયક તેણીની આગળ આવી તેણીનાં ખભાંપર હાથ મુકી તે બોલ્યો–

"કેટ, તું બીહીતી તો નથી ની?"

"બીહું? શાને વાસ્તે?"

"પેલાથી તો તું હવે સલામત છે" તે બોલ્યો "હાલ તુરત તેની તુંને ફીકર રાખવાની કશીજ જરૂર નથી. પણ આપણને જે વિચાર કરવાનો છે તે ભવિષનો છે–તેં હવે શું કરવું તેનો કાંઇ વિચાર કરી રાખ્યોછ? માફ કરજે મારી વ્હાલી, પણ મારે તારો વિચાર પ્હેલે કરવાનો છે!" તે ઘણાજ પ્યારથી બોલ્યો.

"નહીં, મેં કશોજ વિચાર આગમજથી નથી કરી રાખ્યો–હવે કહાં જાઉં તેનાજ વિચારમાં હું છેઉં–મારૂં કોઇજ નથી ને કેઠેબી મારે જવું તો જોઇયે; તેની આગળ તો હવે મારીથી જવાયજ નહીં."

"નહીં–તે તો હુંબી કેહુંછ કે તેની આગળ હવે તું જાય તેનાં કરતાં મોત ભલું–ઓ, કેટ! તુજ જો કે એક ભુલ–માત્ર એક ભુલથી—"

"મને ના ધમકાવો–ના ગુંગળાવો!" તે કળવાઇને બોલી ઉઠી.

"તુંને ધમકાઉં ને તુંને ગુંગળાઉં? નહીં વ્હાલી એવી કોઇ ધમકી કે ઠપકાને વાસ્તે મારાં હૈયામાં જગ્યાજ ખાલી નથી–તે તારે વાસ્તેના પ્યારથી એટલું છલા છલ ભરાઇ ગીયુંછ કે તેમાં કોઇ બીજી લાગણીનો સમાવેશ કરવા જેટલી તેમાં જગ્યાજ નથી! હા, તેનાં એકાદ ખુણાંમાં દયા–તારે અને મારે માટેની દયાની લાગણી કદાચ સંકોચાઇને બેઠી હોય તો તે હું કેહી નથી શકતો!"

"ત્યારે, હવે હું જાઉં?" તેણીએ તેની તરફ જોઇ તેને પુછ્યું.

"પણ કહાં?"

"કેઠેબી! દુન્યા આટલી બોહોલી છે તો શું મને કેઠે જગા નહીં મળસે? તેનીથી ને–ને—"

"તેનીથી ને મારીથી દુર તારે જવુંજ જોઇયે, તું એમજ કહેવા જતી'તી ની? હા! તું કહેછ તે ખરૂંજ છે! કેમકે, મેં તુંને કેહ્યું તેમ મારે તારાં નામ ને તારી ઇજતનો વિચાર સૌથી પ્હેલો કરવો જોઇયેછ! દુન્યાની નજર સામે તુંને બદનામ કરવા કશુંબી બાંહાણું મારે તેને આપવું જોઇતું નથી. મને તારૂં નામ—" પણ આગળ બોલતાં અચકી પડી તે નીચી મુડીએ ઉભો રહ્યો—તે હવે કયાં જાય? કોણ આગળ જાય?

તેટલાં તેણે પાછું ઉંચે જોતાં તેની નજર તેની આગળ આસ્તે આસ્તે ચાલીને આવતા એક પટલા અને એકવર્યા આકારપર પડી. તે નેલી હતી અને તેને જોતાંજ ખુશાલીનો એક પુકાર કરી તેણી તરફ તે દોડી ગયો.

નેલી તે બેઉને સાથે જોઇ શરમાઇને દુરજ અટકી ઉભી હતી. પ્યાર પ્યારને ઓળખે અને ઓળખાવે, તેમ તેણીએ કેટને ઓળખા કાઢી અને બાકીનું બધું તે ચેતી ગઇ હતી.

"નેલ!" ડેસમન્ડ તેની આગળ જઇ ઉતાવળે બોલી ઉઠયો "તું આવી તે હું જોઇને એવો તો ખુશી થયો—મારૂં એક કામ કરશે? તારી ઘણી મોટી મેહેરબાની થશે—નેલી, આય બાનું—લેડી કારલ્યન—મોટી મુશ્કેલીમાં છે. તેવણ તદ્દન એકલાં પડી ગીયાંછ—તુંને એવણપર વીટેલી કાંહાંણી બધી હમણાં ને હમણાં કેહી નથી શકતો—પણ તુંને ખાતરી આપુંછ કે તે ઘણી દુઃખ ભરેલી છે—મારે ખાતર તું તેની સહી થઇ રહેશે? ઓ નેલી, મારી બેહેન મને આય વખતે તું મદદ કર!"

તે—નેલી બીચારી તેણીનાં હૈયાંમાં અદેખાઇના આગના સોલા સાથે બાથ લડતી ત્યાં ઉભીજ રહી.

"હું શું કરી શકું તેમ છે?" તેણીએ તેને ધીરે અવાજે પુછ્યું.

"એવણને તારે ત્યાં લઇ જઇ એવણને તારી સંભાળ—તારી તકેદારી તળે રાખ. હું જાણુંછ, મારી ખાતરી છે કે તું તેમ કરશેજ—દુન્યામાં એ બીચારીનું કોઇ નથી અને મારૂંબી તારા સીવાય એવું કોઇ

નથી કે તેને હું આય કામ સોંપી શકું!"

ઘડીભર તેણી પોતાનો ચ્હેરો તેની ગમથી ફેરવી નાંખી ઉભી.

"હા, હું તમે કેહોછ તે ખુશીથી કરસ" તે બોલી.

હવે, તે કેટ જે તેઓ બન્નેને જોતી ઉભી હતી તેની આગળ ડેસમન્ડ ગયો અને બોલ્યો "જો, કેટ, ખુદાની કેવી મેહેરબાની કે બરાબર કટોકટ વખતે તેણે પોતાના એક ફીરેસ્તાને આપણી મદદે મોકલ્યો. જે નેલીને વાસ્તે તું જાણેછ તે આય નેલી છે. એજ નેલીએ પોતાના જીવને જોખમે મારી જીંદગી બચાવીછ—એની સાથે તું જશે? જે બંગલામાં એ પોતાના ભલા અને લાયકીવાલા બાપ સાથે રહેછ તે આ ખાણુની છેક પેલે નાકે છે—એ તુંને તું ચાહે તેવી મદદ કરશે—તું જાયછ કેની?"

"હા" ફક્ત તે એટલુંજ બોલી—કેટબી એક ઓરતજાત હતી અને જે એક ઓરતને તેણીએ પોતાની હરીફ ધારી લીધેલી તેનાજ ઉપકારમાં જવાનું તેણીને ઘણું ભારી લાગ્યું હોય એ બનવા જોગ છે.

તેણીએ નેલી સાથે જવાની પોતાની મરજી જણાવ્યાથી તે તેણીનો હાથ પકડી તેણીને નેલી આગળ લઇ ગયો. કેટે પોતાનાં ચ્હેરા ઉપર નાંખેલી જાળી ઉંચકી અને તે બે અબલાઓ એકમેકને જોતી એકમેક સામે ઉભી, અને પછી તુરત કેટે શેકહેન્ડ માટે હાથ નેલી તરફ લાંબો કીધો.

"તમારી મરજી મને રાખવાની ને નીભાવવાની હોસે તો તમારી સાથે આવવા હું રાજી છેઉં" તે બોલી અને તે એવાતો મીઠાસથી બોલી અને તેણીના તે અવાજમાં આરજુનો અંશ એટલાં તો બધાં પ્રમાણમાં આમેજ થઇ ગયો હતો કે નેલીનું દીલ પીગલી ગયું.

"ચાલો ત્યારે" નેલી તેને શેકહેન્ડ કરીને બોલી.

કેટે ડેસમન્ડને શેકહેન્ડ કીધી અને ડેસમન્ડ નેલી તરફ જોઇ બોલ્યો.

"માફ કરજે, નેલી."

અને તે બન્ને છોકરીઓ ત્યાંથી સપાટામાં નીકળી ચાલી અને

બંગલા આગળ આવી પુગતાં નેલીએ તેનું બારણું ઉંઘાડી કેટને અંદર લીધી અને પાથરી ઉપર લઇ જઇ સગડી આગળ એક ખુરસી તાણી તેણીને ત્યાં બેસાડી.

પ્રકરણ ૪૪ મું.

"લાવો, તમારાં કપડાં ઉતારવામાં તમુને હું હાથ લાગું" નેલી કેટનાં માથાંપરથી ટોપી ઉંચકતાં બોલી.

"નહીં, નહીં, તમે એમ તજદી ના લેવો" કેટે તેણીને આડા હાથ કરી અટકાવી પણ તે છતાં ઘણીજ નરમાશ અને દ્રઢતાથી નેલીએ તો તે કામ કરવાજ માંડયું અને થોડા વખતમાં કેટી ફરાગાટ થઇ ગઇ, અને નેલીએ ચાહેની તૈયારી કરવા માંડી. તેટલોવાર કેટ તે ધગધગતા ચુલુલા સામે ટીકટી વિચારમાં બેસીજ રહી.

નેલીએ જરા વારમાં ચાહેનું એક કપ અને પાઉં માખણ કેટ આગળ મુકયું.

"મને ખાવાની તો ભુખ નથી, નેલી, પણ તમારે હાથની ચાહે લેવસ. તમારી અત્યારથીજ કેટલી બધી મેહેરબાની છે!"

"મને ખુશીજ કરવા તમે માંગોછ તો પાઉંનો એક બુકડી ખાવો" નેલી તેની સામે બેઠેલી સુફેદ દુધ જેવા ચ્હેરાની કોમળાંગી તરફ એકી ટગરે જોતી બોલી.

"ખરેખર" તે મનસે બડબડી "તેની નજરમાં હું કોઇ ચીજ નહીં હતી તેનું કારણ એજ! ને એ કલીફર્ડ જેવા જવાનને મુકી કોઇ ભલતા સાથે પરણી? એને આંધળી કહેવી કે અક્કલ વગરની કહેવી?"

કેટ ચાહે પી રહી કે નેલી તેણીને એક બીજો ઓરડો જે તેણીને માટે તેણીએ ધારી રાખ્યો હતો ત્યાં લઇ ગઇ, અને કેટને જે બધું જોઇયે તે ત્યાં મુકી ગોઠવી તે ત્યાંથી ચાલી જવા કરતી હતી, પણ કેટે

તેણીનો હાથ પકડી તેણીને રોકી અને કહ્યું--

"જરા વાર, નેલી, તમે મારી આગળ અહીં થોભસો? મારે તમને કાંઇ વાત કહેવીછે."

"હમણાં નહી- તમે થાકી એટલાં ગીયાંછ કે હું નહીં ધારતી કે તમારાંમાં ઘણું બોલવાની શકતી હોય-તમે પોઢી જાવો ને સહવારે ઉઠીને—"

"નહીં, તમુને મારે જે કાંઇ કહેવુંછે તે કેહ્યા વગર મને ઉંઘ આવવાની નથી-તમે કદાચ જે બધું કરોછ તેને માટે પાછળથી તમુને કોઇ વાત માલમ પડે ત્યારે પસ્તાવો તો નહીં?"

"બાઇ સાહેબ, મારે કોઇ વાત સાંભળવીજ નથી - ને તેવી કોઇ વાત સાથે મને સંબંધજ નથી. મી૰ રેવનનો મને હુકમ થયો એટલે—" અને આગળ બોલતી તે છોકરી અટકી પડી.

"હા, તમે તેવણુને ખાતરજ આય બધું કરોછ તે તો હું જાણુંછ, પણ, ત્યારે તમે થોડીકવાર અહીં બેસી મારૂં નહીં સાંભળો? હું જાણુંછ, તમુને મારીપર ધિક્કાર છુટતો હોસે પણ—"

"નહીં, જરાબી નહીં!" નેલી બોલી ઉઠી.

"કાંઇ નહીં, તેમબી હોય તો કુદરતી છે. હું આડી નહીં આવી હોતે તો તમે તમારાં દીલની ઉમેદ બર લાવી શકતે-ઓ, તમે મારૂં સાંભળો-મારે વાસ્તે આય દુન્યામાં સુખનો હવે કશોબી સંભવ રેહ્યો નથી. તે ને તમો—"

"થોભી જાવો!" નેલી ધ્રુજતે હોઠે બોલી ઉઠી "તમો બાઇ સાહેબનું બોલવું—"

"નહીં, ખુદા ખાતેર મને એ નામે ના બોલાવો-મને કેટ કેહો ને હું તમે મને રજા આપોતો તમુને નેલી કહેવસ-નેલી મારી મરજી છે કે આપણે બે સહીઓ થઇ રેહ્યે-તેમ થઇ રહેવાનું આપણને એક મોતેબર કારણ છે. આપણે બેઉ એક ચોકકસ જનને ખાતર જાન

વટીક આપવા તૈયાર છીયે, ખરૂં કેની? ઓ, નેલી મારી તરફ બેદરકારી ના બતાવો, કેમકે, જ્યારે તમારી જીંદગીમાં સુખ હજી ભરેલું છે ત્યારે મેં મારાં સુખનું સત્યાનાસ હાથે કરીને વાળ્યુંછ."

કેટના ફકત આટલા બોલ સાંભળતાં નેલીની આંખોમાંથી જો કે ધડધડ આંસું નીકળી પડયાં પણ કેટની આંખો તદન સુકકી દેખાતી હતી.

"પણ તેથી હવે મારો વિચાર તમુને કોઇને હેરાન કરવાનો નથી. હવે તો આપણે બેઉને મનસે દુન્યામાં જે એકનો એક વ્હાલો જીવ છે તેનાં સુખનો આપણને ખ્યાલ કરવાનો છે અને તેનું સુખ નેલી તમારા હાથમાં છે!"

"નહીં, ઓ નહીં તેમ નથી" નેલી રડીને ડચકાં ખાતી બોલી.

"હા, છેજ, નહીં શું?" તે નેલીનું માથું પ્યારથી પસવારી બોલી "એવો કોણ છતી આંખે આંધળો બનેલો હોય કે તારા જેવું ગોહર જતું મુકે? ને નેલી, તુંબી તેને ચાહેછ, એમ જોવાની, મને આંખ ને સમજવાની મારામાં અક્કલ છે! નહીં, તારા જવાબની મને કશીજ જરૂર નથી-નહીં, મને બોલવા દે, હવે બોલવાપર હું આવીછ એટલે મારીથી દમ નથી મરાવાનો—આજથી હવે તેની જીંદગીમાં હું કદી દેખાવ નથી દેવાની—અમે ફરીથી કદી મળવાનાં નથી—હું એક બીજાને પરણી ચુકીછ, એટલે મારે મનસે હવે તે કોઇજ નથી!"

"નહીં" નેલી રડતાં રડતાં બોલી, કેમકે રડવાનું તેણીએ હજી બંધ નહીં કીધું હતું "કદીબી નહીં, તમે તેનીથી કેમ ભુલાવાનાં? કેમકે, તમુને જે એક વખત જોય ને ચાહે તેનીથી તમે કદીબી ભુલાઓ નહીં એવી મારી ખાતરી છે!"

"તારી ભુલ છે—નામ તેનો નાશ, નેલી હું કેહુંછ ને હમણાં ચાહુંછ તેવું બને તો તે દુન્યામાં હક્ક વાજબીજ બનેલું કહેવાય. તેને લાયકની હું હતીજ નહીં—તેમ હું હોતે તો મેં જે કામ કીધુંછ તેવું કરતે? હવે થોડા વખતમાં તેને મનસે હું મુવેલી જેવી હોવસ, અને

પછી–પછી નેલી, તે તારી આગળ આવસે–તું તેની ભવિષ્યની ભાગ્યણ થઇને હાલનું તેનું દુઃખ વીસરાવી તેને તું સુખ આપી તું સુખી થજે!"

કેટ આટલું બોલતાંજ તે નેલી મોટે મોટે રડતાં તેનાં પગ પાસે પડી—

"ઓ, તમે એમ ના બોલો–ના બોલો, મારીથી નથી ખમાતું. તમે એ બોલોછ ને જાણે હું તમારે વાસ્તે પ્હેલે ખોટું ધારવા માટે શરમાઇને મરી જાઉંછ. પણ તમારી એ અગમચેતી પાર પડવાનીજ નથી–કેમ પાર પડે? તમુને એ ભુલીજ કેમ સકસે? તમે શું એમ ધારોછ કે તમારા ને મારા વચ્ચેનો ફરક હું સમજતીજ નથી? તમે એક મોટે ઘેરનાં બાઇ ને હું એક સાધારણ છોકરી? ને મને એ ફકત પોતાની એક બેહેનજ સમજેછ, ને–ને–ઓ, નહીં! તમે કેહોછ તેમ કદીબી બનવાનું નહીં!"

"હા, નેલી, હું કેહુંછ તેમ થવુંજ જોઇસે ને થસેજ–ને વરી મને બીજુંબી કંઇ કહેવાનું છે. મેં તેને અંજાણપણે મોટો ગેરઇનસાફ કીધોછ–ને જે શખસ સાથે હું પરણીછ તેણે જાણી જોઇને એને નુકસાન પુગાડયુંછ, ને–ને–પણ એ વાત કદાચ એ પોતેજ તારી આગળ કોઇ વખત કરસે–કદાચ જે દહાડે તારી આગળ તે આવીને પોતાનો પ્યાર જાહેર કરસે તેજ દાહડે તે વાત તારી આગળ એ કરેબી. ચાલ હવે જરા હું અળેટાઇને આસાયસ લેવાની વેતરણ કરૂં–હવે નેલી મુગી રેહીજા–રડના, તારા રડવાના દાહડા હવે વહી ગીયાછ ને હવે તારે વાસ્તે બધા સુખનાજ દાહડા ભર્યાછ. ચાલ, મને એક કીસ આપ નેલી, ને દેખાડ કે તારા ને મારા વચ્ચે હવે જુદાઇ જેવું કસુંજ નથી."

નેલીએ પોતાના બન્ને હાથ કેટીની ગરદનપર ભેળવી તેની ડોક પોતાના હોઠ આગળ ખેંચી તેને એક નહીં પણ અનેક કીસીઓ લીધી અને ઉઠીને ત્યાંથી પછી ચાલી ગઇ.

કેટ ત્યાર પછી સુવાને બદલે વિચારમાં ને વિચારમાં બેસીજ રહી.

તેણીએ જેને તે પોતે ચાહતી હતી અને તે જે ચાહતો હતો તે બન્ને તરફની તેણીએ ફરજ અદા કીધેલી માન્યાથી તેણીનાં મગજપરનો બોજો ઘણી હદ સુધી ઓછો થયલો તેણીને લાગ્યો.

થોડેકવારે કપડાં કાઢી તેણી પલંગપર અળેટાઇ પણ તેને ઉંઘ આવી નહીં.

રાત એમને એમ પસાર થઇ ગઇ અને તે ઓરડામાં સુર્યનાં કીરણોએ દેખાવ દીધો, એટલે કેટ ચોંકીને ઉઠી; જો કે તેણી જે હાલતને ખરેખરી આપણે ઉંઘ કહીએ તેથી તો તે બેનસીબ રહી હતી પણ તે એક કીસમની એવી ગુંફણમાં પડી હતી કે સહવારૂં પડયાનું તેણીને કશું ધ્યાન રહ્યું ન હતું.

જેવું સહવારૂં તેણીએ જોયું ને જેવી તે ઉઠીને કોચ ઉપર બેઠી કે તેણીનું મગજ પાછું ઘેરાવા માંડયું.

તે સાંજ ડેસમન્ડ કારલ્યનની નજીક અને જે છોકરી તેને ચાહતી હતી તેની પનાહ પોસ્તી હેઠળ તે રહી હતી એ એક જાતની સીફ હેમાકત તેણીને લાગી. તેણીની હાજરી તો ત્યારે તે એનાં સુખ વચ્ચે એક કાંટા જેવી થઇ પડવી જોઇએ, એમ તેણીએ માન્યું, એટલુંજ નહીં, પણ, તેણીની ત્યાં હાજરી ડેસમન્ડને કદાચ વખત જતાં ખુંચે એમ તેણીને લાગ્યું.

“નહીં, મારીથી અહીં પડી રહેવાયજ નહી—મારે એમ પડી રહેવું જોઇતુંજ નથી—મારે તેને ફરીથી દેખાવ દેવો જોઇયે નહીં ને મારે તેનેબી પાછો જોવો ઘટારત નથી. હવે તો મારે ઠેઠે અફે દફે થઇ જવુંજ જોઇયે!”

તેણીએ તુરત કપડાં પેહેરી લીધાં અને બારીવાટે બાહાર જોયું. ખાણમાં હજી સુમસામ હતું, કેમકે, હજી ઘણું સકકારૂં હોવાથી કોઇબી મજુર ત્યાં આવ્યો ન હતો. જેને તે જીગરો જાનથી ચાહતી હતી તેની સાથે રખે પાછી નજરો નજર તે થઇ જાય તેની બીહીકથી તે આસ્તે આસ્તે દાદર ઉતરી તે અભાગણી છોકરી એકવાર પાછી રસ્તે પડી.

પ્રકરણુ ૪૫ મું.

"ટ્રેન એક અડધા કલાકમાં આવશે, મીસ" કેટે ટ્રેનને માટે પુછતાં એક પોરટર જવાબ દીધો, અને સહવારની કકડતી ઠંડીમાં કેટને ત્યાં એકાંત થોભવું પડયું.

આખરે ટ્રેન તો આવી અને તે તેમાં ગોઠવાઇ જે એક ઘણી સ્લો ટ્રેન હોવાથી ધધણુ ધધણુ કરતી તે આખરે ટરમીનસપર આવીને ઉભી રહી, જેમાંથી, ઉતરી કેટે એક પોરટરને કોન્ટીનેન્ટલ ટ્રેનમાં બેસવા માટે કયે સ્ટેશને જવું તે પુછ્યું અને તેણે વિકટોર્યા સ્ટેશન બતાવ્યું.

કેટ હારેલી મારેલી લેડી વોરનર જે હાલ ફ્રાન્સમાં નાઇસ ખાતે રહેતી હતી તેવણુ આગળ જવાનો વિચાર કરી નેલીને બંગલેથી નીકળી હતી. વિકટોર્યા સ્ટેશનની ટીકીટ ઓફીસમાં જઇ લાગતાં તેણીએ નાઇસ જવાની ટીકીટ માંગી જે 'તેણીની સામે ત્યાંના કલાર્કે ધરતાં તેની અમુક કીંમત તેણે માંગી અને તે આપવા જ્યારે કેટે પોતાની પાકીટ ઉંધાડી ત્યારે તેણીએ ભય ભેગી નીરાશી વચ્ચે જોયું કે તે ટીકીટના જેટલા પૈસા તેણીની પાસેથી માંગવામાં આવ્યા હતા તેના પોણા ભાગ જેટલાજ પૈસા તે બીચારી પાસે હતા!

એકાદ બે પલ તે વિચાર કરતી ઉભી અને પછી "ભાઇ, આય ટીકીટ મને નથી જોઇતી, મારી ભુલ થઇ" કરીને ત્યાંથી ચાલી ગઇ. તે વખતે તે બીચારીનો ચ્હેરોજ એવો હતો કે પેલા ટીકીટવાલાએઓ તે ટીકીટ કશા ફફડાટ ચટકાટ વગર પાછી રાખી.

હવે તો તે ગભરાઇજ ગઇ હતી. હવે તે શું કરે? લેડી વોરનરને મળવા જવામાં તેણીનું મન એટલું બધું લાગી રહ્યું હતું કે તેણીને આ નીરાશી ઘણીજ કતિલ લાગી. તેણી પાછી સ્ટેશનપર ગઇ અને એક બાંકપર ગોઠવાઇ, અને પોતાની આસપાસ અને સામેની ધમાલ જોતી ત્યાં બેઠી.

હવે તે શું કરે? પોતાના વરથી વિખુટી વાય જહાંન એકલી અને ગજવાંમાં માત્ર થોડાક પાઉન્ડ! હવે તે કયાં જાય અને તે શું કરે?

અને એ વિચારોથી તે એટલી તો ઘેરાઇ કે ગમે તેવાં અધાગ દુઃખની વખતે તો નહીં, પણ, હાલમાં તેણીની આંખોમાંથી દડદડ આંસુંઓ વ્હેતાં થયાં, અને અલબત એક તદ્દન એકલી અટુલી અબલા ત્યાં એકાંત બેઠકપર બેસીને આંખ પાણી ભરે તે ત્યાંનાં ફરતાં હરતાંઓનું ધ્યાન ખેંચ્યા વગર રહે નહીં, અને તેથી તેણીની આગળથી પોરટરો અને પેસેનજરો જે પસાર થઇ જતા હતા તેઓની નજર તેણીની તરફ ખેં-ચાયા વગર રહેતી ન હતી.

થોડેકવારે તેણીની આગળ એક અબલા આવીને ઉભી રહી તેણીને જોવા લાગી, તેબી અલબત બીજા ઉતારૂઓ માફક ચાલી જતી હતી પણ તેણીની ચગોર આંખે તેણીએ જોઇ લીધું કે તે બાંકપર બેઠેલી અબલા કાંઇ કશી મદદની ગેરહાજરીમાં આંખ પાણી ભરતી હોવી જોઇયે. તે કોઇ દુન્યા ખાધેલી ઓરત હતી એટલે કેટના ચ્હેરા અને પોશાકપરથી તેણીને ચેતી જતાં વાર નહીં લાગી કે બાહાર જે દેખાતું તેના કરતાં બાતેનમાં કાંઇ ઘણું વધું હોવું જોઇયે.

તે અબલા જોઇયે તે કરતાં વધુ ભપકાદાર પોષાકમાં સજ થયલી હતી અને તેણીનો ચ્હેરો અને દેખાવજ એવાં હતાં કે તેણીની પોતાની તરફબી ગમે તેવા બેદરકારનું ધ્યાન ખેંચાયા વગર રહેજ નહીં.

તે ત્યારે કેટની બરાબર સામે આવીને ઉભી અને કેટને ઘણાં ધ્યાનથી તપાસવા લાગી, અને પછી તેબી ત્યાંથી પાસ થઇ ગઇ પણ થોડેક છેટે જતાં તે ત્યાં પાછી ફરીને આવી.

“માફ કરજો, બેહેન” તે બોલી “તમુને કાંઇ મદદ જોઇયેછ?”

કેટે ચોંકીને તેની તરફ જોયું અને ઝટ પોતાની આંસું ભરી આંખ્યો તેણીએ લુછી નાંખી.

“નહીં, કાંઇ નહીં, થેંક યુ” કેટ બોલી.

"ઠીક છે, ત્યારે, માફ કરજો, મેં તમુંને ડીસટર્બ કીધાં—તમે રડોછ તેથી મેં પુછ્યું. તમે ટ્રેન ચુકી ગીયાંછ યા તમારી સાથવાલાંઓથી તમે છુટાં પડી ગીયાંછ? હું કોઇ પોરટરને અહીં બોલાઉં?

"નહીં, નહીં" કેટ બોલી "હું ટ્રેનબી નથી ચુકી ગેઇ ને મારાં કોઇ સાથવાલાંબી નથી—મારૂં કોઇજ નથી."

"ત્હારે તમારે એકલું બેસવું જોઇતું નથી."

"ઠેંક યુ, હું તે જાણુંછ પણ મારે જવું કહાં તેની સમજ નથી પડતી."

હવે પેલી ભલી અબલા તેણીની આગળ આવી અને બેઠી.

"તમારે કહાં જવું તે તમે જાણતાં નથી? લેવોની મને કેહોની તમારે કોણને મળવુંછ તો હું તમુને મદદ કરૂં?"

"મારે તો બેહેન નાઇસ જવાનું હતું. ત્હાં મારૂં એક અતલગનું ઓળખીતું રહેછ, પણ, મારી પાસે ત્યાંની ટીકીટ ખરીદવા જેટલા પૈસા નથી."

આ સાંભળતાં વ્હેમનું કાંઇ ઝાંખું કીરણ તેણીનાં મગજમાં ચમકી રહ્યું પણ પછી જરા લાંબો વિચાર કરતાં તે ઝટ પાછું બુઝાઇ ગયું.

"ત્હારે તો જ્યાંથી તમે આયાં ત્હાં બ્હેત્તર કે પાછાં જાવો, બીજુ કરશો શું?"

"તેમ મારીથી થઇ શકતું નથી" કેટ બોલી "તમે ઘણાં દીલસોજ છેવો અને મારા આ ટુંકાને ટચ જવાબોથી મને મીજાસી કે તરકડી સમજી તમે કશું અપમાન લેતાં નાં, પણ તમે કેહોછ તેમ મારીથી થઇ શકે તેમ નથી."

"ઠીક ત્યારે" તે ઓરત ઉઠીને બોલી "મારી ઘણી મરજી છે કે તમુને હું મદદ કરૂં; તમારા જેવી જવાનને આવી મુશ્કેલીમાં જોઇ મારૂં દીલ ઘણું કચવાયછ. ચાલો સાહેબજી ત્યારે—પણ જુવો, મને તમુને

છોડીને જવા ગમતું નથી—મારી. પોતાની ઉપર ઘણું વીતેલું છે ને હજુનબી કાંઇ હું પોતે સુખી નથી—તમુને કેટલા પૈસા ઘટેછે?" તે અબલા પોતાની પાકીટ કાઢી બોલી—

"નહીં—નહીં—મને માફ—"

"નહીં, તમારે અચકાવાની કાંઇજ જરૂર નથી, તમે એક ખાનદાની બાનું છેવો એમ હું તુરત જોઇ શકુંછ ને તે મને કહેવું પડે તેમ નથી, અને આય પૈસાની તંગીબી અકસ્માતીક બનવા પામી હોવી જોઇયે એમ મારી ખાતરી છે—તમે તમોને ખુટતા પૈસા મારી પાસેથી ઉછીના દાખલ કબુલ રાખો અને તમો નાઇસખાતે પુગો કે તે મને પાછા વાળી દેજો."

"ઓ, તમે કેવાં માયાળુ—કેવાં મેહેરબાન છેવો?"

પેલી અબલા એક પોરટર ત્હાંથી જતો હતો તેને કાંઇ પુછવા તેણીની આગળથી દોડી ગઇ અને ઝડપથી ત્યાં પાછી આવી તેણીને તેણે પુછ્યું:

"ચાલો, બીજી ત્રેન હમણાં આવશે—તમારો લગેજ કહાં છે?"

"મારો લગેજ? મારી પાસે કાંઇજ નથી. હું હું—તે સાથે લાવતાં ભુલી ગેઇ."

"તમે નાઇસ જાવોછ, ને તમારી પાસે લગેજ નહીં? બા, મેં તો એવું જોયલું તો શું પણ કદીબી સાંભળ્યું નથી. તમે કશાબી લગેજ વગર નાઇસ સુધી કેમ જશો? મારૂં માનો તો તમે જહાંથી આયાં ત્હાંજ પાછાં જાવો."

"નહીં—નહીં" કેટ લાાં રડી પડી અને બોલી.

"મારીથી હવે તો ત્હાં પાછું જવાયજ નહીં. તમારી આટલીબી દીલસોજી માટે મેહેરબાની થઇ, હવે અહીંથી તમે ચાલી જઇને તે મેહેરબાની પુરીજ કરો."

પણ તે અબલા ત્યાંથી ખસીજ નહીં.

"ના રડો, બેહેન, તમે ના રડો—કેમકે રડ્યાથી કાંઇજ વળવાનું

નથી–તમે કોઇ ઘણી મુસીબતમાં છેવો એમ હું જોઇ શકું છ ને તેથી મારો વિચાર તમુને છોડી જવાનો નથીજ, તેમ વળી તમારીથી અહીં એકલાં બેસી રહેવાય નહીં. તમે ત્યારે મારી સાથે મારે ત્યાં આવોછ? હું બી એકલીજ છેઉં, પણ આબરૂ દરકારથી રેહુંછ."

કેટ ધસીને તેમ કરવાની નાજ કહેતે, પણ, તે દેખીતી ભલી અબલા છેલ્લો વાકય એવો કઢંગો બોલી હતી કે ઝટ તે ઉઠી અને તેને પોતાનો હાથ તેણીએ આપ્યો.

પેલી અબલા કેટની પાંખડી પકડી બાહાર આવી અને તેણીએજ એક ગાડી બોલાવી અને તેમાં બન્ને બેસી થોડીક પલમાં તેઓ તે અબ-લાનાં ઘર આગળ આવી પુચ્યાં. તેઓ બન્ને તે ઘર આગળ ઉતર્યાં અને તે અબલા કેટને પ્હેલે માળે દોરી ગઇ, જ્યાંનાં એક રૂમમાં તેઓ બન્ને દાખલ થયાં."

"ચાલો, બેહેન, તમે અહીં હવે કપડાં ઉતારી જરા આસાયશ લેવો, હવે બોલ બોલ કરવાની કાંઇજ જરૂર નથી.

કેટ થોડીક વારતો અજાયબીમાં ગરકાવ થઇ બેસી રહી. તેણીએ બધે નજર ફેરવીને જોયું તો તે ઓરડો એક જણને માટે પુરતો મોટો તેણીને લાગ્યો. તેમાં ફરફરનીચરબી કાંઇક હાલ હવાલ હતું–પણ જેટલી તે તે ફરફરનીચરથી નહીં, તેટલી, તે ત્યાં ગોઠવી મુકેલાં તરેહ-વાર પુતલાંઓ જોઇ અજબ થઇ. તેઓમાંના એકને ઇટાલ્યન ભરવાડનો પોષાક પ્હેડાવેલો હતો, બીજાંને જોન ઑફ આર્કની માફક સીંગારેલું હતું, જયારે ત્રીજું એક ગ્રીક પ્હેલવાન તરીકે રજુ થઇ ઉભું હતું. વળી સુંદર રંગબેરંગીન પોષાકો અહીં તહીં વખાતા મુકેલા તેણીએ જોયા અને તેબલપર માથાંના ખોટા વાળની પાંચ છ ટોપીઓ પડેલી તેણીએ જોઇ. આ બધી જીણસોએ તેણીનું ધ્યાન એટલું બધું રોકી રાખ્યું કે ઘડીભર કેટ પોતાનું દુ:ખ વટીક ભુલી ગઇ.

પેલી અબલા, કેટ બધે નજર ફેરવી રહેતાં, હસીને બોલી.

"આય તમે મારા બધા સર સરંજામ તરફ જોઇને અજબ થાવોછ કે?"

કેટ તેણીના આ સવાલથી શરમાઇને લાલ થઇ ગઇ.

"નહીં, અમથી એ બધું હું જોતી'તી."

"પણ એ બધું શાને માટે હોસે તેની તો તમુને અજાયબી લાગી હોસેની?"

"હા" કેટ બોલી.

"તમે એ બધું જોઇને અજબ થાવો એમાં કાંઇ નવાઇ નહીં–એ બધા પુતલું કોતરનારને લગતા દ્રેસો છે–હું પુતલાં કોતરનારની સામે એમાંનો જોઇતો દ્રેસ પેહેડી તે જે પુતલું કોતરવાનો હોય તેના મૉડલ (નમુના) તરીકે તેની સામે કલાકોના કલાકો સુધી ઉભી રેહુંછ" તે અબલા બોલી.

કેટે મુગું મુગું તેની સામે ટીકયાજ કીધું.

"કાંય? અહીં મારી સાથે આયાં તેને વાસ્તે હવે તમે દલગીર થાવોછ કે?"

"હું દલગીર થાઉં? કાંય વારૂં?"

"તે તો કોણ જાણે–પણ કેટલાંક માણસોને કોઇ કોઇ ધંધાની સુગ રહેછ–હું આરટીસ્ટની મૉડલ કહેવાઉંછ–હવે મારા જેવી મૉડલોને કાંઇ પોતાની માલેકીના પોષાકો રાખવા જોઇતા નથી–પણ હું તે રાખુંછ. કેટલીક મૉડલોને બીચારીઓને તેમની મેહેનતનું દામજ એટલું ઓછું મળેછ કે એવી સગવડ તેઓ રાખેજ કેમ? ને જે લોક તેમને ભાડે આપેછ તેઓ તેમની કીંમત ઘણી લેયછ–એટલે હું મારાજ પોષાકો રાખવાનું પસંદ કરૂંછ ને તેના બદલામાં મને જે મૉડલ તરીકે રોકે તેની પાસે થોડીક ફી વધુ માંગુંછ–પણ મારી એ વાતથી તમુને કંટાળો આવતો હોસે–પણ તમે હાલ તુરત તમારૂં દુ:ખ ભુલો કરીને મેં એ ટાહેલું ચલાવ્યું–હું પોતે એક તરેહથી દુ:ખી છેઉં એટલે મારી બેહેન-

પણીનાં દુઃખની કદર બરાબર બુઝી શકુંછ."

એટલું બોલતાં તેણીના ચ્હેરાએ નરમાશ છોડી દીધી અને તે કાંઇક કઠોર બની ગયો, જે જોઇ કેટ કાંઇક બીધી.

"તમે કેહોછ કે દુન્યામાં તમે એકલાં પડી ગીયાંછ" પેલી અબલાએ આગળ ચલાવ્યું. "ને તેથીજ મારી લાગણી તમો તરફ ખેંચાઇ. હું પોતેબી એકલીજ છેઉં—મારૂં કોઇ સગું કે કોઇજ ઓળખીતું નથી—પણ મેં તમુને મારૂં નામ નહીં હજુન કહ્યું! મારૂં નામ જેસ પ્લન્કેટ છે! હવે મને તમે પીછાણી? હું શું ધંધો કરૂંછ તે તમે હવે જાણ્યું?"

"હા, મેં જાણ્યું કે તમે કેવાં ભલાં છેવો? તમે નહીં મળ્યાં હોતે ને તમે મારી દયા નહીં ખાધી હોતે તો મારૂં શું થતે? ખરેખર, જેણે દુઃખ જોયું ને તે ભોગવ્યું હોય તેજ બીજાંનાં દુઃખની વાત જાણે. મારૂં નામ કેટ મેડીસન છે" કેટ બોલી અને હાલ તુરત પોતાનું પરણેતર તરીકેનું નામ તેણીએ જાહેર કરવાના અખાડાજ કીધા.

"મીસીસ મેડીસન?" જેસે, કેટને આંગળેની વેડીંગ રીંગ જોઇ સવાલ કીધો.

કેટ ગભરાઇને લાલ થઇ ગઇ અને નીચી મુડીએ બેસીજ રહી.

"નહીં—નહીં—કાંઇ નહીં, માફ કરજો મેં—"

"નહીં, હું તમને મારી કાંહાંણી કેહું—મેં મારૂં પરણ્યું નામ નહીં આપ્યું તેનું કારણ એ કે હું તેનો આશરો છોડી આવીછ."

જેસની હવે જીજ્ઞાસા ઉશ્કેરાઇ અને કેટની તરફ ટીકટી બેસ્વાની હવે તેની વારી આવી.

"ને તે વાસ્તે વાંક તેનોજ હોવો જોઇયે—તમારો નહીંજ" તે બોલી "ચ્હેરાપરની ચાલ ચલણુ અને સ્વભાવ હું ઓળખી શકુંછ—એ કીસમની કાંહાંણી કાંઇ જમાનેથી ચાલતી આવીછ—પછી તેમાં મરદનો વાંક હોય કે ઓરતનો પણ દુઃખ તો ખમવું પડેછ ઓરતનેજ. હા, દુઃખબી ખમ્યેછ આપણે ને દુન્યા ધિક્કારેછબી આપણુનેજ" તે બોલી.

કેટની નજર તે અબલાપર ઠરી રહી અને તેણીને કાંઇ એવું લાગ્યું કે તેણીએ તે અબલાને અગાઉ અડછતી કેઠેબી જોઇ હતી, પણ કયાં અને કયારે તે બાબદમાં તે પોતાની યાદદાસ્તને તાજી કરી શકી નહીં; અને કેટની યાદદાસ્ત તેણીને એમ ભુલાવો ખવાડે તેમાં નવાઇ નહીં હતી, કેમકે, જેસને તેણીએ કલીફર્ડ રેવન સાથે આ વારતાની શુરૂઆતમાં (જુવો પાનું ૬૨ મું) જોઇ હતી ત્યાર પછીનો જેસનાં આંગ અને ચ્હેરામાં મોટો ફેરફાર થઇ ગયો હતો.

વિચારમાં ને વિચારમાં કેટ તેણીને એકીટગરે જોતી બેસીજ રહી.

"કોઇ બીચારી પોતાનું દુઃખ મુગે મહોંડે ખમી દાંત પીસીને બેસી રહેછ" જેસે આગળ ચલાવ્યું "જેમાંનાં એક તમે છેવો એમ મને લાગેછ, ને કોઇ એમ ખમીને ચુપ નહીં બેસી રહેતાં તેની ઉપર દાવ લેવાનાં તરફડયાં મારેછ, જે વર્ગની અબલાઓમાં હું પોતાને મુકુંછ એમ કહેતાં મને જરાબી લાજ કે શરમ લાગતી નથી. મારીથી ચુપ બેસીને તેનું વ્રાટકીપણું સાંખી શકાય તેવું મારૂં ખમીર નથી; તારાં કરતાં બેહેન મારીપર ઘણું વધારે વીટેલું છે ને—"

અહીં કેટે એક ઉંડો નિસાસો નાંખ્યો—તેને મનસે તો જેવું તેણીની પોતાની ઉપર વિટતું હતું તેવું યા તે કરતાંબી વધુ ઝબુન કોઇજ બીજી ઉપર વીટયું હોવું જોઇયે નહીં.

"મારી ઉપર" જેસે આગળ ચલાવ્યું "જુલ્માત ગુજર્યોછ તેનો જખમ કીનાના મલમ સિવાય કશાંથી રૂઝ આવે તેમ નથી, ને કીનો હું જરૂરજ લેવસ. હું ઘણું થોબીછ ને હજુનબી થોબસ, અને જેમ જેમ એકેક દાહડો જશે તેમ તેમ મારી કીનાની પ્યાસ વધુ ને વધુ તેજ પકડતી જસે—ને જો આજે મને કોઇ ખાતરી આપે કે તે મને કોઇ દીવસ મળનાર નથી ને હું મારાં કામમાં ફાવવાની નથી તો હું મૅડ થઇ જવસ—આહ! મેં તુંને બીહીવડાવી, નહીં? તેની બેહેન તું કાંઇ કનવાર ના કર—આટલે સુધી મેં કોઇ આગળ એને લગતી વરાળ કાઢી

નથી, કેમકે, મારી આગળ તેવું કાંઇ હતું નહીં, પણ, તમારી ઉપર વિટેલાંની થોડી ઘણી વાત સાંભળીને મારાં દીલની આય વરાળ બાહાર નીકળી પડી. ત્હારે તમારો તો તેની પાસે પાછાં જવાનો વિચારજ નથી કે?"

કેટે ના નું ડોકું ધુણાવ્યું.

"બરાબર છે. એક વખતે એક મરદે એક ઓરતનું અપમાન કરી તેને નુકશાન કીધું અને તે જો તેને દરગુજર કરી નમી ગેઇ તો તેના સીકંજામાં સદાની તે સપડાઇ સમજવું. અરે તેના કરતાં તો વાઘનાં ડાચાંમાં સપડાવું બહેતર! હું જાણુંછ—અરે હું જાણુંછ, બેહેન કે એ દુઃખ કેવું જબુન છે. ભુખે મરજો, રોટીના કટકા વગર ટવળજો, પણ નહીં—હરગીજ તેને ત્હાં પાછાં જતાં ના! યા ખુદા! તમે મારી સંભાળ હેઠળ આયાંછ, તેમાંબી કાંઇ ખુદાનો હાથ હોસે? શ્યાણામાં ખપનારાંઓ કહેછ કે તકદીર જેવું કાંઇ છેજ નહીં—ત્યારે તેઓને હું પુછુંછ કે આય શું? તકદીર જેવું કાંઇજ નથી તો તમારી આગળથી મુગે મોંઢે હું પસાર કાંય નહીં થઇ ગેઇ? લોકનાં કામ વચ્ચે માથું મારવાની મને કાંઇ ગરજ નથી ને—"

"એમ બોલીને તમે તમારાં માયાળુ દીલને ગેરઇનસાફ કરોછ."

જેસ તે સાંભળી હસી પડી.

"મારી માયાની કે મારાં દીલની તમે મેહેરબાની કરી વાત કરતાંજ ના—કેમકે મારાંમાં દીલ જેવું કશું રહ્યુંજ નથી. તે બીચારૂં કાંઇક વર્ષો અગાઉનું જળી બળીને ખાક રાખ થઇ ચુકયુંછ. એમાંબી તકદીરનો હાથ હોસે—જુવો હું એક પુતલાં કોતરનારની 'મોડલ' છેઉં ને તમો એક ઉંચ તોખમનાં બાનું છેવો—મારી સાથે તમો રહેવા ને ગુજારો કરવા ખુશી છેવો? તમે ધારોછ કે આપણે બેઉ એક દીલ ને એક મનથી સાથે રેહી શકસું? તમે સમજતાં હોવ કે જેબી અબલા મને રસ્તામાં મળે તેને અહીં બોલાવી લાવી હું રાખું? તે કાંઇ મારૂં કામ છે? પણ, કોઇ છુપી બશારત મને કહેછ કે—" અને ઘ્યાં તે

છોકરી પોતાનો વક્ય અધુરો છોડી કેટની તરફ એકી ટગરે ટીકવા પડી.

"તમુને હું એક બોજા સમાન માથે કેમ પડું?" કેટ બોલી.

"માથે શું કામ પડો? મને તમો મારાં કામમાં મદદ કરજો- તેથી કાંઇ હું એમ નહીં કહેતી કે તમેબી એક મોડલ તરીકેનો ધંધો કરો-પણ, મારા ડ્રેસના સંબંધમાં તમો મને ઘણી મદદ કરી શકો તેમ છે-મોડલ તરીકે હું ફત્તેહમંદ પુરવાર થઇછ, પણ સીવવા ભરવાપર મારાં આંગળાં હવે ચાલતાં નથી-તમે જો એ કામનો બોજો મારા હાથ-પરથી હલકો કરો તો હું હમણાં કમાઉંછ તેથી બેવડું કમાઉં."

કેટ વિચાર કરતી બેસીજ રહી, અને પછી બોલી-

"જો તમે આ લાલચ મારી આગળ અમસ્થીજ મને તમારી સાથે રાખી મારો નિભાવ કરવા માટે બતાવતાં નહીં હોવ ને તમારી ખાતરીજ હોય કે મારી મદદ તમુને તમે કેહોછ તેમ ખરેખર ઉપ્યોગી થઇજ પડશે તો—"

"નહીં મારાંમાં, ખુદાના હુકમથી ડોળ ઘાલવાની શકતીજ નથી. 'જેવું હૈયે તેવું હોઠે' એ મારો નિયમ છે. તમે મેં કહ્યું તેમ મોટે ખાંચરે જન્મી મોટે ખાંચરે ઉધરેલાં છેવો. તમે કેળવાયલાં છેવો અને તમે 'ટેસ્ટ' ધરાવોછ એટલે એક અમુક દેખાવ કરવા કેવો ડ્રેસ જોઇયે તે મારાં કરતાં તમો વધારે સમજી શકશો. તે બાબદની સમજ આપનારી મારી પાસે ચોપડીઓ છે, જે વાંચ્યાથી તેમાંથી તમુને મારા ખપ જોગું ઘણું મળશે, તે વિશે તમો નચીંત રહેજો-તમે રહેશો, મારી સાથે?"

"હા, ઘણી ખુશીથી ને આભારની લાગણીથી તમારી સાથે હું રહેવસ."

જેસ ઘણો ખુશી થઇ અને કેટના ચહેરાપરથી તેણાની નજર ઉત-રતી ઉતરતી કેટના દુધ જેવા ગોરા હાથોપર ગઇ જેમાંના એકની આં-ગળીપર પેલી વેડીંગ રીંગ હાલ હતી નહીં તે ઉપરથી તે બોલી—

"ઠીક ત્યારે મીસ કેટ, આપણાં વચ્ચે એ સાટું પકકું થયલું સમજજો."

પ્રકરણ ૪૬ મું.

આરથર કારલ્યન અને મેજર મેડીસન જે રીતે હડધુત થઇ ફજેત થયા હતા તે રીતે હડધુત અને ફજેત થયલાં ઇનશાનની જે હાલત હોય તેવી હાલતે ગુસ્સાના અંગારથી ધગધગતી છાતીએ અને કીનાથી ભરેલી આંખો સાથે ડેસમન્ડ કારલ્યન અને કેટ આગળથી તેઓ ચાલતા થયા.

આરથર કારલ્યન તો એકેક કદમ ભરતો ગયો અને ડેસમન્ડને અને કેટને લાખો ગાળો ભાંડતો ગયો.

"એનું નખ્ખોદ જાય એ બેઉનુ" તે બોલ્યો અને મેજર તરફ એવાં તો ઝનુંનથી તેણે જોયું કે ઘડીભર તે મેજરને ધરંકો વટીક પડયો કે રખે તેની આગળનું તે હેવાન તેને કાચ્ચોજ કરડી ખાય! "એ બધું તેંજ કીધું, સમજયો! આય તેં મને શું મુસ્કેલીમાં મુકી દીધોછ?"

"મારી સાથે ચીડડાં પાડવામાં કાંઇ વળ્યું નહીં, આરથર" મેજર બોલ્યો "જે બન્યું તેને વાસ્તે તારે તારોજ ઉપકાર માનવાનો છે. હા, તારી ઉપર એણે કાબુ તો મેળવ્યો અને હવે ખુદા જાણેછ કે તેનો તે કેટલી હદ સુધી ઉપ્યોગ કરશે! ને કેટ મારી પોતાની દીકરી મારી વિરૂધ થઇ જાય, એબી એક ગજબજ કેની? હજુન એવાં બચ્ચાંના કરતાં એક ઇનશાન સરપ જણે તે ભલું!"

આરથર કારલ્યને તેની તરફ ડોળા ધુરકયા.

"બસ, બંધ કર એ ખાલી પટપટારો" તે બોલ્યો. "હવે મારી આગળ નાટક કરવામાં કાંઇજ સાર નથી. હવે તો સવાલ એ છે કે કેમ કામ લેવું? તું શું એમ ધારેછ કે મારી બૈરીને મારી નજર આગળજ તે છીણુવી લઇ પચાવી બેસે તે હું નામરદ હી-

ચકારાની માફક સાંખીને બેસી રહેવસ' ને વળી મારી દોલતનોબી એ ધણી થઇ નકજોજ, તે તો જો!"

"દોલત કોણુની? એની કે તારી?" મેજરે કાંઇક હીંમત પકડી સવાલ કીધો.

"એ પોતાનો હક્ક સાબેત કરે ત્યાં સુધી તો એ મારોજ ખેતાબ ને મારીજ દોલત કહેવાય!"

"ને તેને પોતાનો હક્ક સાબેત કરતાં વાર કેટલી લાગવાની?" મેજર બોલ્યો "મારા વ્હાલા આરથર, હવે એ રીતે ગડબડ ગોટ્યારૂં કરવામાં કાંઇ સાર નથી–ડેસમન્ડજ અર્લ છે એમ તે પોતે જાણેછ, કેટ જાણેછ અને સારી દુન્યા જાણતાં વાર નથી લાગવાની, એટલે એ વાતપર આંખ આડા હાથ કરવામાં સાર નથી. સઉથી સરસ રસ્તો તો મારા ધારવા પ્રમાણે એજ છે કે એણે જે શરતો કરવા માંગીછ તે કબુલ કરી દેવી, એ સરતો કાંઇ સખત નહીં પણ ઉલ્ટી ઘણીજ ઉદાર કહેવાય! હા, જો–કાંઇ—" ત્યાં મેજર બોલતો બોલતો અટકીને ઉભો.

"જો કાંઇ–શું?" આરથરે પુછ્યું.

"જો કાંઇ એનું કાટલું કાઢવાનું આપણુને સુઝ—"

"છટ" આરથર બોલી ઉઠયો અને તે વખતે તેની આંખોમાં દેખીતું ખુન હતું. "એવી વાહીયાત વાતો કરવી નકામી છે. તું જાણેછ કે એ આદમી મરવાને વાસ્તે જનમ્યોજ નથી. ને આય કાંઇ અમેરીકાનું જંગલ નથી કે જેને ગમે તેને ચટ ને પટ રસ્તે પ્હોંચાડી દઇયે! આય ઇંગ્લાંડમાં તેમ નહીં બને–તેમ બનવું મુશ્કેલ છે ને મને લાગેછ કે એનું મોત આવસે તે અગાઉ મારી ને તારી કબરપર ઝાડો ઉગેલાં હોસે!"

મેજર મુગોજ રહ્યો. હમણાં તેનાં મગજમાંથી કાંઇક વિચારો પવન વેગે પસાર થતા હતા. ખરૂં પુછો તો કાંઇ સારે યા નરસે બાંહાંણે તેની સાથવાલા પાસે પોતાના માંગતા રૂપ્યા ઓકાવી ઇંગ્લાંડથી પોબારા માપી જવાનો હાલ તે કાંઇ રસ્તો શોધવા પડયો હતો.

"ખેતાબ ને દોલતની મને કશી કનવાર નથી" આરથર બોલી ઉઠયો "મને દરકાર ને ગરજ છે ફકત કેટની! તેને જો મારા સપાટામાં લેઉં કેની—"

એટલું બોલી તેણે દાંત એવા તો કચકચાવ્યા કે જો જરા વધારે જોર કરતે તો તેનું ડાચુંજ ફાટીને ટુકડે ટુકડા થઇ જતે!

"હવે કેટ તુંને સપનામાં મળે તેજતો!" મેજર મોંહ ઠાવકું રાખી બોલ્યો. "મારા વ્હાલા દોસ્ત, તેં સુધલોજ નહીં ઠેકાણે રાખ્યો! કેટને હું બરાબર ઓરખુંછ ને તેથી કેહુંછ કે કેટ કદી હવે તારી નહીં થવાની!"

"ત્યારે મારૂં ગમે તે થાય તેની મને દરકાર નથી" આરથર બોલ્યો અને બોલતાં બોલતાં ઝનુંનમાં આવી જઇ પોતાનાં બુટની એડીએ જમીન ખોદવા તે પડયો. તેમ કરતાં તેની તે એડી કોઇ સંગીન ચીજ સાથે અફળાઇ હોય તેવો અવાજ આવ્યો અને તે બેઉ ચોંકયા. આરથર તેની તે એડી શા સાથે અફળાઇ તે જોવા નીચો વળ્યો અને હાથે હાથે તે બાજુની માટી ખોદી કાઢી તો તેના હાથમાં એક મોટી છરી આવી, જેને જોતો તે બેઠો. મેજરબી એ શું ખેલ છે તે જોયા કરતો હતો.

"ઘણું અજબ જેવું!" આરથર તે છરી તપાસતો બોલ્યો "અહીં જો, આ હેન્ડલપર નાની પટી જોઇ કે?"

"હા, તેનું શું?"

"આંધળો છે! આય પટીપર નામ કોણનું છે તે દેખાયછ કે?"

"નહીં, મને નહીં જણાતું—કોણનું નામ છે?"

"જો આય, વી—વાય—એસ—ઇ—વાઇઝ એ પેલો જેણે ડેસમન્ડને જખમ કીધો તેનીજ છરી હોસે."

"લાવ, જોઉં" મેજરે તેની પાસેથી તે છરી લઇને તપાસી "હા,

એજ નામ છે–એ નામ તેનુંજ કે?"

આરથરે ડોકી હીલવી હા કહી.

"આહ! ભલાં માણુસે એ છરીથી એને પુરોજ કેમ નહીં કીધો?" તે વળી પાછો દાંત કચકચાવીને બોલ્યો "એ વાત મને ડેસમન્ડની જે દાકટર સારવાર કરતો હતો તેણે કેહી. એ વાઇઝને કાંઇ એમ વ્હેમ પડયો કે જે છોકરીપર એનો ડોળો હતો તેની સાથે ડેસમન્ડ પ્યારમાં હતો ને તે પરથી બે વચ્ચે ટંટો ગઇ."

"હા, ત્યારે તો તું કહેછ તેમ તે ગધેડાએ એને પુરોજ કીધો હોતે તો ઠીક થતે ને પછી—"

"ચુપ—ચુપ—કોઇ આય તરફ આવેછ" આરથરે કોઇનાં તે તરફ આવતાં પગલાંના અવાજપર તેનું ધ્યાન ખેંચી તેને મુગો રાખ્યો.

બેઉ ચુપ ચાપ અને જ્યાં બેઠા હતા ત્યાં સ્થિર હીલ્યા ચાલ્યા વગર બેસી રહ્યા. તેઓ જ્યાં બેઠા હતા ત્યાં ઉંચાણ હતું અને તેથી તે આવનારનું પ્હેલે તેઓને માથું દેખાયું, પછી અડધું આંગ અને જરાવારમાં એક આદમીનો આખો આકાર તેઓની નજરે પડયો. તે નીચી મુડીએ જાણે કાંઇ જમીનપર પડેલું શોધતો હોય તેમ આસ્તે આસ્તે ચાલતો તેઓ તરફ આવ્યો.

મેજરે તેની તરફ બારીકીથી જોયું અને પછી તેણે પાસે બેઠેલા આરથરની બોંય ખેંચી તેને પોતાની પાસે લાવી કાનમાં પુછયું:

"જે છોકરીને વાસ્તે એ લોકને મારામારી થઇ તેનું નામ શું?"

"નેલી—નેલી ઉડ—કાંય વારૂં?"

પેલો આદમી તેઓની હાજરી જાણ્યા વગર તેઓની આગળ લગોલગ આવી લાગતાં તે ચોંકીને તેઓ તરફ એકી ટગરે જોતો જરા ઉભો અને પછી પોતાની ટોપી જરા ઉંચકી તેઓને સલામ કરી તે ચાલી જતો હતો તેટલાં મેજરે તેની તરફ જોઇ તેને પુછયું.

"સાહેબજી, ભાઇ—તમારૂં કાંઇ ખોહોવાઇ ગીયુંછ કે?"

"મારૂં? કાંય વારૂં?"

"કેમકે મને એક ચીજ મળીછ, તેથી હું પુછુંછ–તે એક છરી છે ને તે ઉપર વાઇઝ કરીને નામ છે. તમારૂંજ નામ વાઇઝ કે?" તે ઇનશાન તે એઉને ટગરટગર જોતો ઉભો અને પછી તે બોલ્યોઃ

"નહીં–મારૂં નામ જુદુંજ છે!"

"ત્યારે કદાચ તમે એ છરી જે વાઇઝની છે તેને ઓળખતા હોસો–તમેબી આય ખાણમાંજ કામ કરોછ કે?"

"નહીં, પણ એ વાઇઝને હું ઓરખુંછ."

"ત્યારે તો આય છરી એને પુગાડજોની" એમ કહી તે છરી મેજરે પેલા આગળ ધરી.

વાઇઝ–કેમકે તે તેજ હતો–તે લેવા ગયો પણ મેજરને વળી કાંઇ યાદ આવ્યું હોય તેમ તે છરી તેણે પાછી પોતા તરફ ખેંચી લીધી અને બોલ્યો—

"વાઇઝ–વાઇઝ! અરે હા, હવે મને યાદ આવી; એ પેલોજ જેણે કલીફર્ડ રેવનપર જીવલેણ હુમલો કીધો હતો અને લગભગ મોતના ડાચાંમાં તેને છોડી ચાલતો થયો હતો–તેજ એ વાઇઝ!"

આ સાંભળી વાઇઝનો ચ્હેરો ફીકો મારી ગયો અને તેના ટાંટયા ઉઠલાઇ જતા હોય તેમ તેને લાગ્યું.

"હું કાંઇ તે બાબદ જાણતો નથી" તે બોલ્યો "ને મેં એ નામ કદી સાંભળ્યુંબી નથી–હું આય તરફ તદ્દન નવો ને અજાણ છેઉં."

"ઓ એમ છે?" મેજર બોલ્યો "હું તો જાણું કે તમે વાઇઝના દોસ્ત હોસો ને તમે એ વાત જાણતા હોસો–અલબત વાઇઝે એ કામ ઘણું ખોટું કીધું, પણ જે મેં સાંભળ્યુંછ તે પરથી તો કેહી શકું કે કલીફર્ડ રેવને તેને કારણ ઘણું ધાટકી આપ્યું હતું. મેં તો સાંભળ્યું કે વાઇઝ ને તેની માશુક નેલી ઉડની વચ્ચે રેવન આયો ને તે બીચારીનું મગજ તેણે ફેરવી નાંખ્યું."

"એમ થયું કે?" વાઇઝ બોલ્યો.

"ખરેજ! કલીફર્ડ રેવનનું એ કામ અલબત ઘણું ધ્રાટકી કહેવાય—અલબત વાઇઝની ઉપર રેવન સરસાઇ ભોગવે ખરો. રેવન ખાણનો મેનેજર ને વાઇઝ માત્ર ત્યાં એક મજુર; પણ તેથી શું એક પ્રમાણીક મજુરને તે ગરીબ હોય તેથી પોતાનાં દીલને ગમતી પરણેતર લેવાનો હક્ક નથી? એ રેવન ત્યાં આવી લાગો તે અગાઉ કહેછ કે એ બે જણને—વાઇઝ-ને નેલીને—ઘણો સંપ અને તેઓ વચ્ચે ઘણો પ્યાર હતો. રેવન આયો ને વાત હાથથી ગેઇ!"

"હા, એમજ, હતું" વાઇઝ બડબડયો અને મેજરે તે જાણે સાંભળ્યું નહીં હોય તેમ તે અખાડા કરી ગયો.

પ્રકરણ ૪૭ મું.

થોડીક પલ તે ત્રણે ચુપ રહ્યા. અલબત આરથર એ વાતમાં કશો ભાગ લેતોજ નહીં હતો.

પછી મેજરે પાછી વાત ચલાવી:

"એક તદન નવા આવી વસેલા તરફની એવી વર્તાણ અલબત એક ઇનશાનથી નહીંજ ખમાય તે છતાં, મારે કહેવું જોઇયે કે તમારા દોસ્ત વાઇઝે તેની ઉપર ઘણો જબુન હુમલો કીધેલો કહેવાય!"

"એમ કે? ત્યારે મેહેરબાની કરી તમેજ કેહોની કે વાઇઝની જગ્યાએ તમે હોવો તો તમે શું કરો?" વાઇઝે જરાક મીજાસ ખોહીનેજ પુછયું.

"તે તો—તે તો—હું નથી જાણુતો—હું કેહી શકતો નથી—પણ હુંબી એક ઇનશાન છેઉં ને કદાચ એવોજ કાંઇક ઇલાજ લેવાને હુંબી લલચાતે એ બનવા જોગ છે. અમે બેઉ હમણાં ખાણપરજ જઇ આયાછ. હું એક જસ્ટીસ ઑફ ધી પીસ ને મેજીસ્ટ્રેટ છેઉં" મેજરે હાંકયું

"એટલે એ બીના શું હતી તેની તલાશ કરવાની મેં ફરજ વિચારી ને કહેવાને દલગીર છેઉં કે તેનું પરીણામ ઘણું અસંતોષકારક આયુંછ—મેં તો તે કલીફર્ડ રેવનને સાફ સાફ કેહી દીધું કે બે જણ જેઓ એક-મેકને કાંઇ મુદ્દતથી ચાહતાં આવેલાં, જેઓ પરણીને એક થવાની ઉમેદ બાંધી બેઠેલાં તેઓની વચ્ચે આવવામાં તેણે સીર્ફ હીચકારાપણુંજ બતાવેલુ કહેવાય—પણ, ઘણી દલગીરીની વાત છે કે પોતાની જીદ્દને તે હજુનબી વળગી રેહ્યોછ ને કહેછ કે જીવ જશે ત્યારેજ એ છોકરીને તે છોડસે."

"એમ? તે એમ કહેછ?" વાઇઝ અહીં હવે ઉશ્કેરાઇને બોલ્યો "તે હજુન એમ કહેછ? તે તે છોકરીને નહીંજ છુટી મુકવાનો, હેં?"

"હા, ને મને ખરેખર ઘણીજ દલગીરી લાગેછ કે એને એ જીદ્દ પકડવાનું શું કારણ? મેં એને ઘણો સમજાવ્યો કે તેમ કરીને તું તે બીચારીને ઘણું નુકશાન કરેછ—ઘણી દુ:ખી કરેછ ને તેના પ્હેલા આશક વાઇઝ તરફ ઘણો ઘાટકી થાયછ; પણ તેની ઉપર જરાબી અસર થવા નહીં પામી! ને મને તો લાગેછ કે તે બીચારીનું સર્યામ સત્યાનાસ નીકળી જવાનું—ગરીબ બીચારી!"

વાઇઝની છાટીની ધમણ હવે જોરથી ઉઠબેસ કરવા લાગી. મેજર જે અકેક બોલ બોલતો હતો તે જાણે તેનાં હૈયાંમાં પજરતા આતશ ઉપર તેલનાં અકેક ટીપાંની માફક અસર કરી રહ્યો હતો.

મેજર પોતાનાં બોલવાની એ અસર તપાસ્તો પોતાના છુપા સંતોષ વચ્ચે બેઠો હતો.

"એ વાઇઝનું તે પછી શું થયું તેની મને ખબર નથી" પાછું તેણે ચલાવ્યું. "ને તે હું જાણવા માંગતોબી નથી, કેમકે, જો કે તેને જો કદી મારી આગળ લાવી ઉભો કરવામાં આવે તો મારી ફરજની રૂહે મારે તેને સજા તો કરવીજ પડે, તે છતાં, હું તો કેહુંછ કે મારી તેની તરફ દીલસોજી છે."

"બરાબર છે, સાહેબ, બીચારા વાઇઝનો કાંઇ વાંક નહીં" વાઇઝ બોલ્યો.

"હા, ને કદાચ એમથી બને કે મી૦ કલીફર્ડ રેવનપર એક બીજો હુમલો તે કરેબી. આય એક એવી એકાંત જગ્યા છે–ને કલીફર્ડબી રહેછે એવા એકાંતમાં કે વાઇઝને એકવાર ફરીથી તેના હરીફ ઉપર હાથ અજમાવવાની લાલચ થાય એ બનવા જોગ છે; ને તેથી તેની આય છરી તમુને આપવાની મારી મરજી નથી. તેથી હું કાંઇ એમ નથી કહેતો કે વાઇઝ પોતાના હરીફની લગોલગ જઇનેજ તેને પુરો કરશે, કેમકે, પેલો રેવન તેની છેલ્લી જીવલેણ માંદગી છતાંબી વાઇઝ જેવાને માટે તો પુરતો જોરાવર હાલ દેખાયછે. પણ કદાચ કેઇ ભરાઇ છુપાઇને બંદુકનો તે ઉપ્યોગ કરે–તમે પેલી હમણાંની એરગન જોઇછ કેની? ફુટતી વખતે જરાબી અવાજ નહીં! મને તો જરૂર લાગેછે કે બીચારો વાઇઝ એ ઇલાજ જરૂરજ અજમાવસે."

પેલો ગરીબ બીચારો (!) વાઇઝ પોતાના કોટનાં ખીસાંમાં હાથ નાંખી મેજરને ટીકતો ત્યાં ઉભોજ રહ્યો.

પણ મેજરે હજી પોતાનું બોલવું–અને તેમ કરી તેની સામે ઉભેલાં ઇનશાનને ઉશ્કેરવાનું–પુરૂંજ ક્યાં કીધું હતું?

"જુવોની, જો વાઇઝે બરાબર નેમ ટાંકી તો કોઇનાબી જાણ્યા વગર તે પેલો તેનો હરીફ માર્યો જવાનો, ને લાગ જોઇને વાઇઝ અહીંથી પોબારા ગણી જાય તો સદાનો તે છટક્યો સમજવો–અલબત, ખુદા કરે ને એ વિચાર વાઇઝને નહીંજ આવે; પણ તે આવે કે ન આવે હું આય છરી તો તેને પાછી સપુરદ કરવા તમુને નથી આપવાનો, કેમકે એનો જો તેણે ઉપ્યોગ કીધો તો ખાના ખરાબીજ સમજવી."

"હા, તે ખરૂં સાહેબ–પણ તે કુતરા કલીફર્ડ રેવનને—"

"સબર, સબર, ભાઇ તમારે એવા સખ્ત બોલો તેને માટે નહીં વાપરવા જોઇયે! અલબત વાઇઝની તરફથી તમોને ઘણું લાગતું હોસે. જો કલીફર્ડ રેવનની જીંદગીને કાંઇ જોખમ પ્હોંચ્યો ને તમે તેને માટે વાઇઝ તરફથી આવું સખ્ત બોલતા હતા એમ કોઇને માલમ પડશે તો

તમે જોખમમાં આવસો, તેથી મારા દોસ્ત તમુને હું સલાહ આપુંછ કે તમે એવું ફાટું ફાટું ના બોલો, ને વાઇઝ તમુને મળે તો આપણુ વચ્ચે થયલી આય વાતચીત તેને તમે કહેતાજ ના."

"નહીં સાહેબ, હું તેની આગળ કાંઇજ નહીં કહેવસ."

"બરાબર, ને હવે માફ કરજો હં, ભાઇ તમારો મેં ઘણો વખત લીધો—ને—ને—તેનો મારે તમુને કાંઇ બદલો તો આપવોજ જોઇયે, કેમકે, આજનો વખતજ એવો ખરાબ છે કે સૌને પોતાનો વખત લેવો આજે ભારી છે, ખરૂં કેની?"

"હાજી, દાહડે દાહડે ગરીબી વધતીજ જાયછ, ને—ને—" વાઇઝ, મેજરને પોતાનાં ગજવાંમાં હાથ નાંખતો તરસી નજરે જોઇ બોલ્યો.

વાઇઝ પોતાનાં ગજવામાંથી બે સીક્કા કાઢી તેને આપતાં બોલ્યો—

"લેવો, આય હાલ તુરત તમુને સુબા જેવા કામ લાગસે, સાહેબજી."

વાઇઝે તે લીધા અને મેજરને સાહેબજી કરવા તેણે હાથ ઉંચકયો કે તે સીક્કા ઉપર મેજરની નજર પડી.

"અરે! મેં તમુને શું આપ્યું?" તેણે તેને પુછયું.

"બે પાઉન્ડ, સાહેબ" તેને તે સિક્કાઓ બતાવી વાઇઝ બોલ્યો.

"અરરર! હું તો જાણું કે મેં બે શીલીંગજ કાઢી! ચાલો વારૂં તમારાં નસીબમાં તે હોસે તેમાં તમે ને હું શું કરસું? હવે કાંઇ તે પાછા લેવાય? નહીં, તેમ કરવાની મારી મરજી નથી—ને જુવો એ દારૂ બારૂ પીવામાં ખરચી ના નાંખતા—ને વાઇઝ આગળ કાંઇજ બોલતા ના, હં કે!"

વાઇઝે તે બાબે તેને પાછી ખાતરી આપી અને તેને તેમજ આરથરને સલામ કરી તે ચાલી ગયો.

હવેજ આરથરની બોલવાની વારી આવી.

"એ સત્યાનાસનો ગીયો, તું શું ઉંડાં પાણીમાં ફરેછ, કાંઇ

સમજ પડે?"

"મારા વ્હાલા આરથર—"

"તું જાણેછ કે એ પોતેજ વાઇઝ છે, ને તું ખરેખર મુસ્કેલીમાં આવી પડસે!"

"શાની? મુસ્કેલી શું ને વાત શું? હું તેની આગળ બોલ્યો તે સારી જગને ખબર છે; ને ધાર કે તે પોતે વાઇઝ છે એમ તે કબુલ કરે, તો હું ખોટા સોગંદ ખાઇ ભર કોર્ટમાં કહેવસ કે હું એને ઓરખતોજ નથી! ને મેં તો એને વાઇઝનો દોસ્ત સમજી વાઇઝને વાસ્તે સારીજ સલાહ આપી. મેં તો ઉલ્ટી વાઇઝની છરી એને આપવાની ના પાડી કે રખેને કાંઇ ગુનાહ થાય! હું તુંને તે માટે સાક્ષીમાં બોલાઉં ને મેં જે તે આદમીને કેહ્યું તે તારી પાસે પાછું કોર્ટમાં બોલાઉં!"

"ને તેં તેને વગર મતલબે ત્યારે બે પાંઉન્ડ આપ્યા?"

"તે તો ફકત એક ભુલ થઇ એમ કહેવાનું! હું તો બે શીલીંગ સમજ્યો ને તારા દેખતાંજ તે બાબે મેં અજાયબી દેખાડી કેની? અરે, તારૂં ભલું થાયરે! એક રખડેલ જેને હું ઓરખું નહીં પારખું નહીં તેને એમ બે પાઉન્ડ આપી દેઉં? તે એક માત્ર ભુલ હતી ને એક ગૃહસ્થ તરીકે મારી તે ભુલ મને સુધારવા ગમી નહીં—બીજું શું? તું હરવાયો આય દુન્યામાં કામનો લેતો!"

આરથર કારલ્યને તેની તરફ ટીકબાજ કીધું.

"મેજર, તું જબરો ખરો—હું તો ધારૂંછ કે ખુદાને જો અગમચેતી થઇ હોતે કે દુન્યા બનાવી તેમાં માણસોને પેદા કીધા પછી બધાંજ માણસો તારાં જેવાં નીકળશે તો ખુદાએ દુન્યા બનાવવાનો વિચારજ છોડી દીધો હોતે! ને—ને—તું એમ ધારેછ કે એ આદમી આપણને મદદ કરશે?"

"એ સવાલનો સીધો જવાબ આપવાને હું ધસીને ના પાડુંછ"

મેજર બોલ્યો "પણ જો થોડીક મુદતમાં હું એવું સાંભળું કે કલીફર્ડ રેવન ગોળીથી બેજાન થયેલો અહીંજ કેટેથી મળી આયોછ તો હું અજબ નહીં થાઉં."

"હવે તેટલાં ત્યારે આપણે શું કર્યે?"

"આપણે હવે છુટા પડયે. મારૂં તું માને તો હવે તું થોભ ને મજાહ જોયા કર. ડેસમન્ડ ને કેટની વચમાં આડે આવવાનું મુકી દે. જો ડેસમન્ડને કાંઇ થયું તો બધીજ બાજી ઉલ્ટાઇ જવાની ને પછી સવારી કરવાનો તારો વખત આવસે. હાલ તુરત તું લંડન જઇને મજાહ ઉડાવ!"

એકબી બોલ બોલ્યા વગર તે બે આદમીઓ–એક સેતાન ને બીજો તેનો સાથી–છુટા પડયા. તે બે કે જેઓ એકમેક તરફની લાગણીની બાબદમાં ઉતર અને દક્ષીણ ધ્રુવ જેટલા જુદા હતા, પણ, જેઓ કલીફર્ડ તરફની બુરી વાસનામાં એકજ હતા.

પ્રકરણ ૪૮ મું.

કેટમાં થોડા વખતમાં એવો તો મોટો ફેરફાર થઇ ગયો કે જાણે પેલી આગલી કેટ મેડીસન કાંઇક વર્ષો થયાંની નીસ્તીમાં નાબુદ થઇ હોય અને જે કેટ આજે પેલી જેસના ઓરડામાં બેસી સીવતી હતી તે તદન પેલી કેટથી કોઇ જુદીજ હોય!

જેસને ત્યાં તે હરીહામ થયા પછીને બીજા દીને ડેસમન્ડ કારલ્યન પર કેટે એક ચીઠી લખી. તે નીચે મુજબ ટુંકી અને ટચ હતી.

> "મને માફ કરજો. હું તમે મને જયાં સગવડ કરી આપી ત્યાં રેહી નહીં શકી. હાલ હું તદન સલામત ને સારી પખે છેઉં, ને દુવા ગુજારૂંછ કે તમે સુખી રેહો ને આપણો મેળાપ હવે કદી થાયજ નહીં."

તે કાગળની નીચે તેણીએ પોતાની સહી વટીક કીધી નહીં, અને તેમ નહીં કરવાનો તેણીને સબબ હતો. પોતાનું તે ધિક્કાર ભરેલું પર-

ણયું નામ લખવાને તેણીને કમકમાટ છુટો અને તેણીએ પોતાનું કેટ નામ હાથે કરીને નહીં લખ્યું કે રખે તેથી તેને ઉતેજન મળે અને વળી તેનો પ્યાર તેણીની તરફ ઉશ્કેરાઇ આવે.

એ રીતે એ કાગળથી તેણીની આગળી જીંદગીને પાછળ નાંખી તેનું સેવટ આવેલું સમજી, પોતાની આ નવી શુરૂ થતી જીંદગીથી તે આગળી જીંદગીને ભુલી જવાની તેણીએ તજવીજ કરવા માંડી.

પ્હેલે પ્હેલે તો તેણીને એમ લાગ્યું કે જેસ, અમસ્થું તેણીને દેખાડવા કે તેણી કાંઇ કોઇનાં ઘરમાં નકામી પડી રહી હરામનો રોટલો નથી ખાતી તેથી તેણીને કામ સોંપતી હતી, અને તેથી તેનાં મનને બેચેની ઉપજ્યા કરતી હતી, પછી એક દીવસે તેણીએ તે ભલી જેસને કહી દીધું કે—

"જેસ, તમે મને ખરેખર બરાબર કામ સોંપવાનાં હોવ તો સોંપો, નહીં તો હું મારો રસ્તો પકડસ."

જેસે જોયું કે ખરેખર હતી તે છોકરી એક તો દુઃખથી કંટાળેલી અને મગજ ફેરાવન વાસ્તે પોતાની જીદને વળગી ન રહેતાં તેણીએ કેટને ખરેખર કામ સોંપવાનું કીધું અને એમ મજેહથી ગાહું ગબડતુંજ રહ્યું.

આખરે દાહડાઓ અઠવાડયાંમાં અટવાઇ જતા ગયા અને કેટ શાંતીથી પોતાની જીંદગી ગુજારવા લાગી. કોઇને કેટના રૂમમાં જવાનો હોકમ નહીં હતો અને તેથી બાહારની દુન્યાના સંબંધમાં કેટ જાણે બંદીખાને પડી હોય તેમ હતી. તે બેઉ છોકરીઓ વચ્ચે એખલાસ આસ્તે આસ્તે વધતો જતાં તે અત્યારે અરસપરસની પ્રીતના આકારમાં સંગીન ગંથાઇ ગયો હતો. જેસ જો●ચોખી થઇ કેટની ઉપરથી ઓઢાઇ પંથરાઇ નહીં જતી હતી, તે તેવા 'મુડ'માં હતીજ નહીં, કેમકે, કેટ જોતી હતી કે કોઇ કોઇ વખત પોતાનાં કાળાં ભમર ભવાંનો ચીલ્લો ચઢાવી, આંખોમાંથી ઝનુંનનો અંગાર ફેંકતી એક બાજુએ તે

ગુપચુપ બેસી રહેતી હતી, છતાં તે કેટ તરફ ઘણી નરમાશ ભરેલી અને માયાળુ હતી, અને જેમ એક વડી બેહેન પોતાની નાહની બેહેનનાં સુખ સગવડની કાળજી રાખે તેમ દરેક વાતની કેટની તે જેસ તજવીજ રાખતી હતી.

દોઢ બે મહીના થઇ ગયા કેડે એક રાતે તેઓ બેઉ–કેટ અને જેસ–સાથે સીવવા બેઠાં હતાં. કેટ કોઇ નવા પોશાકની તરાંહ કાઢતી હતી અને જેસ પોતાના એક ગમથી ફાટેલા ગાઉનને તેભો ભરતી હતી. એમ તેઓ અડધોક કલાક પોત પોતાનાં કામમાં રોકાઇ રહ્યાં હતાં, પણ તે દરમ્યાન કેટે જોઇ લીધું કે જેસ વળી કાંઇ ચટપટનાં પડી હતી, વળી તેને પેલા પોતાના એકાંત અને ઝનુંની મુડમાં ઉતરી જવાની ઉશ્કેરણી થવા માંડી હતી, અને આખરે થયુંબી તેમજ; કેટની તે બીહીક અંતે ખરી પડી, કેમકે, એકાયક જેસે પોતાના હાથમાંનું સીવવાનું ટેબલપર પટકયું અને ટડાક દઇને ઉઠીને તે ઉભી થઇ, અને ઓરડામાં ફેરા ફરવા લાગી.

"જેસ, શું છે?" કેટે ઘણાજ મીઠાસથી પુછ્યું "તું સીક છે કે? જરા કામ મુકી દઇને આસાયશ કાંય નહીં લેતી? અહીં જો–આય મેં તરાંહ કાઢીછ તે જો"

"નહીં, નહીં આજે મને કાંઇ કામ હાથમાં લેવા ગમતું કે નહીં કેડે જંપીને બેસ્વા ગમતું ને બેહેન તું મારીપર ધ્યાન ના આપ, તું મારી કાળજી ના કર ને—"

"નહીં, જેસ, બેઅદબી માફ છે પણ તુંને એમ દુ:ખી જોઇને મારૂં હૈયું ભેદાયછ; હું જાણુંછ–મારી ખાતરી છે કે તું કોઇ વાતે દુ:ખીજ છે!"

જેસ હસી પડી અને બોલી—

"દુ:ખી! હા, હું દુ:ખી છેઉં ને ઘણી વાજબી રીતે દુ:ખી છેઉં–અને સુખી કોઇ દાહડે હું થવાની નથી; પણ આજે મને મારૂં

એ દુઃખ વધારે ઘેરેછ–હું જાણે આય ઓરડામાં ગુંગળાતી હોઉં તેમ મને લાગેછ–મને જાણે એવું લાગેછ કે–કે—" અને ત્યાં બોલતી અચકી પડી જેસ કેટ તરફ જોઇ બોલી "ધખારાનો તુંને કાંઇ અનુભવ છે કેટ? જાણે જે બનાવને માટે આપણે વરસો સુધી ટળવળતાં ફર્યાં હોઇયે ને તે જ્યારે આપણા સંબંધમાં બનવાનો હોય ત્યારે તે વાતનો આપણને ધખારો થયાજ કરે એ વાતનો તુંને કાંઇ અનુભવ છે?"

"હા, તેમ થાયછ ખરૂં, પણ તે કાંઇ ખરૂં નથી પડતું" કેટ, જેસના સખ્યારાને ખાતર હસીને બોલી.

"હા, તે તો હુંબી જાણુંછ પણ, એવો કાંઇક ધખારો આવેછ કેની? તેમ મને આજે રાતે થાયછ."

"વ્હાલી જેસ, જરા બાહાર હવામાં જા, ને જોજે તારો જીવ હુસ્યાર થઇ જશે."

વળી પાછી જેસ હસી.

"તું એમ ધારેછ, કેટ? લે, ત્યારે જરા જઇ આઉંછ–માફ કરજે હં કે મારા રોદરા તારી આગળ રડી તુંને હું જારતી દુઃખી કરૂંછ! પણ જો તું જાણે કેની—"

"હું જાણુંછ–હું જાણુંછ કે કોઇ વાતે તું ઘણી દુઃખી છે, વ્હાલી" કેટ પોતાના નાજુક હાથે જેસના ગાલ પસવારી બોલી.

"ને તું તે કહાં સુખી છે? પણ તું ધીરજવાલી તું એક ઉંચ તોખમની છોકરી છે ને હું સાધારણ લોકમાંથી ઉધરી મોટી થઇછ તેથી તેમ હોસે."

"હું વ્હાલી મારી મુરખાઇને લીધે ખમુંછ" કેટ બડબડી.

"ને મારોબી હાલ તેમ છે પણ મને તે ખમવાની ધીરજ ને સબુરી નથી–એક દાહડો મારો એવો નથી ગીયો કે હું કીનાને વાસ્તે તરસી નહીં હોઉં! જો તે દાહડો નહીંજ આવવાની મારી ખાતરી થશે તો—પણ, ચાલ જરા હું જઇ આઉં."

"જેસ, તારી સાથે હું આવું?" કેટને આજે તેનું મીજાન ઠીક ન લાગ્યાથી તેણીએ તેને પુછયું "હું કાંઇ બોલસ નહીં, જરાબી તુંને કંટાળો આપસ નહીં! મને તારી સાથે આવવા દે–મને તું એકલી જાયછ તે પસંદ નથી!"

"નહીં, નહીં! હું એકલી જવસ તોજ મારો જીવ વેરાસે–તું કાંઇ બીહીના, હું નહીં જીવપર કરૂં–મને મરવાને હજુન વાર છે!"

"જેસ! એ શું—?" પણ તેટલાં તો જેસ બાહાર નીકળી ગઇ, બારણું બંધ થઇ ગયું, અને કેટ ઓરડામાં એકલી પડી.

જેસ બાહાર રસ્તે પડી અને કયે રસ્તે જવું–ડાબે કે જમણે–તેનો વિચાર કરતી જરા તે થોભી. એકાદ પલ વિચાર કરી તેણીએ પીકાડીલી તરફનું હેયું લીધું અને જરાવારમાં તે સેંટ જેમ્સ સ્ટ્રીટ નામે ઓળખાતા રસ્તાપર આવી લાગી. ત્યાંની કલબોનો મેહેમાર ધુમધોકાર ચાલતો તેણીની નજરે પડયો–ત્યાંના એસ્કી નોકરો અને બટલરોને એમથી તેમ દોડધામ કરતા તેણીએ જોયા; અને તે કલબોની સીડીપરથી બે ત્રણ જન જતા તો ત્યાંથી બે એકને ઉતરતા તે જોતી જરા થોભી. એમ કરતાં અને ત્યાંનો ભરચક મેહેમાર જોતાં તેણીનાં મનને કાંઇક કરાર વળેલો તેણીને લાગ્યો.

"નહીં, આજે રાતે મને નહીં લાગતું કે તે મારા હાથમાં સપડાય!" તે મનસે બડબડી, અને ઘેર તરફ પાછું ફરવાનું તેણીએ શુરૂ કીધું.

પણ, તેટલાંજ ત્યાંની એક કલબનું કાચનું બારણું ઉઘડયું અને એક ગૃહસ્થ ત્યાંની મોટી સીડી ઉતરી આવતો તેણીને દેખાયો. તેને જોઇને જેસ ચોંકી અને તુરત ઉભી રહી ગઇ. પછી તુરત એક અંધારી જગ્યે તેણી ચાલીને ઉભી અને ડોકાવીને પેલા ગ્રહસ્થ તરફ ટીકીને જોવા લાગી.

તે ગૃહસ્થ તે સીડી ઉતરી રહી ગાડીની શોધમાં એમ તેમ જોઇ અને કોઇ ગાડી નહીં નજરે આવ્યાથી બડબડતો બડબડતો તે આગળ ચાલ્યો.

જેસ પોતાની છુપાવાની જગ્યેથી બાહાર આવી અને તેની પુઠે પુઠે ગઇ.

આરથર કારલ્યન, કેમકે તે તેજ હતો તે, ચાલીને ગાડીનાં સ્ટાંન્ડ તરફ જતો હતો તેટલાં તેનાં ખભાંપર કોઇનો હાથ પડેલો જોઇ તે ચોંકીને ઉભો.

"ક્લૉડ!" જૅસ તેનાં ખભાંપર હાથ મુકી તેને ઉભો રાખી બોલી.

અને તેને જાણે છાટીમાં એકાદ ગોળી વાગી હોય તેમ તે ચોંકયો અને તેણી તરફ જોતો ઉભો. ત્યાંનાં એક ફાનુસની રોશણી તે બેઉ—જેસ અને આરથર—ના ચેહરાપર પડતી હતી જે ઉપરથી જોઇ શકાતું હતું કે બેઉનો ચ્હેરો પલંગપરની તુરતની પાંથરેલી નવી ચાદરના જેવો સુફેદ હતો. તેના ચ્હેરાપર ધાસ્તી અને પેલીના ચ્હેરાપર ધિક્કાર અને કીનાનો જોશ પ્રગટી રહ્યાં હતાં.

પ્રકરણ ૪૯ મું.

"ક્લૉડ!" જેસે તે આરથર કારલ્યનને તેને જે નામે તે ઓળખતી હતી તે નામ દઇને પાછો બોલાવ્યો.

"એ તું કોણ છે રે?" તેના કબજામાંથી પોતાનું ખભું છટકાવવાની કોશેશ કરતો તે બુમ પાડી ઉઠયો; પણ તેનું તે ખભું તેણીના પંજામાં એક સેકરાની માફક જકકડ પકકડ થઇ ગયું હતું.

"તું મને નહીં ઓરખતો?" તે બોલી "તું જુઠા ઢોંગ કરેછ, ક્લૉડ હેમીલટન, તું મને ઓરખેછ હું કોણ છેઉં તે. લે હું તુંને કેહું. મારૂં નામ જેસ છે. જેસ! તારી જેસ! તું સાંભળેછ કે? પેલીજ કે જેનો નાસ કરી તું નાસી ગીયો'તો!"

કલબમાં પાણાના જુગારમાં તે એક તો હારીને ઉતર્યો હતો અને વળી દારૂબી તેણે ભારોભાર પીધેલો હતો એટલે તે હતો તે કરતાં હાલ

વધુ હીચકારો બની ગયલો હોવાથી તેનાં ટાંટયા ધ્રજવા લાગ્યા હતા!

"હત તેરીકી! કોણ? જેસ?" તે આખરે બોલ્યો.

"હા, એ હુંજ!" તે તાણો મારતી ઢબે બોલી. "ડોળા ફાડીને જો! મારામાં કેટલો ફેરફાર થઇ ગીયોછ, પણ તે છતાં જરા એકાદ બે મીનીટ ધારી ધારીને જોસે તો તું મને ઓરખસે. મેં તો તુંને ઝટ ઓરખ્યો, કેમકે, તારામાં એક રજ ભારબી ફેર નથી પડયો; ને ફેર પડે કહાંથી? દુઃખ તેં નહીં, પણ, મેંજ ખમ્યું કેની?"

તેનો હવે ચ્હેરો જરા કજરાયો, અને તેના હોઠ ફડફડ ઉડવા લાગ્યા.

"હા, એ તો જેસ છે!" અજબ થઇ હસવાના ઢોંગ કરી તે બોલ્યો "ઓ, ખુદા! શું નસીબ? તુંને બધે મેં કેટલી શોધી, જેસ!"

"આય વળી બીજું જુઠું!" જેસ બોલી. તે મોટે સાદે નહીં બોલતી હતી, પણ એકેક બોલનો એવો ખુલ્લો ઉચ્ચાર કરતી હતી કે તે જે બોલતી તે તેને ખુલ્લું સંભળાતું હતું. "તું મને નહીં, પણ, હું તુંને શોધતી હતી, ને આખરે તું મળ્યો!" અને તે હવે મળ્યાથી તે તેની ઉપર કેવોએક કીનો લેવાની હોય તેવા તૌરથી તે આ છેલ્લા શબ્દો બોલી હતી. "તું મને જોઇને ખુશી છે કેની? હું તો તુંને જોઇને ઘણીજ ખુશી છેઉં!"

"હાજતો, હાજતો" તે બડબડયો "તું જેસ હમણાં કહાં રહેછ?"

"તેની તુંને શું ફીકર ને ચીંતા?" પોતાનું ઝનુંન જેમ તેમ દાબીને તે બોલી "તું જાણે કે હું તો કહારની મરીબી ગઇ હોવસ! તે મારાં મોતની તેં બીચારાએ તલબબી એવી કંઘી હોસે કે જે કોઇ તુંને તે ખબર ખરી તરીકે આપને તો તેને તું તારી દોલતથીબી નીવાજવાને ચુકતે નહીં! નહીં, 'ના'ના કહે; મને બધી ખબર છે! પણ લે, હવે તો હું આય જીવની જાગતી તારી સાંમે ઉભીછ, કલૅાડ—ને તુંબી મને મળ્યોછ!"

"જો, જેસ, તુંને ખરૂં કહું? અહીં રકાસ કરવામાં કાંઇ હાંસેલ છે?"

"નહીં, ને રકાસ કરવાની મારી મતલબબી નથી. પણ, હવે જ્યારે તું મને મળ્યોછ તો તારો પીછો હવે હું મુકનાર નથી, તુંને કદી છોડવાની નથી. ને બોલ, હવે તું શું કરવા માંગેછ?"

"હું શું કરવા માંગુંછ? એટલે?"

"હા! તું શું કરવા માગેછ? હું તુંને પુંછુંછ ને તારી તરફથી જવાબ માંગુંછ. તેં મને પણવાનું વચન આપ્યું'તું તે તુંને યાદ છે કેની?"

"હા–હા, તે મને યાદ છે" તે નબળે અવાજે બોલ્યો.

"તું મને ભુખે મરતી છોડીને ચાલતો થયો! પણ, હવે તો તુ તારૂં વચન પાળશે? હા, પણ સબર, કદાચ તું તો અત્યાર અગાઉનો પરણીબી ચુકો હોસે?"

"નહીં, નહીં, હું હજુન નથી પણ્યો."

એ સાંભળતાં તેણીએ નચીંતાઇનો એક દમ ખેંચ્યો.

"ને જો તું મને હમણા 'હા' કરીને જવાબ આપતે તો તુંને હું મારીજ નાખતે! તું નથીજ પણ્યો ત્યારે તું મારી સાથે પનસેકેની? તારૂં વચન યાદ કર! જો, મારી તરફ જો કે હું એક વખત શું હતી ને તેં મને આય શું કીધીછ! બોલ, જવાબ આપ! મારી સાથે તું પનસેકે?"

"અલબત, વગી પણુનસ" તે બોલ્યો "મેં તુંને કહ્યુંની કે હું તો તુંને શોધતો'તો? તું નહીં જાણુતી કે આપણુને બે જનને કેટલો સંપ હતો? અલબત તુંને પણુનસ તેમાં શક શું? અરે, તુંને છોડી ગીયો તે વખતે હું કેટલો સંકડામણુમાં હતો તેની તુંને શું ખબર? જો કે તેમ કરતાં મારૂં દીલ ઘણુંજ દુઃખાયું ને તેથી તો વરસો થયાં તારી શોધમાંજ હું હતો–હું ખરૂં કેહુંછ!"

"વારૂ, હવે તું રહેછ કયાં?" તેણીએ પુછ્યું "તું મને મળ્યોછ, એટલે, તુંને હવે વ્હીલો નહીં મુકાય!"

"લે, આય મારૂ સરનામું" એમ બોલી તેણે પોતાનાં ગજવા-માંથી કાર્ડ કેસ કાઢી તેમાંથી એક કાર્ડ તેણીને તેણે આપ્યો.

તેણીએ તે લીધો અને એક ફાંનુસ આગળ જઈને તે વાંચ્યો.

"લૉર્ડ કારલ્યન? વાહ! તું તો એક મોટો લાર્ડ સાહેબ છે?"

"હા–હા" તે બોલ્યો "મને એ ખેતાબ હમણાંજ વારસામાં–"

"તું મને ભુખે ટળવળતી છોડી ગીયા પછી? ત્યારે તું તો મોટો લાર્ડ થઈ ગીયોછ! ને આય ૨૦૧ પાર્ક લેન તે શું?"

"એ મારૂં રહેવાનું ઠેકાણું" તે બોલ્યો "તારે ગમે તો ત્હાં તું આવીને મને મળજે."

"ચાલ ત્હારે, એક ગાડી બોલાવ" તેણીએ તેને દમમાંજ હોકમ કીધો. અને તે તેના હોકમને તાબે થયો અને તેઓ બન્ને તે ગાડીમાં બેઠાં.

"જેસ, તું રકાસ તો નહીં કરસેની?" તેણે તેને ગભરાઈને પુછ્યું "જોની મારે ત્હાં નોકર–નફરો––"

"નહી, હું નહીં રકાસ કરૂં; પણ, હમણાં હું તારી સાથે જોવા આઉંછ કે તું જુઠું બોલેછ કે સાચું. તું ખરૂંજ બોલતો હોસે તો હું સંતોખ પામસ. તું મોટો શાહજાદોબી કાંય નહીં હોય તોબી તુંને મારી સાથે પનવુંજ પડસે."

તેટલાં તેઓની તે ગાડી પાર્ક લેનમાં દાખલ થઈ અને તે બોલ્યો–

"મારૂં મકાન આય અહીં નજીકમાંજ છે, જો યાદ રાખજે–કાંઈ રકાસ ના કરતી." તે પાછું બોલ્યો.

"નહીં" તે બોલી "તું આવતી કાલે સહવારે મને વોટરલુના પુલ આગળ કીનારે મળજે ત્યાંથી આપણે લગનના રેજીસ્ત્રાર આગળ જઈસું ને જેમ બને તેમ જલ્દી લગન કરી નાંખસું."

"હાજતો" તે બોલ્યો.

એમ તે જે બોલતી તે તે એકદમ કબુલ કરતો હોવાથી તેણીને

કુદરતી વ્હેમ પડયો અને તેણીએ તેના ચ્હેરા તરફ જોયું.

"તું શું એમ ધારેછ કે તું છટકસે? તેમ હોય તો તે ખ્યાલ તારાં મગજમાંથી કાઢી નાંખજે. તું મને મળ્યોછ ને તુંને હવે હું જતો નથી મુકવાની."

"મારી વ્હાલી જેસ" તે ઉલટથી બોલી ઉઠયો "મને તેવો ઝાંખો ખ્યાલ વટીક નથી. બસ હું જે માંગુંછ તે એટલુંજ કે આપણે થોડીક વાર કેઠે બાહારગામ ઉપડી જઇસું. મારા જેવા મરતબાનો અમીર જ્યારે પનવા નીકળે ત્યારે લોક કેટલી ગડબડ સડબડ—"

"તું કહેશે ત્હાં જઇસું" તે તુરત બોલી "ને તું મને ત્યારે સહવારે દશ વાગે મળશે કેની?"

"જરૂર દશ વાગે!"

તે ગાડી પાર્ક લેનમાંનાં તેનાં ભવ્ય મકાન આગળ ઉભી અને તેમાંથી તે કુદી બાહાર આવ્યો. તેણીએ ગાડી ઉભી રાખી તે તે મકાનની સીડી ચઢી બારણાં આગળ ગયો અને પછી તે ઉંઘાડી અંદર પેઠો ત્યાં સુધી તેને જોતી તેમાં બેસી રહી અને પછી પોતે જ્યાં રહેતી હતી ત્યાંનું સીરનામું ગાડીવાલાને આપી ત્યાંથી તે હંકારી ગઇ.

પ્રકરણ ૫૦ મું.

જેસ ત્યાંથી ગયા પછી કેટે પોતાનું સીવવાનું કેટલોક વખત સુધી ચાલુજ રાખ્યું, અને જ્યારે તે તે કામ કરતાં થાકી અને તેણીએ જોયું કે હવે તેણીનાં આંગળાં વધુવાર નહીંજ ચાલવાનાં ત્યારેજ તે કામ પાસેની ટેબલપર-બાજુ મુકયું. તેણીએ તે સીવવાનું બાજું મુકયું ખરૂં પણ તે સુવા નહીં ગઇ, કેમકે, જેસને તેણીએ એવા 'મુડ'માં બાહાર જતી જોઇ હતી કે તેણીને જેસ આવ્યા વગર સુવા જવા ગમ્યુંજ નહીં.

તેણીએ પોતાનો ડ્રેસ બદલી સુવા જવાનો ગાઉન પેહેર્યો અને

જેસની વાટ જોતી બેઠી, પણ તે થાકી એટલી ગઇ હતી કે બેઠી બેઠી તે ઝુકવા પડી અને તેમ કરતાં તેણી સ્વપ્નવશ થઇ. તે સ્વપ્નામાં તેણીએ જોયું કે ડેસમન્ડ અને તેણીને એક અંધારાં ભોંયરાંમાં બંધ કરવામાં આવ્યાં હતાં જ્યાં તેઓ જો કે બન્ને સાથે હતાં છતાં તેઓ વચ્ચે કોઇ અણદીઠ અંતર એવો આડો ફરી વળેલો હતો કે તેઓ બન્ને જુદાંજ હતાં, અને એકમેકને મળવાની તેઓ બન્ને આશા છોડી બેઠાં હતાં તેટલાં તેઓ આગળ જેસ ધસી આવી તે બન્નેને છુટાં કીધાં અને તુરતજ તેઓ બન્ને એકમેકની મોહબતમય બગલગીરીમાં જઇ પડયાં. તે ઘણો અજબ જેવો સ્વપ્નો હતો અને વધારે અજબ જેવું તો એ કે ચોંકીને કેટે જેવી આંખ ઉઘાડી કે પોતાની આગળ તેણીએ જેસને ઉભી રહેલી જોઇ.

"ઓ, જેસ!" કેટ તેણીને જોઇ ખડી થઇને બેઠી અને બોલી ઉઠી "તું આવી કે! ચાલ, મારા જીવને હવે નીરાંત વળી! મને ફીકર લાગ્યાજ કરતી'તી! પણ, શું થયું? તુંને શું છે?" કેટે પુછ્યું કેમકે જેસનો ચ્હેરો ઉશ્કેરાઇને લાલ તુતી જેવો બની રહ્યો હતો.

"પેલો ધખારો ખરો પડયો. તેને મેં શોધી કાઢયોછ, કેટ!"

"શોધી કાઢયોછ?"

"હા, જે આદમી મને વરસોની વાટપર છોડીને ચાલતો થયો હતો, જે આદમીની મારી તરફની વર્તણુકથી હું કુલે મરદ જાતને ધિક્કારતાં શીખી હતી, તે મને હવે મળ્યોછ, ને હવે તેની પાસેથી હું ઇનસાફ માંગસ ને તે મેળવસ."

"ઓ જેસ, હું એટલી તો ખુશી છેઉં" કેટ ધીમે સાદે બડબડી "હું ઘણીજ ખુશી છેઉં, જેસ તું જે બોલી તેટલાંથીજ હું સમજી ગેઇછ, ને આખરે તું પાછું સુખ જોતી થાય એવી મારી દુવા છે."

"સુખ?" જેસ ઉશ્કેરાઇને બોલી "તે તો કોણ જાણે? કદાચ તે મને પાછું મળેગી, પણ તે પેલાપર આધાર રાખેછ. તે મને સુખી

કરસે તો હું સુખી થવસ કેની? તેને એક વખત હું ઘણુાજ જોરાવર પ્યારથી ચાહતી હતી ને મારો તે પ્યાર તેની ઉપર પાછો કદાચ દોડેબી."

"જરૂર, જરૂરજ તેમ થશે!" કેટ બોલી "જે એક વખત ખરાં દીલથી ચાહે તેની ચાહવાની તે શક્તિ એકદમ તો નાબુદ કદીજ નહીં થઇ જાય! ખુદા કરસે તો તારા બાબમાં એ નિયમ ખરોજ પડશે!"

"તમે એમ ધારોછ, કેટ?" જેસે વિચારવંત વ્હેરે પુછ્યું. "આજે રાતે હમણાં તો જ્યારે મેં તેને જોયો ત્યારે તેની ઉપર તો પ્યાર કરતાં ધિક્કાર વધારે છુટો! તેણે મને જે જે દુઃખ દીધું હતું, જે શરમીંદગીમાં મને તેણે સબડતી મુકી હતી, જે નિરાશી અને નાઉમેદીમાં મને તણાતી તેણે છોડી હતી તે બધું મને યાદ આવી ગયું ને મને તેની ઉપર ધિક્કાર છુટયો! પણ હવે ધિક્કાર કે પ્યાર જે ગમે તે હોય, તેનો મારી સાથે પણ્યા સિવાય છુટકજ નથી–પછી તે મોટો ડ્યુક હોય કે રસ્તે રખડતો ભીખારી હોય!"

"તારે ખાતર ત્યારે તો ચાહુંછ કે તે ડ્યુકજ હોય, જેસ" કેટ ઉઠીને તેની આગળ ગઇ અને તેનાં માથાંપર હાથ પસવારી બોલી "ને જેસ તુંબી ડ્યેસ તરીકે શોભી રહેસે!"

"એમ? કે તમે મારી મશ્કેરી–મારી ઠેકડી કરોછ?"

"હું તારી મશ્કેરી કરૂં? ને તેબી આવે વખતે, જેસ?"

"ત્યારે તમો ખરેખર ધારોછ કે મોટે ઘેરની એક લેડી તરીકે ખરેખર હુ પાસ થઇ જવસ તેવી છેઉં? જ્યારથી તમો અહીં મારી સાથે આવી વસ્યાંછ ત્યારથી મારી નજરમાંથી હું પોતેજ ઉતરી ગેઇછ. ત્યારેજ મને માલમ પડયું કે મારી રહેણી કહેણી અને રીતભાત તમારીથી કેટલી હદ સુધી જુદી છે–તો જો કે મારે તમુને કેહી દેવું જોઇયે કે તે ફરક તમે મને કોઇ દાહડે દેખાડયો નથી તો નથીજ પણ મને જાણુવા વટીક નથી દીધો. ત્યારે તેથી, કેટ, તમુને હું પુછુંછ કે જો હું તેવી કોશેશ કરૂં તો એક લેડી તરીકે પાસ થઇ જાઉં

ખરી કે? કેમકે, તે, કે જેની હું હવે પરણેતર થવાની છેઉં તે મારેથી શરમાય કે મુંઝાય નહીં તેથી હું પુછુંછ."

"જેસ, જે મરદ તારા જેવી સદગુણી સકળ ગુણ સંપન્ન પરણેતરથી સુગાય અને શરમાય તે હું કેહુંછ કે તારા ને મારાજ નહીં પણ કુલ ઐારત જાતીના ધિકકારને પાત્ર કહેવાય. તે, જે હોસે તે પણ મને લાગેછ તું તેની પરણેતરમાં ખરેખરી મગરૂરી માનસે, ને તું ખરેખરજ સુખી થસે. હા, જેસ, મને એમજ લાગેછ કે તે લાંબી ને લાંબી દુન્યાના એકથી બીજા છેડા સુધી અરડાઇને પડેલી મંજલ હવે તારા સંબંધમાં પુરી થવા આવીછ ને સહેજવારમાં એકાદ એવી જગ્યાએ તું જઇ પ્હોંચશે કે જ્યાં તુંને અમર આસાયસ મળી શકશે!"

અને એટલું બોલતાં તે બીચારીની પોતાની ઉપરની વિટક વાત હૈયે ચઢી આવી અને તેની આંખો આંસુથી ભરાઇ ગઇ, જે જેસની નજરે રખેને પડે કરી તેણાએ પોતાનો ચ્હેરો તેની તરફથી ફેરવી નાંખ્યો, અને ત્યાંથી પોતાના રૂમમાં સુવા ચાલી ગઇ.

જેસેબી તેણીને જવાબ દીધી. તે પોતે રાતના ઉંડા અંધકારમાં જોતી ગઇ ગુજરી અને ભવિષ્યના વિચારો કરતી ત્યાં ઉભીજ રહી.

સહવારે દશ વાગે તેણીને તેણીના આગલા આશક અને ભવિષ્યના ભરથારને મળવાનું હતું. અને કેટ કદાચ ઉઠે તે પ્હેલાં તેણીને જવું પડે એટલે કેટને તે વાતની ખબર કરવા માટે તેણીપર એક ચીઠી લખી જવાની જરૂર તેણીએ વિચારી, અને વખતે સહવારે તૈયાર થઇને જવાની ગડબડમાં તે તેમ કરતાં કદાચ વિસરી જાય તેથી એક ચીઠી હમણાંજ લખી નાંખવાનો કસદ કરી તે ટેબલ આગળ જઇને બેઠી.

"વ્હાલી કેટ" તે બડબડી "એ સમજેછ કે અમે બેઉ હવે વિખુટાં પડી જઇસું, પણ નહીં, જયાં હું ત્યાં એને સાથેજ લઇને જવસ ને રહેવસ."

ટેબલપર શોધતાં તેણીને એક પેનસીલ તો ઝટ મળી આવી પણ

તેટલું જલ્દી કાગળ મળ્યું નહીં અને તેને માટે ફાંફાં મારતાં, જે તરફ કેટ સીવવા બેઠી હતી તે તરફ ને તે ટેબલને છેડે ઘડી વાળેલું એક કાગળ તેણીને મળી આવ્યું. તેની બન્ને બાજુ કોરીજ હશે એમ સમજી તે તેણીએ ઉખેડયું અને ચોંકી, કેમકે, તે તો લગનની એક સરટીફીકેટ હતી!

શરમાઇ જઇને તે તે પાછી તેના અસલ સળ બંધ ઘડી કરવા જતી હતી તેટલાં તેમાં લખેલાં એક નામપર તેણીની નજર પડી. તે નામ પરણુતા જવાનનું હતું, અને તે જાણે આતશના જેવી શાહીથી લખ્યું હોય તેમ તેણીની સામે ડોળા ઘુરકી જોતું હતું. એકાદ પલ તે કાગળ પોતાના હાથમાં ડુચો પુચો કરી જમીન સામે નજર ટાંકેલી રાખી થંબ થઇ ઉભાં રહી ગયલાં જીગરે તે બેઠી. પછી, તે કાગળ તેણીના હાથમાંથી સરી પડયું અને તે પોતે ફીકકા પડી ગયલા હોઠ અને અંગારની માફક ચળકતી આંખ્યો સાથે ઉઠીને ઉભી થઇ.

"આરથર કારલ્યન, અર્લ ઓફ કારલ્યન–કેટ મેડીસન. ઓ ખુદા!" તે એક સર્પની માફક ફુંફારા મારી બડબડી.

"એ તો ત્યારે કેટીનો ખાવીંદ!" અને એટલું બોલતાંજ તેણીને કોઇયે અચાનક જરબ લગાવ્યો હોય તેમ તે ઉભેથી તુટી પડી અને ડુસકે ડુસકે ત્યાં રડતી બેઠી.

એક કલાક–બે કલાક–એમ નીકળી ગયા અને તે જમીનપર તેજ હાલતમાં ચુપ અને હીલ્યા ચાલ્યા વગર બેસીજ રહી. બાદ, તે ઉઠી અને એક લાંબા વખતની માંદગી ભોગવી ઉઠેલું ઇનશાન જેમ પ્હેલ વ્હેલું ઉઠીને ચાલે તેમ લઠડતા પગે ચાલીને બારી આગળ આવી અને બાહાર જોતી ઉભી. તે બારીમાંથી આવતી ઠંડી લ્હેકીએ તેણીને મોટે ભાગે હુશ્યાર કીધી અને ડોક ફેરવેલીજ રાખી પેલી સરટીફીકેટ તેણીએ જમીન પરથી ઉંચકી પોતાની જેકેટનાં ગજવાંમાં સેરવી દીધી, અને તે ઓરડાની બાહાર તે આવી. થોડીકવાર બાહાર વિચાર કરતી તે

ઉભી અને કેટના ઓરડા આગળ ગઇ, જેનું બારણું જે અળગુંજ બંધ હતું તે ઉંધાડી તેમાં તે દાખલ થઇ અને કેટનાં બીછાણાં આગળ જઇને ઉભી.

કેટ કોરવાળી પોતાના એક હાથ પર પોતાનું ફુલ જેવું માથું ગોઠવી પોઢેલી હતી. જેસે વાંકી વળીને જોયું તો તેણીની ઉંઘના ભાર હેઠલ વિંચાયલી આંખોનાં ટોપચાં હેઠે આંસુનાં ટીપાં હતાં અને તે તરફની પલંગની ચાદર ભીંણાઇને તરબોર થઇ રહી હતી. તે, એમ તે સુતેલી કેટપર વાંકી વળીને એકાદ બે મીનીટ તેણીને જોતી ઉભી રહી, અને પછી એકાયક કોઇ લાગણીને આધીન થઇ તેણીનાં કપાળપર તેણીએ કીસી લીધી અને જેમ ગડબડ કીધા વગર તે અંદર આવી હતી તેમ પાછી બાહાર ગઇ અને છાટી આગળ જ્યાં તેણીએ પેલી સરટીફીકેટ સાંતી હતી ત્યાં તેની સંભાળને માટે હાથ મુકેલો રાખી તે બાહાર નીકળી ચાલી.

પ્રકરણ ૫૧ મું.

તેજ દીવસની સાંજે નેલી સેન્ડફર્ડથી ખાણ તરફ આવવા જવાના પગવાટપર સ્ટેશન તરફ જોતી ઉભેલી હતી. દર્યા બાજુએથી ધુમસ ચઢી આવતું હોવાથી સુફેદ પોશાકમાં સજ થયલો તેણીનો આકાર એક ઇનશાન કરતાં આસમાનપરથી ઉતરી આવેલી એકાદ પરીને વધુ મળતો આવતો હતો.

જાણે જેને તે જોતી ઉભી હતી તે તે ધુમસને લીધે બરાબર નજર નહીં પડતો હોય તેમ તેણી હાલ આંખ આગળ પોતાના હાથનો ઓળો આપી તે ઉભી હતી, અને તે છતાં તેણીની નજરે હજી કશુંજ ન પડવાથી તેણીએ નીરાશ થઇ તે હાથ નીચે પાછો લટકતો કીધો અને ઉભી રહી. તેટલાં તેણીને કોઇનાં આવતાં પગલાંનો અવાજ આવ્યો અને તેણીના ચ્હેરાએ કાંઇક રતાશ પકડયો. જરા વારમાં તેણીએ કલીફર્ડ

રેવનને પોતાની તરફ આવતો દીઠો. તેબી નીચે મુંડીએ વિચારમાં ને વિચારમાં ચાલ્યો આવતો હોવાથી છેક નજીક આવ્યો ત્યાં સુધી તેને તે ઉભેલી નેલીનો આકાર દેખાયોજ ન હતો, અને તેબી તેણીની છેક લગોલગ આવી લાગતાં તેણીને જોઇ તે ચોંકીને ઉભો રહ્યો.

"નેલી!"

"કાંય? કાંઇ ખબર મળી?" તેણીએ તેને પુછ્યું તો જો કે તેને શું ખબર મળી હશે તે તેણી તેના ચ્હેરાપરથીજ ચેતી ગઇ હતી.

"નહીં, નેલી, કાંઇજ નહીં" તે ત્યાંનીજ પાળપર બેસી પડતાં બોલ્યો "મેં તેની ઘણીબી શોધ કીધી પણ તેનો પત્તાજ નથી–જાણે આ દુન્યામાંથી તે જતીજ રહી હોય તેમ તે ગુમ થઇ ગેઇછ!"

"નહીં, તે હૈયાત છે" નેલી બોલી "તે, ખાતરી રાખો કે મરી તો નથીજ ગેઇ."

"તું નેલી શાપરથી એમ બોલેછ?"

"હું શાથી એમ બોલુંછ તે તો હું નથી જાણતી, પણ મને એમ લાગેછ ને હું માનુંછ કે તે આ ધરતીપર હૈયાત છે, કેમકે તેમ જો નહીં હોતે તો મને તે બાબદની છુપી બશારત થયા વગર રહેતે નહીં. મી૰ રેવન તમે એમ બળાપો ના કરો–કોઇ છુપી શકતી મારે કાને લાગી મને કહેછ કે તે હૈયાત છે, એટલુંજ નહીં પણ કેઠે સલામત સચવાયલી ને સારીકાંની છે. તે પોતાના વરની સાથે તો નથીની?"

"નહીં" તે બોલ્યો "તે વિશે મારી ખાતરી છે, તેની ઉપર મેં દેખરેખ રાખીછ ને મને માલમ પડેછ કે તે મારી સાથની સર્ત હાલ તુરત તો બરાબર પાળેછ–નેલી, તેની ઉપર બારીકીથી તપાસ રાખતાં હવે મને જણાયછ કે તેને મેં ધાર્યો તે કરતાં ઘણો વધારે બુરો અને બદમાશ નીકળવા પામ્યોછ. તે જુગાર રમેછ, દારૂ પીએછ અને એ બે અવ-ગુણોને લગતા વળગતા બીજા દરેકે દરેક બુરા લખમાં તે પડેલો છે. ને તે બીચારી એવાની પરણેતર! ઓ, કેટ, કેટ!" એટલું બોલી તે

આંખે હાથ ઢાંકીને ડુસ્કે ડુસ્કે રડયો, અને નેલી તેને જોતી બીચારી શાંત ઉભીજ રહી! શું દીલાસો તેને તે આપે?

"માફ કરજો નેલી, કે તુંને મારાં દુઃખથી હું નકામી દુઃખી કરૂંછ. મારી રાહ જોતી તું ઉભી! તું કેવી ભલી? પણ, હવે આય ધુમ્મસમાં ઘણોવાર ના બાહર રહે–ને તુંબી સીકલી જેવી લાગેછ. તારી તબ્યત તો બરાબર છે કેની?"

"હારે, હું તો સારીકાંની છેઉં–પણ મને તમે કયારના આયા નહીં તે ફીકર ઘણીજ લાગી."

"ચાલ, હવે હું આયોછ, એટલે તું ઘેરે જા, હું તારી સાથે આઉંછ."

"નહીં, તમે થાકી ગયલા છેવો, તમે ઘેર સુધી ના આવતા, હુંજ જવસ ને તમારી ચાહેબી ઠંડી પડી જસે."

"નેલી, મારી ને તે બીચારી તરફની તારી ભલાઇનો હું બદલો કેમ વાળસ?"

"તેની કાંઇજ જરૂર નથી" તે બોલી "ચાલો હવે હું ત્યારે જાઉંછ–તમે સાંજે ઘેરપર આવશો કે? એકલા બેસીનેબી શું કરશો? અહીં એકાંતમાં ઝુર્યા કરો તેના કરતાં ઘેરે આવો તો તમોને સોહોવાસે ને પપાજીનેબી ગમશે.

"આજે સાંજે તો નહીં, પણ, આવતી કાલે પપાને જરૂર મળસ ને કાલથી હવે કામપરબી બરાબર લાગસ."

"નહીં, નહીં, નહીં" તે બોલી ઉઠી "એટલી બધી ઉતાવળ શું છે? તમુને હજુન આસાયસની ઘણી જરૂર છે–ને બીજું શું કે હવે તમે મારા બાવાજીના જેવાને ત્હાં નોકરી—"

"બસ, નેલી" તે તેણીને ઘણીજ નરમાશથી પણ મક્કમપણે બોલતી અટકાવીને બોલ્યો "હું જે હતો તેજ આજે છેઉ–મારૂં નામ કલીફર્ડ રેવનજ છે–મેં મારી ભવિષ્યની આશાઓને બધી ગેઇ ગુજરીની

સાથે દફન કીધીછ."

"પણ તેમ અમારીથી નહીં થઇ શકેની? લેવોની મને તો કાંઇ એમજ ધખારો થયા કરેછ કે કોઇબી દાહડે એવણુ તમુને મળશેજ ને તમે આંયદેહ સુખીજ થશો."

"નેલી, તું નહી બને તવી વાત કરેછ."

"દુન્યામાં" તેણીએ હઠ લીધી "નહીં બને તેવું કાંઇજ નથી. એમ તમુનેજ એક વખત બોલતાં મેં સાંભર્યાંતા! ખરૂં કેની? તમે ને તે જરૂરજ સુખી થશો."

"નેલી, તુંને ખુદાએ બીજાંનાંજ ભલાંનો વિચાર કરવા સરજાવીછ? ત્યારે તારૂં કેમ?"

"મારૂં! હું શું ચીજ છેઉં?" તે પોતાનો ચ્હેરો ઘણોજ કમોળાવીને બોલી "ને મારૂં ગમે તે થાય. મને તો બસ તમારો ને તેં બીચારીનોજ ઘણો વિચાર આવેછ—ને જુવો હસતા ના, પણ એક વખત એવો આવશે કે જ્યારે તમો યાદ કરીને મારે વાસ્તે જરૂર–જરૂર તમે બેઉ હસશો—જો જો એમ બનશેજ."

"ખુદા તુંને સુખી રાખે–ખુદા તારૂં ભલું કરે, નેલી!" તે તેણીનો હાથ પોતાની આંખોમાં દાબતો બોલ્યો "મારી આગળ જો તું નહીં હોતે તો આય ઉપરાસાપરી બનેલા બનાવથી મારી હીંમત તુટી જતે ને—"

"ત્યારે હું તમુને કાંઇક ઉપ્યોગી થઇ—"

"કાંઇક ઉપ્યોગી?"

"ચપો–ચપો! એ શું અવાજ?" તેણીએ ચોંકી તેને બાજુમાંથી પકડી પુછ્યું.

શું? કહાં? નેલી, મને તો કાંઇજ જણાતું નથી?"

"ને મારીબી નજરે કાંઇ નથી પડતું" તે બોલી "પણ મને આય એણીગમ આગળ કાંઇ અવાજ સંભળાયો—"

"ત્યારે તો એકાદ સસલું હોસે—ચાલ હવે તારા હાથ ઠંડા આઇસ જેવા થઇ ગીયાછ, ને તું સીકબીક થઇ જશે તો તે વળી મારે વાસ્તે એક નવું દુઃખ—હું નહીં હતો તેટલાં નેલી તેં શું કર્યા કીધું?" કલીફર્ડે વાત ફેરવી નાખતાં પુછ્યું.

"કાંઇજ નહીં—તમારા પાછા આવવાની વાત જોતી થોબી."

"અરે, તારૂં ભલું થાયરે, નેલી! મારી વાટ જોતી ઉભીજ રેહી—ને હું નહીં આવતે તો? તારી એટલી બધી કાળજીને તે હું શું એટલો બધો લાયક થયો કે—"

એટલું બોલી ધ્યાનમાં ને ધ્યાનમાં તેને તેણે પોતાનાં પાંસાંમાં ખેંચી અને તેબી બેધ્યાનપણે તેની આગળ ખેંચાઇ આવી તેનાં પાસાંમાં ભરાઇ પોતાનું માથું તેણીએ તેનાં ખભાંપર મુકયું—પણ તે માત્ર એકજ પલ અને તે છોકરી ઝટ તેની આગળથી છુટી થઇ ગઇ.

"નહીં—એ નહી," તે બોલી "એ તો તેવણુની જગ્યા છે, મારી નહીં ને—" એટલું બોલતાં તે અટકી પડી અને તુરતજ તેણી એક ભયંકાર ચીસ પાડી બે હાથ ઉંચા કરી તેની છાટી ઉપર તે જાણે તેને કાંઇ આવતી આફ્ત સામે બચાવવા માંગતી હોય તેમ પડી, અને તેજ વખતે સીસોડીના અવાજ જેવો સણસણાત તે તરફ હવા ફાડીને આવતો સંભળાયો અને જરાવારમાં તે નેલીનું માથું કલીફર્ડની છાટીપર ઝુમાઇ પડયું અને તેણીના હાથો તેનાં ખભાંપરથી સરી નીચે ઝુલાઇ પડયા.

"નેલી! નેલી!" તે પુકારી ઉઠયો. પણ બીચારી નેલી આ દુન્યામાં હોય તો તેને જવાબ આપે કે?

તેણીની તરફ નજર કરતાં એ શું બનવા પામ્યું હતું તે તેને ઝટ જણાયું, કેમકે જે હાથમાં તેણીનું ફુલ જેવું બદન તેણે ટેકાવી રાખ્યું હતું તે હાથપર તેણે લોહીનો રેલો ચાલતો જોયો.

ભયંકાર એક ચીસ પાડી તે તેણીને લઇને પોતાની ઝુંપડીમાં દોડી

ગયો, અને એમને એમ તેણીને હાથમાં રાખી એક બતી આગળ બેસી પડી તેણીના ચ્હેરા તરફ જોઇ તે તેણીને નામે બોલાવવા પડયો.

જાણે તેના અવાજમાં તેણીને મોતનાં ડાચાંમાંથીબી પાછી બોલાવી લેવાની શકિત હોય તેમ તેણીએ આંખો ઉંઘાડી અને તેની તરફ—ઓ ખુદા! એવાતો અગાધ, અમાપ પ્યારથી તેણીએ જોયું કે જેવો પ્યાર એક અબલા તરફથી મેળવવાનું કરોડો કરોડ આદમીઓએ એકાદનાજ નસીબમાં હોય!

"હજુન—હું—અહીંજ છેઉં કે?" તે ઘણેજ ધીમે અવાજે બોલી "વ્હાલા, હું તો જાણું કે તું—તું—ને મળી—ભેટી લીધા વગરજ હું મરી—ગેઇ!"

હવે તે બીચારીએ દમ ખાવા માંડયો, કે જે ખરેખર તો છેલ્લી વખતનો હાંફોજ હતો અને તેણીની આંખોએ બલુ રંગ પકડયો—

"મારીજ આગળ રહેજે—ઘણી નહીં તો થોડીક પલ તો મારી આગળ રહેજે, મને તારાજ હાથમાં છેલ્લો દમ ભરવા દેજે—મારાં જીગર મારા જાન—"

અને પ્રિય વાંચનાર તે રાક્ષસી કદના રાથોડી જવાનની આંખોમાં-થી આંસુંની ધારો ચાલવા લાગી અને આખે આંગે તે ધ્રુજવા લાગ્યો—પણ તેનીથી એક બોલ બોલી શકાયો નહીં.

"ના રડ—ના રડ—મારાં જીગર—આવી સુખી—હું કીયે દાહડે હતી? તારા પ્યારમાં મરવા તો હું માંગતી'તીજ—રાત ને દીન મારી તો એ દુવા હતીજ—ને—ને—માંગી મુરાદ કોણની હાંસેલ થાય? ખુદા જેને પોતાનું ગણે તેનીજ! ઓરડામાં અંધારૂં કેટલું? ને તોબી તારો માહતાબ જેવો ચ્હેરો મને ખુલ્લો દેખાયછ—મને મને—વ્હાલા એક કીસ—આપ—જો, તેવણુ નહીં ચીરડાસે—તેવણુ તુંને નહીં ધમકાવસે—કાંઇ નહીં—તેવણુને કહેજે કે મરતી વખત નેલીએ એક કીસ માંગી ને—ને—કહેજે વ્હાલા કે તે કીસ પ્હેલી ને છેલ્લીજ—ઓ—ઓ—"

તેણે ઝટ તેનાં આખાં બદનને છાટીએ દાબ્યું, અને તેના હોઠપર ઘણાંજ ઘણાંજ માનથી એક કીસ લીધી.

"આહા–હા–હા! હવે હું ખરી સુખી થઇ! સાહેબજી વ્હાલા–ના રડ–તું ના–રડ–તું ઉલટો–ઉલટો ખુશી થા કે હું સુખી થઇછ–કેટને દુવા પ્હોંચાડજે–બાવાજીને દીલાસો–દીલાસો–ગરીબ મારા બાવા--સા–સાહેબજી!"

માત્ર એકજ ડચકું અને બધું તમામ થઇ ગયુ!

પ્રકરણ પર મું.

આરથર કારલ્યન પોતાનાં પાર્ક લેનનાં મકાનમાંના ડાઇનીંગ રૂમના એકાંતમાં એક ખુરસીપર ઢગલો પુંજો થઇને બેઠો હતો. તે વખતે તેની આંખોમાં ખુન વરસી રહ્યું હતું. જેસ તેને ત્યાં મુકી ગીયાને બે કલાક થઇ ગયા હતા, જે વખત તેણે વ્હીસ્કી સોડાનીજ સોબતમાં ગુજાર્યો હતો, એમ તેના ચ્હેરા અને આંખોનાં ટોપચાં પરથી માલમ પડી આવતું હતું. હવે તે એ સપાટામાંથી કેમ છટકવું તેનો વિચાર કરતો બેઠો હતો. નાહસવાનો વિચાર તો તેણે પોતાનાં મગજમાં આવવા દીધોજ નહીં, કેમકે, તે જેસને ઘણીજ સારી પેઠે ઓળખતો હતો.

"એ એવી નાપાક છે કે હમણાંઆી કેઠે મારાં ઘેરની ચોકી કરતી ઉભી હોસે–મારે એ કહેછ તેમ કરવુંજ પડસે, બીજો ઇલાજજ નથી. હવે કરવું શું?" અને એ સવાલનો તેને કોઇ અણદીઠ જગ્યાએથી જવાબ મળ્યો હોય તેમ તેણે ત્યાંજ એક ટેબલપર પડેલી વ્હીસ્કીની બાટલી લીધી ને તેમાંથી ધરધર નાંમી થોડાક સોડામાં ભેળી તે ગટાવી ગયો "કરવું કાંઇજ નહીં, પણ, મુગા મુગા તેની સાથે પનવું--બાકી હું પણ્યોછ કરીને તેને કહેવાય? ઓ બાપરે! પોતાનાં નખે તે તો મારી આંખ્યોજ ફોડી નાંખે! હું તેને ઓરખુંછ--ને કોઇ બીજી હોતે તો પૈસાબી આપવા માંગતે, પણ, જેસ! ખુદા એનીથી પનાહમાં રાખે! ને

વળી કાંઇ ગરીબીમાં સબડતી હોય તેમબી મને તે નહીં લાગી! એનું નખ્ખોદ જાય! એ કહાંથી ફુટી નીકળી? પ્હેલેથીજ તેને કેહી દીધું હોતે કે હું તો પણનેલો છેઉં તો પીડા જતે ને--ખરેખર, બીચારી એનીજ સાથે હું પન્યો હોતે તો હું સુખી હોતે! ને હમણાં પેલી કહાં હોસે? ડેસમન્ડ સાથેજ રહેલી હોસે કે? આહ!" તે દાંત કચકચાવી, બોલ્યો "તેને મારા પગ પાસ મુવેલો જોઉં!"

ત્યાં તેણે પાછો વ્હીસ્કી સોડાનો ગોટ લીધો.

"ખરેખર, હું કમનસીબ ખરો!" તે બડબડયો "મારૂં કાંઇબી કામ સીધું પાર ઉતર્યુંજ નહીં--કોઇબી મને સાચું નીવડયુંજ નથી--બધાંજ મારી સાથે દગોજ રમતાં આયાંછ--ને તેમાં વળી આય જેસ અધુરી હતી--કાલે દશ વાગે મારે તેને મળવાનું છે, ને એ મારી સાથે તો પનવાજ માંગશે! ને પછી એક જીવતી બૈરીપર બીજી બૈરી કરવા માટે કોર્ટનો રસ્તો, બીજુ શું?" એટલું બોલતાં તે હાડે હાડ એવો ધ્રુજ્યો કે તેણે હાથમાં પકડેલું તમ્બલર તેના હાથમાંથી છટકી નીચે પડ્યું અને તેની ડોક તેની છાટીપર ઝુંમાઇ પડી!

એકાયક તે ચોંકીને ખડો થઇને બેઠો. તેને લાગ્યું કે તેના એકાંતવાસમાં કોઇયે ત્યાં દાખલ થઇ ખલલ કીધી હતી. તેણે બધે નજર ફેરવી જોયું તો મેજર તેને ત્યાં એકગમ ઉભેલો દેખાયો.

તે તમામ ફીકકો અને લેવાઇ લુટાઇ ગયલા ચ્હેરાનો હતો.

"આરથર! શુકરાના ખુદાના કે તું ઉઠીને અહીં બેઠેલો છે!"

"તે શું લગભગ બપોર થવા આવી તોબી બીછાણાંમાં પડી રેહું કે? ને એમ કોઇના એકાંતવાસમાં આવી તેને ડીસ્તર્બ કરતાં તુંને શરમ નથી આવતી?"

"આરથર, આરથર, જરા સુદ્ધિ ઠેકાણે રાખ--તારે વાસ્તે હું કાંઇ ખબર લાયોછ, ઘણી બુરી ખબર લાયોછ!"

"ખબર? ને તેબી વળી બુરી? ત્યારે શું–ડેસમન્ડ–યા કેટ—?"

"હું હમણાંજ સેન્ડફર્ડથી આયોછ" મેજરે બોલવું ચાલુજ રાખ્યું "ને-ને-ત્હાં ખુન થયુંછ—"

આટલું સાંભળતાંજ આરથર ચોંકીને ઉઠી ઉભો થયો.

"ઓ, ત્યારે પેલાએ ડેસમન્ડને ઠાર માર્યો!"

"મુગો રેહી મર-આસ્તે બોલ-નહીં તો હમણાં તારો દારૂ-બારૂ ઉડી જસે! ડેસમન્ડ તો જીવતો જાગતો તુંને ને મને બેઉને કરડી ખાય તેવો છે-પણ-પણ-પેલાએ-એટલે કોઇયે-પેલી બીચારી છોકરીને ઠાર મારીછ."

"અરે-અરે" તે આરથર પાછો પોતાની બેઠકપર બેસી પડી બોલ્યો "વળી પાછી મારી કમનસીબી મારી આડે આવી!"

"તે લોક બેઉ-ડેસમન્ડ ને તે-સાથે હતાં, ને વાઇઝ-અરે નહીરે-તે કોઇયે નેમ ટાંકી, પણ નેમમાં તે ચુકયો ને તે ગોળી તે છોકરીને લાગી. એ કામ કોણે કીધું તેની કોઇને ખબર નથી-પણ ત્યાં મોટી ગડબડ મચી રેહીછ-ને તે કદાચ અત્યાર અગાઉનો પકડાર્યોબી હોસે-આખું શેહર હળમળી રેહ્યું ને સ્ટેશનપર દોડાદોડી થઇ રેહી! મરદો ને ઓરતો મોટી સળગાવેલી મસાલો લઇ ઢુંડેછ! ને તેથી મને લાગેછ કે હવે વખત ખોહવો નકામો છે!"

"વખત ખોહવો નકામો છે? એટલે?"

"એટલે એ કે હવે એક મીનીટબી ખોહવી જોઇતી નથી. એ આદમી સપડાયા વગર રહેવાનો નથી! ને સપડાયો તો તેનીથી છટકાવાનું નથી! ને મારી ખાતરી છે કે તે ફુટશે!"

"ફુટશે, તારી ખાતરી છે?"

"હા, બધી વાત બાહાર આવશે-ને તેથીજ કેહુંછ કે એકબી મીનીટ આપણે ફોકટ ખોહવી જોઇતી નથી. જો, દોસ્ત, સુખે કે દુઃખે હું તારો થઇ રહી તારી પીઠ પાછળ ઉભો રેહ્યોછ-ને જો તુંને ચેતાવવા અહીં નહીં હું આયો હોતે તો અસારે તો હું ફ્રાન્સ જવાના

રસ્તાપર હોતે. ખુદા ખાતર, તું જલ્દી કર!"

"પણ મને કાંઇ સમજ પડતી નથી" આરથર ઠંડે કલેજે બોલ્યો "હું કાંય જલ્દી કરૂં? મને એ ખુન સાથે લાગે વળગે શું? તું શું કહેવા માંગેછ?"

"હું શું કહેવા માંગુંછ? ઓ ખુદા, તું નથી જાણુતો કે જે જે મીનીટ તું અહીં બેસીને નકામી કાઢેછ, તે તે મીનીટ તુંને પોલીસના રસ્તાપર ઘસડતી ચાલેછ!"

"મને–પોલીસનો રસ્તો? શાને માટે? અહીં જો, મેજર, તું શું કહેવા માંગેછ તે હું કાંઇજ સમજતો નથી! નહીં હું તે છોકરીને ઓળખતો'તો કે નથી તેના ખુનીને હું પીછાણુતો. તું જો તે જાણુતો હોય–ને તું અહીં દોડી આયોછ તેપરથી હું ધારૂંછ કે તું કાંઇ જાણેછ–તો એકબી મીનીટ તારે ખોહવી જોઇતી નથી–તું તારે પોબારા માપી જા, હું તો કાંઇજ જાણુતો નથી."

મેજર તો તેની આ પાક બેહાઇને લીધે તેની તરફ ડાચું વકાસી ટગર ટગર જોતો ઉભોજ રહ્યો!

"તું શું એમ કહેછ?" તે બોલ્યો "આપણે તે માણુસને મળ્યા'તા તે—"

"નહીં, તેમ કોણ કહેછ? તે માણુસને જે બધું બોલીને તેં ઉશ્કેર્યો'તો તે બધું મને બોલે બોલ યાદ છે ને તે જો જરૂર પડે તો સોગંદપર કહેવા હું તૈયાર છેઉં–ને એમબી સોગંદપર કેહું કે હું તો એક બોલબી બોલ્યો'તો નહીં! હા–હા–હા" તેણે હસીને ઉમેર્યું કે "તે જો આદમી કહેશે કે એ કામ કરવા તેને ઉશ્કેરવામાં આવ્યો હતો તો તેને તેંજ ઉશ્કેર્યો'તો, મેં નહીં!"

"ને ઓ હીચકારા કુતરા, તું મારી વિરૂધ જુબાની આપશે, નહીં?"

"મને પોતાને બચાવવા, જરૂર પડે તો, મારા પોતાના બાપની સામે જુબાની આપીને હું ઉભો રેહું–ને હું તો હીચકારો છેઉં, સમ-

જ્યા, પણ તે દાહડે તો તું ફેંકાફેંક કરતો’તોની કે—”

“પણ આવું બનશે ને આય સકંજામાં હું આવી જવસ તેની મને તે વખતે થોડીજ ખબર હતી ને—”

“ઠીક છે, ત્યારે, હવે ખબર પડી કેની? સો સોનું ભોગવી લેય, એ કુદરતનો નીયમજ છે.”

“ચાલ, ત્યારે, હું જાઉં?” મેજર નાચાર થઇ બોલ્યો.

“તે કેહી પુછીને?”

“ત્યારે મને થોડાક પૈસાની તો મદદ કર?”

આરથર કારલ્યને ખામુખા પોતાની પાકેટ કાઢી તેમાંથી બે શીલીંગ ને ચાર પેન્સ લઇ તેની સામે ટેબલપર તે મુકી.

“આટલી રકમ તુંને કાંઇ કામ લાગવાની હતી? ને દલગીર છેઉં કે મારી પાસે વધારે કાંઇજ નથી.”

“કાંઇ જણસ–બણસ હોય તો આપની, તેપર કાંઇ કઢાવીને લઇ જાવું! કેટની જણસ હતીની? તે તો તે પોતાની સાથે નથી લેઇ ગેઇ?”

“મેજર, તું મને સમજેછ શું?” આરથરે ચુંચી આંખ કરીને તેને પુછ્યું.

“હું? તુંને? એક નગુનો, નીચ, નીમક હરામ કુતરો સમજાુંછ!” મેજર તેનાં આંગપર ધસી જઇ બોલ્યો—

ઝટ આરથરે ઘંગપર હાથ મુકયો અને તે બોલ્યો.

“મને આંગળી લગાડ ને હમણાં બધા નોકરોને એકઠા કરી તુંને ઝીલાવસ!”

મેજર પાછળ હઠી ગયો અને બડબડતો બડબડતો તે તે ઓરડામાંથી બાહાર ચાલી ગયો.

તે ગયો અને આરથર કારલ્યન પોતાની ખુરસીપર બેસી મોટે મોટે હસ્યો, પણ તે જરાવારમાં ગંભીર થઇ ગયો અને પાછો વિચારમાં પડયો.

આખી રાત તેણે એમજ પસાર કીધી અને સહવાર પડી.

તે હવે પોતાની બેઠકપરથી નાહવા જવા ઉઠયો.

"હા, હવે તો જે થાય તે ખરૂં–જેસબી કાંઇ ખરાબ છોકરી નથી! તે ઉલ્ટી મારી સંભાળ લેસે ને હુંબી લંડનથી–આખાં ઇંગ્લાંડથી કંટાળી ગીયોછ–મને જેસ પ્હેલેથીજ ગમતી'તી! ને પેલાએ તે બીચારી છોકરીને ઠાર મારી! ગધેડો! ડેસમન્ડનેજ પુરો કીધો હોતે! તો, આહા! કેવી બાજી ફેરવઇ જતે! પણ, એબી મારી કમનસીબી! મારીજ કમનસીબી!"

ઘડયાળે નવનો ટકોરો માર્યો, અને જેસને કબુલાત આપ્યા પ્રમાણે તે રસ્તે પડયો. જેસને મળવાને હજી કલાક હતો. તેણે પોતાની યોજના ઘડી રાખી હતી. પરણીને તે બેઉ જણે કેઠે દુર દરાજ ઉપડી જઇ–સુખથી જીંદગી ગુજારતાં થવાનો તેણે વિચાર રાખ્યો હતો. તે આસ્તે આસ્તે ચાલતો થયો. રસ્તે તેને એક રેસટોરાં મળ્યું જેમાં તે કાફીનું એક કપ લેવા ઘુસ્યો, જે તેણે એક ગોટે પી લીધી. આથી તેને કાંઇક હુસ્યારી આવી, પણ જેવો તે ત્યાંથી બાહાર નીકળ્યો કે તે ચોંકીને ઉભો રહી ગયો:

"ડેવનશીયરમાં ભયંકાર ખુન! ખુની પકડાયો! બાહાર આવેલી વિગતો!"

એમ બુમ મારતા ન્યુસ પેપર વેચનારા પોર્યાઓને તેણે જોયા.

તેણે એકને બોલાવી એક નકલ લીધી અને જેસને જ્યાં તેને મળવાનું હતું તે તરફ તે ચાલતો થયો. ત્યાં પ્હોંચી એક જગ્યે તે તે ખબર વાંચતો બેઠો.

પ્રકરણ ૫૩ મું.

તેણે તેમાં વાંચ્યું અને તેપરથી તેણે જાણ્યું કે તે ખુન કરનાર ખુનીની ધારણા તો તે છોકરી સાથે જે જવાન હતો તેની જીંદગી લેવાની

હતી; અને વળી તેમાં એવોબી ઇશારો કરવામાં આવ્યો હતો કે તે જવાનની જીંદગીમાંબી ઘણાક વિચીત્ર બનાવો બનેલા ધારવામાં આવતા હતા અને એ વાત એટલે સુધી બાહાર આવી હતી કે તે તો ઇંગ્લાંડનો એક નામીચો અને ધનવાન અમીર હતો, જે કોણ જાણે શા કારણે તે ખાણમાં મજુરને વેશે કામ કરતો થયો હતો. તે રીપોર્ટમાં વળી જણાવવામાં આવ્યું હતું કે ખુની પકડાયો હતો, તેણે ઘણો અજાયબી ભરેલો એકરાર પોલીસમાં નોધાવ્યો હતો, અને તેને લગતી જે વિગતો હાલ તુરત બાહાર આવી હતી તે પરથી જણાતું હતું કે તે ખુનીની સાથે ઇંગ્લાંડના એકાદ બે માતબર આદમીઓ સંડોવાયલા હતા, જેઓ પણ પકડાવાની વકકી હતી.

આરથર એ બધું વાંચીને ખડખડ હસ્યો.

"ત્યારે મેજરે ઠીકજ કીધું કે તે વટ્ટી ગીયો. ને એ લોક મને કરવાનાં છે શું? હું ને જેસ હમણાં પરણીને કેઠે નીકળી જઇસું."

તેણે તે પેપરની ઘડીવાળીને ગજવામાં મુકયું કે ત્યાંનાં એક ટાવરનાં ઘડયાળમાં દશ વાગ્યા, અને તેની પાછળ કોઇનાં પગલાં પડતાં સંભળાયાં, અને પાછળ જોતાં તેને જેસ દેખાઇ.

જેસને તેણે જોઇ અને તે તેણીના નીમેલા વખતે ત્યાં આવી પુગેલો હોવા છતાં, જેસના ચ્હેરાપર તેની નજર પડતાંજ તેને કાંઇ અકર વકર થઇ આવી.

"તું આવી કે વ્હાલી?" તેણે હસવાની કોશેશ કરતાં પુછ્યું "હું બરાબર ટાઇમ સર આયોછ કેની? હવે તારી ખાતરી થઇ કે તારીથી નાહસી જવાની મારી મતલબ હતીજ નહીં?"

"હા, મારી ખાતરી થઇ ખરી, ને મને ખાતરી હતી કે તમો મારીથી નાહસસો તો નહીંજ, કેમકે, નાહસીને તમે જાવો કહાં? ને હવે જહારે તમે અહીં આયાછ, ત્હારે તમારો વિચાર તમારૂં વચન હવે પાળવાનોજ છે કેની?"

"કયું વચન? તુંને પનવાનું? તો હાજ તો! નહીં તો, અહીં આઉં શું કરવા? ખરૂં કેહું જેસ? મારે તારીથી છુટું નહીંજ પડવું હતું એમ મારી હવે ખાતરી થાયછ. મને હવે એમ લાગેછ કે આપણે બેઉ એકમેકને વાસ્તેજ જનમ્યાંછ, ને તુંને છોડી જવામાં મેં ખરેખરજ હેમાકત કીધી હતી. પણ, હવે જે બની તે બની, આપણે નવેસરથી આપણી જીંદગી શુરૂ કરીશું, કેમ?"

"હા, બરાબર છે, આપણે હવે આગળી વાત પછાત નાંખશું—પછી?"

"પછી મેં વિચાર કરી રાખ્યોછ કે ઈંગ્લાંડથી હું કંટળાઇ ગીયોછ, ને મને લાગેછ કે તુંનેબી અહીં રહેવા તો ગમતું નહીં હોસે, ત્હારે આપણે બેઉ કેકે બાહારગામ જઇને ઠડ પડયે તો કેમ?"

"હા, બરાબર છે, કેમકે, મારા લૉર્ડ સાહેબ, અહીં જેમ શરમીંદા થઇને તમુને ફરવું પડેછ, તેમ બાહારગામમાં ફરવાની તમુને કાંઇ જરૂર નહીં રહે, ખરૂં કેની?"

"વળી જેસ એવું ફાટું ફાટું બોલી? મને શરમીંદગી શાની લાગે? ને તું આજે ખુબસુરત કેટલી લાગેછ? હું ખરૂંજ કેહુંછ કેની? ને આપણે અહીં પન્યે તેના કરતાં ત્હાં બાહારગામજ પન્યે તો કેમ? થોડાક કલાકમાં શું એવું ખાટું મોરૂં થઇ જવાનું?"

"હા, ને વળી સ્હેલુંબી પડશે, કેમ?" તેણીએ તેને પુછ્યું અને જાણે તેના જવાબની રાહ જોતી હોય તેમ તે ચુપ ઉભી—તે ચુપ ઉભી હતી. પણ તેણીની આંખો તેણીના પગ પાસે વ્હેતાં દર્યાનાં પાણી તરફ હતી. "હા, આપણે ત્યાંજ ત્યારે પનસું" તે બોલી "એમાં કાંઇ વાંધો તો નહીં આવે કેની? ને કાલે રાતે તેં તો મને ખરૂંજ કેહ્યું કેની કે તું પરણી ચુકયો નથી?"

"એમ બનેજ કેમ? તારા સિવાય હું પણનુંજ કોણને જેસ?"

અને જેસે હજીબી તે દર્યાનાં પાણી તરફજ પોતાની નજર ઠડેલી રાખી

પોતાના અંદરના ડ્રેસમાંથી પેલી સરટીફીકેટ ધીરેથી કાઢી તે ઉખેડી તેની આંખ આગળ ખુલ્લી ધરી—

"ત્યારે આય લગનની સરટીફીકેટ કોણની?" હવે તેણીએ ઝનુની બની તેને એકદમ પુછ્યું.

"એ તો--એમાં--એમાં તો કાંઇ દગો છે!" ત--ત—પ—પ--થઇ તે બોલ્યો "કોઇ તુંને ભમાવેછ--કોઇ સર્યામ તુંને જુઠે રસ્તે ઉતારેછ."

"હા, તેમ તુંજ મને ઉતારેછ!" હવે તેની તરફ જોઇ તે બોલી "તું! જુઠો અવ્વલથી તે આખેર તુલીકનો જુઠો!" એટલું બોલતાં તે જેસ એવી તો ઝનુની બની ગઇ કે તેને તે હાલતમાં તે વખત જોનાર એમજ ધારે કે તે કોઇ માણુસ જાત નહીં, પણ વિક્રાળ વાઘણજ હતી, અને તેના એ દેખાવથી ડરી જઇ તે પણ ત્યાં બાજુની દેવાલને ટેકીને ઉભો.

"જેસ—હું સોગંદ ખા—" તે બોલ્યો પણ તેટલાં તો જેસ તેની ઉપર કુદી પડી પોતાના બે હાથમાં તેનું ગળું પકડયું.

"જુઠા—લુચ્ચા!" તે સર્પની માફક ફુંફારા મારી બોલી.

"ઓ—ઓ—જે—જેસ—હું—મ—મ" તેણે બોલવાની તજવીજ કીધી અને જેસે તે હાથોનો કબજો જરાક ઢીલો કીધો.

"બોલ, શું કહેછ?" તેણીએ તેને પુછ્યું.

"મને છોડ—મને જવા દે—નહીં તો તુંને દર્યામાં નાંખી દેવસ!"

"એમ? લે નાંખ" એટલું બોલી તે છેડાયલી અબલાએ—તે નાતરસ વાઘણે--તેનું ગળું એવાં તો જોરથી દાબ્યું કે તે લાલ લાલ થઇ તેનાં મોંહમાંથી ફીણ બાહાર નીકળી આવ્યું. તેણે તેણીને નીચે નાંખવાની વેતરણ કીધી અને તેમાં તે ફાવ્યોબી ખરો. તેણીનો પગ લપસી ગયો અને તે નીચે પડી; પણ તેણીએ તેનો કબજો છોડયો નહીં, તેણે તેણીને એક લાત કકડાવીને મારી કે ઉલ્ટી વાત સુધરવાને બદલે બગડી, કેમકે, તે લાતના ઝોંકે તે પોતે ગબડી પડયો. તેઓ બન્ને દર્યાનાં

પાણીની તેટલાં આવી ચઢેલી છોળે પાણીમાં ઘસડાયાં. તેને તરતાં આવડતું હોવાથી તેણે છુટવાનાં ઘણાં ફાંફાં માર્યાં, પણ, જેમ તરનારનાં આંગને એક મોટું કરચલું વળગે તેમ તે જેસ તેનાં ગળાં સાથે વળગીજ રહી, એટલુંજ નહીં, પણ, તેનાં ગળાંમાં તેનાં અણ્યાળાં આંગળાં વધુ અને વધુ ભોકતીજ ગઇ; એમ થોડીક પળ ચાલ્યું અને પછી બધું શાંત થઇ ગયું.

એકાદ કલાક પછી ત્યાંથી પસાર થતી એક બોટે જ્યારે તેઓનાં તરતાં શરીરને ઉંચકી લીધાં, ત્યારેબી, જેસના હાથ આરથરનાં ગળાંની આસપાસ હતા, અને તે હાથનાં આગળાં તેનાં ગળાંનાં માસમાં એટલાં તો ઉંડાં પેસી ગયાં હતાં કે તેઓને ઉંચકનારાઓને તે આંગળાંઓને તે ગળાંમાંથી બાહાર કાઢતાં ઘણું જોર વાપરવું પડયું હતું. એ રીતે જેસે પોતાનો બદલો વ્યાજ સીકકે લીધો હતો, જેમ કરતાં કેટનો કીનો કેવી અચાનક રીતે લેવાયો હતો તેની તે બીચારીને ખબર હોય કે કદાચ નહીંબી હોય!

પ્રકરણ ૫૪ મું.

આગલાં પ્રકરણોમાં વર્ણવેલા બનાવોને લગભગ બે વર્ષ થઇ ગયાં હતાં, અને જુન મહીનાની એક સાંજે ડચેસ ઓફ આલબ્યૅનને ત્યાં એક ભવ્ય મેળાવડો કરવામાં આવ્યો હતો.

લંડન તે વખતે એવા મેળાવડાઓના સંબંધમાં પુર બાહારમાં હતું. એટલે ડચેસના તે ધનાઢય મ્હેલમાં લોકનો એવો તો ભરચક જમેલો જામી રહ્યો કે તે મ્હેલનો મસ મોટો સેલોં તમામ ભરાઇ ગયો એટલું નહી, પણ તેની આસપાસના મોટા પોખાળ ઓરડાઓમાં એવી તો જબરદસ્ત ભીડ થઇ રહી કે કોઇને જો પોતાનું આંગ જરા મરડી આજુબાજુ જોવું પડે તો તેમ કરવું તેને માટે મુશ્કેલ થઇ પડે તેમ હતું; અને વળી

એટલુંજ નહીં, પણ તે ઓરડાઓને ફરતી ગેલરીઓ અને સેવટે ઉપર આવવાના મોટા વચલા દાદરને ફાંડયે ઝાંડયેબી લોક હસ્તું બોલતું ને વાત કરતું ઉભું હતું, અને એકેએકની અજાયબી તે વખતે એજ હતી કે તે ડચેસ પેલા સેલોંની વચોવચમાં એક હુસ્યાર કારીગરે બનાવેલાં ચાવીનાં પુતલાંની માફક ડોક હીલવી ત્યાં આવનારાંઓને રીસીવ કરતી હતી તેણીની આગળ તેઓથી જવાશે અને તેણીને સેકહેન્ડ કરાશેજ કેમ?

એ ભરચક ટોળાંમાં એક બે જણ જેઓમાંનો એક લંડનની સોસાયટીનો માનીતો મોતેબર ગ્રહસ્થ હતો અને બીજો એક જાણીતો મુસાફર હતો તે બોલ્યો.

"બાપરે, કેટલો ક્રશ!" એમ બોલી ત્યાંથી પસાર થતાં બીજાં મેહમાનોને જગ્યા આપવા જેટલો બને તેટલો ભીંતે સંકોચાવાની તેણે કોશેશ કીધી "હું ધારૂંછ કે આખી દુન્યા તેની ધણીયાંણી સાથે અહીં આવી લાગી હોસે! ને ગરીબ બીચારી ડચેસ! મારી સફરો દરમ્યાન જેટલી હાડમારી મેં નહીં ખમી હોસે તે બધી હાડમારી એ બીચારીને ફાળે આજે આવેલી લાગેછ! અજબ છે કે તે બેશુદ્ધ થઇને જમીનપર પછડાઇ નથી પડતી?"

તેની સાથવાલો જે એક મારકવીસ હતો તે બોલ્યો—

"જેમ, દોસ્ત તુંને ડોળતાં વહાણની આદત છે તેમ ડચેસને એવા મેળાવડાઓની આદત પડી ગેઇછ, ને તેથી, જે દયા તું તેવણની ખાયછ તે માટે તુંને કાંઇ તેવણ તરફથી 'ઠેંકસ' મળે તેવી આશા તું ના રાખતો, કેમકે, આય જાતની ભીડભચડ તેવણની બીસાદમાં નથી. હા, અહીં લોક તો ઘણું છે, પણ, હજુન મને લાગેછ કે તેવણને મળવા કાંઇકો નહી આયાં હોસે, ને જો તમે તેઓને કાલે પુછશો કે 'તમે આયાં'તાં કે?' તો કહેશે 'હાજતો'!"

"પણ અહીં બધાં આવેછ કોણને મળવા, એક બીજાંનેજ કેની?"

"હા, તેમબી ખરૂં—સાહેબજી, લેડી કોન્સટન્સ, તમે કેમ છેવો?—હાજતો એબી ખરૂં—પણ આજને માટે કેહુ તો મોટે ભાગે લોક પેલી ચરચામાં આવેલી કાંહાંણીના હીરો અને હીરોઇનને જોવા આવેલાં હોવાં જોઇયે."

"તે શું વળી? 'હીરો' કોણ ને 'હીરોઇન' કોણ?"

મારકવીસ તે પુછનારનું મોંહ જોતો હસ્તો ઉભો.

"અરે, પણ હા, માફ કરજે; તું હમણાંજ જંગલી માણસો વચ્ચેથી અહીં પાછો ફર્યોછ તે વાત તો હું ભુલીજ ગીયો! તેં પેલી કારલ્યનની કાંહાંણી નથી સાંભળી કે ત્યારે?"

"તારતરીમાં એકાદ ન્યુસ પેપરનો કકડો મારા હાથમાં આયો હતો ને તે પર નજર કરતાં મેં એક ફકરો વાંચ્યો ખરો, પણ તેમાં વિગત કશીજ નહીં હતી."

"જો, ત્યારે સાંભળ; બધી માંડીને વાત કહેવાનો આય વખત ને આય જગ્યા નથી, પણ ઉપર ટપકેથી હું કેહી જાઉં: કારલ્યનના અર્લના ખેતાબના હકકદાર વારેસ ડેસમન્ડને મરી ગયલો ધારી યા જાણી જોઇને સમજીને આરથર નામનો તેનો પીત્રાઇ—તું ઓળખેછ કેની તેને? પેલો હલકત જેવો થોડોકવાર ઉમરાવ તરીકે આપણા વચ્ચે પોતાનાં નીચપણાંથી નામના કરી ગીયો'તો તે?—તેની દોલત અને ખેતાબ પચાવી બેઠો. ડેસમન્ડ આખરે જે હૈયાતજ હતો તે છુપાં નામ હેઠળ આવી પ્હોંચ્યો અને કોઇ મેજર મેડીસન નામના એક રાસકલની ચ્હેરેનમુન દીકરી કેટ સાથે પ્યારમાં પડયો. હવે એવું માલમ પડેછ કે આરથરનોબી તે છોકરીપર ડોળો હતો. તે છોકરી, તુંને શું કેહું દોસ્ત! એવી તો ભલી, એવી તો ગરીબ, એવી તો સાલેસ ને નમાની કે ઘડીભર મનાય નહીં કે તે પેલા મેજરનુંજ ફરજંદ હોસે! અને કાંઇક કોહતાં કાવતરાં અને દાવ પેચથી તે આરથર તે બીચારી સાથે આખરે પન્યો. હવે પન્યો ને પન્યો કે તેજ રાત્રે તેણે તો પોતાનાં

પાખંડ બતાવ્યાં તે પોતાના ખરા આકારમાં પોતાની તે પરણેતર સામે રજુ થયો અને તે પરણેતર તેને તેજ રાત્રે છોડીને ચાલતી થઇ. ડેસ-મન્ડ કેટને મેળવવામાં નિષફળ ગયાથી તેનું દીલ તુટી ગયું અને તે પોતાના હક્કની દોલત અને ખેતાબપરથી હાથ ઉઠાવી બેઠો. ત્યાં અંક પહેલો તમામ થાયછ.

"અંક બીજો: હવે એક અબલા જેને આરથરે કાંઇક વર્ષોની વાતપર ફસાવીને છોડી દીધેલી તે હવે કેદેથી પુટી નીકળી આરથરને ડુબાડી પોતેબી ડુબી ગેઇ.

"હવે ડેસમન્ડનો બાહાર આવી તે ખેતાબ ને તે દોલતપરનો પોતાનો હક્ક સાબેત કીધા સિવાય છુટક નહીં રહ્યો, કેમકે, આરથર કારલ્યનની દર્યામાંથી મળી આવેલી લાશપર જે જુરી ભરાઇ હતી તેમાં બધી વિગત બાહાર આવી હતી, એટલુંજ નહીં પણ તે આરથરની બદમાશી એક ખુનીની તપાસની વખતે જાસ્તી બાહાર આવી ને જ-ણાયું કે ડેસ્મન્ડને મારી નાંખવા તે ખુનીને તેણેજ ઉશ્કેર્યો હતો અને તે ખુનીએ જે ગોળી ડેસમન્ડ તરફ ટાંકી હતી તે ગોળી તેની સાથે ઉભેલી છોકરીને ભુલમાં લાગી હતી અને તે બીચારી તેનો ભોગ ગઇ પડી હતી. ડેસમન્ડને હવે કબુલ કરવાની ફરજ પડી કે ખરો અર્લ તેજ છે અને તેના એ હક્કની સામે થનાર કોઇજ નથી. હવે આટલો વખત સુધી પેલી કેટ મેડીસન જે આરથર કારલ્યનની નામનીજ પર-ણેતર હતી અને તેથી જે માત્ર નામનીજ વિધવા કહેવાય તેનો પતો લાગતો નથી, એટલુંજ નહીં પણ પેલા ખુનીની તપાસ પછી ડેસમન્ડ કારલ્યનબી કેંહે ગેબ થઇ ગયો હતો. કયાં તે ખુદા જાણે અને આટલો વખત તે શું કરતો હતો તેનીબી કોઇને ખબર નથી. પણ આય છેલ્લાં અઠવાડ્યાંમાં તે દાબડામાંના ભુતની રવેસે નીકળી આવેલો લાગેછ ને આજે રાતે બધાં કહેછ કે તે અહીં આવવાનો છે, ને તેથીજ આય બધી ભચડા કચડી તેને જોવા ને તેને મળવા માટે છે!"

ને પેલી બાનુ-મીસ મેડીસન યા મીસીસ કારલ્યન, તેનું શું થયું ?"

"અરે, તેબી અહીં આવવાની છેજ તો! પછીથી માલમ પડયું કે તે બુઢ્ઢા જેનેરલ વોરનરની બૈરી લેડી વોરનરની સાથે તેણીના આશરામાં જઇ રહી હતી, ને ખરેખર, હું શું તે છોકરીની તારીફ કરૂં ? તેની ખુબસુરતી તે ખુબસુરતીજ છે જાણે ખુદાએ પેદા કીધેલી ખુબસુરતી પોતે પોતાનો કામ ધંધો છોડી તેણીની ઉપર ફીદા થઇ તેણીની સાથેની સાથેજ રહીછ-અરે, ખુબસુરતી તો એક બાજુએ રેહી, પણ તેણીની ભલાઇ-ગરીબી ને તેનો અવાજ! આહા, હું કેહુંછ કે જગ આશકારા ગાનારીનું ગાયણ સાંભળવા કરતાં તેણીનાં મોંહમાંથી પડતા પાંચ બોલ સાંભળવાને હું હજાર બલકે લાખ દરજ્જે પસંદ કરૂં !"

"ગરીબ બીચારો તું!" પેલો મુસાફર મારકવીસ તરફ હસીને મસ્કેરીની ઢપે બોલ્યો.

"તું મારી મજાક કરેછ, પણ, બચ્ચા તારી નજર જરા તેના ચ્હેરાપર પડવા દે પછી જોઉંછ કે તું તારા પગપરજ ઉભો રહેછ કે માથાંપર? પણ તારૂં તેમાં કાંઇજ વળવાનું નહીં, કેમકે, તે છે જાણે ઠંડોગાર આરસ પાહાણનો પથ્થર-ને વળી કહેછ કે હજીબી ડેસમન્ડ કારલ્યનપર મરી ફીટેછ, પણ બાહારથી તેમ દેખાડતી નથી. ને—આહ! જો સામેથી તેજ આવેછ!"

અને તેના તે દોસ્તે તેને જે તરફનો ઇશારો કીધો હતો તે તરફ જોયું તો તેને બે અબલા સામેથી આવતી જણાઇ, જેઓમાંની એક લેડી વોરનર હતી અને બીજી કેટ હતી.

"હા, ખરેખર, કુદરતે શું છુટે હાથે તેણીની ઉપર ખુબસુરતીની બક્ષેસ કીધીછ? ને શું તેનો ચ્હેરો છે કે એક વખત જોયો હોય તો તમારી છાટીમાં તે સદાનો કોતરાઇ રહે!"

"જો—જો—પેલોબી આયો!" દશેક મીનીટ બાદ, જે તરફથી તે બે અબલાઓ ચાલી આવી હતી તેજ તરફથી નીકળી જે એક ઉંચો

દમામદાર આકાર ધીમે કદમે અને આસપાસ જોતો હોલમાં દાખલ થયો. તેની તરફ બતાવી તે મારકવીસ બોલ્યો. "કેવો ખુબસુરત ને સોટા જેવો સીધો છે! એક બસ ખરો કારલ્યનજ જોઇ લેવો ને પેલોબી એક હતોની!" અને તેટલાં તે ડેસમન્ડ તેઓ આગળ આવી પ્હોંચતાં મારકવીસ હસીને બોલ્યો:—

"કેમ છે, કારલ્યન? ડચેસને મળવા જાયછ કે?"

અને જવાબમાં ડેસમન્ડ માત્ર હસીને ડોકીના લહેકાથી 'હા' કહી આગળ ચાલતો થયો.

"આહ, લૉર્ડ કારલ્યન" તે ડચેસ આગળ આવી પ્હોંચતાં હસીને તે ડચેસ બોલી "તમે આયા તે જોઇ હું ઘણીજ--ઘણીજ ખુશી થઇ, ને તમારો ઉપકાર થયો, કેમકે, તમોને મેં ચીઠી મોકલી તેથી બધાંજ મને ચીડવતાં'તાં કે એ ઉમરાવ ભલે ભલે ઠેકાણે જવાના અખાડા કરે ને તારેજ ત્હાં આવવા બેસી રેહ્યાછ કે? જાવો, આગળ જાવો, બધાં તમુને જોવા ને તમારી સાથે બે વાત કરવા તરસ્યાં થઇ રેહ્યાંછ."

અને તેણીએ તેની તરફ લંબાવેલો હાથ પોતાના હાથમાં લઇ તેને નમીને તે પાછો ચાલતોજ થયો.

થોડીક વાર તે પોતાનાં અતલગનાં ઓળખીતાંઓ સાથે વાતોમાં રોકાયો અને પછી એટલીબી વાતથી જાણે તે કંટાળી ને થાકી ગયો હોય તેમ એક મોકળું ખુણું શોધી ત્યાં જઇ ભીંતે અઢીંગી અદબવાળી ને વિચારમાં ઉભો રહ્યો.

પ્રકરણ ૫૫ મું.

લગભગ બે વર્ષ સુધી તે બધી દુન્યામાં ફરતો રહ્યો હતો. શેહેરો તેણે ખામુખા છોડી દીધાં હતાં અને જંગલે જંગલ તે ભટકયો હતો. એક હૈયાંનો જખમાયલો ઇનશાન જેમ તેનાથી ઉતરતાં

પ્રાણીઓનો સાથ શોધે તે ફીસમની પ્રેરણા બુદ્ધિથી ડેસમન્ડ કારલ્યન, અર્લ ઓફ કારલ્યન જંગલોનાં એકાંતમાં ફરતો રહ્યા હતો, અને તે દરમ્યાનમાં એકબી દાહડો, એકબી કલાક, એકબી મીનીટ અને એકબી ઘડી એવી નહીંજ ગઇ હતી કે જે વખતે જે છોકરીને તે જીવથી–જાનથી ચાહતો હતો તેની તેણે યાદ નહીં કરી હોય! તે સાંભળીબી ચુકયો હતો કે તે છોકરી લેડી વોરનરના માયાળુ આશરા હેઠળ હતી અને વળી તે તેણીની અપાર ખુબસુરતીને લીધે લંડનની સોસાયટીમાં તે કયી ફીસમે પુંજાતી હતી તેબી તેને કાને આવ્યું હતું, એટલે, તેને ફકત પાંચ મીનીટ જોવાની, થોડોક વખત તેણીની આગળ રહેવાની, તેણીનાજ દમમાં જતી હવા પોતાના દમમાં લેવાની લાગણી તેને થઇ આવી અને તે લાગણીએ તેની ઉપર પોતાનો કાબુ અંતે મેળવ્યો, અને તે ત્યાં લંડનની ધધુખર અને ધુમચકરીમાં પાછો આવ્યો હતો; પણ હજી તેણે તેને જોઇ'તીજ કયાં? તે હીચકારો નહીં હતો, પણ સીધો લેડી વોરનરને ત્યાં જઇ તેણીને મળવાની તેની હીંમત ચાલી નહીં.

એમ વિચારમાંને વિચારમાં તે હતો તેટલાં તેને કાને એક અવાજ પડયો અને તે ચોંકયો. તે અવાજ કેટનો હતો અને આહ! તે અવાજને માટે આજ બે વર્ષ થયાં તે ટળવળતો ફરતો હતો. જે ગમથી તે અવાજ આવતો તેને સંભળાયો હતો તે તરફ તેણે નજર કીધી તો ત્યાં તેણે કેટને જોઇ. અને તે છતાં તેણીને માટે જો કે તેનાં દિલમાં લાગણી એટલી તો છલાછલ થઇ રહી હતી કે તે તેણીની આગળ ધસી જતાં હજીબી બીધો, અને તેની આગળ તેણે પોતેજ જવું કે નહીં તેના વિચારમાં તે અવત્યાં મારતો હતો તેટલાં તેણીએ પોતાની ડોક કાંઇ કારણસર તેની તરફ ફેરવી અને તેણીએ તેને જોયો.

તેનીજ માફક તેબી તેને જોઇને ગભરાઇ અને તેને મળવું કે નહીં તેની પ્યારભરી વમાસણમાં તે પડી, અને તેણીનો ચ્હેરો લાલ સુર્ખ બની રહ્યો. તે જયાં બેઠી હતી ત્યાંથી ઉઠી અને તેના આવ્યાની રાહ જોતી

હોય તેમ ને ઊભા. અંતે તેજ તેણીની આગળ ચાલી આવ્યો અને મત્ર કોઇ ઓળખીતીને તે મળતો હોય તેમ શેકહેન્ડને માટે તેણે પોતાનો હાથ તેણીની આગળ ધર્યો. તેણીએ તે લઇ થોડાવારમાં છોડી દીધો અને બેઉ એકમેક સામે જોતાં ઉભાં.

અને અજબ કે પ્હેલી બોલવાની હીંમત કેટનેજ આવી!

"લાર્ડ કારલ્યન!" તે ધ્રુજતે અવાજે બોલી "ઘણું અજબ જેવું. તમે લેડી વોરનરને શોધોછ કે?" એમ કહી તેણી આસપાસ જોવા લાગી.

"લેડી વોરનર ત્યાં ગુલાબના મંડપમાં છે" તેણીની પાસે ઉભેલી એક અબલા બોલી.

"આવો તમુને ત્યાં લઇ જાઉં" તે પોતાનો હાથ કેટને આપતાં બોલ્યો.

ત્યાં પ્હોંચતાં તેઓએ જોયું કે ના તે મંડપમાં લેડી વોરનર હતી કે ના કોઇબી બીજું ત્યાં હતું, અને કેટ જાણે પાછું ત્યાંથી ચાલી જવા માંગતી હોય તેમ અટકીને ઉભી.

"કેટ" તે ધીરે અવાજે બોલ્યો "મારીથી તું બીહેછ કે? કાંય એમ મને જોઇને તું—"

"નહીં-હું-હું-કહાં બીહુંછ-હું તો—" તે અચકાતાં અચકાતાં એટલું બોલી ત્યાં એક ખુરસીપર બેસી પડી.

"મને-મને ખબર નહીં કે તું લંડનમાં છે." તે બોલ્યો "હું આફ્રીકાથી હમણાં બે ચાર દાહડા થયાજ પાછો ફ્ર્યો."

"એમ?" તે બોલી "હા, અમે લોક લંડનની મોસમ શુરૂ થતાંજ અહીં આયાં લેડી વોરનર મનેબી સાથે લેતાં આયાં-બીચારાં મારી તરફ એટલાં તો ભલાં ને માયાળુ છે કે—"

"ખુદા એવણુને સુખી રાખે ને તારા જેવીને માથે ઘણાં વરસ જીવે" તે બોલ્યો "કેટ હું પાછો આયોછ તેને વાસ્તે તું દલગીર છે કે? મને જોઇને તું દલગીર થઇ કે?"

"નહીં, હું ખુશી છેઉં ને તમુને જોઇને તેમ બધાંજ ખુશી હોસે, લૉર્ડ કારલ્યન."

"બધાં, દરેક જન!" તે બોલ્યો.

"હાજતો, કેમકે, તમારા જેવું 'પોઝીશન' ધરાવનાર એક, અહીં-ની પોતાની ફરજો અને જોખમદારી બાજુએ મુકી દુર દેશાવર ફરતો રહે તે કોઇનેજ નહીં ગમે."

"એમજ જો હોય તો તું જાણીને મારે વાસ્તે હલ્કું મત બાંધશે કે લોકોની પરવા કરીને નહીં પણ મને પોતાને રાજી રાખવા મારી પોતાની મરજીને આધીન થઇ હું અહીં આયોછ. કેટ, ખરૂં કેહું? તું જાણેછ, હું શાને વાસ્તે અહીં આયોછ? તુંને જોવાને વાસ્તે—"

"લૉર્ડ કારલ્યન!"

"ને જાણવાને વાસ્તે કે મારે માટે હજીબી કાંઇ આશા બાકી છે, યા જે કીસમની જીંદગી મેં મારે માટે અખત્યાર-કીધીછ તેમાંજ અટવાઇ મરવાનું મારાં નસીબમાં છે? કેટ, આટલાં બે વરસ તું મારી યાદમાંથી એક ઘડીબી ખીસી નથી. કોઇબી વખત મેં તુંને ચાહી હોય તેના કરતાં દશ હજાર લાખ ઘણાં વ્હાલથી તુંને હું આજે ચાહુંછ. મને ત્યારે તું ભુલીજ ગેઇછ કે? કેટ, વ્હાલી કેટ, આશાનો એકબી બોલ તારી પાસે મારે વાસ્તે ફાજલ પાડવાને નથી?"

તેણીએ પોતાનો પંખો એવો તો તાઇટ પકડયો કે તે બીચારો 'ફરરરર' દઇને બોલ્યો અને કદાચ તે બીચારાએ એમબી ચાહ્યું હોય કે એવીને હાથે દબાઇ ચંપાઇ મરડાઇ જઇને ભાંગવું કોણ ભાગ્યશાળીનાં નસીબમાં સરજીત હોય?

"હું—લૉર્ડ કારલ્યન—હું ઘણી દલગીર છેઉં—કે તમુને આય બધું બોલવું પડેછ. મારે ખાતર નહીં, પણ, તમારે પોતાને ખાતર મારૂં ચાહવું છે કે તમે મને વિસારી મુકો ને અહીંથી ચાલી જાવો."

"મારે ખાતર?"

"અલબત્ત હા" હવે કેટની જબાં ઉપડી "હું તમારે લાયકની છેઉંજ નહીં—તમારીપર જે વીટયુંછ તે હું ભુલી ગેઇ નથી. તમે શું ધારોછ કે હું તે ભુલું? હું કોણ છેઉં—કોણની દીકરી છેઉં તે તમો ભુલી ગીયેલા લાગોછ! મેં ને મારા બાપે તમુને કેટલું નુકસાન પુગાડયુંછ તે તમુને યાદ નથી? અમે બધાંઓએ તમારી હાલત કેટલી શરમીંદગીમાં નાંખી તમારાં ભલા નામને કેટલું બદનામ કીધું હતું તે તમુને ખબર નથી?"

"હું તુંને ચાહુંછ એ સિવાય, કેટ, મને કશુંજ યાદ નથી" તે બોલ્યો.

"પણ મને તે બધું યાદ છે કેની? ને તે હું કેમ ભુલી શકું? મારા બાપે તો તમારી પાયામાલી યોજી; મારા વરે તમુને લુંટયા ને તમુને ઇજા પ્હોંચાડી! ઓ કદી નહીં, તમે કેહોછ તેમ કદી નહીં થાય ને થાય તો શરમાઇને હું મરી જાઉં."

"ત્યારે બીજા બોલોમાં તું મને એમ કહેવા માંગેછ કે તેં મને ચાહવાનું મુકી દીધુંછ?" તેણે ઘણાજ દુ:ખી અવાજે પુછયું "તેમ હોય તો બોલ, કાંઇ નહીં, જરાબી ધાસ્તી વગર સાચે સાચું કેહી દે."

તે સદંતર ચુપ બેઠી.

"સમજયો, હું સમજ્યો—આપણા બેઉના ઉપર પ્હેલેથી જે શ્રાપ ઉતરેલો તે હજુન ધોવાયો નથી. જેવી તારી મરજી, કેટ; હું તો તુંને આજેબી ચાહુંછ, પણ તું—તમે—" તેનીથી બોલાયું નહીં અને તે પોતાનો ચ્હેરો તેણી તરફથી ફેરવીને ઉભો.

અરેરે! ઝટ દઇને ઉઠી તેને બાઝી પડવાને તેણીનું દીલ કેવી તલબ કરી રહ્યું હતું—કેવી ટગર ધરી રહ્યું હતું! પણ તે સાથે તેણી બાથો બાથ લડી ને અંતે તે બીચારાંને તેણીએ તાબે કીધું.

તે તેણીની સાથે જોડાઇ બીચારો પોતાનું ભવિષ્ય બગાડે તેના કરતાં તે તેણીને હૈયાં સ્હુની સમજી ગમે તેવાં અણઘટતાં વિશેષણ લગાડી

તેનીથી છુટો પડે તે લાખ દરજજે બ્હેતર એમ તેણીએ વિચાર્યું. જેનો બાપ એવો બુરો તેણીની સાથે તે પરણે? કદીબી નહીં!

તે તેણીની આગળ આવ્યો અને તેણીને એકી ટગરે જોતો ઉભો.

"કેટ, તું ના દલગીર થા. મારી ભુલ થઇ કે હું અહીં પાછો આયો, પણ, ખુદા શાહેદ છે કે તેમ કરી તુંને કંટાળો આપવાની મારી મતલબ જરાબી હતીજ નહીં. નહીં! તેમ જો જાણતે તો મારી સીકલ હું બાહાર ગામમાંજ બાળી મુકતે! ચાલ, લે હું પાછો કેપ કોલોની તરફ ચાલી જાઉંછ ને હું આશા રાખુંછ કે તું હસી ખુશીથી, કેટ, સુખી સુખ્યારી રહશે. મારો વિચાર કરી તારા જીવને કશોબી કંટાળો આપતી ના. હું તો વખત જતે મારી આ નીરાશી કદાચ ભુલસ અને જ્યારે જોવસ કે તુંને ને તારી યાદને વીસરી જવા જેટલું મારૂં દીલ રહુનું અને લાગણી વગરનું થવા પામ્યુંછ ત્યારેજ અહીં પાછો આવસ!"

એટલું બોલી તે થોભ્યો અને પછી પોતાની જેકેટનાં ગજવાંમાં હાથ નાંખી તેમાંથી કાંઇ નાની ચીજ કાઢી તે તેણીને બતાવતાં તે બોલ્યો—

"જો, કેટ, તુંને ભુલી જવાનો મેં પકકો કસદ કીધોછ, પણ જ્યાં સુધી આય ચીજ મારાં હૈયાંને વળગી રહી મારી જેકેટનાં ગજવાંમાં પડી રહેલી હોસે ત્હાં સુધી મારીથી તું નથી ભુલાવાની. એ તું પાછી લેસે? એ પરથી તારી ખાતરી થસે કે હું તુંને હવે કંટાળો આપવા કોઇ દાહડે આવસજ નહીં."

એટલું બોલી તેણે તેને એક શીલીંગનો સિકકો બતાવ્યો, જેમાં તેણે એક ઝીણું છેદ પાડી તેમાં મારશલ નીલ નામના ગુલાબને રંગની—જે રંગ કેટનો માનીતો હતો—એક રીબન પોઇ હતી. "લે આય" એમ કહી તેણે તે સીકકો તેણીના ખોળામાં મુકયો "ને હવે સાહેબજી—"

તે તે સીક્કા તરફ જોતી બેસીજ રહી, પણ જેવો તે આગળ વધીને બારણાં તરફ ગયો કે એક છલાંગ મારીને તે ઉઠી તેની આગળ

દોડી ગઇ અને તેને અંદર પાછો ખેંચી લાવી તેને ટોટે બાઝી ધસાં ધસ રડી પડી.

"નહીં,ઍ નહીં, ડેસમન્ડ, તુને મારી આગળથી જતો હું કેઇ આંખે જોઇ શકું?" રડવાથી તેણીના જીવને ખલાસી મળતાંજ તે બોલી.

તેણે તેને ચાંપીને છાટી આગળ પકડી અને તેનું માથું પસવારતો તે ઉભો.

"નહીં, તમે કહાં જાય? તમુને જવાજ કેમ દેવાય? ઍ, તમારી પર મારો પ્યાર ઍટલો દોડતેજ નહીં! ને-ને—"

અને તે બેઉની બેહેતરીને માટે ઍટલું ઠીક થયું કે તેજ કટોકટ વખતે તે મંડપમાં લેડી વોરનર દાખલ થયાં. કેમકે, તેઓ ઍકમેકના પ્યારમાં ઍટલાં તો મશગુલ થઇ રહ્યાં હતાં કે કોઇ પારકું જો તે વખતે ત્યાં દાખલ થવા પામતે તો તે બેઉને ભારી પડી જતે; અને કેટે લેડી વોરનરને જોઇ ડેસમન્ડના હાથોમાંથી છુટી થઇ નાહસી જવા કીધું પણ તે તેને ઍમની ઍમ પકડીજ રહ્યો.

"સાહેબજી, લેડી વોરનર!" તેણે ઉલ્ટું તે ભલી બાઇનું ધ્યાન ખેંચ્યું.

"લૉર્ડ કારલ્યન!" તેવણ બોલી ઉઠયાં.

"હા, ઍ હું છેઉં, લેડી વોરનર" તે હસી તેવણ તરફ જોઇ બોલ્યો.

"તું કહાંથી કુદી પડયો, આસ્માનપરથી કે?"

"નહીંજી, જમીનપરથી આસ્માનપર ચઢયોજી" તે બોલ્યો "કેટ, તારો ઉપકાર કેમ માનસ?"

"વરી કેમ માનેઃ ઍની સાથે ભલી ભલૈથી ચાલીને, લૉર્ડ કારલ્યન!" ડોસાંઍ ઍ મામલો શું હતો તે ચેતી જઇ ટાહુકો પુર્યો.

"ઠીક છે, તેવી હું કોશેસ કરસ તો ખરો,"

"ચાલો, ત્યારે ઘેર જવાનો વખત થયો ને લૉર્ડ કારલ્યન તમેબી

મારેજ ત્હાં આવોની?"

"ઠેંક યુ" એમ બોલી તેણે એક હાથ કેટને અને બીજો લેડી વોરનરને આપ્યો. તેટલાં તેણીની નજર જમીનપર કાંઇ ચળકતું પડયું હતું તે પર ગઇ અને તેણીએ તે તરફ હાથ બતાવી તેઓ તરફ જોયું.

"એ આય શું?"

ડેસમન્ડે વાંકા વળી તે ચીજ ઉંચકી તેણીની સામે જોવાને તે ધરી.

"એ તો એક શીલીંગ છે!" તે ગજવાંમાં મુકી દઇ બોલ્યો.

"હું ધારૂંછ કે તમે બેઉ મૅડ છેવો" ડોસાં હસીને બોલ્યાં.

"હાજી, તમારે કાંઇ કહેવુંછ? મૅડ છઇયે ને મૅડજ રેહીસું!"

પ્રકરણ ૫૬ મું—છેલું.

તે બેઉ વ્હાલાંઓ—ડેસમન્ડ અને કેટ—ત્યારે આખરે પરણીને પરવારી ગયાં, એમ જ્યારે કહીશું ત્યારે મારાં વ્હાલાં વાંચનારાંઓબી મારી ખાતરી છે કે નિરાંતનો એક દમજ ભરશે. તેઓનું તે ધણી ધણયાંણી તરીકે એક થવું જેમ ધણું ખાનગીમાં નહીં હતું તેમ વળી ધણી ભારે—કારલ્યનનાં નામ અને દરજ્જાને પેશ આવતી રવેશે—ધામ ધુમથીબી ન હતું.

પરણીને તેઓ પોતાના ખાનદાની મેહેલ કેરેસફોર્ડ પેલેસમાં જઇ રહ્યાં અને કેટના આગ્રહને માન આપી ત્યાં તેઓ એકલાંજ એકાંતમાં રહ્યાં.

બાદ, તેઓ લંડનનાં પાર્ક લેનવાળાં મકાનમાં આવ્યાં, જ્યાંની કોઇબી ચીજ કેટને તેણીએ ત્યાં ગુજારેલા દીવસની કશીબી યાદ ન આપે તે કારણે ડેસમન્ડે કેટની દાસી મેરી સિવાય બધા નોકર નફરોને રજા આપી નવા રાખ્યા હતા, જ્યારે મેરી કેટની આગળની આગળ ધણાં વર્ષો સુધી રહી હતી.

લંડનમાં પોતાનો મુકામ કીધા પછી પ્હેલેજ દાહાડે તેઓ

બન્ને એકલાંજ સેન્ડફર્ડ જવા ઉપડી ગયાં, અને ત્યાં તેઓ માત્ર દોઢજ કલાક રહ્યાં, તેટલાં તેઓ કેઠે ગયાં નહીં કે કશું તેઓએ જોયું નહીં.

ફક્ત તેઓ સેન્ડફર્ડથી ખાણ તરફ જવાના પેલા પગવાટપર ઉભાં રહી થોડાવાર ખાણ તરફ તેઓએ નજર કીધી, અને પછી ચુપ ચાપ તેઓ બન્ને ત્યાંનાં દેવળનાં કમ્પાઉન્ડમાં ગયાં, જ્યાં એક સાદી પણ સુઘડ અને સફાઇદાર કબર આગળ જઇ ઉભાં. તે કબરને એક છેડે એક સંગેમરમરની તખ્તી હતી જે પર

નૅલી

સેવટ સુધી સાચી

ફક્ત એટલુંજ કોતરેલું હતું. લેડી કારલ્યન ત્યાં ઘણાંજ માનથી ગુંથણ મરડયે પડી અને આંસું ભરી આંખો સાથનું પોતાનું સર નમાવી તે કબરને તેણીએ સેજદો કીધો અને પોતાની સાથે જે ગુલાબો તે લાવી હતી તે પોતાને હાથે તે કબરની આખી લંબાઇયે પાંથર્યાં અને પછી જેવાં ગુપચુપ તેઓ અવ્યાં હતાં તેવાંજ ગુપચુપ તેઓ ત્યાંથી ચાલતાં થયાં.

બરાબર વખતસર દર મહીને ડેસમન્ડને ફ્રાન્સનાં એક શેહેરમાંથી પોસ્ટ કીધેલું કાગળ મળતું રહેતું હતું. તે મોકલનાર મેજર મેડીસન હતો, અને તે કાગળના જવાબમાં તે બુરા માણસનો ભલો જમાઇ કોઇ વાર દશ—કોઇ વાર વીસ તો કોઇવાર સો પાઉન્ડ એમ વખતો વખત દર કાગળે મોકળ્યા કરતો હતો. એમ કેટલોક વખત સુધી ચાલ્યું, પછી એક વખત એક કાગળ તેજ શેહેરમાંથી પોસ્ટ થયલું પણ કોઇ બીજેજ હાથે સીરનામું કીધેલું ડેસમન્ડને મળ્યું, જેમાં તેને તે મેજર મેડીસન પોતાનાં પાપનો હીસાબ ભરપાઇ કરવા પોતાને પેદા કરનારની દરગાહે જઇ પ્હોંચવાની તેને ખબર મળી.

ડેસમન્ડ તેની પાયદસ્ત ક્રીયામાં હાજર થયો અને તેની ઉપર માટીનો ખોબો નાંખી ગોયા બધી બનેલી આગળી પાછળી વાતનેબી

તેજ માટીથી તેણે દાટી દીધી.

× × × × ×

વખત જતાં કેરેસફર્ડ પેલેસમાં એક ઘણોજ નાનો ખુચુકલો પરોણો આવી લાગ્યો.

"એનું નામ તમે લોક ડેસમન્ડ રાખશો કેની?" લેડી વોરનર જેવણ તે વખતે ત્યાં આવ્યાં હતાં અને ત્યાંજ રહ્યાં હતાં, તેવણ બોલ્યાં "મજેહનો ગળગોટા જેવો છે ને કોહુંબી બાપના જેવુંજ છે"

"હા, ડેસમન્ડજ રાખશું, કેમ, કેટ?" ડેસમન્ડ કેટ તરફ જોઇ બોલ્યો.

"હા, કલીફર્ડ ડેસમન્ડ" કેટ ધીમે સાદે બોલી.

એકાદ વર્ષ પછી તે નાનકડા લૉર્ડ સાહેબનો વખત સોહોવાવા અને તેવણ સાથે રમવા નાની ખુચીએ આવીને ત્યાં ધામો નાંખ્યો, અને વળી પાછી લેડી વોરનરેજ નામની સુચનાં કીધી.

"ચાલો હવે એનું નામ કેટ નામના એક ફીરેસ્તાપરથી રાખજો!"

આ સાંભળી કેટને કોઇ નાખુશ બનાવની યાદ આવી ગઇ હોય તેમ તેણીએ પોતાનો ચ્હેરો જરાક કુમળાવ્યો, પછી બોલી—

"આય દુન્યમાં માત્ર એકજ ફીરેસ્તાને હું ઓળખતી'તી ને મારે મનસે દુન્યામાં તે એકજ ફીરેસ્તો હતો, ને તેનુંજ નામ હું તો રાખવાની."

કોઇ કશું બોલ્યું નહીં, પણ, તે બેબીને ત્યાર પછી બધાં "નેલી" નેજ નામે બોલાવવા અને રમાડવા લગ્યાં, કેમકે, કેટે કયા ફીરેસ્તાને માટે ઇશારો કીધો હતો તે કોઇને કહેવું-જણાવવું પડે તેમ નહીં હતું.

પ્રિય વાંચનાર, હવે કાંઇ વધારે જાણવાની તને અગત્ય છે?

કાંઇજ નહીં કેની?

ત્યારે, સાહેબજી, રજા છે?

સાહેબજી.

નીચલાં પુસ્તકો "ફિરદોસ" ઓફીસમાંથી મળી સકશે.

જામાસ્પી હકીમાં સાથે.	કી. રૂા. ૩.
તજ કરતુલ હુકમાં.	કી. રૂા. ૧.
રેવાયતે દસ્તુર દારાબ હમજીઆર.	કી. રૂા. ૩.
"ખુબસુરત મક્કાર!" લખનાર 'રફીક'	કી. રૂા. ૨.
"જાન કે જીગર?" લખનાર 'રફીક'	કી. રૂા. ૨.

હરેકનું પોસ્ટેજ જુદુ.

મળવાનું ઠેકાંણું:—

દોરાબ રૂ. જા. દસ્તુર મેહેરજીરાણા.

૫૦-૬૨, કારવાર સ્ટ્રીટ, ફ્રીયર રોડ,

કોટ, મુંબઈ.